
# સજીવ સંરક્ષણ એજ માનવ ધર્મ




## સ્વસ્થ જીવન જીવવાની જડીબુટ્ટી

નિમિષ મહેન્દ્ર કાપડિયા

# સજીવસંરક્ષણ એજ માનવધર્મ

## (સ્વસ્થ જીવન જીવવાની જડીબુટ્ટી)

: લેખક - સંપાદક :

નિમિષ મહેન્દ્રભાઈ કાપડિયા (એડવોકેટ)

: પ્રકાશક :

**સજીવ સંરક્ષણ પરિવાર**

વાસવી નિમિષભાઈ કાપડિયા (એડવોકેટ)

''ઈન્દ્રાલય'', ૫, બાળગાયત્રી સોસાયટી, વિભાગ-૨,
શ્યામલ ચાર રસ્તા પાસે, ૧૩૨ ફૂટ રીંગરોડ, અમદાવાદ-૩૮૦૦૫૧.
ફોન : ૨૬૭૬૨૭૬૨, ૨૬૭૫૧૫૪૫

મૂલ્ય : રૂ. ૧૪૦.૦૦

**તૃતિય આવૃત્તિ**
**નકલ : ૧૦૦૦**
**વીર સંવત ૨૫૩૪, વિક્રમ સંવત ૨૦૬૪, ઇ.સ. ૨૦૦૭**

**: પ્રાપ્તિસ્થાન :**
**વાસવી નિમિષભાઈ કાપડિયા (એડવોકેટ)**
ઇન્દ્રાલય, ૫, બાળગાયત્રી સોસાયટી, વિભાગ-૨,
શ્યામલ ચાર રસ્તા પાસે, ૧૩૨ ફૂટ રીંગરોડ, અમદાવાદ-૩૮૦૦૫૧.
**ફોન : ૨૬૭૬૨૭૬૨, ૨૬૭૫૧૫૪૫**

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**
રતનપોળનાકા પાસે, ગાંધીરોડ, અમદાવાદ-૧ ફોન : ૨૨૧૪૪૬૬૩, ૨૨૧૪૯૬૬૦

: મુંબઈ :
**વિરલ સૂર્યવદન ઝવેરી**
ફોન : ૨૮૦૬૭૭૫૭, ૯૮૨૧૮-૩૫૮૫૭

: સુરત :
**પ્રો. રાજન પનાલાલ વાસણવાળા**
એ/૧, અભિષેક એપાર્ટમેન્ટ્સ, અંબિકા નિકેતન ટર્નીંગ પાસે,
પારલે પોઈન્ટ, અઠવાલાઈન્સ, સુરત ફોન : ૨૨૨૬૮૫૨

**'સુઘોષા' પુસ્તક ભંડાર,** પાલીતાણા

**જતન વિનોબા આશ્રમ,**
ગોત્રીરોડ, વડોદરા.

**બલસાર બુક ડેપો**
૬/૭, ગુલમહોર એપાર્ટમેન્ટ, રિદ્ધિ સિદ્ધિ એપાર્ટમેન્ટની સામે, વલસાડ.
**ફોન : ૨૨૫૪૦૭૭, ૨૨૨૨૩૭૭**

---

**મુદ્રક : સાબર પ્રિન્ટર્સ**
૧૭, સીમંધર ઍસ્ટેટ, રુસ્તમ મિલની સામે,
દૂધેશ્વર રોડ, અમદાવાદ-૪,
**ફોન : ૨૫૬૨૨૫૯૬**

---

આ પુસ્તક પ્રકાશિત કરતી વેળા હું મારા

**સ્વ. પિતાશ્રી મહેન્દ્ર ચંદુલાલ કાપડિયા**

અને

**ગં. સ્વ. માતાશ્રી લીલાબેન મહેન્દ્ર કાપડિયાનો**

ઋણ સ્વીકાર કરું છું.

તેમણે આપેલ સંસ્કાર અને શિક્ષણને

કારણે જ પુસ્તક વિષયની દિશામાં

વિચાર - મનોમંથન કરવા હું સક્ષમ બન્યો.

# અર્પણ

ચિ. જાહ્નવી - ચિ. ઋષભ

અને આજની નવી પેઢીને

# પ્રસ્તાવના

દુનિયાની જીવરાશીમાં માણસની સંખ્યા ૧% છે. બાકીના જીવો ૯૯% છે. પૃથ્વી પર જન્મ લેતો દરેક જીવ – પછી તે માનવ હોય કે પશુપંખી કે કીટક તે દરેકને સમાન રીતે, સારી - સ્વસ્થ રીતે દુઃખ / પીડારહિત જીવવાનો સમાન હક છે. જગતના સર્વ જીવો કરતાં એક શક્તિ માનવીમાં વધુ છે જે ઈશ્વરની વિશિષ્ટ દેન છે તે છે બુદ્ધિશક્તિ આ શક્તિ દ્વારા માનવી સારું, ખરાબ, સત્ય-અસત્ય, જેવું પારખી શકે છે. કમનસીબે આ શક્તિનો સદ્‌ઉપયોગ થવાને બદલે કેટલીકવાર દુરુપયોગ થઈ જાય છે. માનવી પોતાની જાતને દુનિયાનું સર્વશ્રેષ્ઠ સર્જન માને છે અને પૃથ્વી પર તેનું આગવું મહત્ત્વ છે એમ માને છે. આ સત્ય છે. પરંતુ, તેની સાથે દુનિયાના બીજા જીવોનું મહત્ત્વ કંઈ ઓછું નથી પ્રગતિ અને દુન્યવી જરૂરિયાતોની હોડમાં માનવી કંઈક ભૂલતો જાય છે તે કંઈક પાછળ છોડીને આગળ ધપે છે તે પોતાના સ્વાર્થમાં બીજાનું હિત-અહિત વિચારવાનું ભૂલી જાય છે અને આથી જ તે દુઃખી છે.

''પહેલું સુખ તે જાતે નર્યા'' આ કહેવત અનાદિકાળથી સત્ય હકીકત છે. જો સુખી થવું હોય તો પોતાની જાતને પ્રથમ સારી રાખો તો દુનિયાના બીજા સુખો માણી શકાય. આ જાતને સાચવવા માણસ કંઈક દોડાદોડ કરે છે. કોઈ પણ ભોગે તે પોતાની જાત સાચવે છે. કેન્સરના બીછાને પડેલો માનવી પણ પોતે સારો થાય એવી ઝંખના સતત સેવે છે. અને આ માટે કોઈપણ શક્ય અશક્ય પ્રયત્નો - પ્રયોગો કરવા તે તૈયાર હોય છે. પછી તે બીજાને નુકસાન પહોંચાડીને જ કેમ ન હોય ! પરંતુ તે એ ભૂલી જાય છે કે તેને મળેલો કેન્સરનો વ્યાધિ પણ કંઈક કેટલાય જીવોને નુકસાન પહોંચાડીને તેની ભેટ રૂપે મળ્યો હોય છે.

વેદના ! પછી એ વીંછીના ડંખની હોય, માથાના દુઃખાવાની હોય, ઠંડીની તીવ્ર ધ્રુજારીની હોય. ભૂખની હોય, તરસની હોય, પણ વેદનામાત્ર બધીય સરખી જ હોય છે. શરીરની આવી પીડાઓથી બધાને છૂટવું જ ગમે છે.

શું આપ શારીરિક - માનસિક વેદનાઓથી રહિત જીવન ચાહો છો ? શું બીજા જીવોને નાની મોટી પીડાઓ આપવાના પરિણામરૂપે આપણું પીડારહિત જીવન વહેલું મોડું ઝૂંટવાઈ જાય છે તે આપ નથી જાણતા ? જો શાંત, સુખમય અને વેદનારહિત જીવનની ઇચ્છા હોય તે બીજા જીવો પ્રત્યે પણ તેવો જ વ્યવહાર રાખવો જોઈએ ને ?

ઈશ્વર નિરંજન - નિરાકાર - નિર્લેપ-નિરપેક્ષ છે. તેને માટે પૃથ્વી પરના સર્વ જીવોનું સરખું જ મહત્ત્વ છે. કદાચ એવું પણ હોય કે ઈશ્વરે મનુષ્યનું સર્જન એટલા માટે કર્યું હોય કે તેનામાં રહેલી વિશિષ્ટ શક્તિઓની તે બીજા તેનાથી કદ, બુદ્ધિમાં નાના જીવોનું રક્ષણ કરે - પરંતુ તેના કરતા કંઈક વિપરિત પરિસ્થિતિ જ ઊભી થઈ છે. મનુષ્ય તેનાથી નાના જીવોનું ધ્યાન રાખવાને બદલે તેઓને વધુ ને વધુ દબાવતો ગયો તેમને મારતો ગયો. તેને ત્રાસ આપતો ગયો. અંતે આ અબોલ જીવ બીજું તો કંઈ ન કરી શક્યા પણ બદલામાં શાપ-અભિશાપ આપતા ગયા જેથી મનુષ્ય

આજે સર્વ સુખ-સંપત્તિનો માલિક હોવા છતાં દુઃખી લાચાર અને ત્રસ્ત છે.

બે ભાઈબહેન ઘરમાં ઝઘડો કરે તો ઘણીવાર આવા શબ્દો સાંભળવા મળે - ''ભાઈ મારે તો હું કેમ ન મારું ? એ મારી ચોપડી લઈ લે તો હું કેમ નહીં ? બહેને ધક્કો માર્યો તેથી મેં માર્યો.''

આ બાળપણ મનુષ્યએ કદી છોડ્યું જ નથી, હજીયે બીજા પ્રાણીઓ - જીવોને મારવા પાછળના કારણોમાં માણસ આ જ વાક્યો દોહરાવે છે. ''મચ્છર આપણને કરડે તો તેને મારીયે જ ને ?!''

''કીડી આપણને ચટકો ભરે તો તેને મારી જ નાખવી જોઈએ.''

''ઉંદર અનાજનો બગાડ કરે તો તેને મારી જ નાખવાના હોય ને. ?!''

આવા વાક્યો ઘણીવાર ખૂબ બાલિશ લાગે છે. જે બુદ્ધિજીવી મનુષ્યોની બુદ્ધિશક્તિનો ખ્યાલ આપે છે.

પરંતુ જો ખરેખર શાંતિથી, શાંત ચિત્તે બુદ્ધિનો ખરો ઉપયોગ કરીને વિચારીએ તો મચ્છર કઈ રીતે પેદા થાય છે ? ગંદકીથી - અને તે આપણે જ કરીએ છીએ.

કીડી કેમ આવે છે ? ગળ્યું, અનાજ, વગેરે ખોરાકની શોધમાં - અને તે આપણે ગમે ત્યાં પડેલું રાખીએ છીએ તેથી તે દરમાંથી બહાર આવે.

ઉંદર કેમ અનાજનો બગાડ કરે ? અનાજ ચોક્કસ રીતે વ્યવસ્થિત રાખવામાં ન આવે તેથી.

આ દરેક દોષો માણસના પોતાના છે પરંતુ તે બીજા અબોલ નાના પ્રાણીઓ પર ઢોળે છે. અને તેમનો નાશ કરવા તત્પર રહે છે. કદાચ આ દરેક જીવો આપણને કોઈને કોઈ ક્યાંક મદદરૂપ છે તેમને મારવા કરતાં તેમને સમજીને તેમની સાથેનું સહજીવન સ્વીકારવામાં આવે તો આપણે વધુ સ્વસ્થ અને સુખમય જીવન જીવી શકીએ.

**"જયણા"** - જૈન ધર્મનો ખૂબ મોટો અને મહત્ત્વનો શબ્દ જયણા એટલે **જીવ રક્ષા** આખો જૈન ધર્મ આ શબ્દની આસપાસ વણાયો હોય એવું લાગે છે. ધર્મને બાજુએ મુકીને વ્યાપક અર્થ વિચારીએ તો પણ જીવોની રક્ષા કરવી એ આપણા સૌના સ્વસ્થ અને સુખી જીવનની મહામૂલી ચાવી છે એવું લાગે.

"આણાય ધમ્મો, જણયા ય ધમ્મો"

સંસારમાં દરેક માણસને જીવન ચલાવવા ધનની જરૂર છે પરંતુ તે ન્યાય-નીતિ તથા અહિંસક પદ્ધતિથી મેળવેલ હોય તો જ શાંતિ અપાવે છે.

ઘરમાંથી માંદગી દૂર કરવી છે ?

તંદુરસ્તી મેળવવી છે ?

ઘર ઘરમાં જીવ રક્ષા કરો - જીવરક્ષા તમારી રક્ષા કરશે.

આજના મેટ્રો ટ્રેનના જમાનામાં લોકોની જીંદગીની સ્પીડ પણ મેટ્રો ટ્રેન જેવી જ થઈ ગઈ છે આવી ઝડપમાં તેઓ બીજા જીવોને વિચાર કરતાં જ નથી. જીંદગીની દોટને પહોંચી વળવા કંઈક કેટલાય જીવોને પગ નીચે કચડીને પાછળ જોયા વિના આગળ નીકળી જાય છે. જો એક

ક્ષણમાત્ર પાછું વળીને જોઈએ તો ખ્યાલ આવે કે અરે ! આ કયું પાપ આપણે કરી રહ્યા છીએ ?! જ્યારે કોઈ આપણાથીયે મહાકાય પ્રાણી અથવા ભયાનક બિમારી રૂપ મહા શક્તિશાળી અનિષ્ટના પડછાયા આપણી ઉપર પડે ત્યારે આપણે કરેલી ભૂલનો પસ્તાવો થાય છે. ત્યારે થતી વેદના આપણને પ્રતીતિ કરાવે છે કે આપણાથી નાના જીવોને આપણે કેવી વેદના આપી હતી ?

આ પુસ્તકમાં જીવોની રક્ષાની હિમાયત કરવામાં આવી છે. પરંતુ સાથે સાથે એક નવો દૃષ્ટિકોણ દર્શાવ્યો છે જે તરફ આપણું ધ્યાન ખૂબ ઓછું જાય છે સામાન્ય રીતે જીવોની રક્ષા કરવી જોઈએ એ ધર્મની માંગ છે પરંતુ, આ જીવોની રક્ષાથી આપણી જિંદગીને પણ કઈ રીતે સહાય મળે આપણું જીવન સ્વસ્થ અને સુખમય બને તેવા કેટલાક તારણો - મંતવ્યો રજૂ થયા છે જો આ બધા પ્રયોગોથી આપણું જીવન સ્વસ્થ રહેતું હોય તો બીજા જીવોની હિંસા કરવામાં આપણને કોઈ ફાયદો નથી, બલ્કે ખોટ છે. જીવનમાં થોડી સાવધાની અને સતર્કતા રાખવાથી આપણે ઘણાં જીવોનું રક્ષણ કરી શકીએ અને તેના વડે આપણા પર્યાવરણ અને જીવનનું પણ રક્ષણ કરી શકીએ. આ પુસતકમાં લખેલ અહિંસાની તમામ બાબતોનો કદાચ અમલ ન થઈ શકે, પરંતુ તે અંગે વાંચી- વિચારી, અન્યો સાથે તેની ચર્ચા કરવી જરૂરી છે. તે અંગેની જાગરૂક્તાના ય અનેક ફાયદા છે.

કોઈપણ ધર્મ અન્ય જીવોની હિંસા કરવાની પ્રેરણા આપતો નથી. પછી તે હિંદુ ધર્મ હોય, જૈન ધર્મ હોય, મુસ્લિમ ધર્મ હોય, પારસી કે ખ્રિસ્તી ધર્મ હોય કે પછી તે શીખ ધર્મ હોય. આ પુસ્તકની સામગ્રી કોઈ એક ધર્મને અનુલક્ષીને મુકવામાં આવી નથી. માનવ ધર્મને ધ્યાને રાખીને અને વિશેષતઃ આપણા સ્વાસ્થ્યને ધ્યાને રાખીને ઘણી બાબતો આવરી લેવામાં આવી છે ધર્મ એ શું છે ? ધર્મ એ એક વિજ્ઞાન છે જે આપણને ઉત્તમોત્તમ જીંદગી જીવતા શીખવે છે જેનો ઊંડો ને ઊંડો અભ્યાસ આપણને નવી દિશાઓ સૂઝવે છે નવી વિચાર શૈલી સૂચવે છે.

બેસતા-ઉઠતા, હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં, સૂતા, બોલતા, વસ્તુ લેતા-મૂકતા, બારણાં ઉઘાડ-બંધ કરતા કે સાફ-સફાઈ કરતાં આપણી બેકાળજીથી આવા એક-બેથી માંડીને અનંત જીવોની હિંસા થઈ જવાની સંભાવના છે આપણી થોડીક કાળજી આવા અનેક જીવોના પ્રાણ બચાવી લે અને આપણને હિંસાનાં પાપથી બચાવી તે પાપથી રક્ષણ એટલે ભવિષ્યના દુઃખથી રક્ષણ, ક્યારેક આપણને એવી પણ ખબર હોતી નથી કે કોઈક કાર્ય કરવામાં જીવોની હિંસા થાય છે. આ હિંસા નિવારી શકાય તેવી હોય છે. પરંતુ તેને માટે તર્કબદ્ધ પ્રયાસની જરૂર છે અને આ પ્રયાસ ખૂબ નજીવી કિંમતે અને નજીવા સમયમાં થઈ શકે છે પરંતુ એ દૃષ્ટિ કેળવવી જરૂરી છે અહીં આ દૃષ્ટિ તરફ અંગુલિનિર્દેશ કરવાનો પ્રયાસ છે.

''ઓછામાં ઓછી હિંસા'' કુદરત સાથેનું તાદાત્મ્ય દર્શાવે છે, બતાવે છે. પૂર્વકાળમાં આપણા પૂર્વજો આ બધી બાબતોનું ધ્યાન રાખી જીવન જીવતા હતાં તેથી નિરોગી અને દીર્ઘાયુ હતા. આ બધી જયણાનું પાલન નામશેષ થતાં લોકોનું આયુષ્ય ઘટતું જાય છે. જેવું વાવો તેવું લણો તે કુદરતી નિયમ છે. જેમ આપણે એક સાથે સમૂહ હિંસા કરીએ છીએ તેમ પૂર, ધરતી કંપ, અકસ્માત, બોંબધડાકા, રોગચાળાના સ્વરૂપે સામૂહિક મોતના બનાવો વધતા જાય છે આવા સંજોગોમાં સમાજ

ભલે ન બદલાય પણ આપણે વ્યક્તિગત રીતે આપણું જીવન - જીવનશૈલી બદલીને હિંસાથી જેટલું બચી શકાય તેટલું બચવું જરૂરી છે.

દરેક મનુષ્યનો હેતુ જીવનમાં કંઈક કરી છૂટવાનો હોય છે કંઈક એવું કે જે દુનિયા યાદ રાખે આ કાર્ય પણ એવું કંઈક કરી છૂટવા બરાબર જ છે જે જગતના સર્વ જીવો યાદ રાખશે આ કાર્યથી જીવરક્ષા તો થાય જ છે પરંતુ સાથે સાથે આપણે આપણી આસપાસની સૃષ્ટિ, આપણા સમાજ, પર્યાવરણ તેમજ સમગ્ર પૃથ્વીને બચાવીએ છીએ.

સજીવોમાં સહજીવન એ ખૂબ પ્રચલિત બાબત છે કેટલીક વનસ્પતિઓ બીજી વનસ્પતિ સાથે સહજીવન જીવે છે. એટલે કે એકબીજાની સાથે એકબીજાને નુકશાન પહોંચાડ્યા વિના જીવે છે અને જીંદગીમાં આગળ વધે છે. કેટલાંક પ્રાણીઓ પણ સહજીવનથી જીવન જીવતા હોય છે. આજ ક્રિયા આપણે મનુષ્યે પણ અપનાવવા જેવી છે. માનવીએ બીજા પ્રાણી - જીવ - સજીવો સાથે સહજીવન જીવતા શીખવાનું છે. જેથી પૃથ્વી પરનો દરેક જીવ એક બીજા સાથે તાદામ્ત્ય કેળવે છે આ એક નવો દૃષ્ટિકોણ - નવો અભિગમ કેળવવાની જરૂર છે જીંદગી સુંદર રીતે જીવવામાં તો મજા છે જ, પરંતુ આ રીતે સહજીવન જીવવામાં એક અનોખી મજા છે. જે અભિવ્યક્ત કરવા કરતા અનુભવવાની સરળતા રહે છે.

આ પુસ્તકનો કાચો મુસદ્દો પૂ. મુનિશ્રી હિતવિજયજી મ.સા.ને આપતાં તેમણે તેમાં ઘણાં ભાષાકીય ફેરફારો સૂચવેલ જેનો મેં અમલ કરેલ. તેમનો ઉપકાર ભૂલી શકાય તેમ નથી. અહિંસાની વાતો કરતાં, હિંસાત્મક કૃત્યો સૂચવાયા હોય તો તે અંગે તેમણે મારું ધ્યાન દોરેલ.

આ પુસ્તકમાં રહી ગયેલ ખામીઓ-ભૂલો, પુસ્તકમાં સમાવવા યોગ્ય વિગતો અંગે ખાસ ધ્યાન દોરવા વિનંતી

**- લેખકની કલમે**

**પુસ્તકના પાનાં ફેરવવા માટે આંગળીને થૂંકવાળી કરાય નહિ પુસ્તકમાત્ર જ્ઞાનપ્રાપ્તિનું સાધન હોઈ પવિત્ર અને આદરણીય છે. તેને થુંક લગાવી અપવિત્ર અને અસ્વચ્છ થાય નહિ. આંગળીને થૂંકવાળી કરીને પુસ્તકનાં પાનાં ફેરવવા એ અસભ્ય અને ગંદી-ગોબરી ટેવ છે. આ ગંદી ટેવ દેખાદેખીથી પડે છે. એનાથી જ્ઞાનની આશાતના, અવિનય થાય છે. તેથી જ્ઞાનવરણીય કર્મ બંધાય છે. પાનાં ફેરવવા પાણી પણ વાપરી શકાય જોકે બેમાંથી એકેયની જરૂર નથી. "જ્ઞાનનો આદર કરીએ અને બુદ્ધિ ભ્રષ્ટ થતાં અને કુંઠીત થતાં બચાવીએ." મોમાં ધૂળ જાય, બેકટેરિયા જાય અને ચેપ લાગે.**

# દ્વિતીય આવૃત્તિ વેળાએ....

"સજીવ સંરક્ષણ એ માનવ ધર્મ" - જીવન જીવવાની જડીબુટ્ટી - પુસ્તકનું ૨૫મી ડિસેમ્બર ૨૦૦૫ના રોજ ના. ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસ શ્રી કે. એ. પુજ સાહેબ તથા પ્રાણી કાયદાવિદ ડૉ. શ્રી અરવિંદભાઈ શેઠના વરદ હસ્તે વિમોચન થયું અને ફક્ત ચાર જ માસમાં તેની તમામ નકલો વેચાઈ ગઈ. અને પુસ્તકની દ્વિતીય આવૃત્તિ પ્રગટ કરવાનો મહામુલો અવસર આવ્યો. લેખક, સંપાદક તેમજ પ્રકાશક તરીકે અમારા માટે આ ધન્ય ઘડી છે. અમારા સર્જનને આવો સુંદર પ્રતિસાદ મળે તેથી વિશેષ આનંદ બીજો શો હોય ?! જીવમાત્રના સંરક્ષણ માટે લોકોમાં સજાગતા આવે અને લોકો એ દિશામાં વિચારતા થાય, પુસ્તકનો એ મુખ્ય હેતુ ખરેખર જાણે સાકાર થયો હોય એમ લાગે છે. આ પુસ્તક દરેક ધર્મના લોકોએ વાંચ્યું, વિચાર્યું, અમલમાં મૂક્યું અને તેની સરાહના કરી તે અમારે માટે એક ખૂબ મોટી સિદ્ધિ છે.

દ્વિતીય આવૃત્તિ પ્રકાશિત કરતી વખતે સહર્ષ જણાવવું રહ્યું કે પુસ્તકમાં રહેલી કેટલીક પ્રેસ ભૂલો તેમજ બીજા અનેક ત્રુટિઓને સુધારવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. સાથે વાચકોના સૂચનો પણ ધ્યાનમાં લીધા છે. વળી, બીજી કેટલીક માહિતીઓ કે જે વાચકો સુધી પહોંચાડવાનું યોગ્ય લાગ્યું તે તેમાં ઉમેરી છે. વળી, તાજેતરમાં પ્રાણીઓના હિતમાં આવેલા કોર્ટના ચુકાદાઓ અને સરકારી ફરમાનોનો પણ આમાં સમાવેશ કર્યો છે.

પુસ્તકની પ્રથમ આવૃત્તિ વેળા શ્રીમતી સુચેતાબેન વાસણાવાળાની સહાયથી પ્રશ્નપત્ર તૈયાર કરેલ અને તે સ્પર્ધામાં ઘણા લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને તેને કારણે આખું પુસ્તક બે ત્રણ વાર વાંચવાથી પુસ્તકની ઘણી બાબતો તેમના મન-વચન-કર્મ સાથે વણાઈ ગઈ જે આ પુસ્તકની સૌથી મોટી ઉપલબ્ધિ છે.

પ્રથમ આવૃત્તિના પ્રકાશન બાદ અને તેમાં મળેલો અભૂતપૂર્વ પ્રતિસાદથી ઉત્સાહિત થઈને અમને એક વિચાર સ્ફૂર્યો અને તે મુજબ અમે એક સંસ્થા શરૂ કરી જેનું નામ અમે 'સંજીવ સંરક્ષણ પરિવાર' આપ્યું. આ સંસ્થા અંતર્ગત અમે એક એવો પરિવાર ઊભો કરવા માંગીએ છીએ કે જે અમારા પ્રાણીરક્ષાના વિચારોની સાથે સહમત હોય, આ દિશામાં કંઈક કાર્ય કરવા માંગતા હોય, લોકોમાં આ માટે જાગૃત્તિ લાવવા કંઈક કરી છૂટવાની ઈચ્છા ધરાવતા હોય. આવા ભાઈ-બહેનોને સંસ્થામાં જોડાવા માટે હૃદયપૂર્વકનું આમંત્રણ છે.

આ સંસ્થા અંતર્ગત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ તેમજ  અન્ય સંસ્થાઓમાં આ વિષય પર દશ્યશ્રાવ્ય સાધનો સહિત, ટૂંક વક્તવ્ય આપવાનો કાર્યક્રમ તેમજ આ વિષય અંગે વક્તૃત્વ સ્પર્ધા કે નિબંધ સ્પર્ધા ગોઠવવાનું આયોજન છે.

આ પુસ્તકના નિર્માણકાર્યના તમામ સ્તરે અમને સહયોગ આપનાર સર્વ વ્યક્તિઓનો અને વાચકોનો અમે અંતઃકરણપૂર્વકનો આભાર માનીએ છીએ.

આ વિષયમાં અનેક પ્રકારના કાયદા, નિયમો સરકારી પરિપત્રો છે. જુદી જુદી કોર્ટના ચુકાદાઓ છે. તે ક્ષેત્રે કામ કરવાવાળી ઘણી સંસ્થાઓ અને વ્યક્તિઓ છે જેમાં વિનિયોગ પરિવાર, શ્રી રાજેન્દ્રભાઈ જોષી, શ્રી હસમુખભાઈ ચુડગર, શ્રી કેશરીચંદ સંઘવી, શ્રી અરવિંદભાઈ શેઠ, શ્રી રસીકલાલ હંસરાજ શાહ, મુંબઈ જીવદાયા મંડળી, શ્રી પંકડભાઈ બુચ, શ્રી અશ્વિનભાઈ સંઘવી, શ્રી હસમુખભાઈ વેદલીયા, શ્રી મહેન્દ્રભાઈ શ્રીમાળીનો સમાવેશ થાય છે. જોકે, કાયદાકીય લડત વેળા આ તમામ વચ્ચે સંકલન હોય, એકબીજા વચ્ચે માહિતીની આપ-લે થાય તો દરેકના અનુભવોનો નિચોડ આવી શકે. વૈચારીક મતભેદો પ્રાણીક્રુરતા વિરુદ્ધ લડતી વેળા આડખીલીરૂપ ન થાય તેજ હિતાવહ છે.

એક સુચન એવું છે કે આ પુસ્તક વાંચી તેમાંથી ઉપયોગી બાબતો દરેક વાચકે પોતાના મિત્રવર્તુળ કે અન્ય વર્તુળ સમક્ષ મુકવા પ્રયત્નો કરવા જોઈએ. પોતે પ્રવચન તૈયાર કરી શકે તો સારુ; અન્યથા આ વિષય પર ચર્ચા ગોઠવી શકે.

**નિમિષ મહેન્દ્ર કાપડિયા**
**વાસવી નિમિષ કાપડિયા**

# વાચકોના પ્રતિભાવો

"તા. ૨૫/૧૨ નો કાર્યક્રમ મારા જીવનનો એક અમૂલ્ય પ્રસંગ રહ્યો. તેની યાદ કદી ભૂલી શકાશે નહીં. મને ખૂબ અંતરનો ભાવ ઉભરાયો છે કે તમે પુસ્તકની મેટર નામના માટે બીલકુલ નહીં પરંતુ અંતરના ભાવને બહાર લાવી બહોળા સમુદાયને પણ તેનાથી પ્રેરણા મળે તેવા શુદ્ધ અંતરના ઊંડાણથી ઈચ્છા સેવી છે."

**– ડૉ. અરવિંદકુમાર શેઠ, આણંદ**

'જીવદયા - જયણા અંગેના ઘરગથ્થુ સૂચનો સર્વોપયોગી જણાયા.'

**– પૂ. આચાર્ય શ્રી મુક્તિપ્રભસૂરિ**

"આવા મહત્ત્વના અને છતાં અપેક્ષિત થઈ રહેલા વિષય પર તમે દિલ દઈને જે કલમ ચલાવી છે એ બદલ તમને અંતઃકરણના ધન્યવાદ છે."

**– પૂ. આચાર્યશ્રી રત્નસુંદરસૂરિશ્વરજી**

"પ્રસ્તાવના વાંચતા જે મન પ્રસન્નતા અનુભવે છે. આજના સમયે સરળતાથી જીવન જીવી સૌનું હીત સચવાય તેવી સુંદર સમજ પણ ખુબ જ સરળ ભાષામાં વિનય, વિવેક અને નમ્રતા સાથે સાચો ખ્યાલ આપવા આપે પ્રયત્ન કર્યો છે."

**– શ્રી અતુલ એચ. શાહ,** વઢવાણ સીટી

"ઈમારતનો પાયો જેટલો મજબૂત, માલ જેટલો ઉત્તમ તેટલી ઈમારત વધુ ટકશે. તેમ મનુષ્ય જીવનમાં જેટલા સદ્ગુણો ઉત્તમ, તેટલું ઉત્તમ સ્વસ્થ જીવન : તે વસ્તુ આ પુસ્તકમાં જણાય છે."

**– ભાવના ગિરિશ શાહ**

"આ પુસ્તકે માનવીમાંથી માનવ કઈ રીતે બનવું તેનો રાહ ચીંધ્યો છે. નવી પેઢીની દિકરી - વહુને ભેટ આપવા જેવું પુસ્તક છે."

**– સુરેખા જીતુભાઈ શાહ**

"ઘરે બેઠા ગંગા જેવું આ પુસ્તક છે. જો આપણે તપ ન કરી શકતા હોઈએ તો આમાંથી જયણાના પ્રયોગો જો આચરણમાં મૂકીએ તો તપ ન કર્યાનો અફસોસ રહેશે નહીં."

**– અરૂણાબેન રમેશચંદ્ર શાહ**

"નાના જીવજંતુઓનો કેવી રીતે બચાવવા તેનું પળે - પળે ધ્યાન રાખીશું. ભારતના ખૂણે ખૂણે આપણી બાતને સમજાવવા - આંદોલન કરવા જે - તે રાજ્યની માતૃભાષામાં આ પુસ્તકનું ભાષાંતર કરી પ્રગટ કરશો."

**– ગીતા રાજેશકુમાર શાહ**

"આ પુસ્તકમાં જણાવ્યા મુજબ અમલ કરવામાં આવે તો મોક્ષ ઘણો નજીક મળે. તે મુજબ જીવન જીવો તો જાત્રાએ કે દેવદર્શને જવાની જરૂર મને લાગતી નથી."

**– શંભુ જોઈતારામ પટેલ**

"ફાસ્ટફૂડની સ્વાદલોલૂપતામાં અટવાયેલા જીવો અને મનોરંજનના ઓઠા હેછળ હિંસાત્મક પ્રવૃત્તિઓમાં રમમાણ જીવોને એક નવી દિશા - નવો વિચારને સૂઝ પ્રાપ્ત થશે."

**– સુનીલભાઈ મહેન્દ્રભાઈ શાહ**

"આ પુસ્તક વાંચતા ખ્યાલ આવે છે કે આપણે અજાણતાં જ કેટલા જીવોની હિંસા કરતા હોઈએ છીએ."

**– મોનલ ધન્વિન પુજ**

"પુસ્તક લગભગ ત્રણ વાર વાંચ્યું. વાંચતા વાંચતા દિલમાં એટલા બધા સ્પંદનો - આવેગો ઉછળ્યા કે કેવી રીતે વર્ણન કરવું તેની સમજ પડતી નથી. પરંતુ એટલું ચોક્કસ કે પુસ્તક વાંચવાની શરૂઆત કર્યા પછી પૂરું કર્યા વગર મુકવાનું મન થાય તેમ નથી."

**– દીપા નીકેશકુમાર વિરવાડીયા**

"આ પુસ્તક વાંચી અમલ કરવાથી માણસ પોતાના આત્માનું તો કલ્યાણ અવશ્ય કરશે, સાથે સમાજને ય ઘણો જ ફાયદો થાય તેમ છે. તમે બહુ જ સરળ શૈલીમાં અને વિસ્તારથી સમજાવ્યું છે."

**– દર્શન વી. શાહ**

"આ પુસ્તક વાંચતાની સાથે જ ઉમાશંકરની કાવ્યપંક્તિઓ યાદ આવી જાય છે : વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી, પશુ છે, પક્ષી છે વનોની છે વનસ્પતિ ખરેખર ! પૃથ્વીના ખોળામાં ઉછરી રહેલા માનવીને આ પુસ્તક 'માનવ' બનવા માટેનો રાહ ચીંધી રહ્યું છે."

**– બાબુભાઈ ઈશ્વરલાલ રાવલ**

"૨૦૦ પાનાની ચોપડી વાંચ્યા પછી એક જ ધ્યેય બની રહેશે કે પ્રાણીરક્ષા કરવી અને જીવહિંસા થતી અટકાવવી."

**– મનીશા પ્રશાંતભાઈ શાહ**

"અદ્‌ભૂત ! પર્યાવરણ પ્રેમી, જીવદયાપ્રેમી, માનવપ્રેમી તેમજ અહિંસાના મૂલ્યોને ભૂલેલી આજની યુવાપેઢી માટે આ પુસ્તક એક માર્ગદર્શક ગ્રંથ સમાન છે."

**– જીતેન્દ્ર કરમશીભાઈ ઢેબરીયા,** ગુજરાત વિદ્યાપીઠ

"સુખ મેળવવા માટે સુખ આપો" અને "સર્વના સુખમાં મારું સુખ" જેવા જીવનમંત્રો આત્મસાત કરવાની પ્રેરણા આપતા આ પુસ્તકરત્નને ઉપલબ્ધ કરવા માટે અભિનંદન. જો વાચક ગણ અનુસરવા પ્રયત્ન કરે તો આ પૃથ્વી પરના દૃષ્ટિગોચર થતાં નિર્મમ હિંસાનાં વરવા દૃષ્યોનો છેદ ઉડાડી સ્વર્ગ ઉતારવાને સક્ષમ બની શકાશે જ.

**– ગોરધનભાઈ એસ. પટેલ**

"આજની પેઢીને જાણવા જેવી અને જીવનમાં અનુસરવા જેવી ઘણી બધી બાબતોનો ઉલ્લેખ આ પુસ્તકમાં કરવામાં આવ્યો છે. આ પુસ્તક વાંચનારના જીવનમાં પરિવર્તન લાવીને જ રહે એવી એની રચના છે."

**– અંજનાબેન હેમેન્દ્રકુમાર શાહ**

"પુસ્તકની બાંધણી, મુખપૃષ્ઠ, અક્ષરો ખૂબ સુંદર છે. સરળતાથી વાંચી - સમજી શકાય તેવી ભાષા છે. પુસ્તક વાંચ્યા પછી કતલખાનામાં થતી નિર્દયતાની વાત જાણી મારો ધો. ૧૧માં ભણતો દીકરો મને કહે છે કે 'પપ્પા મારી આંખમાંથી તો આંસુ નીકળી ગયા હતા' મેં તેને કહ્યું કે હું પણ રડી પડ્યો હતો."

**– દિનેશ એસ. ઠક્કર (શિક્ષક)**

"મારી ૬૪ વર્ષની ઉંમરમાં જયણા ન પાળવાથી આટલા બધા જીવોની હિંસા થાય છે તે બાબત આ પુસ્તક વાંચવાથી જાણવા મળ્યું છે. એક સાચો જીવદયાપ્રેમી બન્યો છું. ગર્ભપાતનું પ્રકરણ વાંચ્યા બાદ નક્કી કર્યુ છે કે, બાકીના જીવનનો અમુક સમય સ્ત્રીઓને આ અંગે સાચી સમજ આપી ભ્રુણ હત્યા કરતાં રોકવી."

**– નિતિનભાઈ મંગળદાસ શાહ**

"પશુઓ પોતાના પેટ ભરવા શિકાર કરે છે. જ્યારે માનવી શોખ અને મનોરંજન માટે હત્યા કરે છે."

**– મંજુલાબેન ગુણવંતલાલ શાહ**

જૈન ધર્મી તેમજ ઈત્તર ધર્મમાં માનનારાને પણ આ પુસ્તક ઉપયોગી થઈ પડે તેમ છે. મહેનત લઈને સમાજ ઉપયોગી પુસ્તક તૈયાર કર્યું.

**– સતીષ ચંદ્રકાંત પંડ્યા, એડવોકેટ, નવસારી**

## અનુક્રમ


૧. ઉપચાર કરતાં ઉપયોગ સારો ........................................ ૦૧

૨. સફાઈ અને જીવરક્ષા માટેની જડીબુટ્ટીઓ (સાધનો)
અથવા જયણા માટેનાં ઉપકરણો : ........................................ ૦૭

૩. લીલ (નિગોદ) ........................................ ૧૧

૪. ફૂગ ........................................ ૧૨

૫. પાણી (અપ્‌કાય) ........................................ ૧૪

૬. સંમૂર્ચ્છિમ જીવોને ઓળખો ........................................ ૨૨

૭. જંતુઓની ઉપકારકતા ........................................ ૨૪

૮. ધાન્યના કીડા અને અનાજસંગ્રહની પદ્ધતિઓ ........................................ ૪૧

૯. ઈયળો ........................................ ૪૪

૧૦. અન્ય જીવો ........................................ ૪૫

૧૧. આપણો ખોરાક અને હિંસા ........................................ ૫૬

૧૨. પ્રાણીજ ખાદ્ય પદાર્થો ........................................ ૮૭

૧૩. જિનેટિકલી મોડિફાઈડ (જી.એમ.) ખોરાક (શાકાહારી ને માંસ) ........................................ ૯૯

૧૪. એલોપેથિક દવા ........................................ ૧૦૧

૧૫. પ્રાણીબાગ અને માછલીઘર એટલે ક્રૂરતાના સંગ્રહ સ્થાન ........................................ ૧૦૬

૧૬. પ્રાણીઓનો બલિ (ભોગ) ચઢાવવાના કુરિવાજો ........................................ ૧૦૯

૧૭. વૃક્ષો ........................................ ૧૧૪

૧૮. જંતુનાશક દવાઓ ........................................ ૧૧૬

૧૯. ગર્ભપાત ........................................ ૧૧૮

૨૦. કતલખાનાનો પ્રદેશ ........................................ ૧૨૫

૨૧. મત્સ્યઉદ્યોગ ........................................ ૧૩૭

૨૨. ઈંડા અને પોલ્ટ્રીફાર્મ (મરઘાં ઉછેર (?) કેન્દ્ર) ........................................ ૧૪૩

૨૩. પાંજરામાં પક્ષીઓ કેદ કરવાનો શોખ અને પ્રાણીઓ પાળવાનો શોખ ........................................ ૧૫૩

૨૪. પાંજરાપોળ ........................................ ૧૫૪

૨૫. ઘર-મંદિર - ધર્મશાળાનાં બાંધકામ વેળા થતી હિંસા ........................................ ૧૫૭

૨૬. મંદિર (જિનાલય)માં જીવરક્ષા ........................................ ૧૫૮

૨૭. આપણા ઉત્સવો અને હિંસા ........................................ ૧૬૦
૨૮. પ્રાણીરક્ષા અને કાયદો ........................................ ૧૬૩
૨૯. અહિંસાના ભાવ જગાવતી કવિતાઓ ........................................ ૨૦૧
૩૦. સુંદરતા અને ક્રૂરતા ........................................ ૨૦૨
૩૧. આરોગ્યશાસ્ત્ર અને મનોવિજ્ઞાનની દૃષ્ટિએ માંસાહાર ........................................ ૨૦૯
૩૨. જૈન ધર્મની દૃષ્ટિએ જીવ વિચાર ........................................ ૨૧૨
૩૩. જીવદયા અંગેની વાર્તાઓ - મેઘકુમાર ........................................ ૨૧૫
૩૪. જગતના ધર્મો અને હિંસા-અહિંસા ........................................ ૨૧૭
૩૫. શિક્ષણ-હિંસાની પ્રેરણા ........................................ ૨૨૦
૩૬. હિંસાવિરોધી (બિનસરકારી) સંસ્થાઓ ........................................ ૨૨૬
૩૭. સંદર્ભ ગ્રંથો - સામયિકો ........................................ ૨૨૭
૩૮. સાભાર ........................................ ૨૨૮
૩૯. આપણે શું કરી શકીએ ? ........................................ ૨૨૯

## ઉપચાર કરતાં ઉપયોગ સારો

જીવોત્પત્તિ થયા પછી તે જીવોની રક્ષા ખૂબ મુશ્કેલ બને છે. તેથી ઘરમાં જીવાત ઉત્પન્ન જ ન થાય તેની કાળજી રાખવી ઉત્તમ છે. જીવોત્પત્તિ ન થાય તેની કાળજી રાખવાથી હિંસાજન્ય પાપથી બચી જવાશે અને દયા પાળવાના લાભ મળશે.

આટલી કાળજી અવશ્ય રાખો તો જીવોત્પત્તિથી બચી જશો.

જીવોની રક્ષા માટે નીચે મુજબની સામાન્ય કાળજી લેવાથી મોટા ભાગના પ્રશ્નો આપોઆપ ઉકલી જાય છે :

(૧) આખું ઘર સંપૂર્ણ સ્વચ્છ રાખો. ગંદકીથી જીવોત્પત્તિ વિશેષ થાય છે.

(૨) પાણી ઓછામાં ઓછું ઢોળો. ભીનાશથી પુષ્કળ જીવો પેદા થાય છે.

(૩) એઠું ન મૂકો. એંઠવાડ ખાળમાં જવાથી વાંદા વગેરે પુષ્કળ જીવો ઉત્પન્ન થાય છે. એંઠવાડમાં પણ. સૂક્ષ્મ બેઈન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે.

(૪) ખાદ્યપદાર્થનાં વાસણો ચુસ્ત રીતે બંધ રાખો. અથાણાંની બરણી વગેરે બરાબર બંધ ન થયા હોય તો એની સુગંધથી જીવો આકર્ષાય છે.

(૫) ખાદ્યપદાર્થો વાસી ન રાખો. તે તે ખાદ્યપદાર્થોની તે તે કાળમર્યાદાનું ઉલ્લંઘન થવાથી જીવોત્પત્તિની સંભાવના વધે છે.

(૬) **સ્વચ્છતા :** સડેલા કચરામાં જીવજંતુ જલદી ઉત્પન્ન થાય છે.

(૭) **હવા-ઉજાસ :** મકાનમાં બહારની હવાની પૂરતી અવરજવર અને સૂરજના સીધા તડકાની (અથવા તડકો ન આવતો હોય પરંતુ પૂરતો ઉજાસ પડતો હોય તો ચાલે) હાજરીથી જીવજંતુઓ આવશે નહિ. મોટા ભાગનાં જીવજંતુઓ તડકાથી કે સૂર્યપ્રકાશના પૂરતા ઉજાસથી દૂર રહે છે. હવાની અવર-જવરના કારણે ભેજનો અભાવ થવાથી જીવજંતુની ઉત્પત્તિ ઓછી થાય છે. (મોટાભાગે જીવજંતુ ભેજ અને અંધકારમાં ઉત્પન્ન થાય છે અને નિવાસ કરે છે.)

(૮) **અવાવરું સ્થાનો :** અવાવરું સ્થાનોમાં તેમજ આપણે નિત્ય ઉપયોગ ન કરતાં હોઈએ તેવાં સ્થાનોમાં કે મકાનોમાં જીવજંતુ વધુ પ્રમાણમાં નિવાસ કરે છે. આવાં સ્થાનોમાં થોડાથોડા દિવસોના અંતરે સફાઈ થવી જોઈએ. મકાનમાં વધુ વપરાશમાં ન રહેતા હોય તેવા ઓરડાઓમાં નિત્ય કે આંતરે દિવસે સફાઈ થવી જોઈએ. ઘણા લાંબા સમય સુધી અવાવરુ રહેલાં સ્થાનનો ઉપયોગ કરતાં કે સફાઈ કરતાં પહેલાં એવા સ્થાનમાં બારી-બારણાં એકાદ-બે દિવસ ખુલ્લાં રાખી મૂકવાં અને તેમાં વસતા જીવો અન્ય સ્થાને ચાલ્યા જાય તે પછી જ તેવા સ્થાનનો ઉપયોગ કરવો કે સફાઈ વગેરે કામ કરવા ઝાપટિયાનો ઉપયોગ

તદ્દન અયોગ્ય છે. તેનાથી જીવો મરી જાય છે. તેના સ્થાને દંડાસનનો ઉપયોગ કરી શકાય. ઘરમાં સાવરણી કોમળ જોઈએ, બરડ હોય તો કચરો વાળવા માટે ય દંડાસનનો ઉપયોગ કરી શકાય.

(૯) **ધૂપ કરવો :** સૂકા લીમડાના પાન, કંદ્રૂપ, લોબાન કે તેવા અન્ય કોઈ પદાર્થની ધૂણીથી જંતુઓ ચાલ્યા જાય છે. માટીના કૂંડામાં, માટીના છાલિયામાં કે ધૂપદાનીમાં ગાયના છાણનાં છાણાં સળગાવીને તેમાં ધૂપ કરવો. ગાયના છાણની ધૂણી પણ હવા શુદ્ધ કરે છે. (ગાયનાં છાણાં શહેરોમાં પણ કોઈ પણ રબારી પાસેથી સહેલાઈથી મળી શકે છે.) ધૂપ દરરોજ અથવા સપ્તાહમાં ઓછામાં ઓછો એક વખત કરવો. ધૂપ સંધ્યાકાળે (સાંજે) જ કરી શકાય. દિવસે કરવાથી જીવજંતુઓને ધૂપના કારણે મકાનમાંથી નીકળી પ્રકાશમાં જવું પડે છે. જ્યાં તેઓ મરી પણ જાય અથવા કાગડા, કાબર, ચકલી, મોર, કૂતરાં, બિલાડાં જેવા પક્ષીઓ અને પ્રાણીઓ તેમને મારીને ખાઈ જાય તેવી શક્યતા રહે છે. ધૂપ રાત્રે મોડા કરવાથી તે જંતુઓ અંધારામાં જોઈ ન શકવાનાં કારણે ભયભીત બને છે અને બીજા મોટા જીવોનો ભક્ષ્ય બની જાય તેવાં સ્થાનોમાં બેસી જાય તેવું બનવાની શક્યતા રહે છે. સંધ્યાકાળે સૂર્યનો વધુ પડતો ઉજાસ કે પક્ષીઓ વગેરેની હાજરી નથી હોતી અને આછો ઉજાસ હોવાથી સહેલાઈથી પોતાને માટેનું સલામત સ્થળ શોધી શકે છે. તેઇન્દ્રિય સુધીના જે જીવો જોઈ શકતા નથી તેવા જીવો પણ સૂર્યપ્રકાશની ઘટતી-વધતી અસરો સૂક્ષ્મ કંપનો દ્વારા સ્પર્શેન્દ્રિય વડે અનુભવી શકે છે. એટલે ઉપરની વાત તમામ જંતુઓને લાગુ પડે છે. ધૂપ વેળા બારીઓ ખુલ્લી રાખવી.

(૧૦) **વાસણો ઢાંકેલાં રાખવાં :** પાણી, દૂધ, દાળ, ઘી, તેલ, છાશ કે અન્ય કોઈ પણ પ્રવાહી ભરેલાં વાસણો, સળગતા ચૂલા ઉપર મૂકેલાં વાસણો તેમજ ગરમ પદાર્થો, કોઈ પણ જાતના રસો, અથાણાં વગેરે ભરેલાં વાસણો ચુસ્ત રીતે ઢાંકેલાં રાખવાં જોઈએ. જીવજંતુ ઊડતાં-ઊડતાં આવીને તેમાં પડે કે ફરતાં-ફરતાં આવીને તેમાં પેસી જાય તેવી રીતે ખુલ્લાં રાખવાં નહિ. મીક્ષર, જ્યુસર, ટેપ રેકોર્ડર, ટી.વી., ઘરઘંટી, વોશીંગ મશીન, પાણીની મોટરમાં જીવજંતુઓ, ગરોળી, વાંદા વગેરે ઘુસીને મરી ન જાય તે માટે તેના ખુલ્લા ભાગો પર ઝીણી જાળી કે ઝીણી જાળીવાળું કપડું બાંધી રાખવું.

(૧૧) **ખાલી વાસણો ઊંધાં મૂકવાં :** પાણીની માટલી, ડોલ, તપેલી, થાળી, વાટકી, ગોળા, મોટી નળી (પવાલી), કોઠી વગેરે વાસણો ખાલી હોય તો ઊંધાં (ઊલટાવીને) મૂકવાં જોઈએ કોઈ જીવજંતુ સીધા મૂકેલા ખાલી વાસણમાં પડે તો તે પ્રયત્ન કરવા છતાં બહાર ન નીકળી શકવાના કારણે ભૂખ્યાં-તરસ્યાં રહેવાથી રિબાય અને મરી પણ જાય એમ બનવાજોગ છે.

(૧૨) **લોટ ભરવાનાં સાધનો :** કોઈ પણ જાતનો લોટ ભરવાનાં સાધનોમાં વંદા-કંસારી

પેસી જાય છે, પછી બહાર નહિ નીકળી શકવાના કારણે ભૂખતરસથી પીડાઈને અંદર મરી જાય છે. આવાં સાધનો ચુસ્ત રીતે બંધ થાય તેવાં રાખવાં. ક્યાંય તિરાડ કે પોલાણ રહેવું ન જોઈએ.

(૧૩) **ઉકાળેલા પાણીની તાસક (કથરોટ અથવા પરાત) :** ઉકાળેલું પાણી તાસક વગેરે જે કોઈ વાસણમાં ઠારવામાં આવતું હોય તેને ઢાંકવા માટે મચ્છરદાનીના કાપડને વાસણના ગોળાકારથી મોટા માપમાં કાપી તે ગોળાકાર કાપડના છેડા પર ફરતે ગોળાકારમાં જ નેફો બનાવી તેમાં વાંસની પાતળી લાંબી મજબૂત ચીપ (પટ્ટી) દાખલ કરી દેવાથી કાપડ ખેંચાઈ ને કડક બની જશે અને કાપડની જાળી તૈયાર થઈ જશે. (આ જાળી કથરોટ કે થાળીથી સહેજ મોટી બનાવવી) આવી જાળી ઢાંકવાથી જીવજંતુ પાણીમાં પડશે નહિ. જીવજંતુ કદાચ પડે તો જાળી ઉપર બેસશે પરંતુ બાષ્પીભવનના કારણે જાળી વધારે પડતી ગરમ નહિ હોય અને જાળીની સામાન્ય ગરમીથી જંતુ તરત દૂર ચાલ્યું જશે. જાળીને ઉકાળેલા ગરમ પાણીથી પલાળીને જ ઢાંકવી, જેથી જાળી તરત ઠંડી થશે તેમજ પાણી ઝડપથી ઠંડું થશે. સ્ટીલ પીવીસ કે લોખંડની જાળી પણ વાપરી શકાય. પાણી ભરેલ વાસણ સીધું જમીન પર મૂકશો તો આજુબાજુના જંતુ ગરમીથી મરી જશે. તેથી તે સ્થાન સાફ કરી, પાટલો મૂકી તેના ઉપર વાસણ મૂકવું.

(૧૪) **સામાનની ફેર-ગોઠવણી :** ઘરમાં સામાન હંમેશ માટે એકની એક જગ્યાએ મૂકેલો હશે તો તે સામાનની નીચે કે પાછળ જીવજંતુઓ ભરાઈ રહેશે. સામાનની જગ્યા શક્ય હોય તો થોડા-થોડા દિવસે બદલતા રહેવું (આ સામાનની થોડા-થોડા દિવસે ફેર-ગોઠવણી કરતા રહેવું) સામાન ખસેડી તેની નીચેના અને પાછળના ભાગમાં નિયમિત સફાઈ કરતાં રહેવું શક્ય હોય તેવા સામાનની ગોઠવણી એવી રીતે કરવી કે સામાનની નીચેના ભાગની ફરસ ખુલ્લી રહે અને સામાન અને ભીત વચ્ચે પાંચ આંગળ જેટલી જગ્યા રહે. સાફ કરવાનું આથી અનુકૂળ રહેશે. બની શકે તો ઘરમાં મોટાં પીપ કે વજનદાર સામાનના પાયામાં ગરગડીઓ જોડાવવી, જેથી તે સહેલાઈથી ખસેડી શકાય અથવા મોટાં પીપ કે મોટા ડબ્બાને બદલે નાનાં-નાનાં બેથી ત્રણ પીપ-ડબ્બા રાખવાં, જેથી વજન વહેંચાઈ જાય. જૂના ભંગારમાં પણ જીવજંતુઓ ભરાઈ રહે છે. બિનજરૂરી ભંગારનો કે વધારાના નકામા સામાનનો નિકાલ કરી દેવો.

(૧૫) **ઈલેક્ટ્રિક પંખા અંગે સાવધાની :** ઘરમાં પક્ષીઓની અવરજવર વધારે રહેતી હોય તો ઈલેક્ટ્રિક પંખાને ફરતી જાળી ગોઠવવી. (ટેબલ ફેનમાં હોય છે તેવી જાળી. રેલવેના ડબ્બામાં પંખા ઉપર પણ આવી જાળી હોય છે. આવી બધી તરફથી બંધ અને સુરક્ષિત જાળી અમદાવાદની વાઘણપોળ, રતનપોળમાં આવેલી આયંબિલશાળામાં પંખા ઉપર ગોઠવવામાં આવી છે.) જાળી વગરનો પંખો છતમાં ફરતો હોય તે વખતે પક્ષી, ભમરો, પતંગિયું, વંદો

કે બીજું કોઈ નાનું મોટું જીવજંતુ ઊડતું-ઊડતું ઓરડામાં આવી જાય તો સૌ પ્રથમ પંખો થોડી ક્ષણો માટે તરત જ બંધ કરી દેવો. આવેલો જીવ ઓરડાની બહાર ન ચાલ્યો જાય ત્યાં સુધી પંખો બંધ જ રાખવો. (પંખા ઉપર જાળી હોવી તે આવી મુશ્કેલીનો કાયમી ઉપાય છે.) હવેના ઘરોની બાંધણી જ એવી હોય છે કે જેથી ગરમી લાગે અને પંખાની જરૂર પડે. ઘરનાં ઇલેક્ટ્રિક ઉપકરણોમાં સૌથી વધારે વીજળી પંખો ખાઈ જાય છે. ઘરમાં ઠંડક લાગે, ગરમી ન લાગે તેવું બાંધકામ થઈ શકે છે. જેને ''સોલાર પેસીવ આર્કીટેક્ચર'' કહેવાય છે. જો એવાં ઘરો બનાવવામાં આવે તો પંખા કે એ.સી.ની જરૂર ન પડે.

(૧૬) **ચુસ્ત બારણાંવાળાં કબાટ :** રસોઈની વિવિધ કાચી સામગ્રી, કરેલી રસોઈ, કપડાં, પુસ્તકો અને રોજિંદા જીવનમાં ઉપયોગી વિવિધ સાધન-સામગ્રી મૂકવા માટે બંધ કબાટોનો ઉપયોગ કરવો અને તે કબાટનાં બારણાં ચુસ્ત રીતે બંધ થઈ શકે તેવી વ્યવસ્થા કરવી. ખુલ્લા કબાટ કે ઢીલાં, તિરાડવાળાં કે પોલાણવાળાં બારણાવાળાં કબાટોમાં મચ્છર, વંદા, કંસારી વગેરે જીવજંતુઓ સહેલાઈથી ભરાઈ જાય છે. હવાની અવરજવર માટે કબાટના બારણામાં જાળી ફીટ કરાવી શકાય, જેથી કબાટની ભીતરના ભાગમાં ભેજ અને અંધકારનું પ્રમાણ ઓછું રહે. ઉંદર, કંસારી અને અન્ય નાનાં જંતુઓ સાધન-સામગ્રી ખરાબ કરે છે, જેના કારણે તે જીવો પ્રત્યે આપણને દ્વેષ પેદા થાય છે અને તેમનો નાશ કરવાની વૃત્તિ પેદા થાય છે. જો પહેલેથી જ બરાબર કાળજી રાખીએ તો આવું ન થાય.

(૧૭) **મકાનને ચૂનાથી ધોળાવવું :** ચૂનો ગરમ અને ભેજશોષક હોવાથી ચૂનાથી ધોળેલી દીવાલ કે છતથી ઘણાખરા જીવજંતુઓ મોટે ભાગે દૂર રહે છે. (ક્યારેક આવે તો પણ દીવાલ પર લગાડાયેલા ચૂનાથી મરી નથી જતાં અને વધુ સમય ત્યાં રહેતાં પણ નથી.) દીવાલો કે છત ધોળતાં પહેલાં તેને ઘસીને સાફ કરવામાં આવે તે અગાઉ દીવાલો કે છતને પોચી સાવરણી જેવા સાધનથી જયણાપૂર્વક સાફ કરી કરોળિયા વગેરે જીવજંતુઓ ત્યાંથી દૂર ચાલ્યાં જાય તેમ કરવું. ચૂનો રંગ કરવાવાળા અણસમજૂ હોય છે. તેમને આવી સૂચના આપ્યા છતાં તેઓ કાળજી લેતા નથી અને જીવહિંસા થાય છે. તેથી તેને થોડા વધુ નાણાં આપવાથી અને ત્યાં હાજર રહી ધ્યાન રાખવાથી જ 'જયણા' શક્ય બનશે. અહિંસાનું પાલન કરાવવામાં કારીગર સાથે થોડા કડક બનીએ તો વાંધો નથી. પાણીમાં પલાળતી વખતે કે પલાળેલા ચૂનાથી ધોળતી વખતે તેમાં કોઈ જીવજંતુ પડે નહિ તે માટે પૂરેપૂરી ચોકસાઈ રાખવી. રાત્રે દીવાલો ધોળવી નહિ. વીજળી, દીવાની આજુબાજુ ઊડતી જીવાતો તાજો ચૂનો લગાડેલી દીવાલો કે છત ઉપર બેસતાં જ મરી જવાની શક્યતા રહે છે, માટે સાવધાની રાખવી

(૧૮) **ચોમાસા પહેલાં ફોડેલા ચૂનાનો ઉપયોગ :** દીવાલ ધોળવા માટે પલાળેલા ચૂનામાંથી વધેલો ભીનો ચૂનો પાણી સુકાઈ જતાં સુકાઈને ભૂકી બની જાય તેને ફોડેલો ચૂનો કહેવાય. ચોમાસા પહેલાં લાકડાના ફર્નિચર પર આવો ફોડેલો કોરો ચૂનો ઘસી નાખવાથી

અને એક વખત આવો ચૂનો ઘસ્યો હોય તો ફરી મહિને, બે મહિને ઘસવાથી ચોમાસા દરમિયાન લાકડાના ફર્નિચરમાં થતાં કંથવા (એક પ્રકારનાં એકદમ ઝીણાં સફેદ જંતુઓ) ઉત્પન્ન થતાં નથી. જંતુઓ ઉત્પન્ન થયેલા હોય ત્યારે ચૂનો ઘસવો નહિ.

(૧૯) **પાણીની ટાંકી :** ઘરમાં પાણીની ટાંકી બનાવી હોય તો –

(ક) ટાંકીના છેક તળિયે પાણી અંદરથી બહાર નીકળી શકે તેવો ખાળ મૂકેલો હોવો જોઈએ અને ટાંકીના તળિયાનો ઢાળ એવો હોવો જોઈએ કે ખાળનો દટ્ટો ખોલવાથી ટાંકીનું તમામ પાણી બહાર નીકળી જાય. ખાળ પાસે ટાંકીના અંદરના ભાગમાં કૂંડી જેવો ખાડો હોય, તેમાં વધેલું તમામ પાણી ભેગું થાય તો તે ઉલેચીને પણ બહાર કાઢી શકાય. અન્યથા છેલ્લાં એક બે દોરા લેવલે પાણી કદી વપરાશે નહીં અને ત્યાં લીલ બાઝશે. ટાંકીને આ રીતે ખાલી કર્યા બાદ તેનું ઉપરનું ઢાંકણ ખોલી ટાંકીને ખુલ્લી મૂકવાથી થોડા જ સમયમાં સુકાઈને કોરી થઈ જશે.

(ખ) ટાંકીને ઉપરના મથાળેથી પૂરેપૂરી ખોલી શકાય તેવી વ્યવસ્થા હોવી જોઈએ. ઉપરનું મથાળું ચણી લઈને કે બીજી રીતે બંધ કરેલું હોય અને માંડ એક ડોલ પસાર થઈ શકે તેટલો ભાગ ખુલ્લો હોય તે બરાબર નથી. આવી ટાંકીમાં સફાઈ બરાબર થઈ શકે નહિ.

(ગ) ટાંકીના મથાળાના પૂરા ક્ષેત્રફળમાં પૂરેપૂરું ઢાંકણ ચુસ્ત રીતે બંધ થાય અને સાથોસાથ સહેલાઈથી બંધ-ઉઘાડ થઈ શકે તેવું હોવું જોઈએ.

પાણી ભરેલી ટાંકીમાં સૂર્યપ્રકાશને રોકવા માટે અને ટાંકીમાં કોઈ જીવજંતુ સહેલાઈથી દાખલ થઈ ન શકે તે માટે આ વ્યવસ્થા જરૂરી છે.

(ઘ) ટાંકીમાં પાણી લઈ જતો નળ એવી રીતે મૂકાવવો જોઈએ કે જેથી ટાંકીને પાણીથી ભરવા ટાંકી ખોલવી ન પડે અને ખુલ્લી પણ ન રાખવી પડે. ટાંકી પૂરી ભરાય એટલે નળ આપોઆપ બંધ થાય તેવી સ્વયં-નિયંત્રિત વ્યવસ્થા થઈ શકે છે તે કરાવવી. આથી –

★ ટાંકી વારંવાર ઉઘાડવાસ ન કરવી પડે. ★ ટાંકી પૂરી ભરાયા બાદ વધારાનું પાણી વેડફાય નહિ. ★ વધારાના પાણીથી ટાંકી છલકાવાના કારણે ટાંકીની બહારની દીવાલો ઉપર લીલ બાઝે છે, તે બાઝે નહિ.

(ચ) સાફ કરવાના હેતુ સિવાય ટાંકી ખોલવી નહિ.

(છ) દર સપ્તાહે, ઓછામાં ઓછી એક વાર કે યોગ્ય સમયાંતરે ટાંકી સંપૂર્ણ ખાલી કરી સાફ કરવી, આપણી દેખરેખ હેઠળ કરાવવી. આ કાર્યમાં થોડો ખર્ચ જરૂર થશે પરંતુ તેની સામે અહિંસાના સત્કાર્યનો મોટો લાભ રહેલો છે.

(જ) ટાંકીમાંથી પાણી લેવા માટે એક અલગ નળ હોવો જોઈએ, જ્યાંથી પાણી દરેક

વખતે ગાળીને લઈ શકાય તેવી વ્યવસ્થા કરવી.

(૨૦) **ટાંકીનો વિકલ્પ હેન્ડપંપ :** જ્યાં જમીનમાં રહેલું પાણી ખેંચીને બહાર કાઢી શકાય તે માટે જમીનમાં પાઈપ ઉતારી હેન્ડપંપ મૂકવાની (બોરિંગની) વ્યવસ્થા થઈ શકે તેમ હોય ત્યાં તે પદ્ધતિ વધારે ઉપયોગી છે. જોકે કૂવાની વ્યવસ્થા હેન્ડપંપ કરતાં વધુ સલામત છે.

(૨૧) **સફાઈ અંગે કેટલીક વિશેષ સાવધાની :**

(અ) અનાજ, કઠોળ, અથાણાં, ખાંડ, ઘી, તેલ, લોટ વગેરે ચીજો તથા જે ચીજોથી કીડી, મંકોડા વગેરે સહેલાઈથી આકર્ષાય તેવી ચીજો એની ગંધ બહાર ન પ્રસરે અને ચુસ્ત રીતે બંધ થઈ શકે તેવાં સાધનોમાં રાખવી.

(આ) ઉપરની ચીજો એક સાધનમાંથી બીજા સાધનમાં કાઢતી કે ભરતી વખતે બહાર જમીન ઉપર વેરાય કે ઢોળાય નહિ તેની કાળજી રાખવી. તે માટે જરૂર પડ્યે જે પાત્રમાં ભરવાનું હોય છે તે સાધન મોટી થાળીમાં કે કથરોટમાં મૂકીને ભરવાનું કામ કરવું.

(ઇ) ભોજન કરતી વખતે અને પીરસતી વખતે ખોરાકના કણ વગેરે જમીન ઉપર વેરાય નહિ તેની કાળજી રાખવી.

(ઉ) કાળજી રાખવા છતાં આવી વસ્તુ જમીન ઉપર પડે તો તરત લઈ લેવી અને જરૂર લાગે તો તે જગ્યાને પાણી વડે સાફ કરી દેવી.

(એ) મકાનમાંથી કચરો કાઢ્યા બાદ પોતું કરવામાં વગેરે જંતુનાશક દવાઓનો ઉપયોગ કરવો નહિ.

(ઐ) સાદા પાણી વડે સમગ્ર મકાનમાં એકવાર પોતું કર્યા બાદ એક ડોલ પાણીમાં એક ચમચી કેરોસીન નાખી તે પાણી વડે ફરીથી પોતું કરવું, પણ આ કેરોસીનનું પોતું ઓરડાની વચ્ચેના ભાગમાં અને દરેક દીવાલ પાસેની દોઢથી બે ફૂટ દૂર જગ્યા કોરી રહે તે રીતે જ કરવું. દિવાલને લાગે તે રીતે પોતું કરવાથી જીવો મરી જશે. કેરોસીનની ગંધના કારણે જીવજંતુઓ દીવાલની ધારે-ધારે ચાલી સ્વસ્થાને ચાલ્યાં જશે.

(ઓ) પાણીનું પોતું હંમેશાં કચરો વાળ્યા પછી જ કરવું.

(ઔ) કેટલીક ચીજો જેવી કે મીઠાઈ, ચાસણી, ચૂલા પરનાં અથાણાં, મિષ્ટાન્ન વગેરે બનાવ્યા પછી ડબ્બાં વગેરેમાં ભરતાં પહેલાં થોડા સમય માટે રસોઈના વાસણમાં જ રાખવાની હોય ત્યારે તે વાસણને થાળી, કથરોટ જેવા સાધનમાં પાણી નાખીને પાણીની વચમાં મૂકવું. અને ઢાંકવું.

# સફાઈ અને જીવરક્ષા માટેની જડીબુટ્ટીઓ (સાધનો) અથવા જયણા માટેનાં ઉપકરણો :

(૧) **સાવરણી** (ઝાડુ-પીંછી) બે પ્રકારની હોય છે. ટૂંકી જાડી સાવરણી ખજૂરીના પાનમાંથી બને છે. આ સાવરણી સખત અને કર્કશ સ્પર્શવાળી હોવાથી જીવો મરી જવાની શક્યતા વધુ રહે છે. બીજી સાવરણી લાંબી આવે છે, જેની સળીઓના છેડે ઘાસ સુકાયેલું હોય છે, જેનો સ્પર્શ નરમ અને મુલાયમ હોય છે. આ સાવરણીનો ઉપયોગ કરવો. સાવરણીને ઘણાં પીંછી કે ઝાડુ તરીકે પણ ઓળખે છે.

(૨) **પૂંજણી** : મુંજ કે શણના ઘાસમાંથી બનાવેલી નાની પીંછીમાં જો બરાબર કેળવીને નરમ બનાવેલું ઘાસ ન હોય તો આનાથી જીવો મરી જવાની વધુ શક્યતા રહે છે. જે પૂંજણી મુલાયમ સ્પર્શવાળી હોય તેનો જ ઉપયોગ કરવો. દરેક રૂમમાં હાથવગી રાખવી. શરીર, ટેબલ, પુસ્તક વગેરે પર ફરતી જીવાતો, કીડી, કરોળિયો વગેરે દૂર કરવા માટે હળવા હાથે પૂંજણીનો ઉપયોગ કરવો.

(૩) **મોરપીંછી** : મોરનાં કુદરતી રીતે ખરી ગયેલાં પીંછામાંથી બનાવવામાં આવે છે, જેમાં મોરનાં પીંછાં જ સાવરણી તરીકે કામ આપે છે. આ અતિ મુલાયમ સ્પર્શવાળું સાધન છે અને સૂક્ષ્મ જંતુઓવાળા સ્થાન ઉપર આનો જ ઉપયોગ કરવો યોગ્ય છે. મોર વર્ષે બે વખત બધાં પીંછાં ખેરવે છે, એટલે પીછાંનો વેપાર કરનારા મોરને મારીને પીંછાં મેળવતા નથી. મોરના પીંછાં મૂકી રાખવાથી કે હલાવવાથી સાપ, ગરોળી દૂર ભાગી જાય છે.

(૪) **લૂગડાની પીંછી** : લાકડીના ટુકડાના છેડે લૂગડાના ટુકડાને બાંધીને આ બનાવવામાં આવે છે. ધૂળ ઝાપટવા માટે આનો ઉપયોગ થાય છે. આનાથી જયણા પાળી શકાતી નથી માટે એનો ઉપયોગ કરવો નહિ. તેના બદલે ધૂળ સાફ કરવા હવાયા (સહેજ ભીના) કપડાના ટુકડાથી ધૂળ લૂછી નાખવી, જેથી ધૂળ ઊડશે પણ નહિ.

(૫) **દાંડાસણ** : જૈન સાધુ-સાધ્વીઓ ઊનની દોરીઓ લાંબી લાકડી સાથે બાંધી તેનો કચરો કાઢવામાં ઉપયોગ કરે છે. ઊનની દોરીઓ મુલાયમ હોવાથી જીવજંતુને તકલીફ થતી નથી, દબાઈ જતા નથી. ઘરમાં / ઓફિસમાં સાવરણીના વિકલ્પે તેનો ઉપયોગ થઈ શકે છે.

(૬) **સાવરણો** : વાસણ ધોવાની ચોકડી, સ્નાનગૃહ વગેરેની સફઈ માટે લાકડાની કે ઘાસની પાતળી પણ મજબૂત સળીઓની ગડી બાંધીને બનાવેલો સાવરણો વપરાય છે. જ્યાં લીલ (લીલા રંગની) કે ફૂગ થયેલ હોય તેવા ભાગ ઉપર સાવરણો ફેરવવો નહિ.

(૭) **ઊનની પીંછી** : ઊનના ચરવળમાં જે દશીઓ હોય તેવી દશીઓ વડે એક નાના માપની ચરવળી અથવા પીંછી બનાવી લેવી જે કબાટ વગેરે સફાઈ કરવાનું ઉત્તમ

સાધન છે.

(૮) **ગળણું** : પાણી ગાળવા માટેનું સુયોગ્ય કપડું

(૯) **ચરવળો** : સામાયિક-પ્રતિક્રમણમાં ઉઠતાં-બેસતાં પૂંજવા-પ્રમાર્જવા (જમીન ચોખ્ખી કરવા) માટે ઊનની દશીઓથી બનાવાયેલું જરૂરી ઉપકરણ.

(૧૦) **ચાળણો** : અનાજ, લોટ, મસાલા વગેરે ચાળવાના અલગ અલગ ચાળણા.

(૧૧) **ચંદરવો** : રંધાતી રસોઈમાં ઉપરથી જંતુ ન પડે તે માટે રસોડામાં ઉપર બાંધવામાં આવતું કપડું. શાસ્ત્રમાં સાત ચંદરવાનું વિધાન આવે છે.

(૧૨) **મુહપત્તી** : નિશ્ચિત માપનો નિશ્ચિત પડવાળો કપડાંનો ટુકડો જે વચનપ્રયોગ કરવા સમયે વાપરવામાં આવે છે તેમજ શરીર પ્રમાર્જવામાં પણ વાપરવામાં આવે છે.

(૧૩) **રખ્યાપાત્ર** : ગળફો - થૂંક આદિ રાખ પાત્રમાં કાઢી / થૂંકી તેને લાકડાની પટીથી હલાવી રાખમિશ્રિત કરાય છે.

(૧૪) **ઊનનું ચોવડ વાળેલું કપડું** : શ્લેષ્મ-ગળફો આદિને એમાં ચોળી નાખવામાં આવે છે.

**(૧૫) તમાકુ અથવા છીંકણી :** એની ગંધથી પુસ્તક, વસ્ત્રોમાં આવતાં અને એને નુકસાન કરતાં જીવજંતુઓ દૂર રહે છે. મલમલના કપડામાં છીંકણી કે તમાકુની નાની પોટલીઓ બનાવી કબાટના દરેક ખાનામાં બે-ત્રણ મૂકવી. તમાકુ કે છીંકણી અનાજમાં જીવાત થતી રોકવા વાપરી શકાય છે. તે અનાજમાં ભેળવી દેવાની હોય છે.

**(૧૬) ડામરની ગોળી :** ગરમ કાપડ કે અન્ય વસ્ત્રોને નુકસાન કરતાં જીવડાં આની ગંધથી દૂર રહે છે. બજારમાં સફેદ કે બીજા રંગોમાં તૈયાર મળે છે. સીધેસીધી કપડાની વચ્ચે કબાટના એક ખાનામાં એક કે બે મૂકી દેવી.

**(૧૭) કેરોસીન :** રાત્રે હાથ, પગ ઉપર ચોપડીને સૂવાથી મચ્છરો દૂર રહે છે. ★ ઓરડાની વચ્ચેના ભાગમાં તેના મિશ્રણવાળા પાણી વડે પોતું કરવાથી કીડી મંકોડા દૂર રહે છે. ★ સીધું જીવો ઉપર પડે તો જીવો મરી જાય છે તેથી ખૂબ કાળજીપૂર્વક ઉપયોગ કરવો.

**(૧૮) ફોડેલો ચૂનો :** કંથવા વગેરે જીવો તેનાથી દૂર રહે છે. ઉકાળેલા પાણીમાં ચૂનો નાંખવાથી ૭૨ કલાક સુધી તે અચિત્ત રહે છે. ચૂનાથી ધોળેલી દીવાલો પર જીવજંતુ જલદી આવતાં નથી. લાકડાના ફર્નિચરમાં કોરો ફોડેલો ચુનો ઘસવાથી ફર્નિચરમાં જીવાત થતી નથી.

**(૧૯) છાણાંની રાખ :** છાણાંની રાખને અનાજમાં ભેળવવાથી જીવોની ઉત્પત્તિ રોકી શકાય છે.

(૨૦) **પારો :** પારાને માટીમાં રોળીને માટીની થેપલીઓ બનાવી અનાજમાં રાખવાથી અનાજમાં જીવાત નથી થતી.

(૨૧) **દીવેલ :** કીડીઓને દૂર રાખવા માટેનું નિર્દોષ અને અદ્‌ભુત દ્રવ્ય છે.

(૨૨) **ઝીણી જાળીવાળા બારી-બારણાં :** બારી બારણાંમાં ઝીણી જાળીવાળાં બીજાં બારણાં ફીટ કરાવવાં જેથી તે બંધ હોય ત્યારે પવન અને અજવાળું આવે, પણ મચ્છર, માખી વગેરે ઝીણાં જંતુઓ એમાં પ્રવેશી શકે નહિ.

(૨૩) **રંગ, વાર્નિશ, પૉલિશ :** બારીબારણાં, લાકડાનાં ફર્નિચર, લોખંડનાં વાસણો વગેરેને રંગ કરવામાં આવે છે જેનાથી ટકાઉપણું વધે છે. સાથે સૂક્ષ્મ જંતુઓ પણ દૂર રહે છે અને નિગોદ પણ થતી નથી. લાકડાને વાર્નિશ કે પૉલિશ પણ કરવામાં આવે છે. કોઈ પણ વસ્તુને રાત્રે રંગ કરવો નહિ. વિદ્યુત-ગોળાના પ્રકાશમાં ઊડતી જીવાત રંગવાળી સપાટી ઉપર બેસી જવાથી તાજા રંગમાં ચોંટીને મરી જાય છે. આજનો જમાનો 'ઝડપ'નો છે. રાત-દિવસ મિસ્ત્રીકામ, રંગકામ કરી આપે તેવા કારીગરો આપણને ગમે છે. હકીકતમાં સૂર્યાસ્ત બાદ કામ કરાવવાથી ભયંકર જીવહિંસા થાય છે. દિવસ દરમિયાન સૂર્યપ્રકાશથી દૂર રહેલાં જીવજંતુઓ, સૂર્યપ્રકાશ દૂર થવાથી બહાર નીકળે છે અને આપણે તેનો કચ્ચરઘાણ વાળીએ છીએ.

(૨૪) **ડામર – એક અતિ ઉપયોગી વસ્તુ :** ડામરથી મોટા ભાગનાં જીવજંતુઓ દૂર રહે છે. ડામરને ગરમ કરી તે પીગળે ત્યારે તેમાં સપ્રમાણ મિશ્રણ બને તેટલી કોરી રેતી નાખવી અને ડામરને ઠરવા દઈ ડામર-રેતીની નાની લખોટી જેવડી ગોળીઓ બનાવી લેવી. આ ગોળીઓ પથ્થર જેવી મજબૂત થશે. જીવો તેનાથી દૂર રહેશે. ઉંદરના જવા-આવવાના માર્ગ ઉપર અને વંદા, કંસારી વગેરે ભરાઈ રહેતાં હોય તેવા સ્થાન ઉપર આ ગોળીઓ મૂકી રાખવાથી જીવો તેનાથી દૂર ચાલ્યા જશે. ડામર ઉપર નિગોદ થતી નથી. ડામર ઊધઈની ઉત્પત્તિ પણ અટકાવે છે.

(૨૫) **રાખ :** કીડીઓની આજુબાજુ રાખ ભભરાવવાથી કીડીઓ ચાલી જાય છે. અનાજને રાખમાં રગદોળીને ડબ્બામાં ભરવાથી તે સડતું નથી.

(૨૬) **કપૂર :** કપૂરની ગોટીની ગંધથી ઉંદરો દૂર ભાગે છે. ઘરમાં ઉંદર ખૂબ દોડતાં હોય ત્યારે કપૂરની ગોટી મૂકી રાખવાથી તેની અવરજવર ઓછી થઈ જાય છે. કપૂરનો પાવડર આજુબાજુ ભભરાવવાથી કીડીઓ પણ ચાલી જાય છે. ગાદલા ભરાવતા રૂ સાથે કપુર ભરી દેવાથી માકડ સામે રક્ષણ મળે છે.

(૨૭) **ઘોડાવજ :** લાકડાના કબાટમાં ઘોડાવજ રાખવાથી વંદા થતા નથી.

(૨૮) **કંકુ :** કંકુ ભભરાવવાથી કીડીઓ ચાલી જાય છે. અથવા તો સલામત જગાએ

સાકર ભભરાવવાથી કીડીઓ તે તરફ સ્થળાંતર કરી જાય છે.

**(૨૯) હળદર :** હળદર ભભરાવવાથી કીડીઓ ચાલી જાય છે.

**(૩૦) ગેરુ :** ગેરુથી દીવાલ ધોળવાથી ઊધઈ થતી નથી.

**(૩૧) કાળામરી :** કેસરની ડબ્બીમાં કાળા મરીનાં દાણાં મૂકી રાખવાથી ભેજને કારણે થતી જીવોત્પત્તિ અટકે છે.

**(૩૨) તમાકુ કે લીમડાનાં પાન :** કપડાના કે પુસ્તકોના કબાટમાં તમાકુનાં અને લીમડાનાં પાન મૂકી રાખવાથી જીવાત થતી નથી.

★ માંસાહારીની એક દલીલ હોય છે કે દરેક જણ શાકાહારી થઈ જાય તો બધા માનવીઓનું શું થાય ? આ પ્રશ્ન અયોગ્ય છે. શાકાહારનું પ્રમાણ વધશે તેમ ખોરાક માટે ઉછેરાતા પ્રાણીઓની સંખ્યા ઘટશે તો જે પ્રાણીઓની જરૂર હશે તે માટે પૃથ્વી ઉપર પુરતી જમીન અને સ્ત્રોત આવેલ છે.

★ પશુ પક્ષીઓને મુંગા અબોલ કહેવા કરતા કરૂણા પાત્ર કહેવા વધુ ઉચીત છે કારણ કે તેમને પણ કુદરતે વાચા આપી જ છે અને તેઓ બોલી શકે છે. પરંતુ માનવો તેમની ભાષા સમજી શકતા નથી.

★ તાજેતરમાં મુંબઈ જીવદયા મંડળીએ જીવદયા પ્રેમીનો એવોર્ડ મુસ્લીમ સમુદાયનાં કસાઈ જાતીનાં અબરાર કુરેશીને આપ્યો. તેઓ એનીમલ વેલ્ફેર બોર્ડ માન્ય એનીમલ વેલ્ફર ઓફીસર છે. આજદિન સુધીમાં કાર્યકરો સાથે મળી જાનનાં જોખમે ૩૦૦ જેટલા કેસો કર્યા છે, હજારો પશુ પક્ષીઓને બચાવ્યા છે, કસાઈઓનું લાખો ટન માંસ પકડાવી નષ્ટ કર્યું છે. તેમના ઉપર કસાઈઓએ આજદિન સુધીમાં સત્તર જેટલા જીવલેણ હુમલા કર્યા છે અને પોલીસે પણ દસ જેટલા ખોડા કેસો કરાવ્યા છે તે છતાં તેમનું જીવદયા મીશન મુંબઈમાં ચાલુ છે.

★ ભગવાન મહાવીર ફાઉન્ડેશન મારફતે અહિંસા અને શાકાહાર ક્ષેત્રમાં સેવા આપનાર વ્યક્તિ કે સંસ્થાનું ભગવાન મહાવીર ફાઉન્ડેશન ચેન્નઈ મારફતે બહુમાન કરવામાં આવશે અને પાંચ લાખ રૂપિયાનો પુરસ્કાર આપવામાં આવશે. વેબસાઈટ www.jainindia.com

★ કેન્દ્ર સરકારની સેન્ટ્રલ લેધર રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ, કાઉન્સીલ ફોર લેધર એક્ષપોર્ટ, ફુટ ડીઝાઈન એન્ડ ડેવલપમેન્ટ ઈન્સ્ટીટ્યુટ પ્રાણીઓની કતલ કરી ચામડુ મેળવવા માટેનું સીધુ અને આડકતરુ પ્રોત્સાહન આપે છે તેનો વિરોધ કરવો જરૂરી છે.

# લીલ (નિગોદ)

ચોમાસાની ઋતુમાં મકાનના ચોગાનમાં જુની દીવાલો ઉપર કે મકાનની અગાસીમાં લીલા, કાળા, ભૂખરા વગેરે રંગની સેવાળ બાઝી જાય છે. તેનું નામ લીલ(નિગોદ). બટાટા વગેરે કંદમૂળની જેમ નિગોદ પણ અનંતકાય છે. સોયની અણી પર આવે એટલા તેના એક સૂક્ષ્મ કણમાં અનંત જીવો હોય છે. તેની ઉપર પગ મૂકીને ચાલવાથી, તેની ઉપર ટેકો દઈને બેસવાથી, તેની ઉપર વાહન ચલાવવાથી, તેની ઉપર કોઈ ચીજવસ્તુ મૂકવાથી કે તેની ઉપર પાણી ઢોળવાથી નિગોદના અનંત જીવોની હિંસા થાય છે. બટાટા અનંતકાય છે તેથી તેને જો મુખનાં બે જડબા વચ્ચે ન કચરી શકાય તો અનંતકાય એવી નિગોદને પગ નીચે કેવી રીતે કચડી શકાય ? સૂકાઈ ગયેલ નિગોદ પણ પાણી કે ભેજના સંપર્કમાં આવતાં જીવંત બની જાય છે. માટે સૂકી નિગોદવાળી જગ્યા ભીની કે ભેજવાળી ન થાય તે માટે ઘણું ધ્યાન રાખવું.

પાણી અને તડકાના કે સૂર્યપ્રકાશના કારણે લીલ ટાંકી, ચોકડી, બાથરૂમ વગેરે સ્થાનોમાં થાય છે. પાણિયારામાં પણ થાય છે. ચોકડી, બાથરૂમ વગેરે સ્થાનો, જ્યાં ફરસ સતત ભીંજાયેલી રહેતી હોય, ત્યાં લીલ થતાં પહેલાં જ દરરોજ ઈંટ ઘસતાં રહેવું, તેથી ચીકાશ જામશે નહિ. દિવસમાં એક વખત એ સ્થાનને સંપૂર્ણ કોરું થવા દેવામાં આવે તો ત્યાં લીલ કદી થાય નહિ. જે સ્થાનમાં લીલ થયેલી હોય તે સ્થાનનો ઉપયોગ બંધ કરી દેવો. થોડા સમય પછી લીલના જીવો (જતા રહેશે) ચ્યવી જશે. ત્યારબાદ તે સ્થાનનો ઉપયોગ ફરી શરૂ કરતી વખતે ઉપરની બાબત ખાસ ધ્યાનમાં લેવી.

**★ ઉપાય**

(૧) જે જગ્યા વધુ સમય ભીની રહે ત્યાં લીલ ઉત્પન્ન થાય છે. બાથરૂમ પણ આખો દિવસ ભીનું રહે તો તેમાં લીલ થઈ જાય છે. ઘરનાં વિવિધ સ્થાનો વધુ વખત ભીનાં ન રહે તેની કાળજી રાખો.

(૨) નીચે જોઈને ચાલો, રસ્તામાં ક્યાંય લીલ છવાયેલી દેખાય તો ખસીને બાજુની ચોક્ખી જગ્યા પર ચાલો.

(૩) મકાનના કમ્પાઉન્ડમાં ચાલવાના રસ્તા ઉપર લીલ ન થઈ જાય તે માટે વરસાદની ઋતુ શરૂ થાય તે પહેલાં તે રસ્તા ઉપર લીલ ઉત્પન્ન જ ન થાય તેવા ઉપાય કરો, જેવા કે...

★ લીલ ન થાય તેવી રીતે રેતી પાથરી દેવી. ★ લીલ ન થાય તેવું ફ્લોરીંગ કરી દેવું. ★ ડામરનો પટ્ટો લગાવી દેવો. ★ તૈલીય રંગનો પટ્ટો લગાવી દેવો.

(૪) એક વાર લીલ થઈ ગયા પછી તેને ઉખેડાય નહિ. સાફ કરાય નહિ, તેની ઉપર માટી કે લાદી નંખાય નહિ, રંગ કે ડામરનો પટ્ટો પણ કરાય નહિ, કુદરતી રીતે સૂકાય નહિ ત્યાં સુધી કાંઈ કરાય નહિ, વરસાદ થયા બાદ રંગ કરાય નહિ.

(૫) લાકડા ઉપર રંગ, વાર્નિશ, પૉલિશ કે દિવેલનું પોતું કરવાથી તેના પર લીલ થતી નથી.

# ફૂગ

વાસી ખોરાક તથા અન્ય પદાર્થો ઉપર સફેદ રંગની ફુગ બાઝેલી ઘણી વાર જોઈ હશે. ખાસ કરીને ફૂગ ચોમાસામાં વિશેષ થાય છે. મીઠાઈ, ખાખરા, પાપડ, વડી, અન્ય ખાદ્યપદાર્થો, દવાની ગોળી, સાબુની ગોટી, ચામડાના પાકીટ-પટ્ટાઓ, બુટ, ચંપલો, પુસ્તકના પુંઠા તથા અન્ય ચીજ-વસ્તુઓ પર ભેજને કારણે રાતોરાત સફેદ ફૂગ બાઝી જાય છે. આ ફૂગ અનંતકાય છે. તેને નિગોદ પણ કહેવાય છે.

ફૂગ ન થાય તેની કાળજી રાખવી જોઈએ. ફૂગ થયા પછી તે ચીજોનો ઉપયોગ થઈ શકે નહિ. ઘરવપરાશની અન્ય ચીજ ઉપર ફૂગ થઈ હોય તો આપમેળે ફૂગ ચ્યવી ન જાય ત્યાં સુધી તે ચીજને ઉપયોગમાં ન લેવાય, તે વસ્તુનો સ્પર્શ પણ ન કરાય, તે વસ્તુને અહીં-તહીં ફેરવાય નહિ અને તડકે મુકાય નહિ.

મોટા ભાગની એન્ટીબાયોટીક દવા જેવી કે પેનિસિલીન ફૂગમાંથી જ બનાવાય છે માટે એવી દવાઓનો ત્યાગ કરવો જોઈએ.

**★ ઉપાય**

(૧) ખાદ્યપદાર્થોને ચુસ્ત ઢાંકણવાળા સાધનોમાં બંધ કરીને રાખો.

(૨) ફૂગ થાય તેવા પદાર્થોને ભેજવાળા વાતાવરણમાં ન રાખો. ડબ્બામાંથી વસ્તુ કાઢવા હાથ જરાપણ ભીનો ન હોવો જોઈએ.

(૩) ચોમાસામાં વડી-પાપડ વગેરે ચીજોનો ત્યાગ કરો. ત્યાગ શક્ય ન હોય તો તે જ દિવસનાં તાજાં બનાવેલાં વડી-પાપડ જ વાપરો.

(૪) મીઠાઈ વગેરે વાપરતાં પહેલાં બરાબર ચકાસી લો કે તેના ઉપર ફૂગ તો નથી થઈ ને ? લાડવા વગેરે ભાંગીને ચોકસાઈ કરી લેવી.

(૫) ફૂગ લાગી ગઈ હોય તેવી ચીજને છાંયડે એક બાજુ મૂકી રાખો. તે ચીજને કોઈ અડે નહિ તેનું ધ્યાન રાખો.

(૬) બજારનાં તૈયાર વડી-પાપડ, સૂકવણી કે મીઠાઈ આદિ ખાવાં નહિ.

(૭) છૂંદો-મુરબ્બો વગેરેને તડકે મૂકવામાં કે ચૂલે ચડાવવામાં કચાશ રહી ગઈ હોય તો ફૂગ થવાની શક્યતા છે.

(૮) ગરમ ગરમ મીઠાઈ ડબ્બામા ંભરી દેવાથી ફૂગ થવાની શક્યતા છે.

(૯) બુંદીમાં ચાસણી કાચી રહી હોય તો ફુગ થઈ જાય છે. લાડવા પાણીવાળા હાથે વાળવા નહિ.

ફૂગને ભેજ સાથે સીધો સંબંધ છે. ફૂગના રજકણો હવામાં હોય છે જ અને ભેજવાળા અનુકૂળ વાતાવરણમાં એની ઉત્પત્તિ ઝડપથી થાય છે. ફૂગવાળો ખોરાક કદી ખાવાના ઉપયોગમાં લેવો નહિ. ફૂગ ઝેરી પણ હોય છે. ક્યારેક લાકડામાં કે બીજી કોઈ વસ્તુ ઉપર પણ ફૂગ જામે છે. જ્યાં સુધી કુદરતી રીતે વાતાવરણ બદલાઈને ફૂગ નિર્જીવ ન બને ત્યાં સુધી તે વસ્તુનો ઉપયોગ કરવો નહિ.

★ માંસાહાર કરવા વાળા એક વ્યક્તિને ૧.૬૩ એકર જમીન જોઈએ છે, જ્યારે શાકાહારી માણસને ફક્ત ૦.૫૦ એકર જમીન જોઈએ. માંસાહાર માટે પશુઓને પોષવામાં ઘણુ અન્ન વપરાઈ જાય છે. એક રતન માંસ માંસાહારી દેશમાં માનવીને ખવડાવવા જેટલું અન્ન જોઈએ તેના કરતાં અનેક ગણું અન્ન માંસાહારીને માંસ પુરુ પાડવા ઉછેરાતા પશુઓને ખવડાવવું પડે છે.

★ મુંબઈ જીવદયા મંડળી મારફતે દર વર્ષે રૂા. ૧૧ લાખના વ્યાજની રકમ જીવદયાનાં ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામ કરનાર વ્યક્તિને એવોર્ડ તરીકે આપવામાં આવશે.

★ ગયા વર્ષે નાણાં-પ્રધાને એટલાન્ટીક સાલ્મોન નામની ગુલાબી રંગની માછલીની આયાત ઉપરની ડ્યુટી ૩૦ ટકાથી ઘટાડી ૧૦ ટકા કરી નાખી છે. આમ માછલી ખાવા માટે આડકતરી રીતે નાણાં-પ્રધાને પ્રોત્સાહન આપ્યું છે.

★ સજેસ્ટેડ વાંચન/સી.ડી.

૧. ફાસ્ટ ફુડ નેશન. લેખક : એરીક ક્લોઝર

૨. ડોન્ટ ઈન ધી એનીમલ્સ. લેખક : જેનીફર હોર્સમેન

૩. ધી વે વી ઈટ. લેખક : પ્રો. પીટર સીંગેરે, પ્રકાશક : રોડાલે પ્રેસ

૪. ઈન્સાન યા ચલતા ફીરતા સંસ્થાન (વી.સી.ડી.) જીવ સેવા સંસ્થાન, ભોપાલ.

(૧) ભોજનપાત્રો ધોઈને પીવાં. એંઠી થાળીમાં ૪૮ મિનિટ પછી સંમુર્છિમ જીવો ઉત્પન્ન થાય છે.

(૨) પાણીની ટાંકીમાં સૂર્યપ્રકાશ જવાથી તેમાં લીલ તથા અન્ય જીવાતો થાય છે. તેથી ટાંકી હવાચુસ્ત રાખવી. નિયત સમયગાળે ટાંકી સાફ કરાવતા રહેવું.

(૩) પક્ષીઓના પાણીનું કુંડું, તથા પશુ માટેની પાણીની હવાડી નિયમિત સાફ કરાવવી કે જેથી તેમાં જીવાત, લીલ ન થાય. તેવી જ રીતે ચણની છાબડી નિયમિત પાણીથી ધોઈ સાફ કરવી.

(૪) ચબૂતરામાં દરરોજનું વપરાય તેટલું જ ચણ નાખવું. વધુ નાંખવાથી અનાજ સડે અને જંતુ ઉત્પન્ન થાય.

# પાણી (અપ્કાય)

પાણીમાં જીવ છે તે જુદાં, પાણી પોતે જ જીવરૂપ છે. કાચા પાણીનું દરેક ટીપું અસંખ્ય અપ્કાય જીવસ્વરૂપ છે. પાણીનો બેફામ અને નિરર્થક ઉપયોગ ન જ કરાય.

પાણીમાં રહેલ જીવો અત્યંત સૂક્ષ્મ શરીરવાળા હોવાથી એક બિંદુમાં સમાઈ જાય છે, પરંતુ તે બધા જો કબૂતર જેવડું શરીર ધારણ કરે તો એક બિંદુમાં રહેલા પાણીના જીવો આખા જંબૂદ્વીપમાં પણ ન સમાય.

અણગળ પાણીનાં બિંદુમાં ઘણા ત્રસ જીવો પણ હોય છે. પાણી ઢોળાયેલું રહેવાથી ગંદકી થાય અને મચ્છર વગેરે અનેક જીવો પેદા થાય. પાણી એક જગ્યાએ વધારે પડ્યું રહે તો તેમાં લીલ-સેવાળ બાઝી જાય. એઠું પાણી બે ઘડીથી વધારે રહે તો તેમાં સમૂર્ચ્છિમ જીવ ઉત્પન્ન થાય, બેઈન્દ્રિય જીવો ઉત્પન્ન થાય. જમીન ઉપર પાણી ઢોળાવાથી કોઈ લપસી જાય કે પડી પણ જાય. પાણી ને ખુલ્લું મૂકી રાખવાથી ઊડતાં જીવજંતુ તેમાં પડીને ડૂબી મરે.

સમુદ્ર કિનારે ફરવા જનારા કિનારાના ઊછળતાં મોજાં જોવા આનંદથી ઊભા રહે તો એને આખા સમુદ્રના પાણીના ઉપભોગની અનુમોદના લાગે. ઉપરથી પાણીના અસંખ્ય જીવો તથા છીપ વગેરે હણાય તેની પણ અનુમોદના લાગે.

સાબુ એ અપ્કાય જીવો માટે શસ્ત્ર છે. એક્વાપાર્ક, વૉટરપાર્ક, વૉટરસીટી કે સ્વીમીંગ પુલમાં નાહવાથી પણ અસંખ્ય અપ્કાય જીવોની હિંસાનું પાપ લાગે છે.

વૈજ્ઞાનિક સંશોધન પ્રમાણે ★ એક ટીપા અણગળ પાણીમાં હરતાફરતા છત્રીસ હજાર જેટલા જીવો હોય છે.

પાણીની અછતને કારણે ઘણા વિસ્તારોમાં લોકોને પાણી માટે ૭ થી ૧૦ દિવસ સુધી રાહ જોવી પડે છે. જે ગામમાં પાણીની અછત હોય તેવા ગામના જુવાનિયાઓને પરણવા માટે છોકરી આપવા મા-બાપ તૈયાર થતાં નથી. પાણીની અછતના કારણે જમીન ક્ષારવાળી અને બંજર બનતી જાય છે. વૃક્ષો અને જંગલોના વિનાશ માનવો દ્વારા થવાથી ચોમાસાનું તંત્ર અસ્તવ્યસ્ત થઈ જાય છે અને તાપમાનમાં પણ વધારો થયો છે. ભૂકંપ થવાનું એક કારણ ભૂસ્તરમાં જળ નીચું જવાનું પણ છે. અમુક ચોક્કસ સ્તરથી નીચા સ્તરનું પાણી સ્વાસ્થ્ય માટે હાનિકારક હોવાને લીધે આગળ બોરિંગનું કામકાજ બંધ કરવું જોઈએ. ઈન્ડિયન નેશનલ કમિટિ ઑન ઈરીગેશન અને ડ્રેનેજ (૧૯૯૬)ના અહેવાલ મુજબ ૭૪% વરસાદનું પાણી નકામું જાય છે અને અમુકમાં બાષ્પીભવન થઈ જાય છે. ફક્ત ૧૦% જ પાણી જમીનમાં ઊતરે છે. આઝાદીના ૫૫ વર્ષ પછી પણ દેશના

નાગરિકો કે જે મધ્યમ અને નીચલા વર્ગમાંથી આવે છે તેઓ જે પાણી પીવા માટે ઉપયોગમાં લે છે, તે સ્વાસ્થ્ય માટે હાનિકારક હોય છે. પાણી તંદુરસ્તી માટે જરૂરી છે, પણ નીચી ગુણવત્તાવાળા પાણીના વપરાશથી અનેક પ્રકારના રોગો થાય છે. જેમ કે, પથરી વગેરે. આર્થિક સમસ્યાને કારણે તેઓ ચોખ્ખા પાણીની બોટલો ખરીદી શકતા નથી. આ વર્ગના આશરે ૯૦% લોકો છે. ફિલિપાઈન્સ, જાપાન, કેન્યા, થાઈલેન્ડ, તુર્કી જેવા દેશોમાં દરેક ઈમારતમાં વરસાદી પાણીનો સંગ્રહ ફરજિયાત રીતે કરવાની પ્રથા છે. મહારાષ્ટ્ર, દિલ્હી અને રાજસ્થાનમાં પણ આ પદ્ધતિથી વરસાદી પાણીનો સંગ્રહ કરવાની ફરજ પાડેલ છે. પાણીની અછતના કારણે ઘણાં ઢોરના મૃત્યુ થાય છે, અથવા ઘણા ઢોરને કતલખાનામાં મોકલવામાં આવે છે. ઢોરોના વિનાશને કારણે તેની પ્રતિકૂળ અસર ખેતી સિંચાઈમાં અને કામકાજ પર પડે છે. અપૂરતી પાણી વ્યવસ્થાને કારણે બે રાજ્યો વચ્ચે પાણીની વહેંચણી બાબતે મોટો વિવાદ ઊભો થતો હોય છે. એક રિપોર્ટ મુજબ દર વર્ષે પાણીનું સ્તર આશરે ૩૦ થી ૩૫ ફૂટ નીચું જાય છે. જે અત્યારે જમીનમાં પાણી સ્તર આશરે ૩૫૦ ફૂટ ઊંચું થયું છે. અમદાવાદનાં પાણીનું ટી.ડી.એસ. ૧૪૦૦ થી ૧૫૦૦ છે અને એ ઉપયોગ કે વપરાશ માટે સુરક્ષિત નથી. મેં સમાચાર પત્રમાં વાચ્યું હતું કે ભાવનગરના લોકોને થોડા દિવસો પાણી ન મળવાથી ૧૭-૪-૨૦૦૦ના રોજ તેમણે આંદોલન કર્યું હતું. તેમણે એસ.ટી બસોને નુકસાન કર્યું હતું અને પોલીસ કોન્સ્ટેબલને જીવતો જલાવી નાખવાની કોશિશ કરી હતી. અમદાવાદના સાવલિયા રીસર્ચ સેન્ટરના રાવજીભાઈ સાવલિયા આખા વર્ષના વપરાશ માટે વરસાદી પાણીનો સંગ્રહ કરે છે. અમદાવાદમાં આવેલા સેટેલાઈટ વિસ્તારના શરણમ્ બંગલાની યોજનામાં એક બંગલામાં બાથરૂમ અને રસોડામાં વપરાયેલું પાણી ખાસ બનાવેલી ટાંકીમાં એકત્ર કરવામાં આવે છે. તે પાણી ફુલ-છોડને પીવડાવવા માટે અને સંડાસ સાફ કરવા માટે વાપરવામાં આવે છે. આના લીધે પાણીના બોર પર ૬૦ થી ૭૦% ભાર ઓછો થાય. આ પરિસ્થિતિના આધારે પાણીની સમસ્યા દૂર કરવા માટે પાણીનો સંગ્રહ કરવાનું અને પાણીનો બગાડ થતો અટકાવવાનું મેં નક્કી કર્યું છે. જેની શરૂઆત મેં મારા ઘરથી કરી છે. ૧૪,૫૦૦ લીટરનો એક ટાંકો બનાવી તેમાં વરસાદી પાણીનો સંગ્રહ કરવાની વ્યવસ્થા કરી છે. વિશેષ ટ્રેનો દ્વારા અથવા પાઈપ દ્વારા પાણી પહોંચાડવાનો કરોડો રૂપિયાનો ખર્ચ સરકાર કરે છે. તેનો બોજો પરોક્ષ કર દ્વારા સામાન્ય નાગરિક પર પડે છે. તેનાથી લોકોની જીવનશૈલી પર આર્થિક બોજ પડે છે.

સામાન્ય વપરાશમાં આજના સમયમાં પાણી ખૂબ કિંમતી બનતું જાય છે. સોફ્ટ ડ્રીંક્સ કરતા પાણી મોંઘુ પડે છે. કેટલાંક રાજ્યને પોતાનાં ઘણાં ગામડાઓમાં પાઈપ દ્વારા અને

દૂરના સ્થળોમાં ટ્રેઈન દ્વારા પાણી મોકલવાનો ભારે વહીવટી ખર્ચ ભોગવવો પડે છે. સિંચાઈ યોજનાઓ બનાવવા અને તેના અમલીકરણમાં કરોડો રૂપિયા ફાળવવામાં આવે છે. પાણી પોંહચાડવા પાછળ વધારે રકમ ફાળવવાને કારણે બીજી મહત્ત્વની યોજનાઓ પર અસર પડે છે, તેથી બહારના દેશો પાસેથી અબજો રૂા.ની લોન લઈ આપણે તેમની ગુલામી કરીએ છીએ.

ઉપર મુજબના સંજોગોને ધ્યાનમાં લેતાં પાણીનો બગાડ થતો અટકાવવા માટે નીચે મુજબના મુદ્દા લક્ષમાં લેવા જરૂરી છે.

(૧) પાણીના વપરાશનું મૂલ્યાંકન કરી તેના પર ચાર્જ લેવો જોઈએ. ભલે પછી એ વ્યક્તિગત હોય કે કોઈ સંસ્થા (સરકારી અને બિનસરકારીનો સમાવેશ) હોય. જેમકે વીજળીના વપરાશ માટે મીટર છે, તેવી જ રીતે પાણીના વપરાશ અંગે મીટર હોવું જોઈએ. વધારે પાણીના વપરાશ પર વધારે કિંમત ચૂકવવાથી લોકો પાણીનો વપરાશ ઓછો કરશે અને પાણીનો બગાડ થતો અટકશે. જ્યાં સુધી પાણીના વપરાશ પર મીટર મૂકવામાં ન આવે ત્યાં સુધી કામ ચલાઉ કર પાણી પર લાદવો જોઈએ. વૈજ્ઞાનિક સંશોધન મુજબ પાણીના એક ટીપામાં ૨૬૦૦૦થી પણ વધુ સૂક્ષ્મ જીવો હોય છે. પાણીના વધારે વપરાશથી અસંખ્ય જીવો નાશ પામે છે, તે નૈસર્ગિક સંપત્તિઓનું અસંતુલન ઊભું કરે છે.

(૨) જે રીતે આપણે આખા વર્ષ માટે અનાજ અને મસાલાનો સંગ્રહ કરીએ છીએ તેજ રીતે આપણે પાણીનો પણ સંગ્રહ કરી શકીએ. વરસાદી પાણીનો સંગ્રહ ફરજિયાત બનાવવો જોઈએ. ચોમાસામાં દરેક ઘરના રહેવાસી સરકારી કે અર્ધસરકારી અથવા ખાનગી સંસ્થાઓએ વરસાદી પાણીનો સંગ્રહ કરવાની પદ્ધતિ અપનાવવી જોઈએ. જે ઘરના માલિકો પાસે જગ્યા હોય તેમણે પાણીનો સંગ્રહ કરવા માટે ટાંકો બનાવવો જોઈએ. જો તેમની પાસે જગ્યા ન હોય તો સોસાયટી કે રસ્તાની જાહેર જગ્યા પર સમૂહમાં એક મોટો ટાંકો બનાવવો તેમાં પાઇપ દ્વારા ટાંકામાં પાણીનો સંગ્રહ કરવો જોઈએ. જો વિશાળ જગ્યા ન હોય તો પાઈપ દ્વારા બોરવેલમાં પાણી ઉતારવાથી આજુબાજુના વિસ્તારમાં પાણીનું સ્તર ઉંચું આવશે અને ભૂજળમાં અને તેની ગુણવત્તામાં વધારો થશે.

(૩) પાણીનું મહત્ત્વ, પાણીના બગાડની હાનિકારક અસરો, સ્વચ્છ અને સારા પાણીને સુરક્ષિત રાખવાનું મહત્ત્વ, જમીનનું ક્ષારવાળું વાસી પાણી વાપરવાથી થતી હાનિકારક અસરો, પાણીની અછતને કારણે અર્થવ્યવસ્થા પર પડતી અસરો, પાણીનો બગાડ અને

તેના વપરાશ પર નજર રાખવી વગેરે દૃષ્ટિકોણ બાબત શિક્ષિત લોકોની એક સમિતિ બનાવવી જોઈએ, જે આવી બાબતો અંગે અન્યોને જાણકારી આપે.

(૪) પાણીનો બગાડ કરનારને નાણાંકીય દંડની સજા કરવામાં આવે. જો તે દંડ ન ભરે તો જેલની સખત સજા કરવી જોઈએ.

(૫) આપણા ઘરથી જ વપરાયેલા / બગડેલા પાણીનો ફરીથી વપરાશની શરૂઆત કરવી જોઈએ. રસોડામાં વપરાયેલું પાણી બગીચામાં વાપરવું જોઈએ. લાદી(ફ્લોરિંગ) સાફ કરેલા પાણીનો નિકાલ બગીચામાં કરવો જોઈએ ઈકો-ફ્રેન્ડલી સાબુ વાપરવો જોઈએ. બાથરૂમમાં નાહવા માટે વપરાયેલા પાણીનો બગીચામાં જ નિકાલ કરવો જોઈએ. ગટરના પાણી ફરીથી વાપરી શકાય તે માટે મ્યુનિસિપાલિટીએ વ્યવસ્થા કરવી જોઈએ. વપરાયેલા પાણીને હંમેશાં ફરીથી વાપરવું જોઈએ.

(૬) ઔદ્યોગિક કારખાનાં, જાહેર જગ્યા, મોટી ઈમારતો, ખાનગી, સરકારી, અર્ધ-સરકારી અને અદાલતી મકાનોમાં હંમેશા બાથરૂમ અને શૌચાલયમાં સતત પાણીનો બગાડ થાય છે. ટપકતા નળ માટે કોઈને પડી હોતી નથી. પાણીનો યોગ્ય વપરાશ અને બગાડ થતો અટકાવવા માટે દરેક જગ્યાએ ખાસ માણસો દેખરેખ અને ધ્યાન રાખવા માટે રાખવા જોઈએ. તેઓએ વરસાદી પાણીનો ફરજિયાત સંગ્રહ કરવો જોઈએ રસોડા, બાથરૂમનું પાણી બગીચામાં વાપરવું જોઈએ.

(૭) જાહેર જગ્યાઓ, મુખ્ય રસ્તાઓ, મોટા મેદાનોમાં વરસાદનું પાણી ભરાવાની સામાન્ય સમસ્યા છે. આખરે પાણી નકામું થઈ જાય છે. પાણી ભરાવાને કારણે ઘણી સમસ્યાઓ ઉત્પન્ન થાય છે. જેમકે ટ્રાફિકની સમસ્યા, મચ્છરોનો ઉપદ્રવ, મોટી ઈમારતોમાં પાણી ભરાવાથી તેની મજબૂતાઈમાં ઘટાડો થાય છે. ઘણાં વિસ્તારોમાં બાંધકામને કારણે મોટા ખાડા ભૂવા થાય છે. આવું પાણી જે તે જગ્યાએ ભૂગર્ભમાં ઉતારવાનું જે - તે જમીનમાલિક માટે ફરજિયાત બનાવવું જરૂરી છે.

(૮) શહેરી વિસ્તારોમાં નાનાં તળાવો બાંધવા માટે લોકોને પ્રોત્સાહિત કરવા જોઈએ. સરકાર આશ્રિત રહેવાનું ટાળવું જોઈએ. સરકારી જમીનો મોટી સંખ્યાઓ કે ખાનગી કંપનીઓને તળાવ બાંધવા માટે સહાય આપવી જોઈએ. અને તેઓને પ્રોત્સાહીત કરવા સરકારી આવકવેરામાં રાહત આપવી જોઈએ. (જોકે તળાવ બાંધવું એય ઘણું હિંસાત્મક કૃત્ય છે.)

(૯) ભૂગર્ભજળને પ્રદૂષિત કરનાર કે રસાયણયુક્ત ગંદુ પાણી છોડનાર કારખાનાઓને તુરંત બંધ કરવાં જોઈએ.

(૧૦) હોટલો અને રેસ્ટોરન્ટમાં પાણીનો કેટલો વપરાશ થાય છે તેની તપાસ કરવી જોઈએ.

(૧૧) બધા વોટરપાર્કોને બંધ કરવા જોઈએ.

(૧૨) જૈવિક ખેતીને પ્રોત્સાહિત કરવી જોઈએ. ખેતીના ઉત્પાદનમા ંજુદા જુદા રસાયણો વપરાતાં તેમાં પાણીની જરૂરિયાત વધે છે. જૈવિક ખેતીમાં પાણી ઓછું વપરાય છે. ટપક પદ્ધતિથી જમીનની કાયમ સિંચાઈ કરવી જોઈએ. ઓછા પાણીની જરૂરિયાતવાળા છોડ વાપરવા જોઈએ. દરેક ખેતરમાં અમુક ચોક્કસ જગ્યામાં પાણીનો સંગ્રહ કરવો જોઈએ. ખેતરમાં તલાવડી અને કૂવા ખોદવા માટે આર્થિક સહાય આપવી જોઈએ.

(૧૩) છેલ્લે થોડાં વર્ષોથી સરકારે ચેકેડમો બાંધવા માટે લોકોને પ્રોત્સાહિત કર્યા છે. પાણી જાળવણી નીતિ એક સારુ પગલું છે. બિનઉપયોગી કે બંધ પડેલા ચેકેડેમોને પણ તપાસવા જોઈએ.

(૧૪) શહેરી વિસ્તારોમાં કૂવા બાંધવાનું બિલકુલ વિસરાઈ ગયું છે. કુવા બાંધવાના કાર્યનો પ્રોત્સાહન આપી કૂવાઓને દર વર્ષે વરસાદી પાણીથી પુનઃકાર્યરત કરવા જોઈએ.

(૧૫) પાણી પીવાના ગ્લાસની સાઈઝ નાની રાખવી જોઈએ.

(૧૬) અત્યારની પંચાયતો શહેરી સત્તામંડળોએ કાયદો ઘડ્યો છે. કે નવાં બંધાયેલાં મકાનોમાં વરસાદી પાણીનો સંગ્રહ કરવાની પદ્ધતિ ફરજિયાતપણે અપનાવવી જોઈએ. આ કાયદો સારો છે પણ તેનો તમામ મિલકતો બાબત અમલ થઈ શક્યો નથી. નિષ્ણાતોની સમિતિ બનાવવી જે નક્કી કરી શકે કે કઈ મિલકતમાં વરસાદી પાણીનો સંગ્રહ કરવાની શક્યતા છે કે નહીં પાણી સંગ્રહની ફરજ ફક્ત હાલ બંધાઈ રહેલ મિલકતો પૂરતી મર્યાદિત ન રાખતાં ભૂતકાળમાં બંધાઈ ગયેલ મિલકતો બાબતે પણ ફરજ પાડવી જરૂરી છે. કારણ, પાણીનો વપરાશ તેઓ પણ કરે છે.

(૧૮) પાણી ગાળવું (સંખારો) : અણગળ પાણી કદી વાપરવું નહિ. કૂવા, નદી, વાવ કે તળાવમાંથી લીધલું પાણી જાડા કપડા વડે ગાળવું. પાણીમાંના બેઈન્દ્રિય કે ત્રસકાય (હાલતાં-ચાલતાં) જીવો કપડાના ગળણા ઉપર રહી જશે. આ બાબતને સંખારો કહે છે. ★ સંખારો કદી સુકાવા દેવાય નહિ. તે સુકાય તો બધા બેઈન્દ્રિય જીવો પાણી વિના મરી જાય. ★ આ બેઈન્દ્રિય જીવો બીજા પાણીમા ંજાય તો પણ મરી જાય, એટલે આ સંખારો તેનાથી જ ગાળેલા પાણીને તેની ઉપર ધીરે ધીરે રેડીને જે જળાશયમાંથી પાણી લીધું હોય તે જળાશયમાં જે સ્થાન પરથી પાણી લીધું હોય તે જ સ્થાનમાં સંખારાનું પાણી નાંખવું ★ સંખારો કાઢ્યા પહેલાં કપડાને

છેડેથી જ પકડવું. સંખારાવાળા ભાગને આપણો કર્કશ હાથ અડવાથી જીવો મરી જાય છે. ★ શહેરોમા ંજ્યાં નળ હોય છે ત્યાં કોથળી બાંધવામાં આવે છે પણ તે ઉચિત નથી. કપડાનો એક માપસરનો ટુકડો નળ ઉપર વીંટાળવો. પાણી ગાળીને જરૂર પૂરતું ભરી લેવું અને પછી કપડાના ટુકડા પરનો સંખારો ખાળમાં કાઢી કપડું સૂકવવું. (બીજો કોઈ જ ઉપાય નથી. સંખારાને કોઈ સંજોગમાં સુકાવા દેવાય નહિ. કોથળી બાંધેલી હોય તો સંખારો સુકાઈ જાય છે, કાઢી શકાતો નથી. કોથળી ખોલીને કાઢવા જતાં કોથળી ઊલટાવવી પડે જેમાં હાથના સ્પર્શથી જીવો મરી જાય. એટલે કપડાનો ટુકડો જ જોઈએ અને સંખારો ખાળ ઉપર કાઢવો પડે.) ★ ઘરમાં એકથી વધુ નળ હોય તો દરેક ઉપર દરેક વખતે પાણી લેતી વખતે આમ કરવું જ પડે. જો તેમ ન કરવું હોય તો એક સિવાય બાકીના તમામ નળ બંધ કરવા. દરરોજના ઉપયોગ જેટલું ગાળેલું પાણી એક સાથે સવારે ભરવાની વ્યવસ્થા કરવી અને તે જ પાણીનો દિવસ દરમિયાન ઉપયોગ કરવો. નળ ને ફરીથી બને ત્યાં સુધી ખોલવો ન પડે અને ખોલવો પડે તો કપડાનો ટુકડો ત્યાં નજીકમાં હાજર જ હોય એવી વ્યવસ્થા રાખવી.

(૧૭) બાથરૂમના ફ્લશ વેળા એક તો એમાં અણગળ પાણી વપરાય અને તેની માત્રા ય ઘણી હોય છે તેથી ફ્લશ વેળા ઓછા પાણીથી સંડાસ ચોખ્ખું થાય અને ગાળીને પાણી વપરાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

(૧૮) ગીઝરમાં અણગળ પાણી જ સીધું ગરમ થઈ જવાથી હજારો લાખો જીવો બળીને ભડથું થઈ જાય છે. વૉટર કૂલર વગેરેમાં પાણીમાં રહેલા જીવોની પુષ્કળ વિરાધના થાય છે. પાણીના વાસણો ખુલ્લાં રાખવાથી પણ તેમાં ઘણા જીવો પડીને મરી જાય છે. પાણી બંધિયાર રહેવાથી તેમાં દેડકા-માછલી જેવા પંચેન્દ્રિય જીવો પણ ઉત્પન્ન થવાની સંભાવના રહે છે.

(૧૯) હિંસાજન્ય પાપથી બચવા માટે પાણીનો ઉપયોગ ઓછામાં ઓછો કરો, પાણી ઘીની જેમ વાપરો.

(૨૦) નળ ખુલ્લો વહેતો ન રાખો.

(૨૧) દાઢી કરવા, દાતણ કરવા, સ્નાન કરવા, હાથ-મોં ધોવા, કપડાં ધોવા, વાસણ માંજવા કે અન્ય કોઈ પણ કાર્ય માટે જરૂર પૂરતું પાણી એક ગ્લાસ, ટબ કે બાલદીમાં લઈને જ તે કાર્ય પતાવો. આ બધી પ્રવૃત્તિ નળ ખુલ્લો રાખીને ન કરો.

(૨૨) વારંવાર નાહવાની અને વારંવાર હાથ મોં ધોવાની ટેવ છોડો.

(૨૩) પાણી ન ઢોળાય તેની કાળજી રાખો.

(૨૪) પાણીના વાસણ ખૂલ્લાં ન રાખો.

(૨૫) પાણીના નળ લીક ન થતાં હોય તેનું ધ્યાન રાખો. નળ બને તેટલા ઓછા રાખો.

(૨૬) ઘર બંધ કરીને બહાર જતાં પહેલાં ચકાસી લો કે કોઈ નળ ખુલ્લો તો રહી ગયો નથી ને !

(૨૭) ઠંડુ અને ગરમ પાણી ભેગું ન કરો.

(૨૮) સાબુનો ઉપયોગ બને તેટલો ટાળો.

(૨૯) વરસાદમાં જાણી જોઈને પલળવું નહિ.

(૩૦) પાણીના ફુગ્ગા ભરીને ફોડવા નહિ. હોળી, ધૂળેટીમાં પણ પાણીનું રંગ વગેરે સાથે મિશ્રણ કરવાથી ઘણા જીવો મરે છે.

(૩૧) વરસાદનું પાણી ભરાઈ ગયા હોય તેવા માર્ગમાં ચાલવું અનિવાર્ય જ હોય તો પગ ઘસડીને ન ચાલવું, પણ દરેક ડગલે પગ ઊંચો કરી પછી મૂકવો.

(૩૨) અપ્‌કાય જીવોની રક્ષા માટે ત્રણ ઊભરા લાવી ઉકાળેલું પાણી પીવાનો આગ્રહ રાખો.

(૩૩) દરેક કાર્યમાં પાણી ગાળીને જ વાપરો.

(૩૪) ઘરની બહાર જવાનું થાય ત્યારે ગાળેલા પાણીનું સાધન સાથે રાખો, જેથી ક્યાંય અણગળ પાણી વાપરવું ન પડે.

(૩૫) કરા પણ અપ્‌કાય છે. તેનું ભક્ષણ અને તેનો સંગ્રહ ન કરો.

(૩૬) કપડાં ધોવા ધોબીને કે લોન્ડ્રીમાં ન આપો.

(૩૭) શાવરબાથનો ઉપયોગ ન કરો.

(૩૮) હોટલોમાં, બજારૂ વાનગીઓ, ઠંડા પીણાં વગેરેમાં અણગળ પાણી વપરાતું હોવાથી તેનો ત્યાગ કરો.

(૩૯) ફ્રીજનું કે વૉટર-કુલરનું પાણી ન પીઓ.

(૪૦) બિસલેરી વગેરે મીનરલ વૉટરનો ત્યાગ કરો.

(૪૧) ફ્રીજ એટલે અપ્‌કાય જીવોનું કતલખાનું, રોગનો ભંડાર, અભક્ષ્ય-વાસી સેવનની જનની, એનો સદંતર ત્યાગ કરો.

# પાણી ઊકળેલું (અચિત્ત થયેલું) ક્યારે ગણાય ?

અગ્નિ ઉપર ઉકાળવા મૂકેલા પાણીમાં ત્રણ (૩) ઊભરા (ઉકાળા) આવે ત્યારે જ પાણી બરાબર ઊકળેલું એટલે અચિત્ત થયેલું ગણાય. ત્રણ ઉકાળા આવ્યા વગરનું ઊનું પાણી મિશ્ર ગણાય છે.

**ઉકાળેલા પાણીનો કાળ**

(ઉકાળેલું પાણી અચિત્ત રહેવાના કાળની મર્યાદા)

૧. ચોમાસામાં (અષાડ સુદ ૧૫થી કારતક સુદ ૧૪ સુધી) ૩ (ત્રણ) પહોર

૨. શિયાળામાં (કારતક સુદ ૧૫થી ફાગણ સુદ ૧૪ સુધી) ૪ (ચાર) પહોર

૩. ઉનાળામાં (ફાગણ સુદ ૧૫થી અષાડ સુદ ૧૪ સુધી) ૫ (પાંચ) પહોર

દિવસ : દિવસ એટલે સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીનો કાળ

રાત : સૂર્યાસ્ત થતાંની સાથે જ રાત્રિ શરૂ થઈ જાય.

પહોર (પ્રહર) : પહોર એટલે દિવસનો ચોથો ભાગ.

દિવસ નાનો-મોટો થાય એમ પહોર પણ નાનો-મોટો થાય.

૧. ચોમાસામાં દિવસ જ્યારે અંદાજે ૧૨ કલાકનો હોય ત્યારે પહોર અંદાજે ૩ કલાકનો હોય.

૨. શિયાળામાં દિવસ જ્યારે અંદાજે ૧૧ કલાકનો હોય ત્યારે પહોર અંદાજે ૨।। કલાકનો હોય.

૩. ઉનાળામાં દિવસ જ્યારે અંદાજે ૧૩ કલાકનો હોય ત્યારે પહોર અંદાજે ૩। કલાકનો હોય.

ઊકળીને તૈયાર થયેલું અને સળગતા ચૂલા પરથી ઉતારેલું ઉકાળેલું પાણી

૧. ચોમાસામાં અંદાજે ૯ કલાક અચિત્ત રહે.

૨. શિયાળામાં અંદાજે ૧૧ કલાક અચિત્ત રહે.

૩. ઉનાળામાં અંદાજે ૧૫ કલાક અચિત્ત રહે.

વિશેષ નોંધ : શિયાળામાં પાણીનો કાળ ૪ પહોરનો એટલે સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીનો જ હોવાથી સૂર્યોદય બાદ ઓછામાં ઓછી ૧૫ મિનિટ વીત્યા પછી જ પાણી ચૂલા પરથી ઉતારવું જોઈએ. સૂર્યોદય પહેલાં ઉતાર્યું હોય તો સૂર્યાસ્ત પહેલાં કાચું થઈ જાય. (વિશેષ ગુરુગમથી જાણવું).

**– પૂ. મુનિરાજશ્રી હિતવિજયજી મહારાજ**

અચિત્ત = જીવરહિત

સચિત્ત = જીવતત્ત્વવાળું

# સંમૂર્ચ્છિમ જીવોને ઓળખો

માણસના મળ, મૂત્ર, થૂંક, પરસેવો, લોહી, માંસ, પરુ વગેરે તમામ અશુચિ પદાર્થો શરીરથી છૂટા પડ્યા બાદ બે ઘડી (૪૮ મિનિટ)માં ન સુકાય તો તેમાં અદૃશ્ય કાયાવાળા સૂક્ષ્મ શરીરવાળા પંચેન્દ્રિય સંમૂર્ચ્છિમ જીવો ઉત્પન્ન થઈ જાય છે. આ જીવો એક સાથે અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. આ જીવોનું આયુષ્ય બે ઘડીનું પણ હોતું નથી.

એક વાર એમાં ઉત્પત્તિ ચાલુ થયા પછી જ્યાં સુધી એ સુકાય નહિ ત્યાં સુધી એમાં લાંબો સમય સુધી ઉત્પત્તિ-વિનાશ ચાલ્યા કરે છે.

શરીરમાંથી બહાર આવેલી અશુચિ જો બે ઘડીની અંદર સુકાઈ જાય તો એમાં સમૂર્ચ્છિમ જીવો ઉત્પન્ન થતા નથી. એંઠા વાસણો, એંઠો દાણો, એંઠું પાણી અને એંઠવાડમાં પણ અસંખ્ય સંમૂર્ચ્છિમ જીવો ઉત્પન્ન થાય છે.

સંમૂર્ચ્છિમ જીવો આપણી બેદરકારી, ઉપેક્ષા કે શહેરોની ગટર વ્યવસ્થાને કારણે ઉત્પન્ન થાય છે. સંમૂર્ચ્છિમ જીવો ઉત્પન્ન ન થાય તે માટે શક્ય તેટલી વધુ કાળજી રાખી બે ઘડી વીતી ગઈ હોય તેવા એંઠવાડ અને અશુચિ ફેંકવાનાં સ્થાનો સંમૂર્ચ્છિમ જીવોથી યુક્ત હોય છે એમ સમજીને શક્ય તેટલી જયણા પાળવાનો પ્રયત્ન કરવો.

**યાદ રહે કે :** એકેન્દ્રિય એટલે પૃથ્વી, અપ્‌કાય આદિ અને વિક્લેન્દ્રિય એટલે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય જીવોની હિંસા કરતાં આવા જીવોની હિંસામાં વધુ પાપ લાગે છે.

## ★ સંમૂર્ચ્છિમ જીવોની રક્ષા કરો

(૧) એંઠું મૂકો નહિ, થાળી ધોઈને પીઓ, થાળી ધોઈને પી લીધા પછી ચોખ્ખા કપડાથી થાળી લૂછી નાખો. અથવા થાળી ઊંધી પાડી કોરી થવા દો. એંઠાં વાસણો લાંબો સમય પડ્યા ન રહેવા દો. જમ્યા બાદ તરત બે ઘડીમાં વાસણો સાફ થઈ જાય તેવી ગોઠવણ કરો.

(૨) પાણી પીને ગ્લાસ ચોખ્ખા રૂમાલથી લૂછીને મૂકો. એંઠો ગ્લાસ માટલામાં ન નાખો. ડોયાથી પાણી લેવાની ટેવ પાડો.

(૩) ગામમાં કે મોટા પ્લોટમાં રહેતા હો તો જ શક્ય હોય ત્યાં પેશાબ-જાજરૂ ખોલી ખુલ્લી જગ્યામાં જવાનું રાખો, જેથી તરત સુકાઈ જાય.

(૪) શક્ય હોય ત્યાં પરાતમાં સ્નાન કરી સ્નાનનું પાણી ખુલ્લી નિર્જીવ જમીન પર ફેલાવી દો. પછી પરાત પણ આડી મૂકીને સૂકવી દો.

(૫) સ્નાન કરવા કે હાથ-મોં ધોવા ઓછામાં ઓછું પાણી વાપરો.

(૬) થૂંક્યા પછી થૂંક કે બળખાને રાખમાં કે ધૂળમાં મસળી નાખો.

(૭) નાકના શ્લેષ્મને પણ બે ઘડીમાં સુકાઈ જાય તે રીતે માટીમાં મસળી નાખો અથવા જાડા કપડામાં મસળી નાખો.

(૮) બહારથી આવ્યા પછી પરસેવાથી ભીનાં થયેલાં કપડાં દોરી પર પહોળાં કરીને સૂકવી દો.

(૯) પરસેવા લૂછવાના રૂમાલને ડૂચો કે ગડી વાળીને ન રાખો. ખુલ્લો-પહોળો કરીને રાખવાથી પરસેવો સુકાઈ જાય.

(૧૦) થાળી લૂછેલા કપડાને તે ૪૮ મિનિટ પૂર્વે સુકાઈ જાય તે રીતે સૂકવીને અને સૂર્યાસ્ત પહેલાં ધોઈ નાંખવું.

★ ગુજરાત પશુ ચિકિત્સા પરિષદ, સુમન ટાવર, ગાંધીનગર આવેલ છે. રાજ્યમાં પશુ સારવાર માટે ભારતીય પશુ ચિકિત્સા પરિષદ કાયદો-૧૯૮૪ મુજબ દરેક પશુ ચિકિત્સા નોંધાયેલા હોવા જોઈએ. પશુ ચિકિત્સક સરકારી પણ હોઈ શકે અને બિન સરકારી પણ હોઈ શકે. તાજેતરમાં રાજ્ય સરકારને માહિતી અધિકાર ધારા હેઠળ અરજી આપતાં મળેલી વિગતો મુજબ દરેક તાલુકા દીઠ સામાન્ય રીતે ફક્ત એક પશુ ચિકિત્સક પ્રાપ્ય છે. દરેક તાલુકામાં અનેક ગામો આવેલા છે જેથી એક પશુ ચિકિત્સક માટે દરેક ગામોમાં નિયમિત હાજરી આપવી, સારવાર આપવી, પશુ કેમ્પ યોજવા, પાંજરા પોળનાં મરેલ પશુઓનું પોસ્ટમોર્ટમ તાત્કાલીક કરવું ઘણું અઘરૂ છે. જો કે, વેટરનરી કાઉન્સીલમાં ૨૭૮૨ પશુ ચિકિત્સકો નોંધાયેલા છે.

★ ફેંગશુઈ અને વાસ્તુના નામે વાઈલ્ડ લાઈફ (પ્રોટેકશન) એકટ મુજબનાં પ્રોટેકટેડ (સંરક્ષીત) પ્રાણીઓનો ગેરકાયદેસર વેપાર ચાલી રહ્યો છે. જુદા જુદા ઠેકાણે કાચબાના એકવેરીયમ બનાવી લોકોને ભેટ આપવા માટે કે ફેંગશુઈ / વાસ્તુશાસ્ત્રનાં બની બેઠેલા કન્સલટન્ટ અને ધંધાર્થીઓ કાચબાને ગમે ત્યાંથી મેળવી હજારો કાચબાનો મોટા પાયે ધંધો કરી રહ્યા છે.

★ નળ પાસે ઘણી મધ-માખી ભેગી થાય છે તે દુર કરવા ત્યાં નજીક ભીંજાયેલી કાથીની દોરી લટકાવવાથી તે તમામ મધ-માખી કાથીની દોરી ઉપર ચાલી જશે.

ઘરમાં કે આજુબાજુ મધપુડો થયો હોય તો હીંસાના ડરથી તે દુર ન કરવો જોઈએ. તે છતાં કોઈક કારણસર દુર કરવાની જરૂર પડે તો વડોદારાનાં જીવરાજભાઈ (મોબાઈલ નં. : ૯૮૭૯૨૯૮૬૧૧) ઓછામાં ઓછી હીંસાથી કુદરતી રીતે મધપુડો દુર કરે છે. સામાન્ય રીતે એક મધપુડામાં લગભગ એક લાખ માખી, ઈંડા, બચ્ચા હોય છે. વદ સાતમથી વદ અમાસ સુધીમાં અંધારીયાનાં દિવસોમાં મધ માખીઓ ઉડી ગઈ હોય તેથી તે સમય ગાળામાં આ જીવરાજભાઈ મધપુડો દુર કરવાનું કામ કર છે.

## જંતુઓની ઉપકારકતા

કેટલાક જંતુઓ ગંદકી દૂર કરનારા અને વિઘટક છે. તેઓ ગંદકી દૂર કરે છે. કેટલાક જંતુઓ જેવા કે કીડી, મંકોડા, ઊધઈ ખાતા હોવાથી વગેરેનું નિયંત્રણ કરે છે. માખી, મધમાખી વગેરે પાક-વૃદ્ધિકારક છે.

## ★ કીડી

આ ધરતી પર એકતાની ભાવના સાથે રહેતા જંતુઓમાં કીડી સૌથી વધુ નોંધપાત્ર અને મહેનતું કીટક છે. આખી દુનિયામાં ગરમ કે ઠંડા પ્રદેશોમાં (ઉત્તર કે દક્ષિણ ધ્રુવ કે બરફછાયા પર્વતોના શિખરો સિવાય) કીડી જોવા મળે. દુનિયામાં લગભગ ૧૪,૦૦૦ પ્રકારની કીડી હોય છે. જેની લંબાઈ ૧ મિમી. થી ૪ સેમી. હોય છે. મંકોડા કીડીનો જ એક પ્રકાર છે. એક વસાહતમાં સામાન્યતઃ ઓછામાં ઓછી પાંચ લાખ કીડીઓ હોય છે. પહેલા વરસાદ પછી પ્રકાશથી આકર્ષાઈને આવતી ઊડતી કીડીઓ તે નર કીડી. એ સમય એ કીડીઓનો કાળ છે. મોટા ભાગની કીડીઓ મરેલાં જીવડાં, ઘવાયેલા કે નબળા પ્રાણીઓને ખાય છે. મોટે ભાગે કીડીઓ એકબીજીએ છોડેલી ગંધથી જ હારબંધ આવનજાવન કરે છે.

કીડીઓનું સહજીવન (કોલોની લીવીંગ) એ જીવ સૃષ્ટિમાં બેનમૂન છે. કીડી તેઇન્દ્રિય જીવ છે. તેની કાયા ઘણી કોમળ હોય છે. સહેજ દબાણમાં આવતા તે મરી જાય છે. કીડીઓના સમૂહજીવનની સમાજવ્યવસ્થા અદ્‌ભુત હોય છે. તેની ઘ્રાણેન્દ્રિય ખૂબ તેજ હોય છે. મીઠા અને ચીકણા પદાર્થોથી તે ખૂબ આકર્ષાય છે. ખાદ્યપદાર્થો વેરાય કે ઢોળાય ત્યાં અચાનક જથ્થાબંધ કીડીઓ ભેગી થઈ જાય છે.

કીડીનું શરીર ઘણું બારીક છે. ધ્યાન રાખીને ચાલવાથી રસ્તા પરની કીડી જોઈ શકાય છે અને એની રક્ષા કરી શકાય છે.

લાલ કીડી વધારે બારીક હોય છે. તેનો ડંખ પણ તીવ્ર હોય છે. તે ઘણીવાર ચામડી પર ચોંટી જાય છે અને ઘણા પ્રયત્ન છતાં ઊખડતી નથી. ત્યારે તેને બચાવવા ખૂબ ધીરજ અને સાવધાની રાખવી પડે છે. કદાચ ન ઊખડે તો તે સ્થાન પર પાણીનું એક ટીપું નાંખવાથી તરત છૂટી પડી જશે.

### કીડી :

શ્રી મહીપતસિંહ ચુડાસમા (ધોળકા) નાં મત મુજબ કીડી જમીન હળવામાં મદદ કરે છે. તે અંદરની માટી બહાર લાવે છે અને પોતાનો ખોરાક જમીનની અંતર લઈ જઈ સંગ્રહ કરે છે. અનેક છીદ્ર થતા જમીન છીદ્રાળુ થાય છે. જેથી બહારની હવા વનસ્પતિના મૂળને મળી

શકે છે. વરસાદી પાણી જમીનમાં ઉતરે છે, કીડીનો વણ વપરાયેલો ખોરાક જમીનમાં સડતાં ઉત્તમ ખાતર થાય છે. આ ફાયદો જોતા ખેતરોમાં પાણી ઓછુ આવવું, છોડના ચાસ નજીક ધોરીયા બનાવી પીયત આપવુ અને બાકીની જમીન કોરી રાખવી કે જેથી કીડીઓની સંખ્યા વધી શકે. ખેતરમાં અવાન નવાર ઘઉં, બાજરી, જુવારના દાણા કે લોટ, ગોળનો ભૂક્કો કે ખાંડ વિગેરે નાખવાથી કીડીની સંખ્યામાં વધારો થશે.

## ★ કીડીની રક્ષા માટે કાળજી રાખવા જેવી બાબતો –

(૧) ઘરની લાદીનો રંગ આ જીવો ફરતા હોય તો તેમને સ્પષ્ટ જોઈ શકાય એવો રાખવો. એમાં કીડી વગેરે જીવોના શરીરનો રંગ ભળી જાય એવો રંગ રાખવો નહિ.

(૨) કીડીઓ ખોરાકનો કણ, મરેલું કે જીવતું જીવડું કે વૃક્ષના મોર જેવી કોઈ ચીજ તાણી જતી હોય તો જીવડા કે મોરને સાવધાનીથી લઈ દૂર યોગ્ય સ્થાને મૂકી દેવાથી કીડીઓ આપોઆપ સ્વસ્થાને ચાલી જશે.

(૩) ખાદ્યપદાર્થ નીચે પડે તો તરત લઈ લો. દૂધ-ઘી વગેરે ઢોળાયાં હોય તો તરત સાફ કરી નાખો.

(૪) ઘરમાં કીડી તરત દેખાય તેવું ફ્લોરીંગ જોઈએ. કાળા કે અન્ય ઘેરા રંગના ફ્લોરીંગ કે રસોડા ઉપર કીડી દેખાતી નથી. તેથી જીવહિંસાની શક્યતા વધી જાય છે.

(૫) ચાલતી વખતે બરાબર નીચે જોઈને ચાલો.

(૬) જે પદાર્થની કીડીઓ આકર્ષાઈ હોય તે પદાર્થ સંભાળીને લઈ લેવાથી કીડીઓ પોતાના સ્થાને ચાલી જશે.

(૭) દિવેલ અને લોટની ગોળી બનાવીને કીડીના દર પાસે મૂકવાથી ખોરાકની શોધમાં તે દરની બહાર ભટકે નહિ.

(૮) આજુબાજુ કંકુ, હળદર કે રાખ ભભરાવો.

(૯) ખાદ્યપદાર્થ ઉપર કીડીઓ ચડી ગઈ હોય તો એને ખૂબ જયણાપૂર્વક દૂર કરવી.

(૧૦) દિવેલ કે નારંગીના તેલની ગંધવાળું કપડું ઢાંકવાથી પણ ડબ્બા વગેરે ઉપર ચડેલી કીડીઓ ચાલી જાય છે.

(૧૧) પાણીમાં પડેલી કીડી નિશ્ચેતન લાગે તો પણ તેને હળવે હાથ લઈને સૂકા કપડા પર મૂકવાથી થોડી વારમાં ચાલવા લાગશે.

(૧૨) ડી.ડી.ટી કે કીડી નાશક પાવડર કે સ્ટીક ખૂબ ઝેરી હોવાથી વાપરવા યોગ્ય નથી.

(૧૩) કીડીઓ ફરસ ઉપર છૂટીછવાઈ ફરતી હોય તો સાવરણી વડે વાળીને એને દૂર કરવાને બદલે એનું દર ક્યાં છે તે શોધી કાઢવું અને દર પાસે અથવા એક ખૂણામાં ખાંડની નાની ઢગલી કરવી. તમામ કીડીઓ આડી-અવળી ફરવાને બદલે આપોઆપ દર પાસે ભેગી થઈ જશે.

(૧૪) બીજો ઉપાય બાજરીના લોટની કુલેર બનાવી, ઘરની બહાર ઘરથી આઠ-દસ ફૂટ દૂર નિર્જન સ્થાનમાં ખૂણામાં તે કુલેરની નાની ઢગલી કરી આપવી. તમામ કીડીઓ ગંધથી આકર્ષાઈને ત્યાં ચાલી જશે.

(૧૫) છાણાની રાખ કીડીઓની આસપાસ ભભરાવવાથી પણ કીડીઓ ચાલી જાય છે.

(૧૬) કીડીઓનું નગરું નીકળ્યું હોય તો તેના આવનજાવનમાં માર્ગની બંને બાજુ રાખની લીટી કરવાથી પણ કીડીઓ ચાલી જાય છે.

(૧૭) કેટલીક વાર કીડીઓ સફેદ કણ લઈને જતી-આવતી હોય છે. તે વખતે ખાસ ધીરજ રાખવી અને કાંઈ કરવું નહિ. ઈંડા જેવા સફેદ કણને ચોક્કસ સ્થાને પહોંચાડાયા પછી કીડીઓનું નગરું ક્યાં ગયું તેની ખબર પણ નહિ પડે. કીડીઓ બિલકુલ દેખાશે નહિ. છૂટી કોઈ કીડી ફરતી ફરતી આપણી નજીક આવી જાય તો તેને તેની જાતિની કીડીઓની આવનજાવન જ્યાં દેખાય ત્યાં મૂકી દેવી. કીડીને ચપટીમાં પકડીને નહિ, પણ રૂમાલ કે કપડાના ટુકડા ઉપર લઈને અન્યત્ર મૂકવી.

(૧૮) કીડીઓ આકર્ષાય એવાં અથાણાં, ખાંડ, ગોળ, લોટ, તેલ, ઘી, તથા મીઠાઈ કે ફરસાણ વગેરે ખાદ્ય પદાર્થો જે કબાટ અથવા લાકડા-લોખંડના ઘોડા કે પાંજરામાં મૂકતા હોઈએ તે કબાટના ચારે પાયા નીચે વાટકી મૂકવી અને તે વાટકીમાં કબાટના પાયા આંગળીનો અર્ધા વેઢા જેટલો ભાગ ડૂબે તેટલું દિવેલ નાખવું. કીડીઓને દિવેલનો ભારે અણગમો હોય છે. દિવેલની ગંધથી જ એ એકદમ દૂર રહે છે. ક્યારેક દિવેલમાં લોટને મોઈને (લોટને દિવેલવાળો કરીને) એ લોટ જ્યા વધુ પડતી કીડીઓ હંમેશ થતી હોય ત્યાં રોજ આઠ-દસ વખત છૂટો છૂટો ભભરાવવાથી કીડીઓનો ઉપદ્રવ લગભગ દૂર થઈ જશે.

(૧૯) નવા મકાનાં જ્યાં પહેલી વાર જઈએ ત્યારે અથવા ઘણા સમયથી માનવ વસવાટ વગરના બંધ મકાનમાં રહેવા જવાનું થાય ત્યારે શરૂઆતમાં કીડી-મંકોડા વધુ જણાશે, પણ દસ-પંદર દિવસમાં માણસની ગંધ પ્રસરતાં અને અવાવર હવાની ગંધ ઓછી થતાં કીડી-મંકોડાનું પ્રમાણ આપોઆપ ઘટી જશે.

(૨૦) ક્યારેક ચીકાશવાળી ચીજો અથાણાં, ખાંડની ચાસણી, ચીકણો ગોળ, સાબુ, ઘી કે એવા પદાર્થો ઉપર કીડીઓ ચડ્યા પછી એમાં ચોંટી જાય છે. તે વખતે ખૂબ કાળજીપૂર્વક

રહે છે અને જીવાત તેનાથી આકર્ષાતી નથી. આવી બોક્ષલાઈટનો પણ ઉપયોગ કરી શકાય. ★ શહેરોમાં લાલ-પીળી રોશની વરસાવતા દીવાઓનો ઉપયોગ થાય છે. આનાથી જીવાત લગભગ દૂર રહે છે પણ આ પ્રકારના પ્રકાશથી આંખો બગડવાનો સંભવ રહે છે. ★ ખાસ કરીને ચોમાસામાં વધુ અને ઉનાળામાં ગરમી-ઉકળાટના સમયમાં જીવાત વધુ પ્રમાણમાં હોય છે. ખૂબ પવન હોય ત્યારે જીવાત બહુ ઊડી શકતી નથી.

(૯) **(જૂ)** : ***કાળી હું ને કાળા વનમાં રહું છું; લાલ પાણી પીઉં છું, કહો હું કોણ છું ?***

માણસ ઉપરાંત વાંદરા, ઉંદર, ખિસકોલી, સસલાં, ભેંસ, હાથી વ. પ્રાણીઓના શરીર ઉપર પણ જૂ થાય છે. તથા કેટલાંક પક્ષીઓના શરીરો ઉપર પણ થાય છે. એક પ્રાણીની જૂ બીજા પ્રાણીના શરીર ઉપર જીવી શકે નહીં. માણસના શરીર ઉપર વાળની અને ચામડીની એમ બે અલગ જાતની જૂ થાય છે.

★ અવસ્થાઓ ઈંડુ લીખ (બચ્ચુ) - મોટી જૂ

માથામાં વધારે પડતો કચરો ભરાવાના કારણે લીખ, ખોડો અને જૂ થાય છે. ક્યારેક જૂ જેના માથામાં હોય તેવી વ્યક્તિના સહવાસમાં રહેવાથી તેના માથાની જૂ આપણા માથામાં આવે છે.

★ જૂ ન થાય તે માટે માથું સ્વચ્છ રાખવું. ★ જૂવાળી વ્યક્તિ સાથે કે તેની નજીકમાં ન સૂવું. ★ માથામાં જૂ ન થાય તે માટે માથું જૂ વગરનું હોય ત્યારે જે તેલ માથામાં નાખો છો તે તેલમાં એક-બે ટીપાં લીંબોળીના તેલનાં હંમેશ નાંખવાં. ★ માથામાં જૂ થઈ હોય તો કોઈની પાસે તે વીણાવી એક મેલા કપડા ઉપર મૂકી કપડું કોઈ લાકડાની તિરાડમાં ઊંચા સ્થાને મૂકી દેવું. 'જૂ'નો ખોરાક મેલ અને લાકડું છે. કાપડનો મેલ ખાઈને જૂ પોતાનું અતિ ટૂંકું આયુષ્ય પૂરું કરી લેશે.

(૧૦) **કરોળિયો** : ભીંતના, છતના ખૂણામાં નાના-મોટા કરોળિયા બીજાં જંતુઓને પકડી ચૂસી ખાવા જાળાં બાંધે છે.

★ ઘરનો દરેક ઓરડો વારાફરતી દર બે-ત્રણ દિવસે બરાબર સાફ કરવો. ★ બે પોચી સાવરણી અથવા ચાર પોચી પૂંજણી રાખવી. એને લાકડીના છેડે બાંધી એનાથી અથવા દંડાસન વડે ઓરડાની દીવાલો અને છત નિયમિત સાફ કરતાં રહેવું ★ ઓરડામાં લાઈટ અથવા બીજા કોઈ કારણે આવતા જીવજંતુઓ, કીડીઓ વગેરેનું પ્રમાણ બને તેટલું ઘટે તેવા પ્રયત્નો કરવા. જ્યાં જંતુઓ નહિ હોય ત્યાં કરોળિયા આવશે નહિ.

(૧૧) **અળસિયાં, સાપોલિયાં** : નાની-મોટી લંબાઈના આ જીવો ક્યારેક ઘરની જમીનમાંથી નીકળી આવે છે. તેમને કદી મારવા ન જોઈએ ★ સાવરણીની મદદથી

સૂપડામાં લઈને ડોલમાં મૂકી તે જીવોને દૂર સલામત સ્થળે મૂકી આવવા.

(૧૨) **સાપ** : શહેરમાં આ જીવ ક્યારેક જ જોવા મળે છે. ખેતરાળ જમીનમાં અને ગામડાનાં ઘરોમાં વધુ જોવા મળે છે. ★ જ્યાં જ્યાં સાપ વારંવાર જોવા મળતા હોય તેવાં સ્થાનોમાં મોરનાં આખાં લાંબાં પીછાં બાંધી રાખવાં. ગામડાનાં ઘરોની દીવાલોમાં બહારની ચારે બાજુએ ફરતે મોરનાં પીછાં બાંધી રાખવાથી તેને જોઈને જ સાપ દૂર ભાગી જશે.

★ ડમરાની ગંધથી સાપ દૂર રહે છે તેથી ડમરાના છોડ મોટા પ્રમાણમાં ઉગાડવા.

★ સાપ નીકળે ત્યારે તેની બાજુમાં લાકડી ઠપકારીને, તેને સપાટ જમીન ઉપર લાવી, મોટા તપેલા જેવું સાધન તેની ઉપર ઢાંકી દેવું અને બરાબર જમીનને અડીને સરકે તે રીતે તપેલાના માપનું ઢાંકણ સરકાવવું, આમ કરવાથી સાપ આ તપેલામાં આવી જશે. દૂર જ્યાં સાપને છોડવો હોય ત્યાં બંધ તપેલું લઈ અને એને જમીન પર મૂકી દૂર ઊભા રહી લાકડી વડે ઢાંકણ ખોલી નાખવું. પછી તપેલાને નમાવવું. સાપ એની મેળે દૂર ચાલ્યો જશે.

★ જે દરમાં અગર ઘરમાં અથવા જે સ્થળે સાપની વસ્તી હોય ત્યાં કપડું બાળી તેની પુષ્કળ ધુમાડી કરવાથી સાપને અતિશય કંટાળો આવશે તેથી તે ઠેકાણું છોડી તે ચાલ્યો જશે. આનું કારણ એ છે કે, સાપને સ્વસ્છ હવા ઉપયોગી છે અને તેને પ્રાણવાયુની બહુ જરૂર પડે છે.

(૧૩) **વીંછી** : પેટ, આંકડો, પગ અને ઝેરી ડંખવાળી પૂંછડી ધરાવતો વીંછી ધીમી ચાલ ચાલતો હોય છે, તેના પર સહેજ દબાણ આવતાં તરત ડંખ મારે છે, જેના કારણે શરીરમાં કાળી વેદના થાય છે. ★ વીંછી નીકળે ત્યારે તેને રોટલી શેકવાના ચીપિયા વડે સહેલાઈથી પકડી શકાય છે. તેને ખુલ્લી તપેલીમાં મૂકી દૂર મૂકી આવવો. ★ વીંછીનો ડંખ કાપવો નહિ. ડંખ કાપવાથી તેના કુદરતી રક્ષણની વ્યવસ્થા ખલાસ થઈ જતાં તેનું જીવન લગભગ ખલાસ થઈ જાય છે.

(૧૪) **ઉંદર : ચાંચડ** : ચાંચડ એ ઝીણું લાલ જંતુ છે. તે લગભગ ઉંદરના શરીર ઉપર રહેતું હોય છે. ઉંદરની ગેરહાજરીમાં તેની હાજરી ભાગ્યે જ હોવાની. ચાંચડ જોવામાં આવે તો તેને યોગ્ય રીતે લઈને કચરામાં, ઉકરડામાં કે કોઈ સડેલા પણ ન ભીંજાયેલા પદાર્થ ઉપર મૂકી દેવા.

ઉંદર પકડવા પાંજરાં વાપરવામાં આવે છે. જો બીજો ઉપાય શક્ય હોય તો આ ઉપાય કરવો પણ યોગ્ય નથી. એવું મનાય છે કે ઘરમાં ઉંદર કે છછૂંદરને આવવા-જવાના માર્ગ ઉપર કપૂરની ગોળી મૂકી રાખવામાં આવે તો તેની ગંધના કારણે ઉંદરની આવન-જાવન ઘટી જાય છે. કપૂરની ગોટી એક સ્થાને જ પડી રહેવી જોઈએ.

એક મુઠી ભરીને ખાવાનું મીઠું લેવું. તે મીઠું દરેક ફાટમાં તથા દરની અંદર તથા જે જે જગ્યાએ ઉંદર ફરતા હોય ત્યાં નાખવું; પછી તે મીઠાની ઉપર બે બે ચમચા ભરીને મોરથૂથુનો અર્ક નાખવો, એટલે તેની ગંધને લીધે ઉંદરો નાસી જશે અને તે જગ્યાએ ફરીથી આવશે નહિ.

ખરડ ચૂનો ઉંદરના દર આગળ નાંખવું, તે દર પાસે ફરતા ઉંદરોના શરીર ઉપર ચોંટી જશે. આ ઉંદરને ગમતું નથી. તેથી ફરીથી તેઓ તે જગ્યા આગળ આવશે નહિ અને પોતાનું રહેણાંક છોડી ચાલ્યા જશે.

ઉંદરના દરના મુખમાં અને દરની આસપાસ કળી ચૂનો અને હળદરનો ભૂકો પાથરવાથી ઉંદર તેની નજીક આવશે નહિ, પણ નાશી જશે.

ઉંદરના દર આગળ અથવા જ્યાં જ્યાં ખાવાનું રાખ્યું હોય તે જગ્યાની આસપાસ જુવારની ધાણી વેરવી, જેથી ઉંદર તે ધાણી ખાશે. ધાણી ખાવાથી ઉંદરના દાંત અંબાઈ જાય છે, પછી તેનાથી બીજી કોઈ પણ ચીજ ખવાતી નથી અને ખાધા વિના જ જતા રહે છે. આથી કંઈ પણ બગાડો થવા સંભવ નથી.

ઉંદરના દરની પાસે બ્લીચિંગ પાઉડર અને ડામર એ બન્ને ચીજો પાણીમાં ભેળવી દર પાસે અગર જ્યાં જ્યાં ઉંદરનો આવરો-જાવરો વિશેષ હોય ત્યાં તે દવા છાંટવાથી ઉંદર તેની ખરાબ વાસને લીધે તે દવા નજીક આવશે નહિ અને દૂરના દૂર જ રહેશે.

નાઈટ્રેટ ઑફ પોટાશ બાર ભાગ લઈ તેને તેનાથી બમણા ગરમ પાણીની અંદર નાખવું. તે બન્ને એકરસ થઈ જાય એટલે તેની અંદર ત્રીસ ભાગ લાકડાનો વ્હેર અને સાત ભાગ રાખ અને દસ ભાગ સાકરની મેળવણી કરવી. બધું એકરસ થઈ જાય એટલે સુકવી નાખવું. સૂકાઈ જાય પછી તેના નાના ટુકડા કરવા અને તેની ઉપર થોડો ગંધક લગાડવો અને જ્યાં જ્યાં ઉંદર બહુ આવતા હોય ત્યાં અને તેના દર પાસે તે ટુકડા મૂકવા. જેથી ઉંદર જતા રહેશે.

## ★ ઉંદરથી ઝાડ જાળવવાની રીત :-

ઘણી વખત નાનાં નાનાં કુમળાં ઝાડને ઉંદર કરડી ખાય છે, તેથી કુમળાં ઝાડને ઉંદરથી બચાવવાની ખાસ જરૂર પડે છે, ઝાડ પર ડામર લગાડી શકાય.

આકડાના ઝાડની આંગળી જેવી ડાળી અને પાનને મકાઈની જેમ શેકીને પાળ પાસે મૂકવાથી ઉંદર ભાગી જાય છે.

(૧૫) **ચાંચડ :**

અવસ્થાઓ : ઈંડું - કોશેટો ચાંચળ

ઉંદર, બીલાડી, કૂતરાં, ખિસકોલી, ભૂંડ, ગાય, ભેંસ, તથા અમુક પક્ષીઓના શરીર પર અનેક જાતના ચાંચળ થાય છે. તેને પાંખ નથી હોતી. કૂદકા મારી બીજા સ્થળે જાય. ઉપરાંત એને અંધારામાં ભરાઈ રહેવાનું ગમે છે અને માફક આવે છે. ઘરમાં ખૂણેખાંચરે સાદડી, શેતરંજી, ગાદલા વ.માં સંતાઈ રહે અને રાત્રે માણસને ચટકા ભરે. ઘરમાં સ્વચ્છતા રાખવી. ઉંદર, બીલાડી, કૂતરાં વગરેને ઘરથી દૂર રાખવાં.

(૧૬) **પાણીના પોરા અને ઝીણાં દેડકાં** : વર્ષાકાળે એકદમ ઝીણાં દેડકાં મોટી સંખ્યામાં ઉત્પન્ન થઈ જાય છે. તથા પાણીના ખાબોચિયાઓમાં પોરા તરીકે ઓળખાતા જીવો ખૂબ વધી જાય છે. આથી રસ્તે જતાં-આવતાં ખૂબ ધ્યાન રાખવું. પાણીનાં ખાબોચિયાઓમાં પગ મૂકીને ચાલવું નહિ.

(૧૭) **કાનખજૂરો** : જ્યાં આ જીવોનું પ્રમાણ વધુ હોય ત્યાં રાત્રે સૂતી વખતે કાનમાં રૂ (કપાસ) નાખીને સૂવું. ઘરમાં આ જીવ ફરતો દેખાય તો મુલાયમ સાવરણી વડે સૂપડામાં લઈ દૂર ઝાડીમાં સલામત સ્થળે મૂકી આવવો.

(૧૮) **ઢોર ઉપરની બગાઈઓ** : ઢોર ઉપર પુષ્કળ બગાઈઓ હોય છે, જે પશુઓનું લોહી ચૂસી લે છે. ખેડૂતો, ભરવાડો તેને પકડી પાણી ભરેલી ડોલમાં નાખી, ભેગી કરેલી તમામ બગાઈઓને દૂર મૂકી આવે. (બગાઈઓ પાણીમાં મરી જતી નથી. તેમજ ઊડીને પાછી ઢોર ઉપર બેસી શકતી પણ નથી.)

(૧૯) **પીપળનાં બી** : પક્ષીઓએ ખાધેલાં ફળમાંથી પીપળાનું બી દીવાલની ફાટમાં પડે તો ત્યાં પીપળો ઊગે છે અને તેનું મૂળ દીવાલને વધુ ને વધુ તોડતું જાય છે. તેથી મકાનને મોટુ ંનુકસાન થવાની શક્યતા રહે છે. એકેન્દ્રિય જીવ છે એટલે શરૂઆતમાં દેખાય ત્યારે જ ધ્યાન રાખી અને બી અથવા નાના મૂળવાળો છોડ સાચવીને દીવાલમાંથી અખંડિત કાઢવો અને કોઈ નિર્જન સ્થાને રોપી દેવો.

(૨૦) **છછુંદર :** છછુંદરને લસણની વાસથી ખૂબ જ ત્રાસ થાય છે, તેથી જ્યાં છંછુદરનો ઉપદ્રવ હોય ત્યાં લસણની કળીઓ છુટી છુટી વેરવી, અગર એક નેવામાં થોડો દેવતા લઈ તે ઉપર થોડી કળીઓ નાખવી, જેથી ધુમાડો નીકળશે અને તેની વાસ આવતાં જ છંછુદરો ત્યાંથી પલાયન કરી જશે.

(૨૧) **કૂતરાં (શ્વાન)**

આજકાલ વર્તમાનપત્રો અને ચેનલોના રવાડે ચઢેલા શહેરી લોકો, કૂતરાં કરડવાના બનાવો બનવાને કારણે 'કૂતરાં મારી નાંખો' એવી ઝૂંબેશ કરે છે, જે પાશ્ચાત્ય શિક્ષણની આપણી ભારતીય સંસ્કૃતિ ઉપરની અસર બતાવે છે. થાઈલેન્ડ જેવા દેશમાં ''શ્વાનો માટે બ્લડબેંક'' હોય છે. (થાઈલેન્ડ એનિમલ્સ લવર્સ ગ્રુપ દ્વારા સંચાલિત)

સૌપ્રથમ તો કોઈ પણ પ્રાણી (કૂતરાં પણ) પાળવાનો શોખ એટલે તેને બંધનમાં રાખવાનો શોખ. હાલ પામોરિયન કે અલ્શેસિયન જેવા વિદેશી કૂતરાં પાળવાનો ઘણાંને શોખ થાય છે. કદાચ એ કૂતરાં પાળનાર માલિકની તેને કારણે કિંમત (?) વધી જાય છે. આ શોખ જ ખોટો છે. કૂતરાંઓને બંધનમાં રાખી શા માટે પાળવાં જોઈએ.

તેને છૂટથી હરવા-ફરવા દો. સાંકળ ન બાંધો અને નિયમિત ખવડાવો. તે તમારું ઘર કે મોહલ્લો છોડીને ક્યાંય જશે નહિ અને કોઈને કરડશે ય નહિ.

કૂતરાં કરડવાનું મુખ્ય કારણ તેને લોકો વારંવાર હડધૂત કરે છે અને ખાવાનું આપતા નથી તે છે. જેમ ભૂખ્યો માણસ પોતાને હડધૂત કરવાથી ગુસ્સે ભરાઈ ચોરી-લૂંટફાટ પર ઊતરી જાય તેવું જ કૂતરાંની બાબતમાં પણ થાય છે. આજે કયું ઘર નિયમિત રીતે કૂતરાંને ખવડાવે છે ? કઈ સોસાયટીમાં કે બહાર પ્રાણીઓને પાણી પીવડાવવાની વ્યવસ્થા છે ? કૂતરાંનો મૂળ સ્વભાવ 'ગરમ' અને ભર ગરમીમાં તે ભૂખ્યું હોય અને તેને ખોરાક-પાણી ન મળે તો સ્વાભાવિક પણે તે તેના સ્વભાવ પર જાય જ. ખરેખર તો તેને નિયમિત હરતો ફરતો રાખી ખવરાવવા પીવડાવવાથી ૨૪ કલાકના સિક્યોરીટી ગાર્ડની ય જરૂર નહીં પડે. કૂતરાની વફાદારી એ તેનો મોટામાં મોટો ગુણ છે. તેને સાંકળે બાંધ્યા વિના તેનો લાભ લેતાં આવડવું જોઈએ.

મુંબઈ હાઈકોર્ટમાં 'વિનિયોગ પરિવાર ટ્રસ્ટે' રખડતાં કૂતરાંઓને આડેધડ મારવાનો વિરોધ કરતી જાહેર હિતની રીટઅરજી કરેલ, જેમાં પક્ષકારોની સંમતિથી કૂતરાંનો પ્રશ્ન હલ કરવાની આચારસંહિતા નક્કી થયેલ. (રીટ પીટીશન નં. ૧૫૯૬/૧૯૯૮ તા. ૫-૧૦-૯૮, એમ.બી.શાહ તથા વાય એસ જાગીરદાર છે.)

૧. પાળેલા કૂતરાઓ અંગે લાયસન્સ, ઉછેર, રસીકરણ, ખસી અંગેની જવાબદારી તેમના માલિકોની રહેશે.

૨. રખડતાં કૂતરાંનું પ્રાણીના હક્કો માટે લડતી સંસ્થાઓની મદદથી રસીકરણ, ખસીકરણ કરવું. જે રખડતાં કૂતરાં એકદમ બિમાર હોય કે ગંભીર અકસ્માતથી ઈજા પામેલ હોય કે જેને હડકવા લાગ્યો હોય તેમને ડૉક્ટરોની પેનલનો અભિપ્રાય હોય અને સારવાર આપ્યા છતાંય તેમની તબિયતમાં સુધારો ન થાય તો માનવીય રીતે સામાન્યતઃ એનેસ્થેશીયા આપી તેમની જીંદગીનો અંત આણવો.

૩. જો સારી તબિયતવાળા કૂતરાં હોય તો તેમનું રસીકરણ અને ખસીકરણ કરી જે તે વિસ્તારમાં જ છોડી મૂકવાં અને નાગરિકોને જાણ કરવી કે આવાં કૂરતાં કરડવાથી હડકવા ન થાય.

૪. સરકારી અધિકારીઓ તથા પ્રાણી હક્ક અંગે લડતી સંસ્થાઓના પ્રતિનિધિની સંયુક્ત

કમિટિ બનાવવી કે જે આ સૂચનાઓનું યોગ્ય પાલન કરાવે.

દરેક પંચાયત, નગરપાલિકા કે મહાનગરપાલિકામાં આ પ્રમાણે જ કુતરાંઓ અંગેની આચારસંહિતા બને તે જરૂરી છે. ઉપરાંત તમારા બાળકને કૂતરાંને દરરોજ ચાર રોટલી ખવડાવવાની ટેવ પાડો. તેને પ્રાણીઓ પ્રત્યેનો પ્રેમ-અનુકંપા કેળવવાની ટેવ પડશે.

લોકો જે વિદેશી કૂતરાં પાળે છે, તે વાસ્તવમાં જંગલી કૂતરાંઓની વિસકિત પ્રજાતિ છે.

આપણને ગમતાં રૂપ, આકાર અને સ્વરૂપવાળાં કૂતરાં મેળવવા માટે ૨૦ વર્ષ સુધી તેમની પર મનમાન્યા પ્રજનન પ્રયોગ કરે છે. માની લો કે તમારે ઠીંગણો, કાળો અને લાંબા વાળવાળો કૂતરો જોઈએ છે, તો પહેલાં કાળાં કૂતરાઓમાં પ્રજનન ક્રિયા કરાવવી પડે. તેમનાં લાંબાં બચ્ચાંઓને મારી નાંખવાં પડે. પછી નાના આકારનાં ભાઈ-બહેનોમાં પ્રજનન ક્રિયા કરાવવી પડે. એમાં પણ જે નાનાં હોય તેમને જીવતાં રાખી, લાંબા બચ્ચાને મારી નાંખે. આ ક્રૂર ક્રિયા ત્યાં સુધી કરવી પડે કે જ્યાં સુધી કૂરકૂરિયાં એકદમ નાનાં-નાનાં ન આવે. પછી નાના વાળવાળાં કૂરકૂરિયાંને મારી નાંખવામાં આવે. આ પ્રક્રિયા પણ લાંબા વાળવાળાં કૂરકૂરિયાં જન્મવા માંડે ત્યાં સુધી થાય આ પ્રક્રિયા દરમિયાન જે કૂતરા તમારી પસંદને અનુરૂપ નથી એવાં ૫૦૦૦થી વધુ કૂતરાંઓને મારી નંખાયાં છે આપણા મનગમતા કૂતરાને ખાતર હજારો કૂતરાંનાં મોતનું પાપ આપણને લાગે છે.

બીજું, ભાઈ-બહેનની અંદર, અનૈચ્છિકપણે કરાવેલી પ્રજનન ક્રિયાથી અનેક રોગો એકબીજામાં સંક્રામિત થતા જ આવે છે અને આજે પણ સદા માટે રોગી એવાં હજારો કૂતરાંઓ છે.

(૨૨) **ડુક્કર (ભૂંડ)**

ભૂંડ એક એવું પ્રાણી છે કે જેને જોઈ લોકોને ચીતરી ચઢે છે, પરંતુ હકીકતમાં **તે માનવે કરેલ ગંદકી ઓછી કરતું પ્રાણી છે. તેથી તેની સંખ્યા ઓછી થવાથી ગંદકી વધે છે.** ભૂંડના ચામડા, વાળ, માંસ વ. માટે તેને પકડી મારી નાખવાની પ્રવૃત્તિ વધી ગઈ છે. આ ભૂંડની વસતી ઘટવાની આપણે કોઈ નોંધ લેતા નથી, તેથી કસાઈઓ અને શિકારીઓને મજા પડી જાય છે.

થોડાં વર્ષો પૂર્વે ગુજરાતમાં ક્યાંય ભૂંડ ન હતાં એકાએક એનાં ટોળાંના ટોળાં શી રીતે ઊતરી આવ્યાં તેનું ઘણાંને આશ્ચર્ય થતું હશે, પણ ''યુનિસેફ''ની સલાહ મુજબ પંચવર્ષીય યોજનાઓ ઘડનાર સરકારી પ્રવૃત્તિની જાણકારી હોય તો આ આશ્ચર્ય થાય નહિ.

પંચવર્ષીય યોજનાઓ અનુસાર અદ્યતન સામગ્રીઓની સજ્જ બનેલી સાત ફેક્ટરીઓ ડુક્કરો મારવા માટે શરૂ કરવામાં આવી છે. મુંબઈમાં બોરીવલી ખાતેના નેશનલ પાર્કની અંદર ''માફકો'' નામની સરકારી સંસ્થા દ્વારા આવી એક ફેક્ટરી ખોલવામાં આવી છે.

અહીંના ત્રણ મોટા ફાર્મમાં સાતસો જેટલાં ડુક્કરોને તગડા બનાવવામાં આવે છે, અને કતલ માટે તૈયાર થતાં કાપી નાંખવામાં આવે છે. ''માફકો'' દ્વારા ડુક્કરના માંસના તૈયાર પેકેટોનું ભારતમાં વેચાણ કરવામાં આવે છે અને વિદેશોમાં પણ નિકાસના પ્રયત્નો થઈ રહ્યા છે, પરંતુ આરબ દેશો મુસ્લિમ હોવાથી ડુક્કરનું માંસ ખાતા નથી એટલે નિકાસનો ધંધો જામતો નથી. બોરીવલીની જેમ દેવનારના કતલખાનાની સાથે પણ ડુક્કર મારવાનું કતલખાનું છે.

ભારતની અંદર ડુક્કરોના પદ્ધતિસરના ઉછેર અને કતલ માટે વ્યવસ્થિત પ્રયત્નો થઈ રહ્યાં છે. આ માટે સરકાર દ્વારા ડુક્કરના માંસની સાત ફેક્ટરીઓ, એક પ્રોસેસીંગ પ્લાન્ટ, ૫૨ મોટાં ઉછેર કેન્દ્રો અને ભૂંડ ઉદ્યોગ માટેના ૧૪૦ વિકાસ કેન્દ્રો ખોલવામાં આવ્યાં છે અને ચોથી પંચવર્ષીય યોજનામાં દસ ઉછેર કેન્દ્રો અને ૨૫ વિકાસ કેન્દ્રો વધારવામાં આવ્યાં હતાં.

પણ ભૂંડના વિકાસમાં સૌથી મોટો પ્રશ્ન ખર્ચનો નડે છે, કારણ કે ભૂંડના શરીરમાં ૧ કિલો માંસ પેદા કરવા માટે તેને ૧૪ કિલો ખોરાક ખવડાવવો પડે છે, એટલે એનું માંસ ખૂબ મોઘું પડે છે. જે સસ્તા ભાવે વેચવા છતાં તેના ગ્રાહકો મળતા નથી. એટલે જ ગુજરાતના ગામેગામમાં ભૂંડ રખડતાં મૂકવામાં આવ્યાં છે, જે વગર ખર્ચે મોટાં થઈ જાય એટલે તેને વેપારીઓ દ્વારા પકડાવીને ખટારાઓમાં મુંબઈ ભેગાં કરવામાં આવે છે, જ્યાં તેની કતલ થઈ જાય છે અને વેપારીઓને કમાણી થાય છે. આમ ગુજરાતનાં મોટા ભાગનાં ગામોને વગર પૈસાના ભૂંડ ઉછેર કેન્દ્રો બનાવવામાં આવ્યાં છે.

જીવતાં ડુક્કરોના ખેંચાતા વાળ : રંગકામનાં અને એવાં બીજાં બ્રશોમાં વપરાતા વાળની પ્રાપ્તિ આપણા દેશમાં ઘણા પ્રાંતોમાં ડુક્કરો (ભૂંડ)નાવાળમાંથી કરવામાં આવે છે. આ પદ્ધતિ ભૂંડને રિબાવનારી હોવાથી અતિ ક્રૂરતાભરી છે.

ડુક્કરને એ હાલીચાલી ન શકે એ રીતે સજ્જડ બાંધી રાખવામાં આવે છે. ત્યાર પછી હાથ વડે તેના શરીર પરના વાળને મૂળસહિત મોટી સંખ્યામાં એક સાથે ખેંચી કાઢવાનું શરૂ થાય છે. ડુક્કર સખત વેદનાભરી કિકિયારીઓ અને તીણી ચીસો પાડતું રહે છે, વાળ ખેંચાતા રહે છે, ઘણી વખત લોહીની ટસરો ફૂટે છે, કેટલીક વખતે તે બેભાન સુદ્ધાં બની જાય છે. જોનારને કંપારી અને ત્રાસ છૂટે એટલું કષ્ટ આપ્યા પછી કામ પૂરું થયે છોડી દેવામાં આવે છે.

મૂળસહિત વાળ ઉખેડવાના કારણમાં એવું જણાવવામાં આવે છે કે એથી બ્રશમાં વાળ

સારી રીતે બાંધી શકાય છે આ ક્રૂર પ્રથા તાત્કાલિક બંધ થાય એ જરૂરી છે.

## (૨૩) **ખીસકોલી :**

ઘણા ખેડૂતો ફરિયાદ કરે છે કે તેમના ઝાડ ઉપરનાં ફળો ખીસકોલી ખાઈ જાય છે. શ્રી મહિપતસિંહ ચુડાસમા (ધોળકા) ના એ એક પ્રયોગ કર્યો. બજારમાંથી બાજરીના દાણા લાવી માટીના પાત્રમાં મૂકી તેને છોડના થડ પાસે જમીન ઉપર મુક્યું. જે ખીસકોલી અંજીરનાં છોડ ઉપરથી ફળ ખાઈ જતી હતી તે બાજરી ખાઈ પોતાનું ભરણપોષણ કરી લેતી. આમ ખીસકોલીએ અંજીરના ફળોને નુકશાન કરવાનું બંધ કર્યું ઉપરાંત તેના અન્ય જાતના ભાઈઓને જોરથી ભગાડી દેતી જોવા મળી. ખીસકોલીની હગાર જમીનમાં ખાતર તરીકે ઉપયોગી થઈ શકે. અન્ય હાનિકારક પ્રાણીઓ જેવા કે સાપ, ઘો, બીલાડીને જુએ ત્યારે ખીસકોલી એક વિચિત્ર ભય સૂચક અવાજ કરે છે, તેને કારણે અન્ય ખીસકોલી અને પક્ષીઓ અવાજ કરે છે, જેથી માણસ સાવધ થઈ શકે.

## (૨૪) ઉંટ :

ઉંટડીના દૂધમાં રહેલ ઔષધિય ગુણો અનેક પ્રકારનાં રોગો મટાડવામાં અને પુરૂષાતન વધારવામાં ઉપયોગી છે. રણ પ્રદેશમાં જ્યાં યાંત્રિક વાહન કામ કરતા નથી ત્યાં વાહન વ્યવહાર માટે ઉંટનો જ ઉપયોગ કરવો પડે છે. એક અંદાજ મુજબ વિશ્વમાં ઉંટની કુલ વસ્તી ૧.૭૪ કરોડ હતી અને તેમાં ૧૦.૩૫ લાખ ઉંટ સાથે ભારતનો ત્રીજો ક્રમ હતો, અને રાજસ્થાન પછી ગુજરાતનો ૬૩ હજારની સંખ્યા સાથે સમગ્ર ભારતમાં બીજો ક્રમ હતો. ફક્ત ત્રણ વર્ષમાં ભારતમાં ઉંટની સંખ્યા ઘટીને ૬.૩૨ લાખ થઈ ગઈ છે. ઉંટનો ઉછેર કરનાર પશુ પાલક ઉંટ ગાડી ભાડે ફેરવીને મહિને પાંચ થી આઠ હજારની કમાણી કરી શકે છે. તેના ઉછેર પાછળ ખૂબ ઓછો ખર્ચ થાય છે. ઉંટનું દૂધ પાંચ રૂપિયા લીટરના ભાવે વેચાય છે જેથી તે ગરીબોને પરવડે છે. ઉંટડી એક વર્ષમાં ૧૦૦૦ થી ૩૫૦૦ લીટર જેટલું દૂધ આપે છે. દૂધનો ઉપયોગ કોસ્મેટીક બોડી લોશનમાં કરવામાં આવે છે. ઉંટના વાળમાંથી ધાબળા અને દોરડા બનાવવામાં આવે છે. બિકાનેરી ઉંટ એક દિવસમાં ૧૦૦ થી ૧૨૫ કીલોમિટરનું અંતર કાપી શકે છે. ઉંટના ચરીયાણો માટેની અનામત રાખવામાં આવેલ જમીન ઉપર અતિક્રમણને કારણે તેમને મળતો ખોરાક ઘટી ગયો છે. ઉંટને મારીને તેનું માંસ વિદેશમાં એક્ષપોર્ટ કરવામાં આવે છે. સમસ્ત મહાજન સંસ્થા ધ્વારા ઉંટની સારવાર માટે નિયમિત કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

(૨૫) બળદ :

એક બળદ વર્ષે દહાડે સરેરાશ ૧ ટન જેટલું છાણ મૂકે છે. ધારો કે ૬૭ લાખ બળદને વધુ પાંચ વર્ષ જીવવા દેવામાં આવે તો તેઓ ૧૮૦૯ લાખ ટન જેટલું છાણ મૂકશે, જેમાંથી ખેતરમાં વાપરવા માટે બમણું એટલે કે ૩૬.૧૮ કરોડ ટન કુદરતી-સેન્દ્રિય ખાતર મળશે. આ ખાતર ૪૮૨ લાખ હેકટર જમીનમાં વાપરવા માટે પૂરતું છે. આટલી જમીનમાં કેમીકલ ખાતરના ઉપયોગ વિના આશરે ૬૬૭ લાખ ટન અનાજનું ઉત્પાદન થશે, જેની કિંમત રૂા. ૨૭,૫૯૩ કરોડ જેટલી થશે. આ તો અનાજની જ વાત થઈ, તેની સાથે ૨૦ લાખ ટન ઘાસ ઉગશે, તે ૫.૫૫ કરોડ ભેંસને આરોગવા માટે કામ લાગશે.

★ વૃક્ષો અને વેલા રોપવા જરૂરી છે. તેમાંય આયુર્વેદિક ગુણો ધરાવનારા વધુ ઉપયોગી છે. સુરતમાં ડૉ. મીનુ પરબિયા પ્રેરિત આયુર્વેદિક ઔષધિ વન એસ.વી.આર. કૉલેજ કમ્પાઉન્ડમાં અને મ્યુ. કોર્પોરેશન સંચાલિત ઉદ્યાન 'સુમન નર્સરી' મોરા ભાગળ મૂકામે આવેલ છે. વેગામ, ગણદેવીનું આરણ્યક પર્યાવરણ સંસ્કૃતિ કેન્દ્ર જુદા જુદા ગામોમાં ઔષધિ વન બનાવવામાં સક્રિય મદદ કરે છે.

★ સુરતના ઉમરા વિસ્તારમાં આવેલ રામનાથ ઘેલા મહાદેવ મંદિરમાં દર વર્ષે પોષ વદ એકાદશીના દિને દક્ષિણ ગુજરાતના અસંખ્ય અંધશ્રધ્ધાળુઓ અસંખ્ય જીવતા કરચલા ધરાવવા આવે છે. મંદિરના સમજુ મહંત જે કરચલા જીવતા રહે છે તેમને પાણીમાં નાંખી બીજા દિવસે તાપી નદીમાં પધરાવી દે છે.

★ સદાબહાર એન્ગ્રી યંગ મેન અમિતાભ બચ્ચન અને હેમામાલિની બન્ને શાકાહારી છે.

સહન કરતાં શીખો : ઉંદરો કામના કાગળો કાપી જાય, મચ્છરો કરડે, માંકડ કરડે વગેરે બહુ નાની બાબતો છે. ન્યૂટનના કામના, સંશોધનના અગત્યના તમામ કાગળો કૂતરાની બેદરકારીને લીધે સળગી ગયા. ન્યૂટને નાદાન અને અજ્ઞાન જીવને માફી આપી હતી. આપણે શા માટે આપણી સહનશક્તિ ન વધારવી ? જીવોના ઉપદ્રવથી બચવા શક્ય તમામ પ્રયત્નો કરવા, છતાં સંપૂર્ણ રીતે તો બચવું શક્ય નથી જ. આપણે થોડું અને વધારે સહન કરતાં પણ શીખીએ. શું આપણે અન્યોને કદી કનડગત કરતાં નથી. આપણને નાની ય શિક્ષા થાય તો ય ગમે છે ?

# આપણો ખોરાક અને હિંસા

## (આહાર વિષયક જીવરક્ષા અને તે દ્વારા સ્વાસ્થ્યરક્ષા)

આપણે જે ખોરાક ખાઈએ છીએ તે અંગે ચાર પ્રકારની હિંસા થાય છે.

૧. અનાજ / શાકભાજી ઉગાડવામાં થતી હિંસા.

૨. અનાજ વગેરેના સંગ્રહમાં જીવડાં પડવાથી થતી હિંસા.

૩. રસોઈ કરવામાં થતી હિંસા.

૪. પ્રાણીજ વસ્તુઓના વપરાશમાં થતી હિંસા.

અનાજ / શાકભાજી વ. ઉત્પન્ન કરતી વેળા જે રાસાયણિક ખાતરો તથા જંતુનાશક દવાઓ વાપરવામાં આવે છે, તેનાથી જે ભયંકર હિંસા થાય છે. તે'જંતુનાશક દવાઓ'ના પ્રકરણમાં જણાવેલ છે.

અનાજ, કઠોળ, મરી-મસાલા, સૂકો મેવો વગેરેનો આપણે નાણાં ખર્ચી સંગ્રહ કરીએ છીએ, પરંતુ જો વ્યવસ્થિત રીતે સંગ્રહ ન કર્યો હોય તો હવા-ભેજ વ. લાગવાથી તેમાં અનેક પ્રકારની જીવાત પડે છે, તેમાંની જે નરી આંખે જોઈ શકાતી નથી, તેની હિંસા થાય છે. જીવાતવાળું અન્ન આપણે ખાવું પડે છે અને જો ખબર પડે તો ફેંકી દેવું પડે એટલે તેટલો નાણાંનો બગાડ થાય છે. જીવાતવાળું ભોજન કોઈનેય ખાવાલાયક રહેતું નથી, અનાજ આદિમાં જીવાત પડે નહિ એવી વિવિધ પદ્ધતિઓની વિગતો અન્યત્ર આપેલ છે. તેનો ખાસ અભ્યાસ કરી તે પ્રમાણે વર્તન કરવાથી હિંસાજન્ય દોષથી બચી શકાય છે.

રસોઈ કરતી વેળા પ્રકારની બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે, અન્યથા ખોરાકમાં અનેક જીવો ઉત્પન્ન થાય, ખોરાક બગડી જાય અને એવો ખોરાક ખાવાથી આપણું આરોગ્ય બગડે ડૉક્ટરોના ખર્ચાય વધે અને શારીરિક પીડા પણ ભોગવવી પડે. આ બાબતની વધુ માહિતી આ પ્રકરણ સાથે આપેલ છે.

આ પુસ્તકના અન્ય ભાગમાં અનેક પ્રકારની પ્રાણીજ વસ્તુઓની વિગતો આપી છે. જેનો ઉપયોગ આપણે વ્યવહારમાં સીધો કે આડકતરી રીતે તે અંગેના યોગ્ય જ્ઞાનના અભાવે કરીએ છીએ. કોઈ પણ ખાદ્યપદાર્થ ખરીદતાં પહેલાં તે અંગેના તત્ત્વોની વિગતો વાંચી - વિચારીને પછી જ તે ખરીદવો જોઈએ. જો તે વિગત અસ્પષ્ટ હોય અને તે વસ્તુનો વારંવાર વપરાશ કરવાનો હોય તો પત્ર કે ઈમેઈલ દ્વારા તે બનાવનારનો સંપર્ક કરી તે અંગે સ્પષ્ટતા મેળવી લેવી જોઈએ. તે વિગતો ઉત્પાદક જો ન આપે તો સમજવું કે દાળમાં કંઈક કાળું છે.

## ★ આહાર-ભોજનમાં માટે જયણા (જીવદયા) કેવી રીતે પાળશો ?

આજે અભક્ષ્ય અને રોગોત્પાદક એવી ભોજનની જાતજાતની વાનગીઓ બને છે. રસલંપટ માણસ ખાઉધરો બનીને એ વાનગીઓને બે હાથે આરોગવા માંડ્યો છે.

હોસ્પિટલો દરદીઓથી ઊભરાવા લાગી છે. હૉસ્પિટલો વધારનાર હોટલો છે. ડૉક્ટરોનું કહેવું છે કે 'હોટલવાળા, લારીવાળા તથા ઈન્સ્ટંટ ફૂડવાળાના કારણે જ અમારા ધંધા ધમધોકાર ચાલે છે.'

ઈંડા-માંસ-દારૂ-મસાલા આદિના સેવનથી કીડની નકામી થવાથી હોજરીના અને આંતરડામાં ચાંદું પડવું (અલ્સર) આદિ રોગો થાય છે.

જીવ ભાન ભૂલીને ચટાકેદાર વાનગીઓ ખાય છે. પેટમાં ગયા પછી આરોગ્યનું શું થશે તે ભૂલી જાય છે. આજે ઘર-ઘરમાં અભક્ષ્ય ખાન-પાન પેસી ગયાં છે. જીવલેણ રોગો જીવન ટુંકાવી રહ્યા છે. માટે સાચવેત બની બહારનું ખાવાનું છોડશો તો અનેક પાપોથી બચાશે. વળી, એથી શરીર નીરોગી રહેશે, દવાના ખર્ચથી પણ બચી જશો અને સુખી થશો.

આહાર-ભોજનમાં જયણા (જીવદયા) પાળવાથી હિંસાથી બચાય છે, અહિંસાધર્મના પાલનથી આ ભવ તો સારો રહે છે, પરલોક પણ સારો બને છે અને દુર્ગતિની પરંપરાથી બચી જવાય છે.

## ★ નરકનો રાજમાર્ગ રાત્રિભોજન !

માનવને નરક ભણી ઘસડી જતા માર્ગો તો અનેક છે, પરંતુ રાત્રિભોજન, પરસ્ત્રીગમન, કંદમૂળ-અનંતકાય અને બોળ-અથાણા ભક્ષણ આ બધા નરક ગતિના રાજમાર્ગો છે.

રાત્રિભોજન એ નરકનું પ્રથમ દ્વાર છે. એટલું જ નહિ, એ અનેક રોગોનું મૂળ પણ છે.

આજે રાત્રિભોજન એટલું સામાન્ય બની ગયું છે કે હવે તો એને પાપ માનવાનું પણ લગભગ બંધ થયું છે.

રાત્રિભોજન એ પાપ નહિ પણ મહાપાપ છે.

અસંખ્ય જીવોની વિરાધનાથી ખદબદતું રાત્રિભોજન એ આજે ઘર-ઘરનું સામાન્ય પાપ બની ગયું છે તેથી આપણને એની સૂગ ચાલી ગઈ છે ! એની ભયંકરતાને આપણે ભૂલી ગયા છીએ.

જૈનદર્શન તેમજ અન્ય દર્શનો પણ રાત્રિભોજનને પાપ માને છે. વિજ્ઞાન દ્વારા પણ રાત્રિભોજનમાં જીવ-હિંસા પૂરવાર થઈ ચૂકી છે.

રાત્રિભોજનના નિષેધ પાછળ જેમ આત્માની સુરક્ષા છે, તેમ શરીરની પણ સુરક્ષા છે તન-મન અને આત્મા આ ત્રણેયની સુરક્ષાના મહાન લાભો રાત્રિભોજન તથા

અભક્ષ્યના ત્યાગમાં રહેલા છે.

આ અવતાર ઢોરનો નથી,માનવનો છે ઢોરના અવતારમાં આપણે રાતદિવસ ખા-ખા જ કરતા હતા. આ ભવમાં પણ એ જ કુસંસ્કાર ! પશુનો અવતાર ગયો પણ પશુતા ન ગઈ ! પશુપણાના કુસંસ્કારોનો ત્યાગ કરવો એ માનવનું પ્રથમ કર્તવ્ય છે.

રાત્રિભોજનના મહાપાપને સમજીને એ પાપથી પાછા ફરવાનો શુભ સંકલ્પ કરો અને દ્રવ્ય-ભાવ બંને પ્રકારના આરોગ્યને પામો.

ચાલો, એ રાત્રિભોજનના પાપને અનેક પાસાઓથી તપાસીએ.

રાત્રિભોજનમાં અસંખ્ય જીવોની વિરાધના થતી હોવાથી એ મહાપાપનું કારણ છે ! માટે દુર્ગતિનાં દારુણ દુઃખોથી બચવા સૌએ રાત્રિભોજનનો સર્વથા ત્યાગ કરવો જોઈએ.

વૈજ્ઞાનિકો સંશોધનના અંતે પણ ખોટું પડવાના ભયથી એને જાહેર કરતાં ખચકાટ અનુભવે છે, પણ સર્વજ્ઞને પોતાની વિશિષ્ટજ્ઞાન શક્તિથી જોયેલ જાણેલી વસ્તુને જાહેર કરતાં કોઈ જાતનો ખચકાટ નથી હોતો, કારણ ગમે તેવા સંશોધન પછી પણ એને કોઈ મિથ્યા ઠરાવી શકે તેમ નથી.

કેવલજ્ઞાની તો ત્યાં સુધી જણાવે છે કે, દિવસે પણ અંધારામાં અથવા સાંકડા મોઢાવાળા વાસણમાં જમવાથી રાત્રિભોજનનો દોષ લાગે છે !!

## ★ રાત્રિભોજન જૈન દર્શનના આધારે

● દિવસ અને રાત જે માણસ ખાધા કરે છે તે ખરેખર સ્પષ્ટપણે શીંગડા અને પૂંછડા વગરનો પશુ જ છે !

- યોગશાસ્ત્ર ૩/૬૨

● જે માનવો દિવસને છોડીને રાત્રે જ ખાય છે તે મૂર્ખ મનુષ્યો ખરેખર માણેકને છોડીને કાચ ગ્રહણ કરે છે.

- યોગશાસ્ત્ર ૩/૬૫

● દિવસ વિદ્યમાન હોવા છતાં જેઓ કલ્યાણની ઈચ્છાથી રાત્રે ભોજન કરે છે, તે રસાળ ભૂમિને છોડી ઉખર ભૂમિમાં ડાંગર વાવવા જેવું કાર્ય છે. (અર્થાત્ મૂર્ખાઈભર્યું કામ કરે છે.)

- યોગશસ્ત્ર ૩/૬૬

● જીવોનો મોટો સમૂહ નાશ પામે તેવું રાત્રિભોજન કરનાર મૂઢ જીવોને રાક્ષસોથી જુદા કઈ રીતે પાડી શકાય ? (અર્થાત્ રાત્રિભોજન એ રાક્ષસોનું ભોજન છે. જે માણસ રાત્રિભોજન કરે છે તે નરરાક્ષસ છે.

● રાત્રિના સમયે નિરંકુશપણે ફરતા ભૂત-પ્રેત પિશાચાદિ અન્નને એઠું કરે છે, માટે સૂર્યાસ્ત થયા પછી ભોજન ન કરવું. (અન્યથા વળગાડથી પીડાવું પડે છે.)

- યોગશાસ્ત્ર ૩/૪૮

● ઘોર અંધકારથી રુંધાયેલી શક્તિવાળા નેત્રોથી ભોજનમાં પડતા જીવોને જોઈ શકાતા ન હોય એવી રાત્રિના સમયે ભોજન કોણ કરે ?

- યોગશાસ્ત્ર ૩/૪૯

રાત્રિના સમયે સૂક્ષ્મ જંતુઓ જોઈ શકાતાં નથી, માટે ગમે તેવા જીવરહિત પદાર્થો પણ રાત્રે ન ખાવા. જૈન આગમ નિશીથભાષ્યમાં કહ્યું છે કે - દિવસે બનાવેલી નિર્જીવ લાડુ વગેરે વસ્તુઓ પણ રાત્રે ન ખાઈ શકાય કેમકે રાત્રે કુંથુઆ, લીલ-ફૂગ આદિ જંતુઓ જોઈ શકાતાં નથી. કેવલજ્ઞાનીઓ (પ્રત્યક્ષજ્ઞાનવાળા) પોતાના જ્ઞાનબળથી સૂક્ષ્મજીવોને જાણી શકે તેમ હોવા છતાં રાત્રિભોજન કરતા નથી. જો કે દીવા (લાઇટ)ના પ્રકાશમાં કીડી વગેરે સ્થૂલ જીવો દેખાય, પરંતુ અંધકારને લઈને ઉત્પન્ન થયેલા નહીં દેખાતા સૂક્ષ્મ જીવોની તથા ઊડતા જીવોની હિંસાના કારણે મૂલવ્રતની વિરાધના થતી હોવાથી વિશિષ્ટ જ્ઞાનીઓએ રાત્રિભોજનનો નિષેધ કર્યો છે.

સૂર્યગ્રહણ વેળા ભોજનત્યાગ થતો હોય તો સૂર્યાસ્ત થયા બાદ ભોજનત્યાગ હોવો જ જોઈએ.

જૈન ધર્મના જ્ઞાનીઓએ સૂર્યાસ્ત થયા પછી ભોજનનો સર્વથા નિષેધ કર્યો છે તેમ ઇતર દર્શનકારોએ પણ અનેક દોષોથી રાત્રિભોજનને અભોજન ગણાવ્યું છે.

આ શરીરમાં રહેલું હૃદયકમળ (નીચા મુખવાળું) અને નાભિકમળ (ઊંચા મુખવાળું) એ બંને કમળ સૂર્યના આથમી જવાથી સંકોચાઈ જાય છે. આરોગ્યને બાધા તથા સૂક્ષ્મ જીવોનું ભક્ષણ થતું હોવાથી રાત્રિભોજન ત્યાજ્ય છે.

- યોગશાસ્ત્ર ૩/૬૦

### ★ રામાયણનો પ્રસંગ

રામ અને સીતા સાથે લક્ષ્મણ દક્ષિણાપથ તરફ ગયા ત્યારે વચ્ચે કુબરનગરમાં મહીધરરાજાની પુત્રી વનમાલા સાથે લક્ષ્મણે લગ્ન કર્યા. રામ સાથે આગળ પ્રયાણ કરતાં લક્ષ્મણ વનમાલાને ત્યાં જ મૂકે છે. ત્યારે વનમાલાને લાગ્યું કે - લક્ષ્મણજી કદાચ મને લેવા પાછા ન આવે તો ? તેથી પાછા આવવાના સોગંદ લેવરાવે છે. લક્ષ્મણજી કહે છે ‘હે પ્રિયે ! રામચંદ્રજીને જે દેશમાં જવાની ભાવના છે તે દેશમાં મૂકીને તને મારા દર્શન ન આપું તો પ્રાણાતિપાત (હિંસા) આદિ પાપો કરનારની જે ગતિ થાય તે ગતિને હું પામું !’ આ સોગંદથી વનમાલાને સંતોષ ન થયો, એટલે એણે કહ્યું કે - ‘જો તમે રાત્રિભોજન કરનારની

ગતિના સોગંદ લો તો હું રજા આપું.' લક્ષ્મણજીએ 'રાત્રિભોજનનું પાપ કરનારની જે ગતિ થાય તે ગતિને હું પામું.' એવા સોગંદ લીધા ત્યારે જ વનમાલાએ પોતાને મૂકીને જવાની રજા આપી.

અહીં સમજવાની વસ્તુ એ છે કે - પ્રાણાતિપાતાદિ પાપો આચરનારની જે ગતિ થાય છે, તેનાથી પણ રાત્રિભોજન કરનારની ગતિ વધુ ભયંકર થાય છે. અર્થાત્ પ્રાણાતિપાતાદિ કરતાં પણ અપેક્ષાએ રાત્રિભોજનનું પાપ વધુ મોટું અને ભયાનક છે.

જે ભવ્યાત્મા હંમેશ માટે રાત્રિભોજનનો ત્યાગ કરે છે તે ખરેખર ધન્યવાદને પાત્ર છે. જિંદગીભર રાત્રિભોજનના ત્યાગીને અડધી જિંદગીના ઉપવાસનું ફળ મળે છે.

- યોગશાસ્ત્ર ૩/૬૯

## ★ રાત્રિભોજન - ડૉક્ટર - વૈદ્યોની દૃષ્ટિએ

***પેટ કો નરમ, પાઁવ કો ગરમ, શિરકો રખો ઠંડા; ફીર પીછે જો ડૉક્ટર આવે, તો મારો ઉસકો ડંડા.*** આ એક સુભાષિત છે.

અહીં ડૉક્ટરને મારવાની વાત નથી પણ કહેવાનો મતલબ એ છે કે જે પેટને નરમ રાખતો હોય, પગને ગરમ રાખતો હોય અને માથાને ઠંડું રાખતો હોય ગુસ્સો ન કરતો હોય તેને કદી ડૉક્ટરને શરણે જવું પડતું નથી ! આજે હોસ્પિટલો ઊભરાય છે તેની પાછળનું કારણ પહેલાં નંબરે બગડેલી આહારચર્યા છે. પેટને નરમ (હળવું) રાખવાને બદલે ટાઈટ કરતા થઈ ગયા છીએ. એના કારણે એવી સૂસ્તી આવે કે પગ ગરમ અને માથું પણ ઠંડું રહી શકે નહિ. નજીવી વાતમાં પણ મગજનો પારો ચડી જાય અને ક્રોધના આવેશમાં ન કરવાનું કરી ઉપરથી ત્રણેય બાબતમાં આજે આપણે ઊંધી દિશા પકડી રહ્યા છીએ. અતિઆહારની જેમ રાત્રિનો આહાર પણ બીમારીનું ઉગમસ્થાન છે. વૈદ્યોનું સ્પષ્ટ ફરમાન છે કે રાત્રે સૂતાં પહેલા ૩-૪ કલાકે પૂર્વે જ ભોજન કરી લેવું જોઈએ, જેથી ખોરાકનું સારી રીતે પાચન થાય.

શરદી વગેરે રોગો પણ રાત્રે વધુ જોર કરે છે. રાત્રે પાચન તંત્ર મંદ પડી જાય છે, તેથી પેટ બગડે. પેટ બગડવાના કારણે આંખ, કાન, નાક, માથા વગેરેની બીમારીઓને આવતા વાર નથી લાગતી. સૂર્યના પ્રકાશમાં સૂક્ષ્મ જીવાણુઓની ઉત્પત્તિ થતી નથી. સૂર્યનો પ્રકાશ સુક્ષ્મ જીવાણુઓ માટે અવરોધક તત્ત્વ છે. પરદેશમાં અમુક ગંભીર ઓપરેશનો મોટા મોટા ડૉક્ટરો પણ દિવસે જ કરે છે. હોજરીમાં પડેલા ખોરાકને પચવા માટે જરૂરી પ્રાણવાયુ (ઑક્સિજન) સૂર્યની હાજરીમાં મળે છે. રાત્રે હોજરીનું કમળ બિડાઈ જાય છે, જે સૂર્યોદય થયા બાદ ખીલે છે, આમ શારીરિક દૃષ્ટિએ પણ રાત્રિભોજન કુપથ્ય છે.

# તાજ્ય પદાર્થો

અનંત ઉપકારી અનંત કરુણાના સાગર શ્રી જિનેશ્વર પરમાત્માએ, લેબોરેટરીના કોઈ પણ સાધનના પ્રયોગ વિના કેવળજ્ઞાન રૂપી સૂર્યના પ્રચંડ પ્રકાશ વડે જાણીને આપણી સમક્ષ જે આહારવિજ્ઞાન રજૂ કર્યું છે તે નીચે મુજબ છે.

## ત્યાજ્ય પદાર્થો

| ૧ | | ૨ | | ૩ | | ૪ | | ૫ | | ૬ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪સાંયોગિકઅભક્ષ્ય | | ૪મહાવિગઈ | | ૩૨અનંતકાય | | ૪ફળો | | ૫ ટેટા | | ૪તુચ્છચીજો | |
| ૧. દ્વિદળ | ૧ | ૧. માંસ | ૫ | શાક - ૯૯ | | ૧. બહુબીજ | ૧૦ | ૧. વડના ટેટા | ૧૪ | ૧. બરફ | ૧૯ |
| ૨. ચલિતરસ | ૨ | ૨. મદિરા | ૬ | ઔષધ - ૫ | | ૨. વેંગણ | ૧૧ | ૨. પીંપળના ટેટા | ૧૫ | ૨. કરા | ૨૦ |
| ૩. બોળઅથાણું | ૩ | ૩. મધ | ૭ | ભાજી - ૫ | | ૩. તુચ્છફળ | ૧૨ | ૪. પ્લક્ષ પીંપરના ટેટા | ૧૬ | ૩. માટી | ૨૧ |
| ૪. રાત્રિભોજન | ૪ | ૪. માખણ | ૮ | જંગલી - ૬ વેલ | ૭ | ૪. અજાણ્યા ફળ | ૧૩ | ૪. કાળા ઉમરાના ટેટા | ૧૭ | ૪. ઝેર | ૨૨ |
| | | | | | ૩૨ | | | ૫. ઉમરાના ટેટા | ૧૮ | | |

❀

## ★ બાવીસ અભક્ષ્ય પદાર્થો

### ચાર સાંયોગિક અભક્ષ્ય

### ૧. દ્વિદળ ત્યાગ

જેમાં બે દળ, બે વિભાગ હોય તેવા ધાનને દ્વિદળ કહેવાય છે. અલબત્ત જેની દાળ બને તે બધા દ્વિદળ ગણાય. મગ, તુવેર, અડદ, ચણા, મઠ, વાલ, તુવેર, ચોળા, વટાણા, મેથી, મસૂર, કળથી અને લોંગની દાળ ! આ બધાનાં લીલાં પાન, લીલા દાણા તેમજ તેના લોટ બધું જ દ્વિદળ ગણાય.

**દ્વિદળની વ્યાખ્યા :** ૧. જે વૃક્ષના ફળરૂપે ન હોય, ૨. જેને પીલવાથી તેલ ન નીકળે, ૩. જેને ભરડવાથી દાળ બને. ૪. જેના બે ભગા વચ્ચે પડ ન હોય.

ઉપરોક્ત ચારેચાર લક્ષણો જેમાં ઘટતાં હોય તેને દ્વિદળ જાણવું, અન્યથા નહિ. રાઈ, સરસવ, તલ અને મગફળીમાંથી તેલ નીકળે છે, માટે તે દ્વિદળમાં ન ગણાય. સાંગરી ઝાડના ફળ રૂપે આવે છે માટે એ દ્વિદળ ન ગણાય.

**સમજૂતી :** ઉપરોક્ત વ્યાખ્યામાં બંધ બેસતાં તમામ કઠોળમાંથી બનતી કોઈ પણ વાનગી જો કાચા ૧. દહીં, ૨. દૂધ, ૩. છાશ સાથે ભળે તો બેઇન્દ્રિય જીવોની ઉત્પત્તિ

થાય છે. પછી તેનું ભક્ષણ કરવાથી હિંસાનો દોષ લાગે છે. માટે કાચા ગોરસ સાથે ક્યારેય કઠોળ ભેળવવું નહિ. જો દહીં, દૂધ, છાશને સારી રીતે ગરમ કરી દેવામાં આવે તો કઠોળ સાથે જમવામાં દોષ લાગવાનો સંભવ રહેતો નથી. એકલા કઠોળની બનાવેલી વાનગીઓ ખાવામાં કે માત્ર એકલા ગોરસ ખાવામાં દ્વિદળનો કોઈ દોષ નથી, પણ બન્નેનું સંયોજન કરીને ખાવામાં જ હિંસાજન્ય દોષો લાગે છે. આવો સાંયોગિક દોષ પણ દ્વિદળ રૂપ બને છે.

જાહેર રસ્તા પર પડેલા સૂકા છાણમાં જીવોત્પત્તિ હોતી નથી, પણ તેમાં વરસાદનું પાણી પડતાં જીવોત્પત્તિ થવા લાગે છે. આમ કેમ બન્યું ? છાણમાં જીવોત્પત્તિ માટે તેની સાથે જળનો સંયોગ અપેક્ષિત હતો. જો તેની સાથે જળનો સંયોગ ન થયો હોત તો તેમાં જીવ પેદા થાત જ નહિ. બસ ! આ જ રીતે કઠોળ સાથે માત્ર કાચા ગોરસના સંયોગની અપેક્ષા રહે છે. જો કાચા ગોરસનો સંયોગ ટાળી દેવાય તો જીવોત્પત્તિ થવાનો સંભવ રહેતો નથી. અને હિંસાજન્ય દોષથી બચી જવાય છે.

### ★ કઠોળ સાથે કાચા દહીં, દૂધ, છાશનું મિશ્રણ થવાના પ્રસંગો. (દ્વિદળના દોષ)

**૧. દહીંવડાં :** હમણાં હમણાં ઘરમાં તથા જાહેર પ્રસંગોમાં દહીંવડાં ખૂબ પીરસાય છે. વડા ચોળાની દાળમાંથી બનાવાય છે. પછી તેના પર ફ્રીજમાંથી કાઢેલું આઈસ્ક્રીમ જેવું દહીં પાથરવામાં આવે છે. આ દહીં અને વડાનો સંયોગ થવા માત્રથી જ તેમાં તત્કાળ અસંખ્ય બેઈન્દ્રિય જીવો પેદા થઈ જાય છે. તે જીવો અતિસૂક્ષ્મ હોવાથી નજરે જોઈ શકાતા નથી.

આંગળી દાઝે તેવા ગરમ દહીંનું વડાની સાથે મિશ્રણ કરવામાં આવે તો દોષ લાગતો નથી. ગરમ કર્યા બાદ જમતી વખતે તે ઠંડું થઈ ગયું હોય તો ય કોઈ બાધ નથી, તેને ગરમ કરી દીધા પછી તેમાં જીવોત્પાદક શક્તિ રહેતી નથી. ઉત્પાદન શક્તિના અભાવે ઘઉં, બાજરી કે જુવારને શેકી નાખ્યા પછી વાવવા છતાં તે ધાન્ય ઊગતું નથી.

૨. **રાયતું :** દહીંનું રાયતું અનેક રીતે બને છે. કાચા દહીંમાં, ચણાના લોટની બુંદી નખાય છે. ત્યારે દ્વિદળનો દોષ લાગે છે. કઠોળ સાથે ભેળવતાં પહેલાં દહીંને સારી રીતે ગરમ કરી લીધું હોય તો દોષ નથી.

૩. **મેથીના થેપલાં** : મેથી કઠોળ ગણાય છે. તે જ રીતે મેથીની ભાજી પણ કઠોળ ગણાય છે. આજકાલ બહેનો મેથીનાં થેપલાં બનાવતી વખતે દ્વિદળની વાત સાવ જ ભૂલી જાય છે. થાળીમાં ઘઉં-બાજરીના લોટનો ચાળીને ઢગલો કરે છે, પછી તેમાં વચ્ચે ખાડો કરીને મેથીનાં પાંદડાં નાખે છે. પછી તે પાંદડાં પર કાચી છાશ રેડી દે છે. આથી તેમાં અસંખ્ય બેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ શરૂ થઈ જાય છે અને મસળાઈ જાય છે.

છાશ પહેલાં ગરમ કર્યા પછી જ તેમાં મેથીનાં પાદડાં નખાય.

૪. **કઢી** : જ્યારે છાશની કઢી કરવાની હોય છે. ત્યારે બહેનો ચૂલા પર તપેલીમાં છાશ નાખીને તે ગરમ થયા પૂર્વે જ એમાં તે ચણાનો લોટ ભેળવી દે છે. કાચી છાશમાં ચણાનો લોટ ભળવાથી તેમાં તત્કાળ અસંખ્ય જીવો પેદા થાય છે. તે બધા જીવો ઊકળતી કઢીમાં સ્વાહા થઈ જાય છે. આ રીતે જીવોની ઉત્પત્તિ અને સંહાર એમ બંને દોષ લાગે છે, માટે છાશ ને સારી રીતે ગરમ કર્યા પછી જ તેમાં ચણાનો લોટ નાખવો જોઈએ. કઢી સાથે જો શ્રીખંડ વાપરવાનો હોય તો ચણાના લોટનું અટામણ ન નાખતાં ચોખાના લોટનું નાખવું જોઈએ. વઘારમાં ભૂલેચૂકે પણ મેથીનો ઉપયોગ ન થાય તેનો ખ્યાલ રાખવો જોઈએ, કેમ કે મેથી કઠોળ ગણાય છે. લોકો શ્રીખંડના જમણવારમાં દોષથી બચવા શીંગદાણાનું શાક અને ચોખાના લોટના ખમણ બનાવવા જોઈએ અને કઢીમાં પણ ચોખાનો લોટ નાખવો જોઈએ. બધા સાવધાની રાખવા છતાં જો કઢીના વઘારમાં ધ્યાન ન રાખ્યું તો હનુમાનના પૂંછડેથી આખો જમણવાર હિંસક બની જાય છે. પાપભીરુ પુણ્યાત્માઓએ ક્યારેય જમણવારમાં શ્રીખંડ સાથે ગોરસની વાનગીઓ બનાવવી જ નહિ.

**૫. શ્રીખંડ :** આજે લગ્ન સમારંભોમાં શ્રીખંડનો મહિમા વધી રહ્યો છે. ઉનાળામાં લોકો શ્રીખંડનું જમણ પસંદ કરે છે. જમણમાં શ્રીખંડ આવે એટલે જોખમ ઘણું વધી જાય છે. જમણમાં જો કોઈ પણ કઠોળની વાનગી હશે તો એ જમતાં થાળીમાં ભેગી થવાથી દ્વિદળ થઈ જશે. શ્રીખંડની સાથેના જમણમાં લીલાં સૂકાં કઠોળના શાક, કેળાવડાં, ચણાનાં ખમણ, ખમણની ચટણી, મગની દાળ, પાપડ, ચણાના લોટવાળી અને મેથીના વઘારવાળી કઢી આ કશું જ ચાલી શકે નહિ માટે શ્રીખંડનું જમણ જ ટાળવા યોગ્ય છે.

**૬. ઢોકળાં :** ખાટાં ઢોકળાં બનાવવા માટે કઠોળનો આટો છાશમાં પલાળવામાં આવે છે. આ આટો પલાળતાં પૂર્વે છાશને ગરમ કરેલી હોવી જોઈએ. છાશને ગરમ કર્યા વિના સીધો જ આટો પલાળવાથી દ્વિદળનો દોષ લાગે છે. માટે કાળજી રાખવી જરૂરી છે.

**૭. મેથીનાં ઢેબરાં :** બહારગામ જવાનું હોય ત્યારે લોકો સાથે મેથીનાં ઢેબરાં લઈ જાય છે. કેટલાક ઢેબરાં સાથે દહીં ખાય છે, ત્યારે તેમને એ ખ્યાલ નથી હોતો કે ઢેબરાંની અંદર મેથીની ભાજી પડેલી છે. કાચા દહીં સાથે મેથીનો સંયોગ થતાં તેમાં અસંખ્ય જીવો ઊપજે છે માટે મેથીનાં ઢેબરાં ગરમ કર્યા વિનાના કાચાં દહીં સાથે ન ખવાય દોષથી બચવા માટે કઠોળ વગરનાં ઢેબરાં બનાવવાં જોઈએ.

**૮. અથાણાં :** શ્રીખંડ આદિના જમણવારમાં લોકો મેથીવાળાં અથાણાનો ઉપયોગ કરતા હોય છે. અથાણામાં રહેલી મેથી શ્રીખંડ સાથે ભળવાથી દ્વિદળ થાય છે. આ દોષના ત્યાગ માટે મેથીવાળું અથાણું ન વાપરવું.

**૯. છાશ :** કેટલાંક કુટુંબોમાં જમતાં છેલ્લે છાશ પીવાનો રિવાજ હોય છે. ખાસ કરીને કચ્છી લોકોને લચ્છી વિના ચાલતું નથી. ગુજરાતીને ભોજનમાં અથાણાં વિના ન ચાલે, (ગુજરાતી રોટલી એક ખાશે પણ અથાણું સો ગ્રામ હશે તોય ઝાપટી જશે.) રાજસ્થાનીને ભોજનમાં પાપડ વિના ન ચાલે. તેવી જ રીતે કચ્છીને ભોજનમાં છાશ વિના ચાલે નહિ. કચ્છીઓના જાહેર સમારંભોમાં પણ છાશ પીરસાય છે. ભોજનમાં દાળ, શાક, ભજીયા આદિમાં કઠોળ હોય છે. ભોજનબાદ એંઠા મોંએ અને એંઠા હાથે છાશ-પાન કરાતું હોવાથી કાચી છાશ સાથે કઠોળનો સંયોગ થવાથી તેમાં બેઇંદ્રિય જવો ઉત્પન્ન થાય છે. દોષથી બચવાની ભાવનાવાળા પુણ્યાત્માઓ બપોરના ભોજનમાં સારી રીતે ગરમ કરેલી છાશનો ઉપયોગ કરે છે. તેમ છતાં પણ કદાચ કાચી છાશ પીનારના હાથ-મોં બિલકુલ ચોખ્ખાં હોવા જોઈએ. કાચી છાશ પીધા પછી તે વાસણને કઠોળવાળાં વાસણો સાથે ધોવાય નહિ. કઠોળના એંઠવાડવાળાં વાસણો સાથે જો એ વાસણ ધોવાય તોય દોષ લાગે છે. માટે કાચી છાશ પીધેલા વાસણને ધોઈને એ પાણી પી જવું જોઈએ, જેથી દોષ લાગવાનો સંભવ ન રહે. હા, જઠરની ગરમીને કારણે પેટમાં ગયા પછી અંદર કઠોળ ભેગું થાય તો દ્વિદળનો દોષ લાગતો નથી.

**૧૦. કાચું દૂધ :** કાચા દૂધને વાપરવાનો પ્રસંગ બહુ ઓછો આવે છે, તેમ છતાં ઘરમાં દૂધની તપેલી ખુલ્લી રાખવાથી ક્યારેક તેમાં કઠોળનો દાણો પડી જવો કે મેથીની ભાજીનું પાંદડું પડી જવું સંભવિત છે. આ રીતે કાચા દૂધ સાથે કઠોળનો સમાગમ થતાં પણ જીવો ઉત્પન્ન થાય છે માટે કાચા દૂધને બરાબર ઢાંકીને સંભાળીને રાખવું જોઈએ.

દહીં માટે જૈનદર્શને કાળમર્યાદાઓ નક્કી કરેલી છે. દહીંમાં મેળવણ પડ્યા પછી એના ઉપર બે રાત વીત્યા બાદ એ અભક્ષ્ય બની જાય છે, જીવાકુલ બની જાય છે, માટે દહીં મેળવ્યા બાદ ક્યારેય બે રાત પૂરી થવા દેવી નહિ. બે રાત વીત્યા પહેલાં વહેલી સવારે જો દહીંને વલોવી નાખીને એની છાશ બનાવી લેવામાં આવે તો તે છાશ પુનઃ બીજા બે દિવસ ચાલી શકે છે. હવે એ છાશ પણ બે રાત્રિ પૂર્ણ થતાં પૂર્વે તેમાંથી છાશનાં થેપલાં બનાવી દેવામાં આવે તો એ થેપલાં આગળ બે દિવસ ચાલી શકે છે. બે રાત્રિ-પૂર્ણ થતાં પૂર્વે આ થેપલાના જો ખાખરા બનાવી દેવામાં આવે તો એ ખાખરાં આગળ બીજા ૧૫ દિવસ ચાલી શકે છે. પહેલાં ૧૫ દિવસ પૂરા થતાં એ ખાખરાનો ભુક્કો કરીને વઘારીને જો એનો ચેવડો બનાવી દેવાય તો એ પાછા ૧૫ દિવસ ચાલી શકે છે. આમ દહીંથી બનાવેલી વસ્તુ બદલાતાં બદલાતાં કુલ ૩૬ દિવસ ચાલી શકે છે.

**★ ભાતની કાળમર્યાદા :**

રાંધેલા ભાત છાશમાં પલાળીને પણ બીજે દિવસે રાખી શકાય છે. છાશમાં પલાળવાથી તે વાસી થતા નથી, પરંતુ છાશમાં એનો દાણેદાણો છૂટો કરી દેવો જોઈએ અને પલાળ્યા બાદ તે પૂરેપૂરા અંદર ડૂબેલા રહેવા જોઈએ. ઉપર ચાર આંગળ જાડી છાશ તરવી જોઈએ. આ રીતે છાશ છાંટેલા નહિ, પણ છાશ ડૂબેલા ભાત બીજે દિવસે વઘારીને ઉપયોગમાં લેવાય છે. તે જ રીતે આજે છાશમાં રાંધેલી ઘેંસ અને ઘાટ પણ બીજે દિવસે વાસી થતાં નથી.

**★ કાકડીના રાયતાની કાળમર્યાદા :**

દહીંની સાથે કાકડીનું મિશ્રણ કરીને જે રાયતું બનાવાય છે તેની કાળમર્યાદા પણ સોળપ્રહર એટલે ૪૮ કલાકની ગણવામાં આવેલ છે. એની આવી દીર્ઘ મર્યાદા કારણ માત્ર એટલું જ છે કે દહીં-છાશમાં 'લેકટીક' નામનું એસીડ હોય છે. આ એસીડના અસ્તિત્વના કારણે ૪૮ કલાક સુધીમાં એમાં કોઈ જીવોત્પત્તિ થઈ શકતી નથી. લેકટીક નામના એસીડનું અસ્તિત્વ આજના વિજ્ઞાને પણ સ્વીકાર્યું છે.

કેટલીક બહેનો છાશમાં ભાત પલાળવાને બદલે દૂધમાં મેળવણ નાખી એમાં ભાત પલાળી દે છે. એ રીતે પલાળેલો ભાત સવારે ચાલી શકે નહિ, વાસી થાય.

**★ કેટલીક સાવધાની :**

(અ) દહીં, છાશ, દૂધને અંદરથી બૂડ બૂડ અવાજ આવે ત્યાં સુધી એકદમ કડક રીતે ગરમ કરવાં જોઈએ. કેટલીક બહેનો માત્ર તપેલી ગરમ કરીને નીચે ઉતારી દે છે, તે યોગ્ય નથી. આંગળી દાઝે તેવાં ગરમ થવાં જોઈએ.

(બ) દહીં ગરમ કરવાથી કેટલીક બહેનોને ફાટી જવાનો ડર લાગે છે. દહીં ગમે તેવું સારું હોય તો ય વડા પર પાથર્યા પછી તો ફાટે જ છે. છેવટે મોંમાં પધરાવ્યા પછી તો ચોક્કસ એના ફોદેફોદા થઈ જતાં હોય છે. તેથી ખોટી ધારણાઓ કાઢી નાખવી. દહીંને ફાટતું અટકાવવા ગરમ કરતી વખતે અંદર સહેજ બાજરીનો લોટ કે મીઠું ભભરાવાથી તે ફાટતું નથી.

(ક) સેવ, ગાંઠિયા, ચણાની પુરી, ગુવારફળીની તળેલી સીંગો આદિ કઠોળમાંથી બનાવેલી ચીજો ખાતી વખતે ધ્યાન રાખવું કે તે ચીજ કાચા દહીં, છાશ કે દૂધ સાથે ભળેલી ન હોય.

(ડ) છાશનો બે રાત્રિ સુધીનો બતાવેલો કાળ વલોણાની છાશનો અથવા સારી રીતે વલોવી બનાવેલી છાશનો સમજવો, જે લોકો પુરું મથન કર્યા વિના ઉતાવળે ઉતાવળે દહીં વલોવી નાખે છે તેવી છાશ ન ચાલે. પાણી સાથે દહીંનો અંશેઅંશ મળી ગયો હોય એવી છાશ જ ચાલે.

## ★ ચલિતરસનો ત્યાગ

ભક્ષ્ય ગણાતા કેટલાક પદાર્થો પણ તેનું અસલ સ્વરૂપ, તેના અસલ રૂપ, રસ અને સ્પર્શ ગુમાવી બેસે ત્યારે અભક્ષ્ય બની જાય છે. આ પદાર્થોના ભક્ષણમાં જીવો તો હણાય જ છે, સાથોસાથ આપણું આરોગ્ય પણ હણાય છે.

જેમ દવાઓના લેબલ પર તેની આખરી તારીખ છપાય છે, અમુક સમય જતાં તે દવાઓનો પાવર ખલાસ થઈ જાય છે, જેમ ઘરમાં રહેલ ફર્નિચર પણ સમય જતાં સડવા માંડે છે, જેમ પ્લાસ્ટિકની ડોલો પણ તરડાઈ જાય છે, જેમ દરેક પદાર્થની સલામત રહેવાની પોતાની સમય મર્યાદા હોય છે, તેમ ખાદ્યપદાર્થોની પણ કાળમર્યાદા હોય છે. એની કાળમર્યાદા પૂરી થઈ જતાં તે તે પદાર્થોનું સ્વરૂપ પણ બદલાવા માંડે છે. જે પદાર્થનું સ્વરૂપ બદલાઈ જાય અર્થાત્ એના મૂળ રૂપ, રસ, ગંધ અને સ્પર્શ ફરી જાય ત્યારે તે પદાર્થો ભક્ષ્ય છતાં અભક્ષ્ય બની જાય છે.

આવા બદલાયેલા સ્વરૂપવાળા પદાર્થોમાં હાલતા ચાલતા જીવો, લાળીઆ જીવો અને નિગોદના જીવો ઉત્પન થાય છે. તે ખાવાથી હિંસાજન્ય દોષ લાગવા સાથે આપણું આરોગ્ય પણ બગડે છે. આવા ચલિતરસવાળા પદાર્થોના ભક્ષણથી લોકોને ઝાડા-ઉલટી આદિ થવાના બનાવો આજે ઠેર ઠેર બનતા હોય છે. ચલિતરસ એટલે જેનો સ્વાદ અને રૂપ, ગંધ તથા સ્પર્શ બદલાયા હોય તે બધા ભક્ષ્ય પદાર્થોને ચલિતરસ કહેવાય છે. આ માટે જૈનદર્શને કેટલાક ખાદ્ય પદાર્થોની ચોક્કસ કાળમર્યાદા નક્કી કરી આપી છે, પરંતુ ક્યારેક એની બનાવટ કે મિલાવટમાં ભૂલ થવાને કારણે કાળમર્યાદા પૂર્વે પણ ખાદ્ય પદાર્થોનું સ્વરૂપ બદલાઈ જતું હોય છે. તેવા ખાદ્ય પદાર્થો કાળ મર્યાદાપૂર્વે પણ અભક્ષ્ય બની જાય છે. ચોમાસામાં બુંદીના લાડવાની કાળમર્યાદા ૧૫ દિવસ સુધીની છે. પરંતુ લાડવા બનાવીને તરતજ ડબ્બામાં ભરી દીધા હોય તો રાત્રે તેમાંથી નીકળેલી વરાળના પાણીના ભેજને કારણે સવારે લાડવા ઉપર સફેદ ઉબ (ફૂગ) વળી જાય છે. તે લાડુ ૧૫ દિવસને બદલે બીજે દિવસે જ અભક્ષ્ય બની જાય છે. હવે આપણે ક્રમશઃ ચલિતરસવાળા ખાદ્ય પદાર્થોને વિગતવાર જાણીએ.

### ચલિતરસ

| (૧) | (૨) | (૩) |
|---|---|---|
| બીજા દિવસમાં જ અભક્ષ્ય બને તેવા રાતવાસી ખાદ્ય પદાર્થો. | ૧૫/૨૦/૩૦ દિવસ પછી અભક્ષ્ય બને તેવા ખાદ્ય પદાર્થો. | ૪ માસ/ પછી અભક્ષ્ય બને તેવા ખાદ્ય પદાર્થો |

**(૧) બીજે દિવસે અભક્ષ્ય બનતા પદાર્થો :** જે પદાર્થોમાં પાણીનો અંશ રહી જવા પામે છે, તે બધા પદાર્થોને 'વાસી' કહેવામાં આવે છે. આવા વાસી બનતા તમામ પદાર્થોનો ત્યાગ

રહે છે અને જીવાત તેનાથી આકર્ષાતી નથી. આવી બોક્ષલાઇટનો પણ ઉપયોગ કરી શકાય. ★ શહેરોમાં લાલ-પીળી રોશની વરસાવતા દીવાઓનો ઉપયોગ થાય છે. આનાથી જીવાત લગભગ દૂર રહે છે પણ આ પ્રકારના પ્રકાશથી આંખો બગડવાનો સંભવ રહે છે. ★ ખાસ કરીને ચોમાસામાં વધુ અને ઉનાળામાં ગરમી-ઉકળાટના સમયમાં જીવાત વધુ પ્રમાણમાં હોય છે. ખૂબ પવન હોય ત્યારે જીવાત બહુ ઊડી શકતી નથી.

(૯) **(જૂ) : *કાળી હું ને કાળા વનમાં રહું છું; લાલ પાણી પીઉં છું, કહો હું કોણ છું ?***

માણસ ઉપરાંત વાંદરા, ઉંદર, ખિસકોલી, સસલાં, ભેંસ, હાથી વ. પ્રાણીઓના શરીર ઉપર પણ જૂ થાય છે. તથા કેટલાંક પક્ષીઓના શરીરો ઉપર પણ થાય છે. એક પ્રાણીની જૂ બીજા પ્રાણીના શરીર ઉપર જીવી શકે નહીં. માણસના શરીર ઉપર વાળની અને ચામડીની એમ બે અલગ જાતની જૂ થાય છે.

★ અવસ્થાઓ ઇંડુ લીખ (બચ્ચુ) - મોટી જૂ

માથામાં વધારે પડતો કચરો ભરાવાના કારણે લીખ, ખોડો અને જૂ થાય છે. ક્યારેક જૂ જેના માથામાં હોય તેવી વ્યક્તિના સહવાસમાં રહેવાથી તેના માથાની જૂ આપણા માથામાં આવે છે.

★ જૂ ન થાય તે માટે માથું સ્વચ્છ રાખવું. ★ જૂવાળી વ્યક્તિ સાથે કે તેની નજીકમાં ન સૂવું. ★ માથામાં જૂ ન થાય તે માટે માથું જૂ વગરનું હોય ત્યારે જે તેલ માથામાં નાખો છો તે તેલમાં એક-બે ટીપાં લીંબોળીના તેલનાં હંમેશ નાંખવાં. ★ માથામાં જૂ થઈ હોય તો કોઈની પાસે તે વીણાવી એક મેલા કપડા ઉપર મૂકી કપડું કોઈ લાકડાની તિરાડમાં ઊંચા સ્થાને મૂકી દેવું. ‘જૂ’નો ખોરાક મેલ અને લાકડું છે. કાપડનો મેલ ખાઈને જૂ પોતાનું અતિ ટૂંકું આયુષ્ય પૂરું કરી લેશે.

(૧૦) **કરોળિયો** : ભીંતના, છતના ખૂણામાં નાના-મોટા કરોળિયા બીજાં જંતુઓને પકડી ચૂસી ખાવા જાળાં બાંધે છે.

★ ઘરનો દરેક ઓરડો વારાફરતી દર બે-ત્રણ દિવસે બરાબર સાફ કરવો. ★ બે પોચી સાવરણી અથવા ચાર પોચી પૂંજણી રાખવી. એને લાકડીના છેડે બાંધી એનાથી અથવા દંડાસન વડે ઓરડાની દીવાલો અને છત નિયમિત સાફ કરતાં રહેવું ★ ઓરડામાં લાઇટ અથવા બીજા કોઈ કારણે આવતા જીવજંતુઓ, કીડીઓ વગેરેનું પ્રમાણ બને તેટલું ઘટે તેવા પ્રયત્નો કરવા. જ્યાં જંતુઓ નહિ હોય ત્યાં કરોળિયા આવશે નહિ.

(૧૧) **અળસિયાં, સાપોલિયાં** : નાની-મોટી લંબાઈના આ જીવો ક્યારેક ઘરની જમીનમાંથી નીકળી આવે છે. તેમને કદી મારવા ન જોઈએ ★ સાવરણીની મદદથી

સૂપડામાં લઈને ડોલમાં મૂકી તે જીવોને દૂર સલામત સ્થળે મૂકી આવવા.

(૧૨) **સાપ** : શહેરમાં આ જીવ ક્યારેક જ જોવા મળે છે. ખેતરાળ જમીનમાં અને ગામડાનાં ઘરોમાં વધુ જોવા મળે છે. ★ જ્યાં જ્યાં સાપ વારંવાર જોવા મળતા હોય તેવાં સ્થાનોમાં મોરનાં આખાં લાંબાં પીછાં બાંધી રાખવાં. ગામડાનાં ઘરોની દીવાલોમાં બહારની ચારે બાજુએ ફરતે મોરનાં પીછાં બાંધી રાખવાથી તેને જોઈને જ સાપ દૂર ભાગી જશે.

★ ડમરાની ગંધથી સાપ દૂર રહે છે તેથી ડમરાના છોડ મોટા પ્રમાણમાં ઉગાડવા.

★ સાપ નીકળે ત્યારે તેની બાજુમાં લાકડી ઠપકારીને, તેને સપાટ જમીન ઉપર લાવી, મોટા તપેલા જેવું સાધન તેની ઉપર ઢાંકી દેવું અને બરાબર જમીનને અડીને સરકે તે રીતે તપેલાના માપનું ઢાંકણ સરકાવવું, આમ કરવાથી સાપ આ તપેલામાં આવી જશે. દૂર જ્યાં સાપને છોડવો હોય ત્યાં બંધ તપેલું લઈ અને એને જમીન પર મૂકી દૂર ઊભા રહી લાકડી વડે ઢાંકણ ખોલી નાખવું. પછી તપેલાને નમાવવું. સાપ એની મેળે દૂર ચાલ્યો જશે.

★ જે દરમાં અગર ઘરમાં અથવા જે સ્થળે સાપની વસ્તી હોય ત્યાં કપડું બાળી તેની પુષ્કળ ધુમાડી કરવાથી સાપને અતિશય કંટાળો આવશે તેથી તે ઠેકાણું છોડી તે ચાલ્યો જશે. આનું કારણ એ છે કે, સાપને સ્વચ્છ હવા ઉપયોગી છે અને તેને પ્રાણવાયુની બહુ જરૂર પડે છે.

(૧૩) **વીંછી** : પેટ, આંકડો, પગ અને ઝેરી ડંખવાળી પૂંછડી ધરાવતો વીંછી ધીમી ચાલ ચાલતો હોય છે, તેના પર સહેજ દબાણ આવતાં તરત ડંખ મારે છે, જેના કારણે શરીરમાં કાળી વેદના થાય છે. ★ વીંછી નીકળે ત્યારે તેને રોટલી શેકવાના ચીપિયા વડે સહેલાઈથી પકડી શકાય છે. તેને ખુલ્લી તપેલીમાં મૂકી દૂર મૂકી આવવો. ★ વીંછીનો ડંખ કાપવો નહિ. ડંખ કાપવાથી તેના કુદરતી રક્ષણની વ્યવસ્થા ખલાસ થઈ જતાં તેનું જીવન લગભગ ખલાસ થઈ જાય છે.

(૧૪) **ઉંદર : ચાંચડ** : ચાંચડ એ ઝીણું લાલ જંતુ છે. તે લગભગ ઉંદરના શરીર ઉપર રહેતું હોય છે. ઉંદરની ગેરહાજરીમાં તેની હાજરી ભાગ્યે જ હોવાની. ચાંચડ જોવામાં આવે તો તેને યોગ્ય રીતે લઈને કચરામાં, ઉકરડામાં કે કોઈ સડેલા પણ ન ભીંજાયેલા પદાર્થ ઉપર મૂકી દેવા.

ઉંદર પકડવા પાંજરાં વાપરવામાં આવે છે. જો બીજો ઉપાય શક્ય હોય તો આ ઉપાય કરવો પણ યોગ્ય નથી. એવું મનાય છે કે ઘરમાં ઉંદર કે છછૂંદરને આવવા-જવાના માર્ગ ઉપર કપૂરની ગોળી મૂકી રાખવામાં આવે તો તેની ગંધના કારણે ઉંદરની આવન-જાવન ઘટી જાય છે. કપૂરની ગોટી એક સ્થાને જ પડી રહેવી જોઈએ.

એક મુઠી ભરીને ખાવાનું મીઠું લેવું. તે મીઠું દરેક ફાટમાં તથા દરની અંદર તથા જે જે જગ્યાએ ઉંદર ફરતા હોય ત્યાં નાખવું; પછી તે મીઠાની ઉપર બે બે ચમચા ભરીને મોરથૂથુનો અર્ક નાખવો, એટલે તેની ગંધને લીધે ઉંદરો નાસી જશે અને તે જગ્યાએ ફરીથી આવશે નહિ.

ખરડ ચૂનો ઉંદરના દર આગળ નાંખવું, તે દર પાસે ફરતા ઉંદરોના શરીર ઉપર ચોંટી જશે. આ ઉંદરને ગમતું નથી. તેથી ફરીથી તેઓ તે જગ્યા આગળ આવશે નહિ અને પોતાનું રહેણાંક છોડી ચાલ્યા જશે.

ઉંદરના દરના મુખમાં અને દરની આસપાસ કળી ચૂનો અને હળદરનો ભૂકો પાથરવાથી ઉંદર તેની નજીક આવશે નહિ, પણ નાશી જશે.

ઉંદરના દર આગળ અથવા જ્યાં જ્યાં ખાવાનું રાખ્યું હોય તે જગ્યાની આસપાસ જુવારની ધાણી વેરવી, જેથી ઉંદર તે ધાણી ખાશે. ધાણી ખાવાથી ઉંદરના દાંત અંબાઈ જાય છે, પછી તેનાથી બીજી કોઈ પણ ચીજ ખવાતી નથી અને ખાધા વિના જ જતા રહે છે. આથી કંઈ પણ બગાડો થવા સંભવ નથી.

ઉંદરના દરની પાસે બ્લીચિંગ પાઉડર અને ડામર એ બન્ને ચીજો પાણીમાં ભેળવી દર પાસે અગર જ્યાં જ્યાં ઉંદરનો આવરો-જાવરો વિશેષ હોય ત્યાં તે દવા છાંટવાથી ઉંદર તેની ખરાબ વાસને લીધે તે દવા નજીક આવશે નહિ અને દૂરના દૂર જ રહેશે.

નાઈટ્રેટ ઑફ પોટાશ બાર ભાગ લઈ તેને તેનાથી બમણા ગરમ પાણીની અંદર નાખવું. તે બન્ને એકરસ થઈ જાય એટલે તેની અંદર ત્રીસ ભાગ લાકડાનો વ્હેર અને સાત ભાગ રાખ અને દસ ભાગ સાકરની મેળવણી કરવી. બધું એકરસ થઈ જાય એટલે સુકવી નાખવું. સૂકાઈ જાય પછી તેના નાના ટુકડા કરવા અને તેની ઉપર થોડો ગંધક લગાડવો અને જ્યાં જ્યાં ઉંદર બહુ આવતા હોય ત્યાં અને તેના દર પાસે તે ટુકડા મૂકવા. જેથી ઉંદર જતા રહેશે.

## ★ ઉંદરથી ઝાડ જાળવવાની રીત :-

ઘણી વખત નાનાં નાનાં કુમળાં ઝાડને ઉંદર કરડી ખાય છે, તેથી કુમળાં ઝાડને ઉંદરથી બચાવવાની ખાસ જરૂર પડે છે, ઝાડ પર ડામર લગાડી શકાય.

આકડાના ઝાડની આંગળી જેવી ડાળી અને પાનને મકાઈની જેમ શેકીને પાળ પાસે મૂકવાથી ઉંદર ભાગી જાય છે.

(૧૫) **ચાંચડ :**

અવસ્થાઓ : ઈંડું - કોશેટો ચાંચળ

ઉંદર, બીલાડી, કૂતરાં, ખિસકોલી, ભૂંડ, ગાય, ભેંસ, તથા અમુક પક્ષીઓના શરીર પર અનેક જાતના ચાંચળ થાય છે. તેને પાંખ નથી હોતી. કૂદકા મારી બીજા સ્થળે જાય. ઉપરાંત એને અંધારામાં ભરાઈ રહેવાનું ગમે છે અને માફક આવે છે. ઘરમાં ખૂણેખાંચરે સાદડી, શેતરંજી, ગાદલા વ.માં સંતાઈ રહે અને રાત્રે માણસને ચટકા ભરે. ઘરમાં સ્વચ્છતા રાખવી. ઉંદર, બીલાડી, કૂતરાં વગરેને ઘરથી દૂર રાખવાં.

(૧૬) **પાણીના પોરા અને ઝીણાં દેડકાં** : વર્ષાકાળે એકદમ ઝીણાં દેડકાં મોટી સંખ્યામાં ઉત્પન્ન થઈ જાય છે. તથા પાણીના ખાબોચિયાઓમાં પોરા તરીકે ઓળખાતા જીવો ખૂબ વધી જાય છે. આથી રસ્તે જતાં-આવતાં ખૂબ ધ્યાન રાખવું. પાણીનાં ખાબોચિયાઓમાં પગ મૂકીને ચાલવું નહિ.

(૧૭) **કાનખજૂરો** : જ્યાં આ જીવોનું પ્રમાણ વધુ હોય ત્યાં રાત્રે સૂતી વખતે કાનમાં રૂ (કપાસ) નાખીને સૂવું. ઘરમાં આ જીવ ફરતો દેખાય તો મુલાયમ સાવરણી વડે સૂપડામાં લઈ દૂર ઝાડીમાં સલામત સ્થળે મૂકી આવવો.

(૧૮) **ઢોર ઉપરની બગાઈઓ** : ઢોર ઉપર પુષ્કળ બગાઈઓ હોય છે, જે પશુઓનું લોહી ચૂસી લે છે. ખેડૂતો, ભરવાડો તેને પકડી પાણી ભરેલી ડોલમાં નાખી, ભેગી કરેલી તમામ બગાઈઓને દૂર મૂકી આવે. (બગાઈઓ પાણીમાં મરી જતી નથી. તેમજ ઊડીને પાછી ઢોર ઉપર બેસી શકતી પણ નથી.)

(૧૯) **પીપળનાં બી** : પક્ષીઓએ ખાધેલાં ફળમાંથી પીપળાનું બી દીવાલની ફાટમાં પડે તો ત્યાં પીપળો ઊગે છે અને તેનું મૂળ દીવાલને વધુ ને વધુ તોડતું જાય છે. તેથી મકાનને મોટુ ંનુકસાન થવાની શક્યતા રહે છે. એકેન્દ્રિય જીવ છે એટલે શરૂઆતમાં દેખાય ત્યારે જ ધ્યાન રાખી અને બી અથવા નાના મૂળવાળો છોડ સાચવીને દીવાલમાંથી અખંડિત કાઢવો અને કોઈ નિર્જન સ્થાને રોપી દેવો.

(૨૦) **છછુંદર :** છછુંદરને લસણની વાસથી ખૂબ જ ત્રાસ થાય છે, તેથી જ્યાં છંછુદરનો ઉપદ્રવ હોય ત્યાં લસણની કળીઓ છુટી છુટી વેરવી, અગર એક નેવામાં થોડો દેવતા લઈ તે ઉપર થોડી કળીઓ નાખવી, જેથી ધુમાડો નીકળશે અને તેની વાસ આવતાં જ છંછુદરો ત્યાંથી પલાયન કરી જશે.

(૨૧) **કૂતરાં (શ્વાન)**

આજકાલ વર્તમાનપત્રો અને ચેનલોના રવાડે ચઢેલા શહેરી લોકો, કૂતરાં કરડવાના બનાવો બનવાને કારણે 'કૂતરાં મારી નાંખો' એવી ઝૂંબેશ કરે છે, જે પાશ્ચાત્ય શિક્ષણની આપણી ભારતીય સંસ્કૃતિ ઉપરની અસર બતાવે છે. થાઈલેન્ડ જેવા દેશમાં ''શ્વાનો માટે બ્લડબેંક'' હોય છે. (થાઈલેન્ડ એનિમલ્સ લવર્સ ગ્રુપ દ્વારા સંચાલિત)

સૌપ્રથમ તો કોઈ પણ પ્રાણી (કૂતરાં પણ) પાળવાનો શોખ એટલે તેને બંધનમાં રાખવાનો શોખ. હાલ પામોરિયન કે અલ્શેસિયન જેવા વિદેશી કૂતરાં પાળવાનો ઘણાંને શોખ થાય છે. કદાચ એ કૂતરાં પાળનાર માલિકની તેને કારણે કિંમત (?) વધી જાય છે. આ શોખ જ ખોટો છે. કૂતરાંઓને બંધનમાં રાખી શા માટે પાળવાં જોઈએ.

તેને છૂટથી હરવા-ફરવા દો. સાંકળ ન બાંધો અને નિયમિત ખવડાવો. તે તમારું ઘર કે મોહલ્લો છોડીને ક્યાંય જશે નહિ અને કોઈને કરડશે ય નહિ.

કૂતરાં કરડવાનું મુખ્ય કારણ તેને લોકો વારંવાર હડધૂત કરે છે અને ખાવાનું આપતા નથી તે છે. જેમ ભૂખ્યો માણસ પોતાને હડધૂત કરવાથી ગુસ્સે ભરાઈ ચોરી-લૂંટફાટ પર ઊતરી જાય તેવું જ કૂતરાંની બાબતમાં પણ થાય છે. આજે કયું ઘર નિયમિત રીતે કૂતરાંને ખવડાવે છે ? કઈ સોસાયટીમાં કે બહાર પ્રાણીઓને પાણી પીવડાવવાની વ્યવસ્થા છે ? કૂતરાંનો મૂળ સ્વભાવ ‘ગરમ’ અને ભર ગરમીમાં તે ભૂખ્યું હોય અને તેને ખોરાક-પાણી ન મળે તો સ્વાભાવિક પણે તે તેના સ્વભાવ પર જાય જ. ખરેખર તો તેને નિયમિત હરતો ફરતો રાખી ખવરાવવા પીવડાવવાથી ૨૪ કલાકના સિક્યોરીટી ગાર્ડની ય જરૂર નહીં પડે. કૂતરાની વફાદારી એ તેનો મોટામાં મોટો ગુણ છે. તેને સાંકળે બાંધ્યા વિના તેનો લાભ લેતાં આવડવું જોઈએ.

મુંબઈ હાઈકોર્ટમાં ‘વિનિયોગ પરિવાર ટ્રસ્ટે’ રખડતાં કૂતરાંઓને આડેધડ મારવાનો વિરોધ કરતી જાહેર હિતની રીટઅરજી કરેલ, જેમાં પક્ષકારોની સંમતિથી કૂતરાંનો પ્રશ્ન હલ કરવાની આચારસંહિતા નક્કી થયેલ. (રીટ પીટીશન નં. ૧૫૯૬/૧૯૯૮ તા. ૫-૧૦-૯૮, એમ.બી.શાહ તથા વાય એસ જાગીરદાર છે.)

૧. પાળેલા કૂતરાઓ અંગે લાયસન્સ, ઉછેર, રસીકરણ, ખસી અંગેની જવાબદારી તેમના માલિકોની રહેશે.

૨. રખડતાં કૂતરાંનું પ્રાણીના હક્કો માટે લડતી સંસ્થાઓની મદદથી રસીકરણ, ખસીકરણ કરવું. જે રખડતાં કૂતરાં એકદમ બિમાર હોય કે ગંભીર અકસ્માતથી ઈજા પામેલ હોય કે જેને હડકવા લાગ્યો હોય તેમને ડૉક્ટરોની પેનલનો અભિપ્રાય હોય અને સારવાર આપ્યા છતાંય તેમની તબિયતમાં સુધારો ન થાય તો માનવીય રીતે સામાન્યતઃ એનેસ્થેશીયા આપી તેમની જીંદગીનો અંત આણવો.

૩. જો સારી તબિયતવાળા કૂતરાં હોય તો તેમનું રસીકરણ અને ખસીકરણ કરી જે તે વિસ્તારમાં જ છોડી મૂકવાં અને નાગરિકોને જાણ કરવી કે આવાં કૂરતાં કરડવાથી હડકવા ન થાય.

૪. સરકારી અધિકારીઓ તથા પ્રાણી હક્ક અંગે લડતી સંસ્થાઓના પ્રતિનિધિની સંયુક્ત

કમિટિ બનાવવી કે જે આ સૂચનાઓનું યોગ્ય પાલન કરાવે.

દરેક પંચાયત, નગરપાલિકા કે મહાનગરપાલિકામાં આ પ્રમાણે જ કુતરાંઓ અંગેની આચારસંહિતા બને તે જરૂરી છે. ઉપરાંત તમારા બાળકને કૂતરાંને દરરોજ ચાર રોટલી ખવડાવવાની ટેવ પાડો. તેને પ્રાણીઓ પ્રત્યેનો પ્રેમ-અનુકંપા કેળવવાની ટેવ પડશે.

લોકો જે વિદેશી કૂતરાં પાળે છે, તે વાસ્તવમાં જંગલી કૂતરાંઓની વિસકિત પ્રજાતિ છે.

આપણને ગમતાં રૂપ, આકાર અને સ્વરૂપવાળાં કૂતરાં મેળવવા માટે ૨૦ વર્ષ સુધી તેમની પર મનમાન્યા પ્રજનન પ્રયોગ કરે છે. માની લો કે તમારે ઠીંગણો, કાળો અને લાંબા વાળવાળો કૂતરો જોઈએ છે, તો પહેલાં કાળાં કૂતરાઓમાં પ્રજનન ક્રિયા કરાવવી પડે. તેમનાં લાંબાં બચ્ચાંઓને મારી નાંખવાં પડે. પછી નાના આકારનાં ભાઈ-બહેનોમાં પ્રજનન ક્રિયા કરાવવી પડે. એમાં પણ જે નાનાં હોય તેમને જીવતાં રાખી, લાંબા બચ્ચાને મારી નાંખે. આ ક્રૂર ક્રિયા ત્યાં સુધી કરવી પડે કે જ્યાં સુધી કૂરકૂરિયાં એકદમ નાનાં-નાનાં ન આવે. પછી નાના વાળવાળાં કૂરકૂરિયાંને મારી નાંખવામાં આવે. આ પ્રક્રિયા પણ લાંબા વાળવાળાં કૂરકૂરિયાં જન્મવા માંડે ત્યાં સુધી થાય આ પ્રક્રિયા દરમિયાન જે કૂતરા તમારી પસંદને અનુરૂપ નથી એવાં ૫૦૦૦થી વધુ કૂતરાંઓને મારી નંખાયાં છે આપણા મનગમતા કૂતરાને ખાતર હજારો કૂતરાંનાં મોતનું પાપ આપણને લાગે છે.

બીજું, ભાઈ-બહેનની અંદર, અનૈચ્છિકપણે કરાવેલી પ્રજનન ક્રિયાથી અનેક રોગો એકબીજામાં સંક્રામિત થતા જ આવે છે અને આજે પણ સદા માટે રોગી એવાં હજારો કૂતરાંઓ છે.

(૨૨) **ડુક્કર (ભૂંડ)**

ભૂંડ એક એવું પ્રાણી છે કે જેને જોઈ લોકોને ચીતરી ચઢે છે, પરંતુ હકીકતમાં **તે માનવે કરેલ ગંદકી ઓછી કરતું પ્રાણી છે. તેથી તેની સંખ્યા ઓછી થવાથી ગંદકી વધે છે.** ભૂંડના ચામડા, વાળ, માંસ વ. માટે તેને પકડી મારી નાખવાની પ્રવૃત્તિ વધી ગઈ છે. આ ભૂંડની વસતી ઘટવાની આપણે કોઈ નોંધ લેતા નથી, તેથી કસાઈઓ અને શિકારીઓને મજા પડી જાય છે.

થોડાં વર્ષો પૂર્વે ગુજરાતમાં ક્યાંય ભૂંડ ન હતાં એકાએક એનાં ટોળાંના ટોળાં શી રીતે ઊતરી આવ્યાં તેનું ઘણાંને આશ્ચર્ય થતું હશે, પણ ''યુનિસેફ''ની સલાહ મુજબ પંચવર્ષીય યોજનાઓ ઘડનાર સરકારી પ્રવૃત્તિની જાણકારી હોય તો આ આશ્ચર્ય થાય નહિ.

પંચવર્ષીય યોજનાઓ અનુસાર અદ્યતન સામગ્રીઓની સજ્જ બનેલી સાત ફેક્ટરીઓ ડુક્કરો મારવા માટે શરૂ કરવામાં આવી છે. મુંબઈમાં બોરીવલી ખાતેના નેશનલ પાર્કની અંદર ''માફકો'' નામની સરકારી સંસ્થા દ્વારા આવી એક ફેક્ટરી ખોલવામાં આવી છે.

અહીંના ત્રણ મોટા ફાર્મમાં સાતસો જેટલાં ડુક્કરોને તગડા બનાવવામાં આવે છે, અને કતલ માટે તૈયાર થતાં કાપી નાંખવામાં આવે છે. ''માફકો'' દ્વારા ડુક્કરના માંસના તૈયાર પેકેટોનું ભારતમાં વેચાણ કરવામાં આવે છે અને વિદેશોમાં પણ નિકાસના પ્રયત્નો થઈ રહ્યા છે, પરંતુ આરબ દેશો મુસ્લિમ હોવાથી ડુક્કરનું માંસ ખાતા નથી એટલે નિકાસનો ધંધો જામતો નથી. બોરીવલીની જેમ દેવનારના કતલખાનાની સાથે પણ ડુક્કર મારવાનું કતલખાનું છે.

ભારતની અંદર ડુક્કરોના પદ્ધતિસરના ઉછેર અને કતલ માટે વ્યવસ્થિત પ્રયત્નો થઈ રહ્યાં છે. આ માટે સરકાર દ્વારા ડુક્કરના માંસની સાત ફેક્ટરીઓ, એક પ્રોસેસીંગ પ્લાન્ટ, ૫૨ મોટાં ઉછેર કેન્દ્રો અને ભૂંડ ઉદ્યોગ માટેના ૧૪૦ વિકાસ કેન્દ્રો ખોલવામાં આવ્યાં છે અને ચોથી પંચવર્ષીય યોજનામાં દસ ઉછેર કેન્દ્રો અને ૨૫ વિકાસ કેન્દ્રો વધારવામાં આવ્યાં હતાં.

પણ ભૂંડના વિકાસમાં સૌથી મોટો પ્રશ્ન ખર્ચનો નડે છે, કારણ કે ભૂંડના શરીરમાં ૧ કિલો માંસ પેદા કરવા માટે તેને ૧૪ કિલો ખોરાક ખવડાવવો પડે છે, એટલે એનું માંસ ખૂબ મોઘું પડે છે. જે સસ્તા ભાવે વેચવા છતાં તેના ગ્રાહકો મળતા નથી. એટલે જ ગુજરાતના ગામેગામમાં ભૂંડ રખડતાં મૂકવામાં આવ્યાં છે, જે વગર ખર્ચે મોટાં થઈ જાય એટલે તેને વેપારીઓ દ્વારા પકડાવીને ખટારાઓમાં મુંબઈ ભેગાં કરવામાં આવે છે, જ્યાં તેની કતલ થઈ જાય છે અને વેપારીઓને કમાણી થાય છે. આમ ગુજરાતનાં મોટા ભાગનાં ગામોને વગર પૈસાના ભૂંડ ઉછેર કેન્દ્રો બનાવવામાં આવ્યાં છે.

જીવતાં ડુક્કરોના ખેંચાતા વાળ : રંગકામનાં અને એવાં બીજાં બ્રશોમાં વપરાતા વાળની પ્રાપ્તિ આપણા દેશમાં ઘણા પ્રાંતોમાં ડુક્કરો (ભૂંડ)નાવાળમાંથી કરવામાં આવે છે. આ પદ્ધતિ ભૂંડને રિબાવનારી હોવાથી અતિ ક્રૂરતાભરી છે.

ડુક્કરને એ હાલીચાલી ન શકે એ રીતે સજ્જડ બાંધી રાખવામાં આવે છે. ત્યાર પછી હાથ વડે તેના શરીર પરના વાળને મૂળસહિત મોટી સંખ્યામાં એક સાથે ખેંચી કાઢવાનું શરૂ થાય છે. ડુક્કર સખત વેદનાભરી કિકિયારીઓ અને તીણી ચીસો પાડતું રહે છે, વાળ ખેંચાતા રહે છે, ઘણી વખત લોહીની ટસરો ફૂટે છે, કેટલીક વખતે તે બેભાન સુદ્ધાં બની જાય છે. જોનારને કંપારી અને ત્રાસ છૂટે એટલું કષ્ટ આપ્યા પછી કામ પૂરું થયે છોડી દેવામાં આવે છે.

મૂળસહિત વાળ ઉખેડવાના કારણમાં એવું જણાવવામાં આવે છે કે એથી બ્રશમાં વાળ

સારી રીતે બાંધી શકાય છે આ ક્રૂર પ્રથા તાત્કાલિક બંધ થાય એ જરૂરી છે.

**(૨૩) ખીસકોલી :**

ઘણા ખેડૂતો ફરિયાદ કરે છે કે તેમના ઝાડ ઉપરનાં ફળો ખીસકોલી ખાઈ જાય છે. શ્રી મહિપતસિંહ ચુડાસમા (ધોળકા) ના એ એક પ્રયોગ કર્યો. બજારમાંથી બાજરીના દાણા લાવી માટીના પાત્રમાં મૂકી તેને છોડના થડ પાસે જમીન ઉપર મુક્યું. જે ખીસકોલી અંજીરનાં છોડ ઉપરથી ફળ ખાઈ જતી હતી તે બાજરી ખાઈ પોતાનું ભરણપોષણ કરી લેતી. આમ ખીસકોલીએ અંજીરના ફળોને નુકશાન કરવાનું બંધ કર્યું ઉપરાંત તેના અન્ય જાતના ભાઈઓને જોરથી ભગાડી દેતી જોવા મળી. ખીસકોલીની હગાર જમીનમાં ખાતર તરીકે ઉપયોગી થઈ શકે. અન્ય હાનિકારક પ્રાણીઓ જેવા કે સાપ, ઘો, બીલાડીને જુએ ત્યારે ખીસકોલી એક વિચિત્ર ભય સૂચક અવાજ કરે છે, તેને કારણે અન્ય ખીસકોલી અને પક્ષીઓ અવાજ કરે છે, જેથી માણસ સાવધ થઈ શકે.

**(૨૪) ઉંટ :**

ઉંટડીના દૂધમાં રહેલ ઔષધિય ગુણો અનેક પ્રકારનાં રોગો મટાડવામાં અને પુરૂષાતન વધારવામાં ઉપયોગી છે. રણ પ્રદેશમાં જ્યાં યાંત્રિક વાહન કામ કરતા નથી ત્યાં વાહન વ્યવહાર માટે ઉંટનો જ ઉપયોગ કરવો પડે છે. એક અંદાજ મુજબ વિશ્વમાં ઉંટની કુલ વસ્તી ૧.૭૪ કરોડ હતી અને તેમાં ૧૦.૩૫ લાખ ઉંટ સાથે ભારતનો ત્રીજો ક્રમ હતો, અને રાજસ્થાન પછી ગુજરાતનો ૬૩ હજારની સંખ્યા સાથે સમગ્ર ભારતમાં બીજો ક્રમ હતો. ફક્ત ત્રણ વર્ષમાં ભારતમાં ઉંટની સંખ્યા ઘટીને ૬.૩૨ લાખ થઈ ગઈ છે. ઉંટનો ઉછેર કરનાર પશુ પાલક ઉંટ ગાડી ભાડે ફેરવીને મહિને પાંચ થી આઠ હજારની કમાણી કરી શકે છે. તેના ઉછેર પાછળ ખૂબ ઓછો ખર્ચ થાય છે. ઉંટનું દૂધ પાંચ રૂપિયા લીટરના ભાવે વેચાય છે જેથી તે ગરીબોને પરવડે છે. ઉંટડી એક વર્ષમાં ૧૦૦૦ થી ૩૫૦૦ લીટર જેટલું દૂધ આપે છે. દૂધનો ઉપયોગ કોસ્મેટીક બોડી લોશનમાં કરવામાં આવે છે. ઉંટના વાળમાંથી ધાબળા અને દોરડા બનાવવામાં આવે છે. બિકાનેરી ઉંટ એક દિવસમાં ૧૦૦ થી ૧૨૫ કીલોમિટરનું અંતર કાપી શકે છે. ઉંટના ચરીયાણો માટેની અનામત રાખવામાં આવેલ જમીન ઉપર અતિક્રમણને કારણે તેમને મળતો ખોરાક ઘટી ગયો છે. ઉંટને મારીને તેનું માંસ વિદેશમાં એક્ષપોર્ટ કરવામાં આવે છે. સમસ્ત મહાજન સંસ્થા ધ્વારા ઉંટની સારવાર માટે નિયમિત કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

### (૨૫) બળદ :

એક બળદ વર્ષે દહાડે સરેરાશ ૧ ટન જેટલું છાણ મૂકે છે. ધારો કે ૬૭ લાખ બળદને વધુ પાંચ વર્ષ જીવવા દેવામાં આવે તો તેઓ ૧૮૦૯ લાખ ટન જેટલું છાણ મૂકશે, જેમાંથી ખેતરમાં વાપરવા માટે બમણું એટલે કે ૩૬.૧૮ કરોડ ટન કુદરતી-સેન્દ્રિય ખાતર મળશે. આ ખાતર ૪૮૨ લાખ હેકટર જમીનમાં વાપરવા માટે પૂરતું છે. આટલી જમીનમાં કેમીકલ ખાતરના ઉપયોગ વિના આશરે ૬૬૭ લાખ ટન અનાજનું ઉત્પાદન થશે, જેની કિંમત રૂા. ૨૭,૫૯૩ કરોડ જેટલી થશે. આ તો અનાજની જ વાત થઈ, તેની સાથે ૨૦ લાખ ટન ઘાસ ઉગશે, તે ૫.૫૫ કરોડ ભેંસને આરોગવા માટે કામ લાગશે.

❈

★ વૃક્ષો અને વેલા રોપવા જરૂરી છે. તેમાંય આયુર્વેદિક ગુણો ધરાવનારા વધુ ઉપયોગી છે. સુરતમાં ડૉ. મીનુ પરબિયા પ્રેરિત આયુર્વેદિક ઔષધિ વન એસ.વી.આર. કૉલેજ કમ્પાઉન્ડમાં અને મ્યુ. કોર્પોરેશન સંચાલિત ઉદ્યાન 'સુમન નર્સરી' મોરા ભાગળ મૂકામે આવેલ છે. વેગામ, ગણદેવીનું આરણ્યક પર્યાવરણ સંસ્કૃતિ કેન્દ્ર જુદા જુદા ગામોમાં ઔષધિ વન બનાવવામાં સક્રિય મદદ કરે છે.

★ સુરતના ઉમરા વિસ્તારમાં આવેલ રામનાથ ઘેલા મહાદેવ મંદિરમાં દર વર્ષે પોષ વદ એકાદશીના દિને દક્ષિણ ગુજરાતના અસંખ્ય અંધશ્રધ્ધાળુઓ અસંખ્ય જીવતા કરચલા ધરાવવા આવે છે. મંદિરના સમજુ મહંત જે કરચલા જીવતા રહે છે તેમને પાણીમાં નાંખી બીજા દિવસે તાપી નદીમાં પધરાવી દે છે.

★ સદાબહાર એન્ગ્રી યંગ મેન અમિતાભ બચ્ચન અને હેમામાલિની બન્ને શાકાહારી છે.

સહન કરતાં શીખો : ઉંદરો કામના કાગળો કાપી જાય, મચ્છરો કરડે, માંકડ કરડે વગેરે બહુ નાની બાબતો છે. ન્યૂટનના કામના, સંશોધનના અગત્યના તમામ કાગળો કૂતરાની બેદરકારીને લીધે સળગી ગયા. ન્યૂટને નાદાન અને અજ્ઞાન જીવને માફી આપી હતી. આપણે શા માટે આપણી સહનશક્તિ ન વધારવી ? જીવોના ઉપદ્રવથી બચવા શક્ય તમામ પ્રયત્નો કરવા, છતાં સંપૂર્ણ રીતે તો બચવું શક્ય નથી જ. આપણે થોડું અને વધારે સહન કરતાં પણ શીખીએ. શું આપણે અન્યોને કદી કનડગત કરતાં નથી. આપણને નાની ય શિક્ષા થાય તો ય ગમે છે ?

# આપણો ખોરાક અને હિંસા

## (આહાર વિષયક જીવરક્ષા અને તે દ્વારા સ્વાસ્થ્યરક્ષા)

આપણે જે ખોરાક ખાઈએ છીએ તે અંગે ચાર પ્રકારની હિંસા થાય છે.

૧. અનાજ / શાકભાજી ઉગાડવામાં થતી હિંસા.

૨. અનાજ વગેરેના સંગ્રહમાં જીવડાં પડવાથી થતી હિંસા.

૩. રસોઈ કરવામાં થતી હિંસા.

૪. પ્રાણીજ વસ્તુઓના વપરાશમાં થતી હિંસા.

અનાજ / શાકભાજી વ. ઉત્પન્ન કરતી વેળા જે રાસાયણિક ખાતરો તથા જંતુનાશક દવાઓ વાપરવામાં આવે છે, તેનાથી જે ભયંકર હિંસા થાય છે. તે'જંતુનાશક દવાઓ'ના પ્રકરણમાં જણાવેલ છે.

અનાજ, કઠોળ, મરી-મસાલા, સૂકો મેવો વગેરેનો આપણે નાણાં ખર્ચી સંગ્રહ કરીએ છીએ, પરંતુ જો વ્યવસ્થિત રીતે સંગ્રહ ન કર્યો હોય તો હવા-ભેજ વ. લાગવાથી તેમાં અનેક પ્રકારની જીવાત પડે છે, તેમાંની જે નરી આંખે જોઈ શકાતી નથી, તેની હિંસા થાય છે. જીવાતવાળું અન્ન આપણે ખાવું પડે છે અને જો ખબર પડે તો ફેંકી દેવું પડે એટલે તેટલો નાણાંનો બગાડ થાય છે. જીવાતવાળું ભોજન કોઈનેય ખાવાલાયક રહેતું નથી, અનાજ આદિમાં જીવાત પડે નહિ એવી વિવિધ પદ્ધતિઓની વિગતો અન્યત્ર આપેલ છે. તેનો ખાસ અભ્યાસ કરી તે પ્રમાણે વર્તન કરવાથી હિંસાજન્ય દોષથી બચી શકાય છે.

રસોઈ કરતી વેળા પ્રકારની બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે, અન્યથા ખોરાકમાં અનેક જીવો ઉત્પન્ન થાય, ખોરાક બગડી જાય અને એવો ખોરાક ખાવાથી આપણું આરોગ્ય બગડે ડૉક્ટરોના ખર્ચાય વધે અને શારીરિક પીડા પણ ભોગવવી પડે. આ બાબતની વધુ માહિતી આ પ્રકરણ સાથે આપેલ છે.

આ પુસ્તકના અન્ય ભાગમાં અનેક પ્રકારની પ્રાણીજ વસ્તુઓની વિગતો આપી છે. જેનો ઉપયોગ આપણે વ્યવહારમાં સીધો કે આડકતરી રીતે તે અંગેના યોગ્ય જ્ઞાનના અભાવે કરીએ છીએ. કોઈ પણ ખાદ્યપદાર્થ ખરીદતાં પહેલાં તે અંગેના તત્ત્વોની વિગતો વાંચી - વિચારીને પછી જ તે ખરીદવો જોઈએ. જો તે વિગત અસ્પષ્ટ હોય અને તે વસ્તુનો વારંવાર વપરાશ કરવાનો હોય તો પત્ર કે ઈમેઈલ દ્વારા તે બનાવનારનો સંપર્ક કરી તે અંગે સ્પષ્ટતા મેળવી લેવી જોઈએ. તે વિગતો ઉત્પાદક જો ન આપે તો સમજવું કે દાળમાં કંઈક કાળું છે.

## ★ આહાર-ભોજનમાં માટે જયણા (જીવદયા) કેવી રીતે પાળશો ?

આજે અભક્ષ્ય અને રોગોત્પાદક એવી ભોજનની જાતજાતની વાનગીઓ બને છે. રસલંપટ માણસ ખાઉધરો બનીને એ વાનગીઓને બે હાથે આરોગવા માંડ્યો છે.

હોસ્પિટલો દરદીઓથી ઊભરાવા લાગી છે. હૉસ્પિટલો વધારનાર હોટલો છે. ડૉક્ટરોનું કહેવું છે કે 'હોટલવાળા, લારીવાળા તથા ઈન્સ્ટંટ ફૂડવાળાના કારણે જ અમારા ધંધા ધમધોકાર ચાલે છે.'

ઈંડા-માંસ-દારૂ-મસાલા આદિના સેવનથી કીડની નકામી થવાથી હોજરીના અને આંતરડામાં ચાંદું પડવું (અલ્સર) આદિ રોગો થાય છે.

જીવ ભાન ભૂલીને ચટાકેદાર વાનગીઓ ખાય છે. પેટમાં ગયા પછી આરોગ્યનું શું થશે તે ભૂલી જાય છે. આજે ઘર-ઘરમાં અભક્ષ્ય ખાન-પાન પેસી ગયાં છે. જીવલેણ રોગો જીવન ટુંકાવી રહ્યા છે. માટે સાચવેત બની બહારનું ખાવાનું છોડશો તો અનેક પાપોથી બચાશે. વળી, એથી શરીર નીરોગી રહેશે, દવાના ખર્ચથી પણ બચી જશો અને સુખી થશો.

આહાર-ભોજનમાં જયણા (જીવદયા) પાળવાથી હિંસાથી બચાય છે, અહિંસાધર્મના પાલનથી આ ભવ તો સારો રહે છે, પરલોક પણ સારો બને છે અને દુર્ગતિની પરંપરાથી બચી જવાય છે.

## ★ નરકનો રાજમાર્ગ રાત્રિભોજન !

માનવને નરક ભણી ઘસડી જતા માર્ગો તો અનેક છે, પરંતુ રાત્રિભોજન, પરસ્ત્રીગમન, કંદમૂળ-અનંતકાય અને બોળ-અથાણા ભક્ષણ આ બધા નરક ગતિના રાજમાર્ગો છે.

રાત્રિભોજન એ નરકનું પ્રથમ દ્વાર છે. એટલું જ નહિ, એ અનેક રોગોનું મૂળ પણ છે.

આજે રાત્રિભોજન એટલું સામાન્ય બની ગયું છે કે હવે તો એને પાપ માનવાનું પણ લગભગ બંધ થયું છે.

રાત્રિભોજન એ પાપ નહિ પણ મહાપાપ છે.

અસંખ્ય જીવોની વિરાધનાથી ખદબદતું રાત્રિભોજન એ આજે ઘર-ઘરનું સામાન્ય પાપ બની ગયું છે તેથી આપણને એની સૂગ ચાલી ગઈ છે ! એની ભયંકરતાને આપણે ભૂલી ગયા છીએ.

જૈનદર્શન તેમજ અન્ય દર્શનો પણ રાત્રિભોજનને પાપ માને છે. વિજ્ઞાન દ્વારા પણ રાત્રિભોજનમાં જીવ-હિંસા પૂરવાર થઈ ચૂકી છે.

રાત્રિભોજનના નિષેધ પાછળ જેમ આત્માની સુરક્ષા છે, તેમ શરીરની પણ સુરક્ષા છે તન-મન અને આત્મા આ ત્રણેયની સુરક્ષાના મહાન લાભો રાત્રિભોજન તથા

અભક્ષ્યના ત્યાગમાં રહેલા છે.

આ અવતાર ઢોરનો નથી,માનવનો છે ઢોરના અવતારમાં આપણે રાતદિવસ ખા-ખા જ કરતા હતા. આ ભવમાં પણ એ જ કુસંસ્કાર ! પશુનો અવતાર ગયો પણ પશુતા ન ગઈ ! પશુપણાના કુસંસ્કારોનો ત્યાગ કરવો એ માનવનું પ્રથમ કર્તવ્ય છે.

રાત્રિભોજનના મહાપાપને સમજીને એ પાપથી પાછા ફરવાનો શુભ સંકલ્પ કરો અને દ્રવ્ય-ભાવ બંને પ્રકારના આરોગ્યને પામો.

ચાલો, એ રાત્રિભોજનના પાપને અનેક પાસાઓથી તપાસીએ.

રાત્રિભોજનમાં અસંખ્ય જીવોની વિરાધના થતી હોવાથી એ મહાપાપનું કારણ છે ! માટે દુર્ગતિનાં દારુણ દુઃખોથી બચવા સૌએ રાત્રિભોજનનો સર્વથા ત્યાગ કરવો જોઈએ.

વૈજ્ઞાનિકો સંશોધનના અંતે પણ ખોટું પડવાના ભયથી એને જાહેર કરતાં ખચકાટ અનુભવે છે, પણ સર્વજ્ઞને પોતાની વિશિષ્ટજ્ઞાન શક્તિથી જોયેલ જાણેલી વસ્તુને જાહેર કરતાં કોઈ જાતનો ખચકાટ નથી હોતો, કારણ ગમે તેવા સંશોધન પછી પણ એને કોઈ મિથ્યા ઠરાવી શકે તેમ નથી.

કેવલજ્ઞાની તો ત્યાં સુધી જણાવે છે કે, દિવસે પણ અંધારામાં અથવા સાંકડા મોઢાવાળા વાસણમાં જમવાથી રાત્રિભોજનનો દોષ લાગે છે !!

## ★ રાત્રિભોજન જૈન દર્શનના આધારે

● દિવસ અને રાત જે માણસ ખાધા કરે છે તે ખરેખર સ્પષ્ટપણે શીંગડા અને પૂંછડા વગરનો પશુ જ છે !

- યોગશાસ્ત્ર ૩/૬૨

● જે માનવો દિવસને છોડીને રાત્રે જ ખાય છે તે મૂર્ખ મનુષ્યો ખરેખર માણેકને છોડીને કાચ ગ્રહણ કરે છે.

- યોગશાસ્ત્ર ૩/૬૫

● દિવસ વિદ્યમાન હોવા છતાં જેઓ કલ્યાણની ઈચ્છાથી રાત્રે ભોજન કરે છે, તે રસાળ ભૂમિને છોડી ઉખર ભૂમિમાં ડાંગર વાવવા જેવું કાર્ય છે. (અર્થાત્ મૂર્ખાઈભર્યું કામ કરે છે.)

- યોગશસ્ત્ર ૩/૬૬

● જીવોનો મોટો સમૂહ નાશ પામે તેવું રાત્રિભોજન કરનાર મૂઢ જીવોને રાક્ષસોથી જુદા કઈ રીતે પાડી શકાય ? (અર્થાત્ રાત્રિભોજન એ રાક્ષસોનું ભોજન છે. જે માણસ રાત્રિભોજન કરે છે તે નરરાક્ષસ છે.

● રાત્રિના સમયે નિરંકુશપણે ફરતા ભૂત-પ્રેત પિશાચાદિ અન્નને એઠું કરે છે, માટે સૂર્યાસ્ત થયા પછી ભોજન ન કરવું. (અન્યથા વળગાડથી પીડાવું પડે છે.)

- યોગશાસ્ત્ર ૩/૪૮

● ઘોર અંધકારથી રુંધાયેલી શક્તિવાળા નેત્રોથી ભોજનમાં પડતા જીવોને જોઈ શકાતા ન હોય એવી રાત્રિના સમયે ભોજન કોણ કરે ?

- યોગશાસ્ત્ર ૩/૪૯

રાત્રિના સમયે સૂક્ષ્મ જંતુઓ જોઈ શકાતાં નથી, માટે ગમે તેવા જીવરહિત પદાર્થો પણ રાત્રે ન ખાવા. જૈન આગમ નિશીથભાષ્યમાં કહ્યું છે કે - દિવસે બનાવેલી નિર્જીવ લાડુ વગેરે વસ્તુઓ પણ રાત્રે ન ખાઈ શકાય કેમકે રાત્રે કુંથુઆ, લીલ-ફૂગ આદિ જંતુઓ જોઈ શકાતાં નથી. કેવલજ્ઞાનીઓ (પ્રત્યક્ષજ્ઞાનવાળા) પોતાના જ્ઞાનબળથી સૂક્ષ્મજીવોને જાણી શકે તેમ હોવા છતાં રાત્રિભોજન કરતા નથી. જો કે દીવા (લાઇટ)ના પ્રકાશમાં કીડી વગેરે સ્થૂલ જીવો દેખાય, પરંતુ અંધકારને લઈને ઉત્પન્ન થયેલા નહીં દેખાતા સૂક્ષ્મ જીવોની તથા ઊડતા જીવોની હિંસાના કારણે મૂલવ્રતની વિરાધના થતી હોવાથી વિશિષ્ટ જ્ઞાનીઓએ રાત્રિભોજનનો નિષેધ કર્યો છે.

સૂર્યગ્રહણ વેળા ભોજનત્યાગ થતો હોય તો સૂર્યાસ્ત થયા બાદ ભોજનત્યાગ હોવો જ જોઈએ.

જૈન ધર્મના જ્ઞાનીઓએ સૂર્યાસ્ત થયા પછી ભોજનનો સર્વથા નિષેધ કર્યો છે તેમ ઇતર દર્શનકારોએ પણ અનેક દોષોથી રાત્રિભોજનને અભોજન ગણાવ્યું છે.

આ શરીરમાં રહેલું હૃદયકમળ (નીચા મુખવાળું) અને નાભિકમળ (ઊંચા મુખવાળું) એ બંને કમળ સૂર્યના આથમી જવાથી સંકોચાઈ જાય છે. આરોગ્યને બાધા તથા સૂક્ષ્મ જીવોનું ભક્ષણ થતું હોવાથી રાત્રિભોજન ત્યાજ્ય છે.

- યોગશાસ્ત્ર ૩/૬૦

### ★ રામાયણનો પ્રસંગ

રામ અને સીતા સાથે લક્ષ્મણ દક્ષિણાપથ તરફ ગયા ત્યારે વચ્ચે કુબરનગરમાં મહીધરરાજાની પુત્રી વનમાલા સાથે લક્ષ્મણે લગ્ન કર્યા. રામ સાથે આગળ પ્રયાણ કરતાં લક્ષ્મણ વનમાલાને ત્યાં જ મૂકે છે. ત્યારે વનમાલાને લાગ્યું કે - લક્ષ્મણજી કદાચ મને લેવા પાછા ન આવે તો ? તેથી પાછા આવવાના સોગંદ લેવરાવે છે. લક્ષ્મણજી કહે છે 'હે પ્રિયે ! રામચંદ્રજીને જે દેશમાં જવાની ભાવના છે તે દેશમાં મૂકીને તને મારા દર્શન ન આપું તો પ્રાણાતિપાત (હિંસા) આદિ પાપો કરનારની જે ગતિ થાય તે ગતિને હું પામું !' આ સોગંદથી વનમાલાને સંતોષ ન થયો, એટલે એણે કહ્યું કે - 'જો તમે રાત્રિભોજન કરનારની

ગતિના સોગંદ લો તો હું રજા આપું.' લક્ષ્મણજીએ 'રાત્રિભોજનનું પાપ કરનારની જે ગતિ થાય તે ગતિને હું પામું.' એવા સોગંદ લીધા ત્યારે જ વનમાલાએ પોતાને મૂકીને જવાની રજા આપી.

અહીં સમજવાની વસ્તુ એ છે કે - પ્રાણાતિપાતાદિ પાપો આચરનારની જે ગતિ થાય છે, તેનાથી પણ રાત્રિભોજન કરનારની ગતિ વધુ ભયંકર થાય છે. અર્થાત્ પ્રાણાતિપાતાદિ કરતાં પણ અપેક્ષાએ રાત્રિભોજનનું પાપ વધુ મોટું અને ભયાનક છે.

જે ભવ્યાત્મા હંમેશ માટે રાત્રિભોજનનો ત્યાગ કરે છે તે ખરેખર ધન્યવાદને પાત્ર છે. જિંદગીભર રાત્રિભોજનના ત્યાગીને અડધી જિંદગીના ઉપવાસનું ફળ મળે છે.

- યોગશાસ્ત્ર ૩/૬૯

### ★ રાત્રિભોજન - ડૉક્ટર - વૈદ્યોની દૃષ્ટિએ

***પેટ કો નરમ, પાઁવ કો ગરમ, શિરકો રખો ઠંડા; ફીર પીછે જો ડૉક્ટર આવે, તો મારો ઉસકો ડંડા.*** આ એક સુભાષિત છે.

અહીં ડૉક્ટરને મારવાની વાત નથી પણ કહેવાનો મતલબ એ છે કે જે પેટને નરમ રાખતો હોય, પગને ગરમ રાખતો હોય અને માથાને ઠંડું રાખતો હોય ગુસ્સો ન કરતો હોય તેને કદી ડૉક્ટરને શરણે જવું પડતું નથી ! આજે હોસ્પિટલો ઊભરાય છે તેની પાછળનું કારણ પહેલાં નંબરે બગડેલી આહારચર્યા છે. પેટને નરમ (હળવું) રાખવાને બદલે ટાઈટ કરતા થઈ ગયા છીએ. એના કારણે એવી સૂસ્તી આવે કે પગ ગરમ અને માથું પણ ઠંડું રહી શકે નહિ. નજીવી વાતમાં પણ મગજનો પારો ચડી જાય અને ક્રોધના આવેશમાં ન કરવાનું કરી ઉપરથી ત્રણેય બાબતમાં આજે આપણે ઊંધી દિશા પકડી રહ્યા છીએ. અતિઆહારની જેમ રાત્રિનો આહાર પણ બીમારીનું ઉગમસ્થાન છે. વૈદ્યોનું સ્પષ્ટ ફરમાન છે કે રાત્રે સૂતાં પહેલા ૩-૪ કલાકે પૂર્વે જ ભોજન કરી લેવું જોઈએ, જેથી ખોરાકનું સારી રીતે પાચન થાય.

શરદી વગેરે રોગો પણ રાત્રે વધુ જોર કરે છે. રાત્રે પાચન તંત્ર મંદ પડી જાય છે, તેથી પેટ બગડે. પેટ બગડવાના કારણે આંખ, કાન, નાક, માથા વગેરેની બીમારીઓને આવતા વાર નથી લાગતી. સૂર્યના પ્રકાશમાં સૂક્ષ્મ જીવાણુઓની ઉત્પત્તિ થતી નથી. સૂર્યનો પ્રકાશ સુક્ષ્મ જીવાણુઓ માટે અવરોધક તત્ત્વ છે. પરદેશમાં અમુક ગંભીર ઓપરેશનો મોટા મોટા ડૉક્ટરો પણ દિવસે જ કરે છે. હોજરીમાં પડેલા ખોરાકને પચવા માટે જરૂરી પ્રાણવાયુ (ઑક્સિજન) સૂર્યની હાજરીમાં મળે છે. રાત્રે હોજરીનું કમળ બિડાઈ જાય છે, જે સૂર્યોદય થયા બાદ ખીલે છે, આમ શારીરિક દૃષ્ટિએ પણ રાત્રિભોજન કુપથ્ય છે.

# તાજ્ય પદાર્થો

અનંત ઉપકારી અનંત કરુણાના સાગર શ્રી જિનેશ્વર પરમાત્માએ, લેબોરેટરીના કોઈ પણ સાધનના પ્રયોગ વિના કેવળજ્ઞાન રૂપી સૂર્યના પ્રચંડ પ્રકાશ વડે જાણીને આપણી સમક્ષ જે આહારવિજ્ઞાન રજૂ કર્યું છે તે નીચે મુજબ છે.

## ત્યાજ્ય પદાર્થો

| ૧ | | ૨ | | ૩ | ૪ | | ૫ | | ૬ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪સાંયોગિકઅભક્ષ્ય | | ૪મહાવિગઈ | | ૩૨અનંતકાય | ૪ફળો | | ૫ ટેટા | | ૪તુચ્છચીજો | |
| ૧. દ્વિદળ | ૧ | ૧. માંસ | ૫ | શાક - ૯ ૯ | ૧. બહુબીજ | ૧૦ | ૧. વડના ટેટા | ૧૪ | ૧. બરફ | ૧૯ |
| ૨. ચલિતરસ | ૨ | ૨. મદિરા | ૬ | ઔષધ - ૫ | ૨. વેંગણ | ૧૧ | ૨. પીંપળના ટેટા | ૧૫ | ૨. કરા | ૨૦ |
| ૩. બોળઅથાણું | ૩ | ૩. મધ | ૭ | ભાજી - ૫ | ૩. તુચ્છફળ | ૧૨ | ૪. પ્લક્ષ પીંપરના ટેટા | ૧૬ | ૩. માટી | ૨૧ |
| ૪. રાત્રિભોજન | ૪ | ૪. માખણ | ૮ | જંગલી - ૬ વેલ ૭ | ૪. અજાણ્યા ફળ | ૧૩ | ૪. કાળા ઉમરાના ટેટા | ૧૭ | ૪. ઝેર | ૨૨ |
| | | | | ૩૨ | | | ૫. ઉમરાના ટેટા | ૧૮ | | |

❀

### ★ બાવીસ અભક્ષ્ય પદાર્થો

### ચાર સાંયોગિક અભક્ષ્ય

### ૧. દ્વિદળ ત્યાગ

જેમાં બે દળ, બે વિભાગ હોય તેવા ધાનને દ્વિદળ કહેવાય છે. અલબત્ત જેની દાળ બને તે બધા દ્વિદળ ગણાય. મગ, તુવેર, અડદ, ચણા, મઠ, વાલ, તુવેર, ચોળા, વટાણા, મેથી, મસૂર, કળથી અને લોંગની દાળ ! આ બધાનાં લીલાં પાન, લીલા દાણા તેમજ તેના લોટ બધું જ દ્વિદળ ગણાય.

**દ્વિદળની વ્યાખ્યા :** ૧. જે વૃક્ષના ફળરૂપે ન હોય, ૨. જેને પીલવાથી તેલ ન નીકળે, ૩. જેને ભરડવાથી દાળ બને. ૪. જેના બે ભગા વચ્ચે પડ ન હોય.

ઉપરોક્ત ચારેચાર લક્ષણો જેમાં ઘટતાં હોય તેને દ્વિદળ જાણવું, અન્યથા નહિ. રાઈ, સરસવ, તલ અને મગફળીમાંથી તેલ નીકળે છે, માટે તે દ્વિદળમાં ન ગણાય. સાંગરી ઝાડના ફળ રૂપે આવે છે માટે એ દ્વિદળ ન ગણાય.

**સમજૂતી :** ઉપરોક્ત વ્યાખ્યામાં બંધ બેસતાં તમામ કઠોળમાંથી બનતી કોઈ પણ વાનગી જો કાચા ૧. દહીં, ૨. દૂધ, ૩. છાશ સાથે ભળે તો બેઇન્દ્રિય જીવોની ઉત્પત્તિ

થાય છે. પછી તેનું ભક્ષણ કરવાથી હિંસાનો દોષ લાગે છે. માટે કાચા ગોરસ સાથે ક્યારેય કઠોળ ભેળવવું નહિ. જો દહીં, દૂધ, છાશને સારી રીતે ગરમ કરી દેવામાં આવે તો કઠોળ સાથે જમવામાં દોષ લાગવાનો સંભવ રહેતો નથી. એકલા કઠોળની બનાવેલી વાનગીઓ ખાવામાં કે માત્ર એકલા ગોરસ ખાવામાં દ્વિદળનો કોઈ દોષ નથી, પણ બન્નેનું સંયોજન કરીને ખાવામાં જ હિંસાજન્ય દોષો લાગે છે. આવો સાંયોગિક દોષ પણ દ્વિદળ રૂપ બને છે.

જાહેર રસ્તા પર પડેલા સૂકા છાણમાં જીવોત્પત્તિ હોતી નથી, પણ તેમાં વરસાદનું પાણી પડતાં જીવોત્પત્તિ થવા લાગે છે. આમ કેમ બન્યું ? છાણમાં જીવોત્પત્તિ માટે તેની સાથે જળનો સંયોગ અપેક્ષિત હતો. જો તેની સાથે જળનો સંયોગ ન થયો હોત તો તેમાં જીવ પેદા થાત જ નહિ. બસ ! આ જ રીતે કઠોળ સાથે માત્ર કાચા ગોરસના સંયોગની અપેક્ષા રહે છે. જો કાચા ગોરસનો સંયોગ ટાળી દેવાય તો જીવોત્પત્તિ થવાનો સંભવ રહેતો નથી. અને હિંસાજન્ય દોષથી બચી જવાય છે.

## ★ કઠોળ સાથે કાચા દહીં, દૂધ, છાશનું મિશ્રણ થવાના પ્રસંગો. (દ્વિદળના દોષ)

**૧. દહીંવડાં :** હમણાં હમણાં ઘરમાં તથા જાહેર પ્રસંગોમાં દહીંવડાં ખૂબ પીરસાય છે. વડા ચોળાની દાળમાંથી બનાવાય છે. પછી તેના પર ફ્રીજમાંથી કાઢેલું આઈસ્ક્રીમ જેવું દહીં પાથરવામાં આવે છે. આ દહીં અને વડાનો સંયોગ થવા માત્રથી જ તેમાં તત્કાળ અસંખ્ય બેઈન્દ્રિય જીવો પેદા થઈ જાય છે. તે જીવો અતિસૂક્ષ્મ હોવાથી નજરે જોઈ શકાતા નથી.

આંગળી દાઝે તેવા ગરમ દહીંનું વડાની સાથે મિશ્રણ કરવામાં આવે તો દોષ લાગતો નથી. ગરમ કર્યા બાદ જમતી વખતે તે ઠંડું થઈ ગયું હોય તો ય કોઈ બાધ નથી, તેને ગરમ કરી દીધા પછી તેમાં જીવોત્પાદક શક્તિ રહેતી નથી. ઉત્પાદન શક્તિના અભાવે ઘઉં, બાજરી કે જુવારને શેકી નાખ્યા પછી વાવવા છતાં તે ધાન્ય ઊગતું નથી.

૨. **રાયતું :** દહીંનું રાયતું અનેક રીતે બને છે. કાચા દહીંમાં, ચણાના લોટની બુંદી નખાય છે. ત્યારે દ્વિદળનો દોષ લાગે છે. કઠોળ સાથે ભેળવતાં પહેલાં દહીંને સારી રીતે ગરમ કરી લીધું હોય તો દોષ નથી.

૩. **મેથીના થેપલાં** : મેથી કઠોળ ગણાય છે. તે જ રીતે મેથીની ભાજી પણ કઠોળ ગણાય છે. આજકાલ બહેનો મેથીનાં થેપલાં બનાવતી વખતે દ્વિદળની વાત સાવ જ ભૂલી જાય છે. થાળીમાં ઘઉં-બાજરીના લોટનો ચાળીને ઢગલો કરે છે, પછી તેમાં વચ્ચે ખાડો કરીને મેથીનાં પાંદડાં નાખે છે. પછી તે પાંદડાં પર કાચી છાશ રેડી દે છે. આથી તેમાં અસંખ્ય બેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ શરૂ થઈ જાય છે અને મસળાઈ જાય છે.

છાશ પહેલાં ગરમ કર્યા પછી જ તેમાં મેથીનાં પાદડાં નખાય.

૪. **કઢી** : જ્યારે છાશની કઢી કરવાની હોય છે. ત્યારે બહેનો ચૂલા પર તપેલીમાં છાશ નાખીને તે ગરમ થયા પૂર્વે જ એમાં તે ચણાનો લોટ ભેળવી દે છે. કાચી છાશમાં ચણાનો લોટ ભળવાથી તેમાં તત્કાળ અસંખ્ય જીવો પેદા થાય છે. તે બધા જીવો ઊકળતી કઢીમાં સ્વાહા થઈ જાય છે. આ રીતે જીવોની ઉત્પત્તિ અને સંહાર એમ બંને દોષ લાગે છે, માટે છાશ ને સારી રીતે ગરમ કર્યા પછી જ તેમાં ચણાનો લોટ નાખવો જોઈએ. કઢી સાથે જો શ્રીખંડ વાપરવાનો હોય તો ચણાના લોટનું અટામણ ન નાખતાં ચોખાના લોટનું નાખવું જોઈએ. વઘારમાં ભૂલેચૂકે પણ મેથીનો ઉપયોગ ન થાય તેનો ખ્યાલ રાખવો જોઈએ, કેમ કે મેથી કઠોળ ગણાય છે. લોકો શ્રીખંડના જમણવારમાં દોષથી બચવા શીંગદાણાનું શાક અને ચોખાના લોટના ખમણ બનાવવા જોઈએ અને કઢીમાં પણ ચોખાનો લોટ નાખવો જોઈએ. બધા સાવધાની રાખવા છતાં જો કઢીના વઘારમાં ધ્યાન ન રાખ્યું તો હનુમાનના પૂંછડેથી આખો જમણવાર હિંસક બની જાય છે. પાપભીરુ પુણ્યાત્માઓએ ક્યારેય જમણવારમાં શ્રીખંડ સાથે ગોરસની વાનગીઓ બનાવવી જ નહિ.

**૫. શ્રીખંડ :** આજે લગ્ન સમારંભોમાં શ્રીખંડનો મહિમા વધી રહ્યો છે. ઉનાળામાં લોકો શ્રીખંડનું જમણ પસંદ કરે છે. જમણમાં શ્રીખંડ આવે એટલે જોખમ ઘણું વધી જાય છે. જમણમાં જો કોઈ પણ કઠોળની વાનગી હશે તો એ જમતાં થાળીમાં ભેગી થવાથી દ્વિદળ થઈ જશે. શ્રીખંડની સાથેના જમણમાં લીલાં સૂકાં કઠોળના શાક, કેળાવડાં, ચણાનાં ખમણ, ખમણની ચટણી, મગની દાળ, પાપડ, ચણાના લોટવાળી અને મેથીના વઘારવાળી કઢી આ કશું જ ચાલી શકે નહિ માટે શ્રીખંડનું જમણ જ ટાળવા યોગ્ય છે.

**૬. ઢોકળાં :** ખાટાં ઢોકળાં બનાવવા માટે કઠોળનો આટો છાશમાં પલાળવામાં આવે છે. આ આટો પલાળતાં પૂર્વે છાશને ગરમ કરેલી હોવી જોઈએ. છાશને ગરમ કર્યા વિના સીધો જ આટો પલાળવાથી દ્વિદળનો દોષ લાગે છે. માટે કાળજી રાખવી જરૂરી છે.

**૭. મેથીનાં ઢેબરાં :** બહારગામ જવાનું હોય ત્યારે લોકો સાથે મેથીનાં ઢેબરાં લઈ જાય છે. કેટલાક ઢેબરાં સાથે દહીં ખાય છે, ત્યારે તેમને એ ખ્યાલ નથી હોતો કે ઢેબરાંની અંદર મેથીની ભાજી પડેલી છે. કાચા દહીં સાથે મેથીનો સંયોગ થતાં તેમાં અસંખ્ય જીવો ઊપજે છે માટે મેથીનાં ઢેબરાં ગરમ કર્યા વિનાના કાચાં દહીં સાથે ન ખવાય દોષથી બચવા માટે કઠોળ વગરનાં ઢેબરાં બનાવવાં જોઈએ.

**૮. અથાણાં :** શ્રીખંડ આદિના જમણવારમાં લોકો મેથીવાળાં અથાણાનો ઉપયોગ કરતા હોય છે. અથાણામાં રહેલી મેથી શ્રીખંડ સાથે ભળવાથી દ્વિદળ થાય છે. આ દોષના ત્યાગ માટે મેથીવાળું અથાણું ન વાપરવું.

**૯. છાશ :** કેટલાંક કુટુંબોમાં જમતાં છેલ્લે છાશ પીવાનો રિવાજ હોય છે. ખાસ કરીને કચ્છી લોકોને લચ્છી વિના ચાલતું નથી. ગુજરાતીને ભોજનમાં અથાણાં વિના ન ચાલે, (ગુજરાતી રોટલી એક ખાશે પણ અથાણું સો ગ્રામ હશે તોય ઝાપટી જશે.) રાજસ્થાનીને ભોજનમાં પાપડ વિના ન ચાલે. તેવી જ રીતે કચ્છીને ભોજનમાં છાશ વિના ચાલે નહિ. કચ્છીઓના જાહેર સમારંભોમાં પણ છાશ પીરસાય છે. ભોજનમાં દાળ, શાક, ભજીયા આદિમાં કઠોળ હોય છે. ભોજનબાદ એંઠા મોંએ અને એંઠા હાથે છાશ-પાન કરાતું હોવાથી કાચી છાશ સાથે કઠોળનો સંયોગ થવાથી તેમાં બેઇદ્રિય જવો ઉત્પન્ન થાય છે. દોષથી બચવાની ભાવનાવાળા પુણ્યાત્માઓ બપોરના ભોજનમાં સારી રીતે ગરમ કરેલી છાશનો ઉપયોગ કરે છે. તેમ છતાં પણ કદાચ કાચી છાશ પીનારના હાથ-મોં બિલકુલ ચોખ્ખાં હોવા જોઈએ. કાચી છાશ પીધા પછી તે વાસણને કઠોળવાળાં વાસણો સાથે ધોવાય નહિ. કઠોળના એંઠવાડવાળાં વાસણો સાથે જો એ વાસણ ધોવાય તોય દોષ લાગે છે. માટે કાચી છાશ પીધેલા વાસણને ધોઈને એ પાણી પી જવું જોઈએ, જેથી દોષ લાગવાનો સંભવ ન રહે. હા, જઠરની ગરમીને કારણે પેટમાં ગયા પછી અંદર કઠોળ ભેગું થાય તો દ્વિદળનો દોષ લાગતો નથી.

**૧૦. કાચું દૂધ :** કાચા દૂધને વાપરવાનો પ્રસંગ બહુ ઓછો આવે છે, તેમ છતાં ઘરમાં દૂધની તપેલી ખુલ્લી રાખવાથી ક્યારેક તેમાં કઠોળનો દાણો પડી જવો કે મેથીની ભાજીનું પાંદડું પડી જવું સંભવિત છે. આ રીતે કાચા દૂધ સાથે કઠોળનો સમાગમ થતાં પણ જીવો ઉત્પન્ન થાય છે માટે કાચા દૂધને બરાબર ઢાંકીને સંભાળીને રાખવું જોઈએ.

દહીં માટે જૈનદર્શને કાળમર્યાદાઓ નક્કી કરેલી છે. દહીંમાં મેળવણ પડ્યા પછી એના ઉપર બે રાત વીત્યા બાદ એ અભક્ષ્ય બની જાય છે, જીવાકુલ બની જાય છે, માટે દહીં મેળવ્યા બાદ ક્યારેય બે રાત પૂરી થવા દેવી નહિ. બે રાત વીત્યા પહેલાં વહેલી સવારે જો દહીંને વલોવી નાખીને એની છાશ બનાવી લેવામાં આવે તો તે છાશ પુનઃ બીજા બે દિવસ ચાલી શકે છે. હવે એ છાશ પણ બે રાત્રિ પૂર્ણ થતાં પૂર્વે તેમાંથી છાશનાં થેપલાં બનાવી દેવામાં આવે તો એ થેપલાં આગળ બે દિવસ ચાલી શકે છે. બે રાત્રિ-પૂર્ણ થતાં પૂર્વે આ થેપલાના જો ખાખરા બનાવી દેવામાં આવે તો એ ખાખરાં આગળ બીજા ૧૫ દિવસ ચાલી શકે છે. પહેલાં ૧૫ દિવસ પૂરા થતાં એ ખાખરાનો ભુક્કો કરીને વઘારીને જો એનો ચેવડો બનાવી દેવાય તો એ પાછા ૧૫ દિવસ ચાલી શકે છે. આમ દહીંથી બનાવેલી વસ્તુ બદલાતાં બદલાતાં કુલ ૩૬ દિવસ ચાલી શકે છે.

### ★ ભાતની કાળમર્યાદા :

રાંધેલા ભાત છાશમાં પલાળીને પણ બીજે દિવસે રાખી શકાય છે. છાશમાં પલાળવાથી તે વાસી થતા નથી, પરંતુ છાશમાં એનો દાણેદાણો છૂટો કરી દેવો જોઈએ અને પલાળ્યા બાદ તે પૂરેપૂરા અંદર ડૂબેલા રહેવા જોઈએ. ઉપર ચાર આંગળ જાડી છાશ તરવી જોઈએ. આ રીતે છાશ છાંટેલા નહિ, પણ છાશ ડૂબેલા ભાત બીજે દિવસે વઘારીને ઉપયોગમાં લેવાય છે. તે જ રીતે આજે છાશમાં રાંધેલી ઘેંસ અને ઘાટ પણ બીજે દિવસે વાસી થતાં નથી.

### ★ કાકડીના રાયતાની કાળમર્યાદા :

દહીંની સાથે કાકડીનું મિશ્રણ કરીને જે રાયતું બનાવાય છે તેની કાળમર્યાદા પણ સોળપ્રહર એટલે ૪૮ કલાકની ગણવામાં આવેલ છે. એની આવી દીર્ઘ મર્યાદા કારણ માત્ર એટલું જ છે કે દહીં-છાશમાં 'લેકટીડ' નામનું એસીડ હોય છે. આ એસીડના અસ્તિત્વના કારણે ૪૮ કલાક સુધીમાં એમાં કોઈ જીવોત્પત્તિ થઈ શકતી નથી. લેકટીડ નામના એસીડનું અસ્તિત્વ આજના વિજ્ઞાને પણ સ્વીકાર્યું છે.

કેટલીક બહેનો છાશમાં ભાત પલાળવાને બદલે દૂધમાં મેળવણ નાખી એમાં ભાત પલાળી દે છે. એ રીતે પલાળેલો ભાત સવારે ચાલી શકે નહિ, વાસી થાય.

### ★ કેટલીક સાવધાની :

(અ) દહીં, છાશ, દૂધને અંદરથી બૂડ બૂડ અવાજ આવે ત્યાં સુધી એકદમ કડક રીતે ગરમ કરવાં જોઈએ. કેટલીક બહેનો માત્ર તપેલી ગરમ કરીને નીચે ઉતારી દે છે, તે યોગ્ય નથી. આંગળી દાઝે તેવાં ગરમ થવાં જોઈએ.

(બ) દહીં ગરમ કરવાથી કેટલીક બહેનોને ફાટી જવાનો ડર લાગે છે. દહીં ગમે તેવું સારું હોય તો ય વડા પર પાથર્યા પછી તો ફાટે જ છે. છેવટે મોંમાં પધરાવ્યા પછી તો ચોક્કસ એના ફોદેફોદા થઈ જતાં હોય છે. તેથી ખોટી ધારણાઓ કાઢી નાખવી. દહીંને ફાટતું અટકાવવા ગરમ કરતી વખતે અંદર સહેજ બાજરીનો લોટ કે મીઠું ભભરાવાથી તે ફાટતું નથી.

(ક) સેવ, ગાંઠિયા, ચણાની પુરી, ગુવારફળીની તળેલી સીંગો આદિ કઠોળમાંથી બનાવેલી ચીજો ખાતી વખતે ધ્યાન રાખવું કે તે ચીજ કાચા દહીં, છાશ કે દૂધ સાથે ભળેલી ન હોય.

(ડ) છાશનો બે રાત્રિ સુધીનો બતાવેલો કાળ વલોણાની છાશનો અથવા સારી રીતે વલોવી બનાવેલી છાશનો સમજવો, જે લોકો પુરું મથન કર્યા વિના ઉતાવળે ઉતાવળે દહીં વલોવી નાખે છે તેવી છાશ ન ચાલે. પાણી સાથે દહીંનો અંશેઅંશ મળી ગયો હોય એવી છાશ જ ચાલે.

## ★ ચલિતરસનો ત્યાગ

ભક્ષ્ય ગણાતા કેટલાક પદાર્થો પણ તેનું અસલ સ્વરૂપ, તેના અસલ રૂપ, રસ અને સ્પર્શ ગુમાવી બેસે ત્યારે અભક્ષ્ય બની જાય છે. આ પદાર્થોના ભક્ષણમાં જીવો તો હણાય જ છે, સાથોસાથ આપણું આરોગ્ય પણ હણાય છે.

જેમ દવાઓના લેબલ પર તેની આખરી તારીખ છપાય છે, અમુક સમય જતાં તે દવાઓનો પાવર ખલાસ થઈ જાય છે, જેમ ઘરમાં રહેલ ફર્નિચર પણ સમય જતાં સડવા માંડે છે, જેમ પ્લાસ્ટિકની ડોલો પણ તરડાઈ જાય છે, જેમ દરેક પદાર્થની સલામત રહેવાની પોતાની સમય મર્યાદા હોય છે, તેમ ખાદ્યપદાર્થોની પણ કાળમર્યાદા હોય છે. એની કાળમર્યાદા પૂરી થઈ જતાં તે તે પદાર્થોનું સ્વરૂપ પણ બદલાવા માંડે છે. જે પદાર્થનું સ્વરૂપ બદલાઈ જાય અર્થાત્ એના મૂળ રૂપ, રસ, ગંધ અને સ્પર્શ ફરી જાય ત્યારે તે પદાર્થો ભક્ષ્ય છતાં અભક્ષ્ય બની જાય છે.

આવા બદલાયેલા સ્વરૂપવાળા પદાર્થોમાં હાલતા ચાલતા જીવો, લાળીઆ જીવો અને નિગોદના જીવો ઉત્પન થાય છે. તે ખાવાથી હિંસાજન્ય દોષ લાગવા સાથે આપણું આરોગ્ય પણ બગડે છે. આવા ચલિતરસવાળા પદાર્થોના ભક્ષણથી લોકોને ઝાડા-ઉલટી આદિ થવાના બનાવો આજે ઠેર ઠેર બનતા હોય છે. ચલિતરસ એટલે જેનો સ્વાદ અને રૂપ, ગંધ તથા સ્પર્શ બદલાયા હોય તે બધા ભક્ષ્ય પદાર્થોને ચલિતરસ કહેવાય છે. આ માટે જૈનદર્શને કેટલાક ખાદ્ય પદાર્થોની ચોક્કસ કાળમર્યાદા નક્કી કરી આપી છે, પરંતુ ક્યારેક એની બનાવટ કે મિલાવટમાં ભૂલ થવાને કારણે કાળમર્યાદા પૂર્વે પણ ખાદ્ય પદાર્થોનું સ્વરૂપ બદલાઈ જતું હોય છે. તેવા ખાદ્ય પદાર્થો કાળ મર્યાદાપૂર્વે પણ અભક્ષ્ય બની જાય છે. ચોમાસામાં બુંદીના લાડવાની કાળમર્યાદા ૧૫ દિવસ સુધીની છે. પરંતુ લાડવા બનાવીને તરતજ ડબ્બામાં ભરી દીધા હોય તો રાત્રે તેમાંથી નીકળેલી વરાળના પાણીના ભેજને કારણે સવારે લાડવા ઉપર સફેદ ઉબ (ફૂગ) વળી જાય છે. તે લાડુ ૧૫ દિવસને બદલે બીજે દિવસે જ અભક્ષ્ય બની જાય છે. હવે આપણે ક્રમશઃ ચલિતરસવાળા ખાદ્ય પદાર્થોને વિગતવાર જાણીએ.

### ચલિતરસ

| (૧) | (૨) | (૩) |
|---|---|---|
| બીજા દિવસમાં જ અભક્ષ્ય બને તેવા રાતવાસી ખાદ્ય પદાર્થો. | ૧૫/૨૦/૩૦ દિવસ પછી અભક્ષ્ય બને તેવા ખાદ્ય પદાર્થો. | ૪ માસ/ પછી અભક્ષ્ય બને તેવા ખાદ્ય પદાર્થો |

**(૧) બીજે દિવસે અભક્ષ્ય બનતા પદાર્થો :** જે પદાર્થોમાં પાણીનો અંશ રહી જવા પામે છે, તે બધા પદાર્થોને 'વાસી' કહેવામાં આવે છે. આવા વાસી બનતા તમામ પદાર્થોનો ત્યાગ

કરવો જરૂરી છે. પાણી પોતે એવી તાકાત ધરાવે છે કે એ જે પદાર્થની સાથે ભળે તે પદાર્થને ટૂંક સમયમાં જ બગાડી નાખે છે. ફર્નિચર ઘરમાં રહેશે તો સલામત રહેશે પણ તમે જો એક દિવસ માટે એને બહાર વરસાદમાં મૂકો તો તે પાણીથી પલળીને તરત સડવા માંડશે. તે જ રીતે પાણીવાળા ખાદ્ય પદાર્થો પણ જલદી બગડવા-સડવા માંડે છે. તેમાં જીવોત્પત્તિ થવા માંડે છે. આવા પદાર્થો નીચે પ્રમાણે છે.

## રાતવાસી પદાર્થો

રોટલા- ભજિયાં- દૂધપાક- ઘારી- શેકેલો પાપડ - રોટલી- વડાં- ખીર- ગુલાબ-જાંબુ- પાણીવાળી ચટણી - લોચાપુરી - ઢોકળાં - મલાઈ - કાચો માવો - શરબતના એસેન્સ- ભાખરી - હાંડવો - બાસુદી - જલેબી - ચીકુનો હલવો - પુડલા - ઈડલી-ઢોંસા - શ્રીખંડ રસમલાઈ - પૂરણપોળી - કચોરી- ફ્રૂટસલાડ- રસગુલ્લા - સમોસા - દૂધીનો હલવો - બંગાળી મીઠાઈ.

(૨) **ઘણા દિવસો પછી અભક્ષ્ય બનતા પદાર્થો :** જૈનદર્શને કેટલાક સૂકાં ખાદ્ય પદાર્થોની કાળમર્યાદા નક્કી કરેલી છે. જે ખાદ્ય પદાર્થોને શેકીને બનાવવામાં આવે છે, જે ખાદ્ય પદાર્થોને તળીને બનાવવામાં આવે છે, જે ખાદ્ય પદાર્થોનો પાક કરીને રાખવામાં આવે છે, તેવા પદાર્થો દીર્ઘ સમય સુધી પણ સલામત રહી શકે છે. આવા ખાદ્ય પદાર્થોની સમયમર્યાદા શિયાળો, ઉનાળો અને ચોમાસામાં ઋતુના ફેરફારના કારણે જુદી જુદી હોય છે.

(૩) **ઘણા મહિનાઓ પછી અભક્ષ્ય બનતા પદાર્થો :** કેટલાક પદાર્થોનું કુદરતી સ્વરૂપ જ એવું હોય છેક તે ચાર માસ-આઠ માસ પર્યંત પણ ચાલી શકે છે. કેટલાક પદાર્થોને તૈયાર કરવાની પદ્ધતિ એટલી જોરદાર હોય છે કે તે પદાર્થો પણ લાંબો સમય સુધી ચાલી શકતા હોય છે. દા.ત. વડી, પાપડ, ખીચિયા, અથાણાં.

## ઋતુ અનુસાર બદલાતી કાળમર્યાદાવાળા ખાદ્યપદાર્થો

| શેકેલા પદાર્થો | વઘારેલા પદાર્થો | તળેલા પદાર્થો | પાકી મીઠાઈ |
|---|---|---|---|
| ચણા | ચેવડો | સેવ | મોહનથાળ |
| મમરા | મમરા | ગાંઠિયા | બુંદી લાડુ |
| ધાણી | | ફાફડા | તળેલા ચુરમાના લાડુ |
| દળેલો લોટ | | કડક પૂરી વગેરે | મોતીચૂર વગેરે |
| ખાખરા | | ફરસાણ | |

## કાળમર્યાદા

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| કા.સુદ-૧૫થીફા.સુદ ૧૪સુધીજવપરાયતેવા પદાર્થોઃ ભાજીપાલો, કોથમીર, ખજૂર, ખારેક, તલ, ટોપરૂં, બદામ, કાજુ, ચારોલી, પીસ્તાં, દ્રાક્ષ અખરોટ, જરદાલુઆદિ તમામપ્રકારનો સૂકામેવો. | ફા.સુ. ૧૫થીઅ.સુ ૧૪સુધીવપરાયતેવા પદાર્થોઃ બદામ, ટોપરૂં, પીસ્તાં એસાવેલાતલ, ભાજી, ગુવારફળીઆદિની સૂકવણી (મતાંતરેખજૂર ખારેકસિવાયનોમેવો અ.સુ. ૧૪પછી અભક્ષ્ય ગણ્યો છે.) | અ.સુ. ૧૫થી કા.સુ. ૧૪સુધી જવપરાયતેવા પદાર્થોઃ આખીબદામ, આખુંટોપરું (કાછલીવાળું) જે દિવસેફોડાયતે દિવસેજવાપરી શકાય. | કા. સુદ ૧૫ થીઅ. સુદ ૧૪સુધી આઠમાસ ચાલેતેવા પદાર્થોઃ વડી, પાપડ ખીચિયાં,સાળેવડાં બીબડાં, સૂકવણી | આર્દ્રા નક્ષત્રથી ત્યાજ્ય પદાર્થોઃ કેરી, રાયણ વગેરે |

## ઋતુ અનુસાર કાળમર્યાદા

| શિયાળો | ઉનાળો | ચોમાસું |
|---|---|---|
| કા.સુદ-૧૫થીફા.સુદ-૧૪સુધી | ફા.સુદ૧૫થીઅ.સુદ૧૪સુધી | અ.સુદ-૧૫થીકા.સુદ૧૪સુધી |
| કાળમર્યાદા૩૦દિવસ | કાળમર્યાદા૨૦દિવસ | કાળમર્યાદા૧૫દિવસ |

### ★ કેટલીક સાવધાની :

૧. ચૂરમાના લાડુ બનાવતાં પૂર્વે ચૂરમું બનાવવા માટે મુઠિયાં બનાવવામાં આવે છે. આ મુઠિયાં જો બરાબર તળાયાં ન હોય તો અંદર પાણીનો ભેજ રહી જાય છે. આવા ભેજવાળાં મુઠિયાં ભાંગીને કરેલા ચૂરમાના લાડુ બીજે દિવસે જ અભક્ષ્ય બને છે, માટે તળતી વખતે મૂઠિયાં કાચાં ન રહે તેનો ખ્યાલ રાખવો જરૂરી છે.

૨. જલેબી બનાવવા માટે રાત્રે જ આથો નાખી દેવામાં આવે છે. આ આથો રાતવાસી થતો હોવાથી સવારે તેની બનેલી જલેબી અભક્ષ્ય ન થાય, તેને બદલે રાત્રે આથો નાખ્યા વિના બનતી અમરતી ચાલી શકે છે. જલેબીનો આથો સવારે નાખે તો જલેબી અભક્ષ્ય ન થાય, પણ રસોઈયા કાળી રાત્રે જ કામ પતાવી દે છે.

૩. દૂધનો બજારુ માવો બીજે દિવસે વાસી થાય છે માટે બજારનો માવો વપરાય નહિ. ઘરે બનાવેલ માવો જો બીજા દિવસે રાખવો હોય તો તેને ઘીમાં શેકીને લાલ બનાવવો જોઈએ. આવો લાલ માવો અભક્ષ્ય બનતો નથી.

૪. માવો કાઢીને બુરુ-ખાંડ ભેળવીને બનાવવામાં આવતા પેંડા પણ બીજે દિવસે વાસી બને છે, પરંતુ જો દૂધને ફાડીને ચૂલા ઉપર જ તેમાં ખાંડ ભેળવીને પેંડા બનાવાય તો તે વાસી થતા નથી. તે જ રીતે દૂધને ફાડીને ચૂલા પર જ તેમાં ખાંડ ભેળવીને બનાવાતી માવાની બરફી પણ બીજે દિવસે વાસી બનતી નથી. દૂધને ફાડ્યા વિના ચૂલા પર દૂધમાં ખાંડ નાખીને તેને હલાવતાં રહીને જે પેંડા બનાવાય છે, તે પણ વાસી થતા નથી.

૫. ગુલાબજાંબુમાં માવો વાસી થાય છે અને ચાસણી કાચી રહે છે. માટે તેને બીજા દિવસ માટે રાખી શકાતાં નથી. તે જ રીતે રસગુલ્લા, રસમલાઈ આદિ કાચી ચાસણીની બધી બંગાળી મીઠાઈઓ બીજા દિવસે અભક્ષ્ય જાણવી.

૬. સુરતની ઘારીમાં જે માવો પેક કરવામાં આવે છે, એ જો પહેલાં ઘીમાં શેક્યા વિનાનો હોય તો તે વાસી થાય છે. કેટલાક લોકો સ્પેશિયલ શેકેલા માવાની ઘારી બનાવે છે, તે ચાલી શકે છે. બજારું ઘારી અભક્ષ્ય જાણવી. વધુમાં શેકેલા માવાની ઘારીનું ઉપરનું પડ ઘીમાં સખત રીતે તળાતું નથી. માત્ર ઊકળતા ઘીમાં ઝબોળીને કાઢી લેવાય છે માટે ઉપરનું પડ રોટલીની જેમ કાચું રહે છે, તેથી તે બીજે દિવસે વાસી થાય. માટે કોઈ પણ ઘારી બીજે દિવસે રાખી શકાય નહિ.

૭. ઘણા લોકો દૂધની મલાઈ રોજ ભેગી કરે છે, પછી તેને તાવીને ઘી બનાવે છે. આ પદ્ધતિ યોગ્ય નથી. મલાઈ રાતવાસી રહે તો અભક્ષ્ય થાય છે, તેમાં લાળીયા જીવો ઉત્પન્ન થાય છે.

૮. લીલો-સૂકો હલવો લોટ સડાવીને બનાવાય છે, માટે તેને અભક્ષ્ય જાણીને છોડી દેવો જોઈએ. ખંભાતનું હલવાસન પણ ત્યાજ્ય છે.

૯. આજે શેકેલો ખાખરો ૧૫ દિવસ ચાલે છે, પણ શેકેલો પાપડ ચાલી શકતો નથી. તેમાં ખાર હોવાના કારણે તે હવામાંથી ભેજ પકડે છે અને બીજે દિવસે જ વાસી બને છે, જો તળીને રાખવામાં આવ્યો હોય તો બીજે દિવસ ચાલી શકે છે.

૧૦. પાંઉ-બિસ્કિટ આદિ પદાર્થોના લોટની કાળમર્યાદા વીતી નથી તે આપણી જાણી શકતા નથી માટે તેવા પદાર્થોને અભક્ષ્ય જાણવા. વળી તેના આટાને પણ લાંબો સમય સડાવી રાખવામાં આવે છે, માટે હિંસાનો દોષ પણ લાગે છે. પાંઉ-બિસ્કિટ વગેરે મેંદાના પદાર્થો આરોગ્યનાશક પણ છે. આજના વિજ્ઞાને પણ મેંદાના પદાર્થોને આરોગ્ય માટે ખરાબ નહિ, પણ ખતરનાક ગણાવ્યા છે. આવતીકાલે ખાખરાની જગ્યાએ બ્રેડ, પાઉં, કેલોગ્સ કું.ના કોનફ્લેક્સ અને વીટફ્લેક્સ વગેરે સવારના નાસ્તા માટેની આવી અભક્ષ્ય વાનગીઓ ગોઠવાઈ જવાનો સંભવ છે. વિદેશીઓનો અભક્ષ્ય કચરો ભારતીયોના પેટમાં દટાઈ જાય તો જ પરદેશી દવાની કંપનીઓનો વેપલો જોરમાં ચાલે.

૧૧. બરફના ગોળા ઉપર છાંટવામાં આવતા શરબતના એસેન્સ અને કાચી ચાસણીમાં ભરી રાખવામાં આવતા લીંબુના રસ જેવા તમામ પદાર્થો અભક્ષ્ય જાણવા.

૧૨. કેટલાક લોકો દૂધમાં બાંધેલી ભાખરી બીજે દિવસે વાસી નથી થતી એવું માને છે, તે ભ્રમણા માત્ર છે. દૂધ વાસી થાય છે તો તેની ભાખરી વાસી કેમ ન થાય ?

૧૩. વસે જ અભક્ષ્ય બને છે, પણ જો લીંબુનો રસ નાખ્યો હોય અને પાણી કે લોટ નાખ્યા વિના વાટેલી હોય તો તે ત્રણ દિવસ સુધી ચાલે છે. ચટણીમાં નાખવા માટેનાં કોથમીર-મરચાં પાણીથી ધોયાં હોય તો તેના પરનું પાણી ચટણીમાં રહી જવાથી ચટણી બીજે દિવસે અભક્ષ્ય બને છે, તેથી ચટણીમાં પાણીનો અંશ ન રહે તે માટે ઉપયોગ રાખવો જરૂરી છે.

૧૪. ફાટી ગયેલું દૂધ તથા બેસ્વાદ લાગતી રસોઈ ચલિતરસ ગણાય છે. માટે અભક્ષ્ય બને છે.

૧૫. વડી, પાપડ-ખીચિયાં વગેરે જ્યારે એકદમ સૂકી હવા હોય ત્યારે શિયાળામાં જ બનાવવા યોગ્ય છે. ચોમાસામાં તેમાં ઉબ (ફૂગ) લાગવાનો સંભવ છે, માટે ચોમાસા પહેલાં પૂરા કરી દેવા જોઈએ. વડી, પાપડ ચોમાસામાં અભક્ષ્ય છે એવું શ્રાદ્ધવિધિમાં જણાવેલ છે.

૧૬. વિરાધનાનો સંભવ હોવાથી મકાઈના ડોડા, ઘઉંનો પોંખ, જુવારનો પોંખ વગેરે ત્યજવા યોગ્ય છે.

૧૭. કોરડું મગ વગેરેના દાણા અચિત્ત છે, પણ અખંડયોનિ હોવાથી ચાવવા નહિ. આખા ઉતારી જવા. એમ શ્રાદ્ધવિધિમાં જણાવેલ છે.

૧૮. ફાગણ ચોમાસી બાદ ટોપરું, બદામ, પીસ્તાં વપરાય છે. ચોમાસા દરમિયાન આજે ફોડેલી બદામ, પીસ્તાં તથા કાચલી ફોડીને કાઢેલું ટોપરું (ગોળો ફોડીને કાઢેલું નહિ. કાચલી ફોડીને કાઢેલું ફોફળ ટોપરું જ ચાલે, કેમકે ટોપરાંનાં ગોળામાં ઊભા ચીરા પડેલા હોય છે. આ ચીરામાં નિગોદ, કુંથુવા વગેરે પડવાનો સંભવ છે માટે બદામ જેમ ફોડ્યા પછી વપરાય તેમ ટોપરું પણ કાચલી ફોડ્યા પછી જ વપરાય) આજે ચાલે, બીજે દિવસે રાખવું પડે તેમ હોય તો તેને ઘીમાં તળીને રાખવું બદામ, પીસ્તાં તળાય છે. ટોપરાની છીણ કરીને તળી શકાય છે.

૧૯. તલ ફાગણ ચોમાસી પછી અભક્ષ્ય થાય છે, તેને ગરમ પાણીમાં ચૂલે ચડાવીને ઓસાવાય તો તેમાં જીવ પડતા નથી, તેથી આઠ માસ ચાલી શકે છે.

૨૦. કેટલીક કેરીનો પાક આર્દ્રા નક્ષત્ર પછી આવે છે, તેમ છતાં તે પણ અભક્ષ્ય જ મનાય છે. કેરી આર્દ્રા નક્ષત્રથી કારતક પૂનમ સુધી (વિશાખા નક્ષત્ર સુધી) ત્યાજ્ય છે.

આપણા રોજિંદા ખોરાકમાં મીઠા(નમક)નો ઉપયોગ બને તેટલો ઓછો કરવા યોગ્ય છે. નમક વધારે ખાવાથી ટાલ પડે છે, વાળ જલદી ધોળા થાય છે અને રોગ પણ થાય છે એક સુભાષિતમાં કહ્યું છે કે અતિ સર્વત્ર વર્જયેત્ ।

## અથાણાંના પ્રકાર

| તડકે બનતા અથાણાં | ચૂલે બનતા અથાણાં | ખાટા રસમાં બનતાં અથાણાં |
|---|---|---|

(૧) તડકે બનતાં અથાણાં : કેરી, મરચાં, ગુંદા. વગેરેમાં મીઠું ભેળવીને તેને તડકે મૂકવામાં આવે છે. તડકાથી ધીરે ધીરે પાણી સુકાતું જાય છે. ત્રણવાર, પાંચવાર, સાતવાર સખત તડકા આપ્યા બાદ જ્યારે સાવ પાણીનો અંશ (એટલે વનસ્પતિનો રસ) સુકાઈ જાય ત્યારે તે સૂકાં બંગડી જેવા બની જાય છે. તે પછી તેની પર ગોળ, રાઈ વગેરે ચડાવીને સરસવના તેલમાં ગળાબૂડ ડૂબાડીને રાખવામાં આવે છે. આ રીતે બિલકુલ (ડી-હાઈડ્રેટેડ) એકદમ કડક કરીને તેલમાં ડૂબાડેલાં અથાણાં એક વર્ષપર્યંત ચાલી શકે છે. જો તડકા બરાબર ન અપાયા હોય તો અથાણું કાચું રહી જાય છે. એમાં પાણીનો અંશ રહી જાય છે. આ પાણીનો અંશ જીવોને પેદા થવા માટે એક મોટું કારણ બની રહે છે. જ્યાં પણ ભેજ રહે છે ત્યાં જીવોત્પત્તિ થયા વિના રહેતી નથી.

ક્યારેક તડકામાં કેરીનો છૂંદો વગેરે પણ બનાવાય છે. તેમાં પણ કેરીની છીણમાંથી ખાટું પાણી કાઢી નાખ્યા બાદ છીણ સાથે મીઠું તથા સાકર ભેળવીને તડકે મૂકવામાં આવે છે. જમ જેમ તડકા અપાતા જાય તેમ તેમ ચાસણી કડક થતી આવે છે. પાણી સુકાતું જાય છે. જ્યારે ચાસણી ત્રણ તારવાળી થાય ત્યારે પાકી થઈ સમજવી. (ચાસણી જોવાની એક રીત છે. ચાસણીનું એક બિંદુ અંગુઠા પર મૂકી તેની પર આંગળી દબાવીને ધીરેથી ઊંચી કરવી. આંગળી ઊંચી થતી વેળા જો ચાસણીમાંથી બે કે અઢી તાર નીકળે તો તે કાચી સમજવી. આંગળી ઊંચી કરતાં જો પૂરા ત્રણ તાર ઉપર ખેંચાય તો ચાસણી પાકી સમજવી.)

**(૨) ચૂલે બનતાં અથાણાં :** છૂંદો, મુરબ્બો વગેરે કેટલાક અથાણાં ચૂલા પર કરવામાં આવે છે. એમાં પણ પહેલાં ખાંડને ચૂલે ચડાવી તેમાં છૂંદાની છીણ કે મુરબ્બાના ટુકડા નાખીને ચાસણી ત્રણ તારવાળી થાય ત્યાં સુધી હલાવતાં રહેવું પડે છે. ચાસણી પાકી થયા બાદ જ તેને ચૂલેથી ઉતારી તે ઠંડું થઈ ગયા બાદ કાચની બરણી વગેરેમાં ભરી લેવાય છે. આમાં પણ ચાસણી કાચી રહે તો અથાણામાં જીવોત્પત્તિ થઈ જાય છે.

**(૩) ખાટા રસમાં બનતાં અથાણાં :** કેર, મરચાં વગેરેને કાચી કેરીના ખાટા પાણીમાં અથવા લીંબુના રસની ખટાશમાં ત્રણ દિવસ પલાળીને પછી બહાર કાઢીને ફરી ત્રણ દિવસ તડકે સૂકવીને બંગડી જેવા કર્યા બાદ સરસિયાના તેલમાં રાઈ વગેરે ફીણીને પછી કેર કે મરચાંને અંદર ડૂબાડવામાં આવે છે. આમાં પણ જો પાણીનો અંશ રહી ગયો હોય તો તેમાં તરત જ ફૂગ વળી જાય છે. માટે કાળજી રાખવી જરૂરી બની છે.

**★ કેટલીક સાવધાની :**

૧. અથાણાં કાચની બરણીમાં ભરવાં જોઈએ. તેના ઢાંકણો બરાબર ચપોચપ બંધ

થવાં જોઈએ. બરણીનાં ઢાંકણાં પર ચાર પડવાળું ઝીણું કપડું બાંધીને ગળેથી દોરી બાંધી પેક કરીને રાખવું જોઈએ. બરણી પેચવાળી હોય તો ય કીડી પેચની ધારે ધારે થઈ અંદર સુધી પહોંચી શકે છે.

૨. કોઈ પણ અથાણામાં મેથીનો ઉપયોગ ન કરવો, કેમ કે મેથીવાળું અથાણું બીજે દિવસે અભક્ષ્ય બને છે. વળી દહીં સાથે અથાણું વાપરતાં દ્વિદળ થાય છે, એટલે મેથીની જગ્યાએ જીરું વાપરવાથી કામ ચાલી જાય છે.

૩. અથાણામાં ગોળ વાપરવો યોગ્ય નથી. ગોળ અને ખટાશ ભેગા થવાથી પાણી છૂટે છે તથા માઇલ્ડ આલ્કોહૉલ બની જાય છે. એમ એમ કેટલીક અનુભવી બહેનોનું કહેવું છે. માટે અથાણામાં ગોળ તેમજ કોઈ પણ પ્રકારનું ધાન્ય કે આટો વાપરવો નહિ.

૪. કંદમૂળ, લીલી હળદર, આદુ, ગરમર, ગાજર, લીલાવાંસ, મલબારના મીઠાના પાણીવાળા લીલામરી વગેરે મૂળથી જ અભક્ષ્ય છે. માટે તેનું અથાણું પણ અભક્ષ્ય જાણવું.

૫. ખાટાં ફળોનું અથવા ખાટા રસમાં બનાવેલું અથાણું તડકા દીધા વિનાનું માત્ર ત્રણ દિવસ ચાલે છે. તેમા ંજો લોટ કે ધાન્ય ભેળવ્યું હોય અથવા પાણી નાખ્યું હોય તો બીજે દિવસે જ અભક્ષ્ય બને છે.

૬. ગુવારફળી, મેથીની ભાજી આદિની સૂકવણી કરી હોય તે પણ ચાતુર્માસ પહેલાં જ પતાવી દેવી જોઈએ. ભેજ લાગતાં તેમાં પણ જીવોત્પત્તિ થાય છે.

## ★ વિગઈ

### જૈનદર્શને વિગઈના બે વિભાગો દર્શાવ્યા છે.

**૬ ભક્ષ્ય** ૧. દૂધ, ૨. દહીં, ૩. ઘી, ૪. તેલ, ૫. કડા-તળેલું, ૬. ગોળ.

**૪ અભક્ષ્ય** ૧. માંસ, ૨. મદિરા, ૩. માખણ, ૪. મધ.

દૂધ, દહીં આદિ છ પ્રકારની વિગઈઓ ભક્ષ્ય ગણાય છે. જ્યારે માંસ, મદિરા આદિ ચાર પ્રકારની વિગઈઓ અભક્ષ્ય ગણાય છે. જેના ભક્ષણથી જીવનો સ્વભાવ વિકૃત થઈ જાય તેને વિગઈ કહેવાય છે. છ પ્રકારની ભક્ષ્ય વિગઈઓ પણ અલ્પ માત્રામાં જ ગ્રહણ કરવી જોઈએ. અતિરેક થાય તો તે પણ માણસનું માથું ખરાબ કરી નાખે છે. ભગવાન મહાવીરદેવે ઉત્તરાધ્યયન સૂત્રમાં જણાવ્યું છે. **'રસા પગામં ન નિસેવિઅવ્વા'** રસો-વિગઈઓ ચિત્તને ઉદ્દીપ્ત કરી નાખે છે. ઉદ્દીપ્ત-ચિત્તવાળો માણસ ગમે ત્યારે ગમે તે પાપ કરી બેસે છે. છ વિગઈઓનું અતિભક્ષણ જો માણસને વિક્ષિપ્ત કરી નાખે છે તો મહાવિગઈઓનું તો પૂછવું જ શું ? ચાર મહાવિગઈઓમાં તો એટલી પ્રચંડ તોફાની તાકાત પડેલી છે કે તેનું 'અતિ' નહિ 'અલ્પ' ભક્ષણ પણ માણસને ગાંડો બનાવી મૂકે છે. માટે સમજુ અને ડાહ્યા માણસે આ ચારે મહાવિગઈઓને સદા માટે ત્યજી દેવી જોઈએ.

## ★ મદિરાપાન (દારૂ)

સૌ પ્રથમ લીવર બગાડે છે. જેનું લીવર બગડે એનો જાન જતાં વાર લાગતી નથી.

આખું કુટુંબ ભડભડતી આગમાં હોમાઈ જાય છે. સમજુ અને ડાહ્યા માણસે સમજીને આ ગોઝારા પંથથી પાછા ફરી જવું જોઈએ.

| દેશીદારૂ | બીયર | ઈંગ્લીશ દારૂ |
|---|---|---|
| લઠ્ઠો | બેવડો | વીસ્કી બ્રાન્ડી, સ્કોચ |

આ તમામ પ્રકારના મદિરામાં સતત બેઇંદ્રિય જીવોની ઉત્પત્તિ તથા વિનાશ થતો રહે છે. અનેક વર્ષો સુધી દ્રાક્ષ વગેરેને સડાવાય છે. તેમાં કીડાઓ પેદા થાય છે. કીડાઓને છૂંદીને તેનો રસ નીચોવાય છે. તેમાંથી આલ્કોહોલ તૈયાર કરવામાં આવે છે.

## ★ મધ

મધમાખીઓ પોતાના વસવાટ માટે એક ઘર બનાવે છે. એને મધપૂડો કહેવાય છે. મધમાખીઓ ફૂલો પર બેસીને પુષ્પોનો રસ ચૂસે છે. આ રસ તેમના શરીરમાં પચી જાય છે. રસ પચી ગયા પછી મધમાખીઓ મળનો ત્યાગ કરે છે. મધમાખીના શરીરમાંથી ત્યજાયેલી વિષ્ટાનું બીજું નામ છે 'મધ.' આ વિષ્ટા મધમાખીઓ ક્યારેક લાળરૂપે મુખવાટે પણ વહાવે છે. આ પદાર્થ એટલો ગળ્યો અને ચીકણો હોય છે કે બીજા અસંખ્ય કીડાઓ તેમાં પેદા થઈ જાય છે. મધ માટે જ્યારે પૂડો પાડી નાખવામાં આવે છે, જ્યારે તેને નીચોવીને મધ ગાળવામાં આવે છે ત્યારે તેની સાથે સાથે અંદર પડેલા સેંકડો સફેદ કીડાઓ અને મધમાખીએ મૂકેલા ઈંડાઓ, નાનાં બચ્ચાંઓ પણ નીચોવાઈ જાય છે. પૂડામાં પડેલી વિષ્ટાનો રસ પણ મધ સાથે નીચોવાઈ જાય છે. આ રીતે કીડા, ઈંડા, બચ્ચાં, લાળ અને વિષ્ટાના સંયોજનથી સર્જાતા મધને ખાવા કયો ડાહ્યો માણસ તૈયાર થાય ? એવો વેધકપ્રશ્ન યોગશાસ્ત્રમાં કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રસૂરિ મહારાજે પૂછ્યો છે. રે ! માણસના મુખમાંથી લસરી પડેલી લાળને પણ જો કોઈ ચાટવા તૈયાર નથી તો મધમાખી જેવા ક્ષુદ્ર જંતુની લાળ ચાટવા કોણ તૈયાર થાય ?

## ★ માખણ

માખણત્યાગ એ જૈનદર્શનની એક અનોખી આચારસંહિતા છે. પરમાત્મા મહાવીરદેવે ફરમાવ્યું છે કે માખણ જ્યાં સુધી છાશમાં ભળેલું છે ત્યાં સુધી તે અભક્ષ્ય નથી બનતું પણ તેને જો છાશમાંથી બહાર કાઢી લેવામાં આવે તો તેમાં તરત બેઈંદ્રિય જીવો પેદા થવા માંડે છે. પછી માખણને ખાતાં કે તાવતાં તે જીવોની હિંસા થાય છે. આવી હિંસાથી બચવા છાશમાંથી માખણને જુદું કરતાં સાથોસાથો થોડીક છાશ પણ ભેગી ઉઠાવી લેવી જોઈએ. છાશની સાથોસાથ માખણ ઊંચકાય તો તેમાં જીવોત્પત્તિ થતી નથી, કેમકે છાશમાં લેકટીડ નામનું એસીડ મોજુદ હોવાના કારણે જીવોત્પત્તિ શક્ય બનતી નથી. પૂર્વે જ્યારે શ્રાવકોના ગોળામાંથી ચારેકોરથી માખણ ભેગું કરીને ખોબો ભરીને છાશ સાથે તે માખણને સીધું તાવડામાં નખાતું. પછી છાશ સાથે જ તે તાવડાને ચૂલે ચઢાવીને તેમાંથી ઘી તાવી લેવામાં આવતું હતું.

આજે જે લોકો ડેરીના માખણના તૈયાર ડબ્બાઓ ઘરે લાવીને ઘી તાવે છે તેમણે જાણી લેવું કે આખો ડબ્બો સૂક્ષ્મ બેઈંદ્રિય જીવોથી ભરેલો હોય છે.

## ★ વનસ્પતિકાય

| પ્રત્યેકવનસ્પતિકાય<br>એકશરીરમાંએકજીવ | | | સાધારણવનસ્પતિકાય<br>એકશરીરમાંઅનંતાજીવ | |
|---|---|---|---|---|
| **શાક** | **ભાજી** | **પત્રવેલ** | **ઔષધ** | **જંગલી વનસ્પતિઓ** |
| ૧.ભૂમિકંદ | ૧૦.પાલકનીભાજી | ૧૫.અમતૃવેલ | ૨૨.લવણક | ૨૭.ઘોર |
| ૨.બટેટા | ૧૧.વત્થુલાનીભાજી | ૧૬.વિરાણીવેલ | ૨૩.કુંવારપાઠું | ૨૮.વજકંદ |
| ૩.ગાજર | ૧૨.થેગનીભાજી | ૧૭.ગડૂચીવેલ(ગળો) | ૨૪.લીલીહળદર | ૨૯.લોઢક |
| ૪.મૂળા | ૧૩.લીલીમોથ | ૧૮.સુક્કરવેલ | ૨૫.લીલુંઆદુ | ૩૦.ખરસઈયો |
| ૫.ડુંગળી | ૧૪.ક્સિલય | ૧૯.લવણવેલ | ૨૬.કચૂરો | ૩૧.ખિલોડીકંદ |
| ૬.લસણ | | ૨૦.શતાવરીવેલ | | ૩૨.બિલાડીનાટોપ |
| ૭.વંશકારેલા | | ૨૧.ગિરિકર્ણિકાવેલ (ગરમર) | | |
| ૮.સૂરણ | | | | |
| ૯.કુણીઆમલી | | | | |

**(૪) મૂળાના પાંચે અંગ :** ૧. દાંડલા, ૨. ફૂલ, ૩. પત્ર, ૪. મોગરા, ૫. દાણા આ પાંચેય અંગ અભક્ષ્ય ગણાય છે.

વંશકારેલા : કુણા વાંસનો જ એક અવયવ છે.

લીલી મોંઘ : જળાશયોના કિનારે ઊગે છે.

કિસલય એટલે દરેક વનસ્પતિના ઊગતાં તાજાં કોમળ પાન તથા ફણગાવેલ કઠોળના દાણામાંથી ફૂટતા અંકૂરા પણ પ્રારંભમાં અનંતકાય છે. એમ જીવાભિગમ નામના આગમગ્રંથમાં કહ્યું છે. પછીથી તે પ્રત્યેક વનસ્પતિકાય બને છે.

લવણક નામની વનસ્પતિ છે, જેને બાળવાથી ખાર પેદા થાય છે.

ખેતરોની વાડરૂપે ઉગાડાતાં જાતજાતના થોરિયાં.

તળાવમાં કમળ જેવા પોયણાં થાય છે તે.

ઉપરોક્ત ૩૨ નામો ઉપરાંત શક્કરિયાં, રતાળું, લુણ નામના વૃક્ષની માત્ર છાલ પણ અનંતકાય ગણાય છે.

## ★ અનંતકાય વનસ્પતિનાં લક્ષણો :

જેનાં પાંદડામાં અને ફળોમાં - સાંધાઓ જણાય નહિ,. - નસો જણાય નહિ, - ગાંઠો વગેરે દેખાય નહિ, - જેને ભાંગ્યા પછી બેય બાજુની સપાટી લીસી સરખી દેખાય છે, - જે વાવ્યા પછી ફરીથી ઊગી જાય, જે વાવવાથી ફરી ઊગે, - જેનામાં રેસા સહેજ પણ દેખાય નહિ.

## પ્રત્યેક વનસ્પતિનાં લક્ષણો :

ઉપર જણાવ્યા તેથી ઉલટાં લક્ષણો પ્રત્યેક વનસ્પતિકાયનાં જાણવાં

**નોંધ :**

પ્રથમ નબંરે લીલોતરીમાત્રનો ત્યાગ કરી દેવો જરૂરી છે. છેવટે જે વનસ્પતિના અલ્પ ભક્ષણમાં પણ અનંતજીવોનો સંહાર થાય છે, એવી અનંતકાય સ્વરૂપ વનસ્પતિનો તો અચૂક ત્યાગ કરી દેવો.

એક વનસ્પતિને 'સાધારણ-અનંતકાય-કંદમૂળ' કહેવાય છે, જ્યારે બીજી વનસ્પતિને 'પ્રત્યેક' કહેવાય છે. જે વનસ્પતિઓને અનંતકાય - કંદમૂળ ગણવામાં આવે છે, તેમાં અનંત અનંત જીવો હોય છે. ગણ્યા ગણી ન શકાય. કોઈ પણ આંકડામાં તેનો જવાબ ન આપી શકાય એટલો વિરાટ જીવજથ્થો અનંતકાય ગણાતી વનસ્પતિના એક સૂક્ષ્મ કણમાં રહેલો હોય છે. બટેટામાં સોયની અણીઉપર રહી શકે તેટલા નાના કણમાં જીવના અસંખ્ય શરીરો રહેલા હોય છે અને તે દરેક શરીરમાં પાછા અનંત જીવો રહેલા હોય છે.

જ્યારે બટેટાના એક સૂક્ષ્મકણમાં રહેલી જીવસૃષ્ટિ આટલી મોટી છે ત્યારે જૈનદર્શન કહે છે કે આખી કેળાની લૂમમાં માત્ર એક જ જીવ છે, માટે લૂમથી કેળું છૂટું પડતાની

સાથે તરત જ તે નિર્જીવ થઈ જાય છે. ભીંડા કે ટીંડોરાંના જીવોને ગણવા બેસો તો જેટલા બીજ તેટલા જીવો હોય છે. એક જીવ છાલનો ગણાય છે. આમ 'પ્રત્યેક' ગણાતી વનસ્પતિના જીવોની સંખ્યાનો આંક દર્શાવી શકાય છે, જ્યારે 'સાધારણ' વનસ્પતિમાં રહેલા જીવોનો આંક દર્શાવી શકાતો નથી.

પ્રભાસ પુરાણમાં શ્રી વિષ્ણુએ કહ્યું છે કે જે મૂળા ખાય છે, તે ખરેખર માંસ ખાય છે. જે ઘરે મૂળો ખવાય છે, તે ઘર સ્મશાન બરોબર છે માટે હે યુધિષ્ઠિર ! મૂળા ખાવા સારા નથી.

કઠોળને લાંબો સમય પલાળવાથી તેમાંઅંકુરા ફૂટે છે. અંકુરા ફૂટેલા કઠોળ અનંતકાળ ગણાય છે, માટે તે વપરાય નહિ.

## ★ ચાર પ્રકારનાં ફળો

### ● બહુબીજ

જૈનદર્શને વનસ્પતિના પ્રત્યેક અને સાધારણ ઉપરાંત બીજા બે ભેદ પણ દર્શાવ્યા છે. ૧. બહુબીજ અને ૨. અલ્પબીજ

૧. **બહુબીજ :** ★ જે ફળોમાં બધાં બીજ અડોઅડ રહેલાં હોય.

★ જેમાં એક બીજ અને બીજા બીજ વચ્ચે પડદો જ હોય, આંતરપડ ન હોય.

★ જેમાં ગર્ભ ઓછો હોય અને બીજ વધારે હોય. આવાં લક્ષણવાળાં ફળોને બહુબીજ કહેવાય છે. દા.ત., ખસખસ, રાજગરો, કોઠીબડાં, ટીંબરું, કરમદાં, પંપોટા વગેરે.

૨. **અલ્પબીજ :** જે ફળોમાં એક બીજ પછી એક પડદો હોય પછી એક બીજ હોય. આ રીતે વચ્ચે વચ્ચે આંતરછાલની વ્યવસ્થા હોય અથવા બીજની ઉપર પતલી છાલનું પડ વળેલું હોય તેને બહુબીજ કહેવાતું નથી. દા.ત. કાકડી જેમાં દરેક બીજની વચ્ચે વચ્ચે પતલું પડ હોય છે. સક્કરટેટી-પપૈયું જેનું બીજ ચારેકોર પતલા પડવાળું હોય છે.

બહુબીજમાં આંતરપડ નહિ હોવાના કારણે અંદર જીવાત પડવાનો સંભવ રહે છે. વળી બહુબીજવાળાં ફળો ખૂબ પિત્ત કરનારાં હોવાથી આરોગ્યને માટે પણ હાનિકારક છે, માટે સમજુ શ્રાવકોએ આવા પદાર્થોને ત્યજી દેવા જોઈએ.

### ★ રીંગણાં ત્યાગ.

રીંગણાં કંદમૂળ નથી તેમ છતાં તે તન-મનને બગાડનારાં, વિકારક હોવાથી ભગવાને તેના ભક્ષણનો નિષેધ કર્યો છે, રીંગણાં ખાનારના શરીરમાં કફ વધે છે, પિત્ત વધે છે. તેને અવારનવાર તાવ આવ્યા કરે છે અને અંત સમયે માણસને ક્ષય રોગ થાય છે. આ તો તનની વાત થઈ. રીંગણા ખાનારનું મન પણ ચંચળ અને તામસી થઈ જાય છે. રીંગણાનો ઓળો કે શાક ખાધા પછી માણસનું મન ચકરાવા લેવા માંડે છે.

### ★ તુચ્છફળ

જેમાં ખાવાનું થોડું અને ફેંકવાનું ઝાઝું હોય તેવાં ફળોને તુચ્છફળ કહેવાય છે. આવાં તુચ્છફળો તુપ્તિ આપી શકતાં નથી. ઉલટાનો કચરો ખૂબ ફેંકવો પડે છે. એ કચરામાં કીડીઓ, મસીઓ વગેરે જીવજંતુઓ ચીટકે છે. લોકોના પગતળે ચગદાઈને મરી જાય છે. આમ ઘણી મોટી વિરાધના થાય છે. માટે ચકલીની જેમ આખો દિવસ ચણવા જેવી આ પ્રવૃત્તિ છોડી દેવા યોગ્ય છે..

**તુચ્છફળો :** ચણીબોર, તાડફળ, પીલુ, પીચુ, પાકા ગુંદા, આંબલીની મહોર વગેરેને તુચ્છફળો જાણવાં.

## ★ આટલું છોડી દો તો સારું !

આ તુચ્છફળોની જેમ બીજા કેટલાંક પદાર્થો ભક્ષ્ય હોવા છતાં તેના વપરાશ બાદ થતી હિંસા લોકવિરુદ્ધના કારણે ત્યજી દેવા જોઈએ. શેરડી, સીતાફળ, રાયણ, ગુંદા, જાંબુ, બોર, લીલા અંજીર, સેતૂર, સીંગ આદિનો ચીકાશ-મીઠાશવાળા કચરામાં ઘણા જીવજંતુની વિરાધનાનો સંભવ છે, અંજીર પ્રાયઃ બહુબીજ છે. શિંગોડાં, ફણસ, આખી સીંગ, આખી વાલોળ, ઉંધીયામાં રંધાય છે તે આખી પાપડી વગેરેમાં જીવ વિરાધનાનો સંભવ છે માટે છોડી દેવા.

### ★ અજાણ્યાં ફળ

જંગલમાં જાત-જાતનાં ફળ થતાં હોય છે. દરેકે દરેક ફળની અસર નોખી નોખી હોય છે. કેટલાંક ફળ એકાએક ઝાડા કરાવી નાખનારાં, કેટલાંક ફળ ઊલટી કરાવી નાખનારાં, તો કેટલાંક ફળ ખાતાંની સાથે જ પ્રાણ હણી લેનારાં પણ હોય છે. માટે ક્યારેય કોઈ અજાણ્યું ફળ મુખમાં નાખવું નહિ. કોઈના કહેવાથી સ્વાદ લેવાનું જોખમ પણ ન કરવું.

### ★ પાંચ પ્રકારના ટેટા

ટેટાના પ્રકાર : ૧૪. વડના ટેટા, ૧૪. પીંપળના ટેટા, ૧૬. પ્લક્ષ પીંપળના ટેટા, ૧૭. કાળા ઉમરાના ટેટા, ૧૮. ઉમરાના ટેટા

આ પાંચે પ્રકારના ટેટાઓમાં ઘણા કીડા પેદા થતા હોય છે. એકદમ ઝીણા બીજની બખોલમાં ચિકાર સૂક્ષ્મ જંતુઓ છુપાયેલા હોય છે. જે નજરે પડવા પણ મુશ્કેલ હોય છે. આવા સૂક્ષ્મ જંતુઓની હિંસાથી બચવા આવા તુચ્છ હિંસક ખોરાકને ત્યજી દેવો જોઈએ.

### ★ બરફ

પાણીનું એક ટીપું એટલે અસંખ્ય અપકાય જીવોનું શરીર. **પ્રત્યેક જીવનું શરીર જો**

**સરસવ પ્રમાણ બને તો આખો જંબુદ્વીપ ભરાઈ જાય.** આવા અસંખ્ય બુંદોનો સરવાળો કરો ત્યારે આઈસક્યુબ બને છે. આ બરફ એટલે વિશાળ જળરાશિ. બરફ વિનાનું સાદું પાણી પણ જો ગાળ્યા વિના પીવામાં આવે તો સાત ગામ બાળ્યા જેટલું પાપ લાગે એવું પુરાણગ્રંથોમાં કહેવાયું છે. અણગળ પાણીમાં જો આટલા બધા જીવો હોય છે તો બરફનું તો પૂછવું જ શું ? પાણી જ્યારે ઝીરો ડીગ્રીએ પહોંચે છે. ત્યારે તે બરફમાં રૂપાંતર થઈ જાય છે. આ રીતે રૂપાંતરિત જળમાં અસંખ્ય બેઈન્દ્રિય જીવો પેદા થઈ જાય છે. વિષ્ટામાં ખદબદ થતા કીડાની જેમ બરફની અંદર સફેદ અત્યંત ઝીણાં, વાળ જેવા અસંખ્ય કીડા પણ ક્યારેક જોઈ શકાય છે. આધુનિક વૈજ્ઞાનિક કેપ્ટન જેકોર્સબીએ સૂક્ષ્મદર્શકયંત્રની મદદથી માત્ર એક પાણીના બુંદમાં ૩૬૪૫૦ હાલતા ચાલતા જીવોને નજરે નિહાળ્યા છે. જો પાણીમાં આટલા હોય તો બરફમાં કેટલા ?

**નોંધ : પાન નં. : ૬૭ થી ૭૮ સુધીની વિગતો પુ. હેમરત્નસૂરિશ્વરજીની અનુમતિથી તેમના પુસ્તક 'રિસર્ચ ઓફ ડાઈનીંગ ટેબલ' માંથી લીધેલ છે.**

★ જીવન વ્યવહારમાંથી પશુની હકાલપટ્ટી એ માનવીય બુધ્ધિનું દેવાળું છે.

★ આણંદના સર્વ ધર્મ જીવદયા સંઘના કર્તાહર્તા ડૉ. અરવિંદકુમાર શેઠ એ તાજેતરમાં 'ઝવેરી વેટરનરી હોસ્પિટલ' અને 'વેટરનરી ઈન્ડોર પેશન્ટ હોમ' શરૂ કરેલ છે જેમાં પ્રાણીઓના વિવિધ રોગોની સારવાર, તે માટે એક્સ રે, સોનોગ્રાફી તથા અન્ય રીપોર્ટ કઢાવવાની સગવડો આપવાની શરૂઆત થઈ ગઈ છે. સ્કીન ટ્રાન્સપ્લાન્ટેશન મશીન, મોતીયો, અસ્થિભંગના કેસો, પક્ષીઓની બિમારીની સારવાર મળે છે. સાથોસાથ આ પ્રાણીઓને લાવનાર પશુપાલકના ખાવા રહેવાની સગવડો ય રાખી છે.

★ 'કોલંબિયા' અવકાશયાનને ધરતી પર પાછા ફરતા અકસ્માત થયો તે સમયે લોકોને જાણ થઈ કે અંતરીક્ષ યાત્રીઓ પોતાની સાથે જીવજંતુઓ, પ્રાણીઓ લઈ ગયેલા તેય મૃત્યુ પામ્યા. અંતરીક્ષ યાત્રીઓને અંતરીક્ષ સફળ વેળા કેવા માનસિક કે શારીરિક ફેરફારો થશે તે અંગેના પ્રયોગો સૌ પ્રથમ આ જીવજંતુઓ અને પ્રાણીઓ ઉપર થાય છે.

★ ભારતમાં વિશ્વભરમાંથી ખાદ્ય પદાર્થો, પીણા આયાત થાય છે. જિનેટિકલી મોડીફાઈડ આહાર આયાત થાય છે, જે જીવાણુયુક્ત હોય છે. વિદેશી ચોકલેટ, બિસ્કીટ જોઈ અહોભાવ થાય છે, પરંતુ તે શાકાહારી છે કે માંસાહારી તે ખબર નથી પડતી. લીલુ લેબલ ન હોય તો માંસાહારી હોય, તે ન ખાવાથી રહી જવાના નથી. જેથી ખરીદતી વખતે લેબલ જોવાની આદત રાખવી જરૂરી છે.

## ★ આપણો ખોરાક

★ અનાજ, ખાંડ, અથાણાં ભેજ, જંતુ, પાણી વગેરે અંદર જઈ શકે નહિ તેવા ચુસ્ત ઢાંકણવાળાં વાસણોમાં ભરવાં.

★ અથાણાં ગળ્યાં બનાવ્યાં હોય તો ત્રણ તારની ચાસણીમાં બનાવવાં. મુરબ્બો, છૂંદો, વઘારિયાં, ગોળચાં (લીંબું, આમળા, કેરી વગેરેના ગળ્યાં અથાણાં) વગેરેને તડકે મૂકીને બનાવવાના બદલે ચૂલા ઉપર ગરમ કરી પાકી ચાસણીમાં બનાવવાં. ★ મેથી એ કઠોળ છે તેને દળીને લોટ બનાવ્યો હોય તો જે તે ઋતુના લોટના કાળ પ્રમાણે જ ખપે. એટલે મેથીના અથાણાં બાબત ધ્યાન રાખવું. રાઈનાં અથણામાં આ વાંધો નથી. ★ ખાટાં અથાણાંમાં મીઠાનું (ખારાશનું) પ્રમાણ પૂરતું ન હોય તો અથાણાં બગડી જવાની શક્યતા રહે છે. ★ શક્ય હોય તો કેરી, આમળાં વગેરેના સુડા કરી તેને તડકે સૂકવી નાખવાં. એકદમ લાકડા જેવાં થઈ જાય ત્યારે ભરી રાખવાં અને જ્યારે અથાણું ખાવાની ઈચ્છા થાય ત્યારે તેલ, મરચું, મેથી, રાઈ વગેરે મસાલા સાથે મિશ્ર કરતાં પહેલાં સહેજ બાફીને નરમ બનાવવાં. આથી હંમેશાં તાજું અથાણું મળશે અને અથાણાંને સાચવવાની કડાકૂટ મટી જશે. ગળ્યાં અથાણાં પણ આ રીતે બનાવી શકાય. ★ અથાણાંનો ઉપયોગ કરતી વખતે બરણી બહારથી બગડે તો ભીના કપડાના ટુકડા વડે તેનો બહારનો ભાગ લૂછી નાખવો, જેથી કીડીઓ વગેરે જંતુઓ આકર્ષાય નહિ. બરણીને બંધ કર્યા બાદ તેના મોઢાના ભાગ ઉપર કાપડનો મોટો ટુકડો બાંધવામાં આવે છે. તેનાથી જીવજંતુ કદાચ બરણી ઉપર ફરે તોપણ અંદર જઈ શકતાં નથી. ★ ફૂગવાળાં અથાણાંનો કદી ઉપયોગ કરવો નહિ.

(૨) શાકભાજી : વનસ્પતિમાં ઈયળ : પાપડી વગેરે શાકમાં ક્યારેક ઈયળો નીકળે છે. માટે આવાં શાક ઉપયોગ રાખી ધ્યાનપૂર્વક સુધારવાં. આવા શાકભાજીનો માણસને નહિ ખાવાલાયક ભાગ પશુને ખવડાવતી વખતે તેમાં ઈયળ ન આવી જાય તેની સાવધાની રાખવી.

★ ઈયળને મૂળ શાકમાં રાખી નજીકમાં જ્યાં વનસ્પતિ કે ઘાસ હોય ત્યાં ઈયળવાળું શાક મૂકી દેવું. ★ કેટલીક વખત ટીંડોરાં વગેરે શાક આખું જ રાંધવામાં આવે છે, પણ સુધાર્યા વિનાનું શાક રાંધી શકાય નહિ. ★ ફળ પણ સુધાર્યા વિના આખું મોં વડે તોડીને ખવાય નહિ. ★ શાક સુધારતાં પહેલાં ધોવું, જેથી અંદરનો જીવ હોય તો સુરક્ષિત રહે. પણ ભાજીનાં પાંદડાં ચૂંટી લીધા પછી જ ધોવા, જેથી ભાજીની વચમાં જીવજંતુ હોય તો મરી ન જાય. ★ કોબીજ-ફ્લાવર વગરેમાં અતિસૂક્ષ્મ બેઈન્દ્રિય જીવો હોય છે, જે નરી આંખે કદી જોઈ શકાતા નથી. આવા શાકનો ઉપયોગ કદી કરવો નહિ.

અનાજ શાકભાજી જૈવિક ખેતી (આરંગનીક ફાર્મિંગ)થી બનાવેલ હોય તેનો જ આગ્રહ રાખો. કોઈ પણ પ્રકારની ખેતીમાં હિંસા છે, પરંતુ રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના વપરાશથી થયેલ ખેતીના પાકો લેતાં પહેલાં અસંખ્ય જીવોની હિંસા થાય છે, ઉપરાંત જૈવિક ખેતીમાં અનાજ / શાકભાજીમાં રાસાયણિક તત્ત્વો કે જંતુનાશક દવાઓનો અંશ રહેતો નથી, તેથી તે શરીરને હાનિકારક નીવડતા નથી.

(૩) સગડી, ચૂલા, ગેસ, સ્ટવ વગેરે : આ સાધનોમાંના પોલાણમાં વંદા, કંસારી વગેરે જીવો રાતની ઠંડક દરમિયાન ભરાઈ જાય છે. આ સાધનોને પેટાવતાં પહેલાં દરેક વખતે પૂંજણી કે મોરપીંછી વડે એને પૂંજવાં અને અંદર જીવજંતુઓ ભરાયાં હોય તો તેની જયણા કરવી. સાંજે બધા ભાગો ખોલીને છૂટા મૂકી રાખવા અથવા કપડામાં લપેટીને રાખવા.

## ★ હિંસાથી બચવા આટલું કરો.

(૧) ખાદ્યપદાર્થનાં વાસણો ખુલ્લાં ન રાખો.

(૨) સૂર્યોદય પહેલાં ચૂલો પેટાવવો નહિ.

(૩) સૂર્યાસ્ત પછી ચૂલો પેટાવવો નહિ.

(૪) વનસ્પતિનાં પાંદડાં તોડવાં નહિ - પુષ્પો ચૂંટવાં નહિ.

(૫) સાધુ-સાધ્વીજી ઉત્કૃષ્ટ ધર્મમય જીવન જીવે છે. તેમને આહાર-પાણી નિર્દોષ મળે તેવી કાળજી રાખવાની આપણી ફરજ છે.

(૬) ખાંડને દૂધ-ચા વગેરેમાં નાંખતાં પહેલાં રકાબીમાં પહોળી કરીને બરાબર જોઈ તપાસી લો તેમાં કીડી વગેરે ન હોય એની ખાતરી કરો.

(૭) ખાંડને બરાબર સાફ કરીને ચુસ્ત ડબ્બામાં રાખો. તેને ભેજ લાગતાં તેમાં ઝીણી ઇયળ થવાની સંભાવના છે. ડબ્બાના મુખ ઉપર કપડું બાંધવું હિતાવહ છે.

(૮) લાલ બોર મરચાંમાં પુષ્કળ જીવાત સંભવિત છે. ખૂબ ચીવટપૂર્વક મરચાં જોઈ લેવાં.

(૯) રાઇ, મરચાં, ધાણાજીરૂ તથા અન્ય મસાલામાં તે જ વર્ણની ઝીણી જીવાત થવાની સંભાવના છે. સાફ કરીને બરણીમાં ભરો અને ઉપયોગ કરતાં પહેલાં પણ ખૂબ બારીકાઈથી જોઈ લો. આ ચીજોને ભેજ ન લાગે તેનું ધ્યાન રાખો.

(૧૦) રસોડાના ચૂલા ઉપર લાઇટ ન રાખો. લાઇટની આસપાસ ઊડતી જીવાત ચૂલા પર કે તપેલીમાં પડે તો મરી જાય. સૂર્યપ્રકાશ પૂરતો આવતો હોય ત્યાં જ રસોડું કરો.

રાત્રે કે અંધારામાં રસોઈ અને ભોજન કરો નહિ.

(૧૧) ચોમાસામાં ભેજને કારણે કેસરના તાંતણાઓમાં તે જ વર્ણની ઝીણી જીવાત થવાની સંભાવના છે. આઈગ્લાસ વડે ખૂબ બારીકાઈથી જોવાથી નજરે ચડે છે. કેસર આઈગ્લાસથી વારંવાર તપાસતા રહો. જીવાતવાળા કેસરને સંપૂર્ણ જીવાતમુક્ત કર્યા વિના તેનો ઉપયોગ ન કરાય. કેસરની ડબ્બીમાં કાળા મરીના દાણાં મૂકી રાખવાથી જીવાત થતી નથી. કેશર લાવી ગરમ કરેલી થાળીમાં મૂકી સૂકવી નાંખી તેને નાની નાની પડીકીમાં રાખો જેથી એ પડીકીઓને જરાય ભેજ ન લાગે.

(૧૨) મીઠાઈ-ફરસાણ, તૈયાર લોટ વગેરે બહારનું વાપરવું નહિ.

(૧૩) હોટલની વાનગીઓ અભક્ષ્ય અને જીવરક્ષાની સમજ વિના બનાવેલી હોય છે માટે હોટલમાં જવું નહિ.

(૧૪) આર્દ્રા નક્ષત્ર પછી તો કેરીનો રસ ન જ વપરાય. તે પહેલાં પણ વરસાદ થઈ ગયો હોય તો કેરીમાં જીવાત પડવાની સંભાવના છે. વરસાદ થયા પછી કેરીનો ત્યાગ કરો. બજારનો કેરીનો રસ ન વાપરો. ઊતરી ગયેલી અને વર્ણાંતર થયેલી કેરીનો ઉપયોગ ન કરો.

(૧૫) શહેરોમાં કેરીનો રસ ઘરે કાઢવાની પ્રથા ઓછી થતી જાય છે અને બહારથી તૈયાર રસ લાવીને વાપરવામાં આવે છે. આવો રસ વાપરવો ઉચિત નથી કારણ કે, તે રાત્રે કે આગલા દિવસે પણ કાઢેલો હોઈ શકે છે. વળી, આ બહારના રસમાં કાચું દૂધ ભેળવવામાં આવે છે. તેથી તેવા દૂધ સાથે મગની દાળ કે કઠોળની અન્ય કોઈ પણ ચીજ ખાવાથી દ્વિદળ થવાની સંભાવના છે. કેરીના રસમાં કાચું દૂધ ભેળવવું નહિ.

(૧૬) વાસી માવાની વસ્તુ ન વપરાય. તાજો માવો પણ ઘીમાં બરાબર શેકી પાકો કરેલો ન હોય તો બીજા દિવસે તે વાસી બને છે. સૂર્યોદય પૂર્વે કે સૂર્યાસ્ત બાદ માવો ન બનાવો.

(૧૭) બહારના તૈયાર બેસન-રવા-મેંદામાં પુષ્કળ જીવાત હોવાની સંભાવના છે. તે વાપરવા નહિ. ગાંઠિયા ફાફડા માટે પણ તૈયાર બેસન વાપરવા યોગ્ય નથી.

(૧૮) મધ-માખણ અભક્ષ્ય છે. તેના ભક્ષણ સાથે પુષ્કળ વિક્લેન્દ્રિય જીવોનું ભક્ષણ થાય છે, માટે તેનો ત્યાગ કરો. પનીર વગેરે ચીજોનો અને ડેરીની બનાવટોનો ત્યાગ કરવો.

(૧૯) કેળાની છાલ જેવી વસ્તુઓ રસ્તા પર ફેંકવી નહી.

(૨૦) ઢોકળાં, ઇડલી, જલેબી વગેરેનો આથો રાત્રે ન પલાળવો.

(૨૧) આખા ગંઠોડા કે સૂંઠમાં પુષ્કળ જીવાતની સંભાવના છે. તેથી તૈયાર ગંઠોડાનો (પીપરામૂળનો) કે સૂંઠનો પાવડર વાપરવો નહિ, તેમાં પુષ્કળ જીવાત કુટાયેલી હોવાનો

સંભવ છે. આખા ગંઠોડા કે સૂંઠ લાવી, ખૂબ જ જયણાપૂર્વક જોઈને ઘરે કૂટવાથી મોટી જીવવિરાધનાથી બચી જવાય છે. એ જ રીતે ત્રિફળા વગેરે દરેક બાબતમાં પણ સમજી લેવું.

(૨૨) ચાની ભૂકી ચાળીને વાપરવી, ચોમાસામાં કે ભેજવાળા વાતાવરણમાં તેમાં એ જ રંગની ઝીણી જીવાત થવાની ઘણી સંભાવના હોય છે.

(૨૩) સૂકવેલી ગવાર, મેથી, વાલોળ વગેરેમાં ઘણી જીવાત થઈ જાય છે. તેથી ચોમાસામાં સૂકવણીના શાક વાપરવાં હિતાવહ નથી. અન્ય ઋતુમાં પણ બરાબર તપાસ્યા પહેલાં અને ચાળ્યા વગર તેનો ઉપયોગ ન કરવો.

(૨૪) પર્વતિથિના દિવસે કે ઉપધાન વગેરેમાં આંબોળિયાનું શાક ખાસ વાપરવામાં આવે છે. તેના પોલાણમાં જીવાત થઈ જાય છે. તેથી ઝીણા ટુકડા કરીને બારીકાઈથી બરાબર જોઈ લીધા પહેલાં આંબોળિયાનો ઉપયોગ ન કરવો. આમલી અને કોકમ પણ જોઈ તપાસીને જ વાપરવાં.

(૨૫) કેટલાંક લોકો ચાની ભૂકી ઉકાળીને કાવો બનાવે છે અને તેમાં જરૂર પડતું દૂધ નાંખીને ચા પીએ છે. આ ઉપરથી નાંખેલું દૂધ જો કાચું હોય તો તેવી ચા સાથે સેવ-ગાંઠિયા-ફાફડા વગેરે કઠોળના લોટમાંથી બનાવેલી કોઈ પણ વાનગી ખાઈ શકાય નહિ.

(૨૬) બીસલેરી વગેરેના પાણી પીવા નહિ અને લગ્નાદિ પ્રસંગે પીવડાવવા નહિ, કારણ, તેમાં વાસી અને અણગળ પાણીને કારણે અસંખ્ય જીવોની વિરાધના થાય છે.

(૨૭) પૌંઆ, મમરા, ધાણી આદિમાં પુષ્કળ જીવાત થઈ જવાની સંભાવના છે. તેથી તેને વાપરતાં-રાંધતાં પહેલાં ચાળણીથી બરાબર ચાળી લેવાં અને બારીકાઈથી તપાસી લેવાં.

(૨૮) લોટનો ઉપયોગ કરતાં પહેલાં લોટ અવશ્ય ચાળી લેવો.

(૨૯) દાળિયા-ચણા-વટાણાદિ પણ જોઈ તપાસી વાપરવાં.

(૩૦) સાંજે સૂર્યાસ્ત પહેલાં જ કપડાં સૂકવવાની દોરી છોડી નાંખવી જોઈએ. છેવટે સૂર્યાસ્ત બાદ તેને થોડી હલાવવાથી માખીઓ તેના પર રાતવાસો ન કરે. રાતના સમયે દોરી ઉપર આવીને ગરોળી માખીઓનું ભક્ષણ ન કરી જાય તે માટે આમ કરવું જરૂરી છે.

(૩૧) દિવસે વાપરેલાં પાણી કે રસોઈનાં વાસણો મંજાઈને ધોવાઈ ગયા પછી કોરા કપડાથી લૂછી તેને યોગ્ય ઠેકાણે ઊંધાં મૂકી દેવાં જોઈએ. તે વાસણ ભીનાં ન રહેવાં જોઈએ.

(૩૨) આગલા દિવસનું ગાળેલું પાણી પણ બીજા દિવસે ગાળીને જ વપરાય. અન્યથા તે અણગળ ગણાય. પાણીને રોજે રોજ ગાળવું જોઈએ.

(૩૩) લીંબુનાં ફૂલની બનાવટ મહાહિંસક છે. તેનો ઉપયોગ સદંતર ટાળો. શેરડીના

રસમાંથી સાકર બન્યા બાદ બાકી રહેલા મેલને સડાવી અસંખ્ય ત્રસ જીવોને પીલી સાયટ્રીક એસીડ-લીંબુનાં ફૂલ બનાવાય છે. એના નામમાં જે લીંબુ શબ્દ છે, એ લીંબુનો એક અંશ પણ એમાં નથી હોતો.

(૩૪) મીઠાઈ ઉપર શોભા માટે કેસરનું પાણી છાંટેલું હોય તો તે મીઠાઈ બીજા દિવસે વાસી થવાથી અભક્ષ્ય બને છે.

(૩૫) મેથી વગેરેની ભાજીમાં નીચેનાં બે-ત્રણ પાંદડાં અનંતકાય ગણાય છે માટે તે છોડી દેવાં.

(૩૬) પૌંઆ-મમરા-સીંગદાણા દ્રાક્ષ વગેરે ચાળીને અને વીણીને જ વાપરવાં જોઈએ. કાળી દ્રાક્ષમાં પણ તે જ રંગની જીવાત થાય છે. માટે જોઈ તપાસીને જ વાપરવી.

(૩૭) કાજુનાં બે ફાડિયાં વચ્ચેના પોલાણમાં ઈયળ હોવાની સંભાવના છે, તેથી ફાડિયાં કર્યા વિનાના આખા કાજુ વાપરવા નહિ. કાજુ તળતાં પહેલાં પણ આ કાળજી રાખવી જોઈએ.

(૩૮) ચોમાસામાં તે દિવસે ફોડેલી બદામ જ વાપરી શકાય. આગલા દિવસે ફોડેલી બદામ મીઠાઈ ઉપર ભભરાવાય નહિ. ચોમાસામાં આજની ફોડેલી બદામ મીઠાઈ પર ભભરાવી હોય તો મીઠાઈ બીજા દિવસે અભક્ષ્ય બને, પરંતુ ફોડેલી બદામ એ જ દિવસે ઘીમાં શેકેલી હોય અથવા મીઠાઈમાં શેકાઈ ગઈ હોય તો બાધ નથી. મીઠાઈના કાળ પ્રમાણે ચાલે. યાદ રહે કે ચોમાસામાં ઉસમાની બદામ જ વપરાય, મામરો બદામ વપરાય નહિ.

(૩૯) વધારાના ઘડા-માટલાં ઘરમાં રાખેલાં હોય તો તેનાં મોઢાં કપડાથી બાંધી રાખવાં જોઈએ. નહિ તો તેમાં કરોળિયાનાં જાળાં બાઝે અને મચ્છરો પણ ભરાય. જાળાં બાંઝેલાં માટલાં વપરાય નહિ.

(૪૦) એકના એક માટલામાં રોજ પાણી ભરવાથી તેમાં લીલ બાઝે છે, માટે પાણીનું માટલું રોજ રોજ બદલવું જરૂરી છે. માટલું આંતરે દિવસે વપરાય તો બીજે દિવસે ખાલી રહેવાથી સંપૂર્ણ સુકાઈ જવાથી એમાં કદી લીલ થાય નહિ. તેથી પાણીનાં માટલાં બીજા દિવસે બદલી, આગળનાં માટલાંને સંપૂર્ણ સૂકાવાં દેવાં જોઈએ.

(૪૧) ગ્લાસથી પાણી પીધા પછી તે ગ્લાસ સ્વચ્છ કપડાથી લૂછી નાંખવો જોઈએ. લૂછ્યા વગરનો એંઠો ગ્લાસ પાણીના માટલામાં નાંખવાથી માટલાના પાણીમાં સંમૂર્ચ્છિમ જીવો થાય. માટલામાંથી પાણી લેવા માટે ડોયો રાખવાથી આ દોષ ઊભો થાય નહિ.

(૪૨) ચણાનો લોટ ચાળવા માટેની ચાળણી અલગ રાખવી. તે જ ચાળણીથી જો ઘઉંનો લોટ ચાળવામાં આવે તો તે ઘઉંના લોટની રોટલી-પુરી, કાચા દૂધ-દહીં-છાશ કે શ્રીખંડ સાથે ખાવાથી દ્વિદળ થાય. એ જ રીતે ઘંટી અને ઘરઘંટીની બાબતમાં પણ સમજવું.

(૪૩) આજનો ચાળેલો લોટ આજે જ ઉપયોગમાં લેવાય, બીજા દિવસે લોટ ફરીથી ચાળવો પડે. રોજેરોજ લોટ ચાળીને વાપરો.

(૪૪) છૂંદો-મુરબ્બો પાકી ચાસણીમાં કરેલો હોવો જોઈએ. અવસરે-અવસરે એનું નિરીક્ષણ કરો.

(૪૫) અનાજ-લોટ વગેરે ચાળવા માટે અલગ અલગ ચાળણા-ચાળણી ઘરમાં હોવા જોઈએ અને તેનો નીચે પ્રમાણે ઉપયોગ કરી શકાય : (૧) ઘઉંનો ચાળણો : ઘઉં, પૌંઆ, મમરા, દાળિયા, શીંગ, આખી સૂંઠ, ગંઠોડા, મોટા કઠોળ વગેરે ચાળવા માટે. (૨) ચોખાનો ચાળણો : મગ, ચોખા, જીરું, મેથી વગેરે ચાળવા (નાના દાણાં) માટે. (૩) લોટની ચાળણી : મસાલાના પાઉડર તથા લોટ વ. ચાળવા માટે. (૪) મેંદાની ચાળણી : આમચૂર વગેરે બારીક મસાલા તથા મેંદો વગેરે ચાળવા માટે. (અલગ અલગ ચાળણા રાખવાની કડાકૂટમાંથી બચાવનારો અલગ અલગ જાળીવાળો ચાળણો પણ બજારમાં મળે છે.) ધાન્યને કઠોળ એક જ ચાળણે ન ચાળો - બંને માટે અલગ ચાળણા રાખો.

(૪૬) છૂંદા-મુરબ્બાની બરણીના મોંઢા ઉપર એરંડિયું લગાવવાથી કીડીઓ થતી નથી.

(૪૭) કોઈ પણ ખાદ્યપદાર્થમાં સચિત્ત મીઠું ઉપરથી નાંખીને વાપરવું નહિ.

(૪૮) બહારના પાઉં, બિસ્કીટ વગેરે બેકરીની બનાવટો અભક્ષ્ય હોય છે માટે વાપરવા નહિ. જૈનકેક જેવા નામથી વેચાતી વાનગીઓ પણ અભક્ષ્ય હોઈ શકે, માટે વાપરવી નહિ.

(૪૯) આઇસક્રીમ, ચોકલેટ, કેડબરી વગેરેમાં પ્રાણીજ દ્રવ્યો હોવાની સંભાવના છે, માટે વાપરવા યોગ્ય નથી.

(૫૦) દૂધમાં નાખીને વાપરવાના જાત-જાતના પાઉડરો બજારમાં મળે છે, તેમાં તે જ વર્ણની ઝીણી ઈયળો થઈ જવાની સંભાવના છે. બીજી રીતે પણ આ પાઉડરો અભક્ષ્ય હોવાની સંભાવના છે. અભક્ષ્ય ન હોય તેવા ખાત્રીવાળા પાઉડર પણ, વાપરતાં પહેલાં તેમાં ઈયળ ન હોય તેની બરાબર ખાતરી કરવી.

(૫૧) ફણસ, ભોંયકોળું વગેરે મોટાં ફળોનો ત્યાગ કરો. અને **સમારવાદિમાં આરંભ ઘણો હોવાથી પરિણામ કઠોર બને છે.**

(૫૨) દેરાસરમાં નવૈદ્યરૂપે ધરવા માટેની મીઠાઈઓ પોતાના ઘરમાં જાત દેખરેખ નીચે બનાવેલી હોવી જોઈએ. બજારુ મીઠાઈઓ નૈવેદ્યરૂપે મૂકવા યોગ્ય નથી.

(૫૦) પીપરમીંટ, ગોળીઓ, ચોકલેટ કે ટોફીઓ મોટે ભાગે અભક્ષ્ય હોઈ તેનો ઉપયોગ ટાળવો. દેરાસરમાં ચડાવાય નહિ.

(૫૧) દૂધ અને તેલની બનાવટો, દૂધ અને ગોળની બનાવટો વિરુદ્ધ આહાર બને છે. તેનો ઉપયોગ ટાળો.

(૫૨) દૂધની સાથે ખટાશવાળાં ફળ અને ફ્રુટસલાડ વાપરવાનું ટાળો. તે વિરુદ્ધ આહાર હોવાથી ચર્મરોગનું કારણ બને છે.

(૫૩) કાચું મીઠું સચિત્ત હોવાથી સચિત્ત ત્યાગીને ન વપરાય. આયંબિલમાં જે બલવણ વપરાય છે, તેને અચિત્ત કરવાની પદ્ધતિ રાજા કુમારપાળથી માંડીને આજ લગી સર્વત્ર સલામત રહી છે. નવા માટલામાં કાચું મીઠું ભરીને તે માટીના ઢાંકણથી બંધ કરી દેવામાં આવે પછી જ્યારે કુંભાર ઈંટનો નિભાડો પકાવે ત્યારે નિભાડાની વચમાં માટલું ગોઠવી દેવામાં આવે. નિભાડાની આગમાં ઈંટો સાથે મીઠું પણ પાકી જાય. આ રીતે અચિત્ત થયેલું મીઠું બે ચાર વર્ષ કે તેથી વધારે સમય સુધી અચિત્ત રહે છે. તાવડી પર શેકેલું કે, પાણીમાં ઓગળી ચાસણી કરીને ચૂલા પર પકાવેલું મીઠું વર્ષાઋતુમાં સાત દિવસમાં, શિયાળામાં પંદર દિવસમાં અને, ઉનાળામાં ત્રીસ દિવસમાં જ પાછું સચિત્ત થઈ જાય છે.

(૫૪) શેરડીનો રસ કાઢ્યા પછી બે પ્રહર ઘડીએ અચિત્ત થાય છે. અચિત્ત થયા પછી બે પ્રહર બાદ અભક્ષ્ય થાય છે.

(૫૫) તરતનો દળેલો લોટ સચિત-અચિત મિશ્ર ગણાય છે. વધુમાં વધુ પાંચ દિવસ સુધી તે મિશ્ર રહે છે. દળાયા બાદ ચાળી લીધા પછી બે ઘડીએ અચિત થાય છે.

(૫૬) માખણ માટે યોગશાસ્ત્ર અને જૈનતત્ત્વાદર્શે અંતર્મુહૂર્ત એટલે બે ઘડી પછી અભક્ષ્ય ગણાવેલ છે. જ્યારે અન્ય સ્થળે છાશમાંથી છૂટું પાડતાંની સાથે જ અભક્ષ્ય ગણાવેલ છે. હાલ તો તરત જ અભક્ષ્ય ગણવાનો વ્યવહાર પ્રવર્તમાન છે.

(૫૭) ઘરના રસોડે તેમજ લગ્નના માંડવે, સંઘજમણ સમયે જયણાનો પૂરો ખ્યાલ રાખવો જોઈએ. આજે જમણવારોનું બધું જ કામ કેટરર્સ દ્વારા કરાવાય છે. એટલે એમાં પાર વિનાની હિંસા થાય છે. પાણી ગાળ્યા વિના વપરાય છે. શાકભાજી માણસો સમારે છે. એમાં કેટલાય કીડાઓનો સંહાર થાય છે. લીલા શાકભાજીમાં કીડા હોય. નોકરો ક્યારેય દયા પાળતા નથી. ભીડાં અને કીડા બધું સમારીને વઘારી નાખે છે. જાહેર જમણવારોની રસોઈ જ્યારે વહેલી પરોઢે રંધાતી હોય ત્યારે તમે જોવા જાઓ તો જમી ન શકો એટલી ગંદકીથી ભરપૂર હોય છે. કેટરર્સવાળા રસ્તે રખડતા, નાહ્યા-ધોયા વિનાના, ભિખારી જેવા દેખાતા, રખડુ છોકરાઓને કપડાં પહેરાવીને રસોડામાં કામે લગાડી દે છે. તે રખડુઓ બીડીઓ ફૂંકતાં ફૂંકતાં, વાતો કરતાં કરતાં, થૂંક ઉડાડતાં ઉડાડતાં કામ કરે છે. વચ્ચે એકી, બેકી પણ જઈ આવે છે. આવ્યા બાદ ગંદા પગે જ પૂરીનો લોટ ગૂંદવા મંડી પડે છે.

(૫૮) મોસંબી, સંતરા, પાકી કેરી, પપૈયું, શક્કરટેટી આદિ એકદમ પાકાં ફળો છાલ-બી જુદાં કર્યા બાદ બે-ઘડીએ અચિત્ત ગણાય છે. એકદમ પાકું કેળું લૂમથી છૂટું પડતાં જ અચિત્ત ગણાય છે. પાકાં ફળોના રસ પણ બે ઘડી (૪૮ મિનિટ) બાદ અચિત્ત થાય છે.

(૫૯) આજકાલ કાકડી, ટીંડોરાં આદિ શાકોને વઘાર કરીને તરત જ ચૂલેથી નીચે ઉતારી દેવાય છે. તેથી લગભગ તે કાચાં અને સચિત્ત રહી જતાં હોય છે. બરાબર ચડ્યાં વગરનાં આવાં કાચાં શાક સચિત્ત ત્યાગીને કલ્પે નહિ.

(૬૦) લીલી દ્રાક્ષ (બી રહિત) અચિત્ત છે એમ સમજીને કેટલાક લોકો તેને આખેઆખી વાપરે છે. નાસિક પીપળગાંવ જેવા સ્થળોમાં જ્યાં પુષ્કળ દ્રાક્ષ પાકે છે તેવા સ્થળોમાં ખેડૂતો પાસેથી જાણવા મળે છે કે તેમાં સૂક્ષ્મ તંતુ જેવું બીજ હોય છે. એટલે એને બા રહિતે માની શકાય નહિ. આવી દ્રાક્ષ સચિત્ત ત્યાગીને ખપે નહિ. તેને અચિત્ત કરવા માટે ઉપયોગવંત શ્રાવકો પાણીમાં બાફી નાખે છે અથવા બે ટૂકડા કરે છે.

(૬૧) જામફળનાં બીજ એકદમ કડક હોવાથી ચૂલે ચડવા છતાં અચિત્ત થતાં નથી. માટે શાક સમારતી વખતે એમાંથી બી કાઢી નાખવા જોઈએ.

(૬૨) શાક સમારતાં વનસ્પતિમાં રહેલ જીવજંતુની હિંસા ન થાય તેની કાળજી લેવી. કોબીના પાંદડાં ખોલી, તપાસી લેવાં, ત્યાગ કરવો ઉત્તમ છે.

(૬૩) માટલામાં એંઠો ગ્લાસ ન નાખવો. એંઠા પાણીમાં પંચેન્દ્રિય સંમૂર્ચ્છિમ જીવો થાય છે. ગ્લાસ વાપરીને લૂંછવો. કપ-રકાબી-વાસણ એઠાં રાખવા નહીં.

(૬૪) રસોઈ બનાવતાં પહેલાં લોટ-ધાન્ય ચાળવું, જોઈ લેવું, જયણા કરવી. મસાલામાં જીવજંતુ થયા ન હોય તેની ખાતરી કરવી.

(૬૫) ભારતમાં મોટાભાગની હોટલોમાં ચીકનનો રસ ઉદારતાથી વપરાય છે કારણકે કોઈપણ હોટલના મેનુ કાર્ડમાં એવું લખ્યું નથી કે સો ટકા વેજીટેરીયન ખાદ્ય પદાર્થ વપરાય છે. મોટા ભાગની બેકરી પ્રોડક્ટ જેવી કે બન, ક્રોઈસન્ટ વગેરેમાં ઈંડાની જર્દી વપરાય જ છે, જે તેમાં ચમક લાવે છે અને મુલાયમ રાખે છે. નાન અને રૂમાલી રોટીમાં તેને નરમ બનાવવા ઈંટા વપરાય છે. સ્ટીન્ડ રાઈસ, બોઈલ્ડ રાઈસ અથવા ફ્રાઈડ રાઈસ બનાવતી વખતે ક્યારેક ઈંડાનો સફેદ ભાગ વપરાય છે. બીફટેલો (ગાયની ચરબી) સસ્તી હોઈ હોટલ વાળા તળવા માટે છૂટથી તેનો ઉપયોગ કરે છે. મોટાભાગના સલાડ ડ્રેસીંગમાં ઈંડા અથવા અન્ય પ્રાણી જન્ય ફ્લેવર વાપરવામાં આવે છે.

# પ્રાણીજ ખાદ્ય વસ્તુઓ

કોઈ પણ ખાદ્ય વસ્તુ ખરીદતાં પહેલાં એમાં વપરાયેલ કાચા માલની વિગત વાંચી સાવધાન બનો. દરેક પેકેટ-બાટલી-ટીનફૂડ લેતાં પહેલાં 'તેમાં શું શું નાખ્યું છે.' કેવાં કેવાં રસાયણો-રંગો-ફ્લેવર-ઉમેરાયાં છે તેની જાણકારી મેળવી લો.

**જિલેટીન :** પ્રાણીઓના હાડકાનો પાઉડર છે, જેનો ઉપયોગ જેલી, આઇસક્રીમ, પીપરમેન્ટ, કેપ્સુલ, ચ્યુંઈંગ-કેપસ્યુલગમ વગેરેમાં થાય છે.

(૧) નુડલ્સ (સેવ) પેકેટ : જેમાં ચિકન ફ્લેવર (કૂકડીનો રસ) ભેળવવામાં આવે છે. કાંદા-લસણમાં ઈંડાંનું મિશ્રણ થાય છે. નાસ્તાની આઈટમ તરીકે વપરાય છે તે વર્જ્ય છે. લોટનો કાળ વીતી જવાથી પણ અભક્ષ્ય થાય છે. (૨) ટુથ-પેસ્ટ : લગભગ જેમાં ઈંડાનો રસ, હાડકાનો પાઉડર તથા પ્રાણીજ ગ્લિસરીનનું મિશ્રણ હોય છે. સવારના પહોરમાં દાંત સાફ કરવા માટે લાગતા હિંસક વસ્તુઓના દોષથી બચવા, આયુર્વેદિક નિર્દોષ મંજન વાપરવું સારું. (દા.ત. કાંટાળુ માયુ + ફુલાવેલી ફટકડી + સફેદ સિંધાલુણ + બદામના છેડાને બાળી બનાવેલી રાખ.) (૩) ઈન્સ્યુલીન ઈંજેક્શનો : કતલ કરેલા ઘેટાં-બકરાં-ભૂંડના પેન્ક્રિયાસ નામના અવયવમાંથી બને છે. (૪) કસાટા આઈસક્રીમ : જુદી જુદી કંપનીઓનો આવે છે. તેમાં ઈંડાના રસવાળી કેક વપરાય છે. રાસાયણિક દ્રવ્યનું મિશ્રણ થાય છે, આરોગ્યને પણ હાનિકારક છે. (૫) નાહવાના ઘણાખરા સાબુઓમાં પ્રાણીજ ચરબી આવે છે, જે મટન ટેલોમાંથી બનાવવામાં આવે છે. હિંસક પદાર્થનો ત્યાગ કરી નિર્દોષનો ઉપયોગ કરવો. (૬) સૌંદર્ય પ્રસાધનો : લિપસ્ટીક, આઈબ્રો, શેમ્પૂમાં જનાવરોનાં હાડકાંનો ભૂકો, લાલ લોહી તેમજ જુદા જુદા અવયવોના રસમાંથી અને ચરબીમાંથી તૈયાર થાય છે. સસલા-વાંદરા-ઉંદર પર તે પદાર્થોનો પ્રયોગ થાય છે. ઘણા જનાવરો મરી જાય છે. કેટલાંક અંધ બની જાય છે. હિંસાથી બનેલાં સૌંદર્ય પ્રસાધનો ન વાપરવામાં આત્મસૌંદર્ય છે. ચરબી-લોહી-તથા માછલીના શરીરના ભીંગડાં સૂકવીને લિપસ્ટિક બનાવાય છે.

**રેનેટ** : ત્રણ દિવસના જન્મેલા વાછરડાનો રસ ચીઝ માટેનું મેળવણ છે. ચ્યુઈંગગમમાં પણ વપરાય છે.

**વિટામીન** : 'એ' 'ડી'વાળી દવાઓ ફરોડોલ, શાર્ફોફરીલ, કોડલીવર ઓઈલ શાર્ક ઓઈલ, પ્રીલર્સ કોડ, પીલર્સ શાર્ક, અને હેલીવર નામની વગેરે અનેક દવાઓ માછલીના લીવર વગેરેથી તૈયાર થાય છે. જેનાથી રીએક્શન આવે છે.

**સાબુદાણાનો ઈતિહાસ** : આંખે દેખ્યા હેવાલ મુજબ સાબુદાણાના કંદને સેમલ બાજુ કલંગ કહે છે. ૫ કિલોનું વજન હોય છે. છાલ કાઢ્યા પછી ખુલ્લામાં ૪-૬ માસ પડી રહેતાં જેમાં ઘણી લાલ-ફૂગ થયા કરે છે. પાર વિનાના ત્રસ જીવો ઉપજે છે. અનંતા

જીવોની ઘોર હિંસા થયા બાદ તેના રસમાંથી સાબુદાણા બને છે, તદુપરાંત પીપરમેન્ટનું ગળપણ, બિસ્કિટ માટેનું ગળપણ, સેલાઇન ઇંજેક્શન તથા સેલાઈનના બાટલા, ડીટરજંટ પાવડર ગંદા રસમાં પાર વિનાના કીડાઓ ખદબદતાં હોય છે. ઘોર હિંસા હોઈ આ ધંધો કરવો નહિ.

પીઝામાં ૭ કે વધુ દિવસની વાસી મેંદાની કાચી રોટલી તથા સમોસા માટે મેંદાની વાસી પટ્ટીઓમાં અસંખ્ય ત્રસ જંતુઓનો નાશ હોઈ તે અભક્ષ્ય છે.

**ઈસ્ટ્રોજન** : ગર્ભિણી ઘોડીઓના મૂત્રમાંથી મેળવાય છે. એને મેળવવા ઘોડીઓને બાંધેલી દશામાં સતત ગર્ભિણી રાખવામાં આવે છે. કતલ કરેલાં જનાવરોની ગ્રંથિઓમાંથી પણ મળે છે. દવાઓ અને સૌંદર્યપ્રસાધનોમાં એનો ખૂબ ઉપયોગ થાય છે.

**ઑલિયેટ્સ** : કતલ કરેલાં જનાવરોમાંથી મેળવાય છે. એનો સૌંદર્યપ્રસાધનોનાં ક્રીમોમાં ખૂબ ઉપયોગ થાય છે.

**ઈસીંગ્લાસ** : માછલીમાંથી મળતો જિલેટીન જેવો પદાર્થ, એનો ઉપયોગ સૌંદર્યપ્રસાધનોમાં, જેલી, સરેસ તથા આલ્કોહૉલિક પાણી બનાવવામાં થાય છે.

**કસ્ટર્ડ પાઉડર** : કેટલાક કસ્ટર્ડ પાઉડરમાં ઈંડાં વપરાયાં હોય છે. પુંડિંગ, આઈસક્રીમ, ફ્રૂટ સલાડ વગેરેમાં ઉપયોગ કરાયેલો હોઈ શકે.

**કેસ્ટોરિયમ** : પશ્ચિમના દેશોમાં નર બીવર નામના પ્રાણીને મારીને તેની ગ્રંથિઓમાંથી કાઢવામાં આવે છે. એનો ઉપયોગ સૌંદર્યપ્રસાધનો અને હોર્મોનની સારવારોમાં થાય છે.

**કોચનિયેલ** : મેક્સિકોમાં થતી એક જાતની જીવાતના શરીરની સુકવણી કરીને બને છે. આનો ઉપયોગ કેટલાક ખાદ્ય પદાર્થોમાં તથા સૌંદર્યસાધનોમાં લાલ રંગ તરીકે થાય છે.

**ગ્લિસરીન-ગ્લોઇસેરોલ** : સાબુ બનાવવામાં જો પ્રાણિજ ચરબી વપરાઈ હોય તો તે સાબુની ઉપ-પેદાશ એટલે પ્રાણિજ ગ્લિસરીન, વનસ્પતિ તેલ વપરાયું હોય તો વનસ્પતિ ગ્લિસરીન, મોટો ભાગ પ્રાણિજ ગ્લિસરીનનો હોય છે. તેનો ઉપયોગ દવા, ટૂથપેસ્ટ, ક્રીમ, કાજળ, શેમ્પુ, મલમ, રબર સ્ટેમ્પપેડની શાહી, કેટલાક પ્રકારની ટોફી વગેરેમાં ટકાઉપણું તથા મુલાયમતા લાવવા માટે થાય છે.

**ચરબી** : કતલ કરેલા કોઈ પણ પ્રકારના જનાવરમાંથી મેળવાય છે. એનો ઉપયોગ બજારની હલકા પ્રકારની મીઠાઈઓમાં, સસ્તા પ્રકારની રાંધેલી વસ્તુઓમાં, સસ્તી ખારી બિસ્કિટ કે આવી બીજી વસ્તુઓને ઘી કે તેલની બદલીમાં તળવામાં શુદ્ધ અથવા વનસ્પતિ-ઘીમાં ભેળસેળ કરવામાં, સાબુમાં તથા ઘણી વાનગીઓમાં બહોળો ઉપયોગ થાય છે.

**ચમરી-ચામર** : ગાયના વાળમાંથી બને છે. કતલ થયા પછી કાઢે છે; ક્યારેક જીવતાં પણ ઉતારાય છે. મંદિરોમાં ઉપયોગ થતો જોવામાં આવે છે.

**જિલેટીન** : કતલ કરેલાં જાનવરોનાં હાડકાં અને ચામડાંમાંથી મેળવાય છે. તેનો ઉપયોગ જેલી, પુડિંગ, આઈસકેન્ડી, કેટલાક પ્રકારની એક્સ્ટ્રા, સ્ટ્રોંગ પિપરમીંટ, ચોકલેટો અને ટૉફીઓ, દવાઓ, ચલણી નોટો, અમુક રંગો, છાપવાની શાહી વગેરેમાં થાય છે.

**પ્લેસેન્ટા** : કતલ કરેલા ડુક્કરના પેટનો રસ છે. તેનો ઉપયોગ ચીઝ બનાવતી વખતે મેળવણ તરીકે થાય છે.

**પેપ્સીન** : કતલ કરેલા ડુક્કરના પેટનો રસ છે. તેનો ઉપયોગ ચીઝ બનાવતી વખતે મેળવણ તરીકે થાય છે.

**મટનટેલો અને બીફ ટેલો** : કતલ કરેલાં ઘેટાં-બકરાંમાંથી મેળવાયું હોય તો મટન ટેલો અને ગાય-બળદમાંથી મેળવાયું હોય તો બીફ ટેલો કહેવાય છે. તેનો ઉપયોગ બિસ્કિટ અને મીઠાઈઓ બનાવવામાં થાય છે.

**મીણ** : પાળેલી મધમાખીનું મીણ પ્રમાણમાં ઓછું મળે છે. મીણની વધુ પેદાશ જંગલમાં મધપૂડા તોડીને થાય છે. દરેક મધપૂડો તોડતી વખતે ૧૦ થી ૩૦ હજાર મધમાખી, તેની ઈયળ, ઈંડાં, વગેરેનો નાશ થાય છે. મધપૂડો નિચોવીને મધ કાઢી લીધા પછી જે વધે તેને તપાવી, ઓગાળી, ગાળીને ઠરાય તે મીણનો ઉપયોગ મીણબત્તી, બાટિક-કળા, પૉલિશ, મોચીનો દોરો, લિપસ્ટિક વગેરે બનાવવામાં થાય છે.

**રેનિન-કેરેનટ** : જન્મ્યા પછી બે-ત્રણ દિવસની અંદર કતલ કરેલા વાછરડાના પેટનો રસ. એનો ઉપયોગ પેપ્સીનની જેમ ચીઝ બનાવતી વખતે મેળવણ તરીકે થાય છે.

**લાખ અને શૅલક** : લાખો ઝીણાં જીવડાં મરે ત્યારે માંડ અડધા કિલો જેટલી તૈયાર થાય છે. તેનો ઉપયોગ જડતરના દાગીના, બ્રશ બનાવવામાં, સીલ તરીકે, રમકડાં, પૉલિશ, રંગ, વાર્નિશ, આળતો વગેરેમાં ખૂબ થાય છે.

**લાર્ડ** : કતલ ડુક્કરની ચરબી. તેનો ઉપયોગ સૌંદર્ય પ્રસાધનોની ક્રીમોમાં થાય છે.

**લેસીથીન** : ઈંડાંમાંથી મેળવેલું હોઈ શકે. સોયાબીનમાંથી અથવા સિન્થેટિક પણ હોઈ શકે. એનો ઉપયોગ સૌંદર્ય પ્રસાધનોમાં તથા પરદેશી ચોકલેટોમાં થાય છે.

**સિવેટ** : બિલાડી જેવા સિવેટ નામના નર જનાવરના પેટમાંની ગ્રંથિમાંથી નિચોવીને કઢાતો પદાર્થ સૌંદર્ય પ્રસાધનોમાં સુગંધ માટે વપરાય છે.

**મેન્ટોસ** : તેની બનાવટમાં બીફટેલો (ગાય - બળદની ચરબી), હાડકાંનો પાઉડર, તથા જિલેટીન વપરાય છે. કૂટેલા ચ્યુઈંગગમ વિદ્યાર્થીઓ બહુ જ ખાય છે. આ યુગનાં ઘણાં ઘણાં નજરાણાં છે અને લોભાય છે અને જાણે અજાણ્યે માંસાહારી બને છે.

**પોલો** : સફેદ એકસ્ટ્રા સ્ટ્રોંગ પીપર છે. જેમાં ગાય-બળદના માંસમાંથી નીકળતો પદાર્થ જિલેટીન અને બીફ ઓરીજન વપરાય છે.

**બટર** : માખણ અસંખ્ય ત્રસ જીવોનું મોટામાં મોટું ઉત્પતિસ્થાન છે. વલોણાની છાશમાંથી ઉત્પન્ન થયેલું માખણ. ૦॥ કલાકથી વધુ ન રહેવું જોઈએ. તેનું તરત ઘી બનાવી

નાખવું જોઈએ.

**ક્રાફ્ટ ચીઝ** : પીઝા બનાવવામાં વપરાય છે. ૨થી ૩ દિવસના જન્મેલાં વાછડા-વાછડી કપાય છે. કતલખાનામાં ઘણી ગાભણી ગાયો કપાય છે. તેના પેટમાં રહેલાં વાછડા-વાછડી પણ કપાય છે. તેની હોજરીનો રસ એ ક્રાફ્ટ ચીઝ જ છે. માંસાહાર જ ગણાય.

**સ્ટીયરેટ** : મટન ટેલોમાંથી મળે છે. એનો ઉપયોગ ક્રીમ, લિપસ્ટીક વ.માં થાય છે. કસ્ટર્ડ પાઉડર આઈસ્ક્રીમ, બાસુંદી, ફ્રુડસલાડમાં છૂટથી વપરાય છે.

**વિટામિન 'એ' 'ડી'** : માછલીના લિવરમાંથી જ બનાવાય છે. કોડલિવર ઓઈલ, શાર્ક ઓઈલ, પીલર્સ શાર્ક, હેલીવર, પ્રીલર્સકોડ વગેરે ક્રૂર રીતે મારી નાખેલી માછલીઓમાં વિટામિન 'એ' અને 'ડી' મેળવાય છે. એના સેવનથી સ્વભાવ હિંસક-ક્રોધી બને છે. રિએક્શન પણ આવે છે.

**એનેડ્રેનેલિન** : આ દવા શ્વાસ - દમ માટેની છે. પશુઓના લિવર અને બીજી ગ્રંથિઓમાંથી બને છે.

**સીવેટ** : બિલાડીકુળનું પ્રાણી છે. અત્તર - સેન્ટ બનાવવ માટે લાખો સીવેટનો નાશ થયો છે. અત્યારે વન્યપ્રાણી જીવન સીવટને અમૂલ્ય ગણે છે.

**સ્કાટ ઈમલશન** : બળદ - ભેંસ - પાડાના માંસમાંથી બને છે.

**વીરોલ** : ગાયના મગજમાંથી નીકળતો પદાર્થ છે.

**એક્સુરેટ ચીકન** : ઉંદરના માંસમાંથી બને છે.

**પેસકેંટ પાઉડર** : ભૂંડ - ડુક્કર - કૂતરાના વૃષણમાંથી બને છે.

**ડેક્સોરેન્જ** : કતલ થયેલા પશુઓની થાઈરાઈડ ગલગ્રંથિમાંથી આ ટોનીક થાય છે અને દવામાં વપરાય છે.

**સ્ટ્રેસકેટ** : ગાય-બળદના સુકવેલા લિવરમાંથી બનાવાય છે. આ દવાઓ અને આ સૌંદર્યપ્રસાદનોનો હે મારા વ્હાલા ભાઈ-બહેનો-યુવાનવર્ગ, આનો અવશ્ય ત્યાગ કરો. એવો પ્રબળ ત્યાગ કરો કે જીવનમાં કદી પ્રવેશે જ નહીં હજી તો આ યાદી ઘણી નાની છે.

**લિપસ્ટીક** : મોટે ભાગે પ્રાણીજન્ય જ છે. યુવતીઓ જે શરીર પર હોંશે હોંશે લગાડે છે તે ચરબી-લોહી-માછલીના ભીંગડા સૂકવી બનાવાય છે. અપવાદ પણ છે. તે માટે બ્યુટી વીધાઉટ ક્રુઅલ્ટી પૂના તરફથી જાણવા પણ મળશે. મારા ખ્યાલથી નિર્દોષ સૌંદર્ય પ્રસાધનો અમુક કંપની બનાવે પણ છે.

**બિસ્કિટ બેકરી આઈટમો** : હવે તો નામી બિસ્કિટ કું. ઓ એવી કૅઈક પણ બનાવી બજારમાં મૂકી છે. જેમાં ઈંડાં ૧૦૦% છે એ ન ભૂલશો.

**સુપ પાઉડર** : સુપર ક્યુબ્ઝ : સુપ બનાવવા જેમાં ચીકન ફ્લેવરનું મિશ્રણ થાય છે. માંસાહાર જ છે. ચીકનફ્લેવર એટલે કૂકડીનું લોહી.

# ખાદ્ય પદાર્થો

| વસ્તુનું નામ | વપરાતા પદાર્થો | પ્રાપ્તિસ્થાન |
|---|---|---|
| ૧. આઈસક્રીમ | ઈંડા, જિલેટીન, કસ્ટર્ડ પાઉડર વગેરે. | પક્ષી અને પ્રાણી |
| ૨. આઈસકૅન્ડી | જિલેટીન હોઈ શકે. | પ્રાણી |
| ૩. એંકસ્ટ્રા સ્ટ્રોંગ (પિપરમીંટ) | જિલેટીન હોઈ શકે. | પ્રાણી |
| ૪. ઈંડાં | જિલેટીન હોઈ શકે | મરઘીને માછલાંનો ભૂકો વગેરે ખાવા આપવામાં આવે છે. |
| ૫. કસ્ટર્ડ પાઉડર | દૂધ અને ઈંડાંનું મિશ્રણ કરીને બનાવાય છે. | પક્ષી |
| ૬. તળેલા નાસ્તા | પ્રાણિજ ચરબીમાં તળલા હોઈ શકે. | પ્રાણી |
| ૭. કેક | ઈંડાં | પક્ષી |
| ૮. ખાદ્ય તેલો | વિટામિન 'એ' અને 'ડી' ભેળવેલાં હોય તો. | (વહેલ, કોડ જેવાં જળચરો) |
| ૯. ખારી બિસ્કિટ | પ્રાણિજ ચરબીનો ઉપયોગ હોઈ શકે. | પ્રાણી |
| ૧૦. ઘી (શુદ્ધ અથવા વનસ્પતિ) | ઍગમાર્ક કે ખાતરીનું ન હોય, તેમજ ખુલ્લું વેચાતું હોય તો ચરબીની ભેળસેળ હોઈ શકે. | પ્રાણી |
| ૧૧. ચીઝ (તાજું પનીર નહિ) | રેનીન, રેનેટ | કતલ કરેલા ડુક્કરની હોજરીનો રસ |
| | પૅપ્સીન | તરતના જન્મેલા કતલ કરેલા વાછરડાની હોજરીનો રસ |
| ૧૨. ચૉકલેટ અને ટૉફી (કેટલાક પ્રકારની) | જિલેટીન અને ઈંડાં | પક્ષી અને પ્રાણી |

| | | |
|---|---|---|
| ૧૩. ચ્યુંઈંગ ગમ (પિપરમીંટ) | જિલેટીન | કતલ કરેલાં જનાવરોનાં હાડકાં, ચામડી વગેરેમાંથી નીકળતો રસ. |
| ૧૪. કેન્ડી નટ્સ (પિપરમીંટ) | જિલેટીન | કતલ કરેલાં જનાવરોનાં હાડકાં, ચામડી વગેરેમાંથી નીકળતો રસ. |
| ૧૫. જેલી | જિલેટીન | પ્રાણી |
| ૧૬. તમાકુ (સુગંધિત) | અંબર, કસ્તૂરી અર્ક વગેરે હોઈ શકે. | પ્રાણી, માછલી |
| ૧૭. પુડિંગ | જિલેટીન અગર ઈંડાં હોઈ શકે. | પ્રાણી, પક્ષી |
| ૧૮. બિસ્કિટ (કેટલીક જાતો) | ઈંડાં અગર વિટામિન ‘એ’ અને ‘ડી’ ભેળવેલાં હોઈ શકે. | પક્ષી અગર પ્રાણી |
| ૧૯. બેબી ફૂડ | પ્રોટીન, કૅલ્શિયમ | પ્રાણિજ હોઈ શકે. |
| ૨૦. બ્રેડ (ભારે જાતની) | ઈંડાં હોઈ શકે. | પક્ષી |
| ૨૧. મધ (જંગલી) | | મધમાખીઓ |
| ૨૨. મીઠાઈ | ક્યારેક ઘીને બદલે ચરબી વાપરેલી હોઈ શકે. | પ્રાણી |
| ૨૪. વૅજિટેબલ ઘી | વિટામિન ‘એ’ અને ‘ડી’ ભેળવેલાં હોય તો. | માછલી |
| ૨૫. વૅફર (તળેલી) | પ્રાણિજ ચરબીમાં તળેલી હોઈ શકે. | પ્રાણી |
| ૨૬. સિગારેટ (સુગંધિત) | પ્રાણિજ સુગંધ હોઈ શકે. | પ્રાણી |
| ૨૭. સોપારી (સુગંધત) | પ્રાણિજ સુગંધ હોઈ શકે. | પ્રાણી |
| ૨૮. સૉસ-જેલી | જિલેટીન | પ્રાણી |

## ★ શાકાહારી કે માંસાહારી : તફાવત જાણવાની રીત

'બ્યુટી વિધાઉટ ક્રુઅલ્ટી' સંસ્થાએ 'વેજીટેરિયન લાઈફ સ્ટાઈલ' નામની બે પુસ્તિકાઓ અંગ્રેજીમાં પ્રકાશિત કરી છે, જેમાં બજારમાં મળતી અન્નાહારી ચીજવસ્તુઓની વિગતો આપવામાં આવી છે. જે વસ્તુઓ બનાવવામાં કોઈ પણ પ્રકારની પ્રાણીજ વસ્તુનો ઉપયોગ ન થયો હોય અને તે વસ્તુ કે તેમાં વપરાયેલ ચીજવસ્તુ (રો-મટીરિયલ)ના પ્રયોગો પ્રાણીઓ ઉપર ન થયા હોય તે ચીજ 'અન્નાહારી' આવું લીસ્ટ (યાદી) બનાવવાનો હેતુ એક એવોય ખરો કે જે ઉત્પાદકો અન્નાહારી વસ્તુઓ વેચે છે તેની જાણ ગ્રાહકને કરી ઉત્પાદકોને ઉત્તેજન આપવું અને બિનશાકાહારી વસ્તુનો ઉપયોગ ઘટાડી કતલખાનાના ધંધાને ઘટાડવો. કોઈ એક જ ઉત્પાદક અન્નાહારી અને માંસાહારી ચીજો ઉત્પન્ન કરી વેચાણ કરતો હોય તો તેની અન્નાહારી વસ્તુનોય બહિષ્કાર કરી તેને માંસાહારી ચીજવસ્તુ ઉત્પન્ન/વિતરણ કરતો અટકાવી શકાય. અમુક ખેડૂતો ખેતીમાં હાડકાંનો ભૂકો (ફોસ્ફરસ) નાખે છે તો તેવી ખેતપેદાશો જેવી કે કેલ્શીયમ ફોસ્ફેટ, પ્રાણીજ ચરબી, આજીનો મોટો, ક્રીયેટીન, ફેટી એસીડ, જીલેટીન, ગ્લીસરીન, રેનેટ, લાખ, સ્ટીરોઈડ ટેસ્ટોસ્ટેરોન, વીટામીન એ-ડી વગેરે. કેવી રીતે મળે -બને તેની વિગતો આપે છે. ભારતના ખાદ્ય પદાર્થ ભેળસેળ ધારા હેઠળ ખાદ્યપદાર્થોમાં જે પ્રીઝરવેટીવ, ઈમ્યુલ્સીફાઈંગ એજન્ટ, સ્ટેબીલાઈઝીંગ એજન્ટ, ફલેવરીંગ એજન્ટ, કલરીંગ એજન્ટ, સુગંધી તત્ત્વ, થીકનીંગ એજન્ટ (જાડા બનાવતું તત્ત્વ) જે મોટા ભાગના પ્રાણીજ તત્ત્વોમાંથી બને છે તેની વિગતો આપી છે. પ્રાણીઓ-પક્ષીઓ ઉપર પ્રયોગશાળાઓમાં જુદા જુદા પ્રકારના જે પરીક્ષણ કરવામાં આવે છે તેનીય વિગતો આપેલ છે.

જોકે, અમુક કંપનીઓ માહિતી આપવામાં લુચ્ચાઈ કરે છે. કિંમતના લેબલો એવી રીતે લગાવે છે કે જેથી પ્રાણીજ વસ્તુઓની વિગતો ઢંકાઈ જાય. ખરેખર સરકારી કે બિનસરકારી ખાદ્યપદાર્થ પરીક્ષણ માટે એવી પ્રયોગશાળા હોવી જોઈએ કે જ્યાં કોઈ પણ ખાદ્યપદાર્થમાં પ્રાણીજ વસ્તુ હોય તો તેની તરત ખબર પડે.

સામાન્યત રીતે ચાઈનીઝ, થાઈ, જાપાનીસ, દક્ષિણપૂર્વ એશિયાઈ ખોરાક પીરસતી હોટલોમાં સીધી કે આડકતરી રીતે પ્રાણીજ તત્ત્વો ખોરાકમાં આવી જાય છે. ફ્રેન્ચ ઓનીયન સૂપમાં કોન્સોમ્મ (જે માંસમાંથી મળે છે.) મીનેરસ્ટ્રોન સુપમાં બીફ સ્ટોક મોટે ભાગે વપરાય છે. માછલીનો સોસ પણ વાપરવામાં આવે છે. પપૈયા પર દરિયાઈ માછલીનાં તત્ત્વો છાંટવામાં આવે છે. નાન કે કુલ્ચા ભાગ્યે જ ઇંડાં વિના બને છે. તેજ રીતે અમુક હોટલોમાં નવા નવા નામે મળતા જ્યુસમાં વપરાતાં તત્ત્વો કે રંગ પ્રાણીજ તત્ત્વોમાંથી બનાવેલ હોય છે. અમુક જગ્યાએ જીલેટીનના તત્ત્વોમાંથી શુદ્ધ (ફીલ્ટર) કરેલો સફરજનો રસ (જ્યૂસ) ડબ્બામાં મળે છે.

**★ તંદુર સેકશન :**

જ્યાં શાકાહારી અને માંસાહારી એટલે કે વેજીટેરીયન અને નોન વેજીટેરીયન તંદુર ભોજન સામગ્રી તૈયાર થાય છે.

તંદુરી રોટીની સાથે નાનનો આટો પણ તૈયાર કરવામાં આવે છે. જેમાં આથો કરવા માટે, નરમ તથા સ્વાદિષ્ટ બનાવવા માટે ઈંડા વાપરવામાં આવે છે. જે ટેબલ તંદુરના કારીગર પાસે હોય છે, એક જ હોય છે જેના પર રોટીનો આટો (લોટ) અને નોનવેજની બધી આઈટમો પૈકી સાથે રાખવામાં આવે છે. જ્યારે તંદુરી મરઘી કે અન્ય માંસાહારી તંદુરી આઈટમ બનાવવાના હોય છે ત્યારે પહેલા તેના ઉપર માખણ/તેલનું મિશ્રણ લગાવવામાં આવે છે. તે માટે ડબ્બામાં તેલ અને માખણનું મિશ્રણ ભરી રાખવામાં આવે છે. અને એક લાકડીમાં કપડું ભરાવી મિશ્રણમાં ડુબાડી તે મિશ્રણ તંદુરી મરઘી પર લગાડી દેવાય છે. તેજ લાકડીના કપડા વડે શાકાહારી લોકોની રોટી/નાન માટે ઉપયોગમાં લેવાય છે. કોઈપણ તંદુરી ડીશ જેવી કે પનીર ટીક્કા, પનીર પુદીના ટીક્કા, વેજ કબાબ બનાવાય છે, જેને લોઢના સળીયામાં ગોઠવી તંદુરમાં નાખવામાં આવે છે.

અહીં ધ્યાન રાખવા લાયક બાબત એ છે કે લોખંડના સળીયાનો ઉપયોગ માંસાહારી વાનગી જેવી કે તંદુરી મરઘી, ચિકન ટિક્કા, તંદુરી ફીશ વગેરેમાં ઉપયોગમાં લેવાય છે. પછી ઓર્ડર ભલે વેજનો હોય કે નોનવેજનો, તેજ સળીયાનો ઉપયોગ થાય છે. આ રીતે શેકાયેલા માખણ લગાવાયેલ તંદુરી વાનગી પર મસાલા લગાવાય છે જે એક મોટા વાસણમાં રાખવામાં આવે છે. શાકાહારી કે માંસાહારી કોઈપણ વાનગીને આજ વાસણમાં લપેટી લપેટીને મસાલા લગાવાય છે.

**ચાઈનીઝ સેકશન :**

ચાઈનીઝ બનાવવા માટે મુખ્યત્વે બે ભઠ્ઠી રાખવામાં આવે છે. અને સાઈડ ટેબલ કાચી સામગ્રી માટે રાખવામાં આવે છે. જો તમે સ્પ્રીંગ રોલ ખાતા હો તો તેને ચીપકાવવા ઈંડાની જરદીનો ઉપયોગા થાય છે. ચીલી પનીરમાં ખીરામાં કે મંચુરીયન પકોડામાં પણ ઇંડાનો ઉપયોગ થાય છે. સુપમાં કે કોઈપણ ગ્રેવીની ચીજ બનાવવામાં જે પાણી વપરાય છે તે ચિકન સ્ટોક હોય છે. (ચિકનને ઉકાળીને તેનું જે પાણી વધે છે તે ચિકન સ્ટોક કહેવાય છે) તળવા માટે એક જ કઢાઈ હોય છે. જેમાં શાકાહારી વસ્તુ, પાપડ-ચીપ્સ અને માંસાહાર જેવા કે માછલી ચિકન બધું જ તળવામાં આવ છે.

શાકભાજી કાપવા માટે લાકડાનું પાટીયું વાપરવામાં આવે છે. તેજ લાકડાનાં પાટીયા પર રાખીને જે છરી શાકભાજી કાપવાના ઉપયોગમાં આવે છે તેનાથી જ મટન, ચિકન કાપવામાં આવે છે અને આ પાટીયા કે છરીને ક્યારેય ધોવામાં કે સાફ કરવામાં નથી આવતાં. ડીપ-ફ્રીજ જે પ્રિઝર્વેશન (સાચવવા) માટે કામ આવે છે તેમાંય વેજ-નોનવેજ બન્ને સાથે

રાખવામાં આવે છે. તંદુર પર ઉસ્તાદ જે હાથ વડે ચિકન કાપે છે, રોટીનો ઓર્ડર આવતાં હાથ ધોયા વિના રોટી પણ, બનાવવા મંડે છે. સ્ટીલના એક મોટા ટેબલ પર કાપેલ ચિકન, મટન રાખવામાં આવે છે તેના પર જ સમય આવે ભાત બનાવી ઠંડા કરવા માટે ફેલાવી દેવાય છે, જેમાં ઘણી વાર લોહી અને માંસ પણ ભળી જાય છે. ફ્રુટ સલાડ જેને નોનવેજ સાથે કોઈપણ સંબંધ ન હોઈ શકે તેને પણ ટેસ્ટી બનાવવા માટે ઈંડાની ફેટ ભેળવાય છે.

રવિવાર અને રજાના દિવસોમાં કે પાર્ટી હોય ત્યારે ભીડ વધી જાય છે ત્યારે કિચનની સફાઈ ઉપર ધ્યાન દેવાને બદલે ગ્રાહકોના ઓર્ડર પર વધુ ધ્યાન અપાય છે. ત્યારે કિચનમાં જઈને જોવામાં આવે તો નર્કના દર્શન થાય છે કારણ કે દરેક જગ્યાએ નોનવેજના અવશેષો દેખાય છે.

આવા સમયે ઘણીવાર ગેર-સમજથી વેજની જગ્યાએ નોનવેજ ડીશ પણ અપાઈ જાય છે.

❉

## જૈન શબ્દનો દુરુપયોગ

વિવિધ વાનગી સાથે જૈન શબ્દનો ધંધાકીય ઉપયોગ અહિતકર છે. જેમકે જૈન પાંઉંભાજી, જૈન આઈસક્રીમ; જૈન સમોસા, જૈન ઊંધિયું, જૈન સેન્ડવીચ, જૈન ભેળ-પુરી વિગેરેની બનાવટ જણયાપૂર્વક શુદ્ધ દ્રવ્યોથી થતી નથી. બજારું લોટ-મેંદાથી બને છે. બનાવનારને લોટના કાળની ખબર હોતી નથી. આવી વસ્તુ જૈનોને બિલકુલ ચાલે નહીં. માટે જૈન શબ્દ વાંચીને લેબલથી કોઈ છેતરાશો નહિ. માત્ર ધાર્મિક માણસોને ભોળવીને પૈસા કમાવા સિવાય ધંધાદારીઓનો બીજા કોઈ ઉદ્દેશ હોતો નથી.

વાનગી વેચનાર જૈન શબ્દનો ઉપયોગ ન કરે તે માટે કાયદાકીય રીતે યોગ્ય કરવું જોઈએ.

★ **ઘોડાની નાળ :** વિશ્વના ઘણા લોકો અંધ શ્રધ્ધાનાં ઘોડાપૂરમાંથી બચી શકતા નથી. કેટલાકને એવી અંધ શ્રધ્ધા હોય છે કે ઘોડાની નાળ જો ઘરના દરવાજા ઉપર લટકાવવામાં આવે કે હાથના કડા તરીકે પહેરવામાં આવે તો શનિની પનોતીમાં રાહત થાય છે અને શુકનીયાળ સાબિત થાય છે. પરંતુ, તેમને એ ખબર નથી કે આ કારણસર ઘોડાના માલિક ધ્વારા ઘોડાના પગના તળીયે વારંવાર નાળ બેસાડવા અને કાઢવાથી ઘોડાને ખૂબ જ તકલીફ થાય છે. તાજેતરમાં બોમ્બે સોસાયટી ઓફ પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનીમલ્સ ધ્વારા આ અંગે પોલીસ ફરિયાદ કરતાં ઘોડાના માલિકોની પશુ ક્રૂરતા નિવારણ ધારા હેઠળ ધરપકડ કરાઈ હતી.

★ તાજેતરમાં ચીન દેશ એ પોતાની વાઘ જેવી પ્રોટેકટેડ પ્રાણીનું માંસ નિયમીત રીતે મળી રહે તે માટે ભારતમાં આવા વાઘને કેપ્ટીવ "સંવર્ધન" માટે દરખાસ્ત કરી છે.

| ન ખાવા લાયક વાનગી | તેમાં અભક્ષ્ય શું ? | ન ખાવા લાયક વાનગી | તેમાં અભક્ષ્ય શું ? |
|---|---|---|---|
| ટામેટાનો સૂપ | : માખણ....વાસી. | મકાઈનો સૂપ | : આજીનો મોટો |
| વ્હાઈટ વેજીટેબલ સૂપ | : ગાજર, પાઉં | વેજીટેબલ સૂપ | : ફ્લાવર, માખણ |
| રશિયન સૂપ | : ફ્લાવર, માખણ | કાકડીનો સૂપ | : કાંદા, પાઉં, બટર |
| ગાજરનો સૂપ | : ગાજર, કાંદા | નાન | : મેંદો, માખણ |
| ગ્રીન ગ્રીનોરી કોફતા | : પાલક, કાંદા | ચાઈનીઝ ફ્રાઈડ રાઈસ | : આંજીનો ગાજર |
| પાલક મટર પનીર | : પનીર, પાલક | નરગીસ કોફ્તા | : ગાજર, કાંદા ન ર ગી સ |
| કોફ્તા | : માખણ, કાંદા | | |
| પનીરસ્પીનેચકોફ્તા | : પાલક, કાંદા | ચાઈનીજબોક્સ | : ગાજર, કાંદા, લસણ |
| રીંગણાનીઆમટી | : રીંગણાં, કાંદા | સ્વાદિષ્ઠફ્રુટચાટ | : બ્રેડ |
| આલુમટરપનીરકરી | : બટેટા, લસણ | બટાટાનીભાખરવડી | : બટાટા, આદુ |
| ફાલુદા | : કન્ડેશનમિલ્ક, મેંદો | કેરીનીત્રણરંગીકટલેસ | : બટાટા, પાલક, બ્રેડ |
| અમેરિકનચોપસી | : નુડલ્સ, આજીનો | વેજીટેબલદીવડા | : ગાજર, લસણ |
| વેજીટેબલકબાબગ્રેબી | : આદુ, બ્રેડ | કેળાનુંપુડીંગ | : ચોકલેટ, વેનીલા, એસેન્સ |
| ગ્રીનપુલાવ | : ફ્લાવર | દહીંજાયફળપુલાવ | : કાંદા, ચીઝ, ગાજર |
| બ્રેડપુલાવ | : સ્લાઈડબ્રેડ | ચમચમ | : પનીર |
| સ્પેનીશરાઈસ | : ચીઝ | મેંગોરોલ | : પનીર |
| પંજાબીસમોસા | : મેંદો, કંદમૂળ | કોકોનેટયેલોરાઈસ | : કાંદા |
| વેજી. કટલેસ | : મેંદાનીપટ્ટી | સ્પેનીસપુલાવ | : કાંદા, બટાટા |
| દહીંકચોરી/પેટીસ | : વિદળ, બ્રેડ | ફરાળીસ્વીટકેક | : બટાટા |
| મારવાડીકચોરી | : બહારનીમેંદોપટ્ટી | ગોલ્ડનટોસ્ટ | : બટાટા |
| મારવાડીકચોરી | : બહારનીમેંદોપટ્ટી | ગોલ્ડનટોસ્ટ | : બટાટા, બટર, બ્રેડ |
| બ્રેડનાભજિયાં | : બ્રેડ | સાબુદાણાનોચેવડો | : સાબુદાણા |
| સેન્ડવીચભજિયાં | : બ્રેડસ્લાઈડ | ફ્લાવરસ્ટું | : ફ્લાવર, કાંદા |
| મોતીવડાં | : સાબુદાણા | ત્રિરંગીજેલી | : જિલેટીન |
| પાઉંનીપેટીસ | : પાઉં | લીલાચણાનીકટલેસ | : બટાટા |
| આલુબ્રેડરોલ્સ | : બ્રેડસ્લાઈસ, બટાટા | નવરતનકુરમા | : પનીર, ગાજર, બટાટા |
| બ્રેડનોઉપમા | : પાઉં | આલુપાલક | : બટાટા, પાલક |
| પૌઔબોલ | : સ્લાઈસબ્રેડ | ચીઝપીઝા | : ચીઝપીઝા |

| | | | |
|---|---|---|---|
| ફ્રેન્કી | : ચીઝ, બ્રેડ | વટાણાનાકોફ્તા | : કાંદા, આદુ |
| મેક્સીકનટાકોસ | : બેકડબીન્સ-ટામેટાસોસ | મેક્સીકનબેકવેજીટેબલ | : ગાજર, બટાટા |
| સ્પેગેટીઈટાલીયન | : ટામેટાસોસ (વાસી) | કોબીનાસમોસા | : આદુ |
| પીઝા | : મેંદાનીવાસીરોટી | માવાબટેટા | : બટેટા |
| ગાજરનુંપુડીંગ | : ગાજર, બિસ્કીટ | પિઝાબેસ | : પીઝા |
| ટોસ્ટપેટીસ | : બ્રેડ, પનીર | ગાજરનીરબડી | : ગાજર |
| ફણગાવેલાકઠોળ | : અનંતકાય, ફણગા | ફરાળીપૂરણપોળી | : બટેટા, સાબુદાણા |
| દહીંપેટીસ | : દ્વિદળ | દાળ-રાજમામખ્ખનીકેક | : લસણ, કાંદા |
| કસાટાઆઈસક્રીમ | : બ્રાન્ડી, કસ્ટર્ડપાવડર | | ઈંડાનોરસ |
| પનીરકોફ્તાકરી | : પનીર, કાંદા, લસણ | શાહજહાંનીકબાબ | : સાબુદાણા, બટાટા |
| મોરીયાનોઉપમા | : બટાટા | સનરાઈનકૈબેઝ | : બટાટા, કાંદા |
| પંચરંગીકચૂંબર | : મૂળા, ગાજર | મગનીદાળનાચટપટ | : પાલખ, આદું |
| વેજીટેબલફ્રેન્કી | : બટાટા, ગાજર, ડુંગળી | શાકનુંભડથું | : કાંદા, લસણ |
| આદુનોમુરબ્બો | : આદુ | સેવડબલરોટી | : પાઉ, લસણ, કાંદા |
| લવલીબ્રેડઆઈસક્રીમ | : વેનીલા, એસેંસ, બ્રેડ | લીલાશીંગોડાનીખરી | : લીલાશીંગોડા |
| વેજીટેબલઢોકળાં | : ફ્લાવર, બટાટા | સુરણનાવડા | : સુરણ |
| નારંગીકોફ્તા | : બ્રેડ | વેજીટેબલકટલેસ | : બટાટા, ટોસ |
| ટીકીસોસમસાલા | : રતાળુ, કાંદા, પાંઉ | બ્રેડસ્ટીક્સ | : બટાટા, બ્રેડ, ડુંગળી |
| વેજીટેબલપેનકેક | : કાંદા, આદુ, બટાટા | શાહીકેસરપનીરપુડીંગ | :પનીર |
| ઠંડાઈ | : ખસખસ | ગાજરપરોઠા | : ગાજર, બટાટા |
| બટાટાનીચકલી | : બટાટા, સાબુદાણા | પૌંઆનીકચોરી | : બટાટા |
| બટાટાપૌંઆ | : બટાટા | પનીરરોલ | : પનીર |
| કેરીનાકોફ્તા | : પનીર | ચીઝકટલેસ | : ચીઝ, બટાટા |
| બટરપીઝા | : બટર, પીઝા | દિલબહારકોફ્તા | : બટાટા, ગાજર, બ્રેડ |
| પૌંઆનીભેળ | : બટાટ | બટાટાનાગુલાબજાંબુ | : બટાટા |
| ગાજરનીખીર | : ગાજર | શક્કરિયાંનોહલવો | : શક્કરિયાં |
| છોલેભટુરે | : કાંદા, બટાટા | મટરપનીર | : પનીર, કાંદા |
| વેજીટેબલપીઝા | ચીઝ, કાંદા, પીઝા | ઈટાલિયનપીઝા | : પીઝા, કાંદા |
| ફરાળીકટલેટ | : રતાળુ, ગાજર, રીંગણાં | રીંગણભાત | : રીંગણાં |

| | | | |
|---|---|---|---|
| કરી | : પનીર, ગાજર, રીંગણાં | રીંગણભાત | : રીંગણાં |
| અમૃતી | : બટાટા, આરાલોટ | ગાજરનોસંદેશ | : ગાજર |
| ચોકોનેટબોલ્સ | : વેનીલા, ચોકલેટબાર | આદુવડાં | : આદુ |
| કોફતાકરી | : બટાટા, કાંદા, લસણ | મસાલાકરી | : બટાટા, કાંદા |
| શક્કરિયાંનીખીચડી | : શક્કરિયાં | સુરણનાંવડાં | : સુરણ |
| ગ્રીનપનીર | : પનીર, આદુ | વેજીટેબલકરીપફ | : ફ્લાવરકાંદા, લસણ |
| શીંગોડાંનાંદહીંવડા | : શીંગોડાં | હરાભરાકોફ્તા | : પાલક, પનીર, બટાટા |
| બ્રેડનાકોફતા | : બ્રેડ, પનીર | વેજીટેબલપીઝા | : ચીઝ, કાંજા, પીઝા |
| ચણાદાળકોફતા | : આદુ, કાંદા, લસણ | ટમટમ | : બટાટા |
| બર્ડનેસ્ટર | : બટાટા, કાંદા | | |

આવી અનેક વાનગી હોટેલમાં, લગ્ન પ્રસંગોમાં કે ઘરમાં બનાવેલી હોય તો ખાતાં પહેલાં તેમાંની અભક્ષ્ય વાનગીઓનો ત્યાગ કરવો એ આત્માને અને શરીરને હિતકારી છે.

## ઇતર

| વસ્તુનું નામ | વપરાતા પદાર્થો | પ્રાપ્તિસ્થાન |
|---|---|---|
| ૧. ગુંદર, બુક બાઇન્ડિંગ માટે વપરાતો સરેસ, પોસ્ટલ સ્ટૅમ્પની પછવાડેનું ગુંદર, રેકઝીન, લાકડાં વગેરેમાં વપરાતો ગ્લુ | પ્રાણિજ હોઈ શકે. | કતલ કરેલાં જનાવરોનાં હાડકાં. |
| ૨. ઢોરોને અપાતા ખાણમાં | હાડકાંનો ભૂકો | પ્રાણીઓ |
| ૩. મરઘાં-ઉછેર- કેન્દ્રોમાં, મરઘાંઓના ખાણમાં | માછલીનો ભૂકો | માછલીઓ |
| ૪. રાસાયણિક ખાતર | પ્રાણીઓ | પ્રાણિજ હોઈ શકે. |

## જિનેટિકલી મોડિફાઈડ (જી.એમ.) ખોરાક (શાકાહારીને માંસ)

જિનેટિક એન્જિનિયરિંગની શોધોને કારણે હવે એક નવી જ મોકાણ ઊભી થઈ છે. જિનેટિક્લી મોડિફાઇડ બિયારણોનું ઉત્પાદન કરતી કંપનીઓને જો ભારતમાં મોકળું મેદાન આપવામાં આવશે તો ટૂંક સમયમાં એવી પરિસ્થિતિ સર્જાશે કે આપણે બજારમાંથી જે ટમેટાં ખરીદીશું, તેમાં મરઘાના જનીનની ભેળસેળ કરવામાં આવી હશે અને ઘણાં બકરાનાં જીન્સ ભેળવવામાં આવ્યા હશે. આવી કંપારી છૂટે તેવી સ્થિતિ ટૂંક સમયમાં વાસ્તવિક બની જાય તો નવાઈ નહીં.

સૃષ્ટિના કોઈ પણ જીવંત પ્રાણીના જનીનમાં ફેરફારો કરી એક જીવના કોષમાં બીજા જીવના જનીનો દાખલ કરવાની વિદ્યાને જિનેટિક એન્જિનિયરિંગ કહેવામાં આવે છે. આ વિદ્યાને કેટલાક લોકો માનવજાત માટે આશીર્વાદ માને છે, પણ તેને અભિશાપ માનનારા લોકોની સંખ્યા પણ નાનીસૂની નથી. જિનેટિક એન્જિનિયરિંગની વિદ્યા હવે પ્રયોગશાળાઓ અને વિજ્ઞાનીઓ પૂરતી મર્યાદિત નથી રહી, પણ અનેક મલ્ટિનેશનલ કંપનીઓ આ વિદ્યાનો ઉપયોગ કરી તગડો નફો રળવા મેદાને પડી છે. આ કંપનીઓનું ધ્યેય માનવજાતનું કલ્યાણ કરવાનું નથી, પણ માનવજાતના આરોગ્ય અને સુખાકારીના ભોગે પણ નફો રળવાનું છે. એટલે જિનેટિક એન્જિનિયરિંગની વિદ્યા ખતરનાક પુરવાર થઈ છે. આ વિદ્યાના ઉપયોગથી અમેરિકાના વિજ્ઞાનીઓએ સોયાબીનમાં માછલીના જનીનની ભેળસેળ કરી હતી. અમેરિકાની પ્રજાએ આ સોયાબીનનો વિરોધ કર્યો એટલે ત્યાંની સરકારે આવા દસ લાખ ટન સોયાબીનની ભારતમાં નિકાસ કરી દીધી. આ સોયાબીનમાં માછલીનાં જીન્સ ભેળવ્યાં હોવા ઉપરાંત તેમાં આરોગ્યને નુકસાન કરે તેવા ગુણધર્મો હોવાની સંભાવના હતી. જે અન્નાહારીઓએ આ સોયાબીન ખાધાં હશે તેમને તો સ્વપ્નેય કલ્પના નહીં હોય કે પોતે પોતાના પેટમાં માછલીનું માંસ પધરાવી દીધું છે.

બ્રિટનમાં પણ જીએમ ખાદ્ય પદાર્થો લોકોને વેચવા દેવા કે નહીં એ બાબતમાં મોટો વિવાદ ચાલી રહ્યો છે. બ્રિટનની સંસદમાં થોડા સમય અગાઉ મજૂર પક્ષના એક સંસદ સભ્યે એવો આક્ષેપ કર્યો હતો કે જીએમ ફૂડ ખાવાને કારણે કુલ ૫૦૦૦ લોકોને ઝેરી વિષાણુઓનો ચેપ લાગ્યો હતો, જેમાંથી ૩૭નાં મોત થયાં હતાં અને ૧૫૦૦ કાયમ માટે બીમાર પડી ગયા હતા.

જિનેટિકલ એન્જિનિયરીંગના પુરસ્કર્તાઓ કેવા અવનવા તુક્કાઓ લડાવે છે, એ જાણીને ઘણી વાર અચરજ થયા વિના રહેતું નથી. થોડા સમય અગાઉ બેબી ફૂડ બનાવતી એક મલ્ટિનેશનલ કંપનીએ માતાના દૂધના અમુક જીન્સ લઈ તેની ભેળસેળ ભેંસના દૂધ સાથે કરી હતી. તેમનો ઇરાદો ભેંસના આ જિનેટિકલી મોડિફાઇડ દૂધનો પ્રચાર માતાના

દૂધના વિકલ્પ તરીકે કરવાનો હોય, પણ નિસર્ગ-પ્રેમીઓના વિરોધને કારણે આ યોજના અભરાઈ પર ચડાવી દવી પડી હતી.

જિનેટિકલી મોડિપાઈડ ખાદ્ય પદાર્થોના વિરોધીઓ એવો આગ્રહ રાખી રહ્યા છે કે બજારમાં આવા પદાર્થ વેચવાની છૂટ આપવામાં આવે તો પણ તેની ઉપર તે મતલબનું સ્પષ્ટ લેબલ મારેલું હોવું જઈએ. જેથી ગ્રાહકોને પસંદગીનો અવકાશ મળે અને તેઓ અજાણતા જ આવા કોઈ પદાર્થો પોતાના પેટમાં ન પધરાવી દે. ઉત્પાદકો એવી દલીલો કરી રહ્યા છે કે ખેતરના સ્તરે જ આવા પદાર્થો સાથે સામાન્ય પદાર્થ ભળી જવાની સંભાવના છે, માટે લેબલિંગ શક્ય નથી. ઉત્પાદકોની આ દલીલ પોકળ છે. હકીકતમાં તેમને એવો ડર છે કે જો લેબલ મારવામાં આવશે તો લોકો આવા પદાર્થો ખરીદશે જ નહીં. ઓસ્ટ્રિયા અને લક્ઝમબર્ગ જેવા દેશોમાં તો જિનેટિકલી મોડિફાઈડ પદાર્થના ઉત્પાદન અને વેચાણ ઉપર સદંતર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. નોર્વેમાં આવા પદાર્થો યોગ્ય લેબલ સાથે જ વેચી શકાય છે. જોકે બ્રિટન અને અમેરિકા જેવા દેશોમાં પ્રજાના વિરોધ છતાં, લેબલ મારવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું નથી.

જીએમ પદાર્થોના વિરોધીઓની મુખ્ય દલીલ એવી છે કે કુદરતે જે દરેક સજીવની રચના કરી છે, તેની પાછળ ચોક્કસ ગણિત અને સિદ્ધાંતો કામ કરી રહ્યા છે. મનુષ્ય પોતાની ટૂંકી અને સ્વાર્થી બુદ્ધિથી આ રચનામાં મનઘડંત ફેરફારો કરશે તો સૃષ્ટિનું આખું તંત્ર જ ખોરવાઈ જશે. જિનેટિકલી એન્જિયરિંગને જો છૂટો દોર આપવામાં આવ્યો તો ટૂંક સમયમાં આપણી પૃથ્વી ઉપર એવા બેઘાઘંટુ સજીવો જોવા મળશે, જેની આપણે કલ્પના પણ કરી ન હોય. એક જ ઉદાહરણ જોઈએ તો અમેરિકામાં અત્યારે ડુક્કરના શરીરમાં માનવના જનીન ભેળવવાના પ્રયોગો ચાલી રહ્યા છે. જેને પરિણામે માનવોના અમુક ગુણધર્મો ધરાવતાં ડુક્કરો પેદા થશે. કોઈ ભેજાગેપ વિજ્ઞાની માણસના જનીનમાં ડુક્કરના જનીનની ભેળસેળ કરી ડુક્કરના લક્ષણો ધરાવતા માણસો પેદા કરશે તો સમાજની શી હાલત થશે ?

(સમસ્ત મહાજન ફીચર્સ)

**બ્રીટનમાં કોઈપણ કંપનીએ જી.એમ.ફુડ વેચવું હોય તો તે અલગ લેબલ હેઠળ જ વેચી શકાય છે. ભારતમાં આવો કોઈ કાયદો નથી.**

## એલોપેથિક દવા

આજે બજારમાં મળતી કોઈ પણ જીવનરક્ષક દવાઓ લઈને અમુક અંશે માણસ તો હેમખેમ બચી જાય છે, પરંતુ તેને આ દવા કેવી રીતે બચાવનારી બની અને તેની પાછળ કોનું બલિદાન છુપાયેલું છે તેનાથી તે તદ્દન અજાણ છે. કેટલીક યુવતીઓ કૉલેજથી લઈને મિસ વર્લ્ડ કે મિસ ઇન્ડિયા બનવા બદલ રૂપ નિખારતાં સૌંદર્ય પ્રસાધનોને સફળતાનું કારણ ગણાવે છે, પરંતુ ખરેખર આ બધી ચીજ પાછળ અસંખ્ય પ્રાણીઓની મરણચીસો ધરબાયેલી હોય છે. ગુજરાતમાં જીવનરક્ષક દવા બનાવતી આશરે ૩૦૦ કંપનીઓ આવેલી છે અને તેમાંથી મોટા ભાગની કંપનીઓ દ્વારા દર વર્ષે ૫૦ પ્રકારના એલડી ટેસ્ટ ૨૦૦થી વધુ પ્રાણીઓ પર ઘણા સમય સુધી કરાય છે. દવાઓના પરિક્ષણ માટે સફેદ સસલાં, ઉંદર અને ગિનીપીંગ માત્ર આ ત્રણ પ્રાણીઓ પર પરીક્ષણની છૂટ સરકાર દ્વારા અપાઈ છે. જેના પર ૬૦ હજારથી વધુ અખતરા કરાય છે. દવા કંપનીઓ પ્રાણીઓ પર ૨૦ થી ૩૦ ટકા પરિક્ષણ કરે છે.

સરકારી કાયદા મુજબ કોઈ પણ કંપનીએ દવા બનાવવા માટે સૌ પ્રથમ પ્રાણીઓ પર પરિક્ષણ કરવું પડે છે. ત્યાર પછી જ જે તે દવા બજારમાં મૂકી શકાય છે. જે માટે હૈદરાબાદ, ચેન્નાઈથી મોટી સંખ્યામાં સસલાં, ઉંદર મંગાવી જાતજાતનું પરિક્ષણ કરાય છે. આ પ્રાણીઓ એક દિવસથી લઈને સતત ત્રણ-ત્રણ મહિના સુધી ઝેરી દવાઓના ડોઝ સહન કરે છે. તેમાનાં ૫૦ ટકા પ્રાણીઓ પરિક્ષણ દરમિયાન જ મોતને ભેટે છે.

પ્રાણીઓ પર વિવિધ કંપનીઓ દવાનું પરિક્ષણ કઈ રીતે કરે છે ?

માનવજાતની માટેની કોઈ પણ દવા બજારમાં મૂકતાં પહેલાં તેની અસર અંગે પ્રાણી પર ફરજિયાત પરિક્ષણ કરવું પડે છે. તે માટે સરકારી કાયદા અનુસાર દવા ઉત્પાદકો અને સરકારી તથા ખાનગી સંસ્થાઓ, સંશોધનાત્મક કૉલેજો વગેરેએ દર ત્રણ મહિને મિટિંગ બોલાવવી પડે છે. તેમાં કેટલાં પ્રાણીઓની જરૂર છે, તે અંગેની ચર્ચા કર્યા બાદ કેન્દ્ર સરકારની કમિટી સીટીસીએસઇ (દિલ્હી)થી પરમિશન જે તે કંપનીઓમાં એરકન્ડિશન લેબોરેટરી હોવી જરૂરી છે. પ્રાણીઓને લેબોરેટરીમાં લવાય છે. પ્રાણીઓ પરના ટેસ્ટની મંજૂરી મળી ગયા બાદ ઉંદર, સસલાં અને ગિનીપીંગ જેવાં પ્રાણીઓ ખાસ કરીને હૈદરાબાદ, ચેન્નાઈ, આંધ્રપ્રદેશ વગેરેમાંથી હજારોની સંખ્યામાં મંગાવાય છે અને તેના પર પરિક્ષણની પ્રક્રિયા શરૂ કરવામાં આવે છે. લેબોરેટરીમાં પરિક્ષણ માટે લવાયેલા ઉંદર, સસલાં, ગિનીપીગનું વજન, રૂપ રંગ, તેના શરીરનાં લક્ષણો વગેરેની પહેલાં નોંધ લેવામાં આવે છે. ત્યાર બાદ જે દવા બનાવવાની છે તે માનવજાત પર કઈ રીતે અસર કરશે તે જોવા તે પ્રકારનો રોગ આ પ્રાણીઓના શરીરમાં દાખલ કરાય છે. દા.ત. કેન્સર વિરોધી

દવા, ડાયાબિટીસ, પેરાલિસિસ વગેરે રોગો નાનકડાં ઉંદર, સસલાંઓના ગળામાં જાડી કસનળી ભરાવવામાં આવે છે અને તેની વાટે દવા દાખલ કરતા રહે છે. સામાન્ય રીતે આ ટેસ્ટ ત્રણ મહિના સુધી ચાલતા હોય છે, જેમાં એક પ્રાણીદીઠ ૬૦ પદાર્થોનું પરિક્ષણ શરૂ કરાય છે. પરિક્ષણ કરાયેલાં પ્રાણીમાંથી અડધા, પરીક્ષણમાં મોતને ભેટે છે જ્યાં જે પ્રાણીઓ બચી જાય છે તેમના શરીર પરના વાળ ઊતરી જાય છે. દવાના અખતરા સહન કરી કરીને એમની આંખે અંધાપો આવીને પેરાલિસિસ થઈ જાય છે. અમુક પ્રાણીઓને મર્યા પછી પણ શાંતિ મળતી નથી. ક્યાં કારણોથી અને દવાના કેટલા ડોઝથી મરી ગયાં તે જાણવા તેમનું લોહી, વાળ, હાડકાં, વગેરે પર પ્રયોગ શરૂ કરાય છે. ચાર ગ્રામ ઉંદર અને ૧૦૦ ગ્રામ વજનનાં સસલાના શરીર ઈન્જેક્શનોનો માર ખમીને ચાળણી જેવાં બની જાય છે. જીવનરક્ષક દવાઓનો એક ટેસ્ટ કરવા આશરે બે હજાર પ્રાણીઓનો ઉપયોગ કરાય છે. દવાઓના પરીક્ષણ કરી લીધા બાદ સફળ પરિણામ આવતાં આ પરિક્ષણ કરેલાં પ્રાણીઓને ભઠ્ઠીમાં નાખી મારી નખાય છે.

લેબોરટરીમાં પ્રયોગ માટે જન્મેલા ઉંદરના અંગુઠા જેટલી સાઈઝના બચ્ચાને નંબર આપવામાં આવે છે.

ખબર છે કેવી રીતે ? એના કાનમાં બસ કંડકટર જે પંચથી ટિકીટમાં કાણું પાડે છે એ જ પંચથી કાણું પાડવામાં આવે છે. કાનમાં કાણું પૂરું થાય પછી ચારે પગના એક એક નખ કાતરથી કાપી નાખવામાં આવે છે. આ બધા જ એકમ-દશમ-સો-હજારને હિસાબે નંબરો છે. એ ઉંદરનું બચ્ચું ભૂલેચૂકે પણ પાંજરામાંથી બહાર આવી જાય તો એને એના નંબર પરથી એના જ પાંજરામાં મૂકી દેવાય છે. એ જન્મે છે પાંજરામાં અને મરે છે પાંજરામાં એના શરીર પર ''લગાવેલા'' નંબર સાથે.

## બળદના લોહીમાંથી બનતી આ દવાઓ

દેવનારમાં જે પશુઓની કતલ થાય છે તેના લોહીને મોટા એલ્યુમીનિયમના ટીનમાં ભરવામાં આવે છે. આ ટીનો ટેમ્પો અથવા ટેક્સીમાં ભરાઈને વરલીમાં લોટસ સિનેમા પાસે આવેલી ''ફ્રાન્કો'' નામની દવા બનાવતી કંપનીમાં સીધા ઠાલવવામાં આવે છે. ફ્રાન્સની આ કંપનીનું આખું નામ છે, ''ફ્રાન્કો ઈન્ડિયન ફાર્માસ્યુટીકલ્સ પ્રા.લી.'' તેના લાયસન્સ નીચે તેના સહયોગમાં એ લોહીમાંથી 'ડેક્સોરેન્ઝ' નામની દવાનું ઉત્પાદન ''ગ્રીફોન લેબોરેટરીઝ પ્રા.લી.'' નામની કંપની કરે છે. આ બન્ને કંપનીઓનું કામકાજ (વહીવટી તેમ જ ઉત્પાદનનું) વરલી પાસે આવેલા એક જ બિલ્ડીંગમાં થાય છે.

તેઓ જે ''ડેક્સોરેન્જ'' નામની શક્તિદાયક દવાનું ઉત્પાદન કરે છે તેમાં ''હેમોગ્લોબીન'' ના નામ નીચે દેવનારના કતલ થયેલા પશુઓનું લોહી રેડવામાં આવે

છે.

આલ્કોહોલમાં બનતી આ દવામાં વિટામીન બી ૧૨નું પ્રમાણ માત્ર ૧૫ માઈક્રો ગ્રામ જ છે એ જોતાં એમ કહી શકાય કે ૯૫ થી ૯૮% ઘન પદાર્થ તરીકે પ્રાણીઓનું લોહી જ આમાં વપરાય છે.

આ જ કંપની તરફથી બીજી પણ અનેક દવાઓ અલગ અલગ નામે બનાવવામાં આવે છે અને તેમાં પણ ઘેટાનું લોહી હોય એવી શક્યતા નકારી ન શકાય.

૩. અમુક એલોપેથિક દવાઓ પ્રાણીજ તત્વો ધરાવતી હોય છે. એજ રીતે મોટા ભાગની દવાઓ બજારમાં મૂકતાં પહેલાં પ્રાણીઓ કે પક્ષીઓ ઉપર પ્રયોગ કરેલ હોય છે. જો તમો આવી દવાથી દૂર રહેવા માંગતા હો તો તમારો એ મૂળભૂત અધિકાર છે. કોઈ પણ ડૉક્ટર કે સરકાર તમારી ઈચ્છા વિરુદ્ધ તમારી પર વાપરી શકે નહીં આમ આવી દવાઓને અન્ય દવાઓથી અલગ કરવા યોગ્ય લેબલીંગની આવશ્યકતા છે.

## દવાઓ

| વસ્તુનું નામ | વપરાતા પદાર્થો | પ્રાપ્તિસ્થાન |
|---|---|---|
| ૧. ઈસ્ટ્રોજન (હોર્મોન) | દવા અને સૌંદર્ય પ્રસાધનોમાં વપરાય છે. | ગર્ભિણી ઘોડીમાંથી |
| ૨. કૅસ્ટોરિયમ | દવા અને સૌંદર્ય પ્રસાધનોમાં વપરાય છે. | બીવરને મારીને |
| ૩. કસ્તૂરી | દવા, સુગંધીત દ્રવ્યો, સેન્ટ, પાઉડર, ક્રીમ, લોશન સુગંધી સોપારી, તમાકુ વગેરેમાં ઉપયોગ થઈ શકે. | એક કિલો મેળવવા માટે આશરે ૨૦૦ થી ૩૦૦ નરમૃગોને મારવા પડે. |
| ૪. અંબર | દવા, સુગંધીત દ્રવ્યો, પાઉડર, ક્રીમ, લોશન, સુગંધી સોપારી, તમાકુ વગેરેમાં ઉપયોગ હોઈ શકે. | વહેલ |
| ૫. કૅપ્સુલો (દવાઓ ભરવાની) | જિલેટીન | હાડકાં, ચામડાં વગેરેમાંથી. |
| ૬. કૅલ્શિયમવાળી દવાઓ | પ્રાણિજ હોઈ શકે. | હાડકાં, છીપ |
| ૭. ગ્લિસરીન | દવા, ટૂથ, પેસ્ટ, સૌંદર્ય પ્રસાધનો | (વનસ્પતિ ગ્લિસરીન પણ |

| | | |
|---|---|---|
| | સાબુ બનાવવા વપરતા મટન ટેલો અને પ્રાણિજ ચરબીમાંથી | હોઈ શકે.) |
| ૮. ડાયાબિટીસ-વાળાઓ માટે ઈન્સ્યુલિન | કતલ કરેલાં ઢોર, બકરાં વગેરેના પૅન્ક્રિયાસમાંથી | |
| ૯. થાઈરૉઈડ ગ્રંથિની બીમારીમાં | થાઈરૉઈડ | કતલ કરેલાં જનાવરોની થાઈરૉઈડ ગ્રંથિમાંથી. |
| ૧૦. દમની દવા | ઍડ્રેનેલિન | કતલ કરેલાં ઢોરોની ગ્રંથિઓમાંથી |
| ૧૧. પ્રોટીનવાળી દવાઓ અને ટૉનિક | પ્રાણિજ હોઈ શકે. | પ્રાણીઓ |
| ૧૨. લીવર | ઍક્ષ્ટેક્ટવાળી દવાઓ | પ્રાણિજ પ્રાણીઓના લીવરમાંથી |
| ૧૩. વિટામિન 'એ' અને 'ડી' વાળી બનાવટો | પ્રાણિજ | વહેલ, કૉડ, હૅલીબટ વગેરે જળચરોમાંથી. |

★ કેપ્સ્યુલ હાડકામાંથી મેળવેલ જિલેટીનમાંથી બનાવાય છે, જે વનસ્પતિમાંથી પણ બની શકે છે. લોહ ટોનિકોમાં પ્રાણીજ હિમોગ્લોબીન વપરાય છે. લોહીની ગાંઠ ઓગળતી 'હેમારીજ' દવા પ્રાણીના ફેફસાં અને આંતરડામાંથી બને છે. ઈન્જેકશનના પ્રત્યેક બેચની પ્રથમ ચકાસણી સસલાં પર થાય છે. પ્રાણીજ તત્ત્વો બંધ કરવાથી દવાના ભાવો વધી જશે તે વાત તદ્દન ખોટી છે. સરકારનાં વિદેશી કરારો તથા ટેક્ષને કારણેય ભાવો વધ્યા છે, તો શું સરકાર તે કરારો રદ કરવા અને ટેક્ષ પાછો ખેંચવા તૈયાર છે ?

★ દરિયામાંથી મળતાં ઔષધો (?) દરીયામાંથી મળતા ખાદ્ય પદાર્થો અને ઔષધી બાબતમાં ઔષધ ગુણ વિજ્ઞાનની દરિયાઈ શાખા વર્ષોથી પ્રાણઘાતક સજીવો પાસેથી ઝેર મેળવવાની કામગીરી કરતું હતું. દરીયાઈ સાપ, પફર માછલી અને લાલ લીલમાંથી આવુ ઝેર પ્રાપ્ત થતું હતું. તાજેતરમાં સી.એસ.આઈ.આર. ધ્વારા સંતાલિત પ્રયોગશાળામાં દરીયામાં થતા જુદા જુદા જીવો જેવા કે સ્પોન્જ, કોટલ, ટ્યુનીકેટ વગેરે ઉપર પ્રયોગો થયા છે. આ અને અન્ય જીવોની શરીરમાં જુદા જુદા પ્રકારનાં રસાયણો માટીની દાવાઓ, આર્થાઈટીસ માટેની દવાઓ, સર્બન ક્રીમ બનાવવામાં વપરાતું રસાયણ, કેલ્શીયમની અછત

પુરી પાડવા કેલ્સીટોનીન રસાયણ, ઓમેગા થ્રી અને ઓમેગા સીક્સ નામના ફેટી એસીડ વગેરે બનાવવાના પ્રયોગો થાય છે. કરચલાનું લોહીનો પણ ઉપયોગ થાય છે. લોહી ગંઠાવા માંડે તે હોર્સ શું ફેબનાં લોહીનો ઉપયોગ થાય છે. કરચલાના લોહીમાંથી જેલ જેવો પદાર્થ વીકસાવી વાઢકાપના સાધનો ઉપર લગાવી ઈકોલી જેવા બેકટેરીયાની હાજરી શોધી શકાશે. ભારત સરકારનાં ડીપાર્ટમેન્ટ ઓફ ઓસન ડેવલપમેન્ટ આમાં સક્રીય ભાગ ભજવે છે.

★ તાજેતરનાં 'પ્રેસ રિપોર્ટ' મુજબ હાર્ટ સ્પેશ્યાલીસ્ટ ડૉક્ટરો હૃદયના સ્નાયુ તથા વાલ્વ જે પહેલા પ્લાસ્ટીક કે અન્ય પદાર્થમાંથી મેળવી વાપરતા હતા. તે હવે પ્રાણીઓના સ્નાયુ તથા વાલ્વનો ઉપયોગ કરવા માંડ્યા છે. જે ખાસ કરીને ભેંસના શરીરમાંથી (તેને મારી નાંખીને) મેળવવામાં આવે છે. સામાન્યતઃ અમેરીકા અને સ્વીત્ઝલેન્ડથી આયાત થાય છે. ચેન્નાઈના એક ડૉક્ટર સ્વદેશી સ્નાયુ-વાલ્વ વાપરે છે જે તેઓ હૈદરાબાદના એક કતલખાનામાંથી મેળવે છે.

❉

★ તાજેતરમાં ગુજરાત સરકારે વર્ધમાન જીવદયા કેન્દ્ર (લુંણી-મુંબઈ) ને મહાવીર જીવદયા એવોર્ડ ૨૦૦૭ આપેલ છે અને સંસ્થાના ચેરમેન શ્રી વસનજી સોનીનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ છે.

★ પ્રાણીઓની પ્રાથમિક ચિકિત્સા જરૂરી છે. પ્રાણીઓની તંદુરસ્તી અને તેની સારવારના અનેક પ્રશ્નો આવે છે. તેમના નિયમિત ખોરાક, ઘરગથ્થુ દવાનો પ્રશ્ન હોય છે. તે અંગે સર્વ ધર્મ જીવદયા સંઘના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ડૉ. અરવિંદકુમાર શેઠનું પ્રાણીઓની પ્રાથમિક ચિકિત્સા અંગે ઘણું અગત્યનું પૂસ્તક લખેલ છે. તે જ રીતે સૃષ્ટી સંસ્થાનું સામયિક 'લોક સરવાણી' તે અંગે નિયમિત લેખ પ્રકાશિત કરે છે.

**ડૉ. અરવિંદકુમાર શેઠની પુસ્તીકા :**

**"પ્રાણીઓની પ્રાથમિક ચિકિત્સામાંથી સાભાર"**

**"પ્રાણીઓ વિનાનું જીવન કેવું હોય ?...."**

★ સમસ્ત મહાજન સંસ્થા ધ્વારા એક અનોખી યોજના બનાવવામાં આવી છે જે મુજબ જીવદયા પ્રેમી પોતાની ઓફીસ કે દુકાને એક દાન પેટી રાખી શકે અને મહિનામાં એક વાર તેમના કાર્યકર રૂબરૂ આવી સ્થળ ઉપર પેટી ખોલી રકમ લઈ જઈ પાકી રસીદ આપી જશે.

❉

## પ્રાણીબાગ અને માછલીઘર એટલે ક્રૂરતાના સંગ્રહ સ્થાન

મૂળ અમેરિકાની 'પેટા' સંસ્થાની મુંબઈ બ્રાન્ચે ભાયખાલાના પ્રાણીબાગમાં આચરવામાં આવતી ક્રૂરતા સામે હાઈ કોર્ટમાં રિટ અરજી કરી છે. આપણા દેશમાં ક્યારેક પ્રાણીબાગ કે માછલીઘરને જીવદયાના પ્રતીક માનવામાં આવ્યા નથી. કોઈ પણ પ્રાણીને આખી જિંદગી પિંજરામાં રાખવું એ એક ક્રૂરતાભરી સજા છે. પ્રાણીઓને અને ખાસ કરીને વન્ય પ્રાણીઓને આ રીતે સજા કરવાનો માનવજાતને કોઈ અધિકાર નથી. નવી પેઢીને પ્રાણીબાગની મુલાકાત લઈ જઈને પણ આપણે તેમને જીવહિંસાના જ પાઠો ભણાવીએ છીએ અને દુ:ખદ કર્મબંધ કરાવીએ છીએ.

આપણા દેશમાં પ્રાણીબાગની સ્થાપના કરવાનો વિચાર જ મૂળભૂત રીતે પશ્ચિમમાંથી આવ્યો છે. જૂના જમાનામાં જેમને જંગલી પ્રાણીઓ જોવા હોય તેઓ જંગલમાં જતા પણ જંગલી પ્રાણીઓને પિંજરામાં પૂરીને શહેરમાં લાવવા એવો વિચાર પશ્ચિમની સંસ્કૃતિની જ પેદાશ છે. પ્રાણીબાગની સ્થાપના કરનારાઓ તેને શિક્ષણ, સંરક્ષણ અને સંશોધનનું કેન્દ્ર માને છે. કોઈ પ્રાણીની રક્ષા કરવા માટે તેને પિંજરામાં કેદ કરી લેવું જોઈએ એવો વિચાર જ ખોટો છે. જે પ્રાણીઓ ખરેખર નામશેષ થવાની અણી પર છે તેઓ બંધનગ્રસ્ત અવસ્થામાં ભાગ્યે જ પ્રજોત્પત્તિ કરે છે. સિંહ જેવા કોઈ પ્રાણીઓ પિંજરામાં બચ્ચા પેદા કરે તો પણ પાંજરામાં જન્મેલાં બચ્ચાંઓને જંગલમાં છોડી શકાતાં નથી. આ બચ્ચાંને આખી જિંદગી પિંજરામાં જ રાખવા પડે છે, કારણ કે જંગલમાં કેવી રીતે જીવન ટકાવી રાખવું એ તેઓ શીખ્યા જ નથી હોતા. આ સંયોગોમાં સંરક્ષણનો હેતુ ન જ થાય.

મુંબઈમાં આવેલા વીરમાતા જિજાભાઈ ભોંસલે ઉદ્યાનની મુલાકાત લઈએ ત્યારે ખ્યાલ આવે છે કે અહીં પ્રાણીઓ પ્રત્યે કેટલી ક્રૂરતા આચરવામાં આવે છે. જે હાથી રોજના અનેક માઈલ જંગલમાં મુક્ત વિહાર કરવાને ટેવાયેલા હોય છે, તેમના પગ અહીં લોઢાની સાંકળ વડે બાંધી રાખવામાં આવે છે. હાથી આ સાંકળમાંથી પગને મુક્ત કરવા ખેંચાણ કરે ત્યારે પગમાં ચીરા પડી જાય છે અને લોહી નીકળે છે. આ પગ ઉપર માખીઓ બણબણે છે અને ક્યારેક પગ પાકી જતાં હાથીનું મોત પણ થાય છે. માત્ર માનવજાતના મનોરંજન માટે વનમાં મુક્ત રીતે વિહરતા ગજરાજને પિંજરામાં કેદ કરી જન્મટીપની સજા ફરમાવવી તેમાં ક્યા પ્રકારની માનવતા છે ? હાથી જેવી જ હાલત અહીં વનના રાજા સિંહની અને વાઘની છે. આ પ્રાણીઓને અહીં બિલાડી જેવા બનાવી દેવામાં આવ્યા છે. તેમને જોતાં જ દયા આવે છે.

કોઈ પણ શહેરની હદમાં આવેલા પ્રાણીબાગમાં મરણ પ્રમાણ ખૂબ જ ચોંકાવનારું હોય છે. આ પ્રાણીઓને જે ખોરાક આપવામાં આવે છે તે સડેલો અને વાસી હોય છે.

આ ખોરાક ખાઈને પ્રાણીઓ માંદા પડે છે અને ક્યારેક મરી પણ જાય છે. પ્રાણીઓ જંગલના જે કુદરતી વાતાવરણમાં રહેવાને ટેવાયેલા હોય છે, તેનો શહેરના પ્રાણીબાગમાં અભાવ જ હોય છે. આ પ્રાણીબાગનું સંચાલન મોટા ભાગે સરકારી કર્મચારીના હાથમાં હોય છે. તેઓ પ્રાણીઓ માટે ખોરાક ખરીદવાને બદલે તેના પૈસા બારોબાર હજમ કરી જાય તો પ્રાણીઓ કોને ફરિયાદ કરવા જવાના ? વળી એક જ પાંજરામાં અનેક પ્રાણીઓને ઠાંસી-ઠાંસીને ભરવાને કારણે તેમની અંદર ચેપી રોગો ઝડપથી પ્રસરે છે. આ કારણે જ પ્રાણીબાગમાં ઘણી વખત સામૂહિક મૃત્યુની ઘટનાઓ પણ બને છે.

મુંબઈના પ્રાણીબાગમાં એક સર્પોધ્યાન(સ્નેક પાર્ક) પણ છે, જેમાં જુદી જુદી જાતિના સર્પોને પ્રદર્શન માટે રાખવામાં આવ્યા છે. આ સર્પોદ્યાન તો પ્રાણીબાગ કરતાં પણ વધુ ક્રૂર હોય છે. વૈજ્ઞાનિક સંશોધન એમ કહે છે કે, સરિસૃપ વંશના પ્રાણીઓને ક્યારેય પિંજરામાં રાખવા જોઈએ નહીં.

છેલ્લાં થોડાં વર્ષોમાં પ્રાણીબાગને બદલે શહેરની નજીક એનિમલ સફારી પાર્ક શરૂ કરવાનો પવન ફૂંકાયો છે. આ સફારી પાર્કમાં પ્રાણીઓને પિંજરામાં રાખવાને બદલે જંગલમાં દીવાલ બાંધીને મુક્ત રીતે છોડી મૂકવામાં આવે છે. આ પ્રાણીઓ જોવા માટે માણસોને પિંજરા જેવી બસમાં લઈ જવામાં આવે છે. અહીં પ્રાણીઓ પ્રત્યે કોઈ ક્રૂરતા આચરવામાં નથી આવતી એવું માની લેવાની જરૂર નથી. જે સિંહ કે વાઘ જેવા પ્રાણીઓ જંગલના સેંકડો ચોરસ કિલોમિટર વિસ્તારમાં ફરવાને ટેવાયેલા હોય તેમને થોડાક હેક્ટર જમીનમાં ગોંધી રાખવા એ પણ એક પ્રકારની કેદ જ છે. અહીં પણ પ્રાણીબાગની જેમ જ તેમને સડેલો અને વાસી આહાર જ આપવામાં આવે છે. ઘણી વખત આ પ્રાણીઓ ભૂખે મરે છે કે રોગનો શિકાર બની જાય છે. આ સફારી પાર્ક પણ પિંજરાઓ જેવા જ હોય છે. માત્ર આ પિંજરાનું કદ થોડું મોટું હોય છે.

આજે અનેક હોટેલોમાં અને રિસોર્ટમાં બાળકોના મનોરંજન માટે કાચબા, સસલાં, હરણ, રીંછ, વાંદરા, શિયાળ, મગર, અજગર વગેરે જંગલી પ્રાણીઓ પિંજરામાં રાખવામાં આવે છે. બાળકો આ પ્રાણીઓ સાથે અટકચાળાં કરે છે. તેમને પથરા મારે છે અને તેમના પ્રાકૃતિક આહારથી વિરુદ્ધ અન્ય ખાદ્યપદાર્થો આપે છે. આ બધું જ ક્રૂરતામાં પરિણમે છે. જંગલમાં પ્રાણીઓને ક્યારેય મોતિયો કે રતાંધળાપણું આવે તેવું સાંભળ્યું નથી, પણ પ્રાણીબાગમાં રાખવામાં આવતા પ્રાણીઓ સતત ટ્યુબલાઇટના કે ફ્લડ લાઇટના પ્રકાશમાં રહેતા હોવાને કારણે તેઓ મોતિયો અને ઝામર જેવા આંખના રોગોના ભોગ બને છે. આ માટે કેટલાક પ્રાણીઓ ઉપર મોતિયાનું ઓપરેશન પણ કરવું પડે છે. પ્રાણીઓને તેમના અસલ પર્યાવરણથી અલગ કરવાનું આ પરિણામ છે. વન્ય કાયદાઓ મુજબ આ માટે માણસને સજા કરવી જોઈએ, પણ મોટા ભાગના કિસ્સાઓમાં

ગુનેગારો છટકી જતા હોય છે.

સૌરાષ્ટ્રમાં આવેલા ગીર જેવા અભયારણ્યમાં એક જમાનામાં વિદેશી ટુરિસ્ટો સિંહના દર્શન કરી શકે તે માટે મારણ તરીકે જીવતી ભેંસ બાંધવામાં આવતી હતી. ઘણી વખત જંગલમાંથી શહેરી હદમાં ઘૂસીને આતંક મચાવતા દીપડાને પકડવા માટે પ્રલોભન તરીકે કૂતરાનો ઉપયોગ કરવામાં આવે છે. સામાન્ય રીતે આ કૂતરાને પિંજરાના એક કમ્પાર્ટમેન્ટમાં રખાય છે અને દીપડા માટે બીજા કમ્પાર્ટમેન્ટનો દરવાજો ખુલ્લો રાખવામાં આવે છે, એટલે દીપડો કૂતરાને ઘાયલ કરી શકતો નથી. તો પણ આખી રાત, કલાકોના કલાકો સુધી કૂતરાને જે ભયની હાલતમાં પૂરી રાખવામાં આવે છે તે એક જાતની ક્રૂરતા જ છે. બ્યુટી વિધાઉટ ક્રુઅલ્ટી નામની સંસ્થાએ આ રીતે જીવતા પાણીનું મારણ કરવાની પ્રથા સામે સતત વિરોધ નોંધાવીને તેને બંધ કરાવી છે.

સમુદ્રના જીવોના સંગ્રહસ્થાન તરીકે બનાવવામાં આવતા માછલીઘરો પાણી હેઠળની જેલથી વિશેષ કંઈ જ નથી.

વિદેશોમાં આજે મનોરંજન માટે ડોલ્ફિન માછલીઓનો ઉપયોગ થાય છે. જેના માટે ડોલ્ફિન પાર્ક બનાવવામાં આવે છે. આ પાર્કમાં મનુષ્યોને મનોરંજન મળતું હશે, પણ ડોલ્ફિનની તો રેવડી દાણાદાણ થઈ જતી હોય છે. વિદેશનું આંધળું અનુકરણ કરતા હોય તેમ તમિળનાડુના મહાબલીપુરમમાં તાજેતરમાં એક ડોલ્ફિન પાર્ક બનાવવામાં આવ્યો છે. આ પાર્કમાં થોડા જ વખત પહેલાં ખોરાકમાં ઝેર આવવાને કારણે માછલીઓ મૃત્યુ પામી હતી. કોઈ માણસ ક્યારેક બહુ ક્રૂરતા દાખવે ત્યારે આપણે તેને ‘પાશવી’ કહીએ છીએ. હકીકતમાં તો પશુઓ કરતાં તો માણસ અનેકગણો વધુ ક્રૂર અને હિંસક છે. પશુઓ તો પોતાના પેટનો ખાડો પૂરવા માટે શિકાર કરતા હશે. મનુષ્યો તો પોતાના મનોરંજન અને શોખ ખાતર હજારો નિર્દોષ જીવોનો શિકાર કરે છે. જંગલમાં જઈ પ્રાણીઓનો શિકાર કરતા શિકારીઓમાં અને પ્રાણીબાગના સંચાલકો વચ્ચે તફાવત એ છે કે પેલા શિકારીઓ પ્રાણીઓને એક ધડાકે મારે છે, જ્યારે પ્રાણીબાગના સંચાલકો તેમને રિબાવી રિબાવીને મારે છે. આ દુનિયામાં હજુ એવો પ્રાણીબાગ શોધાયો નથી કે જ્યાં પ્રાણીઓ પ્રત્યે બિલકુલ ક્રૂરતા આચરવામાં આવે નહિ આમ છતાંય પ્રાણીઓ પ્રાણીબાગમાં રહેવાને તૈયાર હોય.

★ તાજેતરમાં માછલીઓના બાઉલ રોમ દેશમાં પ્રતિબંધીત કરેલ છે. સામાન્ય રીતે કાચના બાઉલમાં માછલીઓ મુકી તેને ભેટ તરીકે આપવાની એક પ્રથા છે તે કારણે માછલી અંધ થઈ જાય છે. માછલીને અપૂરતો ઓક્સિજન મળે છે તે કારણે રોમ દેશમાં આવો કાયદો ઘડેલો છે.

❀

# પ્રાણીઓનો બલિ (ભોગ) ચઢાવવાના કુરિવાજો

પ્રાણીઓના બલી ચઢાવવાનો કુરિવાજ દુનિયાના અનેક દેશોમાં વર્ષોથી ચાલ્યો આવે છે. જોકે શિક્ષણ તથા કાયદાઓને કારણે તેમાં અમુક વિસ્તારોમાં ઘટાડો થયો છે, પરંતુ નવા નવા વિસ્તારોમાં તેનો ફેલાવો થયો છે.

## નિરંકાર મહાપૂજનમાં ૫૫ હજાર બકરાંઓનો બલિ

ઉત્તરાંચલના પૌડી જિલ્લાનાં પલટંડા ગામમાં નિરંકાર મહાપૂજન માટે ૫-૧૨-૦૩ના રોજ પંચાવન હજાર જેટલાં બકરાંઓનો બલિ ચઢાવવામાં આવ્યો. આ આયોજનમાં રાજ્યના પ્રધાનો અને હજારો ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા વહીવટી તંત્રે પણ આ મેળા માટે પાણી, વીજળી તેમજ અન્ય વ્યવસ્થા કરી આપી હતી. કુકલિયાત રોવતોંના વંશજોની પરંપરા અનુસાર પુલટંડામાં આજુબાજુનાં ગામના લોકો સાથે આખી રાત નાચતા ગાતા રહ્યા. સવારે ભગવાન નિરંકાર સામે બકરાંઓનો બલિ ચઢાવવા સાથે જ મેળો પૂરો થયો.

(દિવ્ય ભાસ્કર તા. ૬-૧૨-૨૦૦૩)

## સચાણા ગામે મેલડી માતાના મંદિરે બકરાનો ભોગ ધરાવવા પર પ્રતિબંધ

અમદાવાદ જિલ્લાના વિરગામ તાલુકાના સચાણા ગામે, ઓડ તળાવ પાસે, મેલડી માતાના મંદિરે દર મંગળવારના રોજ કેટલાંક અંધશ્રદ્ધાળુ વ્યક્તિઓ દ્વારા બકરાં (બોકડા)ઓનો માતાના નામે અને માનવતાના નામે ભોગ ધરાવવામાં આવે છે. આ રીતે જાહેરમાં થતી તીવ્ર હિંસાથી લોકલાગણી અને ધાર્મિક લાગણી દુભાય છે. આ સમાજની તંદુરસ્તી કે શારીરિક સુખાકારી માટે ત્રાસદાયક બાબત છે. જાહેર હિતમાં આ કૃત્યને અટકાવવું.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અમદાવાદ શ્રી એમ. વાય. દક્ષિણી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪થી મળેલ અધિકારની રૂએ એક જાહેરનામા દ્વારા સચાણા ગામે મેલડી માતાના મંદિરે બકરાં (બોકડા)ઓની માતાજીના નામે અને માનવતાના નામે ભોગ ધરાવવા જાહેરમાં થતી હિંસા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**ગુજરાત સમાચાર, તા. ૪-૪-૯૯**

## ઓરિસ્સાના કાલિમાતાના મંદિરમાં ૧૭૫ બકરાંઓનો બલિ ચઢાવાયો

પ્રાણીજીવન અધિકાર પ્રેમી જૂથો અને સમાજ સેવકોના પ્રાણી-બલિદાન સામેના

બૂમબરાડા છતાં દેવી કાલિને રિઝવવા જાજપુર જિલ્લામાં આવેલા કટરાપુર ખાતેના પ્રાચીન કાલિ મંદિરમાં આશરે ૧૭૫ બકરાંનો બલિ ચઢાવવામાં આવ્યો હતો. (તા. ૫-૧૧-૨૦૦૨ના દિવસે)

એક સવારે યોજાયેલા આ બલિદાન વિધિ નિહાળવા આ જિલ્લાના કોરેઇ ખાતેના આ મંદિરમાં આશરે દસ હજાર જેટલા લોકો એકઠા થયા હતા. પ્રાણીઓની કતલ સમયના પ્રાણીઓના આક્રંદ માઇકમાંથી થતાં ઉદ્‌બોધનમાં દબાઈ જતા હતા.

મોટા ભગાના લોકો પોતે પીડા રહિત થતાં માંદગી વગેરેમાંથી સાજા થતાં પોતે દેવીને બકરાંનો ભોગ ધરાવશે એવી પ્રતિજ્ઞા પૂરી કરવા બકરાંનો બલિ ચઢાવવા મંદિરમાં બકરાં લાવ્યા હતા એવું મંદિરના પૂજારીએ જણાવ્યું હતું.

મંદિરના પૂજારીના જણાવ્યા મુજબ બકરાંના બલિ માટે પ્રત્યેક રૂપિયા ૨૦ ચૂકવવા પડે છે. જેમાંના દસ રૂપિયા મંદિર પાસે રહે છે અને બાકીની રકમ પૂજારીઓ અને અન્યો વચ્ચે વહેંચી આપવામાં આવે છે.

(ગુજરાત સમાચારમાંથી સાભાર)

સમગ્ર વિશ્વ ભલે એકવીસમી કે પછી પચાસમી સદીમાં પહોંચે પણ માનવજાત અંધશ્રદ્ધા અને વહેમમાંથી બહાર નહીં આવે. આજે પણ ભારતમાં માનવબલિ અને પશુબલિની વિકૃત અને અમાનવીય ઘટનાઓ બને છે. અનેક અભણ અને ભણેલા લોકો દોરા, ધાગા, માદળિયાં અને ભુવા-તાંત્રિકો પાસે જઈને તેમની જાતજાતની સમસ્યાઓનો ઉકેલ માગે છે. ઉત્તરાંચલ રાજ્યના પાઉરી જિલ્લાનું નાનકડું ભૂનખલ ગામ અંધશ્રદ્ધા અને વહેમની જડ પરંપરાને પોષતું આવું જ એક ગામ છે. દર વર્ષે ડિસેમ્બર મહિનામાં ભૂનખલ ગામ નજીક યોજાતા મેળામાં કાલીકા દેવીને રીઝવવા માટે લોકો બળદો અને બકરાંઓનો બલિ ચડાવે છે. લગભગ અઢારમી સદીથી એટલે કે ૨૫૦ કરતાં પણ વધારે વર્ષથી ચાલી આવતી પશુબલિની પરંપરાને શાસકો કે સમાજ સુધારકો અટકાવી શક્યા નથી. ગામના લોકો તો એમ પણ માને છે કે કાલીકા દેવીને ભોગ ધરાવીએ એટલે તે રાજી થાય અને આશીર્વાદ આપે. તેમનાં બાળબચ્ચાં અને પશુઓ હેમખેમ રહે.

અહીં યોજાતા વિશાળ મેળામાં લગભગ ૧૫૦ જેટલાં બકરાં અને ૭૦ થી ૮૦ જેટલા બળદોનો બલિ ચડાવાય છે. જો કે પ્રેમસિંહ નામના યુવાનના કહેવા પ્રમાણે મેળામાં દેવીને આશરે બેથી ચાર હજાર જેટલાં પશુઓનો ભોગ ધરાવાય છે. ખેડૂતોને કદાચ નબળું વર્ષ હોય તો માત્ર બે હજાર જેટલાં પશુઓનો બલિ ચડાવાય છે.

જોકે, પશુધનની સમગ્ર પ્રક્રિયા પણ અતિ ક્રૂર અને ઘાતકી હોય છે. દેવીને બલિ ચડાવ્યા પછી બકરી કે બળદનાં અંગોમાંથી લોહી જ્યાં ત્યાં વહેતું હોય અને તેમનાં કાપેલાં અંગો પણ અહીં તહીં પડેલાં જોવા મળે. પરિણામે સમગ્ર વિસ્તાર અત્યંત પ્રદૂષિત બની

જાય. વળી બકરાંની સરખામણીએ બળદનો ભોગ ચડાવવામાં તેના પર ધારદાર હથિયારના એક કરતાં વધારે ઘા મારવા પડે. ગમે તે કહો આ દૃશ્ય હૃદયને કંપાવનારું હોય છે.

ન માની શકાય તેવી વાત તો એ છે કે મેળાના ૪૮ કલાક અગાઉ ભૂનખલ અને તેની આસપાસના ગામના લોકો જાગરણ સાથોસાથ પશુબલિ માટે જુદી જુદી જગ્યાએ નાના-મોટા ખાડા પણ તૈયાર કરે. એક વખત પશુનો ભોગ અર્પણ થઈ જાય પછી તેનુ અંગ એ જ ખાડામાં રહે. જો કે કેટલાંક લોકો પોતાના બકરાના બલિ પછી વધેલાં અંગ પોતાના ઘરે લઈ જાય. જો કે બકરાનું માથું અને ચાર પગ દેવી મંદિરના પૂજારીને અર્પણ થાય. પૂજારી પશુબલિનો પ્રસાદ લોકોને વહેંચી દે.

આ અંગે પ્રાણીરક્ષા સંગઠનોએ આગળ આવવાની જરૂર છે. શેરી નાટકો, કઠપૂતળી(પપેટ્રી) ફિલ્મો, ચોપાનીયાં મારફત જે-તે વિસ્તારના લોકોને 'ઉત્સવ' પહેલાં જ જાગ્રત કરવાની જરૂર છે. 'સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે રુમ ઝુમ'ની રીતે તેમને કાયદો, સજા, જેલ, દંડ, અટકાયતી પગલાં (જેવા કે ૧૦૭, ૧૫૧ ક્રિમિનલ પ્રોસીજર કોડ)નો ડર બતાવવો જોઈએ. જરૂર લાગે તો જિલ્લા મેજિસ્ટ્રેટ કે સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રીને બલિ અટકાવવા ક્રિ.પ્રો.કોડની કલમ ૧૩૩ મુજબ પગલાં લેવા વિનંતી કરવી જોઈએ. આ અંગે ખરેખર પાસા (ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવાના કાયદા) હેઠળ પોલિસ કમિશ્નર અથવા જિલ્લા મેજીસ્ટ્રેટને ખોટું કરનારા મુખ્ય માણસોને એક વર્ષ માટે અટકાયત કરવા હુકમ કરવાના અધિકાર છે.

આ અંગે પ્રાણી ક્રુરતા નિવારણ કાયદાની મદદ તો લઈ જ શકાય. ઉપરાંત ગુજરાત, રાજસ્થાન, આંધ્રપ્રદેશ, પોંડીચેરી, તામિલનાડુ, કેરાલા, કર્ણાટકમાં પ્રાણીઓ તથા પક્ષીઓના બલિ ચઢાવવા સામે પ્રતિબંધ મૂકતો કાયદો અમલમાં છે.

★ હિંમતનગરની જીવદયા સેવા સમિતિનાં કાર્યકરો દર મહિનાનાં પાંચ દિવસ શહેરમાં રહેતા ઈચ્છુક પરિવારોનાં ઘેર ફરી ફરી પેપરની પસ્તી, તેલનાં ડબ્બા અને અન્ય ભંગાર ભેગો કરે છે અને તેને બજારમાં વેચી જે આવક થાય તે જુદા જુદા પાંજરા પોળમાં મોકલી આપે છે. પહેલા બે વર્ષમાં રૂપિયા બે લાખની આવક થઈ છે.

★ તાજેતરમાં સૃષ્ટી સંસ્થાની યુ.પી.ની શોધ યાત્રામાં જાણવા મળેલ કે ત્યાંનાં સંખ્યાબંધ લોકો પશુઓના ગોબરથી બેટરી સેલ રીચાર્જ કરીને રેડિયો અને લાઈટ ચલાવે છે. બહુરાઈચ જિલ્લાના ગંગાગઢ ગામના લોકોએ ડબ્બામાં ગોબર ભરી અંદર સેલ મૂકી સેલને એકબીજા સાથે વાયરથી જોડીને છેવટે તેમાંથી એનર્જી ઉત્પન્ન કરેલ.

# વૃક્ષો

ચીપકો આંદોલન જેવું દક્ષિણ ભારતમાં આંદોલન કરનારને અમદાવાદની પ્રસિદ્ધ સંસ્થા આઈ. આઈ. એમ ના પ્રસિદ્ધ પ્રો. અનિલ ગુપ્તાની ખેતીની દિશામાં પ્રાચીન જ્ઞાન અર્વાચીન સમયના માપદંડો પ્રમાણે જાળવી રાખવા / વધારવા મથતી 'સૃષ્ટિ' એ સન્માન્યા ત્યારે અને લગભગ તેજ સમયે ૧૩૨ ફૂટ રીંગ રોડ ઉપર રાતોરાત ઔડા દ્વારા ઘણા જૂનાં વૃક્ષોનું નિકંદન કાઢેલું જોયું ત્યારે પ્રશ્ન થયો કે નાનાં બાળકો જેટલુંય જ્ઞાન આ સત્તાધીશોમાં ન હશે કે એક વૃક્ષથી કેટલા ફાયદા થાય છે ? વૃક્ષ છાંયડો આપે, તેનાં પાંદડાં અને થડનો દવા અને રંગ બનાવવામાં ઉપયોગ થાય, હવામાંથી કાર્બન ડાયોક્સાઇડ લઈ ઓક્સીજન આપી હવા શુદ્ધ કરે, વરસાદ લાવે. સમગ્ર અમદવાદામાં છેલ્લાં ત્રણ વર્ષમાં તાપમાન ૪-૫ ડિગ્રી વધી ગયું છે. ગાડી-રિક્ષાઓના ધુમાડાના પ્રદુષણનું પ્રમાણ વધી ગયું છે, વરસાદ ઓછો પડે છે તે તમામ હકીકત હોવા છતાં વૃક્ષો વધારવાને બદલે વૃક્ષો ઘટાડવાના કાર્યક્રમો વધારે થાય છે. માર્ગ બનાવવા કે બદલવા કે તોડવામાં વાર લાગતી નથી, પરંતુ એક વૃક્ષ મોટું ઘટાદાર થતાં ૮ થી ૧૫ વર્ષ થઈ જાય છે. તેને ઉછેરવામાં કેટલાય માણસોએ કાળજી લીધી હોય છે. ગરમીમાં તેના છાંયડાના આધારે ગરીબ પ્રજા (જે ગરમી દૂર કરવા આઇસક્રીમ ખાતી નથી કે એરકન્ડીશન મશીનો ધરાવતી નથી) બપોરનો સમય સારી રીતે કાઢી શકે છે તેમના માટે વૃક્ષો આશીર્વાદ રૂપ છે. સારા મોટાં ઘટાદાર વૃક્ષો જેવાં કે વડ, પીપળો, લીમડો વગેરે પ્રમાણમાં યોગ્ય અંતરે ઉગાડવામાં આવે તો અમદાવાદના સર્વ વિસ્તારોમાં વાતાવરણની ગરમી મહદ્અંશે ઓછી થાય. સુરત મહાનગરપાલિકાએ સમગ્ર સુરત શહેરની ગલીઓમાં/સોસાયટીઓમાં/રસ્તાઓ ઉપર અનેક પ્રકારનાં વૃક્ષો ઉગાડી બતાવ્યાં છે તેને કારણે તમામ વિસ્તારો આંખને ઠારે તેવા લીલાલીલા થઈ ગયા છે. વૃક્ષમાં જીવ હોવા છતાં એ આપણી પાસે પાણી-ખાતર સિવાય કંઈ માંગતું નથી. તે સામે માનવીને ઔષધિ, ફળ, છાલ, લાકડું, ઓક્સિજન વિના મૂલ્યે પૂરા પાડે છે. આ પૃથ્વી ઉપર કુદરતે અનેક પ્રકારનાં વૃક્ષો ઉગાડી બતાવ્યાં છે. તે પાણી-ખાતર સિવાય કંઈ માંગતું નથી. અને માનવીને ઔષધિ, ફળ, છાલ, લાકડું, ઓક્સિજન વિના મૂલ્યે પૂરા પાડે છે. આ પૃથ્વી ઉપર દરેક જીવનો અસ્તિત્વનો હક્ક છે. માનવીને કોઈ પણ પ્રકારનો ચડિયાતો હક્ક કુદરતે આપ્યો નથી. લીમડા જેવા કીટકનાશક, ફૂગનાશક, રોગનાશક ઉપયોગી વૃક્ષ હોય છે. અનેક રોગોમાં ઉપયોગી દવાઓ, આયુર્વેદિક કે એલોપેથિક કે હોમિયોપેથિક મોટા ભાગની તમામ દવાઓ વૃક્ષોમાંથી જ મળે છે.

વૃક્ષો જમીનનું ધોવાણ અટકાવે છે. ઢોરના ચારા માટેય વૃક્ષોનાં પાન વગેરે ઉપયોગી છે. ઢોરનો મોટા ભાગનો આહાર વનસ્પતિમાંથી મળે છે. પોલાગ્રાફની મદદથી વૈજ્ઞાનિકોએ સિદ્ધ કર્યું છે કે વૃક્ષોને સંવેદના હોય છે. ભૂગર્ભજળ ટકાવી રાખવા માટે વનસ્પતિ અને વૃક્ષો ઉપયોગી છે. વૃક્ષો કાપવા બાબતના કાયદા અધુરા અને અસ્પષ્ટ છે. સૌરાષ્ટ્રના વૃક્ષો કાપી નાંખવા માટે શિક્ષા કરવા બાબત અધિનિયમ ૧૯૫૧ (સૌરાષ્ટ્ર પ્રિવેન્શન ઑફ ટ્રીઝ એક્ટ), જે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે તેની કલમ ૩ મુજબ કલેક્ટરની અથવા સરકાર નિયુક્ત ખાસ અધિકારીની કે ગ્રામ પંચાયતની પરવાનગી વિના કોઈ પણ વ્યક્તિ જાતે કે માણસો દ્વારા કોઈ પણ વૃક્ષ કે તેનો ભાગ સ્વેચ્છા-પૂર્વક કાપશે નહીં કે તેને હાની પહોચાડશે નહિ. દોષિત વ્યક્તિને ૧૦૦૦ રૂા. સુધીનો દંડ થશે. આ દંડની રકમ ઘણી ઓછી છે, ક્યા અધિકારીને વૃક્ષછેદન અંગેની ફરિયાદ કરવી તે નક્કી કરી વારંવાર જાહેર જનતાને જાણકારી માટે જાહેરાતો આપી જણાવવું જોઈએ. મોબાઈલ વાન રાખી વૃક્ષછેદનના બનાવો સક્ષમ અધિકારીએ જાતે શોધવા જોઈએ, અન્યથા તેમની બે-કાળજી એ સરકારની મહેસુલી ખોટ છે. આ વૃક્ષછેદન અંગે પાછી મુંબઈ જમીન મહેસુલ સંહીતાના પ્રકરણ ૧૨ અથવા ૧૩માં દર્શાવેલ કાર્યરીતિ અનુસરવાનો આદેશ હોવાથી સમય ઘણો બગડે છે. એક સારી કલમ છે એ છે કે, દંડની વસુલ કરેલ રકમમાંથી ૨૫% થી વધુ નહી તેવી રકમ વૃક્ષછેદનની માહિતી આપનારને આપવા અંગે સક્ષમ અધિકારી સૂચિત કરે છે.

જમીન મહેસુલના કાયદાની કલમ ૪૨ અન્વયે રસ્તાની બાજુ પરનાં જે ઝાડો સરકાર અથવા સરકારના હુકમ મુજબ કે સરકારના ખર્ચે વાવ્યા હોય અને ઉછેર્યા હોય તેવાં તમામ ઝાડો સરકારની માલિકીના કહેવાશે. જોકે આ ઝાડ કાપવા કલેક્ટરશ્રીની મંજુરી જરૂરી છે. એવો વર્ષોનો અનુભવ છે કે આવી મંજૂરીઓ વિચાર્યા વિના આપવામાં આવે છે. જોકે આ ઝાડ કાપવા મોટે ભાગે આવી મંજૂરઓ આપતાં પહેલાં જાહેર નોટીસ આપી આજુબાજુના રહીશોના મંતવ્ય જાણવા જરૂરી છે. જે રહીશો વર્ષોથી સારસંભાળ લે છે - જે વૃક્ષોને કારણે આજુબાજુના રહીશોને ઓક્સિજન વ. ની સગવડો મળે છે તેમને પૂછ્યા વિના અપાતી આવી કોઈપણ મંજૂરી ગેરકાયદેસર અને કુદરતી ન્યાયના સિદ્ધાંતો વિરુદ્ધ અને ભારતના બંધારણના આર્ટીકલ ૧૪ની વિરૂદ્ધના ગણવા જોઈએ. ખાનગી માલિકીની જમીનો ઉપર ઉગાડેલાં વૃક્ષો ભલે ખાનગી માલિકીના ગણાય, પરંતુ સક્ષમ અધિકારીની મંજૂરી વિના કોઈ પણ વૃક્ષ કાપવા ન દેવા જરૂરી છે.

મહેસુલ વિભાગના તા. ૧-૩-૭૨ના એક પરિપત્ર મુજબ, અમુક પરિપક્વ ઝાડ ભયજનક, હાનીકારક કે અંતરાયરૂપ ન થાય ત્યાં સુધી પાડી ન શકાય. વૃક્ષોની ઉંમર

૧૦ વર્ષ કરતાં ઓછી હશે તો તે પરિપક્વ ગણાશે નહી તેવી તેમાં કરેલ જોગવાઈ તદ્દન ખોટી અવ્યવહારુ છે. લીમડા જેવાં વૃક્ષો ૨ વર્ષમાં ઘણાં પરિપક્વ થઈ જાય છે તો તે કાપી શકાય ? આ તમામ કાયદામાં ફેરફાર કરી કડક કાયદા બનાવવા જરૂરી છે. તેમાં રહેલાં છીડાં દૂર કરવા જરૂરી છે. વૃક્ષ કાપવા એ ફોજદારી ગુનો ગણી ૧ માસથી ૬ માસની સજાની જોગવાઈ કરવી જરૂરી છે.

(૧) વૃક્ષો કાપવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ જરૂરી છે. હાલ વૃક્ષો કાપવા અંગેનાં પ્રતિબંધનો છે. પરંતુ તેના ઘણા છીંડાં છે. જેમ કાયદો કોઈનું ખૂન કરવાની મંજુરી આપતો નથી તેમ વૃક્ષમાં પણ જીવ હોઈ કોઈ પણ સંજોગોમાં વૃક્ષ કાપવા ઉપર પ્રતિબંધ ફેલાવવો જરૂરી છે.

(૨) વાતાવરણ ચોખ્ખું કરે અને ઠંડક ફેલાવે તેવાં લીમડો, વડ, પીપળો વગેરે વૃક્ષો વાવવાં જરૂરી છે.

(૩) વૃક્ષો વાવવાં, મોટાં કરવાં, કપાતાં અટકાવવાં વગેરે માટે લોકોએ સુધરાઈ ઉપર આધાર રાખવાને બદલે પોતે જ અમુક વૃક્ષો વહેંચી લઈ પોતે એકલા કે સંયુક્ત રીતે વૃક્ષોની જાળવણી કરવી જરૂરી છે. જે ઘરવાળા અમુક વૃક્ષ ઉછેરે તેને ટેક્ષ રિબેટ વગેરે આપવાનું વિચારી શકાય.

(૪) સારાં ઘટાદાર વૃક્ષો ઉગાડનારાની સ્પર્ધા રાખી વાર્ષિક ઈનામો આપવાં.

(૫) તાજેતરમાં વડોદરાની એમ.એસ.યુનિ.ના બોટની વિભાગે વડોદરાના ૪ હજાર વૃક્ષોનો સર્વે રિપોર્ટ તૈયાર કર્યો તેમ અમદાવાદમાં ઔડા અને કાર્પોરેશન વિસ્તારમાં તથા અન્ય શહેરોનાં / ગામડાના જાહેર સ્થળો / રસ્તા પર આવેલાં વૃક્ષોનો સર્વે કરી દરેકને નંબરો આપી વૃક્ષ અધિકારી મારફત નિયમિત તેની સંખ્યા ન ઘટે તેની કાળજી રખાવવી.

(૬) એક વૃક્ષ અનેક પક્ષીઓ, હજારો કીડી-મંકોડા અને અન્ય જીવ જંતુઓનો આધાર હોય છે. તે વૃક્ષ કાપી નાખવાથી પક્ષીઓ ઘર વગરનાં થઈ જાય છે. હજારો જીવજંતુ મરી જાય છે. જે પ્રકૃતિની વિરૂદ્ધનું કૃત્ય છે. અમુક લોકો જેમ પ્રાણીઓની હિંસા સામે વિરોધ કરે છે તેમ હવે એવો સમય આવ્યો છે કે વૃક્ષો સાચવી વૃક્ષ અને તેની ઉપર આધારિત હજારો જીવ જંતુઓનો સંહાર બચાવવા, બહાર પડવાની જરૂર છે.

(૭) કાયદા મુજબ એક વૃક્ષ કાપવાની પરવાનગી ત્યારે અપાય જ્યારે તેની બદલીમાં એક વૃક્ષ ઉગાડાય. આ કાયદામાં સુધારો જરૂરી છે. આ રીતે કરવાથી કોઈ પણ વ્યક્તિ આસાનીથી વૃક્ષ કાપી શકે છે અને બદલીમાં ક્યાંય પણ એક બીજું વૃક્ષ ઉગાડી દે છે પરંતુ જૂનું વૃક્ષ તો કપાઈ જ જાય છે, વળી એક જીવ તો મરે જ છે. તેથી

કોઈ પણ સંજોગમાં વૃક્ષ કાપવું નહીં એવો કાયદો હોવો જોઈએ અને તેને માટે કડક સજા નક્કી કરવી જોઈએ.

(૮) સુધરાઈ તેમજ સરકારી તંત્ર રસ્તા તેમજ બીજા અન્ય સગવડો પૂરી પાડવા તેની આડમાં પોતે જ વૃક્ષનું નિકંદન કરે છે. સામાન્ય રીતે કોઈ પણ રસ્તાનું આયોજન ત્રણ ચાર વર્ષ પહેલા થઈ ચૂક્યું હોય છે અને એ જ અરસામાં અથવા ત્યાર પછી કોઈ વૃક્ષ રસ્તામાં વાવવામાં આવ્યું હોય તો તે સુધરાઈની જ બેદરકારી છે આ રીતે આડેધડ, આયોજન વગર રસ્તાઓ ન બનાવવા જોઈએ.

જો વર્ષો જૂનું વૃક્ષ રસ્તાની આડે આવતું હોય તો પણ તેની આજુબાજુ એ પ્રમાણેનું પ્લાનિંગ કરવું જોઈએ જેથી સારો રસ્તો પણ બને અને વૃક્ષ પણ બચી જાય. આવું વચ્ચે આવતું વૃક્ષ ખરેખર તો રાહદારીઓને અડચણરૂપ નથી, પરંતુ વિસામો કે છાંયડો પૂરું પાડે છે તેથી આશીર્વાદ રૂપ છે.

એક બાજુ જ્યાં વૃક્ષારોપણના કાર્યક્રમો યોજાય અને બીજી બાજુ વૃક્ષો કાપવાનું કામ એજ કાર્યક્રમના આયોજકો કરે તે કોઈ રીતે સહ્ય નથી. આ માટે ઘટતું થવું જોઈએ.

ઉક્ત વિચારણીય બાબતોના અમલીકરણ માટે તે અંગે સર્વગ્રાહી પ્લાન તાત્કાલિક બનાવી યોગ્ય કરવા વિનંતી.

પ્રતિ,

(૧) સચિવ શ્રી વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૨) કલેક્ટરશ્રી, ઘી કાંટા, અમદાવાદ

નોંધ : આજ દીન સુધી આ પત્રનો જવાબ આવ્યો નથી.

નોંધ : બર્ડ લાઈફ ઈન્ટરનેશનલના અહેવાલમાં ૩૦૦ પક્ષીવિદોએ એવું મંતવ્ય જાહેર કર્યું છે કે હાલ પક્ષીઓની ૧૦૦૦૦ જાતીઓ છે તે પૈકીની ૧૨૧૧ જાતિઓ લુપ્ત થવાના આરે છે તેનું મુખ્ય કારણ, વૃક્ષોના અભાવે તેમના કુદરતી આવાસો ખતમ થયા છે તે છે.

વૃક્ષો કે જે પોતે સજીવ છે અને જેના ઉપર અસંખ્ય જીવો નભે છે તે બચાવવા સરકારશ્રીને લખેલ પક્ષની નકલ **(નોંધ : આ લેખ જો વાંચનારને યોગ્ય લાગે તો તેમણે આ અંગેનો લેખિત વિરોધ મ્યુ.કોર્પોરેશન, વન-પર્યાવરણ મંત્રીને મોકલવા વિનંતી).**

# જંતુનાશક દવાઓ

અંગ્રેજોનું અનુકરણ કરવાની આપણી ઘણી ટેવોમાંની એક ટેવ રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓનો ખેતીમાં વપરાશ છે. કુદરતી ખાતરો અને જૈવિક દવાઓના વપરાશની સૈકાઓ જૂની પદ્ધતિ છોડવાના ભયંકર પરિણામો આજે ભારતના ખેડૂતો અને વપરાશકારો ભોગવે છે. એક અંદાજ પ્રમાણે ૧૯૭૬થી ૧૯૯૬ દરમિયાન ભારત દેશે રૂા. ૧૪૪૭૯ કરોડ મ.ના રાસાયણિક ખાતરોની આયાત કરી, ઉપરાંત તેજ સમય દરમિયાન સરકારે ખેડૂતોને તે અંગે રૂા. ૫૬૩૮૬ કરોડની સબસીડી આપી. જંતુનાશક દવાઓ પાક અને ઘાસમાં રહી જાય છે. પશુપક્ષીઓ, પ્રાણીઓ આવા અનાજ કે ઘાસ ખાવાથી મૃત્યુ પામે છે. ૨૦૦૫ના વિશ્વ પક્ષી દિને પાલનપુરમાં ઠક્કરબાપા છાત્રાલય સામે મકાઈના દાણા ખાધા પછી તેમાં રહેલ ઝેરની અસર થતાં ૧૦૦ કબુતરો એકી સાથે મૃત્યુ પામ્યા. ઘુવડની સંખ્યા ઘટવાનું એક કારણ આવો ઝેરી ખોરાક છે. વારંવાર મોર મર્યાના બનાવો વર્તમાનપત્રોમાં આવે જ છે. રાજસ્થાનના અજમેર જીલ્લાના બનોડિયા ગામમાં ઝેરી અનાજના દાણા ખાઈ તથા મે ૨૦૦૩માં આવી દવા છાંટેલ લીલો ચારો ખાવાથી ગાંધીનગર પાસેના વાસણિયા મહાદેવ નજીક આવેલ ઉનાવા ગામમાં દૂધ આપતી ૨૫ ગાયોનાં મૃત્યુ થયાં અને અન્ય ઘણી ગાયોને કેટલીક શારીરિક તકલીફો થઈ. વાવ મુકામે તે જ સમયગાળામાં ૧૦૦ ગાયોનું મૃત્યુ થયું.

હકીકતમાં જંતુનાશક દવાઓ અને રાસાયણિક ખાતરોનો ઉપયોગ કરીને પકવેલ અનાજ, ફળો, શાકભાજી, મરીમસાલા, વગેરે ખાવાથી આપણે પૈસા ખર્ચી કેન્સર, એસીડીટી, કિડનીના રોગો, હાડકાંના રોગો વ.ને આમંત્રણ આપીએ છીએ. ઉપરોક્ત આવી દવાઓ વાપરવાથી ખેતીવેળા અસંખ્ય જીવોની હિંસા થાય છે. જમીનની ફળદ્રુપતા ઘટી જાય છે અને ખોરાકનો સ્વાદ બગડી જાય છે. કુદરતની આખી જીવ-સાંકળ અવરોધાય છે. ખેડૂતો દેવામાં ડૂબી ગયા છે.

આપણામાંની દરેક વ્યક્તિએ જંતુનાશક (રાસાયણિક) દવા તથા રાસાયણિક ખાતરોમાં થયેલ ખેત ઉત્પાદનનો વિરોધ કરી, કુદરતી ખાતરો તથા કુદરતી (હર્બલ) દવાઓનો ઉપયોગ કરી બનાવેલ અનાજ વ. નો આગ્રહ સમગ્ર સમાજમાં હિતમાં રાખવો જરૂરી છે. આવા 'ઓર્ગેનીક' અનાજ શાકભાજી વગેરે આરોગ્ય સુધારે છે. હકીકતમાં કુદરતી પદ્ધતિથી પકવેલ અન્ન વ.માં ઓછી હિંસા થાય છે. અમદાવાદની 'સૃષ્ટિ' સંસ્થા (સરનામું : ગુજરાત યુનિવર્સિટી હોસ્ટેલ, કમ્પાઉન્ડ, નવરંગપુરા, અમદાવાદ ફોન : ૨૭૯/૩૨૯૩ શ્રી રમેશભાઈ પટેલ) અને વડોદરાની 'જતન' સંસ્થા ૮( સરનામું : વિનોબા આશ્રમ, ગોત્રી રોડ, વડોદરા) ખેડૂતોને ખેતીની આવી અસલ પદ્ધતિઓની જાણ થાય, ગ્રાહકોને આવી ખેત પેદાશો વાજબી ભાવે મળી રહે તે માટે તથા બાગબગીચા માટે કુદરતી તત્વોવાળી દવાઓ મળી રહે તેના પ્રયત્નો કરે છે. કાર્યકરો ઘણા સરળ, ઉત્સાહી અને

મદદ માટે તત્પર હોય છે. હાલ ઘણા બધા દેશોમાં બજારમાં ફક્ત ઓર્ગેનીક તત્ત્વોવાળાં જ અનાજ કઠોળ વગેરે મળે છે. આવી ખેતીમાં ઘણીવાર જંતુઓ પાકને નુકસાન કરે તો પાક ઓછો ઊતરે છે, પરંતુ તે કુદરતી સ્વાદ અને કુદરતી તત્ત્વો ધરાવે છે, તેથી અને ભવિષ્યમાં ડૉક્ટરોના ખર્ચા અને બિમારીની પીડા અટકાવવાના હેતુથી આવી ઊંચી ગુણવત્તાવાળી વસ્તુઓના ભાવ વધારે ચૂકવવા પડે તો ચૂકવીને પણ શારીરિક ફાયદો મેળવવો તે વધુ અગત્યનું છે.

એ જ રીતે ઘરમાં જાતજાતનાં જંતુનાશક તત્ત્વો વાપરવામાં આવે છે તેની વિગતો આ જ પુસ્તકમાં અન્યત્ર આપેલ છે. તેના વપરાશથી થતા રોગોની ભયાનકતા, તેના વણ વપરાશથી થતી તકલીફોથી અનેક ગણા વધારે છે.

★ મૂંગી પણ બોલકી ફિલ્મ The Living Soil

પૃથ્વીના પોપડા પર લાખો વર્ષો સુધી પવન, પાણી, વાદળાં, સૂર્ય પ્રકાશ, પવન વગેરેના પરિણામે જમીન માટીનું પાતળું સ્તર રચાયું. કાળક્રમે આ સ્તરમાં ભૂચરની તમામ જીવસૃષ્ટિ પાંગરી.

ફિલ્મમા કુદરતના આ ઘટના ચક્રનું વાસ્તવિક ચિત્રાંકન કરીને સુંદર રીતે દેખાડ્યું છે. સૂકી ભઠ્ઠ જમીનમાં પાણીનું ટીપું અને જમીનની અંદર રહેલા વિવિધ પ્રકારના સજીવો વનસ્પતિને કેવી રીતે ઉછેરે છે તેનું ચિત્રાંકન હાઈરીઝોલ્યુશન કેમેરા વડે સુંદર રીતે દર્શાવ્યું છે. વાલના દાણા પર ભેજની શી અસર થાય છે, તેનું અંકુરણ થઈ કેવી રીતે તે છોડનું સ્વરૂપ લે છે તે ક્રમ બધ્ધ રીતે દર્શાવ્યું છે. હજારી પગા, સોબગ્સ, કરોળિયા, ગોકળ ગાય, અળસિયાં, કીડી-મંકોડા, કેવી રીતે જમીનને ધબકતી રાખે છે. આ જીવો વનસ્પતિ-પ્રાણીના મૃત શરીરને કેવી રીતે ઓહિયાં કરીને ફરી પોષકતત્વોથી સમૃધ્ધ માટીમાં ફેરવે છે તે દર્શાવ્યું છે.

સજીવ માટીની પાયાની સમજ કેળવવા આ ફિલ્મ બહુ અગત્યની છે. ભાષાની કોઈ જ જરૂર ન પડે તેવી જોરદાર આ ફિલ્મ મૂંગી પણ બહુ બોલકી છે.

★ બ્યુટી વિધાઉટ ક્રુઅલ્ટીની જુદી જુદી શાળાઓમાં ઝુંબેશને કારણે અમૂક શાળાઓએ એવુ નક્કી કરેલ કે,

(૧) ચીત્રકામ વેળા પ્રાણીજ વાળ ધરાવતા બ્રશ વાપરવા નહી.

(૨) શાળાની કેન્ટીનમાં માંસાહારી ખોરાક પીરસવો નહીં.

(૩) ચામડાના જુતા અને કમર પટ્ટા પ્રતિબંધિત કરવા.

(૪) શાળાની રમત ગમતમાં પ્રાણીઓના પીંછામાંથી બનેલ શટલ કોક વાપરવા દેવા નહીં.

(૫) ક્રીકેટમાં ચામડાવાળો બોલ વાપરવો નહીં.

## ‘ગર્ભપાત’

‘૯૦ રૂપિયામાં ગર્ભપાત, ગર્ભપાત સરળ છે, સલામત છે અને ખાનગી છે.’

આ પ્રકારની અનેક જાહેરાતો મુંબઈની લોકલ ટ્રેનના ડબ્બામાં વાંચવા મળે છે. આવી જાહેરાતો વાંચી કેટલીય કુંવારી કન્યાઓ અને પરિણિત સ્ત્રીઓ આ ગર્ભપાત કેન્દ્રોમાં દોડી જતી હશે અને પોતાના પેટમાં રહેલા માસૂમ સંતાનની હત્યા કરી છૂટકારાનો આનંદ માણતી હશે.

ગર્ભપાત કેન્દ્રોમાં કરવામાં આવતાં ઑપરેશન કેટલા જટિલ અને જોખમી હોય છે, તેનો ખ્યાલ દાદર નજીકના પર્લ સેન્ટરમાં ત્રણ વર્ષ અગાઉ બનેલા નીચેના કિસ્સા ઉપરથી આવે છે. ૧૮ વર્ષની સુષ્મા ગોવિંદ જાધવ આ સેન્ટરમાં ગર્ભપાત કરાવવા આવી હતી. ઍબોર્શન દરમિયાન ડૉક્ટરની બેદરકારીને કારણે સુષમાના શરીરમાંથી એટલું બધું લોહી વહી ગયું કે તેનું મૃત્યુ થયું. સુષમાના સ્વજનોએ માહિમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી, જેના પરિણામે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી અને સેશન્સ કોર્ટમાં કેસ ફાઇલ કર્યો. ત્રણ વર્ષે આ કેસનો - ચુકાદો આવ્યો. સેશન્સ કોર્ટના વિદ્વાન ન્યાયમૂર્તિ શ્રી પી.એન.કાસપકરે પોતાના ચુકાદામાં પર્લ સેન્ટરના માલિક ડૉ. પુરુષોત્તમ નાયકને ગુનેગાર ઠેરવી, તેમને ત્રણ વર્ષની સખત કારાવાસની સજા ફરમાવી અને સાથે ૧૫,૦૦૦ રૂપિયાનો દંડ પણ કર્યો. આ દંડની રકમમાંથી દસ હજાર રૂપિયા મરનાર સુષમાના પરિવારને વળતરરૂપે ચૂકવવાનો આદેશ પણ જજ સાહેબે કર્યો છે.

મુંબઈ શહેરમાં હજારો ગર્ભપાત કેન્દ્રો આવેલાં છે. આ કેન્દ્રોમાં ચાલતાં ગોરખધંધાનો ખ્યાલ પર્લ સેન્ટરમાં બનેલી આ ઘટના ઉપરથી આવે છે. પર્લ સેન્ટરની જ વાત કરીએ તો તેના માલિકે અગાઉ એક પત્રકારને આપેલા ઇન્ટરવ્યુમાં દાવો કર્યો હતો કે પોતાની ક્લિનિકમાં દરરોજ ૯૦ ગર્ભપાત કરવામાં આવે છે, જે માટે માત્ર આઠ જ ડૉક્ટરોનો સ્ટાફ છે. દરરોજના ૯૦ ગર્ભપાતના હિસાબે વર્ષે આશરે ૩૦,૦૦૦ ગર્ભપાત થયા. દાદર નજીક આવેલા પર્લ સેન્ટરના માલિકના દાવા મુજબ તેમની ક્લિનિકમાં અત્યાર સુધીમાં સાત લાખ ગર્ભપાત કરવામાં આવ્યા છે. તેમાંના એક ટકા કિસ્સામાં પણ સમસ્યા ઊભી થઈ હોય તો આ સેન્ટરમાં આશરે સાત હજાર સ્ત્રીઓના આરોગ્ય સાથે ચેડાં કરવામાં આવ્યાં હોય.

ઇવેલીન મેસ્કરહેન્સ નામની ખ્રિસ્તી નર્સના જણાવ્યા મુજબ ૯૦ રૂપિયામાં ગર્ભપાત કરી આપતા સેન્ટરમાં ગર્ભપાત કરાવવા આવેલી સ્ત્રીને ચેપ ન લાગે તે માટે કોઈ જાતની કાળજી રાખવામાં આવતી નથી. ગર્ભપાત કેન્દ્રોમાં તો સ્ત્રીને બેભાન બનાવવા માટે એનેસ્થેસિયા આપનાર નિષ્ણાતની સેવાઓ પણ લેવામાં આવતી નથી, કારણ કે ૯૦ રૂપિયામાં આવા નિષ્ણાતનો ખર્ચ પરવડતો નથી. અહીં તો એનેસ્થેશિયા આપવાનું કાર્ય

નર્સ કે આયા જ કરે છે, જે ક્યારેક દર્દીને કાયમ માટે નિદ્રામાં પોઢાડી દે છે. અમુક સેન્ટરમાં ડૉક્ટરો હાથમાં મોજાં કે મોંઢા ઉપર માસ્ક પણ પહેરતાં નથી. અહીં દર્દીના જાનની કિંમત જ હોતી નથી.

ગર્ભપાત કેન્દ્રના ડૉક્ટરો અમુક વાતો સ્ત્રીઓથી કાયમ માટે છુપાવી રાખે છે. તેઓ એવો પ્રચાર કરે છે કે ગર્ભપાતનું કાર્ય પેટની ગાંઠ દૂર કરવા જેટલું સરળ અને બિનજોખમી છે. હકીકત એ છે કે ગર્ભપાત એ જોખમી ઑપરેશન છે, એમાં ગમે ત્યારે દર્દીનો જીવ જોખમમાં મુકાઈ શકે છે. ગર્ભપાત વખતે ગર્ભાશયનું મુખ બળજબરીથી પહોળું કરવામાં આવે છે, જેને કારણે નાજુક સ્નાયુઓને નુકસાન થાય છે. ગર્ભપાત વખતે ગર્ભાશયની દીવાલને પણ નુકસાન થવાની સંભાવના રહે છે. ક્યારેક તેમાં કાણું પડી જાય છે, ક્યારેક તેમાંથી રક્તસ્રાવ થયા કરે છે કે ક્યારેક લોહી ગંઠાઈ જવાના કિસ્સા પણ બને છે. આ કારણે ભવિષ્યમાં ગર્ભ ન રહેવાની કે કસુવાવડ થવાની સંભાવના વધી જાય છે.

અમેરિકાની પ્રો. લાઈફ નામની સંસ્થાનો સર્વે તો એમ કહે છે કે જે સ્ત્રીઓ પોતાની પહેલી જ ગર્ભાવસ્થામાં ગર્ભપાત કરાવે છે, તેમાંની ૨૦ ટકા સ્ત્રીઓ ભવિષ્યમાં ક્યારેય માતા બની શકતી નથી.

ગર્ભપાતમાં કોઈ હિંસા નથી અને ગર્ભના બાળકમાં જીવ હોતો નથી એવો જૂઠો પ્રચાર પણ કેટલાક સ્થાપિત હિતો કરે છે. હવે તો વિજ્ઞાનીઓએ ગર્ભના વિકાસની ફિલ્મ તૈયાર કરી સાબિત કરી આપ્યું છે કે સ્ત્રીને ગર્ભાવસ્થાની જાણ થાય તે પહેલાંથી ગર્ભના બાળકનું હૃદય ધબકતું થઈ ગયું હોય છે. છ સપ્તાહની ગર્ભાવસ્થા પછી બાળકના મગજમાં પેદા થતા વિચારોના તરંગો માપી શકાય છે. આઠ સપ્તાહના ગર્ભમાં તમામ અંગોપાંગ તૈયાર થઈ ગયા હોય છે અને દસ અઠવાડિયાનું બાળક તો અંગૂઠો પણ ચૂસતું થઈ જાય છે.

જે સ્ત્રીઓ પોતાના જીવનમાં કદી વાંદો, ઉંદર, દેડકો કે ગરોળીને મારવા માટે પણ તૈયાર નથી થતી તેઓ પોતાના જ ગર્ભસ્થ શિશુને મારવા કેમ તૈયાર થઈ જાય છે ? કદાચ આ કૃત્યમાં કેટલી ક્રૂરતા રહેલી છે, એનો તેમને ખ્યાલ નથી હોતો. ડૉક્ટર જ્યારે ગર્ભપાત કરવા માટે તૈયારી શરૂ કરે છે ત્યારથી જ ગર્ભસ્થ શિશુના હૃદયના ધબકારા વધી જાય છે. ડૉક્ટરનો ચીપિયો જ્યારે ગર્ભાશયમાં દાખલ થાય છે ત્યારે તો બાળક બચવા માટે રીતસર તરફડિયાં મારે છે અને ગર્ભના પ્રવાહીમાં તરીને એક ખૂણામાં ભરાઈ જાય છે. છેવટે જ્યારે ડૉક્ટરનો ચીપિયો તેને પકડી પાડે છે, ત્યારે ગર્ભસ્થ બાળકના મુખમાંથી એક મૂંગી ચીસ નીકળી જાય છે. આ સમગ્ર પ્રક્રિયા ''સાઈલન્ટ સ્ક્રિન'' નામની ફિલમમાં આબેહૂબ દર્શાવવામાં આવી છે. ગર્ભપાત કરાવવા માટે ડૉક્ટર પાસે આવતી પ્રત્યેક સ્ત્રીને જો આ ફિલમ દર્શાવવામાં આવે તો ૧૦ પૈકી ૯ સ્ત્રીઓ તો પોતાનો વિચાર બદલી નાંખે એટલી ક્રૂરતા આ કૃત્યમાં રહેલી છે.

## ડી.એન્ડ સી. ઑપરેશન

દાક્તરી સાધન વડે સગર્ભા સ્ત્રીના ગર્ભાશયનું મુખ પહોળું કરવામાં આવે છે. પછી એ સાધન વચ્ચેથી એક ચપ્પુ અથવા કાતર જેવું હથિયાર અંદર નાખીને તેનાથી જીવતા બાળકને વીંધી નાખવામાં આવે છે. ગર્ભમાં તરફડતું બાળક લોહીલુહાણ થઈ અસહ્ય વેદના ભગોવી મૃત્યુને શરણ થાય છે. પછી એક ચમચી જેવા સાધનની મદદથી બાળકના ટુકડે ટુકડા બહાર કાઢવામાં આવે છે. ખીમો થઈ ગયેલું મગજ, લોહી દદડતાં આંતરડાં, બહાર નીકળી પડેલી આંખો, આ દુનિયામાં જેણે પહેલો શ્વાસ નથી લીધો તેવાં ફેફસાં, નાનકડું હૃદય, હાથ, પગ, બધું જલદી જલદી બહાર કાઢીને નીચેની બાલદીમાં ડૉક્ટરે ફેંકી દેવું પડે છે. બહાર ગર્ભપાત માટેના ઉમેદવાર બહેનોની લાઇન હોય છે. એટલે ડૉક્ટરે આ બધુ ંજલદી પતાવવું પડે છે. તેથી ઘણી વખત બાળકને અંદર તરફડીને મરી જવા માટે પૂરતો સમય પણ અપાતો નથી. અંધારામાં તીર મારવા જેવું આ ઓસન છે. હથિયાર ગર્ભ માંહેના ઑપરેશન બાળકના માથામાં છાતીમાં પેટમાં કે હૃદયમાં ન વાગતાં હાથ પગ કે સાથળમાં ઘોંચાય તો બાળક જલદી મરતું નથી. ૭૦, ૮૦ કે ૯૦ વર્ષના જીવન માટે કુદરતે જે છોડ તૈયાર કર્યો છે, તેની જિજીવિષા ખૂબ પ્રબળ હોય, તેથી બાલદીમાં ધબકતા હૃદય જોઈને ડૉક્ટરો, નર્સો અને કર્મચારીઓ સુદ્ધાં બીજી બાજુ આંખો ફેરવી લે છે.

આ હથિયાર ક્યારેક ઉતાવળમાં અને ક્યારેક બિનઅનુભવીના હાથે ગર્ભાશયને પણ નુકસાન કરી દે છે. તેવાં કિસ્સામાં લાંબા સમય સુધી લોહી વહે છે. અંદર ચાદું પડે છે. કાયમનો પ્રદર થાય છે. જાતીય આવેગો ઠંડા પડી જાય છે. પરિણામે દાંપત્ય જીવન ખોટું પડે છે અને ક્યારેક તો એવી સ્ત્રી માતા બની શકતી નથી.

## ચૂસણ પદ્ધતિ

ગર્ભાશયમાં એક પોલી નળીનો છેડો દાખલ કરવામાં આવે છે. નળી સાથે એક પંપ બેસાડેલો હોય છે અને નળીને બીજે છેડે મોટી બોટલ જોડેલી હોય છે. નળીનો એક છેડો ગર્ભાશયમાં બરાબર ગોઠવ્યા પછી પંપને ઉઘાડવાસ કરવાથી ગર્ભમાંહેનું જીવતું બાળક ગર્ભાશયમાં પછડાય છે. કસાઈઓ બકરાને એક ઝાટકે હલાલ કરે છે. જ્યારે આ પદ્ધતિમાં ક્યારેક બાળકનાં જુદાં જુદાં અંગો નળીમાં ખેંચાઈ આવે છે. ડોળા ફાટીને બહાર આવી જાય છે. સક્શનને લીધે પેડું, છાતી, પેટ અને મગજના પોલાણોમાં આવેલા અવયવો ફાટીને વેરવિખેર થઈને બહાર આવે છે અને જો કોઈ જીવ વધુ હઠીલો અને બળિયો હોય તો આખો જીવતો સાંગોપાંગ બહાર આવે છે. ત્યારે બંધ બોટલમાં જોરથી પછડાઈ તેના ભૂકા બોલી જાય છે. કેટલીયે વાર સુધી બાળક એ બોટલમાં તડફડતું રહે છે અને પછી

શ્વાસ રૂંધાતા તે ઠંડું પડી જાય છે.

આ પદ્ધતિમાં ક્યારેક આખું ગર્ભાશય બહાર ખેંચાઈ આવે છે. તેવી સ્ત્રીઓને જિંદગીભર અનેક તકલીફો થાય છે. કમરનો દુખાવો તો કાયમી થઈ જાય છે. પછીનું ગર્ભાધાન ઊથલો મારે છે અને રક્તસ્રાવને કારણે સ્ત્રીનું શરીર નખાઈ જાય છે, નિર્બળ થઈ જાય છે.

## હિસ્ટેરોટોમી (નાનું સીઝેરિયન)

પેડુને ચીરી સગર્ભા સ્ત્રીના આંતરડા બહાર કાઢી ગર્ભાશયને ખોલી જીવતું બાળક બહાર કાઢવામાં આવે છે. પછી એને બાલદીમાં ફેંકી દેવું પડે છે. હાથ-પગ હલાવતું હવાતિયાં મારતું રડતું અસહાય બાળક બાલદીમાં જ મરી જાય છે. તેમાં પણ કેટલાક જબરા જીવો કલાકો સુધી મરવાની ના પાડે છે અને ઑપરેશન થિયેટરમાં બીજો કેસ તુરત જ દાખલ કરવાનો હોય છે. તેથી બાલદીમાં જીવતા બાળકને તીક્ષ્ણ હથિયાર વડે વીંધી નાખવામાં આવે છે, અથવા મોટા ફટકાથી તેનો કચ્ચરઘાણ કાઢવામાં આવે છે. જો કસાઈ આવા બે-ચાર ઑપરેશનો જોઈ લે તો કદાચ તે પોતાનો ધંધો છોડી દઈ સાધુ બની જાય.

## ઝેરી ક્ષારવાળી પદ્ધતિ

એક લાંબો સોયો ગર્ભાશયમાં ભોંકવામાં આવે છે. તેમાં પિચકારી વડે ભારે ક્ષારનું દ્રાવણ છોડવામાં આવે છે. ચારે તરફ દ્રાવણથી ઘેરાયેલું બાળક થોડો ક્ષાર ગળી જાય છે. જોત-જોતામાં બાળકને ગર્ભાશયમાં હેડકી ઊપડે છે. ઝેર ખાધું હોય તેવા બાળકની જેમ તે ગર્ભાશયમાં અમળાવતા-ખેંચાવા લાગે છે. ક્ષારની દાહક અસરથી મરી જાય છે. પછી તેને બહાર કાઢી લેવામાં આવે છે. ઘણી વાર ઉતાવળમાં કાઢવામાં આવે તો બાળક જીવતું હોય છે. એ વખતે તેની ચામડી વાદળી હોય છે. બહાર તે થોડી વારમાં મૃત્યુ પામે છે. આવા ગર્ભપાતમાં જો બાળક જોડિયું હોય તો એક મરેલું અવતરે અને બીજું જીવતું આવે, ત્યારે તેને પણ ટૂંક સમયમાં જ અન્ય ઘાતકી રીતો વડે મરણને શરણ કરવામાં આવે છે. ગર્ભના નિકાલની આગવી રીતોનો સ્વીકાર કર્યો. આયા (મોટીવેટર)ને દશ રૂપિયા મળ્યા. ડૉક્ટર અને તેના મદદનીશને પાંચ રૂપિયા મળ્યા. નર્સને એક રૂપિયો મળ્યો અને પોતાના જ બાળકની હત્યારી માતાને પૂરા એકસો રૂપિયા મળ્યા.

(૧૯૭૨થી ભારત સરકાર દ્વારા એક ગર્ભપાત પાછળ આટલી રકમ પ્રોત્સાહન રૂપે અપાતી.)

## ગાંધીનો આ દેશ

અહિંસાનું દર્શન ભારતમાં સૂક્ષ્મરૂપે ખેડાયું છે. અહીં જૈન ધર્મનો પ્રાદુર્ભાવ થયો છે. જેમાં લોકો પંચેન્દ્રિય જ નહિ એકે ન્દ્રિય જીવને મારવામાં પણ પાપ માને છે. તે માટે મોં આગળ રાખે છે. અને વર્ષમાં ચારમાસ સુધી લીલાં શાકભાજીનો પણ ત્યાગ કરે છે. આ દેશમાં મરઘીનું ઇંડું પણ માંસાહાર અને પાપ ગણાય છે. અહીં લોકો કબૂતરને ચણ નાંખે છે. કીડીઓના દર પાસે કીડિયારું પૂરે છે. માછલીઓને તલના લાડુ ખવરાવે છે. અરે સર્પ સુદ્ધાંને દૂધ પાય છે. જે બકરીના ગર્ભમાં બચ્ચું હોય તે બકરીની કતલ કરવાની 'દીન' મનાઈ ફરમાવે છે. લોકો પોતાના સગર્ભ પશુઓને કસાઈખાને વેચતા નથી. પ્રયોગશાળાના પ્રયોગ માટે વાંદરાઓની વિદેશમાં નિકાસ થતી હતી તે લોકોના વિરોધથી સરકારને બંધ કરવી પડી છે, પરિણામે તેટલું હૂંડિયામણ ઓછું મળે છે. હવે કબૂતરોની નિકાસબંધી થવાની છે. અહીં મોરને મારવો ગુનો છે. સિંહ, વાઘ, ચિત્તાના શિકારની મનાઈ ફરમાવવામાં આવી છે ઘરડી-લૂલી-લંગડી ગાયો માટે આ દેશના સુખી દાતાઓ અનેક પાંજરાપોળો ચલાવે છે. ગોવંશની કતલ બંધ કરાવવા દેશના આચાર્યો, સંતો અને મહંતો ઉપવાસ પર ઊતરે છે, ત્યારે ગાંધીના આ દેશમાં માનવ-વંશની ક્રૂરતાપૂર્વક કતલ કરવા માટે સરકાર પ્રોત્સાહન આપે છે. જાહેરાતો આપે છે, આંકડા જાહેર કરે છે. તે બદલ ગૌરવ અનુભવે છે. આ ખૂની કાવતરામાં સામેલ આખી મીશનરીને બિરદાવે છે.

ગર્ભપાતએ નિર્દોષ બાળકની નિર્દય હત્યા છે. દુનિયાના અનેક દેશો ફાંસીની સજા રદ કરે છે. ખૂનીઓને પણ ફાંસીની સજા આપવામાં આવતી નથી, કારણ કે મનુષ્યને જીવ લેવાનો હક્ક જ નથી. ગર્ભપાત એ ફાંસીની સજા કરતાં ક્રૂર આચરણ છે. ફાંસી જેને આપવામાં આવે છે. તેનું તત્કાળ મરણ થાય છે. જ્યારે ગર્ભપાતમાં બાળક કલાકો સુધી તરફડીને મરે છે. ફાંસી દ્વારા મરાતાં જીવ કરતાં ગર્ભપાત દ્વારા જીવ અનેકગણી ભયંકર પીડા ભોગવે છે. ફાંસી ગંભીર ગુનાની સજા રૂપે આપવામાં આવે છે. ગર્ભપાતમાં બાળકનો કશો ગુનો હોતો નથી. અન્યની સલામતી માટે ગુનેગારને સમાજ ફાંસી આપે છે, જ્યારે પોતાના મોજશોખ શરીરસુખ અને તરંગ ખાતર આ લોકશાહી સમાજ પોતાના સંતાનોની ગર્ભમાં હત્યા કરે છે. ફાંસીની સજા ખમનારાઓએ તો થોડાં વર્ષ સુધી ધરતી પર જીવન વીતાવ્યું હોય છે, જ્યારે ગર્ભમાં રહેલા બાળક તો જન્મીને શ્વાસ પણ લીધો હોતો નથી. ગેસ ચેમ્બરમાં હજારો યહૂદીઓને મારનારને દુનિયા અપરાધી ગણતી હોય તો પોતાના સંતાનોને મોતને ઘાટ ઉતારનારાં દંપતી નિર્દોષ કેવી રીતે લેખાય ?

## એક ન અવતરેલી બાળકીના ઉદ્‌ગાર

આંગળી પકડીને તારી ચાલવા દે, મા ! મને તું આ જગતમાં આવવા દે.
વંશનું તુજ બીજ કો ફણગાવવા દે. ગોરમાની છાબ લીલી વાવવા દે.
તું પરીક્ષણ ભ્રૂણનું શાને કરે છે ? તારી આકૃતિ ફરી સરજાવવા દે.
ઢીંગલી, ઝાંઝર ને ચણિયા-ચોળી મેંદી, બાળપણના રંગ કૈં છલકાવવા દે.
રાખડીની દોર કે ગરબાની તાળી ઝંખનાના દીપ તું પ્રગટાવવા દે.
વહાલની વેલી થઈ ઝૂલીશ દ્વારે, આપણે સંવેદના મહેકાવા દે.
સાપનો ભારો નથી, તુજ અંશ છું હું, લાગણીના બંધને બંધાવવા દે.

**યામિની ગૌરાંગ વ્યાસ**

## 'ગર્ભપાત' કરાવવા પાછળનાં મુખ્ય કારણો ત્રણ છે.

૧. લગ્ન વિના બાળક આવે તો પુત્રીની સમાજમાં બદનામી થાય.
૨. દિકરો જોઈએ છે, દીકરી જોઈતી નથી.
૩. એક કે બેથી વધુ બાળકો જોઈતાં નથી. તેનું ભરણપોષણ ભારે પડે.

આ દરેક બાબત પ્રત્યેક યુવક યુવતીએ શારીરિક સંબંધ બાંધતાં પહેલાં વિચારવી જરૂરી છે. લગ્ન પહેલાં કોઈ પણ સંજોગમાં શારીરિક સંબંધ ન જ બાંધવો જોઈએ. લગ્નબાદ પુત્રીનો ગર્ભ રહે તો તેને કુદરતી ગણી જન્મ આપવો જ જોઈએ.

## ગર્ભપાત મહાપાપ છે.

યત્પાપં બ્રહ્મહત્યાયા દ્વિગુણં ગર્ભપાતને ।
પ્રાયશ્ચિત્તં ન તસ્યાસ્તિ તસ્યાસ્ત્યાગો વિધીયતે ॥

**(પારાશરસ્મૃતિ ૪/૨૦)**

''બ્રહ્મહત્યાથી જે પાપ લાગે છે. તેનાથી બમણું પાપ ગર્ભપાત કરાવવાથી લાગે છે. આ ગર્ભપાત રૂપી મહાપાપનું કોઈ પ્રાયશ્ચિત્ત પણ નથી, એમાં તો સ્ત્રીનો ત્યાગ કરી દેવાનું જ વિધાન છે.''

***ભ્રૂણઘ્નાવેક્ષિતં ચૈવ સંસ્પૃષ્ટં ચાપ્યુદક્યયા ।***
***પતત્રિણાઅવલોઢં ચ શુના સંસ્પૃષ્ટમેવ ॥***

**(મનુસ્મૃતિ ૪/૨૦૮)**

''ગર્ભહત્યા કરનારાએ જોયેલો હોય, રજસ્વલા સ્ત્રીએ સ્પર્શ કર્યો હોય, પક્ષીએ ખાધેલો હોય અને કૂતરું અડક્યું હોય એવો ખોરાક ન ખાવો.''

ગર્ભપાત કરનારને આવતા જન્મે સંતાન થતાં નથી – એ વાત પ્રગટ કરતા અનેક શ્લોક 'વૃદ્ધસૂર્યારૂણકર્મવિપાક' નામે ગ્રંથમાં આપેલા છે. તેમાંના કેટલાક શ્લોકો નીચે આપ્યા છે –

*પૂર્વે જનુષિ યા નારી ગર્ભઘાતકારી હ્યભૂત ।*
*ગર્ભપાતેન દુઃખાર્તા સા અત્ર જન્મનિ જાયતે ॥*

(૪૭૭/૧)

''જે સ્ત્રી પૂર્વજન્મમાં ગર્ભપાત કરાવ્યો હોય છે, તે આ જન્મમાં પણ ગર્ભપાતનું દુઃખ ભોગવનારી બને છે એટલે કે તેને સંતાન થતાં નથી.''

*વન્ધ્યેયં યા મહાભાગ પૃચ્છતિ સ્વં પ્રયોજનમ્ ।*
*ગર્ભપાતરતા પૂર્વે જનુષ્યત્ર ફલં ત્વિદમ્ ॥*

(૬૫૯/૧, ૮૬૫/૧, ૯૨૧/૧, ૧૮૫૭/૧)

''કોઈ સ્ત્રી પૂછે કે 'હું આ જન્મે વાંઝણી (સંતાનહીન) કયા કારણે રહી' તો એનો જવાબ છે કે પૂર્વજન્મમાં તેં કરેલા ગર્ભપાતનું જ આ ફળ છે.''

*ગર્ભપાતેન પાપાઢ્યા બભૂવ પ્રાગભ્વેઅણ્ડજ ।*
*સા અત્રૈવ  તેન પાપેન ગર્ભસ્થૈવં ન વિન્દતિ ॥*

(૧૧૮૭/૧)

''હે અરુણ ! જે પૂર્વજન્મમાં ગર્ભપાત કરાવે છે, આ જન્મમાં તે પાપને કારણે તેને ગર્ભ રહેતો નથી એટલે કે તે સંતાન વગરની રહે છે.''

★ વિદેશીઓને પ્રાણીઓ ઉપર પ્રયોગો કરવાની સગવડ કરી આપવા માટે ભારત સરકારનાં ઈન્ડીયન કાઉન્સીલ ફોર મેડીકલ રીસર્ચ, નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ન્યુટ્રીઝન, હૈદરાબાદ. ડીપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી, મીનીસ્ટ્રી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી અને આંધ્રપ્રદેશ સરકાર વચ્ચે બસો કરોડ રૂપિયાના ખર્ચે નેશનલ એનીમલ રીસોર્સ ફેસીલીટી શરૂ કરવાનું નક્કી કરેલ છે. ત્યાં દવાઓના પ્રયોગ કરવા માટે પ્રાણીઓ ઉછેરવામાં આવશે.

★ ઈ.સ. પૂર્વ ૩૯૯ થી ૪૧૪ દરમ્યાન ચીની પ્રવાસી ફાહીયાને નોંધ્યું છે કે ભારતમાં ચંડાળો સિવાય કોઈ માંસ ખાતું નથી, દારૂ પીતું નથી કે પશુઓનો વેપાર થતો નથી. હયુ એન સંગના કહેવા મુજબ ભારતમાં પશુ કતલ અને માંસ પર પ્રતિબંધ છે. ટ્રેવેનીયર, ડેલાવેલી અને જાન ફાયર્સ જેવા વિદેશી પ્રવાસીઓએ નોધ્યું છે કે ભારતમાં શાકભાજી, ફળો, કંદમૂળ, લોટ ચોખાની વસ્તુઓ મળે છે પણ માંસ, મરઘી કે ઈંડા ઉપલબ્ધ થતાં નથી. (ચંડાળોનો ઉલ્લેખ એ રીતે સમજવો કે ચંડાળો એટલે જંગલી પ્રજાતિઓ)

# કતલખાનાનો દેશ

પૈસાના લોભમાં આપણી (?) સરકારે પ્રાણીઓને મારવાનો ધંધો ચાલુ કર્યો છે. જેમાં માંસની નિકાસથી પૈસા મળે અને કતલખાનાં પાસેથી વિવિધ ટેક્ષ ઉઘરાવી શકાય. હૈદરાબાદ પાસે 'અલકબીર' કતલખાનું ચાલે છે, જેનું મુખ્ય ધ્યેય આરબ દેશો માટે માંસની નિકાસ કરવાનું તેમાં આઠ કલાકની એક પાળીમાં દરરોજ ૫૦૦ ભેંસ - પાડા અને ૨૦૦૦ ઘેંટાં બકરાંની કતલ થાય છે. (એટલે કે એક વર્ષમાં ૧૮૦,૦૦૦ ભેંસ-પાડા અને ૭૦૦,૦૦૦ ઘેંટાંબકરાંની કતલ) મુંબઈના દેવનાર કતલખાનામાં દરરોજ ૧૦૦૦ બળદ-ગાય-ભેંસ-પાડા અને ૭૦૦ ઘેટાં-બકરાં-સૂવર કપાય છે. (એટલે કે એક વર્ષમાં ૧૨૦,૦૦૦ બળદ, ૮૦,૦૦૦ ભેંસ, ૨૫,૦૦,૦૦૦ ઘેંટાં બકરાંની કતલ) ૧૯૯૯-૨૦૦૦માં ૧૬૭,૨૯૯ ટન ભેંસનું માંસ નિકાસ કરવાનો અંદાજ હતો. એક ભેંસ ૮૦ થી ૮૫ કિલો માંસ આપતી હોય તો ૧૬૭,૨૯૯ ટન માટે ૩૨ લાખ ભેંસોની કતલ થઈ. કેન્દ્ર સરકારે વિવિધ શહેરોમાં માંસ (મીટ) કોર્પોરેશન અને સ્લોટર હાઉસ (કતલખાનાં) કોર્પોરેશન, સરકારી ખર્ચે બનાવ્યાં છે.

આપણે વર્તમાનપત્રોમાં વારંવાર સમાચાર વાંચીએ છીએ કે ''છોટા ઉદેપુરથી સુરતના કતલખાને લઈ જવાતાં ૧૦ બકરાંને નસવાડી પોલિસે બચાવી પકડાયેલ બે શખ્સો વિરુદ્ધ ફરિયાદ કરી''

''જોગેશ્વરી (પ) લીંક રોડ પર ગેરકાયદેસર ચાલતા એક કતલખાના પર એનીમલ વેલફેર ઓફિસ તથા પોલિસે સંયુક્ત દરોડો પાડી એક મૃત ડુક્કરનો કબ્જો લીધો હતો.''

''અમદાવાદના શાહપુર વિસ્તારમાં તા. ૩-૨-૦૩ના રોજ એક મહેન્દ્ર પિઝોટજિયને અટકાવી ચકાસણી કરતાં તેમાં ૭ બળદ, ૯ વાછરડાં, ૧ પાડો એમ કુલ ૧૭ ઢોર કતલખાને લઈ જવાતાં હતાં તે પોલિસે બચાવી લીધાં.''

''ઘાટકોપર સ્થિત અસલ્ફા ખાતે શિવસેનાની ઓફિસની બાજુમાં ગેરકાયદે ચાલતા કતલખાનાની જાણકારી કરુણા ટ્રસ્ટને મળતાં પોલિસની સહાયથી તા. ૨૮-૧-૦૩ના રોજ દરોડો પાડતાં બકરાં બકરી ઘેટાં મળી આવ્યાં હતાં.''

''તા. ૧૯-૨-૦૩ના રોજ પાલડી ચાર રસ્તા પાસેથી 'અમુલ દૂધ' લખેલ બંધ બોડીના આઈશર ટેમ્પામાંથી ૨૯ જીવતાં વાછરડાંને પોલિસે બચાવી લીધાં.''

''અમદાવાદના ચંડોળા તળાવમાં ચાલી રહેલા ગેરકાયદેસર કતલખાનામાં દરરોજ ૨૦૦ થી વધુ જનાવરો કપાય છે.''

''તા. ૭-૭-૦૨ના રોજ મહેસાણા જૈન યંગ ગ્રુપે પોલિસની મદદથી બે ટ્રકો અટકાવી એમાંથી અનુક્રમે ૩૩૫ અને ૩૧૫ ઘેંટાં બકરાંને બચાવી લીધેલ.''

ભાડાના પૈસા બચાવવા આ પશુઓને ઠાંસી-ઠાંસીને ટ્રૂક વગેરેમાં ભરવામાં આવે છે. એમને ભૂખ્યાં-તરસ્યાં રખાય છે, કારણ કે પેટ ફૂલે નહિ તેથી જગ્યા વધુ રોકાય નહીં. ભેંસોને દોરડાથી બાંધી ટ્રકના હૂક સાથે બાંધવામાં આવે છે, આનાથી કેટલીય ભેંસોનાં પૂંછડાં કપાઈ જઈને અલગ થઈ જાય છે. પગમાં દોરડાથી ઘા પડી જાય છે. ટ્રકમાંથી ઉતારતી વખતે થાકેલાં જનાવરો ઢળી પડે છે. આ સમયગાળામાં ઝાડો પેશાબ કેવી રીતે કરે ?

ગુજરાત રાજ્યમાં મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ અન્વયે કુલ ૩૮ કતલખાનાં છે. જેમાં દર સપ્તાહે ૧૪૩૯ બળદ અને ૬૬૮ જેટલા સાંઢની કતલ કરવા પરવાનગી અપાયેલ છે. જોકે આ સરકારી આંકડા છે.

પૂ. આ. વિ. પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના મંતવ્ય પ્રમાણે માંસાહાર અને પશુઓની કત્લેઆમ ભૂખમરો જન્માવશે. એક કિલો માંસ મેળવવું હોય તો પશુને સિત્તેર કિલો ઘાસ ખવડાવવું પડે. આટલું ઘાસ મેળવવા જેટલી જમીન જોઈએ એટલી જમીનમાં અનાજ ઉગાડવામાં આવે તો એ અનાજથી સિત્તેર માણસો પેટ ભરીને એક ટંકનું ભોજન કરી શકે.

આ કતલખાનાં બંધ કરાવવા દયાળુ માણસોએ મર્દાનગી બતાવવી જોઈએ. તાજેતરમાં જામનગર જિલ્લાની સુરજ-કરાડી (તા. દ્વારકા ઓખા મંડળ) ગ્રામ પંચાયતે એક કસાઈને આપેલી માંસાહારના વેચાણની મંજૂરી રદ કરેલ.

કતલખાનામાં ધકેલાતાં રોજના હજારો પશુઓના કરુણ અંજામનું આ બિહામણું દૃશ્ય છે. અહીં સુસજ્જ થઈને ઉભેલા કસાઈઓના મોં ઉપર પાશવતા ને ઘાતકીપણાનો ભાવ જ જોવા મળતો હોય છે, કારણ કે એમણે આજનું આધુનિક શિક્ષણ લીધેલું હોય છે. એમની સામે જ્યારે આ જીવતાં પશુઓના ચાર પગ દોરડા વડે કચકચાવીને બાંધવામાં આવે છે ત્યારે તેઓ કોઈ હજામ વાળ કાપવા માટે કાતર સાફ કરતો હોય એટલી સાહજિકતાથી ઊભા હોય છે. એમના એક હાથમાં પાતળી, લીસી અને ધારદાર છરી હોય છે, તો બીજા હાથમાં ઉચ્ચ ગુણવત્તા ધરાવતી કાનસ હોય છે, જેના વડે તેઓ છરીને વારંવાર ધાર આપ્યા કરે છે.

જિંદગીના છેલ્લા શ્વાસ ખેંચવા માટે પશુઓ આ સાંકડી જગ્યામાં આપ મેળે આવીને ગોઠવાઈ જતાં નથી. લોખંડના એક ઝાંપા આગળ તેઓને હારબંધ ઊભાં રાખવામાં

આવેલાં હોય છે. અહીં ઊભાં ઊભાં તેઓની સામે જ પોતાના જાતભાઈની ગરદન ઉપર ફેરવાતી છૂરી જોઈને તેઓ બધું સમજી ગયા હોય છે. તેઓના ચહેરા ગમગીન બની ગયા હોય છે. જ્યારે તેઓનો વારો આવે છે ત્યારે તેઓને ખેંચીને, ઢસડીને અંદર ધકેલવામાં આવે છે, ઊભા ઊભા તેમને કાપવામાં સુગમતા નથી રહેતી, એટલે તેઓને ધક્કા મારીને નીચે પાડવામાં આવે છે. તેઓ નીચે પડે એટલે તેઓના ચારે પગને એક જાડા દોરડા વડે કચકચાવીને બાંધવામાં આવે છે. તેઓની ડોકને પકડી રાખવામાં આવે છે અને એકાદ મિનિટની અંદર તો ગળાની અંદર છરી પ્રવેશી જાય છે ધોરી નસ ફાટતાં જ જાણે લોહીનો નળ ખુલ્લો મુકાઈ જાય છે અહીંના વેટરનરી સર્જન ડૉ. ગોરે સમજાવે છે, 'ધોરી નસમાંથી સીધેસીધું લોહીને વહેવા દેવામાં આવે તો એની અંદર બીજી ઘણી અશુદ્ધિઓ પણ ભળી જાય છે. એટલે ધોરી નસ કાપીને તેઓ સીધા જ પોતાની છરી હૃદય તરફ લઈ જાય છે અને એની ઉપર ચીરો પડતાં જ અશુદ્ધિ વગરનું લોહી પ્રાપ્ત થાય છે, જેને એક પહોળા વાસણની અંદર ભરી દેવામાં આવે છે અને પછી પ્લાસ્ટિકની બાલદીમાં ઠાલવી બાજુમાં જ ફીલ્ટરેશન યુનીટમાં લાવવામાં આવે છે, અને એમાં રહેલી માંસની બારીક કણીઓ અલગ કરી લોહીને ટીનમાં ભરવામાં આવે છે. હૃદયમાંથી લોહીનો ધોધ બહાર પડવાની સાથે એક બે આંચકા સાથે ઢોર છેલ્લાં ડચકાં લઈ કાયમ માટે શાંત પડી જાય છે. તેના લોહીથી ખરડાયેલી છરીને લૂછવા માટે કોઈ હાથરૂમાલનો ઉપયોગ થતો નથી. બાજુમાં પડેલા ઢોરના શરીરની રૂંવાટી ઉપર જ તેને ઘસી નાંખવામાં આવે છે અને જમીન ઉપર પડેલા લોહીને પાણીનો મારો ચલાવી આગળ ધકેલી દેવામાં આવે છે.

ઘેટાંબકરાંને કતલ કરવા માટે એક વિશાળ ઊંચી જગ્યા ઉપર લાવવામાં આવે છે, જેની ઊંચાઈ આશરે દસેક ફૂટ હોય છે. આ ઊંચી જગ્યા ઉપર હારબંધ ચડતાં ઘેટાંઓને પછી બેથી ત્રણ ફૂટ સાંકડી નિસરણીમાંથી ખીચોખીચ હારબંધ ધીમેધીમે ઉપર ચડાવવામાં આવે છે. આ નિસરણીનો એક છેડો કતલખાનામાં પ્રવેશ કરતો હોય છે. પ્રવેશદ્વારની પાસે જ એ વિજળીનો કરંટ આપવા માટેનું મશીન રાખવામાં આવેલું હોય છે. એક માણસ 'યુ' આકારના સાણસાને મજબૂતાઈથી બકરીના માથામાં ભરાવે છે અને સ્વીચ ચાલુ કરતાં જ વીજળીનો જબરદસ્ત આંચકો લાગતાં જ પછડાટ સાથે જમીન ઉપર ઢળી પડે છે. તરત જ તેનો એક પગ વીજળીથી ચાલતા યાંત્રિક પટ્ટાના હુકમાં ભરાવી તેનું માથું એક પ્લેટ ઉપર ગોઠવી દેવાય છે. હાથમાં છરી સાથે તૈયાર જ બેઠેલ કસાઈની છરી બે-ત્રણ સેકંડમાં અડધું ગળું કાપી નાખે છે અને તે સાથે જ તેની ડોકમાંથી લોહીનો ધોધ છૂટે છે. આ બધું જ લોહી સીધું નીચેના એક વાસણમાં પડે છે, જે ગળાઈને એક જાડી

નળી વાટે ભૂતલ ઉપર રાખવામાં આવેલી એક મોટી ટાંકીમાં જમા થાય છે. અહીંથી પંપીંગ કરી નળી વાટે તેને બાજુના શેડમાં લાવવામાં આવે છે જ્યાં તે જમા થાય છે.

આ લોહીનો ઉપયોગ દવાઓમાં, ટોનિકમાં અને સૌંદર્ય પ્રસાધનોમાં છૂટથી થાય છે. આવી એક ફેક્ટરી તો કતલખાનાની બાજુમાં જ આવેલી છે એમ જાણવામાં આવ્યું છે.

અડધું ડોકું કપાયેલ બકરાં યાંત્રિક પટ્ટાના ફરવાની સાથે જ ઊંધા માથે લટકતાં આગળ વધે છે. હજી પણ તેઓના શરીરમાં જીવ છે એ દર્શાવવા તેઓના પગ તરતફડિયા મારતા હોય છે. પટ્ટો આગળ વધતાં જ સૌ પ્રથમ તેઓનું અડધું કપાયેલું માથું ઝાટકો મારીને ખેંચી લેવામાં આવે છે અને આવાં કપાયેલાં માથાઓનો મોટો ઢગલો એક વાસણમાં કરવામાં આવે છે, પટ્ટા ઉપર જેમ જેમ આ બકરાંઓ હારબંધ આગળ વધતાં જાય છે તેમ તેમ તેઓના શરીર ઉપરનું ચામડું ઉતારવાની પ્રક્રિયા ચાલે છે. ત્યાર બાદ તેઓના શરીર ઉપર કાપ મૂકી જુદા જુદા અવયવોના અલગ ઢગલાઓ કરવામાં આવે છે. છેલ્લે એક વેટરનરી ડૉક્ટર છરી વડે ઝડપથી તેના પોસ્ટમોર્ટમની વિધિ પતાવતો હોય છે.

આ પ્રક્રિયાઓમાંથી પસાર થયેલાં મૃતશરીરો હવે એ જ પટ્ટા દ્વારા ભૂતલ ઉપર આવે છે, જ્યાં આગળ તેઓના શરીરના લીવર, જઠર, હૃદય વગેરે ભાગો અલગ કરવામાં આવે છે. આ બધા ઢગલાઓ બહાર લોંબીમાં કરવામાં આવે છે જ્યાં આગળ મોટી મોટી લોરીઓ, ટેમ્પાઓ અને હાથગાડીઓ હારબંધ તૈયાર જ ઊભેલી હોય છે. આ બધાં વાહનોમાં ખડકાયેલો માલ વિદેશોની બજારોમાં નિકાસ કાર્યવાહી (પ્રોસેસીંગ) અને પેકીંગ માટે અથવા તો ભારતની સ્થાનિક બજારોમાં વેચાણ માટે ચાલ્યો જાય છે.

પ્રક્રિયામાંથી મરેલાં ઘેટાબકરાંઓને પસાર કરવામાં આવે છે, લગભગ તેવી જ પ્રક્રિયામાંથી સામેના મકાનમાં આવેલ ભેંસ અને બળદોને પસાર થવું પડે છે. તેઓનાં ચામડાંઓના ઢગલાઓનો નીચે ભૂતલ ઉપર ઢગલો કરવામાં આવે છે, જેનું વજન કરી નોંધ કરવામાં આવે છે. બળદ અને ભેંસ જેવાં મોટાં પ્રાણીઓના શરીરમાંથી શીંગડાં અને ખરી જેવી ચીજો નીકળે છે, જેના અલગ ખડકલા મકાનના પાછળના ભાગમાં કરવામાં આવે છે.

## ★ ગર્ભવતી ભેંસની કતલ

પશુ સંવર્ધન ખાતામાં લેવાતી ભેંસ ગર્ભવતી છે કે નહિ તેની ચકાસણી કરવામાં આવે છે. અહીંના કાયદા મુજબ ગર્ભવતી ભેંસની હત્યા કરવાની મનાઈ છે અને એવી

ભેંસોને સર્ટિફીકેટ આપી શકાતું નથી પણ ભેંસ ગર્ભવતી છે કે નહિ તેની ખબર શી રીતે પડે ? કોઈ ગામડાંનો ખેડૂત હોય તો કદાચ નજર નાંખતા જ તે વાતનો એને ખ્યાલ આવી જાય, પણ અહીંના ટ્રેઈન્ડ વેટરનરી ડૉક્ટરોને આ બાબત નક્કી કરવા માટે એક હિચકારી પદ્ધતિનો ઉપયોગ કરવો પડે છે. ભેંસને લોખંડના ચોકઠાની અંદર પ્રથમ તો ચારે બાજુથી જકડી લેવામાં આવે છે. ત્યાર બાદ તેના ગુહ્યાંગ વાટે હાથ અંદર દાખલ કરવામાં આવે છે. આ હાથને બળપૂર્વક લગભગ કોણી સુધી અંદર લઈ જઈ તેના ગર્ભાશયને દબાવીને જોવામાં આવે છે કે ગર્ભ છે કે નહિ. આ સમયે ભેંસને શી વેદના થતી હશે ?

જો કે ગર્ભવતી પૂરવાર થયેલી ભેંસને પાછી લઈ જવાની કડાકૂટમાંથી બચવું હોય તો કાયદામાં એક છટકબારી પણ છે. જો આ ગર્ભ મરેલો જ હોય તો પછી તેની કતલ થઈ શકે છે. કહેવાની જરૂર નથી કે આ છટકબારીનો છૂટથી ઉપયોગ થાય છે. કતલ પછી બહાર આવેલ જીવતા બચ્ચાને મારી નાંખવાની જ તસ્દી લેવાની હોય છે.

## ★ દિલ્હી યુનિ.ના વૈજ્ઞાનિકોનું તારણ : ભૂકંપ જેવી આપત્તિ માટે કતલખાનાં કારણભૂત

જાપાનમાં ભીષણ ભૂકંપ થયો છે. થોડા સમય પહેલાં દિલ્હી યુનિવર્સિટીના ત્રણ વૈજ્ઞાનિકોએ અધ્યયન કરીને સિદ્ધ કર્યું છે કે દુનિયામાં જે ધરતીકંપો થયા છે તેનાં મુખ્ય કારણોમાં જળચર, સ્થળચર અને ખેચર પશુ-પંખીઓ તથા અન્ય પ્રાણીઓની અંધાધૂંધ કતલ છે. આ ત્રણ વૈજ્ઞાનિકોનાં નામ છે : ડૉ. મદનમોહન બજાજ, શ્રી એમ. એસ .ઈબ્રાહિમ અને ડૉ. વિજયરાજ સિંહ. ઉપરોક્ત ત્રણેય વૈજ્ઞાનિકોએ કરેલા અધ્યયનના નિષ્કર્ષ પ્રમાણે પશુઓની હત્યાથી પ્રકૃતિ વિક્ષબ્ધ થઈ ઊઠે છે. એના પરિણામે ભૂકંપ તથા પ્રાકૃતિક વિપદાઓના રૂપમાં તે સામે આવે છે. ભૂકંપનું કેવળ ભૌતિક કારણ નથી, પરંતુ પ્રત્યેક ભૌતિક ક્રિયાનો આધ્યાત્મિક પક્ષ હોય છે. તથા પ્રત્યેક આધ્યાત્મિક ક્રિયાનું એક ભૌતિક પરિણામ હોય છે.ભૂકંપવાળાં ક્ષેત્રોમાં ભૂકંપ પહેલાં પ્રાણીઓના વિચિત્ર વહેવારો જોવામાં આવ્યા છે. પ્રાણીઓના સ્વભાવની વિલક્ષણતાને આધાર માનીને પડતી તિરાડોમાં ઊંડો અભ્યાસ કરીને નિષ્કર્ષ કાઢીને વૈજ્ઞાનિકો દ્વારા તેનું અધ્યયન થયું છે. આ ત્રણ વૈજ્ઞાનિક શ્રી બજાજ, શ્રી ઈબ્રાહિમ અને શ્રી સિંહ ચર્ચિત અધ્યયનોનાં પરિણામ 'બિસ થિયરી' તરીકે ઓળખાય છે. ત્રણેય યુવા વિજ્ઞાનિકોએ ભારતના લાતુર, બિહાર, ઉત્તરકાશી, આસામ, સંયુક્ત અમેરિકા, રૂસ, ચીલી, ઈરાન, ચીન, યુનાન અને જાપાનના ભૂકંપો તથા સંગૃહીત તથ્યોના આધારે વિશ્લેષણ કરવામાં આવ્યું છે. 'પશુઓનાં કતલખાના સાથે ભૂકંપ સંબંધ' આ અધ્યયનથી ચોકાવનારા સિદ્ધાંતો સામે

આવ્યા છે. ૧૯૯૩માં લાતુરમાં ભૂકંપ થયો. મહારાષ્ટ્રમાં ૨૮૨ કતલખાનાં છે. મુંબઈના દેવનાર કતલખાનામાં વર્ષે ૨૦ લાખથી વધારે પશુઓની કતલ થાય છે. ૧૯૩૪માં બિહારમાં થયેલ ભૂકંપ પાછળ કોલકત્તાના કતલખાનાનો પ્રભાવ હતો. એવું જ ઉત્તરકાશીમાં થયેલા ભૂકંપનું પણ છે. પ્રાણીઓની કતલને કારણે ભૂકંપમાં વૈજ્ઞાનિક કારણ શું ? પશુ-પક્ષીઓની કતલ કરવામાં આવે છે ત્યારે તેઓની ચીસો અને ભવામાંથી નીકળતા પીડાના તરંગો અવકાશમાં ફેલાય છે. આ તરંગોની તીવ્રતા પદાર્થના બે ખંડમાં પરસ્પર અથડાય છે. તેમાંથી વિચલન પેદા થાય છે. દબાણ અને વિચલનના કારણે મોટું ત્રુટીક્ષેત્ર (ફલોટ રીજીયન) ઉત્પન્ન થાય છે. આવા ફોલ્ટ રીજીયન્સ વધે ત્યારે ભૂકંપનું કારણ બને છે. ત્યારે પૃથ્વીની ટેક્ટોનિક્સ પ્લેટ્સ એકબીજા સાથે ટકરાય છે અને પૃથ્વીની સપાટી પર તિરાડો પડી જાય છે. પીડા-તરંગોના સંયોજનથી એક પ્રકારના 'અપરૂપણ તરંગો' ઉત્પન્ન થાય છે અને ફેલાય છે. મોટા કતલખાના પાસેની જમીનોમાં એના કારણે જ તિરાડો પડી જાય છે. પૃથ્વીના ચુંબકીય ક્ષેત્રમાં પ્રાણીઓના પીડાતરંગો અથડાય છે, ત્યારે પ્રતિક્રિયા થાય છે અને પ્રચંડ ચુંબકીય પ્રભાવ ઉત્પન્ન થાય છે. તેના કારણે ધરતીકંપની સંભાવના વધી જાય છે. પશુઓની કતલની માત્રા વધે ત્યારે પ્રચંડ ચુંબકીય ધ્વનિ જોઈન્ટ મેગ્નેટ એકાઉન્સસ્ટીક ઈફેક્ટ્સ વધે છે અને વધુ તીવ્ર બને છે. જેથી આઠ રાઈટર સુધી ભૂકંપ થઈ શકે છે. આમ, ભૂકંપનું એક મોટું કારણ કતલખાનાં છે, તેવું દિલ્હી યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોનું તારણ છે.

પ્રાણીઓ - માછલાં - મરઘાં વ.ની હત્યા બંધ કરવા વિરુદ્ધની દલીલ —

જેઓ આ ધંધા દ્વારા જ કમાય છે, તેમની દલીલ એવી હોય છે કે આ હત્યા જો તેઓ બંધ કરે તો હજારો / લાખો લોકો રોજગાર ગુમાવશે. આ દલીલ ખોટી અને વાહિયાત છે. ભારત દેશ આઝાદ થયો ત્યારે આવી કોઈ હત્યા થતી નહોતી. પાછળથી પાશ્ચાત્ય વિચારો - દબાણને કારણે વિદેશીઓની જરૂરિયાતો પૂરી પાડવા નવા નવા હિંસાત્મક ધંધા શરૂ થયા. ભારતીય વિદેશીઓ દા.ત. ૨૦૦૦-૨૦૦૧ના વર્ષમાં રૂા. ૯૦૦૪ કરોડના ચામડાની નિકાસ કરવામાં આવી. જો તે ધંધો બંધ કરવામાં આવે તો આવક બંધ થઈ જાય અને ચામડાના ઉદ્યોગમાં કામ કરતાં ૧૫ લાખ માણસો બેકાર બનશે. હવે જો આ પ્રાણીઓ ન મારીએ તો રૂ. ૧૦,૦૦૦ કરોડનું તો દૂધ જ મળશે અને એક કરોડ જીવો બચી જવાથી પાંચ કરોડ લોકોને રોજગારી મળે. આ પશુઓ ગાડા ખેંચી વર્ષે રૂા. ૧૨,૦૦૦ કરોડની કિંમતનું ૩૦ લાખ ટન પેટ્રોલિયમ બચાવે.

★ મુંબઈનાં દેવનાર કતલખાનામાં એક વર્ષમાં ૧ લાખ ૨૦ હજાર બળદ, ૮૦ હજાર ભેંસ અને ૨૫ લાખ બકરા ઘેટા કપાય છે. જેમાંથી કોર્પોરેશનને ફક્ત રૂપિયા ૪ કરોડની

આવક થાય છે. કતલખાનામાં ૧૫૧૦ કર્મચારીઓ કામ કરે છે. આટલા મોટા પ્રમાણમાં પશુઓની કતલને કારણે ગામડાના લગભગ ૧ લાખ વ્યક્તિઓ દર વર્ષે બેરોજગાર થાય છે. સમગ્ર ભારતના પશુધનનું બજાર મૂલ્ય ૪૦ હજાર કરોડ રૂપિયા છે, જે વર્ષમાં ૪ કરોડ ટન દુધ આપે છે, અને ૧ અજબ ટન છાણ આપે છે. દેશમાં ૧૯ કરોડ ૪૦ લાખ ગાયો, બળદો અને ૭ કરોડ ભેંસ (લગબગ) છે, જે ૪ કરોડ હોર્સ પાવર જેટલી ઉર્જા ઉત્પન્ન કરે છે. દેશની સમગ્ર ઉર્જામાં ૬૬% ઉર્જા પશુઓ મારફતે મળે છે.

કતલખાનામાંથી નીકળતો બગાડ પર્યાવરણને દુષીત કરે છે તે બગાડ કચરા પેટીમાં નાંખવામાં આવે છે જેને કારણે રોગ ફેલાય છે, રાહદારીઓ માટે ચાલવાનું અઘરૂ બને છે. પાણી અને માટી દુષીત થાય છે.

મુસ્લીમો માટે લોહી એ નિષિધ્ધ વસ્તુ છે અને માંસમાં સીધી આડકતરી રીતે લોહી હોય છે.

પર્યાવરણ સુરક્ષા ધારો-૧૯૮૬ અન્વયે પાણી, જમીન, શુધ્ધિકરણ જરૂરી છે, સાથોસાથ મનુષ્ય અને પ્રાણીઓ વચ્ચેના સંબંધો પણ જરૂરી છે. મોટી સંખ્યામાં પશુ ધન અને જીવ જંતુને મારવાથી મનુષ્ય અને જીવ જંતુના સંબંદો પર અસર પડે છે. અમુક પ્રકારના પ્રાણીઓ મારવાથી તેમના દ્વારા મળતા ફાયદા જેવા કે છાણ, ચામડુ, મૂત્ર, ઊન વિગેરેના ફાયદા થાય છે. કતલ ખાનાથી પર્યાવરણ પણ દુષિત થાય છે. હાલ જેટલા ઘેટા બકરા મારવામાં આવે છે, એ જો ન મારવામાં આવે તો તેમનામાંથી ૪૫૦ કરોડ રૂપિયાનું દૂધ મળી શકે. પરંતુ, આવું ન કરતાં આપણે તેમને મારીને ૨૭ કરોડનું ઊન વિદેશમાંથી આયાત કરીએ છીએ.

★ અંગ્રેજોના સમયે આ દેશમાં ૩૦૦ કતલખાના હતાં. સ્વતંત્ર (?) ભારતમાં સરકારી પરવાના વાળા ૩૬૦૩૧ કતલખાના છે. (ગેરકાયદેસરના જુદા). ૨૪ કતલખાના નિકાસલક્ષી (એક્ષ્પોર્ટ ઓરીએન્ટેડ) છે. એટલે કે, આપણા દેશના પ્રાણીઓને મારીને વિદેશીઓનું પેટ ભરવું. અલ કબીરના કતલખાનામાં ૮ કલાકની એક પાળીમાં ૫૦૦ ભેંસ-પાડા અને ૨૦૦૦ ઘેટા બકરાની કતલ થાય છે. મુંબઈના દેવનારનાં દરરોજ ૧૦૦૦ ભેંસ અને ૭ હજાર ઘેટાં, બકરાં, સુવર કપાય છે. હવે તો સરકારે આપણા ખર્ચે 'મીટ કોર્પોરેશન' સ્લોટર હાઉસ કોર્પોરેશન બનાવેલ છે.

★ અલકબીર કતલખાનામાં રોજની ૫૦૦ ભેંસ કતલ કરવાની ક્ષમતા છે. એ પ્રમાણે વાર્ષિક એક લાખ એંસી હજાર ભેંસ કાપી શકાય. આટલી ભેંસ ૯.૮૭ લાખ ટન છાણ આપી શકે. સૂકા છાણાનું વજન અડધુ થાય, એક છાણાનું વજન એક કીલોગ્રામ ગણીએ તો ૩૯.૩૫ કરોડ છાણા મળી શકે અને એક છાણાની કિંમત પચાર પૈસા ગણીએ તો ૨૪.૩૮ કરોડ રૂપિયાનાં છાણા દર વર્ષે મળી શકે. એક ગ્રામીણ સ્ત્રીની માસિક પાંચસો રૂપિયાની આવક મેળવવા તેણે દર વર્ષે બાર હજાર છાણા વેચવા જોઈએ, અને આમ ૪૯.૩૫ કરોડ છાણા ૪૨૧૨૫ મહિલાઓને જીવન નિર્વાહની કમાણી કરાવી શકે. પાડાની એક જોડ એક ખેડુતને

રોજી પુરી પાડી શકે, તેમ બે ભેંસની એક જોડી દૂધ ધ્વારા એક ખેડૂતને રોજી પૂરી પાડી શકે, જો એક લાખ એંસી હજાર ભેંસમાંથી ફક્ત એક લાખ ઉપયોગી ભેંસ ગણાવામાં આવે તો પચાસ હજાર માણસોને રોજી મળી શકે. આમ રોજની ભેંસની કતલને કારણે ૯૨૧૨૫ વ્યક્તિઓની રોજી ઉપર અસર પડે છે. નવું કતલખાનું બનવાથી ફક્ત ૩૦૦ વ્યક્તિને રોજી મળી શકે છે તે જ રીતે અલ કબીરમાં વાર્ષિક પાંચ લાખ સીત્તેર હજાર ઘેટા હોય તેમ માનીએ તો ૨૫ ઘેટી ધ્વારા એક કુટુંબનો નિર્વાહ થઈ શકે, તેથી આવી ૨ લાખ ૮૫ હજાર ઘેટીઓનું દૂધ ૧૧૪૦૦ માણસોને રોજી પૂરી પાડી શકે અને ઉન જે ઘેટા અને ઘેટીમાંથી મળે તેનું વાર્ષિક વળતર દોઢ કીલોગ્રામ ઉન ગણીએ તો ૫ લાખ ૭૦ હજાર ઘેટા પાસેથી ૮.૫૫ લાખ કીલોગ્રામ ઉન મળ જેની કિંમત લગભગ રૂપિયા ૮ કરોડ થાય, આ ઉનની પેદાશ ૪૦ હજાર જેટલા રબારી કુટુંબને નિભાવી શકે.

★ રોજી રોટી અંગે કસાઈઓની જે દલીલ છે તે તેમના ધંધા ઉપર પ્રતિબંધ ન મુકી શકાય કારણ કે જીવ કાપીને આર્થિક ઉપાર્જન કરવાનો એમનો બંધારણીય અધિકાર છે. આ દલીલ સાવ લૂલી છે. આ દલીલ જો સ્વીકારવામાં આવે તે દારૂબંધી હોવા છતાં દારૂ પીવાના, જુગાર બંધી હોવા છતાં જુગાર ખેલવાનો, મદારીઓનો સાપ વિગેરેનો પ્રતિબંધીત પ્રાણીઓ રાખવાનો અધિકાર કાયમ કરવો પડે. આયોડીન વગરનું મીઠુ વેચવાનો અધિકાર, શીકારીઓનો શીકાર કરવાનો અધિકાર કે પારધીઓનો મોર જેવા રાષ્ટ્રીય પક્ષી મારવાનો અધિકાર કે પોર્નોગ્રાફી ફીલ્મ બતાવવાનો અધિકાર, તેનું શું ? જાનવરોની હત્યા રોકવાનો મુળભૂત અધિકાર અને ફરજ તે સર્વોત્તમ છે.

★ ગાય કે બકરીને જીવતા કાપી તેના ગર્ભ ઉપરથી ઉતારી લેવામાં આવેલા ચામડાને ગોસલ્લા કહેવામાં આવે છે. ભારદ દેશમાં ગોસલ્લાનો વેપાર કરતી અનેક પેઢીઓ છે અને સામાન્ય ચામડા કરતાં તેની વીસ ગણી ઉપજ મળતી હોવાથી વિદેશમાં એક્ષપોર્ટ કરવા માટે આવો વેપાર થાય છે અને વિવિધ પ્રકારના પગરખા અને બહેનો માટે કોટ વિગેરે બનાવવામાં તેનો ઉપયોગ થાય છે. જીવતા વાછરડા વગેરે પ્રાણીઓને ભૂખ્યા તરસ્યા રાખી તેમને બિનજરૂરી પાણી પીવડાવી તેમના ચામડાને ફુલાવવામાં આવે છે અને ભૂખ તરસથી રીબાવ્યા બાદ જીવતા પશુનું ચામડુ મશીનથી ઉતારી લેવામાં આવે છે.

★ **નીલગાયની કતલનો વિકલ્પ :**

નીલ ગાય અંગે ૨૦ વર્ષ પહેલા બોરસદ વિસ્તારમાં અમૂલ ડેરીના સહયોગથી દિલ્હીથી કેટલ કેચીંગ સ્કવોડ ટૂકડીને બોલાવીને ૧૨૫ ગાયો પકડી પાંજરા પોળના સહકારથી તે ગાયોને આશ્રય અપાવ્યો હતો, જેમાં સંસદ સભ્ય ઈશ્વરભાઈ ચાવડા અને ડૉ. કુરીયને સક્રિય ભાગ ભજવ્યો. આમ નીલ ગાયને મારી નાખ્યા વિના નીલ ગાયનો પ્રશ્ન ઉકલ્યો.

નીલ ગાય અને ભૂંડને ખેતરથી દૂર રાખવા માટે જાડા સૂકા થોર સળગાવી શકાય, તે

ન મળે તો ગાયનાં શિંગડાની ટોચ (અહિંસક રીતે) અથવા મરેલી ગાયનાં શિંગડા કાપી જમીનમાં રોપી સળગાવી, વચ્ચે મુકવાથી દુર્ગંધ મળે છે જેથી ભેલાણ કરતાં ભુંડ અને નીલ ગાયો (રોઝ) ભાગે છે.

નીલ ગાયને ભગાવવા માટે કે અન્ય પ્રાણીઓને ભગાવવા માટે અમદાવાદનાં એક વિદ્યાર્થીએ સિંહની ગર્જના, બંદુકનો ધડાકો, ફટાકડાનો અવાજ, રેકોર્ડ કરી ચીપ્સમાં લગાવી દીધા. આવું ઈલેકટ્રીક સાધન વીકસાવ્યું કે આવો અવાજ સંભળાય અને પ્રાણીઓ દૂર નાસ ભાગ કરે.

★ તાજેતરમાં કે. એફ. સી. (કેન્ટુકી ફ્રાઈડ ચીકન) અને મેક ડોનાલ્ડ જેવી મલ્ટી નેશનલ કંપનીઓ મારફતે વિવિધ પ્રકારનાં માંસ ઘેર બેઠા મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે, તેજ રીતે રીલાયન્સ કંપનીએ હાઈવે ઉપર ખોલેલા પેટ્રોલ પંપ સાથેના રેસ્ટોરન્ટમાં વેજીરેટીયન અને નોન વેજીટેરીયન ફુડ ભેગુ વેચવામાં આવે છે. એક રિપોર્ટ મુજબ અમેરીકાની અન્ય કંપની યોની લીવર પ્રોકટર અને ગેમ્બલર અને ઉપરોક્ત બે કંપનીને સગવડતા કરી આપવા માટે ભારત સરકારે આયાત કરવાની ચીજ વસ્તુઓની યાદીમાં ઘણી વસ્તુઓ આયાત કરી શકાય તેની પરવાનગી આપી છે.

★ "હોરમલ ફુડસ" આ કંપની લાખો એકર ફળદ્રુપ જમીનમાં ડુક્કર, ઘેટા, બકરા વગેરેની ફક્ત કતલના હેતુથી ઉછેર કરે છે. જીનેટીક એન્જીન્યરીંગનો ઉપયોગ કરે છે. આ પ્રાણીઓને અટકાવવા માટે ખાસ મકાઈ અને સોયાબીન જેવા પાકો લેવામાં આવે છે, જેમાં લાખો હેકટર જમીન રોકાઈ જાય છે અને વિશ્વમાં અનાજની અછત અને ભૂખમરો સર્જાય છે.

★ કોઈ માનવીને અપંગ બનાવીએ કે મારી નાખીએ ત્યારે તેની પત્ની બાળકો, મા-બાપ, સગા વ્હાલાની માનસિક પરિસ્થિત અંગે સ્વાભાવિક રીતે જે ઘણું દુ:ખ વ્યક્ત કરવામાં આવે છે. પ્રાણીઓને મારપીટ કે હીંસા કરતી વેળા આવું કદી વિચારાતું નથી. ડૉ. કુમારપાળ દેસાઈના ગુજરાત સમાચારમાં પ્રકાશિત થયેલ એક લેખમાં તેમણે પ્રાણી સૃષ્ટિ અને પ્રાણી શાસ્ત્રનાં ઉંડા અભ્યાસનાં તારણો રજુ કરેલા છે. પ્રાણીઓમાં માતૃપ્રેમનું વૈવિધ્ય જોવા મળેલ. પાડો વછેરો આ બધા પ્રાણીઓમાં પશુઓ પોતાના બાળનાં ઉછેર માટે ખૂબ જ સાર સંભાળ લેતા હોય છે. બિલાડીનાં બચ્ચાને પકડવા જાવ તો બિલાડી વિફરેલી વાઘણ જેવી બની જાય છે. તેવું જ કૂતરીનું છે. વાંદરી હંમેશા પોતાના બાળકોને ગળે વળગાડીને જ ફરે છે. પક્ષીઓ પણ પોતાના આવનાર બાળકો માટે સલામત જગ્યા શોધે છે. માળો બનાવે છે અને વ્હાલથી પોતાના બચ્ચાનાં મુખમાં ચાંચ ધ્વારા ખોરાક મુકે છે. ઈંડાનું પણ રક્ષણ કરે છે. વંદો ભલે ગંદકીમાં રહેતો હોય, પણ તે પોતાના સગાને ઘણી સારી રીતે રાખે છે. વંદાની માદા યોગ્ય સ્થાન જોઈને જ ઈંડા મુકે છે. ભમરી પોતાના ભાવિ બચ્ચા માટે કાદવનું પારણું ઉભું કરવાની તજવીજ પણ કરે છે. વિવિધ જીવોની હિંસા કરતી વેળા કે તેનો ખોરાક બનાવતા પહેલા શું તેમના માબાપ, ભાઈ બહેનોની લાગણીનો વિચાર કરવો જોઈએ ?

★ ભારતમાં અસંખ્ય પ્રાણીઓની કતલ કરી પ્રાણીઓનાં દૂધની માનવ સર્જીત અછત ઉભી કરી તાજેતરમાં ભારત સરકારે દૂધની વિવધ વસ્તુઓ જેવી કે બટર, દૂધ, પાવડર, ચીઝને વેગેરે આયાત કરવા અંગેની આયાત જકાત ઘટાડી નાંખી હતી જેનો ડૉ. વર્ગીસ કુરીયને સખત વિરોધ કર્યો હતો.

★ તાજેતરમાં શ્રી ગુણવંત શાહ (ગુજરાત સમાચાર) એ ભેંસના પાડા અંગે એવુ સૂચન કરેલ કે કહેવાતા બિન ઉપજાવ પાડાને કતલખાને મોકલવાને બદલે આ પાડાઓને ભાર વહન માટે ગાડે જોડી શકાય. બળદની અવેજીમાં ખેતી કામ માટે ઉપયોગમાં લઈ શકાય. નર પાડાની પાછળ ગાડામાં નાની પાણીની ટાંકી લગાવી પાંજરા પોળની મોટી જગ્યામાં પાણી કે દવા છાંટવાના ઉપયોગમાં લઈ શકાય. નર પાડા જોડી ગાડા ચલાવાય
અને તેની સાથે ડાયનેમો લગાવી રીચાર્જેબલ બેટરી જોડી બેટરી ચાર્જ કરી શકાય.

★ તાજેતરમાં સિધ્ધેશ શાહે જીવદયા પ્રેમીઓ મારફતે આધુનિક કતલ ખાનાને આડકતરૂ પ્રોત્સાહન ન અપાય તે અંગે કલ્યાણમાં લેખ આપેલ. સરકારે વિવિધ નિયમો અને ખાસ કતલ ખાનાનાં નિયમ બનાવેલ છે તે આગળ ધરી સરકાર કતલખાના આધુનિક બનાવવા તૈયાર છે. તાજેતરમાં મિનિસ્ટ્રી ઓફ પ્રોસેસીંગ ઈન્ડસ્ટ્રીઝ, ન્યુ દિલ્હી એ રાષ્ટ્રીય માંસ અને મરઘા ઉછેર વિકાસ બોર્ડ બનાવવાની યોજના જાહેર કરી છે. જેનું મુખ્ય કાર્ય આધુનીક કતલ ખાના વધારવાનું અને વિદેશમાં નિકાસ કરવા માટે ખાસ પ્રકારના મીટ પ્રોસેસીંગ પ્લાન્ટ બનાવવાના છે. ઉપરાંત આ માંસ માટે મરઘા તથા પ્રાણીઓ ખાસ ઉછેરવાનું પણ છે અને તે મારફતે કહેવાતા સ્વસ્થ વર્ધક અને આંતર-રાષ્ટ્રીય ધારા-ધોરણનું મીટ મેળવી પૈસા કમાવવાનું છે. ઉપરાંત માંસ ઉદ્યોગનાં વિવિધ વિભાગો વચ્ચે સંકલન કરીને સીંગલ વીન્ડો પ્રથા દાખલ કરી એમને મદદ કરવાનું છે. (www.mof.po.nic.in)

આજ ખાતા ધ્વારા માંસ ઉદ્યોગને મોટુ પ્રોત્સાહન આપી સમગ્ર ભારતની વ્યક્તિને માંસ અને ઈંડા ખાતા કરવાનું છે.

❀

- એક ગાય, બળદ છોડાવી એક વર્ષનો નિભાવ ખર્ચ રૂા. ૧૨,૦૦૦/-
- એક ઘેટું, બકરું છોડાવી એક વર્ષનો નિભાવ ખર્ચ રૂા. ૬,૫૦૦/-
- એક ઘેટું, બકરું ફક્ત કતલખાનેથી માત્ર છોડાવવાના રૂા. ૧૧૦૦/-
- ગરમ પાણીમાં ઠંડું પાણી ભેળવો નહિ.
- સાબુ એ પાણીના જીવો માટે શસ્ત્ર છે. તેથી નાહતી વખતે શક્ય તેટલો સાબુનો ઉપયોગ ટાળો.
- ઘાસ ઉપર ચાલવું - ફરવું નહિ.
- નિરર્થક જલક્રીડા કે વિહાર કરવો નહિ.

## ગુજરાત રાજ્યના સરકાર માન્ય કતલખાનાં અને દરેક કતલખાના માટે માન્ય ક્વોટા

ગુજરાત સરકારના તા. ૧૫-૧૦-૧૯૭૬ના ગેઝેટથી જાહેર થયા મુજબ રાજ્યમાં નીચેના ગામ-શહેર માટે સત્તાવાર કતલખાનાં અને કતલ માટેનો ક્વોટા નક્કી થયેલ છે. ત્યાર બાદ કોઈ જ વધારો-ઘટાડો આજદિન સુધી થયો નથી.

| અ.નં. | સ્થળ | એક અઠવાડિયામાં વધુમાં વધુ ભેંસોની કરવાપાત્ર કતલની સંખ્યા | એક અઠવાડિયામાં વધુમાં વધુ સાંઢ અને બળદોની કરવાપાત્ર કતલની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૨૧૨ | ૩૬૩ |
| ૨. | ધોળકા | ૫ | ૧૦૦ |
| ૩. | કલોલ (જી. મહેસાણા) | ૪ | ૫ |
| ૪. | છોટાઉદેપુર | ૭ | ૨ |
| ૫. | સુરત | ૧૦૦ | ૨૦ |
| ૬. | રાંદેર | ૧ | ૫ |
| ૭. | કપડવંજ | ૪૦ | ૬ |
| ૮. | બોરસદ | ૧૪૧ | ૧૫૮ |
| ૯. | નડિયાદ | ૧૩૨ | ૪૪ |
| ૧૦. | પેટલાદ | ૩૫ | ૩૫ |
| ૧૧. | ખંભાત | ૩૫ | ૨૮ |
| ૧૨. | ભાલેજ | ૪૦ | ૧૦ |
| ૧૩. | આણંદ | ૪૫ | ૨૮ |
| ૧૪. | બાલાસિનોર | ૭ | ૧૪ |
| ૧૫. | ગોધરા | ૨૨ | ૭૫ |
| ૧૬. | દાહોદ | ૧૨ | ૧૦૦ |
| ૧૭. | લુણાવાડા | – | ૭ |
| ૧૮. | ભરૂચ | ૬૦ | ૨૦ |
| ૧૯. | અંકલેશ્વર | ૧૬ | ૫ |

| | | | |
|---|---|---|---|
| ૨૦. | જંબુસર | – | ૧ |
| ૨૧. | વલસાડ | – | – |
| ૨૨. | જૂનાગઢ | ૧૭૭ | – |
| ૨૩. | ઉના | ૩૦ | – |
| ૨૪. | કુતિયાણા | ૧૫ | – |
| ૨૫. | માંગરોળ | ૮૦ | – |
| ૨૬. | રાજકોટ | ૪૦ | – |
| ૨૭. | ધોરાજી | ૧૫૦ | – |
| ૨૮. | ગોંડલ | ૨૫ | – |
| ૨૯. | માળિયામીયાણા | ૭ | – |
| ૩૦. | દસાડા | ૭ | – |
| ૩૧. | ભાવનગર | ૧૮ | – |
| ૩૨. | મહુવા | ૬ | – |
| ૩૩. | સિદ્ધપુર | – | – |
| ૩૪. | બીલીમોરા | – | – |
| ૩૫. | ધરમપુર | – | – |
| ૩૬. | જામનગર | – | – |
| ૩૭. | ઉપલેટા | – | – |
| ૩૮. | રાણાવાવ | – | – |

નોંધ : ગૌવંશની હત્યા પર પ્રતિબંધ મૂકતા કાયદાને સર્વોચ્ચ અદાલતે બંધારણીય ગણાવતાં, ઉક્ત છેલ્લી કોલમ જે જે સાંઢ અને બળદોની કતલનો ક્વોટા નક્કી કરે છે તે આપોઆપ રદ થાય છે, કારણ કે હવે સમગ્ર ગુજરાત રાજ્યમાં સાંઢ અને બળદની કતલ પર સંપૂર્ણ પ્રતિબંધ છે.

# મત્સ્યઉદ્યોગ

''પાણીમાંથી પૈસા પણ પાપના'' એક અંદાજ મુજબ સમગ્ર ભારતમાં સને ૨૦૦૦-૦૧ના વર્ષમાં ૫.૬, ૫.૬ લાખ ટન માછલાંનું ઉત્પાદન થયું. (ઉત્પાદન શબ્દ ખોટો છે, તેટલા જીવો પકડી તેની હિંસા કરવામાં આવી.)

આજે ગુજરાતમાં માછલાં મારવાનો ઉદ્યોગ ખૂબ વિકસી ગયો છે. અહિંસા પ્રધાન ભારતભૂમિ અને તેમાંય જૈન ધર્મને વરેલા અહિંસાપ્રેમી ગુજરાતમાં મત્સ્ય-હિંસા વ્યાપક પ્રમાણમાં થાય છે. ગુજરાતી પ્રજાનો વિનાશ નોતરનારી, અહિંસક પ્રજાની ભાવના દુભાવનારી આ પાપી પિશાચી પ્રવૃત્તિને અટકાવવી જરૂરી છે.

આજે ભારત સરકારના પ્રધાનોના દિલે દેશદાઝ નથી, દયા કરુણા નથી અને પોતાની આગવી સત્‌વિચારસરણી પણ નથી. ભારત સરકાર તો 'યુનો' રૂપી મદારીનો વાંદરો જ છે. એ નચાવે એમ એણે નાચવાનું. ભારતીય સંસ્કૃતિ ને સિદ્ધાંતોનો વિનાશ નોતરીને પણ યુનો કહે તેમ જ કરવાનું. એ ભારત સરકાર ગુજરાત સરકારને આદેશ આપે તેમ ગુજરાત સરકાર કરતી હોય છે, એટલે આ પાપલીલા સમેટી લેવાની અપેક્ષા સરકાર પાસેથી ન જ રખાય. જો ગુજરાતી પ્રજામાં સંપ હોય, હૈયામાં હામ હોય ને દયા-કરુણાનો સ્રોત વહેતો હોય ને ઝઝૂમવાની તાકાત હોય તો જ આ પ્રવૃત્તિ અટકી શકે. ગુજરાતી પ્રજા પાપ-પ્રવૃત્તિ સામે લડવાની તાકાત વગરની હોવાથી જ ગુજરાતમાં માછલાં મારવાનો ઉદ્યોગ ફેલાઈ ગયો.

ધીરે ધીરે ગુજરાત સરકારની આંખ કચ્છના સરોવર ઉપર મંડાઈ અને કચ્છના સરોવરોમાં મત્સ્ય ઉદ્યોગ વિકસાવવા માટે ટેન્ડર મંગાવવામાં આવ્યા, પણ કચ્છની પ્રજામાં તો દયા ને કરુણાનો સ્ત્રોત વહે છે એ પશુઓને પુત્રવત્ પાળનારી, અહિંસાપ્રેમી અને ખમીરવંતી પ્રજા છે. એમણે સરકાર સામે લડત ઉપાડી. ધર્મ કે જાતિના ભેદભાવ વગર સૌ સંપી ગયા ને સરકાર સામે ઝઝૂમ્યા. જ્યાં સંપ છે, સુલેહ છે ને હૈયામાં હામ હોય ત્યાં યશ મળે જ. સરકાર ઝૂકી ગઈ. માનવંતી કચ્છી પ્રજાની જીવદયાની પ્રચંડ લાગણીનો વિજય થયો. કચ્છના ગામડાંઓનાં જળાશયોમાં મચ્છીમારી કરવાનો ઈજારો ન આપવાનો નિર્ણય લેવાયો. ગુજરાત સરકારના એ વખતના મત્સ્યોદ્યોગ ખાતાના નાયબ મંત્રી લક્ષ્મણભાઈ પરમારના તા. ૨૪-૮-'૯૭ના આદેશ નં. ૫૦૫૮/૯૭ અનુસાર માછીમારી માટેના ટેન્ડરોની કાર્યવાહી નહીં કરવા મત્સ્યોદ્યોગ કમિશ્નરને સૂચના આપવામાં આવી છે. સત્ય ને અહિંસાને ટકાવવા સંપ ને જૂથનું આ છે શુભ પરિણામ.

હવે ગુજરાતમાં મત્સ્યોદ્યોગ કેમ વિકસ્યો તે જોઈએ. માછલી મારવાના પાપી ને ક્રૂર કામમાં પ્રજાજનો ને ખેડૂતો જોડાય જ નહીં, પરંતુ ભોળા ખેડૂતોની મનની દિશા પલટાવી દઈએ તો જ આ કામમાં આગળ વધી શકાય. આવું વિચારીને ગુજરાત સરકારે માછલાં

મારવાના કાર્યક્રમને નવું લોભામણું નામ આપી દીધું. ''માછલાની ખેતી એવા જ બીજા નામ આપ્યા.'' ''મત્સ્યોદ્યોગ'', ''મત્સ્ય ઉછેર વ્યવસાય'' આવા રૂપાળાં નામો આપીને સરકાર પ્રજા સાથે રમત રમી ગઈ ને પ્રજાને વધારે પૈસા કમાવવાનો કિમિયો બતાવ્યો. કેટલાક પ્રજાજનો પૈસાની લાલચમાં. કેટલાક ભોળા ભાવે અજ્ઞાનતાથી ફસાયા.બહુ થોડી પ્રજાએ વિરોધ કર્યો, પણ સંપ ને સુલેહ વિનાનો એ વિરોધ વામણો પૂરવાર થયો ને અહિંસા પ્રધાન ગુજરાતમાં આ ભયાનક હિંસાનો ધંધો ફાલ્યો-ફૂલ્યો. તિર્યંચ, પંચેન્દ્રિય જીવો મોટા પ્રમાણમાં હણાય છે.

પશુ-જગતને જીવંત રાખી પ્રજાને વધારે ધંધામાં કેમ પરોવી શકાય ને પ્રજા તેમ જ રાષ્ટ્રને કેમ સમૃદ્ધ બનાવી શકાય એ વિચારવાનું કૌવત ગુજરાત સરકાર પાસે નથી ને ભારત સરકાર પાસેય નથી. ક્યાંથી હોય ? એમની પાસે દેશદાઝ નથી, પોતાની મતિ નથી એ તો ''યુનો''ની ગુલામી છે. યુનોના હુકુમત તળે નાચે છે. ને પ્રધાનો કૌભાંડો કરીને પ્રજાના પૈસા પોતાની તિજોરીમાં ભરી લેતા હોય છે પછી ''નબળો નર બેરી પર શૂરો''ના ન્યાયે તિર્યંચ સૃષ્ટિને મારી-કાપીને એમનાં ચામડાં અને લોહી માંસમાંથી વિદેશી હૂંડિયામણ કમાવા ઈચ્છે છે.

આમ પશુહિંસા વૃક્ષહિંસા ને મત્સ્ય હિંસાથી કુદરતની સમતુલા વિના પામે છે, આવાં પાપી કામોથી પર્યાવરણ દૂષિત બને છે.

ગુજરાતના ઘણા ખેડૂતોએ પૈસાની લાલચે પોતાના ખેતરોને તળાવોમાં ફેરવી નાખ્યાં ને ''માછલાની ખેતી'' રૂપી પાપી ને ખૂની ઉદ્યોગમાં પરોવાયા છે. આ કારણે ગુજરાતમાં અનાજનું ઉત્પાદન ઘટી ગયું. ગુજરાતનાં ઘણાં ગામડાંમાં ફળ-ફૂલના બગીચાની જેમ ''ફીશ ફાર્મ ઊભા થવા લાગ્યા છે.'' 'ઝીંગા'ને એવી કોઈ જાતની માછલીઓનો ઉદ્યોગ ખીલવવામાં આવે ત્યાં જળાશયના મીઠા પાણીમાં ખારાશ આવી જાય છે. આવા ખારા પાણીથી ખેતી ઉપર માઠી અસર પડે છે ને પીવાના પાણીનાં પણ ધાંધિયાં થાય છે. આજે ઘણા સ્થળે મીઠાં પાણી ખારાં પાણીમાં ફેરવાઈ ગયાં છે ને ત્યાંના લોકોને પીવાનું પાણી ટેંકરોથી પહોંચાડવું પડે છે. આ વિનાશી ને ખતરનાક ઉદ્યોગ અટકાવવામાં નહીં આવે તો એક દિવસ એવો આવશે કે જ્યારે લોકો પાણી વિના તરફડીને મરી જશે. આંધ્રપ્રદેશ, ઓરિસ્સા અને મહારાષ્ટ્રમાં સર્વત્ર માછલીઓ મારવાનો ઉદ્યોગ વિકસાવવામાં આવ્યો છે.

આ પાપી ધંધાના વિકાસથી અનાજ પાણી ખારાં થશે ને સાથે સાથે દયાનાં ઝરણાં સુકાઈ જશે ને ત્યાં નિર્દયતાનું રણ ફેલાઈ જશે, પરંતુ યુનોની ગુલામ આ દેશની સરકાર કંઈ જ કરી શકવાની નથી. ચેતવું હોય તો આ દેશની પ્રજાએ જ ચેતવાનું છે ને સજીવ સૃષ્ટિને બચાવવા માટે સંગઠન કરીને ઝઝૂમવાનું છે. સરકાર સામે જોરદાર અસહકાર ભરી લડત

આપવાની જરૂર છે. પીછેહઠ કરવાની નથી, લોભામણી લાલચોમાં ફસાવાનું નથી. યાહોમ કરીને આગળ ધપો ને આખર વિજયને વરો.

માછલી મારવાનું કામ મોટે ભાગે અભણ અને પૈસાના લાલચુ માણસો જ કરતા હોય છે. જીવદયાવાળી સંસ્થાઓની ફરજ છે કે સરકારને આવેદનપત્રો આપી માછલી મારવાની સગવડો બંધ કરે. બેંકોને જણાવે કરે કે 'અમારા પૈસા માછલા મારનારને ન આપવા.' ઉપરાંત ગામેગામ પ્રવચનો ગોઠવી લોકોને હિંસાના પાપનાં પરિણામો સમજાવવાં. તેમને વૈકલ્પિક કામગીરી પૂરી પાડવી. ફક્ત આ લેખ લખવાથી કે ભાષણ આપવાથી આ પ્રશ્નનો નિકાલ આવશે નહીં.

હકીકતમાં તો સરકારના જળસંપત્તિ વિભાગે પર્યાવરણીય સંરક્ષણ કાયદાનો ઉપયોગ કરવો જોઈએ, કારણ કે માછલાં મારવાથી જળસૃષ્ટિ અને જળને નુકસાન થાય છે જ.

સર્વ વાચકોએ આ અંગેના પોતાના વિરોધપત્રો મુખ્યમંત્રી તથા મત્સ્યોદ્યોગ ખાતાના મંત્રીને મોકલવા જ જોઈએ.

ગુજરાતના કૂદકે ભૂસકે વિકસતાં જતાં માછલાં મારવાના કેન્દ્રો પૈકીનું વલસાડ એ અગત્યનું કેન્દ્ર છે. અહીં મત્સ્યોદ્યોગ અધિક્ષકની કચેરી પણ આવેલી છે. વળી અહીં માછીમાર યુવાનોને માછલાં મારવાની તાલીમ પણ આપવામાં આવે છે. માછલાં પકડવાની હોડીના યાંત્રિકકરણના કાર્યક્રમ હેઠળ હોડીઓમાં યંત્રો બેસાડવાં, યંત્રોની મરામત કરવી વગેરે કાર્ય માટે વલસાડ ખાતે મદદનીશ યાંત્રિક ઈજનેરની કચેરી આવેલી છે.

આ વલસાડની અંદર માછલાંનું ઉત્પાદન ખૂબ મોટા પ્રમાણમાં થઈ રહ્યું છે. સાથે સાથે નકામી માછલીઓ પણ ખૂબ આવી જાય છે. આવી નકામી માછલીઓને અન્નકાહારીઓના ખોરાકમાં શી રીતે ઘુસાડી દેવી એનું શિક્ષણ આપવા માટે સરકારી પ્રયત્નો ઘણાં થયાં છે.

અત્યારે ગુજરાતમાં માછલાં મારવાની દસ હજાર યાંત્રિક તેમજ બિનયાંત્રિક હોડીઓ કામ કરી રહી છે. આ સાથે આશરે સાડા ત્રણ લાખ જેટલી માછલી મારવાની જાળીઓ માછીમારોને લોનથી આપવામાં આવી છે. ગુજરાતમાં માછલાં મારવાનો આ ઉદ્યોગ માત્ર દરિયાકાંઠા સુધી જ મર્યાદિત રહ્યો છે. દરિયાકાંઠે માછલાં મારવાના ૧૬૦ કેન્દ્રોની સામે જેને સરકારી પરિભાષામાં (inland fishing) કહેવામાં આવે છે તે દરિયાકિનારા સિવાયના વિસ્તારોમાં પણ, માછલીઓ પકડવાનાં ૩૦૦ કેન્દ્રોનો વિકાસ ગુજરાતમાં થઈ ગયો છે.

ગુજરાતમાં ઉકાઈ, કાકરાપાર કે આજી – જે સિંચાઈના ડેમ બંધાય છે. ત્યાં આગળ મત્સ્યોદ્યોગ કેન્દ્રોના જાણીતાં મોટાં નવ ઉદ્યોગગૃહોએ મસ્ત્યોદ્યોગ ક્ષેત્રે પદાર્પણ કર્યા છે. કેન્દ્ર સરકારે આ કંપનીઓને વિદેશી ફીશીંગ જહાજોની આયાત કરવાની પણ મંજૂરી આપી છે.

★ મત્સ્ય ખાતા અને મત્સ્ય ઉદ્યોગ નિયામકની વિવિધ યોજનાઓમાં સામાન્ય માનવીને વિવિધ પ્રકારની માછલીઓ પકડવાની અને જાળવવાની ટ્રેનીંગ આપવામાં આવે છે, તેને માટે સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવે છે. ગ્રામ્ય તળાવમાં મત્સ્ય ઉછેર માટે ગ્રામ પંચાયતની સંમિતથી જિલ્લા વિકાસ અધિકારી ઈજારા આપે છે. તે અંગે તળાવ સુધારણાના હેતુ માટે પ્રતિ હેકટરે રૂા. ૬૦/- ના ખર્ચ ઉપર ૨૦ ટકા લેખે રૂા. ૧૨ હજાર જેટલી રાહત આપવામાં આવે છે. તળાવમાં સંગ્રહ કરવામાં આવતા માછલીનાં ઈંડા ખોરાક અને ખાતર (?) ઉપર પ્રતિ હેકટરે રૂા. ૩૦ હજાર સુધીના ખર્ચ ઉપર ૨૦ ટકા લેખે રૂપિયા ૬૦ હજાર સુધીની રાહત ચુકવવામાં આવે છે. ઉપરાંત મત્સ્ય ખેડૂત (?) ને તે અંગેની તાલીમ આપી દૈનિક સૌ રૂપિયા લેખે શિષ્યવૃત્તિ ચુકવવામાં આવે છે. પોતાની માલિકીની જમીનમાં તળાવ બનાવી મત્સ્ય ઉછેર માટે પ્રતિ હેકટરે રૂપિયા બે લાખ સુધીના ખર્ચ ઉપર વીસ ટકા લેખે રૂપિયા ૪૦ હજાર અને અનુસુચિત જાતિ અને જન જાતિના કિસ્સામાં પ્રતિ હેકટરે પચાસ હજાર નાણાંકીય રાહત આપવામાં આવે છે. સિંચાઈ જળાશયોમાં માછલીના ઈંડા સંગ્રહ, ખરીદી, પરિવહન માટે પચાસ ટકા રાહત આપવામાં આવે છે. તે અંગે ધંધો કરનાર વ્યક્તિને બોટ અને જાળની ખરીદી ઉપર પચાસ ટકા રાહત ચુકવવામાં આવે છે. પકડાયેલ માછલીનું વેચાણ કરવા માટે સાયકલ અને ફીશ બોક્ષની ખરીદી માટે રૂપિયા ૨ હજાર સુધીની ખરીદી ઉપર રૂપિયા એક હજાર સુધીની સહાય ચૂકવવામાં આવે છે. અનુસુચિત જાતિની વ્યક્તિને રૂપિયા ચાર હજાર સુધીની ખરીદી ઉપર રૂપિયા બે હજાર સુધીની નાણાંકીય સહાય આપવામાં આવે છે. અનુસુચિત જાતિની મહિલાઓને માછલીના વેચાણા માટે રૂપિયા બે હજાર સુધીના સહાય આપવામાં આવે છે. મત્સ્ય ઉદ્યોગ વિભાગ દ્વારા માછલીઓના ઈંડા ઉછેરવા અંગે વિવિધ પ્રકારની સહાય આપવામાં આવે છે. ઘર વિહોણા અથવા કાચુ મકાન ધરાવતા મત્સ્ય ઉદ્યોગ સહકારી મંડળીઓના સભ્યોને ૩૫ ચો.મી.ના આવાસ બનાવવા માટે રૂપિાય ૪૦ હજારની મર્યાદામાં સહાય આપવામાં આવે છે. માછીમાર જુથ વિમા યોજના અન્વયે માછીમારના અકસ્માત મૃત્યુ અંગે રૂા. ૩૫ હજાર તથા અન્ય કીસ્સામાં રૂા. ૧૭,૫૦૦/- વીમા વળતરની જોગવાઈ છે અને આ વિમાનું પ્રીમિયમ કેન્દ્ર અને રાજ્ય સરકાર ચુકવે છે. આધુનિક સાધનો ધ્વારા માછીમાર ક્ષેત્રમાં ક્રાંતિ લાવવા ગુજરાત સરકારના પ્રયત્નો છે અને સેટેલાઈટ ધ્વારા પોટેન્શીયા ગ્રાઉન્ડસ નક્કી કરી માછીમારોને માછીમારી માટે જણાવવામાં આવે છે.

મત્સ્ય ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી ભારત સરકારના ડીપાર્ટમેન્ટ ઓફ એનીમલ હસ્બન્ડરી અને ડેરી, ફીશરીઝ ડીવીઝન, મીનીસ્ટ્રી ઓફ એગ્રીકલ્ચર્સની સૂચના હેઠળ કામ કરે છે.

હાલ ઝીંગા ઉછેર (સ્કેમ્પી) ને ઘણું મહત્વ આપવામાં આવે છે. લગભગ વર્ષ ૨૦૦૦માં ભારતમાં ૨૪૨૩૦ ટન ઝીંગાને જન્મ આપી પકડી મારી નાખી વેચાણ કરેલ છે. એક અંદાજ

મુજબ ૩૦ કરોડ ઝીંગાનું ઉત્પાદન ફક્ત ગુજરાતમાં થાય છે અને ૧૪૪૭ મિલિયન ઝીંગાનો ઉછેર અને વેચાણ સમગ્ર ભારતમાં થાય છે. આમ અબજોની સંખ્યામાં ઝીંગા (જે પણ જીવ છે) તેને જન્મ આપી મારી નાખવામાં આવે છે. આ ઝીંગાને ચોખા, કુશ્કી, સીંગ, ખોળ, માછલીનો પાવડર, કતલખાનામાંથી મળતુ નકામું મટન ખોરાક તરીકે આપવામાં આવે છે.

આ ઝીંગા ઉછેરવા માટે હેચરી (ઉત્પાદન સ્થાન) બનાવવા માટે લગભગ પાંચ લાખ રૂપિયાની નાણાંકીય સહાય આપવામાં આવે છે. ચીલ્ડ રૂમ બનાવવા માટે રૂપિયા ત્રણ લાખ, ઉત્પાદન વધારવા નવુ ફાર્મ બનાવવા માટે રૂપિયા બે લાખ, હેચરી વાર્ષિક રૂપિયા દસ લાખ મીલીયન ઝીંગા ઉછેરે તે માટે લગભગ પાંચ લાખ રૂપિયા સુધીની સહાય ઉપરાંત ટેસ્ટીંગ કીટ ખરીદવા માટે વ્યક્તિદીઠ ત્રીસ હજાર રૂપિયા સુધીની સહાય માટે દસમી પંચ વર્ષીય યોજનામાં રાજ્ય સરકારે મત્સ્ય ઉદ્યોગના વિકાસ માટે ૭૮ કરોડ રૂપિયાની જોગવાઈ કરેલ છે. જો કે, સરકારને સારા ઝીંગા બતાવવા માટે ચોવીસ પ્રકારની વિવિધ એન્ટીબાયોટીક દવા ઝીંગા ઉછેર વાળા વાપરે છે અને તેથી સરકારે તેના ઉપર પ્રતિબંધ મુકેલ છે. માછલાને રોગ થતો અટકાવવા ઝીંગા ઉછેર તળાવમાં રસાયણોનો ઉપયોગ કરવામાં આવે છે જેમાંથી નીકળતા પાણીની કોઈ ટ્રીટમેન્ટ કરવામાં આવતી નથી. માછલીના ખોરાક માટે સુક્ષ્મ જીવો ઉત્પન્ન કરવા માટે રાસાયણિક ખાતરનો બહોળો ઉપયોગ કરવામાં આવે છે. ઝીંગા ઉછેર તળાવમાંથી શીકારી માછલી કે જીવો તથા અન્ય જીવોના નીકાલ માટે દવાઓનો ઉપયોગ કરવામાં આવે છે. મોટા ભાગના આવા દ્રવ્યો ટોક્સિક હોય છે અને તળાવનાં પાણી, માટી, જીવો, આજુબાજુના જીવોને વિપરીત અસર કરે છે.

## "સી ફૂડ" ખાવ ને પેટમાં પારો પધરાવો

કાલી નદીની ગુણવત્તા નક્કી કરવા હાથ ધરાયેલા એક સર્વેક્ષણમાં જાણવા મળ્યું હતું કે તેના પાણીમાં લિટર દીઠ બાર મિલિગ્રામ પારો હતો. તે નદીની દરેક માછલી પ્રદૂષિત થયેલી હતી. કાલી નદીને કાઠે આવેલી વેસ્ટર્ન પેપર મિલ્સમાંથી દરરોજ આ હાનિકારક ધાતુ નદીમાં ઠલવાય છે. હકીકતમાં ભારતની દરેક નદીમાં પારાનું પ્રમાણ ખૂબ ઊંચું છે. પાણીમાં પારાની સલામત માત્રા આંતરાષ્ટ્રીય ધોરણો મુજબ એક અબજમાં એક ભાગ નક્કી કરાઈ છે. જ્યારે ભારતની માછલીઓ આનાથી હજાર ગણો પારો ધરાવતા પાણીમાં રહે છે. વિશ્વમાં વિજ્ઞાન વિશારદોને પ્રતીતિ થઈ છે કે આ પારાનું ઝેર દરિયાઈ ખોરાકમાં ઘણું વ્યાપી ગયું છે. પારા અને સ્વાસ્થ્ય વચ્ચેના સંબંધ વિશે સેંકડો અભ્યાસો તબીબી સામયિકોમાં હવે પ્રાપ્ય છે.

માછલી ખાનારા પુરૂષોના શરીરમાં પારાનું પ્રમાણ ઘણું વધારે હોય છે. જેમ આ પારાનું પ્રમાણ ઊંચું તેમ હૃદયરોગનું જોખમ વધુ. તેનાથી હૃદયરોગના તીવ્ર હુમલાની શક્યતા ૬૦ ટકા અને હૃદયની તકલીફથી થતા મૃત્યુનું જોખમ સિત્તેર ટકા જેટલું વધી

જાય છે.આ પારો ગર્ભાશયમાં પણ જઈ શકે અને એમ ગર્ભને માટે જોખમી બની શકે છે. અમેરિકાના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન વિભાગે આ માટે જ સગર્ભા સ્ત્રીઓ, સગર્ભા થઈ શકે તે ઉંમરની સ્ત્રીઓ તથા બાળકોને દરિયાની મોટી માછલીઓ ખાવાની ના પાડી છે. તેનાથી જ્ઞાનતંતુને નુકશાન થાય છે, બાળકોનું બુદ્ધિમત્તાનું સ્તર નીચું આવે છે અને તેમનામાં વર્તનલક્ષી સમસ્યા સર્જાય છે.

પારાના વિષને કારણે થાક, માથાનો દુઃખાવો, યાદશક્તિમાં ઘટાડો, સ્નાયુઓનો દુઃખાવો, વાળ ઉતરવા, સાંધાનો દુઃખાવો જેવી તકલીફો થાય.

'કેલિફોર્નિયા મેડિકલ એસોસિએશન' એ કેલિફોર્નિઅન તબીબોનું સૌથી મોટું સંગઠન છે. તેણે સૂચન કર્યું છે કે માછલીઓ સાથે લેબલ પણ હોવું જોઈએ, જેમાં પારાથી થતાં જોખમોનો ગ્રાહકોને ખ્યાલ આપવો જોઈએ.

પર્યાવરણ નિષ્ણાંતોનું માનવું છે કે પારાના જોખમો વિશે જોઈએ તેવી કાળજી દાખવાતી નથી, કારણ માછલીઓમાં પારાનું પ્રમાણ છે એ વિશે સરકારો જ ચૂપકીદિ સેવવામાં માને છે, કેમકે તેમને માછલી ઉદ્યોગ ભાંગી પડવાની બીક છે. અરે, હાલ જે ચેતવણીઓ અસ્તિત્વમાં છે તેની પણ યોગ્ય જાહેરાત કરવામાં નથી આવતી. આજે પણ તબીબો અને ડાયેટિશિયનો માછલી ખાવાનું સૂચન કરે છે અને કહે છે કે માછલીમાં તો બહુ પ્રોટીન હોય તેમજ ઓમેગા-૩ ચરબીયુક્ત એસિડ હોય.

મુખ્યત્વે કોલસાથી સંચાલિત ઊર્જા પ્રકલ્પો, કોસ્ટિક સોડા, કાગળના પ્રકલ્પો અને સોનાચાંદીની ખીણો હવામાં પારો ઠાલવે છે. થર્મોમીટરો, કોમ્પ્યુટરો, સ્વિચો, મર્ક્યુરિક ઓક્સાઈડ બેટરીઓ, ફ્લોરેસન્ટ લેમ્પ્સ, દિશાસૂચક સાધનો અને દાંત માટે વપરાતાં પારદ તથા અન્ય ધાતુના રસાયણિક મિશ્રણોમાં પારો વપરાય છે. એ બધામાંથી છેવટે તે આવીને અટકે છે તળાવો, નદીઓ કે દરિયામાં. ત્યાં માછલીઓના પેટમાં જાય છે અને માનવી એ માછલીઓ ખાય છે, ત્યારે તે પારો માનવીના પેટમાં પગરણ કરે છે.

★ ગુજરાત રાજ્યમાં વધારે પડતા મત્સ્ય ઉદ્યોગને પ્રોત્સાહન આપવાથી અનેક પ્રકારનાં જળચરની સંખ્યા ઘટી ગઈ છે તે અંગે ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ ડીપાર્ટમેન્ટ એન્ડ રિસર્ચ એક રીપોર્ટ બહાર પાડી તે અટકાવવા માટે પ્રયત્ન કરવા અપીલ કરેલ છે.

★ તાજેતરમાં પૂજ્ય મોરારી બાપુએ વેરાવળના દરીયામાં થતા લાખો વ્હેલમાં જીવ સંહાર બંધ કરાવવા માટેની ઘા નાંખી છે. જે માછીમાર પોતાની જાળમાં આવેલ વ્હેલ માછલીને છોડી દેશે અને પોતાની જાળ કાપશે તેમનું સન્માન પૂજ્ય મોરારી બાપુ કરશે.

# ઈંડાં અને પોલ્ટ્રીફાર્મ (મરઘાં ઉછેર (?) કેન્દ્ર)

એક અંદાજ પ્રમાણે સને ૨૦૦૦-૦૧માં ફક્ત ભારત દેશમાં ૩૧ અબજ ઈંડાંનું ઉત્પાદન થયું. એનો અર્થ એ કે ૩૧ અબજ જીવો જે ઈંડાંમાં કેદ હતા તેમનો જન્મ થવા ન દઈ આપણી સરકારે લોકોને ઈંડાં ખવડાવી તેટલા જીવોની હિંસા કરાવી. આ ફક્ત એક વર્ષનો આંકડો છે.

કોઈ પણ જીવનો જીવન જીવવાનો હક્ક છીનવી લેવો, તેનાથી વિશેષ ક્રૂરકૃત્ય બીજું કયું હોઈ શકે ? મરઘીનું ઈંડું કે જેમાંથી ભવિષ્યના થનારા સુંદર શિશુના આગમન પહેલાં જ એને વિદાય કરવાનું કેટલા અંશે યોગ્ય છે ? માત્ર વેદ-પુરાણો જ ઈંડાંના આહારના વિરોધી નથી, હવે તો વિજ્ઞાન પણ માનતું થઈ ગયું છે કે ઈંડાં રોગજનક છે. ઈંડાંના આહારથી કેન્સર તથા એથી પણ વધુ ભયાનક બીમારી ''સેલોનાસીસ'' થવાની શક્યતા છે.

ઈંડાનો આહાર લઈને આપણે ભાવિશિશુને તો હણી જ નાખીએ છીએ, પરંતુ તેના કારણે મરઘીને પણ કેવી યાતના વેઠવી પડે તેની કલ્પના સુદ્ધાં છે તમને ? જનેતા પાસેથી બાળક છીનવી લેવાની હિંસક વૃત્તિ તો પૂર્વે કંસ જેવા રાજાઓ પાસે જ હતી, આજે આવા કંસોનો પાર રહ્યો નથી ! મરઘા-ઉછેર કેન્દ્રોમાં ઈંડાંનું ઉત્પાદન વધારવા માટે કરવામાં આવતાં ક્રૂર પ્રયોગો જોઈને કઠણ હૈયાના માનવીનું હૃદય પણ પીગળી જાય છે !

આ ક્રૂર કૃત્યો અને નિર્દોષ હત્યાઓના જવાબદાર મરઘા ઉછરેનાર કે એનાં કેન્દ્રોના સંચાલકો નહીં, પરંતુ તેનો આહાર કરનાર જ છે. જો ઈંડાનો આહાર કરનાર કોઈ ન હોય તો પેલા મરઘા ઉછેરે જ શાના ? આવા અત્યાચારો કરે જ શાના ? વળી, ઈંડા કરતાં વધુ સાત્વિક ગુણ અનાજમાં છે. એક અંદાજ પ્રમાણે ૧૮૦ કેલરીનાં ઈંડાં મેળવવા માટે મરઘીને ૬૭૦ કેલરી ખોરાક ખવડાવવો પડે છે. તો પછી શા માટે આપણે મૂર્ખ બનવું જોઈએ ?

ફેડરેશન તેમજ અન્ય ઉત્પાદકો વડે આ ઉદ્યોગ દ્વારા ઉત્પન્ન કરવામાં આવતાં ઈંડાંને ''અહિંસક'' મનાવાય છે, પણ હકીકતમાં આ ધંધામાં કેવી ભયંકર હિંસા સંડોવાયેલી છે તેનો ખ્યાલ તો કોઈ પોલ્ટ્રીફાર્મનો ઊંડાણથી અભ્યાસ કરવાથી જ થઈ શકશે.

## ★ જન્મતાંની સાથે જ શરૂ થતી ભયંકર હિંસા

ગુજરાતમાં અને અન્યત્ર પણ જે મરઘાંપાલનનો વ્યવસાય ચાલી રહ્યો છે તેમાં બે પ્રકારનાં મરઘાંપાલન કેન્દ્રો રાખવામાં આવે છે. એક કેન્દ્રની અંદર નર મરઘાં અને માદા મરઘાંઓને ભેગા રાખવામાં આવે છે એના પરિણામે જે ઈંડાં મળે છે તે બચ્ચાં પેદા કરવાની ક્ષમતા ધરાવતાં હોય છે. આવાં બચ્ચાઓમાંની માદા મરઘીઓને પછી ગુજરાતભરમાં

આવેલ બીજા પ્રકારના મરઘાંપાલન કેન્દ્રોની અંદર મોકલવામાં આવે છે. જેનો ઉપયોગ ઈંડાંનું ઉત્પાદન વધારવા માટે કરાય છે. બીજા પ્રકારના મરઘાંપાલન કેન્દ્રની અંદર નર મરઘાંઓ રાખવામાં આવતા નથી. અહીંની મરઘીઓ મરઘાંના સંપર્ક વગર જ ફળ્યા વગરના પણ જીવવાળા ઈંડાં આપે છે જેનું વેચાણ થાય છે. ગુજરાતની અંદર મકરબા (સાણંદ પાસે) સુરત, જુનાગઢ અને વડોદરા ખાતે આવેલ કેન્દ્રોની અંદર બચ્ચાંઓનું ઉત્પાદન કરવામાં આવે છે અને પછી ગુજરાતભરમાં મરઘાપાલકોને માદા મરઘીઓનું વિતરણ કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યમાં સરકારી માલિકીના ૧૯ મરઘાં ફાર્મ અને નિદર્શન કેન્દ્રો આવેલાં છે. ઇ.સ. ૧૯૭૯-૮૦ના વર્ષમાં આ કેન્દ્રોની અંદર બે લાખ, ચુમ્માલીસ હજાર, ચારસો સાઠ બચ્ચાં ઉત્પન્ન કરવામાં આવ્યાં હતાં. આમાંથી એક લાખ નેવું હજાર જેટલાં બચ્ચાંનું વેચાણ જુદા જુદા મરઘાં ફાર્મને કરવામાં આવ્યું હતું. જે બે લાખ ચુમ્માલીસ હજાર બચ્ચાં જન્મ્યાં એમાંથી સવા લાખ નર મરઘાં હોય એ સ્વાભાવિક છે. જો એક લાખ નેવું હજાર બચ્ચાંનું જ વેચાણ કરવામાં આવ્યું હોય તો બાકીનાં ૫૫ હજાર જેટલાં બચ્ચાંનું શું થયું એ વિચારણા માગી લેતો પ્રશ્ન છે. કારણ કે પ્રજનનના હેતુ માટે દસ મરઘી દીઠ એક નર મરઘાની જરૂર પડે તોપણ, કુલ બારેક હજાર મરઘીઓ માટે માત્ર હજારથી પંદરસો મરઘાંની જ જરૂર પડે. એટલે કે બાકીનાં ૫૫ હજાર મરઘાંઓનાં બચ્ચાઓનો કરુણ અંજામ જન્મતાંની સાથે જ આવી ગયો હોય.

★ કૃષિ અને સહકાર વિભાગના પશુ પાલન વિભાગના તાજેતરના અંદાજ પત્રીય દસ્તાવેજોનો અભ્યાસ કરતાં મરઘાં ઉછેર વ્યવસાયને ગુજરાત સરકારે બિન જરૂરી મહત્વ આપેલ છે અને શિક્ષિત બેરોજગારોને આ વ્યવસાયમાં દાખલ કરવા માટે દસ પ્રકારની તાલીમ યોજનાઓ અમલમાં મૂકેલ છે. સને ૨૦૦૩-૦૪ માં ૫.૭૭ લાખ બચ્ચા પ્રતિદિન મેળવેલ તેજ વર્ષમાં ૨.૨૩ લાખ પક્ષીઓ મેળવેલા, તેજ વર્ષમાં ૧૪.૩૮ લાખ મરઘાનું ડી-બીન્કીંગ કર્યું.

❉

## મરઘાંઓને રાખવાની ક્રૂર પદ્ધતિઓ

મોટા ભાગનાં મરઘાં ઉછેર કેન્દ્રો, સરકારી કેન્દ્રો પાસેથી એક દિવસની જન્મેલી માદા મરઘીઓ વેચાતી લાવી તેને ઈંડાં આપનારી મરઘી તરીકે ઉછેરે છે. આવા માદા બચ્ચાંઓ એક રૂપિયાના એકના ભાવે ખરીદવામાં આવે છે. પાંચ મહિનાની ઉંમરે આ મરઘી ઈંડાં આપવાની શરૂઆત કરે છે, પણ ઉછેરની શરૂઆતમાં જ એમ જણાય કે અમુક બચ્ચાં નબળાં છે અને મોટાં થયા પછી પૂરતા ઈંડાં આપવા અસમર્થ હય તો તેનો નાશ કરી નાખવો, એવી સુચના ગુજરાત રાજ્ય દ્વારા પ્રકાશિત ''મરઘાં પાલન'' નામના પુસ્તકમાં આપવામાં

આવી છે.

મરઘાં પાલન કેન્દ્રની અંદર જે સાંકડા પાંજરામાં હજારો મરઘીઓનો ખડકલો કરવામાં આવે છે, તે જોઈને તો એમ જ લાગે કે અહીં આ મરઘીઓને જીવતા જાગતા પ્રાણીને બદલે ઈંડાંનું ઉત્પાદન કરતા યંત્રરૂપ જ બનાવી દેવામાં આવી છે. અહીં માત્ર ૧૫''x૧૯'' એટલે કે લગભગ બે સ્કવેર ફીટ જેટલી નાની જગ્યામાં ચાર મરઘીઓને ઠાંસીને ભરવામાં આવે છે. આ રીતે આ મરઘીઓની પાંખો ફફડાવવાની, માળા બાંધવાની તમામ કુદરતી પ્રક્રિયાઓ અવરોધાઈ જાય છે. લોખંડના તારમાંથી બનાવેલ આ પીંજરાનું તળિયું પણ લોખંડના તારનું જ બનાવેલું હોય છે. જેથી બધો કચરો નીચેથી પસાર થઈ જાય પરંતુ અંદરની મરઘીને તેની આખી જિંદગી પેલા સળીયા ઉપર જ લટકવું પડે છે. આ મરઘીઓને કુદરતી પ્રકાશ મળી શકતો નથી અને ખુબ જ ટૂંકી જગ્યામાં રહેવાના કારણે પરસ્પર લડીને આ મરઘીઓ લોહીલુહાણ થઈ જાય છે. મરઘીઓને જે ખોરાક આપવામાં આવે છે, તેમાં ઈંડાંના વધુ ઉત્પાદન માટે જાતજાતનાં રસાયણો ઉમેરવામાં આવ્યાં હોય છે. મરઘાં ફાર્મની આ ફેક્ટરીની દીવાલોને અડીને તારનાં બનેલાં સેંકડો પીંજરાંઓનો એક ઉપર એક ખડકલો કરવામાં આવ્યો હોય છે. આવી આશરે ૧૪ કરોડ જેટલી મરઘીઓ જ્યાં સુધી ઈંડાં આપતી હોય ત્યાં સુધી આ પીંજરાની અંદર જીવનના દિવસો વીતાવે છે. એ ઈંડાં આપતી બંધ થઈ જાય ત્યારે એને કાપીને ખાઈ જવામાં આવે છે.

છ મહિનાની ઉંમરે ઈંડાં આપવાની શરૂઆત કરતી આ મરઘી આશરે ૩૦૦ દિવસ સુધીની પ્રથમ ઋતુમાં ઈંડાં આપે છે. ત્યાર પછી તેનાં ઈંડાંનું ઉત્પાદન ઘટી જતાં તેને રાખવી પોસાતી નથી. સતત ગર્ભવતી રહેવાના કારણે તેની એડરીનલ ગ્રંથિઓ પહોળી થઈ ગઈ હોય છે, હલનચલના અભાવે તેના સ્નાયુઓ લકવાગ્રસ્ત બની ગયા હોય છે. માથું ધ્રૂજતું હોય છે અને પીંછાં ખરવા લાગ્યાં હોય છે.

## મરઘીની ચાંચ અને પાંખો કાપવાની રીત

સ્વભાવિક છે કે સાંકડી જગ્યાની અંદર રાખવામાં આવેલી મરઘીઓ ચાંચો મારી પરસ્પરને લોહીલુહાણ કરવાનો પ્રયત્ન કરે. આ અટકાવવા માટેનાં ક્રૂરતાભર્યા ઉપાય ગુજરાત રાજ્ય દ્વારા પ્રકાશિત ''મરઘાંપાલન'' પુસ્તક દ્વારા શીખવવામાં આવ્યો છે અને એને અનુસરીને ગુજરાતમાં અને ભારતમાં ઉછેરવામાં આવતી મોટા ભાગની મરઘીઓની ચાંચો ક્રૂરતાપૂર્વક કાપી નાંખવામાં આવે છે. ઘરની અંદર બાળકો તોફાન કરતાં હોય તો એમના હાથ-પગ કાપી નાખવા જેવી સલાહ આપનાર ગુજરાત સરકારે ઉપરોક્ત પુસ્તકમાં આથી પણ આગળ વધીને મરઘાંઓની પાંખો પણ કાપી નાંખવાની અમાનુષી સલાહ આપી

છે. માણસ જ્યારે સ્વાર્થાંદ બની જાય છે ત્યારે કેટલી હદે જઈ શકે છે તેનો આ તાદૃશ ચિતાર છે. પાંખો કપાવાથી પક્ષીનું હલનચલન અને ચયાપચય ઘટી જતાં ઓછી શક્તિ વપરાય છે. પરિણામે ખોરાક ઓછો થવાથી વધુ બચત અને કરકસર થાય છે, તેમજ ઓછી જગ્યામાં વધુ પક્ષીનો સમાવેશ થઈ જાય છે અને ઈંડાં તૂટવાની શક્યતા પણ ઓછી રહે છે. ચાંચ કાપવાની પદ્ધતિ કરતાં અનેકગણી વધુ ક્રૂરતા પાંખ કાપવામાં વણાયેલી છે.

ચાંચ કાપવા માટે મોટા ભાગે રાત્રિનો સમય પસંદ કરવામાં આવે છે. ભૂરા રંગના પ્રકાશમાં બચ્ચાં લગભગ આંધળાં જેવાં થઈ જવાથી તેને પકડી લેવામાં આવે છે. ચાંચ કાપતી વખતે નીચેની ચાંચને થોડી વધુ લાંબી રાખવામાં આવે છે. જો આમાં ભૂલ થઈ જાય તો મરઘી ખોરાક લઈ શકતી નથી. આમ પણ ચાંચ કપાયા પછીના ત્રણેક દિવસ તો તેને ભૂખમરામાં જ પસાર કરવા પડે છે.

**(ડી-બીકીંગ)**

૧. મરઘીઓ એકબીજા સાથે ઝગડી પડે છે અને ઘાયલ કરે છે. મારી પણ નાખે છે. તે અટકાવવા માટે (વાસ્તવમાં સતત પાંજરામાં સંકડાશમાં રખતાં તે ઉશ્કેરાય છે, કુદરતી અવસ્થમાં આમ બનતું નથી.)

૨. મરઘી પોતાના ઈંડા ફોડી નાખે છે. (તેનું કારણ પણ ઉપર મુજબ છે.) ગુજરાતમાં ડી-બીકીંગ કેટલું થાય છે તેના આંકડા રજૂ કર્યા છે. આ સરકારી બજેટ પ્રકાશનમાંથી લીધા છે જે વિધાનસભામાં રજૂ થાય છે.

| સાલ | ડી-બીકીંગની સંખ્યા |
|---|---|
| ૨૦૦૨-૦૩ | ૧૪-૭૫ લાખ |
| ૨૦૦૩-૦૪ | ૧૪.૩૮ લાખ |
| ૨૦૦૪-૦૫ | ૧૩.૯૫ લાખ |

પાંખ કાપવા માટે પ્રસ્તુત પુસ્તકમાં જે સલાહ આપવામાં આવી છે, તે કાળજુ કંપાવનારી છે. લોખંડનો ગરમાગરમ છરો લાલઘૂમ થાય ત્યાં સુધી તપાવી પાંખના સાંધા ઉપર ફેરવવાનું અને લોહી નીકળે તો ત્યાં તે જ છરાનો ડામ આપવાનું તેમાં જણાવાયું છે. જો કે ગુજરાતનાં મરઘાં ફાર્મમાં મોટા ભાગે આ પદ્ધતિ ચાલુ નથી થઈ. પરંતુ સરકારની શિખામણનો અમલ ગમે ત્યારે થવા સંભવ છે.

હવે અહીં પ્રશ્ન એ થશે કે જો ઈંડાંના ઉત્પાદન માટે નર મરઘાંની જરા પણ જરૂર જ ન પડતી હોય તો પછી આવાં ઉછેરકેન્દ્રોની અંદર પેદા થતા લાખો નર મરઘાંઓનું શું કરવામાં આવે છે ? કારણ કે ફળદ્રુપ ઈંડાંમાંથી જેટલી માદા મરઘીઓ પેદા થાય છે, તેટલા જ નરમરઘાઓ પણ બહાર પડે છે. આ નરમરઘાઓ ઈંડાં આપવાના નહિ હોવાથી આર્થિક દૃષ્ટિએ તે અનુત્પાદક છે. તેઓ મોટા થાય અને ખાવાના ઉપયોગમાં લેવામાં આવે ત્યાં સુધી તો તેમની પાછળ ખૂબ ખર્ચ કરવો પડે એટલે આવાં લાખો નર બચ્ચાંને જન્મતાંની સાથે જ ક્રૂરતાપૂર્વક રહેંસી નાખવામાં આવે છે અને એમના મૃત શરીરમાંથી ''પોષક આહાર'' બનાવવામાં આવે છે

અથવા તો એઓને ઉકરડાં ભેગાં કરવામાં આવે છે.

આવા એક દિવસના તાજા જન્મેલા નરમરઘાના નિકાલનું કમકમાટીભર્યું વર્ણન ''Animals'' નામના સામયિકમાં કરવામાં આવ્યું છે. આવાં બચ્ચાંને એક પ્લાસ્ટિકની કોથળીઓમાં ભરીને તે કોથળીઓ કચરાપેટીમાં નખાય છે. પછી એની ઉપર જો બુલડોઝર ન ફર્યું હોય તો ખોરાક અને હુંફના અભાવે આ બચ્ચાંઓ મરણને શરણ થાય છે. ઘણીવાર તો આવાં જીવતાં બચ્ચાંઓના મુલાયમ શરીરને ગ્રાઈન્ડર અથવા ક્રશરમાં નાખવામાં આવે છે અને તેના રસમાંથી પ્રાણીઓ અને મનુષ્યો માટેના ખોરાકના ડબ્બા ભરવામાં આવે છે.

## માંસ અને લોહીથી સિંચાતો મરઘાં આહાર

''Profitable Poultry Keeping in India''નામના પુસ્તકની અંદર તેના લેખક એ. સી. રોજર્સ લખે છે કે ઈંડાં આપતી મરઘીઓને જ્યાં સુધી પ્રાણીજન્ય પ્રોટીન આપવામાં આવતું નથી ત્યાં સુધી તે ઈંડાં આપી શકતી નથી. એટલા માટે મરઘીઓને હાડકાં, માછલાં, માંસ અને લોહીની બનાવટો ખોરાકમાં આપવી જ જોઈએ. આ શરતોનું પાલન ભારતભરનાં મરઘા ઉછેર કેન્દ્રો બરાબર કરે છે. મરઘાઓને જે આહાર આપવામાં આવે છે તે ત્રણ પ્રકારનો હોય છે અને તે તમામની અંદર માંસાહાર અનિવાર્યપણે સંકળાયેલો હોય જ છે.

ગુજરાત સરકાર દ્વારા આદિવાસીઓ અને પછાત વર્ગના તેમજ ગરીબ લોકોને મરઘાપાલનની તાલીમ આપવા માટે ગુજરાત કૃષિ યુનિવર્સિટી, આણંદ મારફત મરઘાપાલનનો અભ્યાસ ક્રમ ચલાવાય છે. આમાં ''મરઘા આહાર'' અંગેનું એક પ્રકરણ પણ છે. આ અભ્યાસક્રમમાં જણાવ્યા મુજબ આઠ અઠવાડિયા સુધી મરઘાંને જે ખોરાક આપવામાં આવે છે તેને 'સ્ટાર્ટર મેશ' એટલે કે 'શરૂઆતનો આહાર' કહેવામાં આવે છે. સ્ટાર્ટર મેશની અંદર અનિવાર્ય ઘટક લાયસીન નામનું પ્રોટીન ગણવામાં આવ્યું છે અને આ લાયસીન મેળવવા માટે તમામ ખોરાકમાં ૧૦% જેટલો માછલીનો ભૂકો અને ૬/૭% જેટલો માંસનો ભૂકો ઉમેરવો જ પડે છે. ''સ્ટાર્ટર મેશ''માં આ ઉપરાંત તેલીબિયાંનો ખોળ, ખુસકી, ઘઉં અને મકાઈ પણ ઉમેરાતાં હોય છે.

મરઘીનાં બચ્ચાં માટે આઠ અઠવાડિયાથી વીસ અઠવાડિયાનો ગાળો એ ઉછેરનો ગાળો કહેવાય છે, એટલે આ ગાળા દરમિયાન તેને જે ખોરાક આપવામાં આવે છે તેને ગ્રોઅર મેશ કહેવામાં આવે છે, જેની અંદર પણ ૧૬% જેટલા માંસાહારી પદાર્થો પ્રોટીન મેળવવા ઉમેરવામાં આવતા હોય છે. સામાન્ય રીતે વીસ અઠવાડિયા પછી મરઘી ઈંડાં મૂકવાની શરૂઆત કરે છે, એટલે હવે તેને તેને અપાતા ખોરાકને લેવર મેશ કહેવામાં આવે છે. આ લેવર મેશની અંદર પણ ૧૬ થી ૧૯% પ્રોટીન હોય છે, જેનું રૂપાંતર ઈંડાંમાં થાય છે. આમ ઈંડામાં આવતું પ્રાણીજ પ્રોટીન માંસાહારનું જ રૂપાંતર બનતું હોય છે.

## પેટમાં ઈંડું : આરોગ્યનું મીંડું

જે પ્રોટીન માટે ઈંડાંનો મુખ્યત્વે પ્રચાર થાય છે, તે ઈંડાંમાં માત્ર ૧૩.૩% જ છે, જ્યારે મગ-ચણા જેવા કઠોળમાં લગભગ બમણું અને મગફળીમાં ઈંડાંથી અઢી ગણું પ્રોટીન હોય છે. ઈંડાંમાંથી માત્ર ૧૭૩ કેલેરી શક્તિ શળે છે, જ્યારે મગફળીમાંથી તેના કરતાં ત્રણ ગણી અને મગ-ચણામાં બમણી શક્તિ રહેલી છે. લોહનું પ્રમાણ ઈંડાંમાં માત્ર ૧.૧% છે; જ્યારે ચણામાં ૮.૯% છે. આમ છતાં પોષણના ગોબેલ્સ પ્રચારથી પ્રજાના માથે ઈંડાં ઠોકી બેસાડવાં એ સમાજની કુસેવા છે.

મરઘા ફાર્મમાં ઉછેરવામાં આવતા ૩૦% ઈંડાંમાં ડી.ડી.ટી.નું ઝેર હોવાનું બહાર આવ્યું છે. એટલે કે ઈંડાં ખાનારાઓ આડકતરી રીતે આ ડી.ડી.ટી. પેટમાં પધરાવે છે. ઈંડાંમાં રહેલું કોલેસ્ટરોલનું ઊંચું પ્રમાણ બ્લડ પ્રેશર, હૃદયરોગ અને કીડનીના ભયંકર રોગોને આમંત્રણ આપે છે. મરઘીઓને લાગેલા ટી.બી જેવા વિષાણુઓ ઈંડાંમાં પણ હોય છે અને તેઓ ખાનારાના શરીરમાં અડ્ડો જમાવી દે છે. વળી ઈંડાંના સફેદ ભાગમાં રહેલું એવીડીન નામનું ઝેર ખરજવું, દાદર જેવા ચામડીના ભયંકર રોગોને જન્મ આપે છે. આયુર્વેદની અંદર ઈંડાંને પ્રકૃતિમાં ગરમ અને પચવામાં ભારે બતાવ્યા છે અને મંદાગ્નિવાળાને ખાય તો તેન શરીર ઉપર ફૂટી નીકળે છે તેમ બતાવ્યું છે.

★ ઈંડા ઝાડ ઉપર પાકતા નથી. મરઘીંના જીવંત કોષોમાંથી જેની ઉત્પત્તી થાય છે અને તે કોચલાના ૧૫ હજાર સૂક્ષ્મ છીદ્રો ધ્વારા શ્વાસોચ્છવાસ કરે છે. સંશોધકોએ તેને એક્યુલેટરમાં મૂકી તે ઓક્સિજન ગ્રહણ કરતા જોવા મળ્યું, જેની સોનોગ્રાફીએ તેના સજીવનપણાને સ્પષ્ટ કરી આપ્યું છે.

## નરના સંસર્ગ વગરનાં ઈંડાંમાંથી પણ બચ્ચાં મળી શકે છે.

ઉપરની તમામ વૈજ્ઞાનિક સાબિતીઓની અવગણના કરીને પોલ્ટ્રી ફાર્મસ ફેડરેશન એક જ ગાણું ગાય છે કે આ ઈંડું નિર્જીવ છે, કારણ કે તેમાંથી બચ્ચું બહાર આવતું નથી. જે ઈંડાંમાંથી બચ્ચુ બહાર આવે તેને જ સજીવ કહેવાય તેવી દલીલ પાંગળી છે. જેની અંદર સજીવના લક્ષણો હોય તેને સજીવ જ કહેવાય અને એ રીતે નહિ ફળેલાં ઈંડાંને મૃત ન કહી શકાય. તેમાં પણ જીવ હોય છે. આનાથી એક ડગલું આગળ વધીને એવું પણ શોધી કાઢ્યું છે કે ઘણા પ્રાણીઓની અંદર આવાં નહિ ફળેલાં ઈંડાં ઉપર અમુક પ્રક્રિયાઓ કરવામાં આવે તો તેમાંથી બચ્ચાં બહાર આવી શકે છે. આ પ્રક્રિયાને અંગ્રેજીમાં 'પાર્થેનોજીનેસીસ' તરીકે ઓળખવામાં આવે છે. તેનું વર્ણન એ.જી.વેલ્સે પોતાના ''સાયન્સ એન્ડ લાઈફ'' નામના પુસ્તકમાં પણ કર્યું છે. ઉદાહરણ તરીકે વરસાદ પડતાં જ દેડકીના ઈંડાંમાંથી દેડકા ઉત્પન્ન થઈ જાય છે અને જંતુઓના ઈંડાંમાંથી

જંતુઓ ઉત્પન્ન થઈ જાય છે. તમામ ઇંડાં જીવવાળા છે એ વાત આમ આસાનીથી સાબિત થઈ જાય છે.

કેટલાક સમયથી, ખાસ કરીને ટીવી ઉપર ઇંડાં વિષેની ભ્રામક જાહેરાત બતાવાય છે. 'ઇંડાં પૌષ્ટિક છે અને આરોગ્ય માટે લાભકારી છે.' એવી ભ્રામક જાહેરાતથી અન્નાહારીઓ પણ ભોળવાય છે. વૈજ્ઞાનિક પરીક્ષણ પછી ડૉક્ટરોએ સિદ્ધ કર્યું છે કે અન્નાકાહારની તુલનામાં ઇંડાં પૌષ્ટિક્તામાં નિમ્ન છે ઉપરાંત રોગ કરનાર પણ છે.

નીચેના આંકડા જ એ સાબિત કરે છે.

પૌષ્ટિક તત્ત્વનો તુલનાત્મક ચાર્ટ (પ્રતિ ૧૦૦ ગ્રામ) :

| **નામ પદાર્થ** | **પ્રોટિન (ગ્રામ)** | **કાર્બોહાઈટ્રેટ (ગ્રામ)** | **કેલરી** |
|---|---|---|---|
| **અન્નાહાર આહાર** | | | |
| મગ | ૨૪.૦૦ | ૫૬.૬ | ૩૩૪ |
| સોયાબીન | ૪૩.૨ | ૨૦.૯ | ૪૩૨ |
| મગફળી | ૩૧.૫ | ૧૯.૩ | ૫૪૯ |
| સ્પ્રે. દૂધ પાવડર | ૩૮.૩ | ૫૧.૦૦ | ૩૫૭ |
| માંસાહાર | | | |
| ઇંડાં | ૧૩.૩ | ૦ | ૧૭૩ |
| માછલી | ૨૨.૬ | ૦ | ૯૧ |
| બકરાનું માંસ | ૧૮.૩ | ૦ | ૧૯૪ |

ઉપર મુજબના ચાર્ટ મુજબ સિદ્ધ થાય છે કે ૧૦૦ ગ્રામ મગની દાળમાં ૨૪ ગ્રામ પ્રોટીન, સોયાબીનમાં ૪૩ ગ્રામ જ્યારે ઇંડાંમાંથી ફક્ત ૧૩ ગ્રામ પ્રોટીન મળે છે. આમ માંસાહારની તુલનામાં અન્નાહાર જ શ્રેષ્ઠ છે.

અન્નાહારની તુલનામાં ઇંડાંમાં વિટામિન નહિવત્ હોય છે. જાહેરાતોમાં ઇંડાંમાં વિટામિન વિષે અસત્યની જ બોલબાલા છે. ટી.વી. ભલે પ્રચારનું માધ્યમ રહ્યું, પણ માનવજાત માટે એ ફાયદા કરતાં નુકસાનકારક છે. વિટામિન-બી ન્યૂરોતંત્રના વિકાસ માટે જરૂરી છે. આ વિટામિન સમૂહમાં વિટામિન બી-૧, વિટામિન બી-૬ અને વિટામિન બી-૧૨ છે જે લગભગ બધી દાળોમાં અને શાકભાજીમાંથી પુષ્કળ પ્રમાણમાં મળી રહે છે. એની તુલનામાં ઇંડાંમાંથી જૂજ જ મળે છે.

તંદુરસ્તી માટે ઇંડાં ઘાતક છે. 'બાળકોને માટે ઇંડાં ઉત્તમ છે.' આ એક ભ્રામક પ્રચાર છે. ૧૯૮૫ના નોબલ પુરસ્કાર વિજેતા ડૉ. માઇકલ એલ. બ્રાઉન અને જોસેફ એલ. ગોલ્ડસ્ટીન નામના બે અમેરિકન ડૉક્ટરોએ એ સાબિત કર્યું છે કે અધિકતમ મૃત્યુ હૃદયરોગથી

થાય છે. એનું કારણ લોહીમાં જામી જતા કોલેસ્ટ્રોલ છે અને એ કોલેસ્ટ્રોલ સહુથી વધુ પ્રમાણમાં ઈંડાંમાંથી જ મળે છે. ૧૦૦ ગ્રામ ઈંડાંમાં ૪૫૦ થી ૫૦૦ મિ.ગ્રામ કોલેસ્ટ્રોલ હોય છે, જે ખતરનાક સાબિત થાય છે. એટલે ઈંડાંના સેવનથી ૫ મિ. ગ્રામ કોલેસ્ટ્રોલ લોહીમાં ભળી જાય છે. તંદુરસ્તીની દૃષ્ટિએ ૨૫૦ ગ્રામથી વધુ કોલેસ્ટ્રોલની માત્રા (હાર્ટએટેકન) હૃદયરોગને નોતરે છે. એટલે જાહેરાતો દ્વારા જે ઘાતક પ્રચાર થઈ રહ્યો છે તે મનુષ્ય સ્વાસ્થ્ય માટે ખતરનાક છે. જ્યારે અન્નાહારમાં કોલેસ્ટ્રોલ નહિવત્ હોય છે.

એ પણ સિદ્ધ થયું છે ઈંડાં પાચક નથી, પણ ઈંડાંનાં ફોતરાં પર લગભગ ૧૫૦૦૦ સૂક્ષ્મ છેદ હોય છે. એ છિદ્રો દ્વારા રોગાણુ ઈંડાંમાં પ્રવેશે છે. આથી ઈંડાં માણસ માટે જીવલેણ સાબિત થાય છે. આ એક વૈજ્ઞાનિક તથ્ય છે કે બધા જ પ્રકારનાં ઈંડાંમાં જીવ હોય છે. સૂક્ષ્મદર્શી યંત્રોથી જોઈ શકાય છે. ઈંડાંમાં શુક્રાણુ હરતાં-ફરતાં હોય છે. સન ૧૯૭૧માં મીશીગન યુનિવર્સિટી (અમેરિકા)ના વૈજ્ઞાનિકોએ એ સિદ્ધ કર્યું છે કે સમગ્ર સંસારમાં કોઈ પણ ઈંડું નિર્જીવ નથી. ઈંડાંમાં હવાની આવનજાવન માટે કુદરતી વ્યવસ્થા હોય છે. ઈંડાંના ઉપરના ભાગમાં ૧૫૦૦૦ સૂક્ષ્મ છેદ છે. જેનાથી ઈંડાં શ્વાસ લઈ શકે છે. આમ વૈજ્ઞાનિક મૂલ્યાંકનમાં સાબિત થયું છે કે ઈંડાંમાં જીવ છે.

મરઘાપાલનની આ હિંસક પ્રવૃત્તિ અંગે એક અગત્યની વાત એ છે કે મરઘાપાલકની મોટા ભાગની સહકારી મંડળીઓ પંચમહાલ, ખેડા અને વલસાડ જેવા પછાત વિસ્તારોની અંદર જ આવેલી છે.

**આ અંગે વારંવાર લોકોને મરઘા વિનાશ કેન્દ્રોની પ્રક્રિયા (વિધિ) અંગેની ફિલ્મો - ફોટા વ. બતાવી સાચી સમજ આપવાની જરૂર છે. જાહેરમાં ખુલ્લે આમ વેંચાતાં ઈંડાંની લારીઓ-દુકાનોનો વિરોધ કરવો જોઈએ. જે દુકાનમાં ઈંડાં વેચાતાં હોય તેનો ય વિરોધ કરી ત્યાંથી અન્ય ચીજવસ્તુઓ ન ખરીદવી જોઈએ. ખાસ કરીને શાળાઓના પાઠ્યપુસ્તકોમાં સાચી માહિતીઓ પ્રકાશિત કરાવવી જ જોઈએ. ઉપરાંત મરઘા ઉછેર કેન્દ્ર માટે અપાતી લોન-સબસીડી વગેરે અંગે સરકાર તથા બેંકો સમક્ષ લેખિત વિરોધ નોંધાવવો જરૂરી છે. હકીકતમાં સરકારને મરઘા ઉછેરની સ્કીમો બંધ કરવા દબાણ લાવવું અતિ આવશ્યક છે. મોટા ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાં જો ઈંડાં વેંચાતાં હોય તો ત્યાંથી કોઈ ખરીદી ન કરવી જોઈએ.**

અમેરિકામાં ઈંડાંઓના કાર્ટુન પર 'પ્રાણી સંભાળ પ્રમાણિત' એવું લેબલ લગાડેલ મોંઘા ઈંડાં મળે છે. જે અંગે મરઘીને પૂરતું પાણી, ખોરાક તથા સંભાળ પાંજરામાં પૂરતી જગ્યા મળી હતી તેવું કહી શકાય. અમેરિકામાં વેચાતા ૯૮% ઈંડાં પાંજરામાં પૂરેલી

મરઘીઓએ આપેલા હોય છે. જોકે આવા પ્રણાણપત્રોની આડે ચાલતા જેલખાના સદંતર બંધ કરવા જેવા છે.

★ નેશનલ એગ કો. ઓર્ડીનેશન કમીટીની રાજ્ય સરકારને સમજાવટથી અને લોકોને ગેર માર્ગે દોરતી જાહેરાતોથી ખોટા આંકડા આપી અમૂક રાજ્યોને પોતાની સ્કૂલના બાળકોને મધ્યાહન ભોજન યોજનામાં ઈંડાનો સમાવેશ કરવાની સમજાવટ કરી લીધી છે. સાથો સાથ તેમણે એવુ છુપાવેલુ છે કે ઈંડાના પીળા તત્વમાં હાર્ટ એટેક લાવવા માટેના પુરતા કોલ્ટરોસ લાગે છે તેમાં સાલ્મે નોલા નામના ઝેરી બેકટેરીયાની હાજરી છે, તેમાં કેમ્પી લોબેકટ નામના આંતરડામાં સડો કરતા વિષાણુંની હાજરી થયેલ છે અને પોલ્ટ્રી ફાર્મમાં જોત જોતામાં એન્ટી બાયોટીક દવાઓ તથા ડી.ડી.ટી. જેવી ઝેરી દેવા છાંટવાથી તે રસાયણો બાળકોના પેટમાં જવાની પૂરી શક્યતા છે.

★ બર્ડ ફ્લુ : બર્ડ ફ્લુના વિષાણુઓ મોટા ભાગે મરઘાં ઉછેર કેન્દ્ર ઉપર પહેલા ત્રાટકે છે તેથી રોગનું મુળ એવા આ ઉછેર કેન્દ્ર જ નામ શેષ કરવાની જરૂર છે. ઉછેર કેન્દ્રો બનાવી કે વધારી રોગને આમંત્રણ આપી માનવના અને પ્રાણીઓના આરોગ્ય સાથે ચેડા કરી તેમના માટે જીવનું જોખમ ઉભુ કરવું એ તદ્દન અયોગ્ય છે. તાજેતરમાં 'બર્ડફ્લુ' નામના વાયરલ રોગના ભયથી ગુજરાત, મહારાષ્ટ્રમાં લાખો મરઘાં તથા અન્ય પક્ષીઓની કતલ થઈ. ભારત દેશ મધ્યપૂર્વના દેશોમાં ૫૦ લાખ ઈંડા અને જાપાન, યુરોપમાં ૨૦ લાખ ઈંડા પાવડરની નિકાસ કરે છે, અને એક અંદાજ પ્રમાણે મરઘાં ઉદ્યોગ વાર્ષિક ૧૫%નાં વૃદ્ધિદરથી વધી રહ્યો છે, જે ચિંતાજનક છે. આ અંગે સરકારે 'નેશનલ એગ કો ઓર્ડીનેશન કમિટિ' બનાવી છે જેનો લક્ષ્યાંક ભારતનો નાગરીક, વાર્ષિક ૧૮૦ ઈંડા અને ૧૧ કિ.ગ્રા. મરઘાંનું માંસ ખાય તેવો છે.''

★ આપણા ખર્ચે સરકારશ્રીએ 'નેશનલ એગ કો ઓર્ડીનેશન કમિટિ' બનાવેલ છે. તે વારંવાર વર્તમાનપત્રો માં ખોટો પ્રચાર કરે છે કે ઇંડા વિવિધ કારણોસર ખાવા જોઈએ. સરકાર સમક્ષ તેનો સખ્ત વિરોધ નોંધાવવો જરૂરી છે કારણ કે તે બંધારણની જોગવાઈઓ વિરૂધ્ધ છે.

❈

★ વાપીના અજીત સેવા ટ્રસ્ટનાં તરવરીયા યુવાનોની ટીમ જાનના જોખમે ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદ ઉપર ચોવીસ કલાક પેટ્રોલીંગ કરીને ગેરકાયદે કતલ કરવા માટે વહન કરવામાં આવતા વાહનોને અટકાવે છે અને આજ સુધીમાં ૨૫૦ ટ્રકોમાં દરોડા પાડી લગભગ ૯ હજાર જેટલા પશુઓ પોલીસની મદદ લઈ જપ્ત કરેલા છે. આ યુવાનો રાત્રીનો અંધકાર, વરસતો વરસાદ કે કડકડતી ઠંડીની પરવા કર્યા વિના પેટ્રોલીંગ કરે છે.

# પાંજરામાં પક્ષીઓ કેદ કરવાનો શોખ અને પ્રાણીઓ પાળવાનો શોખ

જ્યાં સુધી તમે કોઈ પણ પ્રાણી કે પક્ષીને બંધનમાં નથી રાખતા ત્યાં સુધી ઉપરોક્ત શોખ પ્રાણી કે પક્ષીના ય હિતમાં છે. હકીકતમાં ૧૯૯૦માં ભારતીય પક્ષીઓના વેચાણ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, (બિનભારતીય પક્ષી પણ જીવ તો ખરો જ, તો તેને પકડવા પર શા માટે પ્રતિબંધ નહીં ?) પરંતુ પક્ષીઓ પાળી અન્યને બતાવવાના લોકોના શોખમાં દર વર્ષે આખા ભારતના એક કરોડ પક્ષીઓ ગેરકાયદેસર પકડવામાં આવે છે. તાજાં જન્મેલાં નાનાં બચ્ચાંને માળામાંથી પકડવામાં આવે છે. નાના બચ્ચાંને માળામાં ન જોવાથી તેની માતાને કેવી વેદના થતી હશે ? એ જ રીતે પોતાનાં મા-બાપને વેપારીઓ પકડી લઈ જાય તો તેવાં અનાથ બચ્ચાંની હાલત કલ્પી શકો છો ? ૫૦ ટકા બચ્ચાં તો આઘાતને કારણે જ મૃત્યુ પામે છે. કેટલાંક પક્ષીઓ હેરફેર વખતે ચગદાઈને મૃત્યુ પામે છે. કેટલાંક ભૂખ-તરસને કારણે મૃત્યુ પામે છે. આમ, માંડ ૧૦ ટકા પક્ષીઓ બજારમાં આવે છે. (ઘણીવાર પણ કેટલાંક માણસો સારા હોવા છતાં તેમના વાંકગુના વિના ય જેલમાં કેમ ગયા તેનો તાળો મળે છે ?) ખરીદનારના અજ્ઞાન કે બેદરકારીને કારણે કેટલાંક પક્ષીઓ મૃત્યુ પામે છે. "A bird in a hand is better than two in a bush" (પાંજરામાં પુરાયેલાં બે પક્ષી કરતાં બહાર રહેલું એક પક્ષી સારું) કેટલાક લોકો કાળા જાદુની વિધિ માટે પક્ષીઓનો બલિ ચઢાવે છે. કેટલાક લોકો દવા માટે પક્ષીઓનો ઉપયોગ કરે છે.

સૌથી અગત્યની બાબત એ છે કે કોઈ પણ વ્યક્તિએ કોઈ પણ પ્રકારનું પક્ષી પાળવું નહીં. પક્ષી પાળતા શખ્સને સમજાવવા. ચીડિયાઘરમાં જઈ પક્ષીઓ જોવા નહીં. જે તે સત્તાધિકારી સમક્ષ પોતાનો વિરોધ નોંધાવવો. પક્ષીઓ અંગેના કાયદાની વિગતોનો અભ્યાસ કરી તેનો યોગ્ય ઉપયોગ કરવો.

જે બાબત પક્ષી માટે સાચી છે તે બાબત પ્રાણીઓ માટે - તેટલી જ સાચી છે. કેટલાક લોકોને કૂતરાં, બીલાડી, સસલાં, કાચબા, હરણ વગેરે પાળવાનો શોખ હોય છે. આ પ્રાણીઓ મુક્તપણે વિચરી શકતાં નથી. કલાકો સુધી કૂતરાં વગેરે ને સાંકળોથી બાંધવામાં આવે છે. તેમના ખોરાક કે રોગો વિશે પૂરી માહિતી હોતી નથી. માનવીની એક દિવસનીય ગેરકાયદેસર અટકાયત ન થાય તેવા હિમાયતીઓ આ પ્રાણીઓને આખી જીંદગી બંધનાવસ્થામાં કે ગુલામ તરીકે રાખે છે. આવતા જન્મે આવા માનવીનો જન્મ  કદાચ આવા પ્રાણીઓની જાતિમાં થાય એવો સંભવ વધી જાય છે.આવા પ્રાણીઓને પાછાં પ્રાણીજ વસ્તુઓ ધરાવતો ખોરાક આપી તેને પાળનારા પોતાની બુદ્ધિનું પ્રદર્શન જ કરે છે.

# પક્ષીઓ

એમના માળા અને ઈંડાં : સામાન્ય રીતે ચકલી, કબૂતર જેવાં પક્ષીઓ ઘરમાં કોઈ પણ જગ્યાએ પોલાણ શોધીને કે બનાવીને માળો બાંધે છે અને ઈંડાં મૂકે છે. કબૂતર તો ખાલી જગ્યા પડી હોય, પોલાણ ન હોય તો પણ ચાર સળેખડાં મૂકી તેની ઉપર ઈંડાં મૂકી દે છે. પક્ષીઓની માળો બાંધવાની ક્રિયા અને હગારથી ઘર ગંદું બને છે. ચકલી માળો બાંધવા પુસ્તકોના ગોખલામાં ચાંચ મારી મારીને પુસ્તકો કાપી નાખી (ખોદી નાખી) ને પોલાણ બનાવે છે. ઈંડાંમાંથી નીકળેલાં બચ્ચાં માળામાંથી બહાર પડી જાય છે. બિલાડી, કૂતરાં, કાબર અને કાગડા જેવાં પ્રાણી-પક્ષીઓથી આ બચ્ચાનું રક્ષણ કરવાનું કામ મુશ્કેલ બની જાય છે. ચકલીના બચ્ચાંનાં બાળમરણ વધુ થાય છે.

★ પક્ષીઓ ઘરમાં માળો ન બાંધી શકે તે માટે કોઈ પોલાણ વગેરે ન રહેવા દેવું. ★ ઘરની દીવાલોના બહારના ભાગમાં, પક્ષીઓ પ્રવેશી શકે તેવા માપના કાણાવાળા અને વળાંકવાળા ખાડા દીવાલમાં બનાવવા જે પક્ષીઓને માળો બાંધવા કામ લાગી શકે. જૂના વખતનાં મકાનોમાં આવી વ્યવસ્થા જોવા મળે છે. એક દીવાલ ઉપર આવાં બાકોરાં ૮ થી ૧૦ બનાવવાં, જેથી વધુ પક્ષીઓ માળો બાંધી શકે. પક્ષીઓ માળો બહારની બાજુએ બાંધશે નહિ તેથી અને માળો બાંધવાનું બાકોરું નીચેથી ઉપર તરફ વળાંક લઈ, પછી અંદરના ભાગમાં નીચે તરફ વધુ ઊંડાણવાળું હશે તો બચ્ચાંની રક્ષાનો પ્રશ્ન રહેશે નહિ. જુઓ નીચેની કૃતિ –

★ આમ છતાં ઘરમાં પક્ષીઓ આવતાં હોય તો પક્ષીપ્રેમીજનો, પક્ષીઓને ઘરના અંદરના ભાગમાં પણ માળાને યોગ્ય પૂંઠાનું કે લાકડાના ખોખા જેવું કાંઈક બનાવી પક્ષીઓને સુરક્ષિત માળો બાંધવાની વ્યવસ્થા કરી આપી શકે. ★ ઘરમાં ક્યારેક પક્ષીઓએ માળો બાંધી જ દીધો હોય તો તે જીવો ઊડતાં ઊડતાં પંખા સાથે ન અથડાય, બિલાડી વગેરેનો ભક્ષ્ય ન બની જાય વગેરે કાળજી ખાસ રાખવી. ★ પક્ષીઓએ ઈંડાં મૂક્યાં હોય તે ઈંડાંને અડાય નહિ. પક્ષીનાં બચ્ચાંને પણ અડાય નહિ. ઈંડાં કે બચ્ચાં માળામાંથી બહાર પડી ગયા હોય તો મુલાયમ કપડાં વડે લઈને હાથનો સ્પર્શ ન થાય તે રીતે સાચવીને તેમને માળામાં પાછાં મૂકી દેવાં.

# પાંજરાપોળ

'પાંજરાપોળ' શબ્દ પ્રાણીઓને સાચવીને - જાળવીને રાખનારા માટે અજુગતો - અયોગ્ય લાગે છે. સામાન્યતઃ જે પ્રાણીઓ દૂધ આપતાં કે કામ કરવા સક્ષમ ન હોય તેઓને ખવડાવવાનું તેઓની ડૉક્ટરી સારવાર કરવાનું તેના પાલકને પોષાતું ન હોય ત્યારે તે જીવો ઇચ્છા કે અનિચ્છાએ તેઓને ઓછી કિંમતમાં અન્યને વેચી દે છે જે સામાન્યતઃ તે જીવોને કતલખાનામાં મોકલી આપે છે. આવા જીવોને તેમના મૃત્યુ પર્યંત સાચવીને રાખવાની જવાબદારી પાંજરાપોળની છે. આવી સંસ્થાઓ મોટે ભાગે દાન પર ચાલતી હોય છે. તેમને ઉદાર હાથે દરેકે દાન આપવું જોઈએ. ઉપરાંત તેમના ખર્ચા ઘટાડવા ચર્ચા-વિચારણા કરવી જરૂરી છે. તેની જમીનોમાં પૌષ્ટિક ઘાસ ઉગાડવું, પશુઓના છાણ-મૂત્રનો કુદરતી ખાતર તરીકે ઉપયોગ, દૂધ વેંચી આવકનું સાધન ઊભું કરવું, વરસાદી પાણીનો સંગ્રહ વ. અગત્યની બાબતો વિચારવા લાયક છે. જોકે ઘણી પાંજરાપોળવાળા બિનજરૂરી શરતો લાદે છે તે અયોગ્ય છે. તેનો પાલક ભલે સ્વાર્થી કે ગણતરીવાળો હોય, મૂંગા પ્રાણીઓના મોં જોઈને કોઈ પણ પ્રકારના પ્રાણીને પાંજરાપોળમાં પ્રવેશ આપવો જોઈએ. આમાં અમુક ખોટા તત્ત્વોય ઘુસી ગયા છે, પરંતુ તે ૧ થી ૨ ટકા જ છે. બાકીના ૯૮ થી ૯૯% પાંજરાપોળોનો વહીવટ સારો હોય છે. રાજસ્થાનમાં અનાદરા, આબુરોડ પર આવેલ શ્રી કે. પી. સંઘવી કુટુંબ સંચાલિત પાંજરાપોળ દરરોજ સાફ થાય છે, ગરમીમાં પ્રાણીઓને તકલીફ ન પડે તે માટે પંખા રાખવામાં આવે છે. નિયમિત ડૉક્ટર તથા દવાઓ મળે છે. ઘણા લોકો એવી દલીલ કરે છે કે માણસો ભૂખે મરે છે અને પ્રાણીઓને જલસા છે. તેઓ એક વાત ભૂલી જાય છે કે માણસ તો બોલી ને કે ભીખ માંગીનેય ખાઈ શકે છે, પણ મૂંગા પ્રાણીની વેદના કોણ સમજી શકે !

જેમ ગાય, બળદ માટે પાંજરાપોળ રાખવામાં આવે છે, તેમ ભેંસ, કૂતરાં, બકરાં, ડુક્કરો વગેરેને સાચવીને રાખવા માટે પણ પાંજરાપોળો જેવી વ્યવસ્થા કરવી જરૂરી છે.

પાંજરાપોળમાં સગવડો રાખવી જોઈએ. અન્યથા કૂતરાં અને ડુક્કરો રસ્તામાં રખડે છે અને લોકોને કરડે છે તે બહાના હેઠળ તેમની કત્લેઆમ કરવાવાળા તૈયાર જ છે.

કતલખાને લઈ જનારા લોકો કોર્ટકેસમાં વિવિધ રજૂઆતો કરી પ્રાણીઓ છોડાવી જાય છે તે બાબતમાં પાંજરાપોળવાળાએ ખાસ કાળજી રાખવી જરૂરી છે. કોર્ટોમાં ઘણીવાર એવી રજૂઆતો થાય છે કે પ્રાણીઓને પાંજરાપોળવાળા બરાબર રાખતાં નથી, અમુક પ્રાણીઓ મરી જાય છે, ત્યારે ડૉક્ટરી સારવારનો રેકર્ડ, પ્રાણીઓને આપેલ ખોરાક, હવાડો, તે પાછળ કરેલ ખર્ચ વ.ની વિગતો કોર્ટ સમક્ષ મૂકવી જોઈએ. ઉપરાંત એવીય દલીલ કરવી જોઈએ કે કસાઈએ પ્રાણીઓને કલાકો સુધી સખત બંધનાવસ્થામાં રાખેલ જેથી અમુક પ્રાણીઓ મૃત્યુ પામ્યાં, નહીં કે પાંજરાપોળની બેદરકારીને કારણે. પાંજરાપોળોએ ભેગા

થઈ જીવદયાની પ્રવૃત્તિમાં માનનારા ક્રીમીનલ કેસ ચલાવતા વકીલોની પેનલ બનાવી વિવિધ પ્રાણીકાયદા, વિવિધ કોર્ટોના ચુકાદાઓ, સરકારી પરિપત્રો - જાહેરનામાની વિગતો વગેરેની માહિતીનો સંગ્રહ કરવો જોઈએ. ઉપરાંત આવા ક્રીમીનલ કેસો જલદી ચાલે, તેમાં યોગ્ય પુરાવા પડે અને દોષતિને સજા થાય તેવાં તમામ પ્રયત્નો કરવા જોઈએ. છેલ્લા દસ વર્ષમાં જુદા જુદા જિલ્લામાં પ્રાણીકાયદા હેઠળના થયેલ કેસો, તેનો નિકાલ, પ્રાણીઓની કસ્ટડી અંગેના પાંજરાપોળની તરફેણ, વિરોધના ચુકાદાઓની વિગતો વ.ની તમામ માહિતીઓ ભેગી કરી કાયદાની છટકબારીઓ કેવી રીતે બંધ કરવી તેની તૈયારી કરવી જરૂરી છે.

★ ભાવિન ગોઠાણી, મુંબઈએ એક લેખમાં નીચે મુજબની સલાહ આપેલી છે.

જે દાતાઓ સંસ્થાઓને જીવ છોડાવવાનાં પૈસા આપે છે, તેણે તે સંસ્થા પાસેથી પૂરેપૂરી માહિતી મેળવી લેવી જોઈએ કે દાતાએ છોડાવેલો જીવ કઈ પાંજરાપોળમાં રાખેલો છે. જે જીવ તમે છોડાવ્યો છે તે ગાય કે બળદનો એક ફોટો, પાંજરાપોળમાં તેના કાનમાં લગાડવામાં આવેલો બિલ્લાનો નંબર, જો નંબર ન હોય તો પાંજરાપોળના રજિસ્ટરમાં લખાયેલો નંબર અચૂક લઈ લેવો. સમય હોય તો દર મહિને જઈને તમે બચાવેલા જીવની પૂરેપૂરી ખાતરી કરી લેવી. કારણ કે આ જીવને બચાવવાની સૌથી પહેલી જવાબદારી એ દાતાની છે, જેણે આ જીવને બચાવવા પેસા આપેલા છે અને તેને કતલખાને જતા બચાવેલ છે.

દાતા માત્ર જીવ છોડાવીને જ પશુ પાંજરાપોળમાં મૂકીને પછી પોતાની ફરજ ભૂલી જાય છે. પણ જો દાતા દર મહિને કે વર્ષે તે જીવનો નિભાવ ખર્ચ તે પાંજરાપોળને આપશે, તો કોઈપણ દિવસ તે પશુ ખેડૂત પાસે કે કતલખાને ફરીથી નહિં જાય અને આપણી જીવદયા લેખે લાગશે.

જે સંસ્થાઓ કે પાંજરાપોળો જીવરક્ષાનું સરસ કામ કરી રહી હોય, તેની અનુમોદના કરાવવી અને સમયે સમયે તેના ટ્રસ્ટીને પત્ર લખીને તેની પ્રશંસા જરૂર કરવી જોઈએ. જેથી તે લોકોમાં વધારે જોશ આવશે અને જીવદયાના કાર્યમાં વધારે લાભ મળશે.

અમૂલ લોકો કસાઈ પાસે જઈને કે કસાઈઓની બજારમાં બકરાં, બળદો કે ગાયો ખરીદતા હોય છે. દા.ત. એક જીવદયા પ્રેમીએ અમુક જીવદયા પ્રેમી પાસેથી રૂા. ૨૦,૦૦૦/- ભેગા કર્યા. આ પૈસા લઈને તેણે એક કસાઈ પાસેથી ભાવતાલ કરીને રૂા. ૨૦,૦૦૦/- ના દસ બકરાં ખરીદ્યાં. એથી પેલાં કસાઈને મજા આવી ગઈ, કારણ કે તેણે તો એક બકરો રૂા. ૧૫૦૦/- ના હિસાબે લીધો હતો અને બધા બકરા રૂા. ૧૫,૦૦૦/ - માં ખરીદ્યાં હતા. હવે તે દાતા પાસેથી રૂા. ૫૦૦૦/- કમાયો, એટલે દાતાએ પેલા કસાઈને પ્રોત્સાહન આપ્યું અને તેનો ધંધો વધાર્યો. હવે કાલે તે દસની જગ્યાએ ૧૩ બકરા લઈ આવશે. એટલે દાતાએ ૧૦ જીવ બચાવ્યા અને બીજા ૧૩ જીવ કપાવ્યા, એમ કહી શકાય. પેલો કસાઈ રોજ અલ્લાહને દુઆ કરશે કે, આવા જીવ છોડાવવાને નામે જીવહત્યા

કરનારા દાતાઓને તું વધારે પશુઓ છોડાવવાની પ્રેરણા આપ. આજ રીતે બળદો અને ગાયોને લોકો પૈસા આપીને છોડાવે છે.

એક બળદ કે ગાયે એક ખેડૂત પાસે સાત થી આઠ વર્ષ ખૂબ મહેનત કરીને કામ કરી લીધું, પછી જ્યારે તે ખેડૂત તે જીવને કતલ માટે બજારમાં વેચી નાખે છે અને પછી ગમે તે રીતે બચીને જ્યારે પાંજરાપોળમાં આવે છે, ત્યારે પાંજરાપોળ કોના વિશ્વાસ પર તે જીવને ફરીથી બીજા ખેડૂતનાં હાથમાં આપે છે, તે મહત્ત્વનો પ્રશ્ન છે. જે પશુએ આટલા વર્ષ કામ કર્યું છે અને હવે એવો સમય છે કે, પાંજરાપોળે તે જીવ મરે ત્યાં સુધી તેને આરામ આપવાનો છે, તો પછી શા માટે એ પશુને ખેડૂતને આપી દેવો પડે ? તે રીતે માબાપ પોતાના છોકરાને મોટી કરે છે અને પછી છોકરા મોટા થઈને મા બાપને ઘરમાં બેસાડીને જિંદગીભર સાચવે છે, એ જ રીતે પાંજરાપોળનું કર્તવ્ય છે કે, આ જીવને જિંદગીભર પાંજરાપોળમાં જ સાચવવું જોઈએ. પશુ તો બોલી શકતું નથી, પણ જો આપણે જાતને તે પશુની જગ્યાએ ઉભી રાખીએ, તો એક જવાબ મળશે કે, પાંજરાપોળમાં આવી ગયા પછી આખી જીંદગી જીવદયા પ્રેમીઓના સાથ સહકારથી પાંજરાપોળમાં જ વીતે.

## હોટલ રેસ્ટોરન્ટનું ભોજન

અગાઉનાં પ્રકરણોમાં આપણે જોયું કે અમુક તત્ત્વો જે આપણો ખોરાક બનાવવામાં વપરાય છે, તેમાં પ્રાણીજ તત્ત્વો હોય છે. હવે ઘરમાં રહીને તો આપણે એ બાબતનું ધ્યાન રાખી શકીએ, પણ હોટલોમાં આ બાબતનું જ્ઞાન કે દરકાર કોને હોય ? ઘણી જગ્યાએ જૈન પીઝા, જૈન વડાં, જૈન દાબેલી, જૈન સેન્ડવીચ, જૈન ઢોંસા, જૈન કટલેસ, વ. મળતી હોય છે, પરંતુ તેમાં પ્રાણીજ તત્ત્વોનો ઉપયોગ થતો હોય તોય બનાવનારને ખબર ન પડે અને ખાનાર હોંશેહોંશે ખાઈ જાય. જેમ બહાર મળતાં પકેટ ફૂડ પર લેબલીંગ કરવાનું ફરજિયાત બનાવેલ છે, તેમ આહારગૃહની પરવાનગી આપતાં પહેલાં પોલીસ સત્તાવાળા, ડ્રગ સત્તાવાળા, અન્ય સત્તાવાળાઓએ પરવાનગીની એક શરત એવી રાખવી જરૂરી છે કે હોટલવાળાએ પ્રાણીજ તત્ત્વોની જાણકારી લઈ લેવી અને પોતાની હોટલની બહાર યોગ્ય લેબલીંગ કરવું. તે છતાંય તે ગ્રાહકની ઈચ્છા વિરુદ્ધ અને ગ્રાહકની જાણ બહાર રસોઈમાં પ્રાણીજ તત્ત્વોનો ઉપયોગ કરે તો તેની સામે સખ્ત શિક્ષાત્મક પગલાં લેવાં જોઈએ.

આ અંગે હોટલવાળાઓને માટે ચોક્કસ પ્રકારની તાલીમ આપવા શિબિર રાખી શકાય. આ બાબત સત્તાવાળા મારફત ફરજિયાત થાય તોજ સારું પરિણામ આવે.

# ઘર-મંદિર - ધર્મશાળાનાં બાંધકામ વેળા થતી હિંસા

કોઈ પણ મકાન બાંધતાં પહેલાં જમીન ખોદી, માટી કાઢી પાયા નાંખવા પડે. માટીમાં અનેકાનેક જીવો હોય છે અને આ જીવોની હિંસા થાય છે. અનેક વનસ્પતિઓ હોય છે તેની હિંસા થાય છે. કીડીઓ અને ઊધઈના રાફડા હોય છે તે તમામની હિંસા થાય છે. શક્ય હોય તો ધૂપ વ. કરી તે જીવો દૂર થઈ સલામત સ્થળે ચાલી જાય તેવાં પ્રયત્નો કરવાં જરૂરી છે. બાંધકામ વેળા સિમેન્ટ, ઈંટો, રેતીના ઢગલા કરતાં પહેલાં તે જમીન સાફ કરી પછી ઢગલો કરવો. શક્ય હોય તો ઢાંકી રાખવો, કે જેથી કીડી, કરોળિયા, ગરોળી વગેરે તેમાં ન ભરાય. લાંબા સમય સુધી એક જગ્યાએ પડી રહે તેય યોગ્ય નથી. ઈંટો પૂંજણી કે દંડાસનથી સાફ કરીને લેવી. બાંધકામ દરમિયાન પાણીનો વ્યય અટકાવવો અને વાપરતી વેળા ગાળીને જ વાપરવું. પથ્થરો, ટાઈલ્સ વ. મૂકતી વેળા કે લગાવતી વેળા જમીન સાફ કર્યા બાદ જ વિધિ કરવી. આ તમામ દરકાર રાખવા એક અલગ માણસ રાખવો. તેના પગારનો ખર્ચ અનેક પ્રકારના પાપોની સામે નગણ્ય હશે. મકાનના પ્લાનીંગ (આયોજન) વેળા બાંધકામ એવા પ્રકારનું કરવું કે જેથી ઘરમાં હવાઉજાસ રહે અને જીવજંતુ ખૂણાઓમાં ભરાઈ ન રહે. ઘરમાં દીવાલો એટલી ઊંચી ન રાખવી કે જેથી નિયમિત સાફસફાઈ ન થઈ શકે. (હકીકતમાં ઘર-મંદિર-ધર્મશાળા દરરોજ અને નિયમિતપણે સાફ કરતાં રહેવું.)

ઘરનાં બારીબારણાં, હાર્ડવેર, (આગળા વ.) કબાટો વ. એવા પ્રકારનાં બનાવવાં કે જેથી તેમાં જીવો ભરાઈ ન રહે અને ચગદાઈ જવાની શક્યતા ન રહે. ઘર, ધર્મશાળા અને ઉપાશ્રયમાં ''સોલાર પેસીવ આર્કીટેક્ચર'' ''ગ્રીન આર્કીટેક્ચર''નો ઉપયોગ કરી કુદરતી હવા-પ્રકાશનો યોગ્ય ઉપયોગ કરી ગરમીમાં ઓરડા ઠંડા રહે તેવા પ્રયત્નો કરવાથી વીજળીનો ઉપયોગ ઘટાડવા સાથે આરોગ્ય સારું રાખી શકાય.

ઘરમાં અને ઘરની બહાર અનેક પૂંજણી દંડાસન વગેરે રાખવાં. તેનો વારંવાર ઉપયોગ કરી જીવ જંતુઓને સાચવીને દૂર કરવા. વાહનો લાવતાં - લઈ જતી વેળા જમીન દંડાસનથી સાફ કરવી. ટાયરો ઉપર કીડી વગેરે જીવો હોય તો તેની જીવરક્ષા કરવી.

❈

★ **વિદેશમાં 'વેજીટેરીયન'નાં ચાર વિભાગ પાડેલા છે.**

(૧) સ્ટ્રીકટ વેજીટેરીયન (વેગાન્સ) જે કોઈપણ પ્રાણીજ પદાર્થ, દૂધ, ઈંડા લેતા નથી.

(૨) ફ્રુટેરીયન્સ - ફક્ત ફળો, મધ, સુકો મેવો લેનાર

(૩) 'લેકટો વેજીટેરીયન' - દૂધ, ચીઝ, પનીર, દૂધની બનાવટો, વનસ્પતિ લેનાર

(૪) ઓવો લેક્ટોવેજીટેરીયન - દૂધની બનાવટો, વનસ્પતિ, ઈંડા ખાનાર.

# મંદિર (જિનાલય) માં જીવરક્ષા

૧. દીવો ફાનસમાં મૂકવો. દીવો ખુલ્લો મૂકવાથી જ્યોતમાં ઊડતી જીવાત પડવાથી જીવહિંસા થાય.

૨. વાસણો તથા પ્રક્ષાલના ડબ્બા સાફ કર્યા પછી લૂંછી ઊંધાં મૂકવાં. રાત્રે ઊંધાં જ રાખવાં. બીજા દિવસે સવારે ઉપયોગમાં લેતી વખતે આડા કરી પૂંજી-પ્રામાર્જીને પછી વાપરવાં.

૩. પાણી, દૂધ, ન્હવણ, કેશર-સુખડનો વાડકો તથા ઘીની દીવીઓ આ બધું ઢાંકીને રાખવું ઢાંકણાંનો ઉપયોગ કરવો.

૪. આરતી-મંગલદીવો ઉતાર્યા પછી કાણાવાળી જાળી-સરપોટથી ઢાંકવા. ફૂંક મારીને માંગલિક કરવા નહિ.

૫. સૌપ્રથમ કામ શરૂ કરતાં પહેલાં સુંવાળા ઝાડુથી જયણાપૂર્વક કાજો કાઢવો. થોડા થોડા વખતે કાજો લેવો. જેથી ચોખા પગમાં ન આવે તથા નૈવદ્યથી આવેલા કીડી વગેરે જીવોની રક્ષા થાય.

૬. રાત્રે મંદિર માંગલિક કરતાં પહેલાં જ્યાં ત્રસજીવોનો ઉપદ્રવ હોય ત્યાં પ્રભુપ્રતિમા પરથી ફૂલો ઉતારી લેવાં. ફૂલો લઈ લેવાથી જીવાતના અભાવે પરમાત્મા સમક્ષ ગરોળીથી થતી હિંસા નિવારી શકાશે.

૭. પ્રક્ષાલ સમયના થોડા વખત પહેલાં બધાં ફૂલો બાજુમાં લઈ લેવાં. ભગવાનને અંગલૂછણાથી સાફ કરવાના હોય ત્યારે પણ ફૂલો થોડો સમય પહેલાં બાજુમાં લઈ લેવાં. ફૂલની સુવાસથી આવેલા ત્રસ જીવો સાહજિક રીતે ચાલ્યા જશે, જેથી પ્રક્ષાલ કરતાં કે અંગલૂછણાથી સાફ કરતાં જીવહિંસા ન થાય.

૮. સવારના પ્રક્ષાલ પહેલાં ભગવાન ઉપર મોરપીંછ અને પબાસન ઉપર પૂંજણી વાપરવી.

૯. પ્રક્ષાલ કરતાં પાણી, ન્હવણ જળ નીચે ન ઢોળાય તેની કાળજી રાખવી. ઉપયોગ કર્યા પછી જયણાપૂર્વક લૂછવું.

૧૦. અક્ષય તૃતીયાના દિવસે શેરડીના રસનો પ્રક્ષાલ હોય તો પ્રક્ષાલ કરવામાં તથા ન્હવણ જળ પધરાવવામાં કાળજી રાખવી. વિશેષ પ્રકારે જયણા પાળવા પ્રયત્ન કરવો.

૧૧. પોતું મારતાં સાફ સૂફી કરતાં કે લાદી ધોતા પહેલાં, કોરા હાથે ઝાડુથી જયણા કરી જીવોને જવા દેવા. ન્હવણ અને ફૂલ મૂકાતાં હોય ત્યાં વાસથી કીડી-મંકોડા આવેલા હોય તો સફાઈમાં કાળજી લેવી.

૧૨. બાંધકામ માટે વાપરવાનું પાણીય ઢાંકીને રાખવું.

૧૩. કરોળિયાનાં જાળાં તથા સૂક્ષ્મ જીવોનો ઉપદ્રવ ન થાય તે માટે અવારનવાર દીવાલોનું જયણાપૂર્વક શુદ્ધિકરણ કરવું. જીવોની ઉત્પત્તિ થાય તેવી તિરાડ કે છિદ્રો ન રાખવાં.

૧૪. લીલ ફૂગની ઉત્પત્તિ ન થાય તે માટે ચોમાસું શરૂ થતાં પહેલાં ચૂનો, રેતી ડામર, લાદી, સફેદાનો યોગ્ય જગ્યાએ ઉપયોગ કરવો. મંદિર જવા-આવવાના રસ્તે વરસાદ પડતાં પહેલાં સફેદો મારવો. લાદી નખાવી દેવી ઉત્તમ છે. તેમ દરેક વ્યક્તિએ પોતાના ઘરનો રસ્તો લીલવાળો ન થાય તેની કાળજી રાખવી.

૧૫. વાસી ફૂલોના વિસર્જન પહેલાં તેમાં રહેલા જીવોનું જયણાથી વિસર્જન કરવું.

❈

## બાગ-બગીચામાં હિંસા

વારંવાર બાગબગીચામાં શુદ્ધ હવા લેવા જનારાઓએ અમુક કાળજી રાખવી જરૂરી છે. લોન પર ચાલવું અયોગ્ય છે. તેના પર અનેક જીવો હોય છે જે આપણા ચાલવાથી ચગદાઈ મરે છે. ઉપરાંત ખુલ્લા પગે ચાલવાથી સૂક્ષ્મ જીવો આપણી ચામડીમાં પ્રવેશી જાય છે. 'મોર્નીંગ વૉક' કે 'ઈવનીંગ વૉક' કરતી વેળા માટી ભીની કરેલ હોય છે તેના ઉપર આંખ મીંચીને ચાલનારાને ખબર નથી કે આવી ભીની માટીમાં અનેક સંમૂર્ચ્છિત જીવો ઉત્પન્ન થયા હોય છે અને તેમને આપણે ચગદી મારીએ છીએ.

બાગબગીચાની રખેવાળી કરતા માળી કે વ્યવસ્થાપકોને લેખિત વિનંતી કરી રસાયણિક ખાતારો કે રાસાયણિક જંતુનાશક દવાઓ ન વાપરવા સમજાવવા અને તેજ રીતે માટી પર પાણી ન છાંટવા પણ સમજાવવા.

ઝાડ-છોડ ઉપર કોઈ પણ પ્રકારની રાસાયણિક જંતુનાશક દવાઓ છાંટી જંતુઓ મારવા નહીં. અગાઉના 'જંતુનાશક દવાઓ'વાળા પ્રકરણમાં જણાવેલ બાબતો ધ્યાનમાં રાખી ઓછામાં ઓછી હિંસા થાય તેમ કરવું.

કૂંડાં ખસેડતી વેળા તેની ઠંડકને કારણે નીચે કીડીઓની હિંસા ન થાય તે ધ્યાન રાખવું.

ઝાડ-છોડ પણ જીવ છે. તેથી તેને ગમે ત્યારે વાવીને પછી ઉખાડી નાખીને ફેંકી દેવાની વૃત્તિ સારી નથી. બિનજરૂરી ઝાડ કે છોડને અન્ય જગ્યાએ ફરી વાવી દેવાં.

ઝાડ છોડને ગાળેલું પાણી આપવું.

# આપણા ઉત્સવો અને હિંસા

આપણા ધાર્મિક, સામાજિક, લૌકિક ઉત્સવો કે પ્રસંગો ઘણાં છે. જેવા કે દીવાળી, ઉત્તરાયણ, હોળી, ગણેશોત્સવ, નવરાત્રી, લગ્ન. આ પ્રસંગો વેળા તેની ઊજવણીમાં મદમસ્ત બની જઈ, આપણે સારાસારનો વિવેક ભૂલી જઈએ છીએ. પ્રસંગની ઊજવણી થાય તે યોગ્ય છે કે અયોગ્ય તેની ચર્ચા અહીં અસ્થાને છે, પરંતુ જે કોઈ પ્રસંગ કે ઉત્સવ ઊજવવાનો હોય તે સમયે જીવોત્પત્તિ તથા અન્ય સૂક્ષ્મ જીવોની હિંસા ન થાય તેવાં પ્રયત્નો કરવાં જોઈએ.

લોનમાં ભોજન સમારંભ રાખવાથી થતી ભયંકર જીવહિંસા નરકના દ્વાર સમી છે. રસોડામાં રસોઈ છત્ર વિના થતી હોય અને ખુલ્લાં વાસણોમાં અનેક જીવો પડીને મરી જતા હોય અને તેવો ખોરાક આપણે રસ લંપટતાથી ખાઈએ છીએ. ભોજન સમારંભ કે અન્ય પ્રસંગ ઊજવતાં પહેલાં તે સ્થળની એવી રીતે સફાઈ થયેલી હોવી જોઈએ કે જેમાં જીવહિંસા ન હોય. જગ્યા યોગ્ય હવાઉજાસવાળી લેવી જોઈએ અને દિવસે જ પ્રસંગો ઉજવવાં જોઈએ.

**ઉત્તરાયણ :**

ઉત્તરાયણમાં લોકો કાચ પાયેલા દોરા વડે પતંગો ચગાવે છે. જે દોરાથી અસંખ્ય પક્ષીઓ કપાઈ જાય છે અથવા અપંગ થાય છે. છેલ્લાં વર્ષોમાં આવી દોરીઓ સ્કુટર ચાલકના ગળામાં ભરાવાથી મૃત્યુ થવાના બનાવોય નોંધાયા છે. ફક્ત અમદાવાદમાં દર વર્ષે લગભગ ૨૫૦૦ થી ૩૦૦૦ પક્ષીઓ (નોંધાયેલ - ન નોંધાયેલ એવાં એટલા જ ઘાયલ પક્ષીઓ હશે.) ઘાયલ થાય છે, જેમાંથી ૮૦ ટકા પક્ષીઓ મૃત્યુ પામે છે. ઘવાયેલાં મોટા ભાગનાં પક્ષીઓ આજીવન ઊડી શકતાં નથી. આ આંકડો ફક્ત અમદાવાદ શહેરનો છે. તે સિવાય આખા ગુજરાતના તમામ જીલ્લાઓ અને શહેરોની વાત કરીએ તો આ આંકડો ૫૦ થી ૭૦ હજારનો થાય. સારા માણસોય નાના-મોટા અકસ્માતોમાં મૃત્યુ પામે છે કે તેમના હાથ-પગ કપાઈ જાય છે કે લકવો થઈ જાય છે કે તેમનાં તરત જન્મેલાં બાળકો બહેરાં મુંગાં કે અપંગ અવતરે છે, તેની પાછળનાં કારણો આપણે કરેલ આવી હિંસાત્મક પ્રવૃત્તિઓ છે. આવાં પક્ષીઓની હાલત તમે અમદાવાદના એનીમલ હેલ્થ ફાઉન્ડેશનની હોસ્પિટલમાં જઈને જોઈ શકો છો. પક્ષીઓ, કુદરતી સ્કેવેન્જર્સ (ગંદકી સાફ કરનાર) છે. તેઓ માનવને હાનિકારક જીવજંતુઓને ખાઈ આપણી આજુબાજુનું વાતાવરણ ચોખ્ખું રાખે છે, જે ક્રમમાં આપણે આપણા બે-ચાર દિવસના આનંદપ્રમોદના કારણોસર ભયંકર વિક્ષેપ પાડીએ છીએ. ખરેખર પતંગ ચગાવવા બંધ કરવા જોઈએ બાળ જીદે તે શક્ય ન બને તો 'ઝંડો' જેવી જાડી દોરી, કાચ પાયા વિના વાપરી સવારે ૯ થી સાંજે ૪ સુધી પતંગ ચગાવવા. પતંગ કપાવાની ચિંતા રાખવી નહીં. વહેલી સવારે પક્ષીઓ માળા છોડી ખોરાકની શોધમાં સમૂહમાં બહાર નીકળતાં

હોય છે અને સાંજે સૂર્યાસ્ત પહેલાંના એક દોઢ કલાકના ગાળામાં માળામાં પાછા જતાં હોય છે જે સમયે પક્ષીઓને ઈજા થવાની શક્યતા વધી જાય છે. અન્ય દેશોમાં લોકો કાપાકાપીને બદલે મોટા પતંગો મોટા મેદાનમાં જઈ ચગાવે છે. તેવી પ્રથા પણ ઉત્તરાયણના દિવસો પૂરતી પાડી શકાય.

## દિવાળી

દિવાળીનો ઉત્સવ જુદી જુદી પ્રજા પોત-પોતાની માન્યતા મુજબ જુદી જુદી રીતે ઊજવે છે, પરંતુ તે બધા વચ્ચે એક બાબતમાં સમાનતા છે અને તે છે ફટાકડા ફોડવા. સમગ્ર ભારતમાં દિવાળી નિમિત્તે કરોડો રૂપિયાના ફટાકડા ફોડવામાં આવે છે. આ ફટાકડા સામાન્યતઃ રાત્રિના સમયે (સૂર્યાસ્ત પછી) ફોડવામાં આવે છે તે ક્રૂરતાં છે. અસંખ્ય સૂક્ષ્મ જીવજંતુઓ મરી જાય છે કે ઘાયલ થાય છે. જમીન ઉપર ફરતી કીડીનું શરીર બળી જાય છે. તમને કોઈ એક ચીમટો કે તમાચો મારે કે ટાંકણી ભોંકે તો પણ દર્દ થાય છે ! તો આ જીવજંતુને મારી નાંખતા કે ઘાયલ કરતાં આપણું હૃદય કેમ દ્રવી ઊઠતું નથી ? શું ફટાકડા ફોડવા અનિવાર્ય છે ? શું અન્ય જીવોને મારીને જ આપણે આનંદ પામી શકીએ ? દિવાળી દરમિયાન દાઝવાથી પણ બાળકો અપંગ કે બહેરા બનવાના, મૃત્યુ પામવાના કે અંધ બનવાના બનાવો વધી ગયા છે. ઉપરાંત ઘર દિઠ ૧ થી ૫ હજારનો ખર્ચ એટલે રૂપિયા બાળી નાંખવાની પ્રવૃત્તિ સાથે ધ્વનિ હવા પ્રદૂષણ બોનસમાં મળે.

કોઈ પણ સંજોગમાં ફટાકડા ન ફોડાય. હાલ બજારમાં એવી 'સીડી' (કોમ્પેક્ટ ડીસ્ક) મળે છે, જેમાં દરેક પ્રકારના ફટાકડા કોમ્પ્યુટર પર ફોડી શકાય, જોઈ શકાય, તેના અવાજો સાંભળી શકાય. નાનાં બાળકો જીદ પકડે તો બોંબ સિવાયના નાના ફટાકડા, જમીન, ચોક્ખી કરી, ફક્ત દિવસ દરમિયાન ફોડાવી શકાય.

## હોળી

હોળી અને ધૂળેટી એક સાથે ઊજવાય છે. ધૂળેટીમાં તો ફક્ત રંગ કે પાણીનો ઉપયોગ થાય છે, પરંતુ હોળીમાં તો લાકડાં બળે એ લાકડાં વૃક્ષના હોય અને વૃક્ષમાં પણ જીવ છે. તેના પર આડેધડ કરવત ફેરવાઈ હોય તો તેને કેટલી પીડા થઈ શકે ! જો સંગીતની અસર તેના પર થતી હોય તો કુહાડીના ઘાની ય પીડા થતી જ હોય. આખા ગુજરાત કે રાજસ્થાનમાં એક જ દિવસે હજારો વૃક્ષોનું નિકંદન નીકળે તે તદ્દન અયોગ્ય ઉપરાંત તે લાકડામાં અનેક જીવો ભરાયેલા હોય તે જીવો બળી જાય. વળી સાંજે સળગાવવામાં આવતી હોળીની જ્વાળાઓમાં વાતાવરણમાં ફરતા અનેક નાના-મોટા જીવજંતુઓ બળી મરે.

આપણાં ધર્મશાસ્ત્રોએ આપણા ઉત્સવો વેળા આવી કોઈ હિંસા કરવાનું વિધાન કર્યું નથી. તેથી તાત્કાલિક રીતે લોકોને વિશ્વાસમાં લઈ લાકડાં બાળવા પર પ્રતિબંધ મૂકવો જોઈએ.

## ગણેશોત્સવ

ગણેશોત્સવ એ આનંદનો ઉત્સવ છે, પરંતુ લોકો આનંદમાં એ ભૂલી જાય છે કે માટીના એક કણમાં હજારો જીવો છે અને તેથી મૂર્તિઓ બનાવવા માટે કરોડો જીવોની હિંસા થાય છે. પ્લાસ્ટર ઑફ પેરીસ એક પ્રકારની માટી જ છે. ઉપરાંત જ્યારે અનેક મૂર્તિઓ ગણેશ ચતુર્થીના દિવસે નદી કે જળાશયોમાં પધરાવવામાં આવે છે ત્યારે પાણીના પ્રદુષણથી પાણીના અસંખ્ય જીવો મૃત્યુ પામે છે.

આપણે **'આગે સે ચલી આતી હૈ'** એ રૂએ આપણી ખોટી પ્રથાઓમાં સુધારો કરતા નથી. હા, મજા કરવા બાબત સુધારા અપનાવી લઈએ છીએ જેમકે, પહેલાંના જમાનામાં લાઇટના ભપકા, માઇકના ઘોંઘાટ વ. નહોતા, જે હવે સર્વત્ર જોવા મળે છે. આખા શહેરમાં એક જ જગ્યાએ મોટી મૂર્તિની સ્થાપના અથવા દરેક સ્થળે નાની ધાતુની મૂર્તિ કે જેની દર વર્ષે સ્થાપના કરી શકાય એવું વિચારી શકાય. આ માટે ધર્માચાર્યોએ જાગ્રત થવું પડશે અને સાચી દિશામાં પહેલ કરવી પડશે.

## નાગપંચમી

નાગપંચમી દિવસે લોકોની અંધશ્રદ્ધાનો ગેરલાભ લેવા મદારીઓ સાપ પકડી લાવે છે અને અંધશ્રદ્ધાળુઓ તેને દૂધ પીવડાવે છે. સાપનો ખોરાક દૂધ નથી. વારંવાર દૂધ પીવાથી ઘણા સાપ મરી જાય છે.

## શાળાથી જ આરંભાતું હિંસાનું શિક્ષણ

બાળકને નાનપણથી જ અહિંસાનું શિક્ષણ આપવાની જરૂર છે. ધો. ૫ના વિજ્ઞાનના પાઠ્ય પુસ્તકમાં એક સારી વાત લખેલ છે. ''પ્રાણીઓને મારવા-નાચ કરાવવા એ આપણા માટે શરમજનક કહેવાય. વનસ્પતિ અને પ્રાણીઓ તરફ મિત્રભાવ રાખવો જોઈએ. જરૂર વગર ઝાડ પાન ન કાપવાં જોઈએ.''

જોકે, ધો. ૬ના વિજ્ઞાનના પાઠ્ય પુસ્તકમાં વિટામિનના ચાર્ટમાં કયું વિટામીન શામાંથી મળે છે તેમાં માંસનોય ઉલ્લેખ કરેલ છે તે કાઢી નાખવા યોગ્ય છે. ઉપરાંત ધો. ૭ના વિજ્ઞાનના પાઠ્ય પુસ્તકમાં પ્રોટીન, વિટામિન, કેલરી વગેરે માટે અન્ય વસ્તુઓ સાથે માંસ, ઈંડાં, માછલીના યકૃતનું તેલ વગેરે ઉલ્લેખ કરેલ છે તે તદ્દન અયોગ્ય છે એને રદ કરવું જરૂરી છે.

# પ્રાણીરક્ષા અને કાયદો

## (કાયદો, નિયમો અને અગત્યના ચુકાદાઓ)

આપણે પ્રાણીરક્ષા અંગે ભારતીય બંધારણ, અન્ય કાયદાઓ તથા આંતરરાષ્ટ્રિય પ્રબંધ (કન્વેન્શન)ની જાણકારી મેળવીએ તો કોઈ પણ પ્રકારની કાયદા વિરુદ્ધની હિંસા અટકાવી શકીએ. જોકે આ મોટા ભાગના કાયદા કે બંધારણ ખોખલા છે અને આડકતરી રીતે તે હિંસાને માન્યતા આપે છે. પ્રાણીરક્ષાના તમામ કાયદા, નિયમો અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ છે, પરંતુ ગુજરાતીમાં નથી. અમુક નિયમો વિનિયોગ પરિવારે ગુજરાતીમાં ઉપલબ્ધ કરેલ છે. મારી પત્ની એડવોકેટ વાસવી નિ. કાપડિયાએ ગુજરાતીમાં અમુક કાયદાઓનું ભાષાંતર કરવાનો પ્રયત્ન કર્યો છે. તે છતાં જિજ્ઞાસુએ અંગ્રેજી પ્રત જોઈ લેવી ઘટે. આણંદના ડૉ. અરવિંદભાઈ શેઠે કયા સંજોગોમાં કયા કાયદાની કઈ કલમ લગાડવી તેનું **'રેડી રેકનર'** બનાવેલ છે તેનોય સાભાર ઉપયોગ કરેલ છે. ધાનેરાના વિખ્યાત વકીલશ્રી રસીકલાલ હંસરાજ શાહ, વિનિયોગ પરિવારના વકીલશ્રી રાજેન્દ્રભાઈ જોષી તથા વિખ્યાત પ્રાણીરક્ષકશ્રી કેશરીચંદજી મહેતા એ ઘણી મહેનત કરી ઘણું સાહિત્ય પુરું પાડેલ છે. તે તમામનો હું અહીં ખાસ આભાર માનું છું. હિંસા-નિવારણ સંઘના વડીલશ્રી ચંપાલાલજીએ વિવિધ હાઈકોર્ટના ઉપયોગી ચુકાદાઓની નકલો ઉપલબ્ધ કરી છે.

આપણા સરકારી અમલદારો (અંગ્રેજોના વારસદારો) એટલા હોંશિયાર છે કે તેમણે કતલખાનાના નિયમો, ઇન્ડિયન સ્ટાન્ડર્ડ બ્યુરો પ્રમાણેના પ્રમાણો, પ્રાણીઓ ઉપર ટેસ્ટીંગના નિયમો વ. બનાવી પ્રાણીઓ ઉપરની ક્રૂરતા કાયદેસર કરી નાંખી છે. જંતુઓની હિંસા બાબત કોઈ કાયદો નથી.

પ્રાણી-ક્રૂરતા અટકાવવાના મોટા ભાગના કાયદા અંગ્રેજોએ બનાવેલા છે. તેમાં સુધારાવધારા કરી આપણી સરકારના મેકોલે શિક્ષણ લઈ બનેલ અધિકારીઓએ નવા કાયદા બનાવેલ છે. તેથી તેમાં ઘણાં સુધારાવધારાની જરૂર છે, જેને અંગેનાં મારાં સૂચનો - મંતવ્યો પણ મેં જણાવેલ છે. દરેક વાંચનારે પોતાના સૂચનો જે તે રાજ્ય-સરકારના કાયદામંત્રી તથા એનિમલ વેલફેર બોર્ડને તથા કેન્દ્ર સરકારને અંગ્રેજીમાં મોકલી આપવા.

### કૃત્ય સામે કાયદાની જોગવાઈ

રોજેરોજના વ્યવહારમાં પ્રાણી-વિષયક ગુન્હાહીત કૃત્ય જે બને છે તે નીચે મુજબ છે.

૧. ગાય-ભેંસ વંશના પશુઓને પીડાજનક સ્થિતિમાં, શંકાસ્પદ કતલના હેતુસર ટ્રક, ટેમ્પો વગેર વાહનમાં એક સ્થળેથી બીજા સ્થળે લઈ જવાતાં હોય છે.

૨. ઘેટાં-બકરાં, ડુક્કર વંશના પશુઓને પીડાજનક સ્થિતિમાં, કતલના હેતુસર ટ્રક, ટેમ્પો વગેરે વાહનમાં એક સ્થળેથી બીજા સ્થળે લઈ જવાતાં હોય છે.

| ગુન્હાહીત કૃત્ય | કાયદાની જોગવાઈ |
|---|---|
| ગાય-ભેંસ વંશના પશુઓને વાહનમાં લઈ જવાના પ્રસંગે | |
| ૧. ઓવરલોડ, ત્રાસવાદી સ્થિતિ, વધુ પડતી મુસાફરી, એક બીજા ઉપર વજન પડવું વ. માટે | PCA Act 11 (1) (a) |
| ૨. બિનજરૂરી પીડા થાય, પશુ રિબાય વગેરે માટે | PCA Act 11(1) (d) |
| ૩. ઊઠવા-બેસવાની અપૂરતી જગ્યાના કારણે અગવડભરી અસહ્ય સ્થિતિ હોય તો | PCA Act 11(1) (e) |
| ૪. અમર્યાદિત સમય માટે સાંકળ કે ટૂંકા દોરડાથી બાંધી રાખવાથી પીડાજનક સ્થિતિ હોય તો | PCA Act 11(1) (f) |
| ૫. ખોરાક, પાણી, હવા-ઉજાસ અપૂરતાં હોય તો | PCA Act 11(1) (h) |
| ૬. માલિક સિવાયની વ્યક્તિ પાસે પણ જ્યારે પશુની અકારણ પીડાજનક સ્થિતિ, ટૂંપાય, ભૂખે-તરસે રિબાય, ગોંધાય અને સામાન્ય જીવન માટે જરૂરી સુવિધાથી વંચિત રહે તો | PCA Act 11(1) (k) |
| ૭. અધિકૃત વેટેરીનરી ડૉક્ટરનું પ્રમાણપત્ર જેમાં સ્પષ્ટ ઉલ્લેખ ન હોય કે દરેક પશુ જે તે મુસાફરી કરવા માટે સંપૂર્ણ તંદુરસ્ત છે તેવા કિસ્સામાં, જેમાં સ્પષ્ટ ઉલ્લેખ ન હોય કે પશુ કોઈ પણ ચેપી (Infection) અથવા છૂતાછૂતની (Contagious) અથવા પરોપજીવી જંતુઓથી થતી (Parasitic) બીમારીથી પીડાતું નથી. પશુને Rinderpest અને ઉપરોક્ત બીમારીઓને અટકાવવાની રસી આપવામાં આવી છે. (દરેક પશુ, દરેક વાહન લોડ માટે ગણવું) - ઉપરોક્ત પ્રમાણપત્ર વિના વાહનના માલિકે શા માટે આ કામ સ્વીકાર્યું ? - પ્રમાણપત્ર નિયત શિડ્યુલ - ઇ મુજબ ન હોય તો | Rules Under PCA Act (Chapter IV - Transport of Cattle) 47 (a) Rules Under PCA Act47 (a) IPC-269 Rules Under |
| ૮. દરેક વાહન લોડ સાથે વેટરનરી ફર્સ્ટ એઇડ ઇક્વીપમેન્ટ Veternary First Aid Equipement)ન હોય તો | PCA Act48 |

| | | |
|---|---|---|
| ૯. | દરેક વાહનની બહાર સ્પષ્ટ વાંચી શકાય તેવા મોટા લાલ અક્ષરોમાં પશુઓ મોકલનાર અને સ્વીકારનાર વ્યક્તિનું નામ, સરનામું, ટેલિફોન નંબર (હોય તો) ઉપરાંત પશુઓની સંખ્યા અને પ્રકારની વિગત અને સાથે રાખેલ ખોરાકની ચીજો અને જથ્થો દર્શાવેલ ન હોય તો. | Rules Under PCA Act49 (a) |
| ૧૦. | પશુઓ સ્વીકારનાર પાર્ટીને પશુઓ રવાના કરેલ વાહન અને પશુઓની વિગત તથા પહોંચવાનો સમય અગાઉથી જણાવ્યો ન હોય તો. | Rules Under PCA Act49 (b) Rules Under PCA Act(b) |
| ૧૧. | વાહનમાં પશુદીઠ ૨(બે) ચો.મિ.થી ઓછી જગ્યા ફાળવવામાં આવી હોય ત્યારે (સામાન્ય રીતે મોટી ટ્રકમાં ૪ થી ૬ અને નાના ટેમ્પોમાં ૨ થી ૪ પશુનો સમાવેશ શક્ય ગણાય.) | Rules Under PCA Act50 |
| ૧૨. | ગાભણ પશુ અન્ય પશુથી અલગ ન ભર્યા હોય તો | Rules Under PCA Act53 |
| ૧૩. | મુસાફરી દરમિયાન, પશુને પિવડાવવા પૂરતું પાણી સાથે ન રાખ્યું હોય, પૂરતો ઘાસચારો-ખાણદાણ સાથે ન રાખ્યો હોય, પૂરતાં હવા-ઉજાસ ન હોય તો | Rules Under PCA Act54 |
| ૧૪. | રેલ મુસાફરી સમયે રાખવી જરૂરી તકેદારીના ભંગ માટે જુઓ | Rules Under PCA Act 51 (b) & 55 (a) to (I) & 56 (a) to (f) |
| ૧૫. | ગોવંશના પશુઓને કતલ માટે લઈ જવાના પ્રયત્ન માટે. યાદ રાખો આ ખૂબ જ ગંભીર ગુન્હો છે. | Bombay Animal Preservation Act Sec. 5-8-10 (Cognizable Offence ગણાય છે) |
| ૧૬. | પ્રવર્તિત કાયદા મુજબ આયાત-નિકાસ પરવાના સાથે ન લીધા હોય તો. | Bombay Essensial |

| | | |
|---|---|---|
| | | Commodities & Cattle (Control) Act 1958 Sec.6 (d) (વાહન જપ્ત કરવાની જોગવાઈ છે.) |
| ૧૭. | પશુઓ પ્રત્યે આચરવામાં આવેલ ક્રૂરતા માટે | Bombay Police Act, 1989, Sec. 119 |
| ૧૮. | પશુદીઠ ૨(બે) ચો.મિ.થી ઓછી જગ્યા ફાળવેલ હોય, વાહનના ભોંયતળિયે લાકડાની પટ્ટીઓ બેસાડી ન હોય, વાહનની બોડીમાં વાગે તેવા ખીલા કે અન્ય ફીટિંગ્સ હોય, પશુને દોરડાથી વાહનની બાજુએ બાંધ્યાં ન હોય, વાહનના ઉપરના માળે મોટાં પશુ ચઢાવ્યાં હોય, મળમૂત્રના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોય તો વાહનની ઝડપ ૪૦ કિ.મિ.થી વધુ હોય તો | Gujarat Motor Vehicle Rules 123 |
| ૧૯. | જો સરકારી અધિકારીને અથવા અધિકૃત વ્યક્તિને ફરજ બજાવતાં અટકાવેલ હોય તો | IPC-183 |
| ૨૦. | જો વાહન બેદરકારીથી ચલાવ્યાનું જણાય તો | IPC-279 |
| ૨૧. | જો કોઈ પશુ, માલિકની બેદરકારીથી રખડતું હોય અને તેવા પશુથી અન્યને ઈજા કે નુકસાન થવાનો ખતરો હોય તો | IPC-289 |
| ૨૨. | જો ઘાતકી-મરણતોલ હુમલો કર્યો હોય તો (આ ગુન્હો ખૂબ જ ગંભીર પ્રકારનો છે.) | IPC-326 |
| ૨૩. | જો વાહન ઉપર ચઢાવ્યાનો કે અન્ય રીતે જાનનો જોખમભર્યો પ્રયત્ન થયો હોય તો. | IPC-336 |
| ૨૪. | જો વાહનમાં કોઈ પશુ ટૂંપાવાથી, એક-બીજા સાથે અથડાવાથી મરણ પામ્યું હોય, નકામું બન્યું હોય તો | IPC-429 |
| ૨૫. | જો ઈજા કરવાની, જાનથી મારી નાંખવાની કે મિલકતને નુકસાન કરવાની ધમકી ઉચ્ચારી હોય તો. | IPC-506 |

## ઘેટાં-બકરાં વંશના પશુઓને વાહનમાં લઈ જવાના પ્રસંગે

| | |
|---|---|
| ૨૬. જુદા જુદા પ્રકારની ક્રૂરતાથી અગાઉ ૧ થી ૬ મુજબ | PCA Act, 1960 11 (i) (a) (d) (e) (f) (h) (k) |
| ૨૭. અગાઉ ૭ મુજબ, સર્ટિ., શિડ્યુલ મુજબ | Rules Under PCA Act 65 (a) (b) (c) |
| ૨૮. અગાઉ ૯ મુજબ | Rules Under PCA Act66 (a) |
| ૨૯. અગાઉ ૧૦ મુજબ | Rules Under PCA Act66 (b) |
| ૩૦. અગાઉ ૮ મુજબ | Rules Under PCA Act67 (a) |
| ૩૧. ઘેટાં અને બકરાં એક જ વાહનમાં હોય છતાં પાર્ટીશનથી જુદાં ન પાડ્યા હોય તો | R.U.PCA Act68 |
| ૩૨. બોકડાં અને નર બચ્ચાં જો અન્ય બકરીઓ અને માદા (નારી જાતિના) બચ્ચાં સાથે ભર્યાં હોય તો | Rules Under PCA Act 69 |
| ૩૩. અગાઉ ૧૩ મુજબ | Rules Under PCA Sct 70 |
| ૩૪. વાહનના ભોંયતળિયે ૫ સે.મિ.નો ઘાસ-ભૂસાનો ગાદી જેવો થર બનાવ્યો ન હોય તો | Rules Under PCA Act 71 |
| ૩૫. પશુઓના પગ એક-બીજા સાથે બાંધ્યાં હોય તો | PCA Act 72 |
| ૩૬. રેલવે મુસાફરી વખતે રાખવાની કાળજી, વેગનમાં ભરવાની સંખ્યા વગેરે માટે | Rules Under PCA Sct 74 & 75 |
| ૩૭. પશુઓ પ્રત્યે આચરવામાં આવતી ક્રૂરતા માટે | Bombay Police Act Sec. 119 |
| ૩૮. પશુદીઠ ઓછામાં ઓછી ૦.૧૯ ચો.મિ. જગ્યા ફાળવી ન હોય તો | Motor Vehicle Rules 123 |
| ૩૯. અગાઉ ૧૯ થી ૨૨ | IPC થી મુજબ 183, 279, 326, 336 |

૪૦. જો વાહનમાં કોઈ પશુ ટૂંપાવાથી કે એક-બીજા સાથે અથડાવાથી મરણ પામ્યું હોય કે નકામું બન્યું હોય ત્યારે અગાઉ મુજબ.

## ૪. એફ. આઈ. આર (FIR) પોલીસ સ્ટેશને કેવી રીતે ફાઈલ કરશો ?

'FIR' એટલે First Information Report ગુજરાતીમાં તેને પ્રાથમિક માહિતી અહેવાલ કહી શકાય. સ્થાનિક પોલીસ સ્ટેશને તમે કોઈ ફરિયાદ કરવા માંગતા હો, કોર્ટની દાદ મેળવવા માંગતા હો, ત્યારે FIR નોંધાવવી જરૂરી બને છે. આપણે આજે પ્રાણીઓના સંદર્ભમાં વાત કરીશું.

પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા આચરવામાં આવી હોય, આવતી હોય અથવા પ્રાણી પ્રત્યે અન્ય પ્રકારનું ગુન્હાહીત કૃત્ય થયું હોય ત્યારે તેની વિગતો ફોટા વગેરે સાથે FIR નોંધાવવી જરૂરી બને છે.

પોલીસ સ્ટેશને અધિકૃત વ્યક્તિને મૌખિક માહિતી આપી 'પોલીસ રજિસ્ટર'માં તમે FIR નોંધાવી શકો છો. અથવા બે નકલમાં વિગત લખી એક નકલ અધિકૃત પોલીસ અધિકારીને આપી બીજી નકલમાં તે મળ્યાની સહી, તારીખ, સમય FIR નોંધણી નંબર લખી પરત મેળવવી જરૂરી છે. આ નકલ સાચવી રાખવી ખૂબ જ જરૂરી છે. ફરિયાદ લેખિતમાં જ આપવી યોગ્ય છે. જો અધિકારી ફરીયાદ લેવાની ના પાડે તો તેની નોંધ સાથે તેમને કે ઉચ્ચ અધિકારીને ફેક્ષ/રજી. એ.ડી. થી તરત મોકલવી.

FIR, પોલીસ રજિસ્ટરમાં નોંધવાની પોલીસ અધિકારીની ફરજ છે. તમારા સહકારથી અને શક્ય તેટલી વધુ સાબિતીપૂર્ણ માહિતીથી કેસ આગળ વધારવાનું સરળ બને છે.

પોલીસ અધિકારીની મંજૂરીથી તમે જાતે પણ પોલીસ રજિસ્ટરમાં FIR નોંધી તેની નકલ મેળવી શકો છો.

પોલીસ રજીસ્ટરમાં નોંધેલ ફરિયાદની માહિતી અને વખતો-વખતની પ્રગતિથી મેજિસ્ટ્રેટને વાકેફ કરવાની પોલીસની ફરજ બને છે.

ફરિયાદ એટલે કે FIR પોલીસ રજિસ્ટરમાં જ નોંધાવવી. પોલીસ ડાયરીમાં નોંધેલ ફરિયાદ ક્યારેક રજિસ્ટરમાં ન નોંધાયાનું બને છે.

ફરિયાદ મૌખિક નોંધાવવામાં આવી હોય ત્યારે રજિસ્ટરમાં નોંધેલ વિગતો એક વાર વાંચી લઈને જરૂરી વિગતોનો સમાવેશ થયાની ખાતરી કરી લેવી, ત્યારબાદ સાહી કરવી.

FIR ની સત્તાવાર નોંધણી માટે પોલીસ સ્ટેશનનો સ્ટેમ્પ, તારીખ અને પોલીસ અધિકારીની સહી જરૂર છે.

ફરિયાદની નોંધણીની ખાતરી બાદ ફરિયાદ નોંધાવનાર વ્યક્તિએ ત્યાં રોકાવાની

જરૂર રહેતી નથી. ફરિયાદ નોંધાવનાર વ્યક્તિએ પોતાને જેટલી વિગતોની જાણ હોય તેટલી વિગતો જ તેણે નોંધાવવાની છે, કેસ સાબિત કરવાની જવાબદારી તેની નથી.

ફરિયાદ નોંધ્યા બાદ તપાસ કરવાની ફરજ પોલીસની છે. ચાર્જશીટ ફાઈલ થયા બાદ શકવર્તી ગુનેગારો અને પ્રાણીઓની વિગતે રજૂઆત ૨૪ કલાકમાં કોર્ટ સમક્ષ કરવામાં આવે છે. ત્યારબાદ કાયદાકીય કાર્યવાહી કોર્ટના આશરે છે.

## પ્રાણીઓની કસ્ટડી બાબત :

પ્રાણીઓની કસ્ટડી બાબત ઘણી જ અગત્યની છે. પ્રાણીઓની કસ્ટડી યા તો વાઇલ્ડ લાઈફ વોર્ડનને અથવા નજીકની પાંજરાપોળ - એસ.પી.સી.એ જેવી પ્રાણીકલ્યાણ સંસ્થાને સોંપાય તે જરૂરી છે.

કોઈક સંજોગમાં તાત્કાલિક આવી સંસ્થાનો સંપર્ક ન થઈ શકે તો આ પ્રાણીઓ પોલીસે કબજે લીધાની પહોંચ ફરિયાદીએ મેળવવી જોઈએ.

કોઈ પણ સંજોગમાં પ્રાણીઓ તેના મૂળ માલિકને કે એની જગ્યાએ ન પહોંચવા જોઈએ પહોંચે તો સઘળી મહેનત વ્યર્થ જાય.

## પોલીસને મદદરૂપ થવાની બાબત

આજના વાતાવરણમાં પોલીસ પાસે કાયદો અને વ્યવસ્થાનું ભારણ સારું એવું રહે છે. આ સંજોગમાં પ્રાણીઓ-વિષયક કાયદા વિષેની શક્ય તેટલી જાણકારી પોલીસને FIR દરમિયાન આપવાનું સમગ્ર પ્રવૃત્તિના હિતમાં છે. શક્ય હોય તો તે અંગેની નોંધ કે પુસ્તિકા તૈયાર જ રાખવી જોઈએ. તેની એક નકલ સ્થળ ઉપર જ જે તે પોલીસ અધિકારીને આપી મદદરૂપ થવું જોઈએ.

કોઈક કેસમાં ગુનો Cognizable હોય તો તે પણ ખાસ જણાવી તેના કાયદા-નિયમો પ્રત્યે ખાસ ધ્યાન દોરી FIRમાં નોંધ કરવા મદદરૂપ થવું જોઈએ.

કોઈક કેસમાં સઘળી રીતે પોલીસને મદદરૂપ થવાની પ્રાણીકલ્યાણ કાર્યકરની તૈયારી છતાં ચાર્જના પોલીસ અધિકારી FIR નોંધવા ખચકાતાં હોય ત્યારે ઘટતું માર્ગદર્શન પૂરુ પાડવા માટે ઉપરી અધિકારીઓનો સંપર્ક જરૂરી છે.

અપવાદરૂપ કેસમાં કોઈ કારણસર પોલીસખાતાના ઉચ્ચ અધિકારી તરફથી પણ સંતોષકારક પ્રતિભાવ ન મળે ત્યારે કોર્ટમાં બારોબાર વિગતપૂર્વક અરજી આપી કેસ નોંધવા રજૂઆત કરી શકાય છે.

## 'સિટીઝન એરેસ્ટ' શું છે ?

સંજોગો એવા હોય કે પોલીસની મદદ મેળવવામાં સમય જાય તેમ હોય, તે ગાળામાં કેસના પુરાવા-મુદ્દામાલ (પ્રાણીઓ વિ.) વગે થઈ જાય તેમ હોય તો અન્યની મદદ લઈ આરોપી તથા મુદ્દામાલનો કબજો મેળવી પોલીસને સોંપી શકાય છે. ક્રિમિનલ પ્રોસિજર કોડ-સેક્શન ૪૩ હેઠળ 'Citizen Arrest' કાયદેસર ગણાય છે.

'The law is an ass...but the kick of an ass is a nasty affair' **જાણવાથી જીવદયા પ્રવૃત્તિને વધુ બળ મળશે.**

- ★ કોઈ પણ ગુન્હાહીત બનાવ બન્યાની શક્ય તેટલી વધુ જાણકારી મેળવો અને તેની FIRમાં નોંધ કરાવો.
- ★ શક્ય હોય તો ફોટા તથા લોકોમાંથી પાકા સાક્ષી મળે તેની તકેદારી રાખો.
- ★ કોઈ પણ ગુન્હાહીત બનાવના સ્થળે એકલા નહીં પહોંચતાં સાથે અન્ય ચાર પાંચ વ્યક્તિને અવશ્ય સામેલ કરો.
- ★ શક્ય હોય ત્યાં સુધી સાથે બેટરી, એક બે નાનાં વાહન, જાનવર બાંધી શકાય તેવાં દોરડાં, કાયદા વિષેની બુક અથવા અન્ય નોંધ, સત્તાવાળાના ફોન નંબર, કેમેરા વગેરે સાથે રાખો.
- ★ નોંધાયા પછી પ્રાણીઓની કસ્ટડી લેવા અંગેની તૈયારી અવશ્ય રાખો.
- ★ ગુન્હાહીત બનાવમાં જે પ્રાણીઓ પકડાયાં હોય તેની સારવાર અને ખોરાક-પાણીની તૈયારી અવશ્ય રાખો.
- ★ કોઈક સંજોગમાં તમારી FIR નોંધાવવામાં અસફળ રહો તો તમે મેજિસ્ટ્રેટ સમક્ષ ફરિયાદ નોંધાવી શકો છો. ક્રિ. પ્રો. કોડ એસ ૧૫૪ (૩) હેઠળ પોસ્ટમાં તમારી લેખિત ફરિયાદની નકલ સુપ્રિ. ઓફ પોલિસને મોકલી FIR નોંધવા વિનંતી કરી શકો છો. ફરિયાદ ન નોંધાય તો જે તે પોલીસ અધિકારી સામે પગલાં લેવા તમે રીટ અરજી (Writ Pretition) હાઈકોર્ટમાં દાખલ કરી શકો છો.
- ★ તમારી FIR પોલીસમાં દાખલ થવા છતાં કોઈ પગલાં ન લેવાતાં જણાય તો મેજિસ્ટ્રેટ સમક્ષ રજુઆત કરી કિ. પ્રો. કોડ એસ ૧૫૬ (૩) અન્વયે તપાસના હુકમ માટે અરજ કરી શકો છો.
- ★ PCA Act હેઠળ ગુનો બન્યાના ત્રણ માસ સુધી ગુનો નોંધાવી શકાય છે.
- ★ પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા, હિંસાની બાબતે નજીકના જીવદયા મંડળ, એસ.પી.સી.એ મારફતે અથવા સીધા પોલીસ સ્ટેશને પહોંચી ગુનો નોંધાવી શકાય છે. તમારા વિશ્વાસુ વેટરીનરીઅનના નિષ્ણાત અભિપ્રાયથી કેસની ગુણવત્તા વધી જાય છે.

★ PCA Actની કલમ ૧૧ (૧) ના. (I), (m) અને (o) તથા કલમ ૧૨ હેઠળના ગુના Cognizable છે.

★ Cognizable ગુના એટલે જે ગુના માટે મેજિસ્ટ્રેટના હુકમ સિવાય પણ પોલીસ તહોમતદારને પકડી શકે છે. સામાન્યત રીતે જે ગુનામાં ત્રણ વર્ષની કેદની સજા દર્શાવાઈ હોય તે ગુના Cognizable હોય છે. અન્યથા જે કાયદામાં દર્શાવ્યા હોય તે ગુના Cognizable હોય છે.

★ જે ગુના માટેની સજા ત્રણ વર્ષ અને તેથી પણ વધારે હોય તેવા ગુનાના કેસ બિન જામીનપાત્ર અને Cognizable ગણાય છે.

★ પાલતું પ્રાણીઓ સિવાયના જંગલનાં પ્રાણીઓ માટેનો કાયદો Wild life Protection Act, ૧૯૭૨ છે. તેની જાણકારી મેળવી તેના પ્રત્યે આચરવામાં આવતી ક્રૂરતા અને હિંસાના બનાવમાં પણ જાગૃતિ દાખવો.

★ મદારી પાસે રાખવામાં આવતાં પ્રાણીઓ 'જંગલનાં પ્રાણીઓ'ની યાદીમાં આવે છે. તેને રાખવાં, રમાડવાં ગુના છે.

★ 'વાઘ, સિંહ, દીપડો, વાંદરો અને રીંછ' આ પાંચ પ્રાણીઓને સરકસમાં રમાડવાં પર સંપૂર્ણ પ્રતિબંધ છે.

★ જંગલનાં પ્રાણીઓના ગુનામાં વપરાયેલ કોઈ પણ વાહન કે સાધન, કેસ ચાલતાં સુધી સરકારના તાબામાં રહે છે. કોઈ પણ સંજોગમાં તે પરત સોંપી શકાય જ નહીં (જુઓ કેસ (રાજ્ય વિ. રણવીરસિંહ) ઓક્ટો-૨૦૦૦ જસ્ટીસ આર. પી. શેઠી (વન્ય પ્રાણી રક્ષા કાયદો) કલમ-૫૦

★ (પ્રાણી અત્યાચાર વિરોધી કાયદો) ૧૯૬૦ અને નિયમો સંબંધિત ગુનો નોંધાય તેવા કેસમાં (કાયદાની) કલમ ૩૫ (૧) આવાં પકડાયેલાં પ્રાણીઓને ડૉક્ટરી સારવાર મળે તેવી જોગવાઈ છે. કલમ ૩૫ (૧) (૪) અને (૫) હેઠળ એટલે કે સરકારે નિર્દિષ્ટ કરેલ આશ્રયસ્થાનમાં (તેની અવેજીમાં નજીકની યોગ્ય પાંજરાપોળને) તે પશુ સોંપવાનો હુકમ કરવાની જોગવાઈ છે.

★ આવી સોંપણીના કેસમાં પશુની સાર-સંભાળની, સઘળા ખર્ચની જવાબદારી તેના માલિકની હોય છે. ખર્ચ વસૂલાત માટે કાર્યવાહીની જોગવાઈ છે.

★ કોઈ પણ ગુના માટે ગુનો સાબિત કરવા માટે ગુન્હાહીત મુદ્દામાલ અને શખ્સની ઓળખ ખૂબ જ ઉપયોગી નીવડે છે. તે માટે ઊંડાણપૂર્વક તપાસ જરૂરી છે. કલમ ૩૩માં તેની ખાસ જોગવાઈ છે. ગુન્હાહીત કૃત્ય અંગેની લેખિત બાતમી મળ્યેથી ફર્સ્ટ ક્લાસ-સેકંડ ક્લાસ-પ્રેસિડન્સી મેજિસ્ટ્રેટ અથવા સબડિવિઝનલ મેજિ. અથવા

પોલીસ કમિશ્નર અથવા સુપ્રિ. ઓફ પોલીસને જરૂરિયાતની ખાતરી થતાં સબ-ઈન્સ્પેક્ટર અને ઉપરનો હોદ્દો ધરાવતા પોલીસ અધિકારી મારફતે કે પોતે જાતે તપાસ હાથ ધરી શકે છે.

★ (પ્રાણી અત્યાચાર વિરોધી કાયદા)ની કલમ ૩૪ મુજબ આવા સંજોગમાં રાજ્ય સરકારે અધિકૃત કર્યા હોય તેવા પોલીસ કોન્સ્ટેબલથી ઉપરના હોદ્દાવાળા અથવા અન્ય જેને અધિકૃત કર્યા હોય તે, પ્રાણીઓને પકડી મેજિસ્ટ્રેટ કે વેટરનરી ઑફિસર સમક્ષ રજૂ કરે છે.

★ (સિનેમાટોગ્રાફી કાયદો) ૧૯૫૨, અન્વયે તા. ૬-૧૨-૧૯૯૧ના ભારત સરકારના નોટીફીકેશનથી સિનેમા, ટી.વી.માં દર્શાવવામાં આવતાં કોઈ પણ દૃશ્યમાં પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા, ઘાતકીપણું કે હિંસા દર્શાવી શકાશે નહીં.

ઉક્ત આઠ પાનાની વિગતો ડૉ. અરવિંદકુમાર શેઠ કે જેઓ આણંદના શ્રી સર્વધર્મ જીવદયા સંઘના મેનેજીંગ ટ્રસ્ટી તથા ભારતીય પ્રાણીકલ્યાણ બોર્ડના માસ્ટર ટ્રેઈનર ઈન એનિમલ વેલફેર છે, તેમની પ્રાણીરક્ષા : કાનૂન માર્ગદર્શિકા પુસ્તિકમાંથી આ લખાણ સાભાર લીધેલ છે.

★ તાજેતરમાં બ્યુટી વિધાઉટ ક્રુઅલ્ટી સંસ્થાએ ઈન્વેસ્ટમેન્ટ ગાઈડ (રોકાણ ગાઉડ) બહાર પાડેલ છે, જે કંપની પોતાના ધંધા દરમ્યાન પ્રાણીઓ ઉપર અત્યાચાર કરે છે અથવા તો જે કંપનીઓએ પોતાની બનાવટોમાં પ્રાણીજ પદાર્થ વાપરે છે અથવા તો જે કંપનીઓ વસ્તુ ઉત્પાદન પ્રક્રિયામાં અમૂક પ્રાણી પદાર્થો વાપરે છે તેની વિગતો મેળવેલી.

જુદા જુદા પ્રકારની કંપનીનો લીલો, કેસરી અને લાલ માર્ક આપેલ છે. જે કંપની પ્રાણીઓ ઉપર ક્રુરતા કરતી નથી તે કંપનીને લીલો માર્ક આપેલ છે, અને તેની વિરુધ્ધની કંપનીને લાલ માર્ક આપેલ છે. જે કંપનીઓ અંગે પૂરી જાણકારી નથી તેને કેસરી માર્ક આપેલ છે. યાર્ન બનાવવા માટે ચરબીનો ઉપયોગ થાય છે તેને લાલ માર્ક આપેલ છે.

★ ભાષામાં વગર વિચાર્યે પ્રાણીઓનો ઉપયોગ જે હેતુથી કરવામાં આવે છે તે યોગ્ય નથી. કોઈને કૂતરા જેવો, ડુક્કર જેવો, ઉંદર કે સાપ જેવો લુચ્ચો, ઘુવડ જેવો, વગેરે કહેવું યોગ્ય નથી. આમાનાં કોઈપણ પ્રાણીઓ ખરાબ નથી કે માનવ જાતને નુકશાન કર્તા નથી. પ્રાણીઓ માનવ જાતને ઉપયોગી છે.

## કાયદા

પ્રાણીરક્ષાના કાયદાઓનો અભ્યાસ કરવા માટે નીચે મુજબના સ્ત્રોતનો અભ્યાસ કરવો પડે.

1. Laws, `Acts કાયદા
2. Rules નિયમો
3. Constitution - બંધારણની જોગવાઈઓ (વિવિધ કોર્ટોના ચુકાદાઓ)
4. Judgements of different Courts on all laws + Rules
5. International Conventions આંતરરાષ્ટ્રીય સંધિઓ

Constitution of India (Article 51 (g), 48-A, 51-A

PREVENTION OF CRUELTY TO ANIMALS ACT, 1960

(પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦)

WILD LIFE PROTECTION ACT. 1972

(વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ)

CATTLE TRESPASS ACT ઢોર અપપ્રવેશ અધિનિયમ ૧૮૭૧

ELEPHANTS PRESERVATION ACT

CINEMATOGRAPH ACT

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ CRPC 457, 457

INDIAN PENAL CODE : 183, 279, 289, 326, 336, 429, 506

ભારતીય ફોજદારી ધારો

BOMBAY ANIMAL PRESERVATION ACT (મુંબઈ પ્રાણી સુરક્ષા ધારો)

ESSENTIAL COMMODITIES ACT 1958 (SEC.6) (આવશ્યક ચીજવસ્તુ ધારો)

BOMBAY ESSENTIAL COMMODITIES AND CATTLE (CONTROL) ACT 2005

GUJARAT ANIMALS & BIRDS SACRIFICES (PREVENTION) ACT 1972 (ગુજરાત પ્રાણી અને પક્ષીઓના બલિ નિવારણ કાયદો) રાજસ્થાન માટે એવો જ ધારો છે.

GUJARAT ANIMALS & BIRDS PROTECTION ACT 1963 ગુજરાત વન્ય પ્રાણી અને વન્ય પક્ષી સુરક્ષા ધારો

Gujarat Diseases Of Animals (Controls) Act 1963 ગુજરાત પ્રાણી રોગો (વ્યવસ્થા) ધારો. રાજસ્થાન માટે એવો જ ધારો છે.

BOMBAY PROVINCIAL MUNCIPAL CORPORATION ACT મુંબઈ મ્યુનિસિપાલ કોર્પોરેશન ધારો

GUJARAT MUNICIPALITIES ACT ગુજરાત નગરપાલિકાઓનો કાયદો

MAHARASHTRA ANIMALS PRESERVATION (AMENDMENT) RULES મુંબઈ પ્રાણી સંરક્ષણ (સુધારા) નિયમો

MAHARASTRA KEEPING & MOVEMENTS OF CATTLE IN URBAN AREAS (CONTROL) ACT 1976 મહારાષ્ટ્ર પ્રાણીઓ રાખવા અને તેની હેરફેર (નિયંત્રણ) ધારો

RAJASTAN ANIMALS DISEASES RULES 1960

રાજસ્થાન પ્રાણી રોગોના નિયમો

RAJASTAN BOVINE ANIMAL (PROHIBITION OF SLAUGHTER & REGULATION OF TEMPORARY MIGRATION OR EXPORT ACT 1995

રાજસ્થાન દુધાળા ઢોરની કતલબંધી તથા કામચલાવ સ્થળાંતર - નિકાસ વહીવટનો કાયદો ૧૯૯૫

**GUJRAT PANCHAYAT ACT ગુજરાત પંચાયત ધારો**

**BOMBEY POLICE ACT 1989 (SEC. 119) મુંબઈ પોલીસ ધારો.**

**★ ભારતીય બંધારણ CONSTITUTION OF INDIA**

**★ આર્ટીકલ ૪૮**

''રાજ્ય ખેતી અને પ્રાણી સંવર્ધન આધુનિક અને વૈજ્ઞાનિક પદ્ધતિએ વ્યવસ્થિત કરવાનો પ્રયત્ન કરશે અને ખાસ કરીને તેમની પ્રજાતિઓની જાળવણી અને ઉપયોગિતા વધારવાનો પ્રયત્ન કરશે અને ગોવર્ગીય પ્રાણીઓની કતલ પ્રતિબંધિત કરશે.''

**★ આર્ટિકલ ૫૧-એ**

કુદરતી પર્યાવરણ (કે જેમાં વનો, તળાવો, નદીઓ તથા વન્ય પ્રાણીઓનો સમાવેશ થાય)નું સંરક્ષણ કરવું, તેને સુધારવું તથા તમામ સજીવો પ્રત્યે અનુકંપા રાખવાની ભારતના દરેક નાગરિકની મૂળભૂત ફરજ રહેશે.

**★ આર્ટિકલ ૪૮-એ**

રાજ્ય પર્યાવરણના રક્ષણ અને સુધારા માટે અને વન તથા વન્યપ્રાણીઓની સુરક્ષા માટે પ્રયત્ન કરશે.

**★ ઢોર અપપ્રવેશ અધિનિયમ ૧૮૭૧ (કેન્દ્ર સરકાર) The Cattle Trespass Act 1871.**

હાથી, ઊંટ, ભેંસ, પાડા, ઘોડા, ખસી કરેલ પશુઓ, ટટ્ટુ, વછેરા, ખચ્ચર, ગધેડાં, ડુક્કર, ઘેંટાં, બકરાં જો કોઈની ખેતીની જમીનમાં પહોંચી જાય કે જાહેર રસ્તા, આનંદપ્રમોદની જગ્યાઓ, બગીચા, નહેરો જેવાં સ્થળોએ રખડતાં કે નુકસાન કરનારાં પ્રાણીઓને ઢોરોના ડબામાં પૂરવા માટેની જોગવાઈઓનો કાયદો અંગ્રેજોનો છે, જે ભારતની સરકારે આઝાદી પછીય ચાલુ રાખ્યો છે. માલિક નિયત સમયમાં દંડ ભરી છોડાવવા ન આવે તો જાહેર લિલામથી પ્રાણીને વેચવાની કાર્યવાહી દર્શાવેલ છે. જો જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીને ઢોરનો માલિક ફરિયાદ કરી એવું પૂરવાર કરે કે ઢોર ખોટી રીતે પકડેલાં અને પૂરેલાં છે તો તેને વાજબી વળતર વગેરે મળી શકે. ઢોરને પકડવાની કાર્યવાહીમાં અંતરાય કરનારને કે પકડેલ ઢોરને ખોટી રીતે છોડાવી જનારને છ માસની સજા તથા દંડ થઈ શકે.

**★ મહારાષ્ટ્ર શહેરી વિસ્તારનાં દૂધાળાં ઢોર જાળવણી અને (પ્રબંધ કાયદા) ૧૯૭૬**

ભેંસ, ગાય, વાછરડી, પાડું, સાંઢ (પાડો) પ્રાણીઓથી મુંબઈ અને થાણાના શહેરી વિસ્તારોના લોકોની જાહેર આરોગ્યની સ્થિતિ બગડે નહિ તેવા હેતુથી આ કાયદો બનાવેલ છે. આ પ્રાણીઓ આવા શહેરી વિસ્તારમાં પરવાનગી વિના રાખી શકાય નહિ. જે તે વ્યકિતના પોતાના કુટુંબની દૂધની જરૂરિયાતો માટે ત્રણથી વધુ દૂધાળાં પ્રાણી ન રાખી શકાય તે રીતે વર્ગ 'એ' લાયસન્સ આપવામાં આવે છે અને દૂધનો ધંધો કરનારાને વર્ગ 'બી' લાયસન્સ આપવામાં આવે છે, જેના અમુક નીતિ નિયમો નક્કી કરેલ છે. પરવાનગીની શરતોનો ભંગ કરવાથી પરવાનગી રદ થઈ શકે. તેની ઉપર અપિલ થઈ શકે. રાજ્ય સરકાર જાહેરનામું બહાર પાડી અમુક નિયત વિસ્તારમાં આ પ્રાણીઓ ન રાખી શકાય એવા હુકમ બહાર પાડી શકે. જે તે અધિકારી ગમાણમાં આવી કાયદાનુસાર બધી તપાસ કરી શકે. સરકારશ્રીના આ અંગેના નિતીનિયમોનો ભંગ કરનારને ત્રણ વર્ષ સુધીની સજા તથા દંડ થઈ શકે. આવા સંજોગમાં જે તે પ્રાણીઓ સરકારમાં જપ્ત કરવાનીય નામદાર કોર્ટને સત્તા છે. જોકે આ તમામ ગુના કોગ્નાઈઝેબલ (પોલિસ અધિકારી મેજીસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજૂરી વિના આરોપી સામે કાર્યવાહી કરી શકે) તથા જામીનપાત્ર (આરોપી જામીન આપવા તૈયાર હોય તો છોડવો જ પડે છે.) આવા ગુનાઓના કેસ 'સમરી' વિધિથી ઝડપથી ચલાવવાનાં હોય છે. જોકે સરકારી કે અર્ધસરકારી સંસ્થાની માલિકીની પાંજરાપોળમાં રાખેલ તથા શૈક્ષણિક કે શોધસંશોધન માટે રાખેલ પ્રાણીઓને આ કાયદો લાગુ પડતો નથી.

### ★ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ Bombay Police Act 1951

કલમ ૧૦૧ હેઠળ કોઈ પણ શખ્સ જાહેર સ્થળે કે શેરીમાં, કોઈ પણ પ્રાણીને ભાડે આપવા કે વેચવા માટે પ્રદર્શિત કરી શકે નહીં, કે જેથી ટ્રાફિક અવરોધાય અને જાહેર જનતા કે રહેવાસીઓને તકલીફ પડે. તેજ રીતે કલમ ૧૦૫ અન્વયે જાહેરમાં કોઈ પણ પ્રાણીની કતલ ન થઈ શકે અને તેનું શબ સાફ ન કરી શકાય. આવી જોગવાઈનો ભંગ કરનારને રૂા. ૨૦૦/ સુધીનો દંડ થઈ શકે. કલમ ૧૧૯ અન્વયે (જે વિસ્તાર માટે પો. કમિ.ની નિમણૂંક ન થઈ હોય ત્યાં) જે વ્યક્તિ પ્રાણીને ક્રૂરતાથી મારે, હેરાન કરે, વધુ પડતું કામ કરાવે, ઉશ્કેરે (પજવે) કે એવું કામ કરાવે તેને એક માસની સજા અથવા ૧૦૦ રૂા.નો દંડ થઈ શકે.

### ★ મુંબઈ મહાનગરપાલિકા અધિનિયમ ૧૯૪૯

### The Bombay Provincial Municipal Corporation Act 1949

કલમ ૩૦૯ મુજબ મરેલા પ્રાણીના શબનો નિકાસ કરવાની મ્યુ. કમિશ્નરશ્રીની ફરજ છે.

કલમ ૩૨૭ મુજબ મહાનગરપાલિકાએ ‘કતલખાનાં’ ચલાવવાનાં છે. જોકે તેઓ ખાનગી કતલખાનાં ચલાવવાનીય પરવાનગી આપી શકે છે. મ્યુ. કમિ.ની પૂર્વ મંજૂરી વિના માણસના ખોરાક માટે કોઈ પણ પ્રાણી કે તેનું માસ શહેરની હદમાં લાવી શકાય નહિ. જો લાવે તો પોલીસ આરોપીની ધરપકડ કરી શકે અને મહાનગરપાલિકા તે પ્રાણી જપ્ત કરી વેચાણ કરી શકે. જોકે પ્રીઝર્વ્ડ મીટને આ લાગુ પડતું નથી. કાયદા વિરુદ્ધના પ્રાણી કે માંસ રાખેલ હોય તો મ્યુ. કમિશ્નર રાત્રેય રેડ પાડી, તે જપ્ત કરી શકે અને વેચી શકે. કલમ ૩૭૮ અન્વયે કોઈ પણ સ્થળ કે જે અંગે પૂર્વ મંજૂરી નથી, તેનો પ્રાણીની કતલ માટે ઉપયોગ ન થઈ શકે. કલમ ૩૮૦ અન્વયે પ્રાણીઓની ચામડી ઉતારવા કે શબ કાપવા માટે કોઈ પણ પ્રાણીની મ્યુ. કતલખાના સિવાયની જગ્યાએ કતલ ન કરી શકે. સિવાય કે તેણે મંજૂરી લીધી હોય. કલમ ૩૮૧ અન્વયે પરવાનગી વિના કોઈ પણ ચોપગા પ્રાણી, માંસ, માછલી, મ્યુનિસિપલ કે ખાનગી માર્કેટમાં વેચાણ ન કરી શકે. કલમ ૩૮૨ અનુસાર કોઈ પણ વ્યક્તિ લાયસન્સ વિના કતલખાનાનો ધંધો ન કરી શકે કે માંસનું વેચાણ ન કરી શકે.

આ જોગવાઈઓનો ભંગ કરનારને કલમ ૩૯૯ હેઠળ રૂા. ૧૦૦/- સુધીનો દંડ તથા દરરોજનો ૨૫ રૂા. દંડ (જો આ ગુનો પહેલી સજા પછી ય ચાલુ રહે તો) આ કાયદા હેઠળ ગુનો કરનારની પોલીસ અધિકારી ધરપકડ કરી શકે. જોકે તેનું સાચું નામ - સરનામું જાણી તેને છોડી દેવો પડે સિવાય કે મેજિસ્ટ્રેટશ્રીનો વધુ અટકાયતનો હુકમ હોય.

## ● Gujarat Diseases of Animals (Control) Act 1963

ગુજરાત પ્રાણીઓના રોગ (નિયંત્રણ) ધારો ૧૯૬૩ ઘરના પ્રાણી, પક્ષી, પાંજરામાં રાખેલ પ્રાણી કે પક્ષીમાં ચેપી રોગો જેવા કે, હડકવા, ટી.બી., એન્થ્રેક્સ, ફૂટ એન્ડ માઉથ રોગ, પ્લેગ વગેરે ન પ્રસરે તે માટેના હેતુથી આ કાયદો બનાવેલ. જેમાં સરકારના પ્રાણી દાક્તર, જે-તે વ્યક્તિને નોટિસ આપી રોગગ્રસ્ત પ્રાણી કે પંખીની સારવાર અર્થે 'ક્વોરેન્ટીન સ્ટેશન'માં રાખી શકે. તેજ રીતે પ્રાણીઓનું રસીકરણ કરી શકે. રાજ્ય સરકાર, અમુક પ્રકારના પ્રાણીઓની કે તેમના શબની હેરફેર પર પ્રતિબંધ ફરમાવી શકે. પ્રાણીઓના બજાર કે પ્રદર્શન કે ભેગા થવા પર પ્રતિબંધ મૂકી શકે. રોગગ્રસ્ત પ્રાણીનો નાશ કરી શકે. પ્રાણીઓની હેરફેર માટે વપરાતાં વાહનો, સરકારશ્રીની સૂચના પ્રમાણે, નિયમિત સમયાંતરે ચોખ્ખા કરવા પડે અને જંતુમુક્ત કરવા પડે.

કાયદા વિરુદ્ધ કામ કરનારને દંડ તથા સજા થઈ શકે છે.

### ★ પ્રાણીક્રૂરતા નિવારણ અધિનિયમ ૧૯૬૦ Prevention of Cruelty to Animals 1960

અંગ્રેજોએ બનાવેલ પ્રાણી ક્રૂરતા અધિનિયમ ૧૮૯૦ રદ કરી કેન્દ્ર સરકારે સને ૧૯૬૦માં 'મનુષ્ય સિવાયના કોઈ પણ જીવતા પ્રાણી' પ્રત્યેના અનાવશ્યક દુઃખ કે પીડા ગુજારાતી નિવારવાના હેતુથી સદર કાયદો ઘડ્યો. સદર કાયદાનુસાર કોઈ પણ પ્રાણીની સંભાળ રાખનાર કે હવાલો ધરાવનાર દરેક વ્યકિતીને તે પ્રાણીની સુખાકારી માટે તમામ વાજબી પગલાં લેવાની અને તે પ્રાણી પ્રત્યે અનાવશ્યક દુઃખ-પીડા ગુજારાતી નિવારવાની ફરજ રહેશે. આ અંગે પ્રાણીઓનું ધ્યાન રાખવાના હેતુસર 'પ્રાણી કલ્યાણ બોર્ડ'ની રચના કરેલ છે, જે વિવિધ ક્ષેત્રની ૧૬ વ્યક્તિઓથી બનશે. આ બોર્ડનાં મુખ્ય કાર્યોમાં, પ્રાણી ક્રૂરતા નિવારણ કાયદાનો સતત અભ્યાસ કરી તેમાં સુધારા-વધારા સૂચવવા, પ્રાણીઓની હેરફેર-બંધનાવસ્થા-ખેલ વેળા તેમને અનાવશ્યક પીડા ન થાય તે અંગેના નિયમો કરવા કેન્દ્ર સરકારને સલાહ આપવી, ભારવાહક પ્રાણીઓને રાખવાં, છાપરાં, પીવાનું પાણી, યોગ્ય સારવાર વગેરે સગવડો આપવી. કતલ પૂર્વેના શારીરિક કે માનસિક દુઃખ ટાળવાં અને કતલ દયાળુ રીતે કરવા અંગે સરકાર કે સ્થાનિક સત્તામંડળને સલાહ આપવી, નિરુપયોગી પ્રાણીનો નાશ બેભાન બનાવી થાય તે જોવા પગલાં લેવાં, વૃદ્ધ તથા નિરુપયોગી પ્રાણી તથા પક્ષીઓને આશ્રય આપતી સંસ્થાઓને નાણાકીય કે અન્ય રીતે પ્રોત્સાહન આપવું. પ્રાણીઓનું દુઃખ નિવારવા કામ કરતી સંસ્થાઓને પ્રોત્સાહન આપવું અને સંકલન કરું, નાણાકીય સહાય આપવી, પ્રાણીઓની હોસ્પિટલો અંગે સરકારને સલાહ આપવી અને નાણાકીય સલાહ આપવી, પ્રાણીઓ પ્રત્યેની દયા વધારવા અને પીડા ઘટાડવા અંગે લોકોને યોગ્ય શિક્ષણ આપવું અને લોકમત કેળવવો.

(નોંધ : ફક્ત સલાહ આપવનું કામ સોંપવું એ હાસ્યાસ્પદ છે. તમામ પ્રકારની ક્રૂરતા નિવારવાની સત્તા આપવી જરૂરી છે. કતલખાનાં બંધ કરવાને બદલે પ્રાણીઓની કતલ દયાળુ રીતે કેવી રીતે કરી શકાય ? સરકાર પ્રાણી-પ્રેમીઓને મૂર્ખ સમજે છે !) જો કોઈ વ્યકિત કોઈ પ્રાણીને એવી રીતે લાત મારે, માર મારે, તેના પર અતિશય સવારી કરે, તેને અતિશય હાંકે, તેના પર અતિશય ભાર લાદે, તેને રિબાવે કે તેની સાથે અન્ય રીતે વર્તી તેને અનાવશ્યક પીડા કરે, કરાવે અથવા માલિક હોઈ તેવો વર્તાવ થવા દે અથવા કોઈ રીતે- શારીરિક અશક્તિ, ઘા કે અન્ય કારણોસર પ્રાણી કામ કરવાને માટે અયોગ્ય હોવા છતાં તેની પાસે કામ કરાવે તે કામ કરાવવા દે, કોઈ પાળેલા કે બંધનમાં રાખેલ પ્રાણીને નુકસાનકારક દવા-પદાર્થ આપે તે આપવા દે, કોઈ પ્રાણીને વાહનમાં કે વાહન પર અનાવશ્યક દુઃખ-પીડા થાય તે રીતે લઈ જાય, પ્રાણીને હલનચલન માટે વાજબી અવકાશ મળે તેટલી ઊંચાઈ-લંબાઈ-પહોળાઈ ન હોય તેવા પાંજરા કે અન્ય સાધનમાં રાખે કે પૂરી રાખે, કોઈ પ્રાણીને ગેરવાજબી રીતે વધુ સમય માટે ખોટી રીતે ભારે સાંકળ કે દોરડાથી બાંધી રાખે કે ખીલે બાંધી રાખે, બાંધી રાખેલ કૂતરાને યોગ્ય હરફર કરાવવામાં બેધ્યાન રહે; બંધનમાં રાખેલ પ્રાણીને પૂરતા ખોરાક, પાણી અથવા આશ્રયસ્થાનની જોગવાઈ કરવામાં ચૂકે; વાજબી કારણો સિવાય પ્રાણીને ત્યજી દે જેથી તે ભૂખ-તરસથી પીડાય. ચેપી રોગથી પીડાતા પ્રાણીનો માલિક તેને શેરીમાં છૂટું મૂકી દે છે. વાજબી કારણો વિના રોગી કે અપંગ પ્રાણીનો માલિક તેને શેરીમાં મરવા દે. અંગ છેદન-ભૂખમરો-તરસ કે અન્ય ગેરવર્તનને કારણે પીડાતા પ્રાણીને વેચવા કાઢે કે વાજબી કારણો વિના પોતાના કબજામાં રાખે, કારણ વિના કોઈ પ્રાણીનું અંગ છેદન કરે કે અનાવશ્યક ક્રૂરતાથી તેની હત્યા કરે. બીજી વ્યક્તિઓને મનોરંજન પૂરું પાડવાના ઉદ્દેશથી કોઈ પ્રાણીને એવી રીતે પૂરી રાખે કે રખાવે કે જેથી તે પ્રાણી અન્ય પ્રાણીનો શિકાર બને, પોતાના ધંધા માટે પ્રાણીની સાઠમારી માટે કે તેને ખીજવવા માટે કોઈ સ્થાન રાખે, વાપરે, વહીવટ કરે, સ્થાન વાપરવા દે, વાપરવા આપવા માંગણી કરે, તેવા સ્થાન-પ્રવેશના નાણાં સ્વીકારે, જે હરીફાઈમાં પ્રાણીઓને છોડવામાં આવતાં હોય તેવી નિશાનબાજી કે તેના જેવી અન્ય હરિફાઈ કરનાર - એ તમામને પહેલા ગુના માટે ૫૦ રૂ. સુધીની દંડની અને અન્ય ગુના માટે ૧૦૦ રૂ. સુધીનો દંડ અથવા ત્રણ માસની કેદની સજા ફરમાવેલ છે.

જોકે કોઈ ઢોરનાં શીંગડાં નિયત રીતે કાપવામાં આવે, ખસી કરવામાં આવે, નાથવામાં આવે અથવા રખડતાં કૂતરાંઓનો તેઓને ઓછામાં ઓછી પીડા થાય તે પદ્ધતિએ નાશ કરવામાં આવે, અથવા કાયદા હેઠળ પ્રાણીઓ ઉપરના પ્રયોગો કરવામાં આવે. મનુષ્યના ખોરાક તરીકેના કોઈ પ્રાણીના નાશ-નાસ માટેની તૈયારી જો તે અનાવશ્યક દુઃખદાયક

ન હોય તે સમયના કાર્ય બાબત ઉક્ત ગુનો લાગુ ન પડે.

જો કોઈ વ્યક્તિ ગાય કે અન્ય દુઝણા પ્રાણી ઉપર દૂધ વધુ મેળવવા ફૂંકા કે દૂમદેવ જેવી ક્રિયા કરે કે કરવા દે તો શિક્ષાપાત્ર ગુનો બને છે.

ગંભીર રોગ ઈજાથી પીડા ભોગવતાં પ્રાણીઓનો યોગ્ય વિધિ બાદ નાશ થઈ શકે તેવી જોગવાઈ કરેલ છે.

નવી શોધ દ્વારા શરીરવિજ્ઞાન સંબંધી જ્ઞાનમાં અથવા જે જ્ઞાન મનુષ્યોના, પ્રાણીઓના અથવા છોડના જીવનને બચાવવા-લંબાવવા માટે કે, તેમની પીડા હળવી કરવા માટે કે તેમના કોઈ રોગ પ્રતિકાર કરવા ઉપયોગી હોય તેવું જ્ઞાન વધારવાના હેતુસરના પ્રાણીઓ ઉપરના પ્રયોગો ગેરકાયદેસર ન ગણવા તેવી જોગવાઈ છે. જોકે તે અંગે કેન્દ્રિય સમિતિ રચવાનીય જોગવાઈ છે. સમિતિએ પ્રયોગોના સંચાલન બાબત યોગ્ય નિયમો કરવાના છે. આવા નિયમો બનાવવાના હેતુઓ દર્શાવેલ છે : લાયક વ્યક્તિઓ સંપૂર્ણ જવાબદારી સાથે પ્રયોગો કરે, યોગ્ય કાળજી તથા દયાથી પ્રયોગો થાય, ગંભીર પીડા કે ઈજાવાળા પ્રાણીને બેભાન બનાવી તેનો નાશ કરવામાં આવે, શક્ય હોય ત્યાં આવા પ્રયોગો કરવાનું ટાળવામાં આવે, જો ગીનીપીગ - સસલાં - દેડકાં - ઉંદરો જેવાં નાનાં પ્રાણીઓ પર પ્રયોગો કરી પરિણામ મેળવાતું હોય તો તેનાથી મોટાં પ્રાણીઓ પર પ્રયોગો ટાળવા, પ્રયોગવાળા પ્રાણીની યોગ્ય સંભાળ રાખવામાં આવે, પ્રયોગોનો રેકર્ડ નિભાવવામાં આવે. જોકે નિયમો અંગે કેન્દ્ર સરકારને આદેશો કરવાનો અધિકાર છે. આવા પ્રયોગો બંધ કરાવવાની સત્તાય સિમિતિને આપવામાં આવી છે. જો કોઈ સંસ્થા / વ્યક્તિ સમિતિના હુકમનો કે મૂકેલ શરતોનો ભંગ કરે તો તે દંડને પાત્ર છે.

કોઈ પણ પ્રાણીની સત્તાવાળા સમક્ષ નોંધણી કરાવ્યા સિવાય તેનો અથવા કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિબંધિત પ્રાણીઓનો ખેલ કરવા માટે ઉપયોગ ન થઈ શકે. યોગ્ય સત્તાધિકારી કે પોલિસ અધિકારી મેજિસ્ટ્રેટશ્રીને એવી ફરિયાદ કરે કે પ્રાણીની ખેલ કે તાલિમની ક્રિયા દુઃખદાયક કે પીડાકારક છે તો તેઓ ખેલ કરવા બાબત પ્રાણીનો ઉપયોગ બંધ કરાવવાનો હુકમ કરી શકે અથવા યોગ્ય શરતો અધીન ખેલ કરવા છૂટ આપી શકે. યોગ્ય સત્તાધીશ, સબઈન્સ્પેક્ટર કે તેથી ઉચ્ચ અધિકારી ખેલ કરતાં પ્રાણીઓની સ્થિતિ તપાસી શકે છે. ઉક્ત નિયમોનું પાલન ન કરનાર કે તે અંગેની તપાસ અવરોધનારને રૂા. ૫૦૦/- સુધીનો દંડ અથવા ત્રણ માસની સજા થઈ શકશે.

જોકે સૈનિક કે પોલીસ તાલિમ અંગે કે પ્રાણીવિદ્યા સંબંધી શૈક્ષણિક / વૈજ્ઞાનિક હેતુ અર્થે આવા ખેલ કરી શકાય તેવી જોગવાઈ છે.

જોકે, કોઈ ધર્મમાં પ્રાણીની કતલ ફરમાવવામાં આવી હોય તો તે ગુનો ન ગણાય.

આ કાયદા હેઠળ જે વ્યક્તિને સજા થાય તે ગુનો જે પ્રાણી બાબત થયો હોય તે પ્રાણી સરકાર દાખલ કરવાની જે તે કોર્ટને સત્તા આપેલ છે. ઉપરાંત નામદાર કોર્ટને અમુક સંજોગોમાં આરોપી ભવિષ્યમાં કોઈ પણ પ્રાણી રાખી શકે નહીં. એવો હુકમ કરવાનીય સત્તા છે.

જે - તે પ્રાણીના માથાની ચામડીના ભાગ સાથે જોડાયેલ ચામડી જો કોઈ વ્યક્તિ પાસેથી મળે તો તે બકરી, ગાય કે તેના બચ્ચાને તેણે જ મારી નાંખેલ છે તેવું પૂર્વઅનુમાન થઈ શકે. આમ આ ગુનો પોતે નથી કર્યો એવું આરોપીએ સાબિત કરવાનું રહે.

આ કાયદા હેઠળનો કોઈ ગુનો કોઈ સ્થળે થઈ રહેલો છે, થવાની અણી પર છે, થઈ ગયો છે એવી માહિતી મળવાથી બીજા વર્ગના મેજિસ્ટ્રેટશ્રી સબડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, પો. કમિશ્નરશ્રી કે ડી. એસ. પી., જાતે કે અન્ય પોલિસ અધિકારી મારફત તપાસ કરાવી શકે છે અને પ્રાણી કબજે કરી શકે છે. નામદાર કોર્ટ થયેલ પ્રાણીનો કબજો પાંજરાપોળનેય આપી શકે છે. પાંજરાપોળનો ખર્ચ પણ માલિક પાસેથી વસૂલ લઈ શકાય છે. જો માલિક તે ન ચૂકવે તો પ્રાણીનું લિલામથી વેચાણ થઈ શકે.

જોકે આવા ગુનાની ફરિયાદ ગુનો થયાની તારીખથી ત્રણ માસમાં કરવાની હોય છે.

આડકતરી રીતે પ્રાણીઓની કતલ કરવાની પરવાનગી આપતો, તેના પર પ્રયોગો કરવાની સત્તા આપતો આ કાયદો ગેરબંધારણીય છે, ભારતીય સંસ્કૃતિ વિરુદ્ધ છે.

**★ મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ The Bombay Animal Preservation ૧૯૫૪ :** ગોવર્ગનાં ઢોરો જેવાં કે, ઘણખૂંટ, બળદ, ગાય,વાછરડાં, પાડા, ભેંસ તથા પાડરડાંનું દૂધના સંવર્ધનના તથા ખેતીના હેતુ માટે સંરક્ષણ કરવું જરૂરી હોવાના હેતુથી આ કાયદો બનાવેલ જે સમગ્ર ગુજરાતમાં લાગુ પડે છે યોગ્ય સત્તાધીશની લેખિત પરવાનગી વિના આવા કોઈ પણ પશુનો વધ ન થઈ શકે. જોકે ગાયના સંદર્ભમાં આવી કોઈ પરવાનગી કે પ્રમાણપત્ર આપી ન શકાય. તે સિવાયનું કોઈ પણ પ્રાણી જો બોજો ખેંચવાના હેતુથી કે ખેતીના કામ માટે ઉપયોગી હોય; ઉપરાંત નર હોય તો સંવર્ધનના હેતુ માટે ઉપયોગી થઈ શકવા સંભવ હોય કે માદા પ્રાણી હોય તો દૂધ આપવા કે બચ્ચાં પેદા કરવા ઉપયોગી હોય તો આવું પ્રમાણપત્ર ન આપી શકાય. જોકે આવો હુકમ રાજ્ય સરકાર રિવિઝનમાં રદ કરી શકે. આવા હુકમો કોર્ટમાં પડકારી ન શકાય. જે કોઈ વ્યક્તિ આ કાયદા હેઠળના ગુનાનો પ્રયત્ન કરે કે મદદગારી કરે તેને ય મુખ્ય આરોપીની જેમ ૬ માસની કેદ અથવા એક હજાર રૂ.નો દંડ થઈ શકે.

જોકે આ કાયદો — રાજ્ય સરકાર સ્થાપિત / સંચાલિત કે માન્ય સંસ્થામાં રસી કે રક્તરસ કાઢવા કે કોઈ અન્ય પ્રાયોગિક / સંશોધનના હેતુ માટે શસ્ત્રક્રિયા કરવામાં આવી

હોય તેવા પશુને, જેની કતલ જાહેર આરોગ્યના હિતમાં જરૂરી છે એ સરકારમાન્ય પશુરોગ ચિકિત્સકે પ્રમાણિત કર્યું હોય, પશુરોગ ચિકિત્સકના મતે જે બીજા પશુઓ માટે ચેપી અને ભયંકર હોય – તેને લાગુ પડશે નહિ.

આ કાયદામાં ગુજરાત સરકારે ૧૯૭૮માં સુધારો કરી ઠરાવ્યું કે કતલ કરવા અંગેનું પ્રમાણપત્ર ગાય, વાછરડું, ૧૬ વર્ષ નીચેના સાંઢ અને ૧૬ વર્ષ નીચેની ભેંસ અંગે ન આપી શકાય. ધાર્મિક કારણોસર અમુક પ્રાણીઓની કતલ કરવા પરવાનગી આપી શકાય, જેવાં કે ગાય-ભેંસ-સાંઢ સિવાયનું ૧૫ વર્ષથી નીચેની ઉંમરનું પ્રાણી, ભેંસ અને સાંઢ જેની ઉંમર ૧૫ વર્ષથી વધુ હોય, આવા હુકમમાં 'સરકાર ફેરફાર કરી શકે. પ્રમાણપત્ર જે સ્થળ માટે આપ્યું હોય તે સ્થળ સિવાયની જગ્યાએ કતલ ન થઈ શકે. જે-તે અધિકારી શરતોનું પાલન કરાવવા યોગ્ય તપાસ કરી શકે. જે વ્યક્તિ આ કાયદાનો ભંગ કરે તેને છ માસની સજા થઈ શકે.

**★ વન્યપ્રાણી (સંરક્ષણ) અધિનિયમ ૧૯૭૨ Wild Life (Protection) Act ૧૯૭૨**

વન્ય પશુ અને પક્ષીઓના રક્ષણ તથા તેને સંલગ્ન અન્ય બાબતો અંગે કેન્દ્ર સરકારે ઉક્ત કાયદો બનાવેલ છે. 'વન્ય પશુ' અને 'વન્ય પક્ષી' કોને કહેવાં તે પરિશિષ્ટમાં આપેલ યાદી મુજબ સમજવું. પરિશિષ્ટ-૫માં દર્શાવેલ સાદો કાગડો, ચામાચીડિયું, ઉંદર, છંછુદરને ઉપદ્રવી જીવ ગણી તેઓને આ કાયદામાંથી બાકાત રાખ્યાં છે. જોકે, પશુઓમાં જળચર, સ્થળચર પ્રાણીઓ, પક્ષીઓ, સસ્તન પ્રાણીઓ, સરીસૃપવંશીય પ્રાણીઓ તથા તેઓનાં બચ્ચાંનો સમાવેશ થાય છે. પક્ષીઓ તથા સરીસૃપવંશીય પ્રાણીઓની બાબતમાં તેઓના ઈંડાંનો પણ સમાવેશ થાય છે. 'વન્ય પ્રાણી'માં પશુ, મધમાખી, પતંગિયા, કાચબા, કરચલા, માછલી, કંસારી તથા કોઈ કુદરતી નિવાસ સ્થાનોના ભાગરૂપ હોય તેવી જળમાંની કે જમીન પરની વનસ્પતિનો પણ સમાવેશ થાય છે. કાયદામાં આપેલ 'અનુસૂચિ-૧'માં દર્શાવેલ સસ્તન પ્રાણીઓ, (કાળિયાર, ચિત્તો, ભારતીય હાથી, સિંહ, ઘુડખર, દીપડો, ગેંડો, ઘેટું, જંગલી ભેંસ જેવા લગભગ ૪૦ પ્રાણીઓ) જળચર, સ્થળચર, સરિસૃપવંશીય પ્રાણીઓ (ચંદન ઘો, મગર, ઈંડાંખાઉ ભારતીય સાપ, અજગર વ. ૧૭ પ્રાણીઓ) પક્ષીઓ (સારસ, વનમોર, ઘુવડ, સારસ, બતક વગેરે ૩૮ પક્ષીઓ), જુદી જુદી જાતનાં પતંગિયાં અને પાંખલિયાંનો શિકાર સંપૂર્ણ પ્રતિબંધિત છે. અનુસૂચિ-૨માં 'ખાસ શિકાર' અન્વયે અમુક પ્રાણીઓનો ખાસ શિકાર કરવા પરવાનગી આપવામાં આવે છે; જેમાં વાંદરા, જંગલી કૂતરો, સાંઢ, ભમરાં, જળબિલાડી, મોટી ખિસકોલી, રીંછ વ.નો સમાવેશ થાય છે. અનુસૂચિ-૩માં 'મોટો શિકાર' હેઠળ ચિતલ, ઝરખ, નીલગાય, જંગલી ડુક્કર, વ. પ્રાણીઓનો શિકાર કરવા પરવાનગી અપાય છે. અનુસૂચિ-૪ હેઠળ 'નાનો શિકાર' ગણી વનીયર, લોંકડી, સસલાં, શિયાળ, શાહુડી, નોળિયા, શિયાળ, સુરખ, ઘુવડ, બુલબુલ,

બસ્ટાર્ડ, સારસ, કોયલ, કબૂતર, બતક, બગલાં, સુરખાબ, હંસ, ચાતક, જંગલી મૂરઘી, મેના, ઘુવડ, પોપટ, વનમોર, દેડકાં, કાચબો, પતંગિયા, સાપ, વગેરેનો શિકારની પરવાનગી અપાય છે.

અનુસૂચિ-૧માં દર્શાવેલ પ્રાણી જો માનવ જીવન માટે ભયજનક બન્યું હોય અથવા સાજું ન થઈ શકે તેટલી હદે અશક્ત રોગગ્રસ્ત બન્યું હોય તો વન્ય પ્રાણી સંરક્ષણ અધિકારી તેવા પ્રાણીનો શિકાર કરાવી શકશે. અનુસૂચિ-૨,૩,૪માં દર્શાવેલ પ્રાણીઓનો ઉક્ત કારણોસર અથવા જો જમીન ઉપરના ઊભા પાક સહિતની મિલકત માટે ભયજનક બન્યું હોયતો તે કારણોસર અધિકૃત અધિકારી તેનો શિકાર કરાવી શકશે. એ જ રીતે પોતાના કે અન્યના રક્ષણ માટે વન્યપશુને ઘાયલ કરવું કે ક્ષુધ્ધબુદ્ધિથી મારી નાખવું તે ગુનો ન ગણાય. એ જ રીતે શિક્ષણ, વૈજ્ઞાનિક સંશોધન, વૈજ્ઞાનિક વ્યવસ્થાના હેતુસર શિકાર કરવાની પરમિટ આપી શકાય છે.

(આમ વન્ય પ્રાણીઓના સંરક્ષણના બહાના હેઠળ ઘણાં કારણોસર તેમના શિકારની પરવાનગીઓ આપી દેવાય છે.) જોકે શિકારની પરવાનગી હોવા છતાં જે-તે પ્રાણીની માદા કે બચ્ચાનો શિકાર ન થઈ શકે.

જોકે, રાજ્યસરકાર, જાહેરનામું બહાર પાડી સમગ્ર વર્ષ દરમિયાન કોઈ પણ પ્રાણીના શિકાર પર પ્રતિબંધ લાવી શકે છે.

★ મારેલાં અથવા પકડેલાં વન્ય પશુઓનું રેકર્ડ રાખવાની જવાબદારી શિકાર કરનાર ઉપર છોડેલ છે !

★ આવાં લાયસન્સ રદ કે મોકુફ રાખવાની જોગવાઈ છે અને તેની સામે અપીલ કરવાનીય જોગવાઈ છે.

★ કલમ ૧૭ મુજબ વન્ય પશુઓનો અમુક રીતે શિકાર ન કરી શકાય; જેવાં કે કૂતરાની મદદથી અથવા રસાયણ કે સ્ફોટક પદાર્થનો ઉપયોગ કરીને કે વાહનમાંથી શિકાર ન કરી શકાય.

★ રાજ્યસરકાર કે કેન્દ્ર સરકાર વન્ય પ્રાણી અથવા તેના પરિસરના જતન, પરિસ્થિતિ વિજ્ઞાન, પ્રાણી કે વનસ્પતિ સૃષ્ટિ, ભૂસ્વરૂપવિજ્ઞાન, પ્રાકૃતિક દૃષ્ટિએ પૂરતું મહત્ત્વ ધરાવતા સ્થળ વિસ્તારને અભયારણ્ય, રાષ્ટ્રિય ઉપવન, મૃગયાવન કે શિકારબંધી વિસ્તાર તરીકે જાહેર કરી શકશે. જેમાં પરમિટ સિવાય પ્રવેશબંધી હોય છે. અભયારણમાં આગ લગાડવાની, વન્ય પ્રાણીને જોખમકારક પદાર્થ લઈ જવાની તથા હથિયારો લઈ જવાની બંદી હોય છે.

★ વન્ય પ્રાણી (જીવિત કે મૃત), તેમાંથી બનેલ કોઈ વસ્તુ, માંસ કે મૃગયાચિહ્ન

જે કોઈને મળી આવે તો તેણે નજીકના પોલીસ સ્ટેશને કે અધિકૃત અધિકારીને જાણ કરવાની ફરજ છે. આવી કોઈ પણ વસ્તુ પરવાનગી વિના પોતાના કબજામાં રાખી ન શકાય, બક્ષિસ કે વેચાણથી તબદીલ ન થઈ શકે.

★ પરવાનગી વિના અનુસૂચિ ૧ અને ૨ માં નિર્દિષ્ટ પશુઓ કે તેઓના શરીરમાંથી બનેલી વસ્તુઓ, માંસ, મૃગયા ચિહ્ન તબદીલ ન થઈ શકે, આંતરરાજ્ય હેરફેર ન થઈ શકે. તે અંગે કોઈ ધંધો ન કરી શકે કે માંસ પીરસી શકશે નહિ.

★ આ કાયદા હેઠળના ગુનાઓ અટકાવવા યોગ્ય અધિકારી કે પોલીસ અધિકારીને જડતી, ધરપકડ વગેરેના તથા વાહનો જપ્ત કરવાના અધિકારો આપેલ છે.

★ આ કાયદાની જોગવાઈઓ, નિયમો તથા હુકમોનું ઉલ્લંઘન કરનારને કે લાયસન્સ / પરમિટની જોગવાઈઓનું ઉલ્લંઘન કરનારને બે વર્ષ સુધીની સજા તથા ૨૦૦૦/- રૂ.ના દંડની જોગવાઈ છે.

જો આ ગુનો અનુસૂચિ-૧ કે અનુસૂચિ-૨ના ભાગમાં દર્શાવેલ પશુના સંદર્ભમાં થયો હોય કે રાષ્ટ્રિય અભયારણ કે ઉપવન બાબત હોય તો તે ગુનામાં છ માસથી છ વર્ષ સુધીની સજાની જોગવાઈ છે. ઉપરાંત પશુજન્ય વસ્તુ, કે શિકારનું સાધન, વાહન વ. રાજ્યસાત થઈ શકે.

★ જોકે, આ કાયદા હેઠળના ગુના દંડ ભરી માંડવાળને પાત્ર બનાવેલ છે.

★ જે વ્યક્તિના કબજામાંથી પ્રાણીજ વસ્તુ મળી હોય તેણે સાબિત કરવું પડે કે તેણે ગુનો કર્યો નથી.

★ આ કાયદામાં ૧૯૯૧માં સુધારો કરી ખાસ પ્રકારનાં નિયત ઝાડછોડ રાખવાં, તોડવાં અને તેનો ધંધો કરવા અંગે પ્રતિબંધ ફરમાવેલ છે.

**★ પર્યાવરણ (સંરક્ષણ) કાયદો ૧૯૮૬ The Environment (Protection) Act 1986** પર્યાવરણની સ્થિતિ સુધારવા, માનવજાત તથા અન્ય જીવજંતુ અને વનસ્પતિને થતું નુકસાન અટકાવવાના હેતુથી આ કાયદો કેન્દ્ર સરકારે બનાવેલ આ બાબત કેન્દ્ર સરકારને જરૂરી એવાં તમામ પગલાં લેવાની સત્તા છે. આ અંગે ખાસ સ્તવંત્ર 'ઓથોરીટી'ની રચના કરવાની હોય છે.

**★ ભારતીય વન ધારો ૧૯૨૭ The Indian Forest Act 1927**

લાકડું, કોલસો, મહુડાનાં ફૂલ, બી, લાખ, લાકડાનું તેલ, રાળ, ઝાડની છાલ, કુદરતી વાર્નિસ વગેરે જંગલની પેદાશ કહેવાય. ઉપરાંત જંગલમાંથી મેળવેલ કોઈ પણ પ્રકારનાં ઝાડ, પાન, ફળ, ફૂલ, જંગલી પ્રાણીઓ તથા તેની ખાલ, શીંગડાં, હાડકાં વ., મધ, મીણ; જંગલની માટી, પત્થર, બળતણ માટેની

વનસ્પતિ, મીનરલ ઓઇલ, ખનિજ તત્ત્વો અંગે રાજ્ય સરકાર, આવી જંગલની પેદાશ, જંગલમાંથી ન લઈ જવી તેવું ફરમાન રાજ્ય સરકાર કરી શકે છે. ઉપરાંત ચોક્કસ પ્રકારનાં ઝાડનેય સુરક્ષિત જાહેર કરી શકે છે. ગુનો કરનારને ૬ માસની કેદની સજા અને દંડ થઈ શકે છે. પેદાશ રાજ્યસાત(હસ્તક) કરવાનો હુકમ જે-તે કોર્ટ કરી શકે.

**★ પાસા (ગુજરાત અસામાજીક પ્રવૃત્તિ પ્રતિબંધક) ધારો ૧૯૮૫**

**Gujarat Prevention of Anti-Social Activites Act.**

સદર કાયદા હેઠળ અસામાજિક શખ્સને ક્રિમિનલ કેસ ચલાવ્યા વિના, તેની જાહેર વ્યવસ્થા હેતુસર રાજ્ય સરકાર, પોલિસ કમિશ્નરશ્રી કે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીને, સદર શખ્સની એક વર્ષ માટે અટકાયત કરવાનો હુકમ કરવાની સત્તા આપેલ છે. જેમાં પ્રાણીઓની હિંસા કરનાર 'ક્રુઅલ વ્યક્તિ'નોય સમાવેશ કરેલ છે.

**★ ભારતીય ફોજદારી ધારો**

કલમ ૪૨૫ : જે વ્યક્તિ જાણી જોઈને કોઈની મિલકતનો નાશ કરે, તેની ઉપયોગિતા કે કિંમત ઘટે તેવી રીતે તેમાં ફેરફાર કરે અથવા જાહેર જનતા કે વ્યક્તિને નુકસાન કરે કે ઇજા પહોંચાડે તો તેણે મીસ્ચીફ (તોફાન)નો ગુનો કર્યો કહેવાય.

**કલમ ૪૨૮**

જે વ્યક્તિ પ્રાણીને (જેની કિંમત ૧૦ રૂા. કે તેથી વધુ હોય) મારી નાંખી, ઝેર આપી, અપંગ બનાવી કે નકામું બનાવી 'મીસ્ચીફ'નો ગુનો કરે તેને બે વર્ષ સુધીની સજા અથવા દંડ થઈ શકે

**કલમ ૪૨૯ :**

૫૦ રૂ. કે તેથી વધુ કિંમતના પ્રાણી બાબતઉપરનું કૃત્ય કરનારને અથવા હાથી, ઘોડો, ખચ્ચર, ભેંસ, પાડો, ગાય કે બળદ બાબત કરનારને પાંચ વર્ષ સુધીની સજા અને અથવા દંડ કરવાની જોગવાઈ છે.

(મેજિસ્ટ્રેટશ્રીની સત્તા રૂા. ૫૦૦૦/- સુધીનો દંડ કરવાની છે.)

**★ ઉક્ત ગુના સિવાયના મોટા ભાગના ગુના કોગ્નાઇઝેબલ અને નોનબેઈલેબલ હોવાથી જો તે ગુનો સામાન્ય વ્યક્તિની હાજરીમાં થયો હોય તો જે-તે નાગરિક, ગુનો કરનારને પકડી શકે અને તેને પોલીસ કે અન્ય સત્તાવાળાના હવાલે કરી શકે. ઉપરાંત દિલ્હી તથા અન્ય સ્થળોનાં 'સોસાયટી ફોર પ્રિવેન્સન ઑફ ક્રુઅલ્ટી ટુ એનીમલ્સ'ના હોદેદારો/**

**કાર્યકરોને પોલીસ અધિકારી જેવી સત્તા આપવામાં આવી છે. એમને જાણ કરવાથી તેઓ પોલીસ અધિકારીની જેમ ગુના સ્થળે જઈ ગુનેગારને પકડી શકે. પ્રાણી તથા ગુનાની વસ્તુ જપ્ત કરી શકે.**

**★ ગુજરાત નગરપાલિકાનો કાયદો ૧૯૬૩ Gujarat Muncipalities Act 1963**

કલમ ૮૭ હેઠળ ગોવંશીય પ્રાણીઓને નિયમિત ચોખ્ખું પાણી મળે તેવી સુવિધા કરવાની મ્યુનિસિપાલિટીની ફરજ છે. તેજ રીતે કલમ ૯૦ હેઠળ પ્રાણીઓની જાતિ સુધારવાનીય ફરજ છે. આ કાયદામાં રખડતાં કૂતરાં અને ભૂંડને મારી નાંખવાની જોગવાઈ છે જે દૂર થવી ઘટે. કલમ ૨૦૫ મુજબ ડેરી માટે દૂધ આપતાં પ્રાણીઓને ગંદી વસ્તુઓ ખવડાવતા માલિકોને રૂા. ૧૦૦નો દંડ કરવાનીય જોગવાઈ છે. કલમ ૨૦૭, ૨૦૮, ૨૦૯, ૨૧૦માં કતલખાના અંગે બીપી એમ સી. એક્ટ મુજબની જોગવાઈઓ છે. કલમ ૨૩૮ થી ૨૪૫ અન્વયે રસ્તામાં રખડતાં ઢોર પકડવાં, તે અંગે ઢોરવાડો બનાવવાની અને તેનું વેચાણ કરવા, વગેરેની જોગવાઈઓ છે.

**● Prevention of Cruelty to Animals (Transport of Animals on Foot) Rules 2000**

**પ્રાણીકુરતા (પ્રાણીઓની પગપાળા હેરફેર) નિયમો ૨૦૦૦**

આ નિયમો હેઠળ મોટાભાગના પ્રાણીઓનો સમાવેશ થાય છે. તેમને પગપાળા એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જતાં એવું ખાસ જોવાનું રહે કે તેમનું સ્વાસ્થ્ય સારું હોય, પ્રવાસ લાયક હોય. તે પ્રાણી સાથે પ્રાણીતજજ્ઞનું એવું પ્રમાણપત્ર જોઈએ કે પ્રાણી પ્રવાસ કરવા સક્ષમ છે, તેને કોઈ ચેપી રોગ નથી, તેને ચેપી રોગની રસી આપેલ છે. અંધ, રોગીષ્ટ, અશક્ત, થાકેલા, નવા જન્મેલા, કે ગર્ભવતી કે તાજેતરમાં બાળને જન્મ આપેલ તેવા પ્રાણીઓની હેરફેર પર પ્રતિબંધ છે. સાથોસાથ તાત્કાલિક સારવારની વ્યવસ્થા કરવી પડે. પ્રાણીઓના ખોરાક-પાણીની પૂરતી વ્યવસ્થા કરવી ફરજીયાત છે. પ્રાણીઓને મારવા ચાબુક, લાકડી ન વપરાય તેને દોડાવવા મરચાં ય ન વપરાય. તેને નાક, પગ ગળાના ભાગેથી બાંધી ન શકાય. એક જ દોરડાથી એકથી વધુ પ્રાણીઓને બાંધ્યા હોય ત્યારે બે પ્રાણી વચ્ચે ઓછામાં ઓછું બે ફૂટનું અંતર હોવું જોઈએ. બેથી વધુ પ્રાણી આ રીતે બાંધી ન શકાય. સૂર્યાસ્ત પછી અને સૂર્યાસ્ત પહેલાં પ્રાણીની હેરફેર ન થાય. જે પ્રાણી ના પગમાં નાળ હોય પણ બૂટ ન હોય તેમને સીમેન્ટના, ડામરના રોડ પર, પર્વતાળ પ્રદેશો પર ન ફેરવાય. ઉક્ત નિયમોમાં જુદા જુદા પ્રાણીઓને એક દિવસમાં કુલ કેટલા કિ.મી. પગપાળા લઈ જઈ શકાય, કેટલા કલાક પછી આરામ આપવો – પાણી કે ખોરાક આપવા તે નિયત કરેલ છે. ઉપરાંત સામાન્યતઃ ૨૫ થી ૩૦ ડીગ્રીથી વધુ તાપમાન હોય તો

પગપાળા ન ફેરવાય. તેજ રીતે ૧૨ થી ૧૫ ડિગ્રીથી ઓછા તાપમાન દરમ્યાન હેરફેરનો પ્રતિબંધ છે.

નોંધ : આ અને પ્રાણી ક્રુરતા અધિનિયમ હેઠળના કોઈપણ નિયમોનો ભંગ એ કાયદા હેઠળ ગુનો હોવાથી, પ્રાણીરક્ષા અધિકારી કે પોલિસ જમાદારથી ઉચ્ચ કક્ષાના અધિકારી, પ્રાણી અને રખેવાળને નજીકના મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ લઈ જઈ શકે.

## ● Prevention of Cruelty of Animals (Slaughter House) Rules 2001, પ્રાણી ક્રુરતા (કતલખાના) નિયમો ૨૦૦૧.

આ નિયમોને કારણે સ્થાનિક સંસ્થાઓએ મંજૂર કરેલ કતલખાના સિવાયના કોઈપણ સ્થળે પ્રાણીની કતલ થઈ શકશે નહીં. ઉપરાંત જે પ્રાણી ગર્ભવતી હશે, ત્રણ માસ નાનું બચ્ચું ધરાવતું હશે; તેવા પ્રાણીની કતલ ન થઈ શકે. દરેક કતલખાનામાં એક દિવસમાં વધુમાં વધુ કેટલા પ્રાણીની કતલ થશે તેની સંખ્યા નિયત રહેશે. કતલખાનામાં પ્રાણીઓ રાખવા માટે પૂરતી જગ્યા હોવી જોઈએ. પ્રાણીઓ વાહનમાંથી સીધા ઉતરી શકે તેવી વ્યવસ્થા હોવી જોઈએ. ડૉક્ટર એક કલાકમાં વધુમાં વધુ ૧૨ અને એક દિવસમાં વધુમાં વધુ ૯૬ પ્રાણી ચકાસી શકે. ડૉક્ટરે પ્રાણી, કતલ થવા લાયક છે તેવું પ્રમાણપત્ર આપવું જોઈએ તેમને પાણી-ખોરાકની પૂરતી સગવડ આપવી જોઈએ. પ્રાણીઓને આરામ કરવા છતવાળી જગ્યા આપવી. તેઓ લપસી ન જાય તેવી લાદી હોવી જોઈએ. ડૉક્ટરની તપાસ બાદ, કતલ પહેલાં ૨૪ કલાક આરામ આપવો પડે. નાના પ્રાણી માટે આરામની જગ્યા ૧.૬ ચો.મીટરથી ઓછી નહી અને મોટા પ્રાણી માટે ૨.૮ ચો.મી.થી ઓછી નહીં તેવી હોવી જોઈએ; જ્યાં તડકો, ઠંડી, વરસાદથી તેમનું રક્ષણ થાય. અન્ય પ્રાણીની હાજરીમાં, કોઈ પ્રાણીની કતલ કરવી નહીં. કતલ પહેલાં તેનાં સ્વાસ્થ્ય માટે જરૂરી ન હોય તો કોઈપણ પ્રાણીને કોઈપણ દવા, કેમીકલ આપવું નહીં. કતલ વેળા ઉઠેલ લોહી અન્ય પ્રાણીઓ પર કે અન્ય શબ ઉપર પડવું ન જોઈએ. ચપ્પા જંતુરહિત કરવાની વ્યવસ્થા કરવી. પ્રાણીઓની ચામડી, શીંગડા વ. જોઈ શકાય તેવી રીતે પડેલા ન હોવા જોઈએ. જે-તે પ્રાણીનું શબ, માથું, વિશેરા એવી રીતે રાખવા કે જેથી કતલ કરેલ પ્રાણીઓની પૂરી માહિતી મેળવી શકાય. કતલખાનાનું મકાન કેવી રીતે બનાવવું, કેવું હોવું જોઈએ તેના ય નિયમો છે. પૂરતા હવા ઉજાસ હોવા જોઈએ. જે માણસ ત્યાં કામ કરવાનો છે તેની પાસે પણ પરવાનગી જોઈએ. તેની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહીં અને ચેપી રોગવાળો ન હોવો જોઈએ. આ જગ્યાઓની ચકાસણી કોઈપણ પ્રાણી રક્ષા અધિકારી નોટીસ વિના કરી શકે છે. અને નિયમોના ભંગની જાણ જે-તે સત્તાવાળાને કે બોર્ડને કરી શકે છે.

● **The Bombay Essential Commodities and Cattle (Control) Act 2005**

મુંબઈ આવશ્યક ચીજવસ્તુઓ અને પ્રાણીઓ (નિયંત્રણ) ધારો ૨૦૦૫

આ કાયદો, કે જે ગુજરાત રાજ્યમાં પણ અમલમાં છે, તે અનુસાર ગાય, ભેંસ, બળદ, સાંઢ, બકરાં, ઘેંટા, વ. ની હેરફેર, ધંધા, જાળવણી માટે રાજ્ય સરકાર યોગ્ય હુકમ કરી શકશે. પ્રાણી વેચાણની કિંમત નક્કી થઈ શકે. પ્રાણી હેરફેર, જાળવણી, ધંધા, નિકાલ, વપરાશ, મેળવવા બાબત પરવાનગી (લાયસન્સ)ની જોગવાઈ કરી શકે. તે અંગેની કોઈપણ માહિતી રાજ્ય સરકાર માંગી શકે. તે અંગે કોઈપણ મિલકત કે વાહનની તપાસ થઈ શકે. હુકમનો ભંગ એ ગુનો બને અને એક વર્ષની સજા થઈ શકે. ખોટી માહિતી આપનાર સજાપાત્ર ગુનો કરનાર બને છે. આ કોગ્નાઇઝેબલ ગુનો નથી અને સમાધાનને પાત્ર છે.

**★ પરિવહન તથા ખેતી માટેનાં પશુઓ પર થતી ક્રૂરતાના નિવારણ માટેના નિયમો ૧૯૬૫ :**

આ નિયમો હેઠળ, નાનાં-મોટાં મધ્યમ શરીરવાળાં ભેંસ, બળદ, ઘોડા, ખચ્ચર, ટટ્ટુ, ઊંટ વ. પાસે કેટલું વજન ખેંચાવી શકાય કે તેમની ઉપર મહત્તમ કેટલું વજન લાદી શકાય તેની માત્રા દર્શાવેલ છે. તેજ રીતે તેવા પશુથી ખેંચાતાં વાહનમાં ચાર વ્યક્તિથી વધુ મુસાફરો ન બેસાડી શકાય તેવી જોગવાઈ છે. ખેતી સંબંધી કે ઉપરોક્ત કામ કરતાં પશુને એક સાથે પાંચ કલાકથી વધુ અને આખા દિવસમાં ૯ કલાકથી વધુ કામ ન કરાવી શકાય. જ્યાં ગરમીનું પ્રમાણ ૩૭ ડીગ્રીથી વધુ હોય ત્યાં બપોરે ૧૨ થી ૩ કામ ન લઈ શકાય અને કામ પૂરું થયા પછી તેને વાહનથી અલગ પાડી દેવું. પશુને હાંકવા કે અંકુશમાં રાખવા ખીલીવાળો પરોણો, કાંટાવાળી કે દટ્ટાવાળી ધૂંસરી, તીણું જોતરું કે તકલીફ થાય તેવી ચીજ ઉપયોગમાં ન લઈ શકાય. પોલીસ કોન્સ્ટેબલથી ઉચ્ચ કક્ષાના અધિકારી કે ખાસ અધિકારી આવા વજન કરાવી શકે.

નોંધ : કોઈ પણ પ્રાણીની વાહનમાં હેરફેર કરવાની હોય તો તેજ માલિકે પ્રાણીરક્ષા સંસ્થા અથવા યોગ્ય સત્તાવાળાનું એવું પ્રમાણપત્ર મેળવવું પડે કે પ્રાણી હેરફેર તમામ કાયદા, નિયમો પ્રમાણે છે. તે વિરુદ્ધનું કૃત્ય નથી. પ્રવાસ દરમિયાન કોઈ પણ વ્યકિત દ્વારા જો એવું લેખિતમાં જણાવવામાં આવે કે હેરફેરમાં કાયદા કે નિયમોનો ભંગ થયો છે તે જે તે સત્તાધિકારી પરવનગી તાત્કાલિક રદ કરશે અને જે તે પોલીસની ય તે વાહન અટકાવી કાયદેસર પગલાં લેવાની ફરજ રહેશે. તે સમયે જજશ્રી સમક્ષ જતાં વાર લાગે તો પ્રાણીઓનો કબજો કોઈ પણ સંસ્થાને સોંપી શકાય.

સામાન્યતઃ કૂતરાં, બિલાડી, વાંદર, ઢોર, ઘોડા, ઘેટાં, બકરાંની ટ્રેન, હવાઈ, રોડ

અને સમુદ્ર મુસાફરી વેળા શું શું ધ્યાન રાખવું તે અંગેના નિયમો છે. જેમાં ખાસ કરીને પ્રાણીઓને ખીચોખીચ ભરવાં નહીં અને આ પ્રાણી મુસાફરી લાયક છે અને તેને કોઈ ચેપ કે ચેપી રોગ નથી તેવું પશુચિકિત્સક પ્રમાણપત્ર આપે પછી જ મુસાફરી કરવા અપાય. તેઓના ખાવાપીવાની સંભાળ, અને તેઓને કેવા પ્રકારના પાંજરામાં રાખવા વ. ના નિયમો દરેક પ્રકારના પ્રાણી દીઠ અલગ બનાવેલ છે.

**★ પ્રાણી ક્રૂરતા નિવારણ (પશુઓને નાળ જડનારને લાયસન્સ માટેના) નિયમો ૧૯૬૫ :**

પુખ્ત વયના ખાસ તાલિમ લીધેલા માણસને જ નાળ જડવા માટે પરવાનો આપી શકાય.

**★ ખેલ કરતાં પ્રાણીઓના નિયમો ૧૯૭૩**

આ નિયમો હેઠળ જે-તે ખેલ કરાવનારે ક્યા પ્રાણી પાસે કેવા પ્રકારના ખેલ-કરાવવાના છે તેની ખાસ નોંધણી કરાવવી પડે તેઓને શી તાલિમ આપવામાં આવે છે, તેને માટે શું સાધન વપરાય છે, ખેલ કેટલા સમયનો તથા એક દિવસમાં કેટલા ખેલ કરવાના છે વગેરે વિગતો જણાવવી પડે. આ નિયમોનં તા. ૨૬-૩-૦૧ના નોટીફીકેશન નં. એસ.ઓ. ૨૬૧ (ઇ) અન્વયે કેન્દ્ર સરકારના સોસિયલ જસ્ટીસ અને એમ્પાવરમેન્ટ ખાતા એ સુધારા કરેલ છે તે મુજબ પ્રાણી પાસે ખેલ કરાવવા માંગતા કે તેને તાલિમ આપવા માંગતી વ્યકિતએ તે અંગેનું નોંધણી પ્રમાણપત્ર લેવું પડે છે જો પ્રાણીને ખેલ માટે કે ફિલ્મમાં કામ માટે આપવું હોય તો તેવી જરૂરીયાતના કારણો સાથે, માલિકે, યોગ્ય સત્તાવાળાની પૂર્વમંજુરી લેવી પડે. નોંધણીની ૨૪ શરતોનું પાલન કરવું જરૂરી છે અન્યથા પરવાનગી રદ થવા પાત્ર છે. જે તે સત્તાવાળા, શરતોનું પાલન થાય છે કે નહિ તે ચેક કરવા માટે જે તે સ્થળની તપાસ કરી શકે છે.

**★ પ્રાણી ક્રૂરતા નિવારણ (પ્રાણીઓને પકડવા અંગેના) નિયમો ૧૯૭૯**

વેચાણ, નિકાસ કે અન્ય હેતુ માટે કોઈ પણ પક્ષીને જાળ વિના પકડી શકાશે નહિ. જાળ કેવી હોવી જોઈએ તેની વિગતો આપેલ છે. કોઈ પણ પ્રાણીને વેચાણ, નિકાસ અથવા કોઈ અન્ય હેતુ માટે કોથળા અને ફાંસલા પદ્ધતિ સિવાયની રીતે પકડવું નહી, સિવાય કે તેના કદ કે અન્ય સંજોગ વશાત તે રીતો કામ ન આવે તો ટ્રાન્કવીલાઇઝરવાળી બંદૂક કે અન્ય પીડાશૂન્ય પદ્ધતિથી પકડવું.

**★ પ્રાણીઓની હેરફેર અંગેના નિયમો ૧૯૭૮**

આ નિયમમાં તા. ૨૬-૩-૦૧ના રોજ નોટીફીકેશન નં. ૨૬૯ (ઈ) અન્વયે સરકારે સુધારા કર્યા છે તેથી 'પોલ્ટ્રી' (જેમાં બતકનો મરઘાં-મરઘીનો સમાવેશ થાય છે.) ની હેરફેર કરવા માટેનાં પાંજરા ચોખ્ખા, જંતુરહિત હોવા જોઈએ, સૂર્ય વરસાદ વધુ પડતી હવથી

રક્ષિત હોવા જોઈએ. ૨૫ ડિગ્રી સેલ્યીસ તાપમાનથી વધુ હોય ત્યારે ફેરફેર ન થાય. બચ્ચા બોક્ષમાં એકબીજાની ઉપર પડી જાય કે તેમની ઉપર અન્ય સામાન મૂકાય તે રીતે ન રખાય. વધુમાં વધુ ૭૨ કલામાં એકથી બીજી જગ્યાએ પહોંચવા જોઈએ. પ્રાણી ડોક્ટરના સારી તબિયત તથા રોગરહિતપણાના પ્રમાણપત્ર વિના મરઘા વગેરેની હેરફેર ન થાય. મુસાફરી પહેલાં અને તે દરમિયાન તેને યોગ્ય પાણી, ખોરાક આપવો પડે. પોલ્ટ્રીના એક બોક્ષ ઉપર બીજું બોક્ષ ન મૂકી શકાય. તેને પૂરતી હવા, પ્રકાશ મળવા જોઈએ. કલાકથી લાંબી મુસાફરમાં એક ખાસ ધ્યાન રાખનાર વ્યક્તિ સાથે હોવો જોઈએ. તેને જે વાહનમાં લઈ જવામાં આવે તેમાં બીજા કોઈ ભારી સામાન ન ગોઠવાય. દબાઈ જાય કે ભાંગી જાય કેવા સાધનમાં ન મૂકાય. દરેક જીવ દીઠ ઓછામાં ઓછી અમુક જગ્યા તો જોઈએ જ. તેજ પ્રકારના નિયમો ભૂંડની હેરફેર માટે છે. ઉપરાંત તેની તાત્કાલિક સારવાની વ્યવસ્થા કરવી પડે. તેમને સાંકળો બાંધવી નહિ. પગમાં તો નહિ જ.

**★ પ્રાણીઓના ઉત્પાદન અને પ્રયોગો (નિયંત્રણ અને વહીવટ) નિયમો ૧૯૯૮**

(પ્રાણી ક્રૂરતા નિવારણ ધારાની કલમ ૧૭ મુજબ)

The Breeding of and experiments on Animals Control and Supervision) Rules 1998

આ નિયમો માનવજાત કે પ્રાણીઓની જિંદગી બચાવવા, વધારવા, દુઃખ ઘટાડવા કે કોઈ રોગ નાબુદ કરવાના હેતુથી પ્રાણીઓનું સંવર્ધન કે પ્રયોગો કરવા બાબત માર્ગદર્શન પૂરું પાડે છે. કોઈ પણ સંસ્થા, પ્રયોગો માટેનાં પ્રાણીઓનો ઉછેર ન કરી શકે, સિવાય કે તેની નોંધણી થઈ હોય. તેજ રીતે નોંધણી થયા વગરની સંસ્થા પ્રાણીઓ ઉપર પ્રયોગો કરી ન શકે. આ અંગેની સંપૂર્ણ સત્તા કેન્દ્ર સરકારે ખાસ બનાવેલ કમિટિને આપેલ છે. દરેક નોંધાયેલ સંસ્થાએ પ્રાણીઓનો પ્રકાર, તેઓની તબિયત, પ્રયોગની વિગતો, પ્રયોગ કરવાનાં કારણો વ. વિગતોનો રેકર્ડ રાખવો જરૂરી છે. પ્રાણીઓ ઉછેરનારાએ સારા ચોખ્ખા વાતાવરણમાં, પ્રાણીઓને કષ્ટ ન પડે તે રીતે રાખવાનાં હોય છે. તેઓનું ધ્યાન રાખનાર પણ ખાસ તાલિમ પામેલ હોવો જોઈએ. પ્રાણીઓના પ્રયોગ પહેલાં અને પછી વ્યવસ્થિત જાળવણી થવી જોઈએ. દરેક સંસ્થામાં ખાસ પ્રાણી આચાર સમિતિ બનાવવી પડે. ઉપરાંત નિયમભંગના કિસ્સામાં જે-તે સંસ્થાની નોંધણી રદ થઈ શકે. આવા પ્રયોગો પ્રાણી નિષ્ણાતની હાજરીમાં જ થઈ શકે અને પ્રાણીને સામન્યતઃ એનેસ્થેશિયા આપીને કરવાના હોય છે કે જેથી તેને ઓછામાં ઓછી પીડા થાય. ત્યાર બાદ જો એવું લાગે કે પ્રાણી ભાનમાં આવ્યા બાદ તેને ઘણી પીડા થશે તો તેનો માનવીય રીતે નાશ થઈ શકે. ફક્ત પ્રયોગ કરવા ખાતર કે નિદર્શન માટે પ્રાણીઓ પર પ્રયોગો ન થઈ શકે. પ્રયોગ કરવાના હેતુસર કૂતરાને ભસતો બંધ ન કરી શકે. કોઈ પણ પ્રાણીને કેટલી પીડા થાય છે તે જાણવા તેની આંખના તંતૂમાં કે કોર્નિયામાં કેમિકલ ન નાખી શકાય. કોન્ટ્રાક્ટ પ્રયોગ કે સંશોધન સંપૂર્ણ પ્રતિબંધિત છે.

**★ પ્રાણી જન્મ પ્રબંધ (કૂતરાં) નિયમો ૨૦૦૧**

**Animal Birth Control (Dogs) Rules 2001**

પ્રાણી ક્રૂરતા નિવારણ ધારાની કલમ ૩૮ હેઠળના તા. ૨૪-૧૨-૦૧ના રોજ કેન્દ્ર સરકારે રસીકરણ અને વ્યંધત્વકરણની પ્રવૃત્તિ, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓએ, ખાનગી સંસ્થાઓ કે વ્યક્તિઓની મદદથી કરવાની હોય છે. તે અંગે એક નિરીક્ષક સમિતિ બનાવવાની જોગવાઈ છે. હડકાયાં કૂતરાં, ગંભીર રીતે બીમાર કે ઘવાયેલાં કૂતરાંનાં દર્દ વિના સોડિયમ પેન્ટાથોલ વાપરી જિંદગીનો અંત આણવાની (પ્રાણી નિષ્ણાત ડૉક્ટરની સલાહથી) જોગવાઈ છે. કૂતરાં રાખવાનો વાડો, કૂતરાં પકડવાનાં વાહનો, (મ્યુ. કોર્પોરેશન, પંચાયત, નગરપાલિકા વ.) રાખવાની ફરજ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની રહેશે. જો પ્રાણીરક્ષા સંસ્થા ઉક્ત કામ કરે તો તેનો ખર્ચ સરકારે આપવાનો રહેશે. **હવે કૂતરાંને મારી નાંખવાનું પ્રતિબંધિત થઈ ગયું છે.**

**★ રેલવે નિયમો :**

કયા પ્રાણીઓની હેરફેર કયા સંજોગમાં થઈ શકે, તેમાં હેરફેર અંગેની સાવધાની વ. અંગે નિયમ નં. ૪૦૧, ૪૦૩, ૪૦૭, ૪૦૯, ૪૧૦ થી ૪૧૫, ૮૦૧ થી ૮૦૬, ૮૧૦, ૮૧૨ થી ૮૨૩ છે જે જોઈ લેવા ઘટે.

**● Prevention of Cruelty of Animals (Establishment and Regulation of Societies for Prevention of Cruelty to Animals) Rules 2001,**

**પ્રાણી ક્રુરતા (પ્રાણી ક્રૂરતા નિવારણ સમિતિની સ્થાપના અને વહીવટ) નિયમો ૨૦૦૧.**

આ નિયમો અનુસાર, આ નિયમો અંગે સરકારશ્રીના નોટીફીકેશન પ્રકાશિત થયાના છ માસની અંદર (તા. ૨૬-૩-૦૧ના રોજથી) દરેક રાજ્ય સરકારે દરેક જીલ્લા માટે કાયદા હેઠળ પ્રાણી ક્રુરતા નિવારણ સમિતિની રચના કરવી. આ સમિતિની વ્યવસ્થાપક સમિતિની રચના, પ્રાણી રક્ષા બોર્ડની સહમતીથી, રાજ્ય સરકારે કરવી. તેમાં પ્રાણી રક્ષાની સંસ્થાના ઓછામાં ઓછા બે પ્રતિનિધિઓ હોવા જોઈએ. આ સમિતિને, પ્રાણી રક્ષા કાયદા, નિયમોની જોગવાઈઓનો અમલ કરાવવાની સત્તા (અને ફરજ) છે. જો કોઈ વ્યક્તિએ પ્રાણી કાયદાનો ભંગ કર્યો હોય તેવી શંકા હોય તો આ સમિતિ કે તેના રાજ્ય જે-તે વ્યક્તિ પાસે પરવાનગીની નકલ જોવા માંગી શકે, પ્રાણી રજૂ કરવા આદેશ કરી શકે, કોઈપણ મિલકતમાં પ્રવેશ કરી શકે કે વાહન અટકાવી શકે અને તપાસ કરી શકે, પ્રાણી જપ્ત કરી શકે. રાજ્ય સરકાર આ ઉપરાંતની પણ સત્તા આપી શકે.

આજ નિયમો હેઠળની જોગવાઈ અનુસાર, દરેક રાજ્ય 'સરકારે પ્રાણીઓ રાખવા માટે પ્રાણી રક્ષા સ્થળો કે 'ઈન્ફર્મરી' બાંધવા જરૂરી જમીન તથા અન્ય સગવડો દરેક સરકારે પૂરી પાડવાની ફરજ છે. (Shall). તેમાં પૂરા સમયના પ્રાણી નિષ્ણાત ડૉક્ટર તથા અન્ય કર્મચારીઓની વ્યવસ્થા કરવાની રહેશે.

## અગત્યના ચુકાદા

★ નામદાર સુપ્રિમ કોર્ટે સને ૨૦૦૪ના ઓમપ્રકાશ વિ. યુ. પિ. સરકારના ચુકાદામાં, ઋષિકેશ જીલ્લાની મ્યુનિસિપાલિટીએ જાહેર સ્થળોએ 'ઈંડા' વેંચવા પર પ્રતિબંધ ફેલાવતું જાહેરનામું પ્રકાશિત કરેલ તેને અનુમતિ આપી હતી. તેમાં માંસ, મચ્છીના વેચાણ પર પણ પ્રતિબંધ રાખેલ. આ ચુકાદામાંથી ધડો લઈ દરેક શહેરના મંદિર, દેરાસરો, ધર્મશાળાઓ વ-નો મોજણી (સર્વે) કરાવી, ઉક્ત ચુકાદામાં દર્શાવેલ વિગતો ધ્યાન લઈ, નિયમોમાં જે-તે સુધારા કરાવી, તેજ અનુસાર જાહેરનામું બહાર પડાવી આવો પ્રતિબંધ લાદી શકાય.

★ પીપલ ફોર એનિમલ્સ એ ૧૯૯૮માં પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરી નામદાર કોર્ટનો એવો હુકમ મેળવેલ કે પ્રાણી અત્યાચાર વિરોધી કાયદાની કલમ ૩૫ મુજબ તે કાયદા હેઠળના ગુનાઓ હેઠળ પકડાયેલ પ્રાણીઓની જાળવણી, સારવાર માટે રાજ્ય સરકારે 'ઇન્ફરમરી' (જાળવણી - સંભાળ - સારવાર માટેની સંસ્થા) ની સ્થાપના કરવી જોઈએ. (ડૉ. અરવિંદકુમાર શેઠના મતે તે કલમમાં ``State Govt may" લખેલું છે તે may માનવાચક છે; સરકારશ્રીની મરજીને આધારિત નથી. તેથી સરકારને દરેક જીલ્લામાં જાળવણીની જોગવાઈ કરવા ફરજ પાડી શકાય. પ્રાણીઓ જ્યારે જયારે પકડાય છે ત્યારે ખાનગી સંસ્થાઓએ તેમને રાખવા જોગવાઈ કરવી પડે છે, જે ખરેખર સરકારની જવાબદારી છે.)

★ પેટા સંસ્થાએ નામદાર મુંબઈ હાઈકોર્ટમાં તાજેતરમાં દાખલ કરેલ જાહેર હિતની રીટ અરજીમાં નામદાર કોર્ટે એવી સૂચના આપેલ કે ફિલ્મ અંગે સેન્સર બોર્ડનું પ્રમાણપત્ર મેળવવા અરજી કરવામાં આવેતો તે અંગે બોર્ડે, નિર્માતા પાસે પ્રાણી-કલ્યાણ બોર્ડના એવા પ્રમાણપત્રનો આગ્રહ રાખવો કે જો ફિલ્મમાં પ્રાણીનો ઉપયોગ થયો હોય તો ખેલ કરતાં પ્રાણીઓના (નોંધણી) નિયમોની ૨૦૦૧ની તમામ જોગવાઈઓનું પાલન થયું છે. આમાં જાહેરાતોનોય સમાવેશ થાય છે. આ અંગેના કોર્ટે સેન્ટ્રલ બોર્ડ ઑફ ફિલ્મ્સ સર્ટિફિકેશનનું એવુંય નિવેદન નોંધેલ કે તેઓ નિર્માતા પાસે એવું પણ નિવેદન માંગે છે કે ફિલ્મ બનાવતી વેળા કોઈ પણ પ્રાણી ઉપર અત્યાચાર થયો નથી. આ બોર્ડને કોર્ટે એવો પણ હુકમ કરેલ કે બોર્ડે જે તે ધંધાકીય સંસ્થાઓને ઉપરોક્ત કાયદાકીય જરૂરિયાતોની જાણ કરવી.

★ વિનિયોગ પરિવાર ટ્રસ્ટે મુંબઈ હાઈકોર્ટમાં જાહેર હિતની રીટઅરજી દાખલ કરી પક્ષીઓના ગેરકાયદેસર વેપાર બાબત હાઈકોર્ટનો એવો હુકમ મેળવેલ કે, ખાસ કમિટિ બનાવવી અને જેણે પક્ષીઓના ગેરકાયદેસર ધંધા બંધ કરાવવા તાત્કાલિક પગલાં લેવાં. જે-તે ગેરકાયદેસર ધંધાનાં સ્થળોએ જાત ચકાસણીએ જવું અને પોલીસે તે અંગે કેસ કરવા તથા પ્રાણી-પક્ષીઓ જપ્ત કરવા પૂરતો સહકાર આપવો. પકડાયેલ પ્રાણીઓ-પક્ષીઓ નેશનલ

પાર્ક કે અન્ય તેવા સ્થળે છોડી દેવાં. આ કમિટિએ ઓછામાં ઓછી દર માસે મિટિંગ ભરવી.

★ ૧૯૯૪માં ના સુપ્રિમ કોર્ટે આપેલ ચુકાદા મુજબ (સ્ટેટ ઑફ વેસ્ટ બેંગાલ વગેરે આસુતોષ લહોરી) મુસ્લિમ ધર્મ બકરી ઈદને દિવસે ગાયની હત્યા કરો એવું જણાવતો નથી; તેથી તે દિને કોઈને ગાયની હત્યા કરવાનો મૂળભૂત અધિકાર નથી.

આવો જ સુપ્રિમ કોર્ટનો અગાઉનો ચુકાદો હતો એમ. એચ. કુરેશી વિ. સ્ટેટ ઓફ બિહાર (એઆઈઆર ૧૯૫૮ સુ.કો.૭૩૧)

★ દીલ્હી હાઈકોર્ટમાં ઓઝરહુસેને કરેલી રીટ પીટીશનમાં હાઈકોર્ટે એ.આઈ.આર.૨૦૦૩ દીલ્હી પાના નં. ૧૦૩ નો ચૂકાદો આપી દરેક ખાદ્ય પદાર્થ અને આવશ્યક દવાઓ સિવાયની તમામ દવાઓ ઉપર તેમાં શાકાહારી પદાર્થ કે માંસાહારી પદાર્થનું તત્ત્વ છે તે અંગે યોગ્ય ચેતવણી મુકવાની સૂચના આપેલી. તે આધારે કેન્દ્ર સરકારનાં ડાયરેકટર જનરલ ઓફ હેલ્થ સર્વિસ એ હોટલ એસોશીએશનને તા. ૨૯-૬-૦૬ ના રોજ પરિપત્ર પાઠવી જણાવ્યું કે આ ચૂકાદો હોટલમાં પીરસવામાં આવતી ખુલ્લી કે બંધ વાનગીઓને પણ વધુ લાગુ પડે છે તેથી મેનું કાર્ડમાં પણ જે તે વાગની શાકાહારી કે માંસાહારી પદાર્થમાંથી બનાવેલ છે કે નહીં તેની વિગત લખવી પડશે. આ પરિપત્ર બુફે ડીનર કે લંચને પણ લાગુ પડે છે તે અંગે ગુજરાત સરકારનાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર ગાંધીનગરે રાજ્યનાં તમામ લોકલ હેલ્થ ઓથોરીટી અને ફુડ ઈન્સપેકટરોને યોગ્ય પરિપત્ર પાઠવેલો છે.

★ અખિલ ભારત કૃષિ ગોસેવા સંઘે બોમ્બે હાઈકોર્ટમાં તાજેતરમાં જાહેરહિતની રીટ અરજી કરી ફરિયાદ કરેલ પ્રાણીરક્ષાના કાયદાનો યોગ્ય અમલ થતો નથી. પ્રાણીઓની ગેરકાયદે કતલ વધી ગઈ છે, તેથી નામદાર હાઈકોર્ટે યોગ્ય હુકમ કરી, નિવૃત્ત હાઈકોર્ટના જજશ્રીના અધ્યક્ષપદે ગૃહખાતાના વધરાના મુખ્ય સચિવશ્રી, મુંબઈના પોલીસ કમિશ્નરશ્રીના અધિકારી તથા મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીની સંયુક્ત સમિતિ બનાવી. જેમાં પ્રાણીરક્ષા સમિતિના પ્રતિનિધિઓનેય સ્થાન આપ્યું. તેમાં શ્રી કેશરીચંદજી મહેતા (માલેગામ)નોય સમાવેશ જાણીતા પ્રાણીરક્ષક તરીકે કર્યો. સમિતિનું મુખ્ય કાર્ય, પ્રાણીરક્ષાના તમામ કાયદાના પાલન માટેનું તથા તેમાં સુધારાવધારા સુચવવાનું. તે અંગે રાજ્ય સરકારે યોગ્ય નિર્ણયો અને પગલાં લેવાનો હુકમ કર્યો. આ સમિતિએ પ્રાણીરક્ષા અંગે તથા ગેરકાયદે કતલ અંગેના ગુનાઓ શોધવા તથા અટકાવવા ખાસ ટુકડીઓ (સ્કર્વોડ)ની રચના કરવી અને ગૃહખાતાના તથા પોલિસ વિભાગના અધિકારીઓએ આ અંગે સમિતિએ આપેલ સૂચનાઓનો અમલ કરવો એવું ઠરાવ્યું હતું. ઉપરાંત સમિતિએ

પ્રાણીરક્ષા કાયદાની જાણ થાય તે માટે જે - તે સરકારી અધિકારીઓનો તાલિમી કાર્યક્રમ રાખવો. ઉપરાંત સમિતિ રાજ્ય સરકારની ઈન્ફરમરીઝ (પ્રાણી જાળવણી કેન્દ્ર) બનાવવા અંગે સૂચનો કરશે; તે અંગે ગૌશાળા કે પાંજરાપોળને પણ ઈન્ફરમરી તરીકેનો દરજ્જો આપી શકાય. આ હેતુ માટે યોગ્ય સરકારી જમીન પૂરી પાડવાય સમિતિ સૂચન કરી શકશે. માનદ્ પ્રાણી સુધારા અધિકારીઓને નિયુક્ત કરી શકશે.

રાજ્ય સરકારે સમિતિના સભ્યોને ઓફિસ તથા અન્ય ખર્ચ પૂરો પાડવાનો રહેશે.

★ ગુજરાત રાજ્યમાં બોમ્બે એનિમલ પ્રીઝર્વેશન એક્ટ ૧૯૫૪, અમલમાં છે. તે કાયદા અન્વયે ૧૯૯૪ સુધીની સ્થિતિ પ્રમાણે રાજ્યમાં ગાયોના વધ પર સંપૂર્ણ પ્રતિબંધ હતો, પરંતુ ૧૬ વર્ષની ઉપરના બળદો અને સાંઢનો, સુપ્રિમ કોર્ટના ૧૯૫૮માં અપાયેલ એક ચૂકાદા અનુસાર વધ કરી શકાતો હતો. ૧૯૯૪માં ગુજરાત સરકારે વિધાનસભામાં કાયદો કરી સંપૂર્ણ ગોવંશબંધી કરી હતી. જે કાયદાને કસાઈ સંગઠનોએ ગુજરાત હાઈકોર્ટમાં પડકારતાં ૧૯૯૮માં કોર્ટે કાયદો ગેરબંધારણીય ઠરાવ્યો હતો. તે વિરુદ્ધ ગુજરાત સરકાર વિનિયોગ પરિવાર તથા અખિલ ભારત કૃષિ ગૌસેવા સંઘે, એ સુપ્રીમકોર્ટમાં અપીલ કરતાં સાત જજોની બેંચે તાજેતરમાં ચુકાદો આપી ઉક્ત કાયદો બંધારણીય ઠરાવ્યો હતો. આ ઘણો ઐતિહાસિક ચુકાદો છે.

★ કુ. એ. ઈન્દ્રા વિ. છત્તીસગઢ રાજ્યના કેસમાં બિલાસપુરની છત્તીસગઢ હાઈકોર્ટ મરઘીનું માંસ, ઈંડા વેચનારાને મ્યુ. કમિશ્નરશ્રીના પરવાના હેઠળ જ નિર્દિષ્ટ સ્થળોએ વેચવા ફરમાવ્યું હતું. જો કોઈ વ્યક્તિ કાયદા વિરૂધનું કૃત્ય કરે તો તેની સામે ફોજદારી કેસ કરવા ફરમાવ્યું હતું.

★ તાજેતરમાં પાલિતાણા શહેરમાં માછલી, ઈંડા વ. ના વેચાણ પર પ્રતિબંધ ફરમાવતા ભાવનગર જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના જાહેરનામા વિરુદ્ધની ચંદુલાલ સુહમદલ તથા અન્યોની રીટ અરજી ના. હાઈકોર્ટના મંજૂર કરી હતી.

★ તાજેતરમાં ના. સુપ્રીમ કોર્ટમાં અખિલ ભારત ગોસેવાસંઘ એ અલકબિર કતલખાનાને આંધપ્રદેશ સરકાર તથા કેન્દ્ર સરકારની વિવિધ સંસ્થાઓએ આપેલ પરવાનગીઓ રદ કરવા માટેની અપિલ અંગે ચુકાદો જાહેર કર્યો હતો.

આંધ્રપ્રદેશ હાઈકોર્ટે બિન-ઉપયોગી પ્રાણીની કતલ કરવા, આવા બિનઉપયોગી (?) પ્રાણીઓની જાળવણીના જંગી ખર્ચના કારણોસર, સરકારે આપેલ પરવાનગીઓ યોગ્ય ગણાવેલ. ના. સુપ્રિમ કોર્ટ કતલખાનું ચલાવવાની સાથે પર્યાવરણ સંરક્ષણ નિયમોનું પાલન કરવા આદેશો આપ્યા હતાં અને જો તેનો અમલ ન થાય તો કતલખાનું બંધ થઈ શકે તેવું જણાવેલ જો કે, આ કતલખાનાને કારણે આજુબાજુના પ્રાણીઓની સંખ્યા ઘટી ગઈ

એવા પુરાવા રજૂ થયા નહોતા (કારણકે પ્રાણીઓ દૂરના પ્રદેશોમાંથી મંગાવવામાં આવ્યા) જો કે કેન્દ્ર સરકારની માંસ નિકાસ નીતિ (પોલિસી) રીવ્યુ (ફેરવિચારણા) કરવા હુકમ કર્યો હતો. જોકે કોર્ટે નીચે મુજબના અગત્યના મુદ્દા પર કોઈ ચુકાદો આપ્યો હતો. કોર્ટે નીચે મુજબના અગત્યના મુદ્દા પર ચુકાદો આપ્યો નહોતો.

(૧) અલકબીર ભારતીય બંધારણના આર્ટીકલ ૫૧ એ (જી)ના કારણે, માંસ અંગેનો પોતાને ધંધો કરવાનો મૂળભૂત અધિકાર છે એવું કહી ન શકે.

(૨) માંસ નિકાસને કારણે પ્રાણીઓની અછત સર્જાય, જેથી ઘી, દૂધ, માંસ. વ. ની તંગી થાય. તેથી તે 'જાહેર હિત' વિરુદ્ધ છે.

(૩) આ કતલખાનામાં વાર્ષિક જેટલા પ્રાણીઓ મારવામાં આવે છે તેટલા પ્રાણીઓનો ખેતી કે અન્યમાં ઉપયોગ કરે તો - અસંખ્ય માણસોને રોજીરોટી મળે છે જે ઝૂંટવાઈ ગઈ છે. આમ, બેકારી વધે છે, જે આર્ટીકલ ૨૧ની વિરુદ્ધમાં છે.

(૪) આવા કતલખાના ઉપયોગી હોય તેવા પશુઓ વેચવાય તેના માલીકોને લલચાવે છે.

(૫) હવે પ્રાણીઓને ખવડાવવાના ખોરાકની અછત નથી.

(૬) પ્રાણી ક્રુરતા નિવારણ ધારાનું પાલન થતું નથી.

(૭) પ્રાણીની ઉપયોગીતા ફક્ત તેની દૂધ આપવાની ક્ષમતા બચ્ચા પેદા કરવાની ક્ષમતા, ખેતીમાં કામ કરવાની ક્ષમતા માત્ર પર આધારિત નથી. તેનું છાણ વ. પર ઉપયોગી છે.

★ તાજેતરમાં નરોડા મહાજન પાંજરા પોળનાં કેસમાં નામદાર હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે જ્યારે પ્રાણીઓની કસ્ટડી પાંજરાપોળને આપવામાં આવી હોય ત્યારે પાંજરા પોળને સાંભળ્યા વિના પ્રાણીઓની કસ્ટડી આરોપીને સોંપી ન શકાય.

★ પાલિતાણામાં સને ૧૯૯૯માં કલેકટરશ્રીએ મુંબઈ પોલિસ અધિનિયમનની કલમ ૩૩(અ) (ડબલ્યુ) (૨) હેઠળ જાહેરનામું બહાર પાડી પુલથી તળેટી સુધીનાં મુખ્ય રોડ તથા બંને બાજુના ૨૫૦ મીટરના વિસ્તારોમાં બોઈલ ઈંડા, મચ્છી, માંસના સંગ્રહ અને વેચાણ સામે પ્રતિબંધ ફરમાવેલ. જે વિરુધ્ધમાં કેટલાક શખ્સોએ ના ગુજરાત હાઈકોર્ટમાં રીટ અરજી કરેલ જે ના. કોર્ટે તાજેતરમાં રદ કરી કલેકટરશ્રીનો હુકમ માન્ય રાખેલ.

★ તાજેતરમાં મુંબઈ હાઈકોર્ટની ઔરંગબાદ બેન્ચે એક ચુકાદામાં રાજ્ય સરકારને, પ્રાણીઓની રેસમાં પ્રાણીઓની અમાનવિય હાલત અંગે જવાબદાર ઠરાવેલી હતી અને તાત્કાલીક તે અંગે પગલા લેવા જણાવ્યું. આ આધારે મહારાષ્ટ્ર સરકારે બળદ ગાડા સ્પર્ધાને ગેરકાયદેસર અને પ્રતિબંધિત ઠરાવેલ છે.

★ તાજેતરમાં જામનગરનાં અહિંસા કાર્યકર શ્રી સુરેન્દ્રકુમાર હરીપ્રસાદ હાથીએ વિવિધ સત્તાધીશોને કરેલ અરજીઓના કારણે ધ્રોલ મ્યુનિસિપાલિટી અને પોલીસ સ્ટેશન દ્વારા પશુઓનાં માંસનું ગેરકાયદેસર વેચાણ કરાવવાનું બંધ કરવા તજવીજ કરવામાં આવતા ૧૨ ખાટકીઓએ

સિવિલ કોર્ટમાં દાવો કરતા ના. કોર્ટે એવો ચૂકાદો આપેલો કે કતલ કર્યા વિના માંસ મળી શકે નહીં અને ખાટકીઓને કતલની મંજુરી મળી શકે નહીં. મ્યુનિસિપાલિટી કાયદામાં માંસ વેચાણનો કોઈ ઉલ્લેખ નથી અને ખાટકીઓને આપેલા લાયસન્સ કાયેદસરનાં નથી તેથી ના. કોર્ટે પોલીસને કાયદેસર કાર્યવાહી કરતા અટકાવી ન શકાય, એવુ જણાવી ખાટકીઓની મનાઈ અરજી રદ કરેલી.

★ તાજેતરમાં એમ.પી.ગૌ વંશ વધ અધિનિયમ ૨૦૦૪ને ત્રણ કસાઈઓએ એમ.પી.હાઈકોર્ટમાં પડકારેલ, જેમાં કસાઈઓની રીટ પીટીશન રદ કરતા ના. કોર્ટે કાયદાને બહાલી આપી હતી. આમ એમ. પી. રાજ્ય અને છતીસગઢ રાજ્યમાં સંપૂર્ણ ગૌ વંશ હત્યા બંધી લાગુ થઈ છે. ઉપરાંત ગુજરાત, હરીયાણા, દિલ્હી, યુ.પી., રાજસ્થાન રાજ્યમાં સંપૂર્ણ ગૌવંશ બંધીનાં કાયદા અસ્તિત્વમાં છે.

★ સુપ્રીમ કોર્ટનાં સાત જજોની બંધારણીય બેંચ ધ્વારા સંપૂર્ણ ગૌ વેશની રક્ષા માટે અપાયેલા ચૂકાદાનાં પગલે પગલે મુંબઈની હાઈકોર્ટ ધ્વારા મહારાષ્ટ્ર રાજ્યમાં ગૌ વંશની રક્ષા માટે વચગાળાનો ઐતિહાસિક ચૂકાદો આપ્યો છે.

૧. ભારતનાં બંધારણની ૪૮મી કલમમાં રાષ્ટ્રનાં પશુધનની રક્ષા માટે જ માર્ગદર્શક સિધ્ધાંતો આપ્યા છે તે સિધ્ધાંતોને નક્કર રૂપ આપવા માટે સન ૧૯૭૬માં મહારાષ્ટ્ર રાજ્યે 'ધી મહારાષ્ટ્ર એનીમલ પ્રીઝર્વેશન એકટ ૧૯૭૬'ની રચના કરી.

૨. આ એકટ ધ્વારા મહારાષ્ટ્ર રાજ્યમાં ગોયાની અને વાછરડાની કતલ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો. ગાય ગમે તે ઉમ્મરની હોય તેની કતલ ન થઈ શકે એમ ઠરાવવામાં આવ્યું.

૩. કાયદાની કલમમાં વાછરડાની કે બળદ/સાંઢની વ્યાખ્યા કરવામાં આવી નથી. રાજ્ય સરકારે કાયદો થયા બાદ તેના અમલ માટે જે માર્ગદર્શક સરક્યૂલર બહાર પાડ્યો તેમાં એક વર્ષની ઉંમર સુધીના નર વાછરડાનો 'CALF' ની વ્યાખ્યામાં સમાવેશ કરી તેની કતલ ઉપર પ્રતિબંધ મૂકાયો.

મહારાષ્ટ્ર રાજ્ય ધ્વારા સરક્યૂલરમાં 'CALF' ની જે વ્યાખ્યા કરવામાં આવી, તેની સામે અન્ય રાજ્યોમાં તેમના કાયદાઓમાં જ ત્રણ વર્ષની ઉમ્મર સુધીના નર વાછરડાનો 'CALF' ની વ્યાખ્યાનો સમાવેશ કરી તેની કતલ ઉપર પ્રતિબંધ મૂકાયો છે.

૪. નર વાછરડું જ્યારે ત્રણ વર્ષની પુખ્ત ઉમરનું થાય છે ત્યાર પછી તે વાછરડાને બદલે બળદ અથવા ધણ ખૂડથી ઓળખાય છે, અને તેને પોત પોતાને યોગ્ય કાર્યમાં જોડવામાં આવે છે.

આવા બળદ અને ધણખૂડની કતલ ઉપર કેટલીક શરતોને આધીન મહારાષ્ટ્ર રાજ્યના ઉક્ત કાયદામાં પ્રતિબંધ મૂકાયો. અન્ય રાજ્યોમાં ગોવંશમાં સમાતા આવા પશુઓની કતલને ઉંમરથી બાધ્ય કરવામાં આવી છે, જ્યારે મહારાષ્ટ્ર રાજ્યના ઉક્ત કાયદામાં આવી કોઈ

ગોઠવણ કરવામાં ન આવી. વેટરનરી ડૉક્ટરની મનસૂફી ઉપર આવા પશુઓ કતલ યોગ્ય/અયોગ્ય ઠરાવવાનું નક્કી થયું. આમ આ સંબંધમાં કાયદો કરવાની સત્તા રાજ્યની વિધાનસભાને વેટરનરી ડૉક્ટરમાં પ્રસ્થાપિત કરી, જે બંધારણે રાજ્યોને કાયદા કરવા આપેલી સત્તાના ભંગરૂપ હતું. અર્થાત રાજ્યમાં અપ્રતિબંધિત નર ગોવંશની કતલ રાજ્યના કાયદા આધારિત નહીં, પરંતુ વેટરનરી ડૉક્ટરોની મનસૂફી 'WILL' મુજબ થતી હતી.

૫. આમ એકબાજુ માત્ર એક વર્ષની ઉંમર સુધીના વાછરડાને 'CALF' ગણવાથી તેને રક્ષણ મળ્યું. બીજી બાજુ ત્રણ વર્ષની ઉપરની ઉમ્મરના ગોવંશના નર પશુઓ બળદ અને ઘણખૂટની સર્વમાન્ય વ્યાખ્યામાં સમાવેશ પામતા હોવાથી તેમને પણ શરતોને આધીન આંશિક રક્ષણ મળ્યું. પરંતુ તેથી પ્રશ્ન એ ઉઠ્યો કે એક વર્ષથી ઉમ્મર ઉપરના અને ત્રણ વરસની નીચેના નર પશુઓના રક્ષણની બાબત શું ? કાયદામાં આ પ્રશ્નની સ્પષ્ટતા ન થવાથી, અને તેના કારણે તેને રક્ષણ ન મળવાથી, એક વર્ષથી ત્રણ વર્ષની ઉમ્મર સુધીના ગોવંશના લાખો નર પશુઓ દર વર્ષે મહારાષ્ટ્રમાં કપાવા લાગ્યા. કાયદાની અસ્પષ્ટતાએ આજ સુધી એટલે કે છેલ્લા ત્રીસ વરસમાં આવા લાખો નર પશુઓનો ભોગ લીધો છે.

૬. કાયદામાં રહેલી આ અસ્પષ્ટતા દૂર કરાવવા ધ્વારા લાખો પશુઓના જીવનની રક્ષા માટે વિનિયોગ પરિવારે સન ૧૯૯૮ માં મુંબઈની હાઈકોર્ટમાં રીટ પીટીશન કરી (નંબર ૮૨૨/૧૯૯૮). આઠ આઠ વર્ષ સુધી મહારાષ્ટ્ર રાજ્યે આ પીટીશનનો જવાબ ન આપ્યો, ન તો કાયદાની ગુંચ બાબત સ્પષ્ટતા કરી, ન તેમાં યોગ્ય સુધારો કર્યો. તેથી તા. ૮-૧૧-૦૬ ના રોજ બોર્ડ ઉપર આવેલા આ કેસની પ્રાથમિક સુનાવણીના પ્રસંગે ડીવીઝન બેંચના માનનીય જજ સાહેબો ડૉ. શ્રી એસ. રાધાકૃષ્ણનન અને શ્રીમતી વી. કે. તાહીલરામાનીએ રાજ્યના આવા ઉદાસીન વલણની આકરી ટીકા કરી અને પંદર દિવસની અંદર પોતાનો ઉત્તર આપવાની રાજ્યને તાકીદ કરી.

૭. નામદાર હાઈકોર્ટે જે ચુકાદો આપ્યો છે તેમાં મહત્ત્વનો ભાગ ભજવનાર એક અન્ય ઘટનાનો ઉલ્લેખ અત્રે જરૂરી છે. સન ૧૯૯૫ માં રાજ્યની વિધાનસભાએ મહારાષ્ટ્ર રાજ્યમાં એક બીલ પસાર કરી રાજ્યમાં સંપૂર્ણ ગોવંશની કતલ કરી પ્રતિબંધ મૂક્યો હતો અને તે બીલને કાયદાનું રૂપ મળે તે માટે તેના ઉપર રાષ્ટ્રપતિજીની મંજૂરી મેળવવા દિલ્હી મોકલી આપ્યું હતું.

સુપ્રીમ કોર્ટની સાત જજની બંધારણીય બેંચે ઓક્ટોબર ૨૦૦૫માં જે ચુકાદો આપ્યો છે, તે રૂએ મહારાષ્ટ્ર રાજ્યના બીલને મંજૂરી આપવા આડેના બધા અવરોધો દૂર થયા છે. સુપ્રીમ કોર્ટના ઉક્ત ચુકાદા પછી પણ કેન્દ્ર સરકારના કૃષિખાતા તરફથી કેટલા વાંધાઓ કાઢવામાં આવ્યા છે, અને મહારાષ્ટ્ર રાજ્યને તે વાંધાઓનું સમાધાન કરતો પત્ર મોકલવા જણાવ્યું છે. તા. ૧૪ જૂન ૨૦૦૬ ના રોજ બીજી સુનાવણી વખતે રાજ્ય સરકાર છ અઠવાડિયામાં તેનો જવાબ પાઠવશે એવી બાંહેધરી કોર્ટને આપવી પડી. કોર્ટે આ પિટિશનમાં મંગાયેલ વચગાળાની રાહતો આપવા માટે ૫-૧૨-૦૬ નો દિવસ નક્કી કર્યો.

૮. વિનિયોગ પરિવારે તેની પિટિશનમાં વચવાળાની બે રાહતો માંગી હતી.

(અ) વાછરડાની વ્યાખ્યામાં રાજ્ય સરકારે ઉભી કરેલી વિસંગતતા દૂર કરી ત્રણ વર્ષ સુધીના પશુ વાછરડા ગણાય તેવી જાહેરાત કરવા વિનંતી કરી,

(બ) વેટરનરી ઓફિસરોને કલમ ૬ હેઠળ અપાયેલ સત્તાનો દુરુપયોગ અટકાવવા ગોવંશના નર પશુઓની કતલ પર ઉંમર આધારિત બ્રતબંધ જાહેર કરવા / રાજ્ય ધ્વારા કરાવવાની વિનંતી કરી. અગાઉ મધ્યપ્રદેશ ધ્વારા ૧૫ વર્ષ અને ગુજરાત રાજ્ય ધ્વારા ૧૬ વર્ષના બળદ /સાંઢની કતલ પર મૂકાયદેલા પ્રતિબંધ સુપ્રીમ કોર્ટ ધ્વારા માન્ય રખાયા હતાં. (જો કે હવે તો બન્ને રાજ્યોમાં સંપૂર્ણ ગોવંશ વધ પ્રતિબંધના કાયદાઓ થયા છે અને એમને સુપ્રીમ કોર્ટે મંજૂર પણ રાખયા છે.)

૯. તા. ૫-૧૨-૦૬ ના રોજ વચગાળાની રાહતો માટેની સુનાવણી દરમ્યાન વિનિયોગ પરિવાર તરફથી એવી રજુઆત કરવામાં આવી કે રાજ્ય સરકારે તો ૧૯૯૫માં સંપૂર્ણ ગૌવંશ વધ બંધીનો કાયદો કર્યો જ છે અને એને રાષ્ટ્રપતિની મંજૂરી મળવાની બાબત હવે માત્ર ઔપચારિક રીતે બાકી છે. તો જ્યાં સુધી એવી મંજૂરી ન મળે ત્યાં સુધી વય આધારિત પ્રતિબંધ લાગૂ પડવો જોઈએ. સુપ્રીમ કોર્ટે ગુજરાતના કાયદા બાબતે ૨૫.૧૦.૨૦૦૫ ના રોજ જે ચુકાદો આપ્યો તેમાં છાણની મહત્તાને લક્ષમાં લઈ કોઈપણ ગોવંશનું પશુ ક્યારેય બિન ઉપયોગી થતું જ નથી એમ ઠરાવીને સંપૂર્ણ વધ બંધીને બંધારણીય રીતે યોગ્ય ઠરાવી તે ચુકાદાનો વિસ્તૃત ઉલ્લેખ વિનિયોગ પરિવારે કર્યો.

૧૦. નામદાર હાઈકોર્ટે તા. ૧૫-૧૨-૦૬ ના રોજ અનામત રખાયેલ ચુકાદો જાહેર કર્યો અને આ પિટિશનમાં વચગાળાની રાહત રૂપે રાજ્યમાં ૧૬ વર્ષ સુધીમાં ગૌવંશના નર પશુઓની (બળદ/સાંઢની) કતલ નહીં કરી શકાય તેવો ચુકાદો આપ્યો.

★ અમદાવાદના ભાઈપુરા વિસ્તારમાં નિયમીતપણે ભુંડની કતલનો વ્યાપાર ગેરકાયદેસર રીતે સત્તાવાળાની બેરોકટોકથી ચાલતો હોઈ તે અંગે યોગ્ય પગલા લેવ અને આરોપીઓને પકડવાની વિનંતી કરતી મુંબઈ જીવદયા મંડળીએ ના. ગુજરાત હાઈકોર્ટમાં રીટ પીટીશન દાખલ કરાવેલ તેમાં અમદાવાદ મ્યુ. કોર્પોરેશન ના અધિકારીઓએ એવું નિવેદન કરેલ કે હવે આવી પ્રવૃત્તિ સંપૂર્ણ બંધ થઈ છે અને તે અંગેની કોઈપણ નાગરિકની ફરિયાદ આવે તો તાત્કાલિક પગલાં લઈ તે પ્રવૃત્તિ બંધ કરાવી આરોપી વિરુદ્ધ ફરિયાદ કરવામાં આવશે.

★ કુતરાઓ અંગેના કેન્દ્ર સરકારે બનાવેલા નિયમ અંગે વિવિધ હોઈકોર્ટ યોગ્ય ચૂકાદો આપેલ છે જેમાં મુંબઈ હાઈકોર્ટ, આંધ્રપ્રદેશ હાઈકોર્ટ, મુંબઈ હાઈકોર્ટની ગોવા બેન્ચ, કેરાલા હાઈકોર્ટનો સમાવેશ થાય છે.

**નોંધ :**

(૧) અખિલ ભારત કૃષિ ગૌસેવા સંઘનું મુંબઈ જીવદયા મંડળી તથા વિનિયોગ પરિવારનું પ્રાણીરક્ષા અંગેના કેસો બાબત ઘણું જ યોગદાન છે. પ્રાણીરક્ષા અંગેનો કાયદાના

તથા ચુકાદાઓના ઘણાં પુસ્તકો તેમણે પ્રકાશિત કરેલ છે.

(૨) પ્રાણીરક્ષા કાયદાની ટુંક નોંધ સાથેની ગુજરાતી - અંગ્રેજી - હિંદી - મરાઠી (જે - તે રાજ્યમાં જરૂર હોય તેમ) પુસ્તિકાઓ રાજ્યના દરેક સિવિલ / ક્રિમીનલ કોર્ટના જજોને પહોચાડવી જોઈએ અને તેમાં કોર્ટના અદ્યતન ચુકાદાઓનો સમાવેશ કરવો જોઈએ.

(૩) ખરેખર પ્રાણીક્રૂરતા અંગેના ગુના અંગે પકડાયેલ ગુનેગારને આસાનીથી જામીન મળવા ન જોઈએ. તેની જામીન અરજીનો વિરોધ કરવો જોઈએ. તેણે અગાઉ આવા કેટલા ગુના કર્યા છે વિગતો તેની પોલીસ રીમાન્ડ માંગી ભેગી કરી કોર્ટ સમક્ષ રજૂ કરવી જોઈએ. છેલ્લા ત્રણ વર્ષમાં પ્રાણી કાયદા હેઠળ નોંધાયેલ કેસોની વિગતો એકઠી કરી સરકારશ્રીમાં રજૂઆત કરી, જેમ પોલીસમાં આર્થિક ગુના, સ્ત્રી વિરોધી ગુના વગેરેના ખાસ તાલિમ પામેલા અધિકારીઓવાળી ખાસ શાખા હોય છે તેવી ખાસ શાખા કરાવવા પ્રયત્નો કરવા કે જેની પાસે આ અંગેના તમામ ગુનાઓની વિગતો હોય. જો નામદાર કોર્ટ જામીન આપવા તૈયાર હોય તો કોર્ટે આરોપી પાસે તે પ્રાણીઓની સારવાર, ખોરાકનો ખર્ચ આપશે; અને આવા બીજા કોઈ ગુનામાં પોતે સંડોવાયો નથી અને ભવિષ્યમાં સંડોવાશે નહીં એવું લખાણ લેવું જોઈએ .

ડૉ. અરવિંદકુમાર શેઠના મંતવ્ય પ્રમાણે (૧) પ્રાણી ક્રૂરતા નિવારણ ધારાની કલમ ૩૫ હેઠળ દરેક જિલ્લાના કલેક્ટરશ્રીના હાથ નીચે ઓછામાં ઓછી એક પ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટી સ્થાપવી જોઈએ. હાલ પંચમહાલ, અમદાવાદ, વડોદરા, કચ્છમાં નવા નિયમો મુજબ કલેક્ટરશ્રીના નિયંત્રણ હેઠળ હોય તો જ સત્તાવાર ગણાય. તેજ રીતે પ્રાણીઓની કસ્ટડી વગરે અંગે પાંજરાપોળ પક્ષકાર બને તો તેનો ખર્ચ પરત મળવાપાત્ર છે. ઉપરાંત કતલખાના અંગેના નિયમોનો જેટલો આગ્રહ રાખીએ એટલી કતલ ઓછી થાય.

(૪) ગુજરાત સરકારે તા. ૧૬-૪-૯૧ના શિક્ષણ વિભાગના ઠરાવ અન્વયે સમગ્ર ગુજરાતની સમગ્ર શાળાઓમાં ધો. ૧૧, ૧૨માં ચાલતાં દેડકાંઓના ડીસેક્શન (કાપવા) પર પ્રતિબંધ ફરમાવ્યો છે. અન્ય રાજ્યોમાં કાપવા પર સંપૂર્ણ પ્રતિબંધ નથી, પરંતુ જે તે વિદ્યાર્થીની મરજી પર (ઓપ્શનલ) છોડેલ છે.

(૫) પ્રાણીઓની કસ્ટડી બાબતના પ્રશ્નો :

(અ) કસ્ટડી કોને આપવી જોઈએ.

(બ) કસ્ટડીનો ખર્ચ કોણે ભોગવવો જોઈએ.

(ક) કસ્ટડીના પ્રશ્ન અંગે પાંજરાપોળની લોક્સ સ્ટેન્ડી

આ અંગે 'વિનિયોગ પરિવારે' વિસ્તૃત સમજ આપતું પુસ્તક બહાર પાડેલ છે. સામાન્યતઃ કતલખાને લઈ જવાતા પ્રાણીઓનો કબજો (કસ્ટડી) પ્રાણી સંસ્થા કે

પાંજરાપોળને મળવો જોઈએ. પ્રાણી જાળવણીનો ખર્ચ તેને પરત મળવાપાત્ર છે; પ્રાણીઓની કસ્ટડી, ગુનો કરનારને બદલે પ્રાણીરક્ષા સંસ્થા કે પાંજરાપોળને આપવી હિતાવહ છે એવા ઘણી બધી કોર્ટના ચુકાદા છે. જો પ્રાણીની જાળવણી પાછળ થયેલ ખર્ચ, આરોપી કોર્ટકેસમાં નિર્દોષ છૂટ્યા પછીય ન આપે તો તેને પ્રાણીનો કબજો ન આપી શકાય.

(૬) વારંવાર પ્રાણીઓને કતલખાનામાં લઈ જતા વાહનો પકડાય છે તે અસરકારક રીતે અટકાવવા માટે સરકારે નીચે મુજબનો હુકમ કરેલ છે.

૧. પકડાયેલા વાહનો ચાલક અને સંડોવાયેલા ઈસમોની વિરૂધ્ધ ગુનો દાખલ કરી, આવું પકડાયેલ વાહન ફરીથી ગુનામાં સંડોવાય નહીં, તેવી વાહન માલિકને સૂચના આપી, વાહનમાલિકની લેખિત બાહેંધરી (બોન્ડ) લેવામાં આવશે અને જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનમાં પકડાયેલ વાહનોના નંબર જણાવી તેની ઉપર સતત વોચ રાખવામાં આવશે.

૨. ગૌવંશ હત્યાનાં કિસ્સામાં ગૌવંશ પ્રાણીઓને કતલખાનામાં લઈ જતા વાહનોને કેસના અંત સુધી વાહનને સીલ કરી દેવા જુલાઈ-૧૯૮૮માં સરકારે જાહેરાત કરી હતી.

૩. આવી ગુનાહિત પ્રવૃત્તિ માટે વારંવાર વાહનો જપ્ત કરવા નામદાર કોર્ટમાં અસરકારક રજૂઆત કરવા પોલીસને આદેશો અપાયા છે.

૪. એક થી વધુ વાર ગૌવંશ પ્રાણીઓને કતલખાનામાં લઈ જતા પકડાય, ત્યારે આવા વાહનો સામે નીચે મુજબના સખત આદેશો સરકારે આપ્યા છે.

(એ) આવા ગુનામાં વપરાયેલ વાહન કબજે લેવું.

(બી) આ કામના આરોપી ડ્રાઈવરનું લાયસન્સ રદ કરવા આર.ટી.ઓ. માં રીપોર્ટ કરવો.

(સી) બે થી વધારે વખત વાહન ગુનામાં વપરાયેલ હોય ત્યારે તેનું રજીસ્ટ્રેશન તથા રોડ પરમીટ રદ કરવા આર.ટી.ઓ.ને રીપોર્ટ કરવો.

(ડી) બે કરતા વધારે ગુનામાં પકડાયેલ આરોપીને ક્રૂર વ્યક્તિ ગણી ''પાસા'' લાગુ પાડવો અને તેને જિલ્લા તડીપાર કરવો.

આ બધા હુકમો ગૃહ વિભાગે પોલીસતંત્રને આપ્યા છે અને આ જાહેરાતો સરકારે ગુજરાત વિધાન સભામાં કરી છે.

(૭) ગુજરાત રાજ્યના પશુપાલન નિયામકની કચેરી તથા ગુજરાત સરકારનાં કૃષિ અને સહકાર વિભાગના ૧૪-૨-૨૦૦૧ ના પરિપત્ર હોવા છતાં પણ દરેક જિલ્લામાં પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટીની આજદિન સુધી રચના થઈ નથી. આ પરિપત્ર કેન્દ્ર સરકારનાં તા. ૫-૮-૨૦૦૦ ના પત્ર અન્વયે પ્રકાશીત કરેલ.

(૮) તાજેતરમાં મુંબઈ જીવદયા મંડળીએ કેન્દ્ર સરકારને આપેલ એક લીગલ નોટીસ મુજબ ઘોડા, લાઈવ, કેટલ, ભેંસ, ઉંટનો નિકાસ કરી શકાય એવી સરકારશ્રીના કાયદાની જોગવાઈ છે અને લાઈવ કેટલમાં ગાય, બળદ, આખલા, વાછરડા અને વાછરડીની નિકાસ થાય છે જે અંગે લાયસન્સ આપવામાં આવે છે. વર્ષ ૨૦૦૨ થી ૨૦૦૫ માં લગભગ ૧૨ હજાર પ્રાણીઓની નીકાસ થયેલ છે. ઈરાન અને અફઘાનિસ્તાન મોંઘુ માંસ મંગાવે છે. પાકીસ્તાનમાં પ્રાણીઓની કતલ વધવાથી પાકીસ્તાનમાં માંસ મોંઘુ થઈ ગયું છે તેથી પાકીસ્તાનમાં જીવતા પ્રાણીઓ નીકાસ કરવા માટે ભારત સરકારે વાર્ષિક રૂપિયા દસ લાખ પ્રાણીની પાકીસ્તાનમાં જીવતા પ્રાણીઓ નીકાસ કરવા ધારેલ છે. જેનો ઉપયોગ ફક્ત માંસ અને ચામડુ મેળવવા માટે થશે. પાકીસ્તાનમાં અને વસ્તુઓ (માંસ) ના ભાવ નિયંત્રણમાં રાખવા માટે ભારતમાંથી પ્રાણીની આયાતનો નિર્ણય થયો છે. આ કારણસર રેલ્વે મંત્રીએ પ્રાણીઓની હેરાફેરીનો પ્રતિબંધ હટાવી દીધો છે. પાકીસ્તાન જીવતા પ્રાણીઓની ડ્યુટી ફ્રી ઈમ્પોર્ટ કરવાના છે, આ અંગેની લીગલ નોટીસનો ભારત સરકારે કોઈ જવાબ આપ્યો નથી.

❀

- પાણી ભરેલ ડોલ, ટબ, કોઠી, પીપ, ટાંકી વ. વાસણો ઢાંકીને રાખવાં. ખાલી હોય તો ઊંધાં મૂકવાં.
- મકાનના ચોગાનમાં ચોમાસામાં લીલ-ફૂગની ઉત્પત્તિ ન થાય તે માટે ચોમાસા પહેલાં ચૂનો, રેતી, ડામર, લાદી, સફેદો વ. લગાડી દેવા.
- નળવાળા માટલામાં નળનો ભાગ સતત ભીનો રહેવાથી તેમાં લીલ થવાની સંભાવના છે. નળવાળા માટલાને સાંજે ખાલી કરીને નળમાં આરપાર કપડું નાંખી નળનો અંદરનો ભાગ સાફ કરવો જોઈએ. નળવાળાં માટલા વાપરવા યોગ્ય નથી. નળ વગરનાં માટલાં અને પાણી લેવા માટેના ડોયાની આપણી જૂની વ્યવસ્થા સર્વોત્તમ છે.
- બળતણ માટેનાં લાકડાં-કોલસા પૂંજીને જમીન પર ઠપકારીને પછી જ વાપરવાં જોઈએ. કોલસાને વાપરતાં પહેલાં ચાળણીથી ચાળી લેવાં જોઈએ. લાકડાં સૂકાં જ વપરાય. છાણાં પણ જોઈ-તપાસી વાપરવાં.
- સ્મશાનમાં ચિતામાં બાળવા માટેના એકે એક લાકડાને વ્યવસ્થિત પૂંજી લેવા જોઈએ અને જમીન પર ઠપકારીને પછી જ વાપરવાં જોઈએ. જમીન પર ઠપકારવાથી એના પોલાણમાં ભરાયેલી જીવાત બહાર નીકળી જાય છે.
- ટેબલ, પલંગ વગેરે કોઈ પણ સામાન જમીન સાથે ઘસીને નહિ, પણ ઊંચકીને ફેરવવો.
- કબાટ, બેગ, ડબ્બા વગેરે ચુસ્ત રીતે બંધ કરીને રાખો એને અધખુલ્લાં ન રાખો.
- ઘરના ઓરડાની દીવાલ, છત વગેરે ૨-૩ દિવસે સંભાળપૂર્વક સાફ કરો.

# "અહિંસાના ભાવ જગાવતી કવિતાઓ"

## રગદોળે જીવતર

પરાયા જીવની હોય ના કદર, પાપ-પુણ્યની હોય ના ખબર,
હિંસા કરે છે એવા નિષ્ઠુર લોકો, સાચી સમજની જેને ના અસર.
નાહક મારતા પશુ-પંખીને એ, વસંત પર ફરી વળે પાનખર,
સમજ પડે ના એવા પાપીઓને, નીજ માટે ખોદાય છે કબર.

– 'લઘુગોવિંદ'

## માનવ સારો કે ઝાડ ?

આ ઊભો જે માનવ હરીફરી શકે છે. આ ઊભું છે જે ઝાડ ધ્રુવશું ખડું છે.
માનવને હાથ પગ આંગળાં છે. વૃક્ષને પાન થડ પાંખડાં છે.
માનવમાં કોઈ હિંદુ છે કોઈ મુસ્લિમ. વૃક્ષોમાં કોઈ વડ છે, કોઈ સીસમ.
માનવ મગજ પ્રેમ, વેરઝેર રાખે. ઝાડ અંગે-અંગ સેવાર્થે આપે.
માનવ સ્વાર્થ માટે સેવા કરે છે, ઝાડ નિસ્વાર્થે જ સેવા કરે છે,
વૃક્ષ પથ્થર મારે તેને ફળ આપે છે, માનવને પથ્થર મારો તો શીશ કાપે છે.
પશુતા તારામાં પ્રવેશી ચૂકી છે રે મનવા, પશુપક્ષી હવે તૈયાર નથી માનવી બનવા.
એ ઝાડ તો ઝાડ છે પણ ! હે માનવ તું માનવ છે ?

**– કાન્તિલાલ જે. પટેલ 'કમલકાન્ત'**

## હાઈકુ ત્રય

ખુશીઓ કાજે, મુક્તપંખીને પૂરે
લોક પીંજરે, આમ શેં થાય ?
જીવતું વગોવાય, મૃત પૂજાય !
કરુણા ઢૂંઢે વીંધાયેલા હંસને દેવદત્તને !

**– મણિલાલ ન પટેલ "જગતમિત્ર"**

## એક લઘુકાવ્ય

એક પંખીને મુક્ત મને
સાત સાગર, પાર કરવા'તા
પણ મળ્યું એને સોનાનું પિંજર !
શું આ જ કહેવાય ભાગ્ય ?

# સુંદરતા અને ક્રૂરતા

રેશમી વસ્ત્રો : (સિલ્ક) :

રેશમ વિવિધ પ્રકારનું મળે છે. મલબેરી, ટશર, મુગા, એરી, દશર બેંગ્લોર અને મધ્યપ્રદેશમાં મળે છે. મલબેરી અને ટશરના દોરાનું સંયોજન મટકા સિલ્ક તરીકે ઓળખાય છે. રેશમનો કીડો ૩થી ૬ માસમાં કોશેટો બનાવે અને એક કોશેટામાંથી ૬૦૦ મિટર દોરો મળી શકે. એક કિ.ગ્રામ રેશમ મેળવવા લગભગ ૬૦૦૦ કોશેટા મારવા પડે.

જીવતા કીડા સહિતના કોશેટાને ગરમ પાણીમાં ઉકાળી મારી નાંખવામાં આવે છે અને તેની આજુબાજના તારને કાઢી નાંખવામાં આવે છે. તાંત્રિક નિકાસ રૂા. ૧૪૦ કરોડની છે તેને માટે કરોડો જીવોનો પ્રાણ હરી લઈ આપણી સરકાર હરખાય છે. હવે કરોળિયાએ બનાવેલા તાંતણામાંથી 'સ્પાઈડર સિલ્ક' બનાવાય છે.

મેનકા ગાંધીની સંસ્થા પીપલ્સ ફોર એનીમલ્સ તરફથી મોટા પાયે અહિંસક સિલ્ક વસ્ત્રોનું ઉત્પાદન શરૂ કરેલ છે. મૂળ આંધ્રપ્રદેશ કેન્દ્ર વિવર્સ કો. ઓ. સોસાયટીનાં પ્રયત્નોને કારણે આ વાત શક્ય બની છે. અહિંસક સીલ્ડ બનાવવા માટે રેશમનો કીડો, કોશેટો તોડીને બહાર આવે તેની રાહ જોવામાં આવે છે. સામાન્ય રીતે ટસર, એરી, મુંગલ નામના કીડા ધ્વારા બનાવવામાં આવતા કોશેટાઓનો ઉપયોગ થાય છે. આ કીડો જે કોસેટો બનાવે છે તેમાં પહેલેથી જ બહાર નીકળે ત્યારે.... આ કીડાને મારવાની જરૂર પડતી નથી. કોશેટોમાંથી કીડો બહાર નીકળી જાય તે પછી પણ કોસેટોનો રેશમી દોરો અખંડ રહે છે. સામાન્ય રીતે આસામ, ઉતરાંચલ અને મધ્યપ્રદેશમાં આ પધ્ધતિ પ્રમાણે રેશમ મેળવવામાં આવે છે. શ્રી શ્રી રવિશંકરજી પોતે પણ અહિંસક સીલ્કનાં વસ્ત્રો વાપરે છે.

ઉત્તર ધ્રુવનાં પ્રાણીઓ : ઉત્તર ધ્રુવની નજીક શીત કટિબંધનો પ્રદેશ છે. ત્યાં માનવીની વસ્તી ઓછી છે. ત્યાંનાં પ્રાણીઓ સુંદર રુંવાટીવાળી ચામડી માટે જાણીતાં છે. આ પ્રાણીઓને પકડવા માટે છટકાં ગોઠવવામાં આવે છે. આ પ્રાણીઓ નિર્જન અને વિશાળ બરફસ્તાન જેવા પ્રદેશોમાં વસે છે. ત્યાં સાધારણ રીતે લાંબા અંતરે છટકાં ગોઠવવામાં આવે છે. એક માણસ ચોક્કસ વિસ્તારમાં એક પછી એક છટકાં ગોઠવતો જાય છે. ત્યાર પછી તેમાં પ્રાણીઓ સપડાયાં છે કે નહિ તે જોવા માટે ૧૦-૧૨ દિવસ પછી પાછો આવે છે. આથી જે પ્રાણી છટકામાં વહેલું પકડાય તે વધુ દિવસ કષ્ટ ભોગવે છે.

આવા છટકામાં પ્રાણીના પગનો પંજો સપડાય છે. પ્રાણીનો પગ છટકામાં સપડાતાં તેને અત્યંત પીડા થાય છે. સાથે સાથે તે ભયની લાગણી પણ અનુભવે છે છટકામાંથી છૂટવા તે સતત ફાંફાં મારતું રહે છે પણ તે છૂટી શકતું નથી; જેમ જેમ છૂટવાનો પ્રયત્ન કરે છે તેમ તેમ તેનો પગ વધુ ને વધુ જકડાતો જાય છે અને અસહ્ય પીડા ભોગવે છે.

છટકાં ગોઠવનારને વહેલો આંટો મારવાનું પરવડે એમ ન હોવાથી તે તેના મુકરર સમયે જ એટલે કે છટકું ગોઠવ્યા પછી ૧૦-૧૨ દિવસે જ પાછો આવે છે. તેથી તેટલા દિવસ તે પ્રાણી ભૂખ-તરસ આદિની અસહ્ય વેદના ભોગવતું રહે છે. છટકામાંથી છૂટવાના પ્રયત્નથી તેનો પગ સૂઝી જાય છે. પોતાના સૂઝેલા પગને પોતાના તીણા દાંતથી કરડીને છૂટો કરવા મથે છે. આ સ્થિતિમાં બરફવાળા ખુલ્લા મેદાન જેવા પ્રદેશની ઠંડી પણ તેને સખત ડંખતી રહે છે છેવટે તે રિબાઈ-રિબાઈને મરે છે. આથી કોઈ પણ પ્રકારની ચાંમડાની ચીજવસ્તુ ખરીદવી ન જોઈએ, ભેટ તરીકે પણ સ્વીકારવી ન જોઈએ અને તેના વેચાણનો પણ વિરોધ, કરવો જોઈએ.

મોતી ખારા સમુદ્રમાંની કાલુ માછલીની છીપમાં પેદા થાય છે. કાલુનું શરીર તેની બે છીપોની વચ્ચે સંપૂર્ણ રીતે રક્ષાયેલું હોય છે; અથવા એમ પણ કહી શકાય કે કાલુ આ બંને છીપોની કિનારીઓને ભિડાવીને (બંધ કરીને) તેની અંદર રહેલી હોય છે. આ છીપો સમુદ્રના તળિયે પેદા થાય છે અને ત્યાં જ પડી રહે છે.

કાલુના શરીરનો જે ભાગ છીપની સાથે જોડાયેલો હોય છે તેની અને છીપની વચ્ચે જ્યારે બહારની રેતીના કણ જેવી કઠણ વસ્તુ ભરાઈ જાય છે ત્યારે તેને ખૂંચે છે તે તેના શરીરમાં પીડા ઉત્પન્ન કરે છે. આ પીડાનું નિવારણ કરવા માટે તે આવા કઠણ કણની આસપાસ છીપના જેવો જ પદાર્થ પોતાના શરીરમાંથી ઝરાવે છે. આ સુંવાળો પદાર્થ કણની આસપાસ સંપૂર્ણ રીતે જામી જાય છે. કઠણ કણની આસપાસ ગોળાકારમાં જામતો એ પદાર્થ જ મોતી રૂપ બને છે. કાલુની પીડા જેટલી તીવ્ર હોય અને જેટલા લાંબા સમય સુધી ચાલે તેટલા પ્રમાણમાં તેના શરીરમાંથી વધુ પદાર્થ ઝરાવે છે અને મોતી વધુ મોટું બંધાય છે.

કુદરતી સંજોગમાં લાખો છીપોમાંથી થોડાંક જ મોતી પ્રાપ્ત થાય, પરંતુ મોતી પ્રાપ્ત કરવા માટે પકડાય તેટલી બધી જ છીપો તો તોડવી પડે છે. છીપ તૂટતાં કાલુ જીવી શકતી નથી. આમ લાખો જીવોનો નિરર્થક સંહાર થતો જ રહે છે. કુદરતી સંજોગ પર આધાર રાખવામાં આવે તો મોતી અત્યંત વિરલ વસ્તુ બની રહે.

કાલુ પાસે મોતી પેદા કરાવવા માટે પ્રથમ તેઓને એકઠી કરવામાં આવે છે. તેઓને જીવંત રાખવા માટે ખાસ પાણીની વ્યવસ્થા કરવામાં આવે છે. તે પછી કાલુની છીપ અને તેની સાથે જોડાયેલા તેના શરીરના ભાગની વચ્ચે કઠણ દાણો કૃત્રિમ રીતે દાખલ કરવામાં આવે છે. અમેરિકાના પિગટો કલમની છીપનો દાણો આ કાર્ય માટે ઉત્તમ ગણાય છે. કાલુના શરીરમાં ઊંડો કાપો પાડીને તેમાં આવા કઠણ દાણાને ઘુસાડવો એ મુખ્ય કાર્ય છે; પરંતુ દાણાને એકલો ઘુસાડવામાં આવતો નથી. એક કાલુના શરીરને જુદું રાખીને તેના શરીરના માંસમાંથી એક નાનકડો ભાગ કાપી લઈને તેને પણ કઠણ દાણાની સાથે,

જે કાલુની પાસે મોતી પેદા કરાવવું હોય તે કાલુના શરીરમાં પાડવામાં આવેલા કાપામાં બેસાડવામાં આવે છે. આમ કાલુની છીપમાં (છીપની સાથે કાલુના શરીરને જોડતા ભાગમાં) કઠણ દાણો દાખલ કરવાની સાથે માંસકોષોનું પડ પણ દાખલ કરવામાં આવે છે. માંસકોષનું પડ પણ કાલુના શરીરમાંથી જ મેળવવામાં આવે છે. ૧૨ થી ૧૫ કાલુ દીઠ એક કાલુનો ઉપયોગ કરવામાં આવે છે.

કઠણ દાણો દાખલ કરવાની શસ્ત્રક્રિયા જે કાલુ પર કરવામાં આવી હોય એવી ૫૦ થી ૬૦ કાલુ-છીપોને એક પીંજરામાં રાખવામાં આવે છે. આ પીંજરાને ૪ થી ૬ અઠવાડિયાં સુધી દરિયામાં ડૂબેલું રાખવામાં આવે છે. આ દરમિયાન કેટલીક કાલુ છીપો જીવંત રહી જાય છે. જ્યારે કેટલીક શસ્ત્રક્રિયાના આઘાતથી મરી જાય છે. નાના દાણામાંથી નાનું મોતી એક મોસમમાં તૈયાર થાય છે, જ્યારે મોટાં મોતી તૈયાર થતાં ૩ થી ૭ વર્ષ લાગે છે. કાલુ અત્યંત સંવેદનશીલ હોવાથી તેને કઠણ દાણાથી અત્યંત પીડા થાય છે. અલંકાર અને શોખની વસ્તુ તરીકે વપરાતાં આ કૃત્રિમ મોતી પેદા કરાવવા માટે તેઓને લાંબા સમય સુધી તીવ્ર પીડા વચ્ચે રાખવામાં આવે છે, જે ખરેખર તેઓના પર ગુજારાતો જુલમ જ છે. છેવટે મોતી મેળવવા માટે કાલુઓનો તો નાશ જ કરવામાં આવે છે.

કેટલાક લોકો હજુ પણ માને છે કે કૃત્રિમ મોતી એ પ્રયોગશાળામાં બનતું મોતી છે; ખરેખર એ તો કાલુ છીપ પાસેથી જ એને ખૂબ પીડિત કરી એની પાસે જ સર્જાવવામાં આવે છે, ને કામ પૂરું થયા પછી કાલુને તો મારી જ નાખવામાં આવે છે.

શોખીનો ''ફર''માંથી બનાવેલ ટોપીઓ, હાથમોજાં, કોટ, સ્વેટર, રમકડાં અને ધાબળા તેમ જ પર્સો વાપરે છે.

રુંવાટી મેળવવા માટે જે પ્રાણીઓનો ઉપયોગ થાય છે તેમાં સસલાં, કારાકુંલ જાતના ઘેટાં, મીન્ક, ખિસકોલી, રીંછ અને બકરાં મુખ્ય છે.

કોફીની નકામી થઈ ગયેલી બાટલીઓમાં રૂનાં પૂમડાંને ક્લોરોફોર્મમાં ઝબોળી ભરવામાં આવે છે. પછી આ બાટલીના સાંકડા મોઢાંમાંથી મીંકનું માથું અંદર ઘુસાડવામાં આવે છે. ક્લોરોફોર્મની અસરથી બચવા તરફડિયા મારતું મીન્ક મોતને શરણે થઈ જાય છે.

વિશ્વની અંદર ''ફર''નો આ ઉદ્યોગ ખૂબ ફાલ્યો છે અને ભારતમાં પણ તે ખૂબ ઝડપભેર વિકસી રહ્યો છે. ભારતની સરકારે આ કાર્યનો હવાલો ''ઇન્ડિયન કાઉન્સિલ ઑફ એગ્રીકલ્ચરલ રીસર્ચ'' નામની સંસ્થાને સોંપ્યો છે. જેનો ''ડિવિઝન ઓફ ફર એનીમલ બ્રીડીંગ'' નામનો વિભાગ ભારતની અંદર આ ઉદ્યોગના વિકાસ માટે પ્રયત્ન કરે છે.

બેંકમાં પડેલા આપણા પૈસામાંથી આ માટે ખેડૂતોને ધીરાણ પણ આપવામાં આવે છે. આ સસલાંઓ વર્ષે વીસથી પચીસ બચ્ચાં આપે છે. આ બધાં બચ્ચાંઓને મોટા કરી

પછી તેમની ચામડી ઊતરડી વિદેશોમાં તેની નિકાસ કરી દેવામાં આવે છે. ભારતમાં આવી ચામડીની ખપત ખૂબ ઓછી છે, મોટા ભાગે હૂંડિયામણ મેળવવા માટે જ આવા પ્રાણીઓને ઉછેરવામાં આવે છે.

આ બચ્ચાંની ઉંમર બે દિવસની થાય તે પહેલાં તેની કતલ કરી ચામડી ઊતરડી લેવામાં આવે છે. ઘણી વખત તો ગર્ભવતી બનેલી માદાઓના પેટ ઉપર લાકડીઓના પ્રહારો કરી ગર્ભમાં વિકસી રહેલા બચ્ચાંને જ બહાર કાઢવામાં આવે છે, કારણ કે તેની ચામડી વધુ કિંમતી ગણાય છે. આ ઊનનો ભાવ કિલોના ૩૦૦ થી ૫૦૦ રૂપિયા ઊપજે છે. એક કિલો ઊન મેળવવા માટે સહેજે ૧૦-૧૨ સસલાંને મોતને ઘાટ ઉતારવા પડે છે.

ગારસામાં જેમ સસલાં ઉછેરવામાં આવે છે. તેમ બિકાનેરની અંદર કારાકુલ જાતના ઘેટાંઓનો ઉછેર કરવામાં આવે છે.

❋

- લાઇટથી જીવાત ઘણી થાય છે. તેથી શક્ય તેટલો એનો ઉપયોગ ટાળો. સાંજે લાઇટ કરતાં પૂર્વે બારી-બારણાં બંધ કરો.
- શક્ય હોય ત્યાં સુધી ચોમાસામાં મુસાફરી ટાળો.
- પ્લાસ્ટિકની કોથળીઓ વગેરે જ્યાં ત્યાં ફેંકવી નહીં. તે ફેંકેલી કોથળીઓ ગાય વગેરેના પેટમાં જાય તો તેનું મૃત્યુ થવાના બનાવો બને છે, માટે પ્લાસ્ટિકનો વપરાશ ટાળવો યોગ્ય છે.
- શરીરના ખુલ્લા ભાગ ઉપર ક્યાંય પણ ખંજવાળ આવે તો ખંજવાળતાં પહેલાં ત્યાં સૂક્ષ્મ જંતુ ન હોય એની ખાતરી કરવી. પીઠ વગેરે ભાગમાં દૃષ્ટિ ન પહોંચે તો ખંજવાળતાં પહેલાં પોચા હાથે હાથરૂમાલ ફેરવી દેવો.
- કપડાં ધોવા નાંખતાં પહેલાં કે પહેરતાં પહેલાં આગળ-પાછળ કરીને, ઊંધાં-ચત્તાં કરીને તથા ખિસ્સાં બહાર કાઢીને તેમાં જીવજંતુ ન હોય એની ખાતરી કરવી.
- નાના કે મોટા કોઈ પણ વાસણમાં પાણી, ખાદ્યપદાર્થ, અનાજ કે કોઈ પણ ચીજ ભરતાં પહેલાં બરાબર જોઈ લો કે તેમાં ખૂણે-ખાંચરે કોઈ સૂક્ષ્મ જંતુ તો નથી ને !
- લાઇટ-પંખા વગેરેનો ઓછામાં ઓછો ઉપયોગ કરો આ બિનજરૂરી ચાલુ ન રાખો. કારણ ઈલેક્ટ્રીસીટી ઉત્પન્ન કરવામાં અને વાપરવામાં ઘણી હિંસા છે.
- વેક્યુમ-ક્લીનર (ઇલેક્ટ્રિક સાવરણી)નો ઉપયોગ કરવો નહિ. કરો તો ય બ્લોઅર નો જ થાય. સકર (હવા ચૂસનાર)નો ઉપયોગ ન કરવો. બ્લોઅરનો ઉપયોગ પણ ઉચિત નથી.
- કોઈ પણ જગ્યા વાપરતાં પહેલાં જયણાપૂર્વક કોમળ સાવરણી ફેરવી લો. દરવાળા જીવોને એમના દર તરફ વાળો

# સૌંદર્ય પ્રસાધનો

| વસ્તુનું નામ | વપરાતા પદાર્થો | પ્રાપ્તિસ્થાન |
|---|---|---|
| ૧. અગરબત્તીઓ | પ્રાણીજ સુગંધ | પ્રાણીઓ |
| ૨. અત્તરો | કેટલાંક પ્રાણિજ હોઈ શકે. | પ્રાણીઓ |
| ૩. આફ્ટર શેવ લોશનો | પ્રાણિજ સુગંધ હોઈ શકે. | કસ્તૂરીમૃગ, સિવેટ વહેલ (અંબર માટે) બીવર (કેસ્ટોરિયમ માટે) |
| ૪. કેશતેલ, મસાજ માટેનાં તેલ | પ્રાણિજ સુગંધ હોઈ શકે. | બીવર (કેસ્ટોરિયમ માટે) |
| ૫. કોલન વૉટર | પ્રાણિજ સુગંધ હોઈ શકે. | બીવર (કેસ્ટોરિયમ માટે) |
| ૬. ક્રીમ સ્નો | સ્ટીયરેટ, ઈસ્ટ્રોજન તથા પ્રાણિજ સુગંધની વપરાશનો સંભવ. | પ્રાણીઓ, મટન ટેલો |
| ૭. કાજળ (આંજણ) | સ્ટીયરેટ, ઈસ્ટ્રોજન તથા પ્રાણિજ સુગંધની વપરાશનો સંભવ | પ્રાણીઓ, મટન ટેલો |
| ૮. ટૂથપેસ્ટો | ગ્લિસરીન, પ્રાણિજ સુગંધી, હાડકાંની ભૂકી વગેરે હોઈ શકે. | પ્રાણીઓ |
| ૯. નખ રંગવાનું પૉલિશ | માછલીનાં ભીંગડાં | માછલી |
| ૧૦. ફેસ અને ટાલ્કમ પાઉડર | પ્રાણિજ સુગંધ | પ્રાણીઓ |
| ૧૧. લિપસ્ટિક | સ્ટીયરેટ અને મધમાખીનું મીણ | પ્રાણી અને માખીઓ |
| ૧૨. શૅમ્પૂ | ઈંડા, પ્રાણિજ સુગંધ કે ગ્લિસરીનનો ઉપયોગ હોઈ શકે. | ગ્લિસરીન પ્રાણીજ હોઈ શકે. |
| ૧૩. સાબુ-નાહવાના તથા ધોવાના | મટન ટેલો, પ્રાણિજ સુગંધ | ગ્લિસરીન પ્રાણિજ |
| ૧૪. હેર ટૉનિક | પ્રાણિજ વિટામિન અને પ્રોટીન હોઈ શકે. | પ્રાણીઓ |
| ૧૫. હેર ડાઈ | સ્ટીયરેટ, ઑલિયેટ, પ્રાણિજ સુગંધ | પ્રાણીઓ |
| ૧૬. હેર રીમુવર | પ્રાણિજ સુગંધ | પ્રાણીઓ |
| ૧૭. હેર સ્પ્રે | પ્રાણિજ સુગંધ | પ્રાણીઓ |

## હાથીદાંત :

હાથીદાંતની બંગડીઓ, રમકડાં, મૂર્તિઓ, પિયાનોની પટ્ટીઓ, કાંસકા, બટન, અને ફેન્સી કલાત્મક વસ્તુઓનો આપણો શોખ સંતોષવા માટે દર વર્ષે અંદાજે લાખથી દોઢ લાખ હાથીઓને મારી નખાય છે. હાથીદાંત મુખ્યત્વે આફ્રિકાથી આયાત થાય છે.

આપણા દેશમાં આસામમાં તથા દક્ષિણ ભારતમાં ઘણા હાથી છે. તેમાં પણ નોંધપાત્ર ઘટાડો થતો રહે છે.

એક કિલો હાથીદાંતની કિંમત લગભગ ૨,૫૦૦ રૂપિયા જેટલી ઊપજતી હોઈ અત્યાર સુધીમાં હાથીઓનો મોટો સંહાર થઈ ચૂક્યો છે.

હાથીનું મરણ નિપજાવવા માટે બૅટરીના ઍસિડવાળાં ઝેરી કેળાં, ફણસ વગેરે હાથીઓના માર્ગમાં મૂકવામાં આવે છે. આવાં ફળો ખાવાથી હાથીનું મરણ નીપજે છે.

હાથીદાંતની આકર્ષક, સુંદર અને ફૅશનવાળી વસ્તુઓ હાથીઓના ભોગે જ મેળવી શકાય. કોઈ પણ પ્રકારના સૌંદર્ય પ્રસાધન ખરીદતાં કે વાપરતાં પહેલાં વિચારો કે સૌંદર્ય પ્રસાધન તરીકે કુદરતી નિર્દોષ કુંવારપાઠું, લીમડો, હળદર, મુલતાની માટી, સંતરાના છોડા, ચંદન વગેરેનો ઉપયોગ થઈ શકે છે. ઉપરાંત બજારમાં મળતાં સૌંદર્ય પ્રસાધનો ખરીદતા પહેલાં ખાતરી કરો કે (૧) એમાં કોઈ પ્રાણી જ તત્ત્વ છે (૨) તેનો પ્રયોગ પ્રાણીઓ / પક્ષીઓ ઉપર થયો ન હોય. આ બાબતમાં તમે કાં. ને લેખિત પત્ર લખી વિગતો માંગી શકો છો અને એમ લખવું કે જો કાં. તેની સ્પષ્ટતા નહિ કરે તો એવું માની લેવામાં આવશે કે તેમાં પ્રાણી જ વસ્તુ વાપરેલ છે અને તેનો પ્રયોગ પ્રાણીઓ ઉપર થયો છે. આ અંગેની વધુ જાણકારી 'બ્યુટી વિધાઉટ ક્રુઅલ્ટી' સંસ્થામાંથી મેળવી શકાશે.

### દવાનો ઉપયોગ, પાંજરાં, જીવોને મારી નાંખવા

જંતુનાશક દવાનો ઉપયોગ ન કરો. તે આપણને નુકસાન કરે છે. ઓછાવત્તા પ્રમાણમાં શ્વાસમાં જાય છે અને ચામડીને સ્પર્શે છે જેનાથી શરીરમાં પ્રતિક્રિયા પેદા થાય છે. જે ઝેર નિર્દોષ જીવોને ઝડપથી મારે છે તે ઝેર તેનો ઉપયોગ કરનારને પણ ધીમે ધીમે રિબાવીને મારે છે. ★ અનિવાર્ય ન હોય ત્યાં અને ઉપયોગ નિર્દોષપણે થઈ શકે તેમ હોય તો પાંજરાંનો ઉપયોગ ઉચિત નથી. ★ જીવોને મારી નાખવાથી કે તેમને ત્રાસ આપવાથી આપણા જીવનની શાંતિ પણ હણાઈ જાય છે. માટે ક્યારેક થોડું સહન કરવું પડે, તો સહન કરીને પણ જીવદયા / જયણા પાળવાનો આગ્રહ રાખવામાં આત્મહિત છે. સહન કરવામાં જ લાભ છે.

## મોજશોખની વસ્તુઓ

૧. **દાગીના** : ઘણા દાગીના હાથીદાંત, વૉલરસના દાંત, મોતી વગેરેમાંથી મળે છે. મોતી પરોવવા માટે રેશમનો દોરો તથા દાગીનાઓની બનાવટમાં લાખ વપરાય છે.

૨. **જાતજાતના પટ્ટા, પાકીટ, પગરખાં** : ચામડી, સાદું ચામડું, રુંવાટીવાળું ચામડું, ઊન વગેરે વસ્તુઓની બનાવટમાં વપરાય છે.

૩. **જાતજાતની ટોપીઓ** : રુવાંટીવાળી ચામડી, રેશમ, ઊન વગેરેમાં વપરાય છે.

૪. **રમકડાં, ઢીંગલી** : ફર, ચામડું, ચામડી, પીંછાં, રેશમ, છીપ, શંખ, કોડા, કોડી, શીંગડાં, હાડકાં વગેરેનાં બને છે.

૫. **કોતરકામવાળી પ્રદર્શનની વસ્તુઓ** : પરવાળા, હાથીદાંત, છીપ, હાડકાં, કાચબાની ઢાલ, શંખ, કોડા, કોડી વગેરેની બને છે.

૬. **જાતજાતનાં બ્રશ** : હજામતનાં, બૂટપોલિશનાં, દીવાલ રંગવાનાં, ચિત્રકારોનાં, સફાઈ માટેનાં બ્રશ વગેરે કતલ કરેલાં ઢોરના, મારેલા નોળિયાના, સેબલના, ઊંટના અથવા જીવતા ડુક્કરના ખેંચી કાઢેલા વાળમાંથી બને છે.

૭. **જાતજાતની ચામડાની વસ્તુઓ** : સુટકેસ, બ્રીફકેસ, હેન્ડબેગ, દૂરબીન, કૅમેરા રાખવાની ડબીઓ વગેરે.

૮. **વાજિંત્રો** : તબલાં, ઢોલ, નગારાં, હાર્મોનિયમ, પિયાનો વગેરેમાં ચામડું વપરાય છે.

૯. **રુવાંટીવાળી ચામડીની વસ્તુઓ** : ગાલીચા, બફ, કોટ, ટોપી, પગરખાં વગરે બને છે.

૧૦. ઊનની વસ્તુઓ : કપડાં, રંગ, મોજાં, પટ્ટા, મફલર, સ્વેટર વગેરે બને છે. ઊનનું ઉત્પાદન ઘટતાં ઘેટાં કતલખાને જાય છે.

ડબલ્યુ. ટી. ઓ. કરાર અન્વયે ભારતે દૂધની બનાવટો જેવી કે બટર, સ્કીમ્ડ મીલ્ક પાવડર, ચીઝ વ.ની આયાત જકાત ઘટાડી નાંખો, તેને અમુલના પ્રમાણે ડૉ. વર્ગીસ કુરીયને સખ્ત વિરોધ કર્યો છે. અમેરિકા, કેનેડા તથા યુરોપના દેશોમાં જે - તે દેશની સરકારો જકાત સબસીડી આપી, આપણા દેશની સરકાર પર આવી વસ્તુઓ ખરીદવા / આયાત કરવા દબાણ કરે છે. પ્રાણીઓની કતલેઆમ કરી દૂધની અછત સર્જી, પરદેશમાંથી દૂધની બનાવટોની આયાત કરવાની આપણી (?) સરકારની નીતિનો દરેક ખેડૂતોએ વિરોધ કરવો ઘટે.

# આરોગ્યશાસ્ત્ર અને મનોવિજ્ઞાનની દૃષ્ટિએ માંસાહાર

લંડનના ડૉ. હેગના મતે માંસમાં યુરિયા અને યુરીક એસિડ જેવા ભયંકર ઝેર હોય છે. જે મનુષ્યના શરીરમાં અનેક રોગો ઉત્પન્ન કરે છે. આ ઝેર લોહીમાં ભળી જાય તો મગજની બીમારીઓ, હિસ્ટીરિયા, ઊંઘ વધારે આવવી, શ્વાસના રોગો, અર્જીણ, હૃદયની બીમારીઓ થાય. ઉપરાંત ક્ષય અને રોજિંદો તાવ પણ આવે. આ માંસમાં કેલ્શીયમ અને કાર્બોહાઈડ્રેટ્સ ન હોવાથી તે પેટમાં સડે છે અને ગેસની ભયંકર બીમારીઓ થાય છે. યુ.એસ.એ.ની કોલગેટ યુનિવર્સિટીના વૈજ્ઞાનિક શ્રી લ્યાર્ડના મતે માંસ ખાનારાનો સ્વભાવ ચીડિયો, ક્રોધી નિરાશાવાદી અને અસહિષ્ણુ થઈ જાય છે.

બે અમેરિકન ડૉક્ટરો શ્રી એ. વાચમન અને ડી.એસ. વર્નસ્ટીનના મતે માંસાહારથી હાડકાં ક્રમશઃ નબળાં થતાં જાય છે અને ગળે છે. અન્નાહારીઓનાં હાડકા મજબૂત હોય છે.

આ કારણોસર વિદેશોમાં અન્નાહારી મંડળો સ્થપાયાં છે. ડૉ. બ્રુક એ નોર્વેના લોકોનો અભ્યાસ કરી એવું તારણ કાઢ્યું કે ત્યાંના લોકો પ્રસન્ન ચિત્તવાળા, દીર્ઘાયુ અને સ્વચ્છ હોય છે, કારણ કે તેમને માંસ અને ઇંડાંની સખ્ત ઘૃણા હોય છે.

જે વ્યક્તિને માંસ ખાવાની ઇચ્છા હોય કે માંસ ખાતી હોય તેણે એક વાર કતલખાનાની નિર્દયી પ્રક્રિયા જોઈ આવવી જોઈએ. તે લોહી, માંસ, પશુઓના આંસુ અને ચિત્કાર જોઈ માંસ ખાવાનું છોડી દેશે. ઈંડાં ખાનાર પોલ્ટ્રીફાર્મ જોઈ આવે તો તે ઈંડાં ખાવાનું બંધ કરી દેશે.

મનુષ્યને હિંસક પ્રાણીઓ જેનાં નખ, દાંત, ઝડપ, શરીરનો ઢાંચો વગેરે કેમ નથી હોતા ? તે અન્નાહારી બનવા જ જન્મ્યો છે. માટે આ સાથે અન્નાહારી વસ્તુઓ અને ઈંડાં, માંસમાં રહેલી પૌષ્ટિક તત્ત્વોનો ભારત સરકારે પ્રકાશિત કરેલ ચાર્ટ આપેલ છે તે જોતાં સ્પષ્ટ થાય છે કે અન્નાહારી ખોરાક ખાવાથી વધુ પ્રમાણમાં જરૂરી પૌષ્ટિક તત્ત્વો મળે છે અને આરોગ્ય વધુ સારું રહે છે. માંસ ખાવાવાળાને તે પચાવવામાં અઘરું છે. તેમાં રહેલ યુરીક એસિડ અન્ય ત્યાજ્ય પદાર્થો વગેરે આપણા શરીરમાંથી કાઢવા, શરીરને ખાસ કરીને મૂત્રપિંડને ઘણું જોર પડે છે. આ કારણે તેમને પથરી થવાથી શક્યતાઓ વધુ હોય છે.

તાજેતરમાં ગુજરાત સમાચારનાં લેખમાં ડૉ. મુકુંદ મહેતાએ ચેતવણી આવી છે કે માંસનાં પ્રોટીનનું પાચન થવામાં ઘણી વાર લાગે છે અને તેને માટે ખૂબ એન્જાઈમ જોઈએ છે. દરેકનાં શરીરમાં તે ન હોય તેથી માંસ પાચન થઈ શકતું નથી, તેનાથી ઝેરી પદાર્થ ઉત્પન્ન થાય છે અને કેન્સર થવાની શક્યતા ઉપજે છે.

તાજેતરમાં કેમ્બ્રિજ ડન ન્યુટ્રીશન યુનીટની મેડીકલ રીસર્ચ કાઉન્સીલે કરેલ અભ્યાસમાં એવું સ્થાપિત થયેલ કે વધુ પડતું માંસ ખાનારને આંતરડાનું કેન્સર થાય છે.

# શાકાહારી આહાર

| વસ્તુનું નામ | પ્રોટીન | ચરબી | ખનિજો | કાર્બોહાઈડ્રેટ્સ | કેલશિયમ | ફોસ્ફરસ | લોહ | કેલરી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. ઘઉંનો લોટ | 12.1 | 1.7 | 1.8 | 72.2 | 0.04 | 0.32 | 7.8 | 353 |
| ૨. બાજરી | 11.6 | 5.0 | 2.7 | 67.1 | 0.05 | 0.35 | 8.8 | 360 |
| ૩. જુવાર | 10.4 | 1.9 | 1.8 | 74.0 | 0.03 | 0.28 | 6.2 | 355 |
| ૪. જવ | 11.5 | 1.3 | 1.5 | 69.3 | 0.03 | 0.23 | 8.7 | 355 |
| ૫. મકાઈ | 11.1 | 3.6 | 1.5 | 66.2 | 0.01 | 0.33 | 2.1 | 342 |
| ૬. ચોખા | 8.5 | 0.6 | 0.9 | 77.4 | 0.01 | 0.28 | 2.8 | 349 |
| ૭. પૌંઆ | 7.5 | 0.1 | 3.4 | 74.3 | 0.02 | 0.16 | 6.2 | 328 |
| ૮. મગ | 24.0 | 1.3 | 3.6 | 56.6 | 0.14 | 0.28 | 8.4 | 334 |
| ૯. અડદ | 24.0 | 1.4 | 3.4 | 60.3 | 0.20 | 0.37 | 9.8 | 350 |
| ૧૦. મસુરની દાળ | 22.3 | 1.7 | 3.6 | 57.2 | 0.14 | 0.26 | 8.8 | 353 |
| ૧૧. મસૂર | 25.1 | 0.7 | 2.1 | 59.7 | 0.13 | 0.25 | 2.0 | 346 |
| ૧૨. વટાણા | 22.9 | 1.4 | 2.3 | 63.5 | 0.03 | 0.36 | 5.0 | 358 |
| ૧૩. ચણા | 22.5 | 5.2 | 2.2 | 58.9 | 0.07 | 0.31 | 8.9 | 372 |
| ૧૪. લોભિયા | 24.6 | 0.7 | 3.2 | 55.7 | 0.07 | 0.49 | 3.8 | 327 |
| ૧૫. સોયાબીન | 43.2 | 19.5 | 4.6 | 22.9 | 0.24 | 0.69 | 11.5 | 432 |
| ૧૬. ફૂદીનો | 4.8 | 0.6 | 1.6 | 0.8 | 0.20 | 0.08 | 15.6 | 57 |
| ૧૭. સરસવ પાન | 5.1 | 0.4 | 2.5 | 7.1 | 0.37 | 0.11 | 12.5 | 52 |
| ૧૮. પાલક | 1.9 | 0.9 | 1.5 | 4.0 | 0.06 | 0.01 | 5.0 | 32 |
| ૧૯. કારેલાં | 2.9 | 0.1 | 1.4 | 9.8 | 0.05 | 0.14 | 9.4 | 60 |
| ૨૦. ગવાર | 3.7 | 0.2 | 1.4 | 9.9 | 0.13 | 0.05 | 5.8 | 56 |
| ૨૧. ભીંડા | 2.2 | 0.2 | 0.7 | 7.7 | 0.09 | 0.08 | 1.5 | 41 |
| ૨૨. કેરી | 0.05 | 0.1 | 0.4 | 8.8 | 0.01 | 0.02 | 4.5 | 39 |
| ૨૩. સિંગોડાં | 4.7 | 0.3 | 1.1 | 23.9 | 0.02 | 0.15 | 0.8 | 117 |
| ૨૪. ટામેટા | 1.9 | 0.1 | 0.7 | 4.5 | 0.02 | 0.04 | 2.4 | 27 |
| ૨૫. બદામ | 20.8 | 58.9 | 2.9 | 10.5 | 0.23 | 0.49 | 3.5 | 655 |
| ૨૬. કાજુ | 21.2 | 46.9 | 2.4 | 22.3 | 0.05 | 0.45 | 5.4 | 596 |
| ૨૭. નાળિયેર | 4.5 | 41.6 | 1.0 | 13.0 | 0.01 | 0.24 | 1.7 | 444 |
| ૨૮. તલ | 18.3 | 43.3 | 5.2 | 25.2 | 1.44 | 0.57 | 10.5 | 564 |
| ૨૯. સિંગ | 31.5 | 39.8 | 2.3 | 19.3 | 0.05 | 0.39 | 1.6 | 549 |
| ૩૦. રાઈ | 22.0 | 39.7 | 4.2 | 23.8 | 0.49 | 0.70 | 17.9 | 541 |
| ૩૧. પિસ્તા | 19.8 | 53.5 | 2.8 | 16.2 | 0.14 | 0.43 | 13.7 | 626 |
| ૩૨. અખરોટ | 15.6 | 64.5 | 1.8 | 11.0 | 0.10 | 0.38 | 4.8 | 687 |
| ૩૩. કોથમીર | 14.1 | 16.1 | 4.4 | 21.6 | 0.63 | 0.37 | 17.9 | 288 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩૪. જીરું | 18.7 | 15.0 | 5.8 | 36.6 | 1.08 | 0.49 | 31.3 | 356 |
| ૩૫. મેથી | 26.2 | 5.8 | 3.0 | 44.1 | 0.16 | 0.37 | 14.1 | 333 |
| ૩૬. પીપર | 6.4 | 2.3 | 4.8 | 65.8 | 1.23 | 0.19 | 32.1 | 310 |
| ૩૭. જાવંત્રી | 6.5 | 24.4 | 1.6 | 47.8 | 0.18 | 0.10 | 12.6 | 437 |
| ૩૮. જાયફળ | 7.5 | 36.4 | 1.7 | 28.5 | 0.12 | 0.24 | 4.6 | 472 |
| ૩૯. અજમો | 15.4 | 18.4 | 7.1 | 38.6 | 1.42 | 0.30 | 14.6 | 379 |
| ૪૦. કાળામરી | 11.5 | 6.8 | 4.4 | 49.5 | 0.46 | 0.20 | 16.8 | 305 |
| ૪૧. હળદર | 6.3 | 5.1 | 3.5 | 69.4 | 0.15 | 0.28 | 18.6 | 349 |
| ૪૨. ખજૂર | 3.0 | 0.2 | 1.3 | 67.3 | 0.07 | 0.08 | 10.6 | 283 |
| ૪૩. ચીઝ | 24.1 | 25.1 | 4.2 | 6.3 | 0.79 | 0.52 | 2.1 | 348 |
| ૪૪. દૂધનો માવો | 14.6 | 31.2 | 3.1 | 20.5 | 0.65 | 0.42 | 5.8 | 421 |
| ૪૫. ઘી | - | 98.0 | - | - | - | - | - | 900 |
| ૪૬. દૂધ પાવડર | 38.0 | 0.1 | 6.8 | 15.0 | 1.37 | 1.00 | 1.4 | 357 |

## માંસાહારી ખોરાક

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. ઇંડા | 13.3 | 13.3 | 1.0 | 0.00 | 0.06 | 0.22 | 2.1 | 173 |
| ૨. માછલી | 22.6 | 0.6 | 0.8 | 0.00 | 0.02 | 0.19 | 0.9 | 91 |
| ૩. બકરીનું માંસ | 18.5 | 13.3 | 1.3 | 0.00 | 0.15 | 0.15 | 2.5 | 194 |
| ૪. સુવરનું માંસ | 18.7 | 4.4 | 1.0 | 0.00 | 0.03 | 0.20 | 2.3 | 114 |

- બારી-બારણાં ઉઘાડ-બંધ કરતાં પહેલાં સહેજ ખખડાવો, જેથી ખાંચામાં ક્યાંય ગરોળી ભરાયેલી હોય તો અવાજ સાંભળીને ખસી જાય. બારી-બારણાં ઉઘાડ બંધ કરતાં પૂર્વે દૃષ્ટિથી બરાબર જોઈ લો.
- છત પરના જાળાં સાફ કરવા માટે લાકડી સાથે બાંધેલી મુલાયમ સાવરણીનો કે દંડાસનનો ઉપયોગ કરવો.
- વાંદા વગેરે જીવાત માટે 'દવાઓ' બજારમાં મળે છે, તેનાથી વાંદા વગેરે જંતુઓ મરી જાય છે આવા જંતુનાશક દ્રવ્યનો ઉપયોગ બિલકુલ ન કરવો.
- ટ્યુબલાઇટ ઉપર ખાસ કરીને ચોમાસામાં પતંગિયાં જેવાં નાનાં ફૂદાં પુષ્કળ પ્રમાણમાં ઉત્પન્ન થઈ જાય છે. સવારે કચરામાં તે ફૂદાના ક્લેવરો ભેગા થાય છે. ટ્યુબલાઇટની લાકડી સાથે લીમડાનાં પાંદડાંની નાની ડાળખી બાંધી દેવાથી આવાં ફૂદાં થતાં નથી.

★ દિલ્હી નજીક સો કરોડ રૂપિયાનાં ખર્ચે રોજના દસ હજાર જીવોની કતલ કરી શકે તેવું અલ્ટ્રા મોર્ડન કતલખાનું ગાઝિયાબાદમાં શરૂ થઈ ગયેલ છે.

# જૈન ધર્મની દૃષ્ટિએ જીવ વિચાર

જૈન ધર્મમાં આખા વિશ્વની સમગ્ર જીવનસૃષ્ટિનો વિસ્તૃત ચિતાર આપેલ છે, જેનું વર્ણન શ્રાવક અમૃતલાલ પુરુષોત્તમ સંપાદિત 'શ્રી જીવવિચાર પ્રકરણ સાર્થ'માંથી સાભાર લીધેલ છે. જોકે, તેમાં નારકી, મનુષ્યો, દેવો, સિદ્ધજીવોની વિગતો વર્ણવી નથી. જેમાં ચેતના હોય તેનું નામ છે જીવ. 'જીવ' અનાદી અનંત છે. તેઓ કદી ઉત્પન્ન થયા નથી અને કદી તેમનો નાશ થવાનો નથી.

અનાદિ કાળથી દરેક ભવ્ય અને અભવ્ય જીવ સૂક્ષ્મ નિગોદમાં હોય છે. ત્યાંથી બાદર નિગોદમાં થઈને જેમ જેમ અકામ (ઇચ્છા વિના) નિર્જરા (કર્મની ઓછાશ) થાય, તેમ તેમ જીવો અનુક્રમે સૂક્ષ્મ, પાણી, અગ્નિ, વાયુ, પ્રત્યેક વનસ્પતિ, બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચઉરિંદ્રિયપણાને પામે છે. તે પછી પંચેંદ્રિયપણું પ્રાપ્ત કરી તિર્યંચ, નારકી, મનુષ્ય અને દેવમાં વારંવાર ઉત્પન્ન થઈને છેવટે ભવ્ય (મુક્તિ ગમન યોગ્ય) જીવ મનુષ્યપણું પામી સમ્યક્ત્વ સહિત ચારિત્ર અંગીકાર કરી, કર્મ ખપાવી સિદ્ધ થાય છે.

હવે તેનું વિશેષ વિવેચન જીવ વિચારના અનુસારે જણાવીએ છીએ.

### ★ અવ્યવહાર રાશિના જીવોનું સ્વરૂપ

**જીવોની પ્રાથમિક અવસ્થા** : અનાદિ કાળથી દરેક જીવ સૂક્ષ્મ નિગોદ (સાધારણ વનસ્પતિકાય કે અનંતકાય)માં હોય છે. તેમાં અગ્નિથી ધમેલો લોઢાનો ગોળો જેમ આખો રાતો થઈ જાય, તેની માફક એક શરીરમાં અનંત જીવો રહે છે, માટે અનંતકાય કહેવાય છે, અને દરેક જીવ સાથે આહાર કરે છે અને સાથે શ્વાસોચ્છ્વાસ લે છે, તેથી તેનું બીજું નામ સાધારણ વનસ્પતિકાય પડેલું છે. ત્યાં તે જીવોને શ્વાસોશ્વાસ લેવાની પરતંત્રતા હોવાથી, નારકી જીવો કરતાં પણ તેઓ અવ્યક્ત એવું અત્યંત દુઃખ ભોગવે છે. સૂક્ષ્મ નિગોદમાં રહેલો જીવ પૃથ્વી વગેરેમાં જીવપણે ઉત્પન્ન થયેલો નહિ હોવાથી અવ્યવહાર રાશિનો જીવ ગણાય છે.

## વ્યવહાર રાશિના જીવોનું સ્વરૂપ

**બાદર નિગોદનું સ્વરૂપ :** સૂક્ષ્મ નિગોદમાં અત્યંત દુઃખ ભોગવીને પછી કોઈક જીવનાં કર્મ ઓછાં થાય, ત્યારે જેનાં અસંખ્યાતાં શરીર ભેગાં થાય ત્યારે આંખથી જોઈ શકાય તેવી બાદર નિગોદમાં ઉત્પન્ન થાય છે.

**બાદર સાધારણ વનસ્પતિકાયનું લક્ષણ :** જેના સાંધા, નસો અને ગાંઠા છાનાં હોય, જેને ભાંગવાથી ચોકની માફક ભૂકો થઈ જતો હોય અથવા સરખા બે ભાગ થતા હોય, જેમકે ગાજર વગેરે. વળી જેને તાંતણા ન હોય, તથા છેદીને વાવવાથી ફરીથી ઊગે તે, જેમકે, થોર વગેરે. સર્વ કૂણાં ફળ કે જેમાં બીજ ન થયાં હોય તે, અંકુરા (ફણગા) અને ઊગતાં નવાં પાંદડાં (ટીશીઓ) એ સાધારણ વનસ્પતિકાય કહેવાય છે. તેવી વનસ્પતિ

ઘણું કરીને ભૂમિમાં ઉત્પન્ન થાય છે. જેમકે, આદુ વગેરે. જોકે મગફળી જમીનની અંદર થાય છે તોપણ તેમાંથી તેલ નીકળતું હોવાથી અનંતકાય સ્વરૂપ હોતી નથી.

આ સાધારણ વનસ્પતિકાયમાં અનંત જીવો હોવાથી વિવેકી જનો તેને વાપરતા નથી, પણ રસનેંદ્રિયની લોલુપતાથી અજ્ઞાન જીવો પોતે ખાય છે અને બીજાને ખવડાવે છે, તેથી તેવા અજ્ઞાન જીવોને પાપમાંથી બચાવવાને માટે જીવોના ભેદો અને તેની ઓળખાણ આપવી જરૂરી છે.

**સૂક્ષ્મ જીવોનું સ્વરૂપ :** બાદર સાધારણ વનસ્પતિકાયમાં પણ ઈચ્છા વિના કષ્ટ સહન કરતાં કર્મ ઓછાં થાય ત્યારે સૂક્ષ્મ પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુમાં ઉત્પન્ન થાય છે. તે સૂક્ષ્મ જીવો ૧૪ રાજલોકમાં (નીચે ૭ મી નારકીથી માંડીને ઉપર સિદ્ધશિલા સુધી) ઠાંસી ઠાંસીને ભરેલા છે. તે જીવો કોઈના માર્યા મરતા નથી, તેને અગ્નિ બાળી શકતો નથી,વાયુ ઉડાડી શકતો નથી, પાણી નાશ કરી શકતું નથી, તેમજ તે જીવો મનુષ્યાદિ કોઈ પણ પ્રાણીના ઉપયોગમાં આવતા નથી. તેઓને આપણે આપણી દૃષ્ટિથી જોઈ શકતા નથી, પણ તેઓને કેવળજ્ઞાની પરમાત્મા પોતાના જ્ઞાન-દર્શનથી જાણે છે અને જુએ છે.

**વસ્તુને જાણવાની બે રીતિ :** એક પોતે જુએ તે અને બીજી બીજાની મારફત સાંભળવામાં આવે તે જેમકે, પોતાની આંખથી કોઈ વસ્તુ જોઈને પોતે કહે કે "આ અમુક વસ્તુ છે" અને બીજા દેશોના સમાચારો આપણે બીજાની મારફતે જાણીએ છીએ. તેવી જ રીતે અરિહંત ભગવાને અર્થથી કહેલું ગણધર મહારાજે સૂત્રથી રચેલું, અને ગુરુઓની પરંપરાએ આવેલું તેજ શાસ્ત્ર સાંભળીને "સૂક્ષ્મ જીવો છે એવી શ્રદ્ધા રાખવી" જેની બુદ્ધિ તેવા પ્રકારના સૂક્ષ્મ તત્ત્વો જાણવાને અસમર્થ હોય, તેમણે નિઃસ્વાર્થ બુદ્ધિથી પ્રરૂપણા કરનાર જ્ઞાની પરમાત્માનના વચનમાં વિશ્વાસ રાખવો અને તેમાં જરા પણ શંકા કરવી નહિ.

**બાદર એકેંદ્રિયનું સ્વરૂપ :** તે સૂક્ષ્મ એકેંદ્રિય જીવો પણ ક્રમે ક્રમે જ્ઞાનાદિ ગુણોનો વિકાસ થવાથી પૃથ્વી આદિ પાંચે બાદર એકેંદ્રિય ગુણોનો વિકાસ થવાથી પૃથ્વી આદિ પાંચે બાદર એકેંદ્રિયમાં ઉત્પન્ન થાય છે. તેમનાં શરીર પણ એવાં નાનાં હોય છે કે તેઓ એક, બે, ત્રણ કે સંખ્યાતાં શરીરો ભેગાં થવા છતાં દૃષ્ટિ ગોચર થઈ શકતા નથી, માત્ર અસંખ્યાત શરીરો ભેગાં થાય ત્યારે જ જોઈ શકાય છે. તેઓને માત્ર એક સ્પર્શનેંદ્રિય હોવાથી એકેંદ્રિય કહેવાય છે. તેમજ તેઓ સ્થિર રહેતા હોવાથી તેનું બીજું નામ સ્થાવર છે.

૧. પૃથ્વીકાય જીવો : માટી, પત્થર વગેરે.

૨. અપ્‌કાય જીવો : કુવા તથા વરસાદ વગેરેનાં પાણી.

૩. તેઉકાય જીવો : અંગારા કે લાકડાં વગેરેનો અગ્નિ.

૪. વાઉકાય જીવો : શુદ્ધવાયુ, વંટોળિયો વગેરે.

૫. વનસ્પતિકાયના બે ભેદ : પ્રત્યેક વનસ્પતિકાય અને સાધારણ વનસ્પતિકાય. એક શરીરમાં એક જીવ હોય તે પ્રત્યેક વનસ્પતિકાય. તેના ૭ પ્રકાર છે. ફળ, ફુલ, છાલ, લાકડું, મૂળ, પાદડાં ને બીજ. આ સાતેયમાં જુદા જુદા પ્રત્યેક વનસ્પતિકાય જીવો હોય છે.

**એકેંદ્રિય જીવોનું લક્ષણ :** જો શરીરમાં જીવ હોય તો જ શરીર વધે, ઊનું રહે અને ગમન કરે. જેમકે, પૃથ્વીકાય જીવો (માટી વગેરે) ખાણમાં વધે છે, શિયાળામાં કુવાનાં પાણી ઊનાં હોય છે, અગ્નિ ઉષ્ણ છે, વાયુનો ગતિ સ્વભાવ તો પ્રસિદ્ધ છે અને આહારાદિ ઇષ્ટ સંજોગ મળવાથી વનસ્પતિને વધતી આપણે જોઈ શકીએ છીએ, માટે તેમાં જીવ છે એમ કબૂલ કરવું જોઈએ. વૃદ્ધ ડોશીને યુવાન પુરુષે જોરથી મારેલી મુઠીના પ્રહાર જેટલી વેદના, એકેંદ્રિય જીવોને મનુષ્યાદિકનમા સ્પર્શમાત્રથી થાય છે.

★ **ત્રસ અવસ્થા**

**ત્રસ જીવોનું વર્ણન :** બાદર એકેંદ્રિયમાંથી પણ અનુક્રમે જ્ઞાનાદિ ગુણોનો વિકાસ થવાથી તે જીવો ત્રસ અવસ્થા પ્રાપ્ત કરે છે. ત્રસ એટલે ભય દેખી ત્રાસ પામે, તડકાથી છાંયડે જાય, છાંયડાથી તડકે જાય અને પોતાની ઇચ્છાથી ગમન કરે. તેના ૪ ભેદ છે. ૧. **બેઈંદ્રિય, ૨. તેઈંદ્રિય, ૩. ચઉરિંદ્રિય, ૪. પંચેંદ્રિય.**

**૧. બેઈંદ્રિય જીવો :** શંખ, પોરા, અળસીઆં વગેરે.

**૨. તેઈંદ્રિય જીવો :** કાનખજૂરા, માંકડ, કીડી વગેરે.

**૩. ચઉરિંદ્રિય જીવો :** વીંછી, ભમરા, માખી વગેરે.

**૪. પેંચેંદ્રિયના ૪ ભેદ : ૧. તિર્યંચ, ૨. નારકી, ૩. મનુષ્ય, ૪. દેવ.**

ઇંદ્રિયોના વિભાગ સમજવા માટે મનુષ્યના માથાનું દ્રષ્ટાંત પૂરતું છે. જેમકે, દાઢીને હાથ ફેરવવાથી કેવળ ચામડીજ જણાય છે. તે પ્રમાણે એકેંદ્રિય જીવોને ફક્ત ચામડીસ્પર્શના ઇંદ્રિય જ હોય છે. અનુક્રમે ઉપર ચડતાં પછી મોઢામાં જીભ આવે છે. એટલે કે બેઇંદ્રિય જીવોને સ્પર્શના અને જીવ્હા એ બે ઇંદ્રિયો હોય છે. તે થકી આગળ જતાં અનુક્રમે નાક, આંખ અને કાન આવે છે, એટલે કે તેઇંદ્રિય જીવોને સ્પર્શના, જીવ્હા અને ઘ્રાણ એ ત્રણ ઇંદ્રિયો હોય છે. ચઉરિંદ્રિય જીવોને સ્પર્શના જીવ્હા, ઘ્રાણ અને ચક્ષુ એ ચાર ઇંદ્રિયો હોય છે. અને પંચેંદ્રિય જીવોને સ્પર્શના રસના, ઘ્રાણ, ચક્ષુ ને શ્રોત્ર એ પાંચ ઇંદ્રિયો હોય છે.

**તિર્યંચ પંચેંદ્રિયના ભેદો :** તિર્યંચ પંચેંદ્રિયના ૩ ભેદ છે. ૧. પહેલાં જલચર (પાણીમાં ઉત્પન્ન થનારા) માછલાં વગેરે. ૨. ખેચર (આકાશમાં ઊડનાર) ચકલી, ચામાચીડિયા વગેરે. ૩. ત્રીજા સ્થળચર (જમીન ઉપર ચાલનારા). તેના ત્રણ બેદ છે. ૧. ચતુષ્પદ (ચાર પગવાળાં) ગાય, ભેંસ વગેરે. ૨. ભુજપરિસર્પ (ભુજાથી ચાલનાર) નોળિયા, ખિસકોલી વગેરે અને ૩. ઉરઃપરિસર્પ (પેટે ચાલનાર) અજગર, સર્પ વગેરે. આ તિર્યંચ પંચેંદ્રિયમાં કેટલાક માતા-પિતાના સંયોગથી ઉત્પન્ન થાય તે ગર્ભજ અને કેટલાક માતાપિતાના સંયોગ વિના પોતાની મેળે કાદવમાં ઉત્પન્ન થાય તે સમૂર્ચ્છિમ દેડકાં વગેરે.

એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચઉરિંદ્રિય જીવો સંમૂર્ચ્છિમ જ છે.

# જીવદયા અંગેની વાર્તાઓ

## મેઘકુમાર

મહારાજ શ્રેણિકના નગરમાં અભયકુમાર શ્રાવકનો પુત્ર મેઘકુમાર પ્રભુશ્રી મહાવીરની દેશના સાંભળી ધન્ય બને છે અને તે પ્રભુ પાસે દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષાની પહેલી રાતે જ અન્ય સાધુના પગની રજ પોતાના સંથારા પર પડતાં તે વ્યથિત થાય છે અને પ્રભુ પાસે જઈને કહે છે કે હું દીક્ષા ન પાળી શકું. ત્યારે પ્રભુ તેને તેના પાછલા ભવની વાત કરે છે. મેઘકુમાર ગયા ભવમાં વિંધ્યાચળમાં હાથી હતો. એક વખત વનમાં દાવાનળ લાગતાં ઘાસ વગરના મેદાનમાં જંગલનાં બધાં પ્રાણઓ આવીને ખીચોખીચ રહી ગયાં. ત્યાં આ હાથી પણ ઊભો રહ્યો. તેના પગે ખૂજલી ઊપડતાં એક પગ ખણવા માટે ઉપાડ્યો. ત્યારે એક સસલું દાવાનળથી બચવા બીજી કોઈ સુરક્ષિત જગ્યા ન મળવાથી હાથીના પગ નીચે આવી બેસું ગયું. હાથીએ નીચે જોયું તો સસલું પગની નીચે હતું. જો તે પગ મૂકી દે તો સસલું મરી જાય અને તેને એક જીવની હત્યાનું પાપ લાગે તેવા વિચારે તે એક પગ અધ્ધર રાખી ઊભો જ રહ્યો. અઢી દિવસે દાવાનળ શાંત પડતાં સસલું ત્યાંથી ખસી ગયું. હાથી ભૂખ અને તરસને કારણે પીડાતો હતો તેથી પાણી પીવા માટે દોડવા ગયો, પરંતુ ઘણો વખત પગ અધ્ધર રાખ્યો હોવાથી તેનો પગ અક્કડ થઈ ગયો અને તે દોડી ન શક્યો. તે જમીન પર પડી ગયો. ત્યાર બાદ ત્રીજા દિવસે તે મૃત્યુ પામ્યો.

આ સસલા પર દયા કરવાના પુણ્યે તે હાથી મૃત્યુ પામી બીજા ભવમાં રાજપુત્ર બન્યો. એને મુનષ્ય ભવ મળ્યો.

પ્રભુએ મેઘકુમારને સમજાવ્યું કે એક જીવને અભયદાન આપવાથી તને હાથીમાંથી મનુષ્યનો ભવ મળ્યો. તો મનુષ્ય ભવમાં અન્ય જીવોને અભયદાન આપવાથી કેટલા પુણ્યના ભાગીદાર બની શકાય. પ્રભુનો ઉપદેશ સાંભળી મેઘકુમાર ધન્ય બન્યો.

## મેઘરથ રાજા

આપણી ચોવિસીના સોળમાં તીર્થંકર શ્રી શાંતિનાથ ભગવાનનો એક ભવ મેઘરથ રાજા તરીકેનો હતો. તેમનો જન્મ પુંડરિકીણી નગરીમાં ધનરથ રાજાને ત્યાં થયો હતો તેઓ રાજા બન્યા. તેઓ જૈન ધર્મ પાળતા હતા. એક દિવસ તેઓ પૌષધમાં હતા તે સમયે તેમના ખોળામાં એક કબૂતર ઘાયલ સ્થિતિમાં આવીને પડ્યું. તેણે મનુષ્યની ભાષામાં રાજાને વિનંતી કરી કે હે રાજન્ મને બચાવો. એક બાજ પક્ષી મારું ભક્ષણ કરવા મારી પાછળ પડ્યું છે તે મને મારી નાખશે. ત્યાં તો પાછળથી અવાજ આવ્યો બાજપક્ષીએ કહ્યું, હે રાજન્ આ મારું ભક્ષ્ય છે માટે મને સોંપી દે. રાજાએ ના પાડી અને કહ્યું કે આ પક્ષી

મારા શરણે આવ્યું છે. તેથી હું તેને બચાવીશ. એ મારો ક્ષત્રિય ધર્મ છે. હું તને તેને મારવા નહિ દઉં. તારા શરીર પરથી એક પીંછું ઉખાડીએ તો તને કેટલી પીડા થાય ? આ સાંભળીને બાજપક્ષીએ જવાબ આપ્યો કે આ પક્ષી મારો ખોરાક છે, તેથી હું તેને મારીને ખાઈશ. જો તે મને નહિ મળે તો હું ભૂખથી મરી જઈશ. માંસ એ જ મારો ખોરાક છે. મને તમે તમારા શરીરનું તાજું માંસ આપો તો હું કબૂતરને છોડી દઉં. આ સાંભળી દયાળુ રાજા પોતાના શરીરમાંથી માંસ આપી કબૂતરને બચાવવા તૈયાર થયા. તેમણે એક ત્રાજવું મંગાવ્યું અને તેમાં એક પલ્લામાં કબૂતરને મૂક્યું. બીજા પલ્લામાં પોતાના શરીરમાંથી માંસ કાઢી મૂકતા ગયા, પરંતુ આ શું ? અહીં ચમત્કાર થયો. જેટલું માંસ મૂકતા જાય તેટલું કબૂતરના વજન કરતાં ઓછું જ થાય. આખરે રાજાએ પોતે ત્રાજવામાં બેસીને વજન કર્યું ત્યારે તે બરાબર થયું. આ જોઈ રાજ્યસભામાં બેઠેલા મંત્રીઓ વગેરે રાજાને વિનંતી કરવા લાગ્યા કે હે રાજન્ તમે આ કબૂતરને બચાવવા માટે તમારા શરીરનો ત્યાગ કરો છો ? આ પક્ષી કોઈ માયાવી લાગે છે. તમે આમ ન કરો પરંતુ રાજા પોતાનું શરીર બાજને સમર્પણ કરવા તૈયાર થયા. ત્યાંજ ચમત્કાર થયો. બાજ પક્ષીએ પોતાનું રૂપ બતાવ્યું. તે દેવ હતો અને રાજાની જીવો પ્રત્યેની દયાની પરીક્ષા કરવા આવ્યો હતા.

આમ જીવદયા ના પરમ હિતૈષી એવા રાજા મેઘરથ અમુક ભવો બાદ શ્રી શાંતિનાથ ભગવાન બન્યા.

❋

★ સમગ્ર ભારતમાં એક ગામ એવું છે કે જે સંપૂર્ણ શાકાહારી છે. ચેન્નાઈથી ૧૩ કીલોમીટર દૂર ચેન્નઈ-કલકત્તા રાષ્ટ્રીય ઘોરી માર્ગ ઉપર ચંદા પ્રભુ વેજીટેરીયન વીલેજ છે. ૫૦ કુટુંબ ત્યાં રહે છે. જેઓ ચેન્નઈનાં જાણીતાં વેપારીઓ છે. કોઈપણ પ્રકારની જંતુ નાશક દવા વાપરતા નથી અને સંપૂર્ણ શાકાહારી છે.

★ ઈજરાયલમાં અમીરીમ નામનું આવુ જ અનોખુ ગામ આવેલ છે. જ્યાંનાં ખ્રિસ્તી અને મુસલમાનો શાકાહારી બની ગયા છે.

★ કૂતરા, બિલાડા, પોપટ, ગાય, ભેંસ, બકરી, ઘોડો, વગેરેને હૃદય રોગ, ટી.બી., કેન્સર, ડાયાબીટીસ, વિગેરે થાય છે. કૂતરાને કે કબુતરને પણ માથુ દુખે છે અને પેટ દુખે છે તેથી દરેક પ્રાણીનું નિયમિત મેડીકલ ચેકઅપ કરાવવું જરૂરી છે. પાળેલા પશુઓના માલિકો હંમેશા નિયમિત ચેકઅપ કરાવે છે.

★ તાજેતરમાં યુનિર્વસીટી ગ્રાન્ટ કમીશનની સૂચના મુજબ ગુજરાત યુનિવર્સીટીની જીઓલોજી વિભાગમાં સાચા પ્રાણી અને જંતુઓનું ડીસેકશન કરવા બાબતે પ્રતિબંધ મુક્યો છે. આમ તમામ કૉલેજોમાં દેડકા, ક્રીડા, વાંદા, ઉંદર, કબુતર વેગેરની હિંસા બંધ થશે અને કોમ્પ્યૂટર ઉપર જ પ્રયોગો થશે.

## જગતના ધર્મો અને હિંસા-અહિંસા

ધર્મોએ સર્વ પ્રાણીની હત્યાનો નિષેધ કર્યો છે. સ્વાદ અને ઇંદ્રિય સુખને જ જીવનનું પરમ ધ્યેય સમજનારા કેટલાક લોકો સ્વાર્થવશ એમ કહે છે કે અમારા ધર્મમાં માંસાહારનો નિષેધ નથી, પરંતુ આ અસત્ય વાત છે.

**ઈસ્લામ ધર્મ :** લંડન મસ્જિદના તમામ અલ હાફિઝ બશીર અહમદ મસેરી પોતાના પુસ્તક **'ઈસ્લામિક કંસર્ન અબાઉટ એનિમલ્સ'**માં ધર્મના નામે પશુઓ પર કરવામાં આવતા અત્યાચારો પર દુઃખ વ્યક્ત કરે છે અને પવિત્ર કુરાન અને હજરત મહંમદ સાહેબના કથનનું સમર્થન આપતાં કહે છે કે કોઈ પણ જીવજંતુને કષ્ટ આપવું કે માનસિક શારીરિક પીડા આપવી કે પશુઓને પાંજરામાં કેદ કરવા તે ગુનો છે. તેઓ કહે છે કે ઈસ્લામમાં તો વૃક્ષને પણ કાપવાની ઈજાજત નથી.

ઈમામ સાહેબે પોતાના પુસ્તકના ૧૮મા પાના પર હજરત મહંમદ સાહેબનું નીચે મુજબ કથન ટાંક્યું છે.

**"જે માણસ નિર્દોષ પંખીઓને મારે છે તેને ખુદા પાસે એનો જવાબ આપવો પડે છે અને જો કોઈ માણસ પંખી પર દયા કરીને તેની જાન બચાવે છે તો અલ્લાહ તેના પર કયામતના દિવસે દયા કરે છે.** ઈમામ સાહેબ પોતે અન્નાહારી છે અને બધાને અન્નાહારની સલાહ આપે છે. ઈસ્લામ ધર્મના બધા સૂફી સંતો નેક જીવન, દયા, ગરીબી, સાદું ભોજન તથા માંસ ન ખાવા પર ભાર મૂકે છે. તેઓ પોતે માંસ ખાતા ન હતા.

**શેખ ઈસ્માઈલ, ખ્વાજા મોઈનુદીન ચિશ્તી, હજરત નિજામુદીન ઓલિયા, બઅલી કલન્દર, શાહ ઈનાયત મીરદાદ શાહ, અબ્દુલ કરીમ આદિ સૂરી સંતોનો માર્ગ નેક રહેણી કરણી, આત્મસંયમ, અન્નાહારી ભોજન અને સૌના પ્રત્યે પ્રેમ ભાવનાનો હતો.**

**ઈરાન ફિલસૂફ અલ ગુજારી કહે છે કે "રોટીના ટુકડાઓ સિવાય આપણે જે કાંઈ પણ ખાઈએ છીએ તે આપણી વાસનાઓના સંતોષ માટે હોય છે." સંત મીર દાદ કહે છે કે "જે લોકો જીવનું માંસ ખાય છે તેનો બદલો તેઓને પોતના માંસથી આપવો પડે છે. અગર તેણે કોઈ જીવનું હાડકું તોડ્યું હોય તો તેના પોતાનાં હાડકા ભાંગી જાય છે. બીજાના વહાવેલા ખૂનના પ્રત્યેક ટીપાનો હિસાબ પોતાના ખૂન વડે ચૂકવવો પડે છે તે એક અટલ કાનૂન છે."**

**મહાત્મા સરમદ માંસાહારના વિરોધમાં કહે છે.**

"જીવનનું નૂર (તેજ) ધાતુઓમાં નીંદ લઈ રહ્યું છે. વનસ્પતિ જગત સ્વપ્નની અવસ્થામાં છે. પશુઓમાં તે નૂર જાગૃત થઈ ચૂક્યું છે અને મનુષ્યમાં તે સંપૂર્ણપણે ચેતનરૂપે પ્રગટ થઈ રહ્યું છે."

**કબીર સાહેબ મુસલમાનોને સંબોધીને સ્પષ્ટપણે કહે છે "એવા રોજા (ઉપવાસ) વ્યર્થ**

**અને નિષ્ફળ છે, જે રોજા રાખનાર જીભના સ્વાદને વશ થઈને જીવોની હિંસા કરે છે. આવું કરનાર પર અલ્લાહ નારાજ રહે છે.''**

**ખ્રિસ્તી ધર્મ (ઈસાઈ ધર્મ) :** ઈસા મસીહ (જિસસ ક્રાઈસ્ટ)ને આત્મજ્ઞાનની પ્રાપ્તિ 'જોન ધ બાપ્ટિસ્ટ' દ્વારા થઈ હતી. ઈસા મસીહ કહે છે :

(૧) (ધાઉ શેલ નોટ કીલ) તું જીવહત્યા નહિ કરે. (૨) (લવ ધાય નેબર) પોતાના પડોશીને પ્રેમ કરે. 'ગાસ્પેલ ઓફ પીસ જિસસ ક્રાઈસ્ટ'માં ઈસા મસીહે કહ્યું છે.

''સાચું તો એ છે કે જેઓ બીજાની હત્યા કરે છે તેઓ વાસ્તવમાં પોતાની જ હત્યા કરી રહ્યા છે. જે લોકો મરેલા જનાવરનું માંસ ખાય છે તે વાસ્તવમાં પોતાનું માંસ જ ખાય છે. જનાવરનું મોત એ સ્વયંનું જ મોત છે, કારણ કે આ ગુનાનો બદલો મોતથી ઓછો નથી હોતો.''

''મૂંગાં પ્રાણીઓની હત્યા ન કરો અને નિર્દોષનો શિકાર કરી તેનું માંસ ન ખાઓ. એનાથી તમે શેતાનના ગુલામ બની જશો. જો તમે અન્નાહારી ભોજનને તમારો આહાર બનાવશો તો તમને સાચું જીવન અને શક્તિ બંને પ્રાપ્ત થશે.''

''જો તમે માંસાહાર કરશો તો તમને તે મૃત આહાર મારી નાખશે, કારણ કે જીવનથી જ જીવન મળે છે અને હંમેશાં મોતથી જ મોત મળે છે.''

**બૌદ્ધ ધર્મ :** બૌદ્ધ ધર્મમા પંચશીલ અર્થાત્ સદાચારના પાંચ નિયમો આપવામાં આવ્યા છે. જેમાં પ્રથમ અને મુખ્ય નિયમ એ છે કે ''કોઈ પણ પ્રાણીને દુઃખ ન આપવું - આ વાત અહિંસાની જ છે અને પાંચમા નિયમ પ્રમાણે શરાબ વગેરે નશીલા પદાર્થોનું સેવન કરવાની મનાઈ છે.''

લંકાવતારના સૂત્રના આઠમાં કાંડ પ્રમાણે આવાગમનના લાંબા ક્રમને કારણે પ્રત્યેક જીવ કોઈને કોઈ જન્મમાં કોઈને કોઈ રૂપે પોતાનો સંબંધી રહ્યો હશે એમ માનવામાં આવે છે. તેથી દરેક પ્રાણી પર પોતાના સંતાન જેવો પ્રેમ કરવાનો નિર્દેશ છે. બુદ્ધિશાળી વ્યક્તિ માટે મુસીબતના સમયમાં પણ માંસ ખાવાનું ઉચિત નથી કહ્યું. તેમને માટે એવું ભોજન યોગ્ય છે જેમાં માસ અથવા ખૂનનો અંશ ન હોય.

**હિન્દુ ધર્મ :** બધાં હિન્દુ ધર્મશાસ્ત્રો એક મતે બધા જીવોને ઈશ્વરનો અંશ માને છે. અહિંસા, દયા, પ્રેમ વગેરે ગુણોને તેમણે અત્યંત મહત્ત્વ આપ્યું છે. દોષપૂર્ણ અને આયુષ્ય ઓછું કરનાર તથા પાપ યોનિમાં લઈ જનાર માંસાહાર સંપૂર્ણ ત્યજવા જણાવ્યું છે. મહાભારત અનુશાસન પર્વમાં ભિષ્મ પિતામહે માંસ ખાનારા, માંસનો વેપાર કરનારા અને માંસના માટે જીવ હત્યા કરનારા ત્રણેયને દોષી ગણ્યા છે. તેમણે કહ્યું છે કે ''જે બીજાના માંસથી પોતાનું માંસ વધારવા ઈચ્છતો હોય તે જ્યાં જન્મે લે છે ત્યાં ચેનથી

રહી શકતો નથી. જે બીજાં પ્રાણીઓનું માંસ ખાય છે તે બીજા જન્મમાં તે પ્રાણીઓ દ્વારા ભક્ષણ કરાય છે. શાસ્ત્રોમાં વર્ણવેલ પુનર્જન્મના સિદ્ધાંત પ્રમાણે ચોરાસી લાખ યોનિઓમાં જન્મ લીધા પછી આ માનવદેહ પ્રાપ્ત થાય છે. એ દૃષ્ટિએ સંસારમાં સર્વ જીવો કોઈને કોઈ યોનિમાં આપણા સંબંધી રહ્યા હશે, **તેથી કોઈ પણ જીવનું માંસ ખાવું એ આપણા પોતાના સંબંધીનું માંસ ખાવા બરાબર છે.**''

અર્થવેદમાં માંસ ખાવાની અને ગર્ભ નષ્ટ કરવાની મનાઈ કરવામાં આવી છે. મહર્ષિ દયાનંદ સરસ્વતીએ 'સત્યાર્થ પ્રકાશ'માં કહ્યું છે કે માંસાહારથી મનુષ્યનો સ્વભાવ હિંસક થઈ જાય છે. જે લોકો માંસ ભક્ષણ કરે છે અને મદ્યપાન કરે છે તેમનાં શરીર દૂષિત થાય છે.

★ આહાર શુધ્ધિ માટે સ્વામિનારાયણ સંપ્રદાયની શિક્ષાપત્રીમાં સૂચવેલી હકીકતોનું ધ્યાન રાખવું જરૂરી છે.

- માંસ તો યજ્ઞનું શેષ હોય તો પણ આપત્તિકાળમાં પણ ક્યારેય ન ખાવું.
- જે દેવતાને દારૂ અને માંસનું નૈવેદ્ય થતું હોય અને જ્યાં બકરાં આદિક જીવની હિંસા થતી હોય તે દેવતાનું નૈવેદ્ય ન ખાવું.
- ગાળ્યા વિનાનું જળ તથા દૂધ ન પીવું. ઝીણા જીવ હોય તે જળથી સ્નાનાદિક ક્રિયા ન કરવી.
- ચામડાના પાત્રમાં રહેલું પાણી ન પીવું.
- જે ઔષધ દારૂ તથા માંસ યુક્ત હોય તે ક્યારેય ન ખાવું.

★ **શિખ ધર્મ :** શિખ ધર્મના ગુરૂનાનકે જીવો ઉપર દયા કરવાનો ઉપદેશ આપ્યો છે. દયા વિનાનો મોટો સંત પણ કસાઈ સમાન છે.

'એમનાથી પરમાત્મા ક્યારેય પ્રસન્ન નથી થતા જેઓ જીવ હત્યા કરતા હોય છે.'

પોતાના શિષ્યોને ઉપદેશ આપતી વખતે માંસભક્ષણ અને મદ્યસેવનથી દૂર રહેવાનો આદેશ કર્યો હતો. માંસભક્ષી લોકો રાક્ષસ સમાન છે. ગુરૂદ્વારાઓમાં લંગરમાં અનિવાર્ય પણે શાકાહાર બને છે.

**પારસી ધર્મ :** જે દુષ્ટ મનુષ્ય પશુઓ, ઘેટા અને અન્ય ચૌપગાની અન્યાયપૂર્ણ રીતે હત્યા કરે છે એમનાં અંગોપાંગ તોડીને છિન્ન ભિન્ન કરાશે. - જૈન્દ અવેસ્તા.

**યહૂદી ધર્મ :** પૃથ્વીના દરેક પશુ અને ઉડનારાં પક્ષી તથા હરેક પ્રાણી જે ધરતી પર છે. જેઓમાં જીવ છે. એ સૌને માટે મેં માંસને બદલે લીલાં પાંદડાં સર્જ્યા છે. જ્યારે તમે પ્રાર્થના કરો છો તો હું સાંભળતો નથી. જો તમારા હાથ ખૂનથી રંગાયા હશે.

# શિક્ષણ-હિંસાની પ્રેરણા

આજના બહારથી નિદોર્ષ જણાતા પાઠ્ય પુસ્તકો અને શિક્ષણ પાછળ રહેલી ગહન હિંસક યોજના તરફ પણ એક નજર નાંખીએ, તો આજે પહેલા ધોરણથી જ શાળામાં એમ ભણાવવામાં આવતું હોય છે કે ઘરમાં ઉંદરોની સંખ્યા વધી ગઈ હોય તો તેના સંહાર કરવા બિલાડી લઈ આવવી.

**ધોરણ-૧, ગુજરાતી :** બિલાડી શા કામની ? ઘરમાં ઉંદર પરેશાન ન કરે એટલે બિલાડી રાખીએ.

જંતુઓ તથા પ્રાણીઓ ધ્વારા મનુષ્યોને નુકશાન પહોંચાડતા હોય છે તેવું ભણાવી તેના તરફ સૂગ ઉત્પન કરાવી, દ્વેશ પેદા કરાવી પછી તેનો નાશ કરવા ઉશ્કેરવામાં આવે છે. આ જંતુઓનો તથા ઉંદર જેવા પ્રાણીઓનો નાશ સાપ ધ્વારા થાય છે. તેવુ ભણાવી સાપની ઉપયોગીતાનું વર્ણન આ રીતે કરવામાં આવે છે.

**ધોરણ-૪ પર્યાવરણ :** વનસ્પતિ અને પ્રાણીઓ માણસને ઘણી ઘણી રીતે ઉપયોગ આવે છે, તો વળી માણસને હેરાન પરેશાન કરનારા જીવો પણ ક્યાં ઓછાં છે ? માખી, મચ્છર, વંદા, ઉધઈ, ચમરી, જૂ, જુવા, બગાઈ, તીડ, ચાંચડ, માંકડ જેવા જંતુઓ મનુષ્ય જીવનને હાનિ પણ પહોંચાડતા હોય છે. ઉંદર જેવું નાનુ પ્રાણી અનાજ અને ઉભો પાક ખાઈ જાય છે. પણ સાપ જેવા પ્રાણી ઉંદરનો નાશ કરવા ખેતરમાં ફરતા હોય છે. આમ, સાપ ખેડૂતને ઉપયોગી બની રહે છે.

શિક્ષણમાં હિંસાના પાઠો ઘુસાડવામાં આવ્યા છે. જેમાં સરકારનો ઉદ્દેશ માંસાહારના પ્રોત્સાહનનો છે. ઉપરાંત હિંસક ધંધાઓ માટે કર્મચારીઓ તૈયાર થાય છે. કતલખાનાને પણ પ્રોત્સાહન આપવામાં આવે છે.

**ધોરણ-૫ : સમાજ વિદ્યા :** ભારતનાં દક્ષિણ રાજ્યોને દરિયાનો ઠીક લાભ મળે છે. લોકોનો વ્યવસાય માછલાં પકડવાનો છે. ખોરાકમાં માછલી, ભાત, કઠોળ લે છે.

ભારતનાં પૂર્વ રાજ્યો પહાડી પ્રદેશમાં આવેલાં છે. લોકોનો મુખ્ય ખોરાક માછલી અને ભાત છે. ઘરના પાછળના ભાગમાં પુકુર એટલે નાનકડું તળાવ જેવું હોય છે. એમાં માછલી ઉછેરે છે. (નોંધ : અહીં દક્ષિણ અને પૂર્વ ભારતની બધી જ પ્રજા ખોરાકમાં માછલી અને ભાત જ ખાય છે, એવું ચિત્ર ઉભું કરાય છે, જે વાસ્તવિકતાથી ખૂબ જ દૂર છે.)

રોગથી બચવા સૂક્ષ્મ જંતુઓનો નાશ કરવા માટે નિર્દોષ પધ્ધતિ ન બતાવી જંતુ નાશક દવાઓનો રસ્તો બતાવી ભરપૂર પ્રમાણમાં તેનો પ્રચાર કરવામાં પાઠ્ય પુસ્તકોનો ઉપયોગ કરવામાં આવે છે.

**ધોરણ-૬ વિજ્ઞાન :** પાણીમાં કેટલાંક સૂક્ષ્મ જંતુઓ પણ ક્યારેક ભળેલા હોય છે. આવું પાણી પીવામાં આવે તો કોલેરા, ટાઈફોઈડ, મરડો કે કમળો જેવા રોગો થવાનો સંભવ રહે છે. પાણીમાં રહેલાં સૂક્ષ્મ જંતુઓને દૂર કરવા માટે બે રીત વપરાય છે. (૧) પાણીને ઉકાળવું

(૨) પાણીમાં જંતુનાશક દવાઓ ઉમેરી તેને જંતુ રહિત બનાવી શકાય.

પોતાના ઘરમાં જીવદયાનું ચુસ્ત પાલન કરતાં અને કીડી પણ ભૂલથી મરી ના જાય તેની તકેદારી રાખતાં ગૃહસ્થોના બાળકો શાળામાં જઈ હિંસક પાઠો ભણે છે, જીવ હિંસાના સંસ્કાર મેળવે છે. આવા પાઠો ઘુસાડીને ધર્મપ્રેમી અને જીવદયા પ્રેમી વર્ગની લાગણી દુભાવવાનો અહીં શિક્ષણ ધ્વારા પ્રયત્ન થઈ રહ્યો છે.

**ધોરણ - ૬ વિજ્ઞાન :** કાચની હવાચુસ્ત એક શીશી લો. તેમાં થોડું પાણી અને ખોરાક મૂકો. આસપાસમાંથી ત્રણ ચાર કીટકોને પકડીને બરણીમાં મૂકી ઢાંકણું બંધ કરી દો. બે દિવસ પછી અવલોકન કરો કીટકોનું શુ ંથયું ? આવું શાથી થયું ?

ભોજનમાં પણ માંસાહારથી શરૂ કરીને ઈંડા જેવાં આહારોની હિમાયત કરવામાં આવી છે. શિક્ષક ધ્વારા અપાતાં આ પ્રકારનાં હિંસક પાઠો જૈન કે વૈષ્ણવ વિદ્યાર્થીને ભણાવવાની ફરજ પડાય છે.

**ધોરણ-૬ વિજ્ઞાન** - વિટામીન શા માંથી મળે છે ?

(એ) પાલક, ગાજર, માખણ, કેરી

(બી) અનાજ, ઈંડા, માંસ, ભાજી, વટાણા, વા, દૂધ, યીસ્ટ

(સી) તેલ, દૂધ, કોડ લીવર, ઓઈલ

(ડી) ટમેટાં, લીલા શાકભાજી, ઈંડાની જરદી

જે બાળક મરી જાય તો પણ ઈંડા-માછલી-માંસનો ઉપયોગ ક્યારેય કરવાનો નથી તે બાળકને ચરબી-પ્રોટીન-ખનીજ ક્ષાર મેળવવા માટે પ્રોત્સાહિત કરતા આવા પાઠો ભણાવવાનો અર્થ શો એ જ સમજાતું નથી ?

**ધોરણ-૭ વિજ્ઞાન :** દૂધ, માખણ, ચીઝ, ઘી, ઈંડા, મગફળી, તેલ, બદામ, કાજુ વગેરેમાંથી ચરબી મળે છે. દૂધ, દહીં, પનીર, માંસ, માછલી, ઈંડા, વાલ, વટાણા, મગ, ચણા, વગેરેમાંથી પ્રોટીન મળે છે. કુમળા સૂર્ય પ્રકાશ, માછલીના યકૃતના તેલમાંથી અને દૂધમાંથી વિટામીન ડી મળે છે. ફળ, શાકભાજી, દૂધ, માંસ વગેરેમાંથી ખનીજ ક્ષાર મળે છે.

માછીમારીને મત્સ્ય ઉદ્યોગનું રૂપાળુ નામ આપી માંસાહારને પ્રોત્સાહન આપવાના પાઠો ભણાવવામાં આવે છે.

**ધોરણ-૮ વિજ્ઞાન :** બકરી, ડુક્કર, મરઘી અને માછલીનો ઉપયોગ ખાદ્ય પદાર્થો તરીકે કરીએ છીએ. પ્રાણિજ પ્રોટીન તથા દૂધ તેમાંથી મળી રહે છે. આપણે ઘેટાં અને બકરાં જેવાં પાલતુ પ્રાણીઓનો ઉપયોગ માંસ, દૂધ, ચામડું, ઉન તથા દૂધ મેળવવા માટે કરીએ છીએ. જ્યારે ડુક્કર અથવા તો સુવરનો ઉછેર મુખ્યત્વે તેનું માંસ તથા ચામડું મેળવવા માટે થાય છે. ઘેટાં, બકરાં અને મરઘાના માંસ ઉપરાંત પ્રાણિજ પ્રોટીન મેળવવાનો એક મોટો સ્ત્રોત માછલી છે. કોડલીવર અને શાર્કલીવર તેલથી વિટામીન ડી પ્રાપ્ત થાય છે. માછલી નદી તળાવના મીઠા પાણીમાં અને સમુદ્રનાં ખારા પાણીમાં જોવા મળે છે. માછલીને પકડ્યા પછી તેને

રાંધવામાં આવે છે તેવું નથી. તેને સૂકવીને તેનું અથાણું બનાવાય છે અને ડબા બંધ કરવામાં આવે છે. મોટા પાયા પરના માછલીના સમગ્ર વ્યવસ્થાપનને મત્સ્ય ઉદ્યોગ કહે છે. ઉંદર, સસલું, ગિનીપીંગનો ઉપયોગ ઔષધીય પરીક્ષણમાં તથા પ્રયોગશાળામાં મોટા પાયા ઉપર થાય છે.

ઘણા મોટા પ્રમાણમાં કીડીઓ અને તેમની ઈયળો વનસ્પતિ ખાઈને જીવે છે. જ્યારે તે પાક ખાઈને જીવે છે, ત્યારે તે પાકને ખૂબ જ નુકશાન પહોંચાડે છે અને ઉત્પાદન ઘટાડે છે. આવી કીડીઓને પીડક કહે છે, જેને કાબૂમાં લેવાનું આવશ્યક બને છે.

જીવ જંતુઓનાં જન્મ પહેલાં મારી નાખવાના પાઠો ભણાવવામાં આવે છે.

**ધોરણ-૮ વિજ્ઞાન :** વળી જીવજંતુઓ અને ઉંદર જેવા પ્રાણીઓનો નાશ ન કરવામાં આવે તો તે પણ ઉભા પાકને નુકશાન કરે છે. આ માટે ખેડૂતો ખાસ પ્રકારનાં જંતુનાશક રાસાયણિક દ્રવ્યોનો ઉપયોગ કરે છે. આ દ્રવ્યો ખાસ કરીને ઉપદ્રવી જીવજંતુઓ, તેમનાં ઈંડાઓ અને ઈયળોને નાશ કરે છે. કેટલાંક જતુંનાશક દ્રવ્યોનો છંટકાવ, કેટલાક જીવજંતુઓનું જીવનચક્ર શરૂ થતું હોય ત્યારે જ તેને મારી નાંખવા માટે કરવામાં આવે છે.

મરઘાં પાલન ઉદ્યોગ તરીકે સ્થાપિત કરી અને દેશની આવકમાં ખૂબ મહત્વનો ફાળો તેવું ભણાવી આવા હિંસક ધંધા પરના છોછ મગજમાંથી દૂર કરાય છે.

**ધોરણ-૧૦ વિજ્ઞાન :** ભારતમાં મોટે ભાગે ઈંડાનું ઉત્પાદન નાનાં નાનાં દેશી મરઘીંના ટોળાં મારફતે થાય છે, પરંતુ તાજેતરમાં મોટાં શહેરોની નજીક મોટા પ્રમાણમાં સુધારેલ જાતોના મરઘાં ઉછેર કેન્દ્રો વેપારી ધોરણે શરૂ થયાં છે, ભારતનો મરઘાં પાલન ઉદ્યોગ તેની અણવિકસિત દશામાં પણ માણસોને ખોરાક પૂરો પાડવા માટે ખૂબ મહત્વનો ફાળો આપી દેશની આવકમાં વધારો કરે છે.

ભારતમા દરિયાઈ અને મીઠા પાણીના મત્સ્ય ઉદ્યોગ દ્વારા માછલી પકડવામાં તેમજ ઉછેરવામાં આવે છે. ગુજરાતમાં સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયા કાંઠેથી બોમ્બેડક, પ્રોમ્ફેડ જેવી માછલીઓ પકડવામાં આવે છે. મીઠા પાણીના તળાવોમાં પણ મત્સ્ય ઉછેર કેન્દ્રો વિકસાવવામાં આવ્યા છે. રોહુ, કટલા, બુમલા, મ્રીગલ જેવી માછલીઓનો ખાદ્ય વપરાશ વધુ છે. માછલીઓમાં પિચ્યુટરી ગ્રંથિનાં અંતસ્ત્રાવોના ઈન્જેકશન દ્વારા તેમને કોઈપણ ઋતુમાં પ્રજનન માટે પ્રેરવામાં આવે છે. આ રીતે માંસ આપતી તંદુરસ્ત માછલીઓ વચ્ચે પ્રેરિત સંસ્કરણ ધ્વારા ઈચ્છિત ગુણધર્મો વાળી માચલીઓ મોટી સંખ્યામાં મેળવવામાં આવે છે.

★ મેરઠનાં પ્રોફેસર ડૉ. સુરેશભાઈ વીરસિંહ રાણાએ વિદ્યાર્થીઓ પ્રયોગ માટે વાપરી શકે અને કોઈપણ જીવને મારવાની જરૂર ન પડે તે હેતુથી રબ્બરનો ઉપયોગ કરી જુદા જુદા પ્રકારનાં પ્રાણીઓ ડીસેકશન કરવા માટે બનાવેલા છે.

# વિવિધ દિવસો

| | |
|---|---|
| ૧૬ જુનથી | પારસીઓને બહમન મહિનો શરૂ થાય છે. સમગ્ર મહીનામાં તેઓ શાકાહાર કરે છે અને માંસાહારનો ત્યાગ કરે છે. |
| ૧૬ જુલાઈથી | સીંધીઓ માટે ચાલીસો શરૂ થાય છે જેને વેગાન કહેવાય છે તે દિવસો દરમ્યાન કોઈપણ પ્રકારનાં પ્રાણીજ આહાર (માંસ, માછલી, ઈંડા, દૂધ) લેવાની મનાઈ હોય છે. |
| ૨૧ ફેબ્રુઆરીથી | ખ્રીસ્તીઓમાં લેન્ટ શરૂ થાય છે જેમાં માસાહારનો નિષેધ છે. |
| ૧ ઓક્ટોબર | વિશ્વ શાકાહાર દિન તરીકે ઉજવાય છે. |
| ૨ ઓક્ટોબર | ગાંધી જયંતીના દિવસે વિશ્વ અહિંસા દિવસ તરીકે ઉજવવાની યુનોએ ઘોષણા કરી છે. |

**તે જ રીતે વિશ્વમાં નીચેના વિવિધ દિવસો મનાવવામાં આવે છે.**

| | |
|---|---|
| ૨૭ ફેબ્રુઆરી | કોલર રીંછ દિવસ |
| ૧ માર્ચ | સુવર (ડુક્કર) દિવસ |
| ૧૪ માર્ચ | કરોળીયા રક્ષાદિન |
| ૧૫ માર્ચ | સિંહનાં શીકારનો વિરોધ દિન |
| ૨૧ મે | ગેંડા રક્ષા દિન |
| ૪ મે | મરઘા સન્માન દિન |
| ૨૨ જુલાઈ | વિશ્વ બળદ દિન |
| ૧૯ ઓગષ્ટ | ઘર વગરના પ્રાણી દિન |
| ૧૦ સપ્ટેમ્બર | ડોલ્ફીન દિન (જાપાન) |
| ૨૨ સપ્ટેમ્બર | હાથી રક્ષા દિન |
| ૨૫ સપ્ટેમ્બર | સસલાં દિવસ |
| ૪ ઓક્ટોબર | વિશ્વ પ્રાણી દિન |
| ૧૦ ડીસેમ્બર | આંતરરાષ્ટ્રીય પ્રાણી હક્ક દિન |

★ 'છત્તીસગઢ' રાજ્યમાં હાથી બચાવ, તથા ઉમરવાળા અશક્ત હાથીઓ માટે નિવૃત્તિ ગૃહ બનાવવાનું સરકારે નક્કી કર્યું છે. સાથેસાથે 'અર્થ મેટર્સ ફાઉન્ડેશન' તથા હાથી નિષ્ણાંતોની મદદથી હાથીઓને પકડવાને બદલી તેમની આખી વસાહતને કુદરતી જંગલમાં વસાવવાનો પ્રોજેક્ટ છે.

★ અમુક આયુર્વેદિક દવાઓ સમુદ્રી તેમજ અન્ય જીવોના અંગોમાંથી, પરવાળા, શંખ, પ્રાણીઓના શીંગડા, ખાંત વિગેરેમાંથી બને છે જે વાપરી ન શકાય.

★ યુધ્ધ અને જાસુસીમાં પ્રાણીઓ તથા જળચરોનો ઉપયોગ વધી ગયો છે. પહેલા કિલ્લા પર ચઢવા ચંદન ઘો નો ઉપયોગ થતો. યુધ્ધમાં અનેક ઘોડા અને હાથી મરાતા. કૂતરાંનો બોંબ શોધવા કે બદમાશોને પકડવા થતો ઉપયોગ જાણીતો છે. અમેરીકાનો શાર્ક માછલીનો ઉપયોગ, જાસૂસી કામમાં કરવા ચક્રો ગતિમાન કર્યા છે. દરીયામાં બિછાવેલી માઈન્સ અને બોંબ શોધવા તેનો ઉપયોગ થશે.

★ તાજેતરમાં ઉનાળાનાં દિવસોમાં એનીમલ હેલ્થ ફાઉન્ડેશનનાં કાર્યકરોએ ગરમીમાં તરસથી ત્રાસેલા (ડીહાઈડ્રેઝન થયેલા) વિવિધ પ્રાણીઓ અને પંખીઓને બચાવવાનું કાર્ય કરેલું.

★ નથી જાણ્યું કે માથે શી આફત પડી છે. ખબર છે એટલી કે અબોલ જીવોની હાકલ પડી છે.

★ હાલ નીલ ગાય (હરણ) ને મારવા વન વિભાગ ધ્વારા કાયદામાં સુધારા કરાયા છે. જંગલો અને ચારિયાણની જગ્યાઓ ઓછી થવાથી નીલ ગાય ખોરાકની શોધમાં ખેતરોનો પાક ખાવા આવે, તેને વૈજ્ઞાનિક રીતે બુધ્ધિપૂર્વક અને અહિંસક પધ્ધતિએ દૂર કરવાને બદલે ગામના સરપંચને નીલગાય મારવાના હુકમો કરવાની સત્તા આપવામાં આવી છે. અગાઉ નાયબ વન સંરક્ષક રાજકોટ એ તેમના તા. ૨૨-૧-૯૭ ના શ્રી જયંતિલાલ શાહ જીવદયા ઘર રાજકોટને લખેલ પત્ર ધ્વારા જણાવેલ કે આવા પ્રાણીઓ માટે અનામત વીડીમાં અભ્યારણ્ય બનાવવાનું આયોજન છે. સૃષ્ટિના રમેશભાઈ પટેલના સુચન મુજબ સિંહનું મૂત્ર ખેતરની આજુબાજુ છાંટયુ હોય તો નીલ ગાય ન આવે.

★ છાપાવાળા જે છાપુ નાખી જાય છે તેને કારણે ઘણીવાર એવું જોવા મળે છે કે છાપા નીચે કીડી, કરોળીયો કે અન્ય જંતુ તેની નીચે દબાઈને મરી જાય છે, તેવું જ ટપાલ માટે ટપાલી

અંગે ગણવું. આ કારણે છાપાવાળા અને ટપાલીનું છાપુ કે ટપાલ નાખવાને બદલે ઘર બહાર ટપાલ બોક્ષ મુકવુ કે પ્લાસ્ટીક/કપડાની થેલી મુકવી અને તેને સૂચના આપવી કે થેલીમાં જ મુકે. આ કારણસર ૩૬૫ દિવસમાં ૩૬૫ જીવ જંતુ બચાવી શકાશે.

★ તાજેતરમાં ચંદ્રશેખર વિજયજી મહારાજશ્રીએ એક ઘોષણા કરી કે હવે જીવદયાના ક્ષેત્રે માત્ર પશુઓ જ નહીં પરંતુ માનવ મોખરે છે. હવે માનવતાનો કાળ આવ્યો છે. સરકારની યોજનાઓને કારણે માનવ નામનું પ્રાણી ભૂખ, ગરીબી, બેકારી, મોંઘવારીને કારણે ખતમ થઈ જશે.

★ તાજેતરનાં 'પ્રેસ રિપોર્ટ' મુજબ અમદાવાદની 'એનીમલ હેલ્પ ફાઉન્ડેશન' સંસ્થા પાસે પશુ પ્રેમી નાગરિકોએ ૧૫૦ કૂતરા, બિલાડી કાનૂની કરાર મુજબ દત્તક લીધા. ઘણાં નાગરીકો ફક્ત શોખ માટે કૂતરાં પાળે છે, પણ જ્યારે તે બિમાર પડે છે ત્યારે તરછોડી દે છે. આવાં અનેક પ્રાણીઓની સારવાર કરી સ્વસ્થ બનાવી, જે તે વિનંતી કરનારની જીવદયાની ભાવનાની ચકાસણી કરી, પ્રાણી સાચવાવ અંગેની તાલિમ આપ્યા બાદ જ તેને પ્રાણી દેખરેખ રાખવા આપવામાં આવે છે. પ્રાણીને બરાબર ન સાચવનાર પાસેથી તેનો કબ્જો પરત લઈ લેવામાં આવે છે.

**પાકિસ્તાનમાં પણ સપ્તાહમાં બે દિવસ કતલખાના બંધ રહે છે.**

| **દેશનું નામ** | **કતલખાના બંધ રાખવાના દિવસ** |
|---|---|
| જાપાન | રવિવાર |
| ઈન્ડોનેશિયા | રવિવાર |
| સીરિયા | શુક્રવાર |
| ઓસ્ટ્રેલિયા | શનિવાર અને રવિવાર |
| આર્યલેન્ડ | રવિવાર, ગુડફ્રાઈડે તથા રજાઓમાં |
| ફ્રાન્સ | રવિવાર |
| પોલેન્ડ | રવિવાર અને જાહેર રજાના દિવસે |
| શ્રીલંકા | એકમ, અમાસ, પૂનમ, તથા ધાર્મિક અને રાષ્ટ્રીય તહેવારોના દિવસે |
| જર્મની | શનિવાર અને રવિવાર |
| પાકિસ્તાન | મંગળવાર અને બુધવાર |

# હિંસાવિરોધી (બિનસરકારી) સંસ્થાઓ

(ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન)

**૧. વિનિયોગ પરિવાર ટ્રસ્ટ**
બી-૨–૧૦૪, વૈભવ, જામલી ગલી,
બોરીવલી (પશ્ચિમ) મુંબઈ-400092
ફોન : 28991781, 28980749

**૨. શ્રી સર્વધર્મ જીવદયા સંઘ**
૫૦૨, કિશોર પ્લાઝા, મહાત્મા ગાંધી રોડ,
આણંદ - 388001
ફોન : 02692 (ઓ) 250138 (R) 262475

**૩. મુંબઈ જીવદયા મંડળી**
૧૨૩-૨૭ દયા મંદિર, મુંબાદેવી દેવી રોડ,
મુંબઈ 400003
૪૦૩, નાલંદા એન્કલેવ, સુદામા રીસોર્ટની સામે,
પ્રિતમનગર પ્હેલો ઢાળ, એલિસબ્રીજ, અમદાવાદ.
ફોન : 30028113, 26578113

**૪. શ્રી કેશરીચંદજી મહેતા**
તિલક રોડ, માલેગાંવ, જિ.નાસિક-423203
ફોન:9422272072, 0255-430162,430849

**૫. મેનકા ગાંધી**
૧૪, અશોકા રોડ, નવી દિલ્હી ૧૧૦૦૦૧
અને-એ-૪, મહારાણી બાગ,
નવી દિલ્હી-૧૧૦૦૬૫ gandhim@parlis.nic.in

**૬. બ્યુટી વિધાઉટ ક્રુઅલ્ટી**
૪, પ્રિન્સ ઓફ વેલ્સ ડ્રાઈવ, વનોવરી, પુના
020-26871166 www.bwcindia.org

**૭. હિંસા નિવારણ સંઘ**
C/o. રાજેષ શાહ, પુરોહિત લોજ સામે,
ઝંડા ચોક, વાપી. ફોન : 98251 15525
www. ahfindia.org

**૮. બ્યુટી વિધાઉટ બ્રુટાલીટી**
વિશાખાબેન કાંટાવાળા, અભિષેક એપાર્ટમેન્ટ,
અંબિકા નિકેતન પાસે,પારલે પોઈન્ટ,
અઠવાલાઈન્સ, સુરત. ફોન : 0261-2226885

**૯. અખિલ ભારતીય હિંસા નિવારણ સંઘ**
૩૨, મનીષ સોસાયટી, મિરામ્બિકા માર્ગ,
નારણપુરા, અમદાવાદ.
ફોન : 27472408

**૧૦. સમસ્ત મહાજન**
૩૦૭,રાજશીલા એપાર્ટમેન્ટ, ૫૯૭, જે.એસ.એસ.
માર્ગ, ચીરાબજાર, મુંબઈ - 400002
ફોન : 022-22060390
E-mail : onfo@samastmahajn.org

**૧૧. ભગવાન મહાવીર પશુરક્ષા સંચાલિત**
એન્કરવાળા અહિંસાધામ, પ્રાગપુર રોડ, જંક્શન,
તા. મુંદ્રા જિ. કચ્છ-370415
Ph. 02838-222352, 224103
Website : www.ahinsadham.org

**૧૨. કરુણા ફાઉન્ડેશન**
C/o. પ્રતિક સંઘાણી, મિતલ ખેતાણી
નેમીનાથ એન્ટરપ્રાઈઝ, ૯, પંચનાથ પ્લોટ, રાજકોટ
ફોન : 0281-2234610, 9898499954

**૧૩. નેચર ક્લબ સુરત**
૮૧, સર્જન સોસાયટી, અઠવા લાઈન્સ,
સુરત - 395007

**૧૪. પ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટી**
સ્નેહલબેન ભટ્ટ
૬૦, કુંજ સોસાયટી, મિલનકુંજ લગ્ન હોલ સામે,
અલકાપુરી, વડોદરા. ફોન : 98250-11117

**૧૫. અખિલ ભારત કૃષિ ગોસેવા સંઘ**
ભારતીય વિદ્યાભવન, કે. એમ. મુન્શી માર્ગ,
મુંબઈ-400007

**૧૬. વર્ધમાન જીવદયા કેન્દ્ર (લૂણી)**
શ્રી વસનજી સોની, ૧૩ કાનજી મેન્સન,
૩૧૫, એસ.વી.પી. રોડ, અલંકાર સિનેમા પાસે,
મુંબઈ. ફોન : 022-23889961, 56380500

**પ્રાણી રક્ષા માટે કાર્ય કરતી અનેક સંસ્થાઓની વિવિધ 'વેબસાઈટ' છે તે વાંચીનેય ઘણી માહિતી મેળવી શકાય. ગુગલ સર્ચમાં animals, non vegeteriansm, ahinsa. શબ્દો આપી ઘણી વેબસાઈટ મળી શકે.**
**www.awni.org • www.viniyog parivar.org**

# સંદર્ભ ગ્રંથો - સામયિકો

૧. માંસાહાર એટલે સર્વનાશાહાર (ડૉ. અરવિંદકુમાર શાહ)
૨. 'પ્રતિક્રાન્તિ'
૩. 'હિંસા નિવારણ'
૪. 'પ્રાણી-રક્ષા કાનૂન માર્ગદર્શિકા' (ડૉ. અરવિંદકુમાર શેઠ)
૫. પ્રાણીક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦ હેઠળના નિયમો (વિનિયોગ પરિવાર)
૬. કોર્ટોના ચુકાદાઓની ડીરેક્ટરી (અખિલ ભારત કૃષિ ગોસેવા સંઘ)
૭. 'કલ્યાણ' માસિક
૮. જયણા વર્તનમાં શાંતિ જીવનમાં (શ્રી જયેન્દ્ર ૨. શાહ)
૯. 'અહિંસા યાત્રા', 'સર્વજીવરક્ષા સંસ્કૃતિ સુરક્ષા' પ્રવીણકાંત જયંતિલાલ જોશી (સંઘપતિ)
૧૦. જૈવિક પાક સંરક્ષણ 'સૃષ્ટિ'
૧૧. રીસર્ચ ઓફ ડાઈનીંગ ટેબલ 'આ. વિ. હેમરત્નસૂરીશ્વરજી મ.સા.'
૧૨. 'જયણા મંગલમ્' હર્ષિત મુકુંદભાઈ
૧૩. હુન્નરનો મહાસાગર - સૃષ્ટિ

## એવોર્ડ

ગુજરાત સરકારે ભગવાન મહાવીરની ૨૬૦૦ મી જન્મ કલ્યાણક મહોત્સવ ઉજવણીના ભાગરૂપે જીવદયા, અહિંસાનાં સિધ્ધાંતો અને આદર્શો સાથે સમાજની ઉન્નતિ, સામાજિક ન્યાય અને સદ્ભાવ માટે કામ કરતી વ્યક્તિ તથા સંસ્થાને રૂા. ૫૦,૦૦૦/- રોકડા સાથે 'મહાવીર જીવદયા એવોર્ડ' આપવાનું, વર્ષ ૨૦૦૬માં નક્કી કરેલ.

વિરોધ : ઘણાં એવી સલાહ આપતા હોય છે કે વિરોધથી શું વળવાનું છે ? વિરોધથી કંઈક પણ પરિણામ મળે જ છે. વિરોધથી ભલે કંઈ ન વળે પણ જાગૃત નાગરિકની મૂળભૂત ફરજ છે કે ખોટાનો વિરોધ કરવો જ જોઈએ કે જેથી યોગ્ય સમયે, મેં વિરોધ કર્યો હતો. એમ આત્મ સંતોષ મેળવીને મરી શકીશું. શક્તિ હોવા છતાં અધર્મનો વિરોધ ન કરીએ તો મરતા પણ આત્મ સુખ અને સમાધિ ન મળે.

## સાભાર

આ પુસ્તકના સંપાદન, લેખન, પ્રકાશન  વેળા નીચે મુજબના ધર્મગુરુ વડીલોએ મને સક્રીય રીતે મદદ કરી છે. કદાચ તેમની મદદ, સલાહ-સૂચન, પ્રેરણા વિના આ પુસ્તક પ્રકાશિત કરવું શક્ય બન્યું ન હોત. તેથી તેમનો હું ઘણો જ આભાર માનું છું. પ. પૂ. હિતવિજયજી મ. સા., શ્રી અરવિંદકુમાર શેઠ-આણંદ, શ્રી રાજેન્દ્રભાઈ જોષી એડવોકેટ વિનિયોગ પરિવાર, શ્રી ચંપાલાલ સંઘવી હિંસા નિવારણ સંઘ, શ્રી સૂર્યવદન ટી. ઝવેરી, મુંબઈ, પ્રો. રાજન પનાલાલ વાસણવાળા-સુરત, શ્રી કેશરીચંદજી મહેતા-માલેગામ, શ્રી દિનેશભાઈ ઠક્કર-શિક્ષક શ્રેયસ શાળા, શ્રીમતી નીતાબહેન કોઠારી-શિક્ષિકા, એચ.બી.કાપડિયા-અમદાવાદ, શ્રી રજનીભાઈ શેઠ, શ્રી રમેશભાઈ પટેલ : સૃષ્ટિ સંસ્થા-અમદાવાદ.

બંને આવૃત્તિના વેચાણ માટે તથા ત્રીજી આવૃત્તિ પ્રકાશિત કરવા અને 'સજીવ સંરક્ષણ પરિવાર'ને જીવદયા અંગેની પ્રવૃત્તિઓ કરવા પ્રેરનાર, નીચે મુજબની વ્યક્તિઓનો અમો આભાર  માનીએ છીએ.

શ્રીમતી લીનાબેન સારાભાઈ શ્રેયસ ફાઉન્ડેશન. અમદાવાદ, શ્રી હેમેન્દ્રભાઈ ભટ્ટ (શ્રેયસ ફાઉન્ડેશન, અમદાવાદ), વિનિયોગ પરિવાર મુંબઈ,શ્રી ઈકબાલભાઈ કેશોદવાળા, વેરાવળ, શ્રી ચેતનભાઈ પટેલ, ગાંધીનગર, શ્રી રોનક રાવળ, અમદાવાદ, શ્રી રાજેશભાઈ શાહ, સુરત, શ્રીમતી વિશાખાબેન કાંટાવાળા, શ્રી વિવેકભાઈ આચાર્ય, સંદેશ, શ્રી મહેશભાઈ ત્રિવેદી, દિવ્ય ભાસ્કર, શ્રી કીરચંદભાઈ શેઠ, કલ્યાણ, શ્રી રમેશભાઈ પટેલ, સૃષ્ટિ, શ્રી ફેનીલ કોઠારી, શ્રી શાંતિભાઈ શાહ, ગુર્જર ગ્રંથરત્ન, શ્રી જયેન્દ્રભાઈ ર. શાહ, ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી, ગુજરાત વિદ્યાપીઠ, શ્રી ઉપેન્દ્રભાઈ ત્રિવેદી, ધારાસભ્ય, ડૉ. સી. જે. ચાવડા, ધારાસભ્ય, શ્રી કપિલભાઈ અને ગુણવંતભાઈ : 'જતન', શ્રી વિરલ સૂર્યવદન ઝવેરી, જંબુદ્વિપ (પાલિતાણા) ના કાર્યકરો, શ્રી મયુરભાઈ પટેલ, સુરત, ગુજરાત વિદ્યાપીઠના અહિંસા શોધસંસ્થાન અંગેના એસ્ટેટ વિભાગના તમામ કર્મચારીઓ, શ્રી સુરેશભાઈ ઠક્કર, શ્રી મહેન્દ્ર વોરા એડવોકેટ, શ્રી હસમુખભાઈ વેદલીયા, ડીસા, શ્રી અતુલ એચ. શાહ, વઢવાણ, શ્રી જયપાલ શાહ અલકા ટ્રેડર્સ, અમદાવાદ.

નીચેના સામાયિકો, વર્તમાનપત્રોએ પુસ્તકાન પ્રચારમાં ફોટો કે પ્રેસનોટ કે રીવ્યુ છાપી, સજીવ સંરક્ષણની પ્રવૃત્તિઓ વિસ્તારવામાં મહત્ત્વનો ફાળો આપ્યો, તે બદલ અમે તેમનો ઘણો આભાર માનટીએ છીએ.

સંદેશ, કલ્યાણ, દિવ્યભાસ્કર, ગ્રામજીવન, ગુજરાત મિત્ર, જાગતા રહેજો, જન્મભૂમિ, લોકસરવાણી, વિનિયોગ સમાચાર, ગાંધીનગર સમાચાર, જન કલ્યાણ, અંતર ધારા, પર્યાવરણ, સંત્રી, થરાદ એક્ષપ્રેસ, રખેવાળ, મધુકર મનીશી, શાંતી સૌરભ, સમસ્ત મહાજન, ગ્રામ જગત

## આપણે શું કરી શકીએ ?

૧. પક્ષીઓને નિયમિત ચણ આપી શકીએ.

૨. ઘરમાં પાણીનો વપરાશ ઓછો કરી શકીએ.

૩. વડાપ્રધાન, મુખ્યમંત્રી, જે તે ખાતાના વડાને માંસ, માછલી, ઈંડાની પ્રવૃત્તિ ઉપર પ્રતિબંધ મૂકવા પત્રો લખીને ઘણા જીવો બચાવી શકીએ.

૪. નજીકની તથા દુષ્કાળગ્રસ્ત વિસ્તારની પાંજરાપોળોને નિયમિત દાન આપી શકીએ.

૫. આપણા કુટુંબીઓને દર માસે નજીકની પાંજરાપોળોમાં લઈ જઈ તેમનો પ્રાણીઓ સાથેનો પરિચય વધારી કરુણા વધારી શકાય.

૬. કૂતરાંને નિયમિત રોટલા ખવડાવી શકીએ.

૭. જીવજંતુઓ દૂર કરવા નિર્દોષ ઉપાયો કરી શકીએ.

૮. પ્રાણીજ ખાદ્યપદાર્થોનો ત્યાગ તથા જાહેરમાં લેખિત વિરોધ કરી શકીએ.

૯. પ્રાણીરક્ષા કાયદાના નિષ્ણાતને દરેક શાળા, કોલેજ, સોસાયટી, મંડળ, મંદિર, ઉપાશ્રય વગેરે સ્થળોએ આમંત્રી પ્રાણરક્ષા કાયદાઓનો પરિચય મેળવી શકીએ.

૧૦. વિનિયોગ પરિવાર, હિંસાનિવારણ સંઘ, બ્યુટી વિધાઉટ ક્રુઅલ્ટીમાં સભ્ય બની તેમના સામયિકો નિયમિત વાંચી-વંચાવી પ્રચાર કરી પ્રાણીઓની દયાજનક પરિસ્થિતિ અંગે જ્ઞાન મેળવી શકીએ.

૧૧. પ્રાણીજ ચીજવસ્તુ વાપરતી કંપનીઓનો તથા તેમની વસ્તુઓનો ત્યાગ અને વિરોધ કરી શકીએ.

**આહાર શુધ્ધિ માટે સ્વામિનારાયણ સંપ્રદાયની શિક્ષાપત્રીમાં સૂચવેલી હકીકતોનું ધ્યાન રાખવું જરૂરી છે.**

- માંસ તો યજ્ઞનું શેષ હોય તો પણ આપત્તિકાળમાં પણ ક્યારેય ન ખાવું.
- જે દેવતાને દારૂ અને માંસનું નૈવેદ્ય થતું હોય અને જ્યાં બકરાં આદિક જીવની હિંસા થતી હોય તે દેવાતાનું નૈવેદ્ય ન ખાવું.
- ગાળ્યા વિનાનું જળ તથા દૂધ ન પીવું. ઝીણા જીવ હોય તે જળથી સ્નાનાદિક ક્રિયા ન કરવી.
- ચામડાના પાત્રમાં રહેલું પાણી ન પીવું.
- જે ઔષધ દારૂ તથા માંસ યુક્ત હોય તે ક્યારેય ન ખાવું.

To,
1) The President of India
New Delhi
2) Shri A. N. P. Sinha Jt. Secretary
Ministry of Food Processing Industries
A. K. Marg, New Delhi-110049
3) Animal Walfare Board of India
Post Box no. 8672
Third Ciward Road, Walmilinagar,
Tiruvanmiyur, Chennai-600041.

Sirs,

Sub : **"Vision, Stretegy and Action Plan for meat/beef production/export/import**

We're the citizens of India and are residing at _______ . We've come to know that the Govt. of india is planning to increase production of meat and poultry items like eggs, eggs powder etc. The idea is to produce meat, earn, to waive taxes etc from such products, to privatise the slaughter houses and to increase the no of slaughter houses and for that purpoese 'Rabo India' is given the task of preparing policy.

Earlier, the proposal to increase no of slaughterhouses in tenth plan was protested by citizens and it was dropped. Now indirectly it is worked out at the instance of foreign countries and UNO and F.A.O. We strongly protest such proposals. On The contrary, we believe that all slaughter houses and poultry houses should be closed as :

around

1. No human has right to kill any creature on this earth.
2. Killing creates imbalance in the envieronment.
3. It seriouslay affects agriculture,.
4. Can you permit birth of humanbabies for the purpose of their killing by scientists and by slaugheter house ? If no, why discrimination among living creatures.
5. It is wholly against our constitution.
6. The duty of the Government is to safe guard and not to kill.
7. Since Europian countries do not permit such killings, they prompt us to kill the animals and poultry for their consumption.
8. No religion, not even Muslim, permit killing the animals/any living creature.
9. It is hazardous for the health of people.

Please stop the policies of meat/poultry increase.

**Thanking you**
**yours faithfully**

પુસ્તક પ્રકાશનનો મુખ્ય હેતુ જગતના સર્વ જીવોનું કલ્યાણ અને તે દ્વારા માનસિક, શારીરિક સ્વાસ્થ્ય વધારવાની ચાવી બતાવવાનો છે. દુનિયામાં મનુષ્યની સંખ્યા કરતાં અન્ય જીવોની સંખ્યા વધુ છે. પરંતુ, તેનું મહત્વ દિવસે દિવસે ઘટતું જાયછે. દરેક જીવનું આ પૃથ્વી પર એક વિશિષ્ટ સ્થાનછે. આ સ્થાનને સમજવાની જરૂરછે.

કુદરતે એવી રચના કરી છે કે દરેક જીવ એક - બીજાની સાથે હળી મળી ને રહે અને દરેક જીવને ક્યાંક ને ક્યાંક એક યા બીજી રીતે બીજા જીવની જરૂર વર્તાય. અને તો જ આખી સૃષ્ટિનું સમતોલન જળવાય જીવ- સૃષ્ટિનું સમતોલન જાળવવા માટે દરેક જીવે અન્યોન્ય તાદાત્મ્ય કેળવવાની જરૂર છે. સહજીવન જીવવાની જરૂર છે. અને આ સહજીવનમાં જ સ્વસ્થ જીવન રહેલું છે.

મનુષ્ય પોતાનું જીવન સુખમય અને શાંતિમય વીતે તે માટે હંમેશા દોડતો હોય છે. પરંતુ તે ભૂલી જાય છે કે આ દોટમાં તે કેટલાંય જીવોને કચડતો થાયછે. અને તે જીવોની હાય ને લીધે જ તે દુઃખી થાયછે. આ દુઃખ દૂર કરવું તેના જ હાથમાંછે. સુખ મેળવવાનો સીધો ઉપાય - અન્ય ને સુખ આપો - આપોઆપ સુખી થઇ શકાશે.

પર્યાવરણવાદીઓ પણ દરેક સજીવના સમતોલન દ્વારા સૃષ્ટિના સમતોલનની વાત કરે છે. દરેક ધર્મ પણ અન્ય જીવોને જીવાડવાની જ બાબત પર ભાર મૂકે છે. દરેક જીવને જીવવાનો સમાન હક છે તેમજ અન્ય જીવનું રક્ષણ કરવાની દરેક જીવની ફરજ છે. જો આ હક અને ફરજને દરેક મનુષ્ય સમજીને સાચવી શકે તો દરેક સજીવનું જીવન સ્વસ્થ અને સુખી બને...

લેખકની કલમે